
# નિયમસાર સાધના

## ભાગ - ૭

પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશ: શાસ્ત્ર




શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ

ૐ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## અધિકાર

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન | પરમ-આલોચના

શુદ્ધનિશ્ચય -પ્રાયશ્ચિત | પરમ- સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૭

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ. સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૮૧

વીર સંવત
૨૫૫૧

ઈ. સન
૨૦૨૫

: પ્રકાશન પ્રસંગ :
શ્રાવણ વદ ૨, ૧૧-૦૮-૨૦૨૫;
પૂજ્ય બહેન શ્રી ચંપાબહેન જન્મ જયંતી (વિ.સં.૧૯૭૦)

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દ્રષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૭માં અત્રે (૧૨) શુદ્ધોપયોગ અધિકાર પરના સળંગ ૨૮ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલે પાર્લા, મુંબઈ




## કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા'' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૩) શુદ્ધભાવ અધિકાર | | | | | | |
| ૧૯૧ | ૦૫-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૧ | શુક્રવાર | ૧૫ (જીવ અધિકાર) | ૨૭૦ | ઉપલબ્ધ નથી |
| ૧૯૨ | ૦૬-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૨ | શનિવાર | ૧૫ (જીવ અધિકાર) | - | ૧-૧૨ |
| ૧૯૩ | ૦૭-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૩ | રવિવાર | ૫૦ | - | ૧૩-૨૧ |
| ૧૯૪ | ૦૮-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૪ | સોમવાર | ૩૮ | - | ૨૨-૩૨ |
| ૧૯૫ | ૦૯-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૫ | મંગળવાર | ૩૯ | ૫૪ | ૩૩-૪૨ |
| ૧૯૬ | ૧૦-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૬ | બુધવાર | ૩૯-૪૦ | ૫૫ | ૪૩-૫૩ |
| ૧૯૭ | ૧૧-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૭ | ગુરુવાર | ૪૦ | ૫૬-૫૭ | ૫૪-૬૫ |
| ૧૯૮ | ૧૩-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૯ | શનિવાર | ૪૧ | - | ૬૬-૭૬ |
| ૧૯૯ | ૧૪-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૧૦ | રવિવાર | ૪૧ | - | ૭૭-૮૮ |
| ૨૦૦ | ૧૫-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૧૧ | સોમવાર | ૪૨ | ૫૮-૫૯ | ૮૯-૯૯ |
| ૨૦૧ | ૧૬-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૧૩ | મંગળવાર | ૪૨ | - | ૧૦૦-૧૧૦ |
| ૨૦૨ | ૧૭-૦૧-૧૯૭૩ | પોષ સુદ ૧૪ | બુધવાર | ૪૨ | - | ૧૧૧-૧૨૨ |
| ૨૦૩ | ૧૯-૦૧-૧૯૭૩ | પોષ વદ ૧ | શુક્રવાર | - | ૬૦-૬૧ | ૧૨૩-૧૩૨ |
| ૨૦૪ | ૨૦-૦૧-૧૯૭૩ | પોષ વદ ૨ | શનિવાર | ૪૩ | - | ૧૩૩-૧૪૨ |
| ૨૦૫ | ૨૧-૦૧-૧૯૭૩ | પોષ વદ ૩ | રવિવાર | ૪૩ | - | ૧૪૩-૧૫૧ |
| ૨૦૬ | ૨૨-૦૧-૧૯૭૩ | પોષ વદ ૪ | સોમવાર | - | ૬૨-૬૪ | અવાજ ખરાબ |
| ૨૦૭ | ૨૩-૦૧-૧૯૭૩ | પોષ વદ ૫ | મંગળવાર | - | ૬૫-૬૮ | ૧૫૨-૧૬૧ |
| ૨૦૮ | ૨૪-૦૧-૧૯૭૩ | પોષ વદ ૬ | બુધવાર | ૪૪ | - | ૧૬૨-૧૭૪ |
| ૨૦૯ | ૨૫-૦૧-૧૯૭૩ | પોષ વદ ૭ | ગુરુવાર | ૪૫-૪૬ | ૬૯ | ૧૭૫-૧૮૫ |
| ૨૧૦ | ૨૬-૦૧-૧૯૭૩ | પોષ વદ ૮ | શુક્રવાર | ૪૫-૪૬ | - | ૧૮૬-૧૯૬ |
| ૨૧૧ | ૨૮-૦૧-૧૯૭૩ | પોષ વદ ૧૦ | રવિવાર | - | ૭૦ | ૧૯૭-૨૦૬ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૨૧૨ | ૨૯-૦૧-૧૯૭૩ | પોષ વદ ૧૧ | સોમવાર | ૪૭ | - | ૨૦૭-૨૧૬ |
| ૨૧૩ | ૩૦-૦૧-૧૯૭૩ | પોષ વદ ૧૨ | મંગળવાર | ૪૮ | ૭૧ | ૨૧૭-૨૨૭ |
| ૨૧૪ | ૩૧-૦૧-૧૯૭૩ | પોષ વદ ૧૩ | બુધવાર | ૪૯ | ૭૨ | ૨૨૮-૨૩૮ |
| ૨૧૫ | ૦૧-૦૨-૧૯૭૩ | પોષ વદ ૧૪ | ગુરુવાર | ૪૯ | ૭૨ | ૨૩૯-૨૫૦ |
| ૨૧૬ | ૦૨-૦૨-૧૯૭૩ | પોષ વદ ૧૪ | શુક્રવાર | ૫૦ | ૭૩ | ૨૫૧-૨૬૦ |
| ૨૧૭ | ૦૪-૦૨-૧૯૭૩ | મહા સુદ ૧ | રવિવાર | ૫૦ | - | ૨૬૧-૨૭૧ |
| ૨૧૮ | ૦૫-૦૨-૧૯૭૩ | મહા સુદ ૨ | સોમવાર | ૫૧-૫૫ | ૭૪ | ૨૭૨-૨૮૧ |
| ૨૧૯ | ૦૬-૦૨-૧૯૭૩ | મહા સુદ ૩ | મંગળવાર | ૫૧-૫૫ | - | ૨૮૨-૨૮૮ |
| ૨૨૦ | ૦૭-૦૨-૧૯૭૩ | મહા સુદ ૪ | બુધવાર | ૫૧-૫૫ | ૭૫ | ૨૮૯-૩૦૦ |

**પોષ સુદ-૧, શુક્રવાર, તા. ૫-૧-૧૯૭૩**
**ગાથા-૧૫, શ્લોક-૨૭૧, પ્રવચન નં. ૧૯૧ ઉપલબ્ધ નથી**

**પોષ સુદ-૨, શનિવાર, તા. ૬-૧-૧૯૭૩**
**ગાથા-૧૫, પ્રવચન નં. ૧૯૨**

નિયમસાર. હિન્દી હૈ હિન્દી. ..... ઇતના ચલા હૈ ન. દૂસરા પેરેગ્રાફ હૈ આજ. છેને પાનું ૩૮. **સાદિ-અનંત, અમૂર્ત, અતીન્દ્રિયસ્વભાવવાલે શુદ્ધસદ્ભૂતવ્યવહારસે, કેવલજ્ઞાન-કેવલદર્શન-કેવલસુખ-કેવલશક્તિયુક્ત ફલરૂપ અનંત-ચતુષ્ટયકે સાથકી...** ઇસ શબ્દકા અબ અર્થ હોતા હૈ. યે તો શબ્દ હુઆ. ક્યા કહતે હૈં? આત્મા જો અનંત આનંદ ઔર જ્ઞાનસંપન્ન સ્વરૂપ હૈ ઉસ આત્માકો યહાં કારણપરમાત્મા કહતે હૈં. ઉસમેંસે કાર્યપરમાત્માદશા મોક્ષકી હોતી હૈ વહ કૈસે હોતી હૈ વહ બાત કહતે હૈં. ભગવાન આત્મા... યે દેહાદિ તો જડ માટી હૈ ઔર અંદર પુણ્ય ને પાપકે વિકલ્પ ઉત્પન્ન હોતે હૈં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ-ક્રોધાદિ વે સબ વિકાર હૈં, વિભાવ હૈં. ઉસસે ભિન્ન જ્ઞાયકતત્ત્વ વસ્તુ ઉસકા સ્વભાવ બેહદ–અપરિમિત અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત ગુણકા પિંડ આત્મા હૈ. ઐસા આત્મા ઉસકો યહાં કારણપરમાત્મા કહતે હૈં, અથવા કારણજીવ કહતે હૈં. ઝીણી વાત છે બહુ. આ ગાથા ઝીણી છે. પંડિતજીએ માંગી છે તો લીધી બીજીવાર.

આત્મા એક સમયમેં–ક્ષણકે અસંખ્યવે ભાગમેં અનંત-અનંત બેહદ સ્વભાવ–સ્વરૂપ અરૂપી વિજ્ઞાનઘન અતીન્દ્રિય આનંદધામ ચીજ હૈ. ઉસ ચીજકી દૃષ્ટિ કરનેસે, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનકી પર્યાય અંતરમેં પ્રસરનેસે, ઉસકો અંતરમેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ઔર અનંત આનંદકી સ્વાદ દશા પ્રગટ હોતી હૈ, ઉસકા નામ ધર્મ હૈ. ધર્મી ઐસા ભગવાન આત્મા પૂર્ણાનંદકા નાથ અતીન્દ્રિય આનંદ જિસકા સ્વભાવ હૈ ઉસકો મર્યાદા ક્યા? ઔર વસ્તુ હૈ ઉસમેં અપૂર્ણતા ક્યા? ઐસી જો ચીજ અખંડાનંદસ્વરૂપ એક ચીજ હૈ ઉસમેં દૃષ્ટિ પસારનેસે, વર્તમાન જ્ઞાનકી અવસ્થા–પ્રગટ પર્યાય ઉસકો અંદર જોડ દેનેસે જો સમ્યગ્દર્શન હોતા હૈ, ઉસમેં આત્માકા આનંદકા સ્વાદ આતા હૈ, અતીન્દ્રિય આનંદકા સ્વાદ ઉસકા નામ સમ્યગ્દર્શન કહતે હૈં, ઉસકા નામ ધર્મકી શુરૂઆત કહતે હૈં. દુનિયા લાખ બાત કરતી હો,પરંતુ ચીજ યે સર્વજ્ઞસે ચલી આતી હૈ.

અંતર આનંદકા અનુભવ જો વર્તમાન પર્યાય પ્રગટ હૈ, ઉસકો યહાં સમ્યગ્દર્શન ને જ્ઞાન કહતે હૈં. ઉસકા કારણ ત્રિકાલી સચ્ચિદાનંદ પ્રભુ હૈ, સત્ નામ શાશ્વત.. સત્ નામ

કારણ કહતે હૈં. ઉસકો કારણજીવ કહો, કારણપરમાત્મા કહો. ઝીણી વાત છે. સૂક્ષ્મ જરી છે. સ્વરૂપપ્રત્યક્ષ નામકા અંદર એક ગુણ પડા હૈ ધ્રુવ. સ્વરૂપપ્રત્યક્ષ સ્વભાવ ઉસકા હૈ. ૧૩વીં ગાથામેં હૈ અંદર. ત્રિકાલ સ્વરૂપપ્રત્યક્ષ નામકી શક્તિ અંદર હૈ. ઉસકા આશ્રય કરનેસે વર્તમાનમેં સ્વરૂપપ્રત્યક્ષ... મતિ ઔર શ્રુતજ્ઞાન દ્વારા રાગ ઔર મનકા સંગ છોડકર પ્રત્યક્ષ આત્માકે આનંદકા વેદન હોના ઉસકા નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપપ્રત્યક્ષકી પર્યાય કહનેમેં આતી હૈ. ઝીણી વાત છે ભાઈ! યે ગાથા સૂક્ષ્મ બહોત હૈ. સમજમેં આયા?

ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન—ઐસે દો સ્વભાવસે સહિત સ્વરૂપ હૈ. સ્વરૂપ હી ઐસા હૈ. એક અખંડ હોં. સબકો મિલાકર નહીં. એક હી તત્ત્વ ઐસા હૈ કિ જિસમેં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત-અનંત જ્ઞાન, દર્શનશક્તિમેં સ્વ-પરકો જાનનેકી શક્તિ—ઐસી પૂર્ણ શક્તિ પડી હૈ અંદર. પૂર્ણ શક્તિવાનકો યહાં કારણ કહતે હૈં. ઉસ કારણમેંસે વર્તમાન કાર્ય હોતા હૈ, વહ અધિકાર ચલતા હૈ. કાર્ય નામ કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, યે કારણમેંસે કાર્ય પ્રગટ હોતા હૈ. સમજમેં આયા કિ નહીં? આજ તો હિન્દી હૈ. ભૈયા સુભાષચંદજી! આજ હિન્દી ચલા હૈ.

**અતીન્દ્રિય સ્વભાવવાલે**... કૈસા કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ આત્મામેં? કિ સાદિ-અનંત. જબસે ઉત્પન્ન હુઆ તબસે આદિ હુઈ. કેવલજ્ઞાન, સર્વજ્ઞજ્ઞાન, પૂર્ણજ્ઞાન, પ્રત્યક્ષજ્ઞાન. ઐસે કેવલજ્ઞાનકો યહાં કાર્યજ્ઞાન કહતે હૈં ઔર ત્રિકાલી દ્રવ્યકો કારણ કહતે હૈં. આખિરમેં આખિરકી બાત હૈ ભૈયા! આહાહા! અરે! જગતકો યે બાત સુનનેમેં મિલી નહીં. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર બિરાજતે હૈં, મહાવિદેહમેં સીમંધર ભગવાન (આદિ) વીસ વિરહમાન તીર્થંકર સાક્ષાત્ (બિરાજતે હૈં), ઉનકી (દિવ્યધ્વનિમેં) યે બાત આયી હૈ. કુંદકુંદાચાર્ય વહાં ગયે થે, આઠ દિન રહે થે, સંવત ૪૯મેં. આઠ દિન રહકર... અનુભવી થે, ચારિત્ર, આનંદકા તો ધ્યાન-ભાન થા, વિશેષ સ્પષ્ટ હો ગયા (તો વહાંસે) આકર યે સબ શાસ્ત્ર બનાયે.

યહાં કહતે હૈં કિ કાર્ય.. આત્મામેં ક્યા કાર્ય હૈ? પરકા કાર્ય વહ તો આત્મા કર સકતા નહીં. શરીર, વાણી, મન જડ પરકી ક્રિયા તો આત્મા કર સકતા નહીં. વહ સ્વતંત્ર પદાર્થ હૈ. વહ પદાર્થ અપના અસ્તિત્વ રખકર, અપની પર્યાયરૂપ કાર્ય અંદર સ્વતંત્ર હોતા હૈ. ઉસકા તો આત્મા કર્તા હૈ નહીં. કર્મકા કર્તા નહીં આત્મા. જડકર્મ ઉસકા કર્તા આત્મા નહીં. ઔર પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતા હૈ દયા, દાન, વ્રત, ભક્તિ, ઉસકા ભી કર્તા આત્મા નહીં. વહ બિલકુલ વિકાર હૈ. કૌન કહતા હૈ? કૌન લિખતા હૈ? કૌન કરતા હૈ? વહ તો માનતા હૈ. જગતકી ચીજ સ્વતંત્ર પદાર્થ અસ્તિ હૈ. યે દિખતા હૈ ન, અસ્તિ હૈ ન. હૈ ન? તો 'હૈ' ઉસકી પર્યાય ઉસકે કારણસે હોતી હૈ. ક્યા દૂસરેસે હોતી હૈ? ઉસકે કરનેસે તો હોતી હૈ. તુમ કરો તો કહાંસે હોતી હૈ? પ્રશ્ન કરતે હૈં. સૂક્ષ્મ બાત હૈ ભગવાન! ક્યા કહે? ઐસી બાત હૈ. ....

યહાં તો ...ભાઈ આતે થે ન. ........ કૌન કર સકતા હૈ? પરકી કૌન ક્રિયા કર સકતા હૈ? આહાહા! .... કરતે હૈં ન. ....... વચન આપ્યું છે. ત્યાં સુધી રહેશે. ......... ઐસા હૈ. ગાંધી ભી આયે થે એક વ્યાખ્યાનમેં. મોહનદાસ ગાંધી. હમ વહાં થે ન રાજકોટ, તબ વ્યાખ્યાનમેં આયે થે. પણ એ વખતે સમજવાની વાત નહીં. પરકી ક્રિયા–પરકા કાર્ય... ક્યોંકિ પર એક અસ્તિત્વ ચીજ હૈ ઔર હૈ ઉસકી પરિણતિ નામ ક્રિયાકા કાર્ય વહ કરતા હૈ. પર ઉસકા કરે ઐસી માન્યતામેં મહાભ્રમ, પાખંડ, અજ્ઞાન હૈ. બાત ઐસી હૈ. દુનિયાકો ઠીક લગે, ન લગે ઐસી બાત.

યહાં તો દૂસરા કાર્ય કહના હૈ. દૂસરેકા કાર્ય તો (અપના) નહીં,પરંતુ અંદરમેં પુણ્ય-પાપ રાગકા વિકલ્પ જો વિકાર હૈ વહ કાર્ય ભી અપના નહીં. તો અપના કાર્ય ક્યા? કિ ત્રિકાલી ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્યબિંબ ઉપર દૃષ્ટિ કરનેસે, ઉસમેં એક શક્તિ પડી હૈ કિ ઉસકી વર્તમાન દશામેં વ્યક્તતા–પ્રગટતા, શક્તિમેંસે વ્યક્તદશા હો ઉસ દશાકો યહાં કાર્ય કહનેમેં આતા હૈ. વહ કાર્ય જીવ કર સકતા હૈ. ઉત્તમચંદજી! હૈ? સાદિ-અનંત. ઇતના અર્થ હૈ ઉસકા. જબસે કાર્ય ઉત્પન્ન હુઆ... કેવલજ્ઞાન જો સ્વભાવમેં થા...

જૈસે લીંડીપીપર હૈ ન છોટી પીપર. છોટી પીપર ઇતની હોતી હૈ. કદમેં છોટી હૈ, રંગમેં કાલી હૈ,પરંતુ અંદરમેં ચૌસઠ પહોરી ચરપરાઈ ભરી હૈ. ચૌસઠ પહોરી સમજે? ચૌસઠ ..... ઘીસતે હૈ ન તો ચૌસઠ આતી હૈ ન તીખાશ, તીખાશ યાની ચરપરાઈ તુમ્હારી ભાષામેં, વહ કહાંસે આયી? પત્થરમેંસે આયી? ઘૂંટનેસે આયી? અંદર હૈ. ઘૂંટનેસે આવે તો ચના કિ ગેહું પીસનેસે ઉસમેં યે નિકલેગી? પીપરકે છોટે કદમેં, કાલી બાહર દિખતી હૈ, કદ છોટા હૈ, ચરપરાઈ અલ્પ હૈ બાહર. અંદરમેં તો ચૌસઠ પહોરી ચરપરાઈ હૈ. ચૌસઠ પહોરી સમજે? ચોસઠ પૈસા એટલે રૂપિયો. અભી સૌ પૈસાકા રૂપિયા હુઆ હૈ. પહેલો તો ચોસઠ પૈસાનો રૂપિયો હતોને.

પૂર્ણ ચૌસઠ પહોરી ચરપરાઈ અંદર પડી હૈ ઇતને કદમેં.પરંતુ ઘૂંટનેસે એક, દો, તીન, ચાર, પાંચ, ચૌસઠ પહોરી ચરપરાઈ (હોતી હૈ). ઐસે ભગવાન આત્મા જિસકે અંતરમેં ચૌસઠ પહોરી જૈસી શક્તિ હૈ. ચોસઠ એટલે રૂપિયો, ચૌસઠ પૈસા, સોલહ આના, રૂપિયો, પૂર્ણ—સબકા એક અર્થ હૈ. ઐસે ભગવાન આત્મામેં, ઇતના શરીર પ્રમાણ અવગાહન હોને પર ભી શક્તિમેં અનંત જ્ઞાન, અનંત આનંદ પડા હૈ. ચૌસઠ પહોરી અર્થાત્ પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ. પીપરમેં લીલા–હરા રંગ પડા હૈ. હરા રંગ હૈ, હરા.. હરા. હરા રંગ કહાંસે આતા હૈ? અંદરમેં હૈ. ઐસે આત્મામેં અંદરમેં અનંત જ્ઞાન, અનંત આનંદ હૈ. અંદર એકાગ્ર હોનેસે બાહર આતા હૈ. અંદરમેં એકાગ્ર હોનેસે બાહર પ્રગટ હોતા હૈ. ઉસકા નામ કાર્યજ્ઞાન, કેવલજ્ઞાન કહનેમેં આતા હૈ. ઉસકો અનંત આનંદ ને સુખ હોતા હૈ. વહ બાત હૈ યહાં.

**સાદિ-અનંત અમૂર્ત** હૈ. અપના કાર્ય અમૂર્ત હૈ. ભગવાન અમૂર્ત હૈ તો ઉસમેં કાર્ય જો પ્રગટ હો કેવલજ્ઞાન, આનંદ વહ ભી અમૂર્ત હૈ. **અતીન્દ્રિય સ્વભાવવાલે**... અતીન્દ્રિય સ્વભાવ હૈ. ભગવાન આત્મા અતીન્દ્રિય સ્વભાવવાલા હૈ તો ઉસકી પર્યાય–કાર્ય, અંતરમેં અનુભવ કરનેસે કાર્ય આતા હૈ વહ અતીન્દ્રિય સ્વભાવવાલા હૈ. કેવલજ્ઞાન સદ્‌ભૂત વ્યવહાર. એક સમયકી પર્યાય હુઈ ન કેવલજ્ઞાન, તો સદ્‌ભૂત વ્યવહાર હુઆ. નિશ્ચય તો ત્રિકાલી વસ્તુ હૈ. નયી પર્યાય હુઈ તો ભેદ હુઆ, તો ભેદકી અપેક્ષાસે શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહતે હૈં. સહેજ ભાષા કઠણ આવી. ૧૫વીં ગાથાકી બાત હૈ ભૈયા!

શ્રોતા : જિસમેંસે કેવલજ્ઞાન આતા હૈ વહ નિશ્ચય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ નિશ્ચય.

શ્રોતા : કેવલજ્ઞાન વ્યવહાર?

પૂજ્ય ગુરૂદેવશ્રી : વહ વ્યવહાર. એક સમયકી પર્યાય હૈ–અવસ્થા હૈ તીન કાલ જાનનેકી, ઉસ કાર્યકો જ્ઞાન કહતે હૈં. હૈ એક સમયકી, પરંતુ ત્રિકાલીકી અપેક્ષાસે ભેદ હુઆ, નયા હુઆ તો શુદ્ધ હૈ, સદ્‌ભૂત હૈ, પરંતુ હૈ વ્યવહાર. કેવલજ્ઞાનકી પર્યાય ભી શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર હૈ. આહાહા! સમજમેં આયા?

અંતર ભગવાન આત્મા... જૈસે ચૌસઠ પહોરી (ચરપરાઈ) અંદર લીંડીપીપરમેં હૈ, ઐસે ભગવાન ચૌસઠ નામ રૂપિયે-રૂપિયો, પૂર્ણ કેવલજ્ઞાન, કેવલદર્શન શક્તિસે ભરા હૈ. ઉસકા અનુભવ કરનેસે જો બાહ્ય પ્રગટ પર્યાય હોતી હૈ. કેવલજ્ઞાનકે કાર્યકી બાત યહાં ચલતી હૈ. ઉસ કાર્યકો યહાં શુદ્ધસદ્‌ભૂતવ્યવહાર કહતે હૈં. અભી તો ઉસકો વ્યવહાર કહા. યહાં તો અભી યે વ્યવહાર કરના.. કરના.. કરના. કૌન કરે વ્યવહાર પરકા? યહાં તો કહતે હૈં, શુદ્ધસદ્‌ભૂત-વ્યવહાર એક સમયકી દશા. જૈસે ચૌસઠ પહોરી ચરપરાઈ થી વહ બાહર આયી લીંડીપીપરમેંસે. એક સમયકી આયી વહ પર્યાય અંશ હૈ. ત્રિકાલી ચીજ નહીં. ચૌસઠ પહોરી પ્રગટ હુઈ વહ ભી એક અંશ હુઆ. ઐસે પૂર્ણ જ્ઞાન હુઆ વહ ભી એક અંશ હૈ. ત્રિકાલી ચીજકી અપેક્ષાએ એક અંશ હૈ, પરંતુ ઉસકો શુદ્ધ કહતે હૈં, સદ્‌ભૂત—ઉસમેં હૈ તો ઉસકો સદ્‌ભૂત કહતે હૈં, ભેદ પડા ઇસલિયે ઉસકો વ્યવહાર કહતે હૈં. બહુ સૂક્ષ્મ ભગવાન!

તેરી ચીજ અનંત કાલસે રહ ગઈ હૈ. અનંત કાલ હુઆ, સાધુ હુઆ અનંતબૈર, દિગંબર મુનિ હુઆ. 'મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદકા નાથ પૂર્ણ સ્વરૂપસે ભરા હૈ. ઉસકા અનુભવ, અંતર અતીન્દ્રિય આનંદકા સ્વાદ કભી ઉસને અનંત કાલમેં એક સેકંડમાત્ર ભી લિયા નહીં. ઔર જહાં તક લેગા નહીં વહાં તક ઉસકા જન્મ-મરણ કભી મિટેગા નહીં. ચોરાશીના અવતારમાં દુઃખી છે બિચારા. બિચારો કોણ છે? કે ભગવાન આત્મા.. દુઃખી.. દુઃખી.. દુઃખી.

આ શેઠિયા દુઃખી, રાજા દુઃખી, દેવ દુઃખી. જેને આત્માના સ્વભાવનું ભાન નથી એ પુણ્ય ને પાપના વિકલ્પમાં–રાગમાં ગૂંચાઈ રહ્યો છે. એ બેય ભાવો આકુળતા ને દુઃખરૂપ છે. એ દુઃખના વેદનમાં અજ્ઞાની અનાદિનો છે. ચાહે તો સાધુ થયેલો હોય, પંચમહાવ્રત પાળતો હોય, પણ એ દુઃખના વેદનમાં છે. ............ કહો, સમજમેં આયા?

શુદ્ધસદ્ભૂતવ્યવહાર... ક્યા કહા? આહાહા! એક આત્મામેં... ૧૩વીં ગાથા હૈ ન ઇસમેં? ૧૩વીં ગાથામેં હૈ દેખો! **સ્વરૂપ શ્રદ્ધાનમાત્ર હી**... છે ને? સ્વરૂપપ્રત્યક્ષ હૈ. આમ ભાઈએ ..... માથે. સ્વરૂપપ્રત્યક્ષ એટલે શું? ..... અગિયારમી ગાથામાં. આહાહા! આ આવ્યું. એ ૨૯ પાનું છે. દૂસરા પેરેગ્રાફ હૈ. **યહાં ઉપર કહે હુએ જ્ઞાનોંમેં...** હૈ ભૈયા? **સહજજ્ઞાન**... સહજજ્ઞાન નામ ત્રિકાલી જ્ઞાન. સહજ... સહજજ્ઞાન આયા ન? **શુદ્ધ અંતતત્ત્વરૂપ**... શુદ્ધ અંતતત્ત્વ–સત્વ આખું, સત્કા સત્ત્વ. સત્ જો વસ્તુ ભગવાન સત્કા સત્વ, અંતઃતત્વ, સત્કા તત્ત્વ અંતઃતત્ત્વ વહ ભાવ. ઉસ **અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વમેં**... ઐસા જો પરમતત્ત્વ હૈ ઉસમેં **વ્યાપક હોનેસે સ્વરૂપપ્રત્યક્ષ હૈ**. નયી બાત હૈ. ............ દૂસરા પેરેગ્રાફ.

**સહજજ્ઞાન શુદ્ધ અંતઃતત્ત્વરૂપ...** સત્ વસ્તુ–દ્રવ્ય–પદાર્થ ઉસકા સત્વ.. સત્વ.. સત્કા સત્પના, ભાવપના વહ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ હૈ, વહ પરમતત્ત્વ હૈ. ઐસા જો પરમતત્ત્વ ત્રિકાલી ઉસમેં વ્યાપક–પ્રસરનેસે સ્વરૂપપ્રત્યક્ષ હૈ. ક્યા કહા? સ્વરૂપપ્રત્યક્ષ, યહાં ત્રિકાલી જ્ઞાનકો સ્વરૂપપ્રત્યક્ષ કહતે હૈં. સ્વરૂપમેં સ્વરૂપપ્રત્યક્ષ નામકા ગુણ હૈ, તો સ્વરૂપ પ્રત્યક્ષ પર્યાયમેં હોતા હૈ. ઐસી બાત હૈ. જરી સૂક્ષ્મ બાત હૈ. યે સ્વરૂપપ્રત્યક્ષ પ્રગટ ઉત્પાદ-વ્યયકી બાત નહીં. ત્રિકાલી હૈ. લિખા હૈ ન. **કહે હુએ જ્ઞાનોંમેં) સહજજ્ઞાન સહજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ પરમતત્ત્વ** ભગવાન આત્મા... વ્યાપક, ઉસમેં હોનેસે સ્વરૂપપ્રત્યક્ષ હૈ. નીચે અર્થ હૈ. **સ્વરૂપ પ્રત્યક્ષ = સ્વરૂપસે પ્રત્યક્ષ, સ્વરૂપ અપેક્ષાસે પ્રત્યક્ષ, સ્વભાવસે પ્રત્યક્ષ**. નીચે અર્થ હૈ. યે ત્રિકાલીકી બાત હૈ. પ્રગટ પર્યાયકી બાત નહીં હૈ.

સ્વરૂપપ્રત્યક્ષ, વસ્તુ અંદરમેં હૈ વહ સ્વરૂપપ્રત્યક્ષ હી હૈ, સ્વરૂપસે પ્રત્યક્ષ, વસ્તુસ્વરૂપસે પ્રત્યક્ષ, સ્વભાવસે પ્રત્યક્ષ. ઐસા સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાલી જ્ઞાન ઉસકે આશ્રયસે મતિ-શ્રુતજ્ઞાનકા પ્રત્યક્ષપના અંદરમેં હોતા હૈ ઔર ઉસકે આશ્રયસે કેવલજ્ઞાનકા કાર્ય હોતા હૈ. સમજાય છે કાંઈ? કિસકે આશ્રયસે? સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ. અસ્તિ–સત્તા, સત્ત્વ, વસ્તુકા સ્વરૂપ અંદર ત્રિકાલી જ્ઞાન આદિ ઉસમેં વ્યાપક વસ્તુ સ્વરૂપપ્રત્યક્ષ પડી હૈ. ઉસકા આશ્રય કરનેસે–સ્વરૂપપ્રત્યક્ષકા આશ્રય કરનેસે... કારણપ્રત્યક્ષ, જો સ્વરૂપપ્રત્યક્ષ હૈ વહ કારણપ્રત્યક્ષ હૈ. ઉસમેંસે કાર્યપ્રત્યક્ષ કેવલજ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? આ વાતને..... સેવા કરવી કોઈકની, આ કરવું, મંદિર બનાવવા, છોકરાઓને શીખવવું ...., પુસ્તક બનાવવા, આ સંચા કરવા લ્યોને.

કોણ કરે ભગવાન? યે સંચા હોતા હૈ કિ નહીં? એ સંચો.... જડકી અવસ્થા જડસે ઉસ સમયમેં હોનેવાલી ઉસસે હોતી હૈ. ઉસકા કરનેવાલા કોઈ દૂસરા હૈ નહીં. આહાહા!

અહીંયા તો ભગવાન આત્મામાં સ્વરૂપપ્રત્યક્ષ (અર્થાત્) ત્રિકાળી સ્વભાવનું અસ્તિરૂપ, સ્વભાવરૂપ, ગુણરૂપ, ધ્રુવરૂપ. સ્વરૂપપ્રત્યક્ષ હૈ ઇસકે આશ્રયસે કેવલજ્ઞાન પૂર્ણ...... કેવલજ્ઞાન સકલપ્રત્યક્ષ હૈ. ક્યા? સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાલી ઔર કેવલજ્ઞાન સકલપ્રત્યક્ષ, વહ પર્યાય. ચૌસઠ પહોરી તીખાશ–ચરપરાઈ જૈસે પૂરી હોતી હૈ પીપરમેં. પ્રગટ હોતી હૈ ચૌસઠ પહોરી વહ કેવલજ્ઞાન કાર્ય. સ્વરૂપપ્રત્યક્ષ ત્રિકાલી પૂર્ણ, જિસકે આશ્રયસે કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ વહ પર્યાય, વહ સદ્ભૂતવ્યવહાર. યે ભી અભી સદ્ભૂતવ્યવહાર. રાગાદિ ઉત્પન્ન હો વહ અસદ્ભૂત-વ્યવહાર. વહ અપની ચીજ નહીં. આહાહા! અરે! મોક્ષમાર્ગ ઉત્પન્ન હોતા હૈ સ્વરૂપપ્રત્યક્ષમેંસે, વહ ભી વ્યવહાર–સદ્ભૂત વ્યવહાર. સમજમેં આયા?

વસ્તુ.. વસ્તુ.. વસ્તુ પૂર્ણ હૈ, સત્ય હૈ. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. જિસમેં અનંત-અનંત કેવલજ્ઞાનકી પર્યાયેં અસ્તિરૂપ સ્વરૂપપ્રત્યક્ષમેં સબ પડા હૈ. આહાહા! (ઉસકી) અંતર્દૃષ્ટિ હોનેસે... પહલે તો અંતર્દૃષ્ટિ હોનેસે સમ્યગ્દર્શન હોતા હૈ, સમ્યગ્જ્ઞાન હોતા હૈ, સમ્યક્ચારિત્ર હોતા હૈ, સ્વરૂપપ્રત્યક્ષ જ્ઞાનકે આશ્રયસે. કારણજીવ કહો, કારણપરમાત્મા કહો, સ્વરૂપપ્રત્યક્ષ સત્ત્વ–સ્વભાવ કહો, ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ વહ અપૂર્ણ શુદ્ધ હૈ, અપૂર્ણ શુદ્ધ હૈ ઔર કેવલજ્ઞાન પૂર્ણ શુદ્ધ હૈ. યહાં પૂર્ણ શુદ્ધકી બાત કરતે હૈં. કેવલજ્ઞાનકો સકલ પ્રત્યક્ષ કહતે હૈં ઔર ત્રિકાલી શક્તિકો સ્વરૂપપ્રત્યક્ષ કહતે હૈં. આહાહા! સમજાણું કાંઈ?

યહાં આયા. **શુદ્ધસદ્ભૂતવ્યવહારસે કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલસુખ, કેવલશક્તિયુક્ત ફલરૂપ**... યે ઉસકા ફલ હૈ. આહાહા! ભાષા કઠણ પડે છે. ક્યા ફલ? ત્રિકાલી સ્વરૂપપ્રત્યક્ષ વસ્તુ કારણપરમાત્મા ઉસકા સત્ત્વ–ભાવપના, ભાવવાન વસ્તુ, ભાવપના.. પણું.. સત્પણું. એ સ્વરૂપપ્રત્યક્ષ અનંત જ્ઞાનાદિના વ્યાપક સ્વરૂપે છે, ઉસકે અવલંબનસે, ઉસકે આશ્રયસે શક્તિમેંસે વ્યક્તતા પરિણમે ઉસકો કાર્યકેવલજ્ઞાન શુદ્ધસદ્ભૂત(વ્યવહાર કહા). શુદ્ધ ક્યોં? કિ પર્યાય શુદ્ધ હૈ. સદ્ભૂત ક્યોં? કિ ઉસમેં હૈ. વ્યવહાર ક્યોં? કિ ભેદ પડા. ઉસમેં ઉસકી પર્યાય ભેદ(રૂપ) હૈ. શુદ્ધસદ્ભૂતવ્યવહાર. કેવલજ્ઞાનકો શુદ્ધસદ્ભૂતવ્યવહાર કહતે હૈં. આહાહા!

એય! વ્યવહાર હેય હૈ. વ્યવહાર હેય નહીં? **ववहारोऽभूदत्थो**.. ૧૧મી ગાથામાં (કહ્યું કે) વ્યવહાર અભૂતાર્થ છે, હેય છે. એક સમયકી પર્યાય અભૂતાર્થ હૈ, પર્યાયમાત્ર અભૂતાર્થ હૈ. અભૂતાર્થકા અર્થ ત્રિકાલી નહીં. પરિણામમાત્ર વ્યવહાર હૈ. કેવલજ્ઞાન પરિણામ હૈ. આહાહા! વીતરાગમાર્ગકા અંતર ગુપ્ત રહસ્ય અભી તક સુનનેમેં આયા નહીં, બાહરસે.. બાહરસે.. બાહરસે.. ....... યે કિયા.. યે કિયા. યહાં તો કહતે હૈં, ઐસે શુદ્ધસદ્ભૂતવ્યવહાર કેવલજ્ઞાન,

કેવલદર્શન, કેવલસુખ, કેવલશક્તિયુક્ત પ્રગટ હોં, **ફલરૂપ અનંતચતુષ્ટકે સાથ**... યે ફલ હુઆ. કારણપરમાત્મામેં એકાગ્ર હોકર મોક્ષમાર્ગકી પર્યાય પ્રગટ કી ઔર કેવલજ્ઞાન ઉસકા ફલ હુઆ, મોક્ષમાર્ગકા ફલ. સમજમેં આયા? આરે, આવી ભાષા કેવી? આહાહા! આ તો મારગડા બહુ.... તું મોટો છો, પણ એની મોટપની એને ખબર નથી. પામર કરીને માન્યો છે. પ્રભુને પામર માને એ જ મહાભ્રમણા છે. આહાહા! પર્યાય જેટલો માન્યો એ પણ ભ્રમણા છે, કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એવી અનંતચતુષ્ટય જે પ્રગટરૂપ પર્યાય... આ કાર્યની વાત ચાલે છે. એની સાથે-**(અનંતચતુષ્ટયકે સાથ તન્મયરૂપસે રહનેવાલી) પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવકી**... પરમ-ઉત્કૃષ્ટ ક્ષાયિકભાવ... સ્વરૂપપ્રત્યક્ષ કારણપરમાત્મા વહ પારિણામિકભાવ હૈ. સમજાય છે કાંઈ? પાંચ ભાવ હૈં ન પાંચ. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક—યે ચાર પર્યાય હૈં. પારિણામિક ગુણ-ભાવ હૈ ત્રિકાલી. પારિણામિકભાવ ત્રિકાલી હૈ ઔર ચાર ભાવ પર્યાય હૈં. ચાહે તો ઉદય ...કા હો, રાગકા હો... ઉપશમ સમકિતની, ચારિત્રની એ પર્યાય છે, ક્ષાયિક સમકિત ઔર જ્ઞાન પર્યાય હૈ, ક્ષયોપશમ..... અનાદિસે.... નિગોદનો જીવ ક્ષયોપશમ....... ક્ષયોપશમ ન હો તો જીવકા અભાવ હો જાય. નિગોદકે જીવમેં, ઉદય, ક્ષયોપશમ ઔર પારિણામિકભાવ—તીન ભાવ તો નિગોદમેં ભી હૈ. સમજમેં આયા? જીવ હૈ ન. ભલે અભવિ હો કિ અનંત જીવ હો, કભી ત્રસ હુઆ નહીં ઉસમેં ભી તીન ભાવ હૈં. દ્રવ્યસ્વરૂપ પારિણામિકભાવ, વિકાસસ્વરૂપ ક્ષયોપશમભાવ, રાગરૂપ ઉદયભાવ—તીન ભાવ તો નિગોદમેં ભી અનાદિ રહતે હૈં.

યહાં કહતે હૈં, આ અનંત ચતુષ્ટયની સાથે રહેલી ક્ષાયિકભાવની પર્યાય. સમજાણું કાંઈ? પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ, એમ. પરમોત્કૃષ્ટ કેમ કહ્યું? કે ક્ષાયિક સમકિત આદિ છે એ કંઈ પરમોત્કૃષ્ટ નથી. આ તો પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવ. એની શુદ્ધ પરિણતિ-એની શુદ્ધ અવસ્થા. આહાહા! સમજાણું કાંઈ? **વહી કાર્યશુદ્ધપર્યાય હૈ**. કારણશુદ્ધપર્યાય.... કાર્યશુદ્ધપર્યાય.. ત્રિકાલી ધ્રુવકે સાથમેં શુદ્ધપરિણતિ કારણપર્યાય ધ્રુવ ઉસકા મનન કરનેસે, ઉસે ધ્યેય બનાકર મોક્ષમાર્ગ પ્રગટ હુઆ, ઉસકા ફલરૂપ પૂર્ણ કાર્યશુદ્ધપર્યાય હૈ. કેવલજ્ઞાન, કેવલદર્શન કાર્યશુદ્ધપર્યાય હૈ.

શ્રોતા : ....કા કારણ કારણશુદ્ધપર્યાય હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કારણ ત્રિકાલ.. તીનોં—દ્રવ્ય-ગુણ-પર્યાય તીનોં.

**અથવા**... બસ એટલી જ વાત ત્યાં કાર્યશુદ્ધની કરી. બાકી થોડું આવી ગયું છેને ઉપયોગમાં. ઉપયોગમાં આવ્યું છેને કારણદૃષ્ટિ ને કાર્યદૃષ્ટિ. આહાહા! ૧૩મા ગાથામાં આવ્યું છે. ૧૩વીં ગાથા હૈ ન. ૧૩મી ગાથા. યહાં કારણદૃષ્ટિ કહતે હૈં. **સદા પાવનરૂપ ઔર**

**ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવ પરભાવોંકો અગોચર ઐસા સહજ-પરમપારિણામિકભાવરૂપ જિસકા સ્વભાવ હૈ**... કારણદૃષ્ટિ યે કહો. કારણદર્શન-ઉપયોગ ભી હૈ વહ ઔર ઉસકો કારણદૃષ્ટિ ભી કહતે હૈં. દોનોં પારિણામિકભાવ હૈં. પારિણામિકભાવ હૈ, પર્યાય નહીં, ધ્રુવભાવ હૈ. આહાહા! ગજબ છેને!

કારણદૃષ્ટિના બે ભાગ છે જુઓ! દર્શન અથવા દૃષ્ટિ એમ બે અર્થ છે. **(૧) સામાન્ય પ્રતિભાસ ઔર (૨) શ્રદ્ધા. જહાં જો અર્થ ઘટિત હોતા હો વહાં વહ અર્થ સમજના**. કારણદૃષ્ટિ ઔર કારણદર્શન-ઉપયોગ દો બાત ચલતી હૈ. ત્રિકાલ દર્શન-ઉપયોગકો કારણદર્શન-ઉપયોગ કહતે હૈં ઔર ત્રિકાલીમેં જો સમ્યક્ દૃષ્ટિ–શ્રદ્ધા પડી હૈ, ત્રિકાલીમેં દૃષ્ટિ(ગુણ) હૈ વહ પારિણામિકભાવ હૈ. પ્રગટ હોતા હૈ વહ તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકભાવ હૈ. યે પારિણામિકભાવ હૈ. ... દર્શનસે અંદરસે... કારણદૃષ્ટિકો... ત્રિકાલ સમ્યગ્દર્શન–શ્રદ્ધારૂપ ઉસકો કારણદૃષ્ટિ કહતે હૈં ઔર દર્શનોપયોગકો કારણદર્શનોપયોગ કહતે હૈં. દોનોં હી અનાદિ આત્મામેં પડે હૈં. ૧૫ ગાથા બહોત સૂક્ષ્મ હૈ. વિભાવસ્વભાવ પરભાવકો અગમ્ય... ક્યા કહા? ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવકો અગમ્ય... 'અગમ્ય'કા અર્થ—ઉસકે આશ્રયસે સમજમેં નહીં આતા. બાકી હૈ તો ઉપશમ, ક્ષાયોપશમ, ક્ષાયિક પર્યાયકે ગમ્ય. ક્યા કહા?

પાઠ ઐસા હૈ કિ પરભાવોંસે અગમ્ય, ચાર વિભાવસ્વભાવસે અગમ્ય, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકસે ભી અગમ્ય. ઉસકા અર્થ ક્યા? ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકસે તો ગમ્ય હૈ, પરંતુ ઉસકે આશ્રયસે ગમ્ય નહીં. આહાહા! ઉસકે આશ્રયસે ગમ્ય નહીં હોતા ઇસલિયે અગમ્ય કહા. આહા! સમજાય છે કાંઈ? આ બધું ઝીણું પડે. કારણપર્યાય ઝીણી ને વળી કાર્ય... આહાહા! આ ભગવાન ચૈતન્યચમત્કાર છે. એની ... મૂકીને બધી વાતું છે, એ થોથેથોથાં છે. વ્રતના, તપના, ભક્તિના, પૂજાના વિકલ્પો આકુળતાના ઘર છે એ બધા. આહાહા! નિરાકુળ ભગવાન આત્મા જેને કારણજીવ કહ્યો અને આ કેવળજ્ઞાનાદિ કાર્યજીવ છે. કારણજીવ... છેને? નવમામાં આવે છે. નવમામાં આવે છે. નવમામાં આવે છે હોં. નીચે છે નવમી ગાથા.

**શુદ્ધનિશ્ચયસે સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોંકા આધાર હોનેકે કારણશુદ્ધ જીવ હૈ.** નીચે બે લીટી છે. નવ.. નવ. નીચે દેખો! **શુદ્ધનિશ્ચયસે સહજજ્ઞાનાદિ પરમસ્વભાવગુણોંકા આધાર**, કૌન? કારણશુદ્ધજીવ હૈ.. કારણશુદ્ધજીવ હૈ. આહાહા! **ઇસકે ચેતનગુણ હૈં**.... ...... **ઇસકે ચેતનગુણ હૈં, વહ અમૂર્ત હૈ.... કેવલજ્ઞાનાદિસે સહિત હોતા હૈ અર્થાત્ કાર્યશુદ્ધ જીવ હોતા હૈ**. કેવલજ્ઞાનાદિ હુઆ વહ કાર્યશુદ્ધજીવ હૈ. યહાં (ઉસે) કાર્ય–પર્યાય કહા હૈ પંદર (ગાથા)મેં. કોઈ દિ' સાંભળ્યું ન હોય. ગીરધરભાઈ! દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. અરે! રાગ હૈ, જડ હૈ. યે ચેતનકી ક્રિયા નહીં, યે તો ચેતનકી ક્રિયાકી બાત ચલતી હૈ. આહાહા!

કહતે હૈં, **કાર્યશુદ્ધજીવ હોતા હૈ. શક્તિમેંસે વ્યક્તિ હોતી હૈ**. છેને નવમામાં. શક્તિરૂપ જો કારણપરમાત્મા ભગવાન કારણજીવ હૈ ઉસમેંસે વ્યક્તતા (હુઈ વહ) કાર્યજીવ હૈ. કારણપરમાત્મા શક્તિરૂપ હૈ વહ કારણજીવ. વ્યક્તિરૂપ જો કાર્યજીવ ઉસકો કાર્યપરમાત્મા કહતે હૈં. ઉસકો યહાં કાર્યદૃષ્ટિ, કાર્યપર્યાય કહા હૈ. પર્યાય (કહી) આ પંદરમામાં. સમજમેં આયા? છેને, લખ્યું છે. **શક્તિ કારણ હૈ, વ્યક્તિ કાર્ય હૈ. ઐસા હોનેસે શક્તિરૂપ શુદ્ધતાવાલે જીવકો કારણશુદ્ધ જીવ કહા જાતા હૈ ઔર વ્યક્ત શુદ્ધતાવાલે જીવકો કાર્યશુદ્ધ જીવ કહા જાતા હૈ. કારણશુદ્ધ અર્થાત્ કારણ અપેક્ષાસે શુદ્ધ, શક્તિસે શુદ્ધ. કાર્યશુદ્ધ અર્થાત્ કાર્ય અપેક્ષાસે શુદ્ધ, વ્યક્તિસે શુદ્ધ**. ખુલાસો ઘણો કર્યો છે અમારા પંડિતજીએ. આ નીચે ખુલાસો પંડિતજીએ કર્યો છે. પાઠમાં છે એનું સ્પષ્ટીકરણ કર્યું છે. આમાં આવ્યુંને ૧૩મી (ગાથા)માં.

**જો કારણસમયસાર સ્વરૂપ હૈ...** ૧૩.. ૧૩ નીચે. અગોચરનું આવ્યુંને. ચાર ભાવથી વસ્તુ અગોચર છે. ઉસકા અર્થ કિ ચાર ભાવકે આશ્રયસે ગમ્ય નહીં. બાકી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકસે તો ગમ્ય હૈ. ચારકે આશ્રયસે ગમ્ય નહીં ઇસલિયે અગોચર કહા. **જો કારણસમયસાર સ્વરૂપ હૈ** ત્રિકાલી હોં, **નિરાવરણ જિસકા સ્વભાવ હૈ, જો નિજ સ્વભાવસત્તામાત્ર હૈ, જો પરમ ચૈતન્યસામાન્યસ્વરૂપ હૈ...** આટલા વિશેષણ છે ત્રિકાળીના. **જો અકૃત્રિમ પરમ સ્વસ્વરૂપમેં અવિચલસ્થિતિમય શુદ્ધચારિત્રસ્વરૂપ હૈ** ત્રિકાલી. આહાહા! **જો નિત્ય શુદ્ધ-નિરંજનજ્ઞાનસ્વરૂપ હૈ** ત્રિકાલી. **જો સમસ્ત દુષ્ટ પાપોંરૂપ વીર શત્રુઓંકી સેનાકી ધ્વજાકે નાશકા કારણ હૈ ઐસે આત્માકે સચમુચ યથાર્થ સ્વરૂપશ્રદ્ધાનમાત્ર હી હૈ.** યહાં સ્વરૂપશ્રદ્ધાન ત્રિકાલી. **(કારણદૃષ્ટિ તો વાસ્તવમેં શુદ્ધાત્માકી સ્વરૂપશ્રદ્ધામાત્ર** ત્રિકાલી **હી હૈ).** સમજમેં આયા? એમાંથી કાર્યદૃષ્ટિ પ્રગટ થાય છે જુઓ! દૂસરી, કાર્યદૃષ્ટિ હૈ ન ઉસમેં. ઉસે યહાં કાર્યપર્યાય કહા હૈ. ......... ......સ્પષ્ટ આ ગઈ હૈ. ............ બહારના આગ્રહ હોય છેને ઘણા. અંદર ચીજને પકડવી બહુ—અનંત પુરુષાર્થ છે.

અહીંયા આપણે આવ્યું છે. **જો પરમોત્કૃષ્ટ ક્ષાયિકભાવકી શુદ્ધપરિણતિ વહી કાર્યશુદ્ધપર્યાય હૈ.** વહાં કાર્યજીવ કહા થા, કાર્યપરમાત્મા કહા થા, કાર્ય(શુદ્ધ)પર્યાય. સમજાણું કાંઈ? આહાહા! બફમ જેવું લાગે..... ઉત્કૃષ્ટ છેને. પરમપારિણામિકભાવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ નથી, પણ બીજા ત્રણ ભાવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. છે અપરમભાવ. ...... એ તો ત્રણની અપેક્ષાએ પરમ, ત્રિકાલીની અપેક્ષાએ અપરમ. ઉત્કૃષ્ટ છેને, પર્યાયની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. એય! કાર્યપર્યાય પરમ છે....... એની અપેક્ષાએ ઉત્કૃષ્ટ છે. ત્રિકાળીની અપેક્ષાએ અપરમભાવ છે. આગળ આવી ગયું છે. ઝીણી વાત ભગવાન! આહાહા! ભારે વાતું બાપુ! આ તો ...... રમતું અંતરના આત્મારામની રમતની વાતું છે. અનંતકાળે અપૂર્વ સમયે એ ચીજ એવી છે કે બહારના ભભકામાં દેખાય એવી નથી. મોટા ભાષણ કરે, લાખો માણસ ભેગા થાય, ......... નથી. આહાહા! કહે છે, પરમોત્કૃષ્ટ એમ કહ્યુંને. ક્ષાયિકભાવની શુદ્ધપરિણતિ કાર્યશુદ્ધપર્યાય છે.

શ્રોતા : બે વસ્તુ પરમોત્કૃષ્ટ કહી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરમોત્કૃષ્ટ એક જ છે. પર્યાયની અપેક્ષાએ પરમોત્કૃષ્ટ એ, દ્રવ્યની અપેક્ષાએ પરમોત્કૃષ્ટ પરમપારિણામિકભાવ. બેય.

શ્રોતા : બેય નિરપેક્ષ હોય... વસ્તુ સાપેક્ષ ન આવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નિરપેક્ષ જ છે. પર્યાય નિરપેક્ષ છે, દ્રવ્ય નિરપેક્ષ છે.... કઈ અપેક્ષાએ? અહીં અપેક્ષાથી કહ્યું, પણ એની અપેક્ષા છે માટે આ છે એમ નહીં. કાર્યપર્યાય, કારણ (દ્રવ્ય) હૈ તો હૈ ઐસી ચીજ નહીં. કાર્યપર્યાય નિરપેક્ષ હૈ–કારણસે રહિત હૈ. યહાં યે સિદ્ધ કરના નહીં હૈ. ............ સિદ્ધ નહીં કરના હૈ યહાં. યહાં તો કારણ ઔર કાર્ય સિદ્ધ કરના હૈ ન દોનોં. સમજમેં આયા? જે વખતે જે વાત સિદ્ધ કરવી હોય..... પરસે ભિન્ન કહકર અપને કારણસે સ્વકાર્ય આતા હૈ ઐસી બાત સિદ્ધ કરના હૈ. પરંતુ દો બાતમેં જબ સિદ્ધ કરના હો તો, કેવલજ્ઞાન ભી નિરપેક્ષ હૈ–અપની પર્યાય અપનેસે હોતી હૈ. એ કારણથી નહીં, એનાથી નહીં. એક સમયકી પર્યાય શુદ્ધષટ્કારકસે પરિણમતી હૈ. શુદ્ધપર્યાય કર્તા, શુદ્ધપર્યાય કર્મ, શુદ્ધપર્યાય કરણ, શુદ્ધપર્યાય સંપ્રદાન, શુદ્ધપર્યાય અપાદાન, શુદ્ધપર્યાય અધિકરણ.

શ્રોતા : પછી ત્રિકાળીનો આશ્રય શું કરવાનો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આશ્રય લેવા, અંદર આશ્રય લેવા પહેલું કહ્યું. પછી થયું.... એ કહે છે. એ ...ની વાત... અહીં તો પર્યાયે પર્યાય સ્વતંત્ર છે. એવી વાત છે. આશ્રયકા અર્થ ક્યા? આશ્રય યહાં આતા હૈ? ઉસકા લક્ષ કરનેસે પર્યાયમેં (કાર્ય) આયા, બસ ઇતના. ગુણકો લેકર ક્યા આતા હૈ? એવી ઝીણી વાત છે. વ્યવહારકી ભાષા. પરથી જુદું પાડવું છે તો ઉસમેંસે આતી હૈ વહ બતાના હૈ. સમજમેં આયા? પરંતુ પર્યાય તો પર્યાયસે, અંદર નિશ્ચયસે તો પર્યાય પર્યાયસે હોતી હૈ. દ્રવ્ય દ્રવ્યસે હૈ. દ્રવ્ય પર્યાયકા કર્તા નહીં, પર્યાય દ્રવ્યકા કર્તા નહીં.

શ્રોતા : ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : પોતાનું કીધુંને. આમાં કહ્યુંને. ..... એક પર્યાયના અંશમાં પોતાના કારણે ભેદ પાડવા હોય તો પાડો, પરને કારણે નહીં.

શ્રોતા : આશ્રય રહ્યો નહીં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આશ્રય નથી એકેય. એવી વાતું છે આકરી. જૈનદર્શનનું મૂળ સમજવું.... લોકો બહારથી માની બેઠા છેને. .................... આહાહા! એ .... બીજે ક્યાંય નથી. અંતરની દૃષ્ટિમાં વિષય લીધો છે. એ બેય સમજવું પડશે. પરથી જુદું પાડવા દ્રવ્યનો આશ્રય કીધો. પરનો આશ્રય નહીં, પૂર્વની પર્યાયનો આશ્રય નહીં એટલું બતાવવા દ્રવ્યનો આશ્રય (કહ્યો).

૧૧મી ગાથામાં કહ્યું. **भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**.. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થાય છે એટલું બતાવ્યું. નિમિત્તને આશ્રયે નહીં, રાગને આશ્રયે નહીં, પૂર્વની

પર્યાયને આશ્રયે નહીં—એટલું સિદ્ધ કરવા ત્યાં કહ્યું. પણ જ્યારે બહુ આગળ વધીને સિદ્ધ કરે તો, પર્યાય પર્યાયથી છે, દ્રવ્યથી નહીં. પર્યાયની દાતા દ્રવ્ય નહીં. આહાહા! બે અંશ છે એમ કહે તો, આ આનો દાતા કહે તો તત્ત્વ જ સિદ્ધ નહીં થાય. ઝીણું છે ગોદીકાજી!

શ્રોતા : મહારાજ! ઉત્પાદ-વ્યય.........

પૂજ્ય ગુરૂદેવશ્રી : ઉત્પાદ-વ્યય ભી નહીં. પર્યાયની પર્યાય ઉત્પાદક. અદ્ધરસે હોતી હૈ. સત્.. સત્.. પરિણામ સત્ હૈ, ઉસકા કોઈ હેતુ ન હો. પરિણામ પરિણામ સત્ હૈ. જરી ઝીણી વાત છે. એનું સમાધાન કરવું..... આશ્રયથી થાય, દ્રવ્યમાં પડી છે તો પ્રગટ થાય. દ્રવ્યમાં એમ પડી છે એ ભેદની વાત છે. અભેદની દૃષ્ટિમાં તો અભેદ અભેદ જ છે. ભેદ(રૂપ) પર્યાય ભેદથી છે. આહાહા! એવું છે. અત્યારે...... અંદરની દૃષ્ટિ છે, બહારમાં કેટલું આવે? સમ્યગ્દર્શન.. આહાહા! બહારમાં કેટલું આવે? બહારમાં આવે એટલું .... આવે નહીં. એવી વાત છે. લોકોને ............ ....તો કહે છે કે કારણશુદ્ધપર્યાય બહુ ચાલી નહીં. અમારે દિલીપનો એમ મત છે. અંદર સાર સાર આવી ગયો.... વસ્તુ જેવી છે એ જ આવેને. બીજી આવે એમ કાંઈ છે? એ વખતે આવે એ આવે.

**અથવા પૂર્વ સૂત્રમેં કહે હુએ સૂક્ષ્મ ઋજુસૂત્રનયકે અભિપ્રાયસે, છહ દ્રવ્યોંકે સાધારણ ઔર સૂક્ષ્મ ઐસી વે અર્થપર્યાયેં શુદ્ધ જાનના (અર્થાત્ વે અર્થપર્યાયેં હીં શુદ્ધપર્યાયેં હૈ).** શુદ્ધપર્યાયના બે પ્રકાર પાડ્યા. એક કારણપર્યાય અને એક અગુરુલઘુની એક-એક ગુણની ષટ્ગુણહાનિવૃદ્ધિ એ પણ શુદ્ધપર્યાય છે. ઐસે કહનેમેં આતા હૈ. **(ઇસપ્રકાર) શુદ્ધપર્યાયકે ભેદ સંક્ષેપમેં કહે.** ટૂંકામાં કહ્યું, કહે છે. શુદ્ધપર્યાયના ભેદ. આહાહા! **અબ વ્યંજનપર્યાય કહી જાતી હૈ : જિસસે વ્યક્ત હો–પ્રગટ હો વહ વ્યંજનપર્યાય હૈ.** વ્યંજન એટલે પ્રગટ. **કિસ કારણ? પટાદિકી (વસ્ત્રાદિકી) ભાંતિ ચક્ષુગોચર હોનેસે (પ્રગટ હોતી હૈ)...** દ્રવ્ય, પર્યાય આકાર. **અથવા, સાદિ-સાંત...** એક સમયની થઈને નાશ થઈ જાય. સાદિ-સાંત થઈ ને? એક સમયે થાય, બીજે સમયે નાશ થાય. સાદિ-સાંત પર્યાય. એક સમયકી સ્થિતિ હોતી હૈ. **મૂર્ત વિજાતીયવિભાવ-સ્વભાવવાલી હોનેસે, દિખકર નષ્ટ હોનેકે સ્વરૂપવાલી હોનેસે (પ્રગટ હોતી હૈ).** લ્યો, પર્યાય.

નીચે લખ્યું છેને. **સહજજ્ઞાનાદિ સ્વભાવ-અનંતચતુષ્ટયયુક્ત કારણશુદ્ધપર્યાયમેંસે કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટયયુક્ત કાર્યશુદ્ધપર્યાય પ્રગટ હોતી હૈ. પૂજનીય પરમપારિણામિકભાવ-પરિણતિ વહ કારણશુદ્ધપર્યાય હૈ ઔર શુદ્ધ ક્ષાયિકભાવપરિણતિ વહ કાર્યશુદ્ધપર્યાય હૈ.** કારણશુદ્ધમાંથી પર્યાય આવી એમ કીધુંને. કારણશુદ્ધપર્યાયમેંસે કેવલજ્ઞાન હુઆ. ભેદસે યહીં કથન કરના હૈ ન. ક્યાંથી એ આવી એ બતાવવું છે તો એ બતાવેને. આહાહા! બાકી તો સત્ છે એને આલંબન નથી. પણ અહીં તો અપેક્ષાએ ભેદથી કથન કરવું છેને. બેનો ભેદ પાડવો છેને તો આનાથી થઈ, એમ. .......

હવે અહીં કહે છે જુઓ! **પર્યાયી આત્માકે જ્ઞાન બિના**, એમ. પર્યાય સહિત એવો જે આત્મા એના જ્ઞાન વિના... પર્યાય એ જ આત્મા, એમ. એના ભાન વિના, એના અનુભવ

વિના... **આત્મા પર્યાયસ્વભાવવાલા હોતા હૈ...** અર્થાત્ ઉસકી પર્યાયકો અપની માનતા હૈ. પૂરા આત્મા અખંડ આનંદ પૂર્ણ ઉસકે જ્ઞાન બિના, ઉસકી દૃષ્ટિ બિના પર્યાય સ્વભાવવાલા હોતા હૈ. ક્યોંકિ ઉસને એક અંશ—અપની પર્યાય જિતના માના આત્માકો. જિસે ત્રિકાલી ધ્રુવકા ભાન નહીં, સત્તા ત્રિકાલી હૈ ઉસકા તો જ્ઞાન નહીં તો પર્યાયસ્વભાવવાલા માના. એક અંશવાલા મૈં હૂં. રાગવાલા તો નિકાલ દિયા. એક સમયકી પર્યાયવાલા હૂં વહ ભી મિથ્યા દૃષ્ટિ હૈ. આહાહા!

**ઇસલિયે શુભાશુભરૂપ મિશ્ર પરિણામસે આત્મા વ્યવહારસે મનુષ્ય હોતા હૈ...** ઇસ કારણસે. પર્યાયબુદ્ધિ હૈ, અંદર વસ્તુબુદ્ધિ હુઈ નહીં. આહાહા! **ઇસલિયે શુભાશુભ મિશ્ર પરિણામસે આત્મા વ્યવહારસે મનુષ્ય હોતા હૈ. ઉસકા મનુષ્યાકાર વહ મનુષ્યપર્યાય હૈ...** પર્યાયસ્વભાવવાલા–પર્યાયદૃષ્ટિવાલા હોનેસે ઔર પર્યાયી આત્માકે જ્ઞાન બિના **કેવલ અશુભકર્મસે વ્યવહારસે આત્મા નારક હોતા હૈ...** આહાહા! ચાર ગતિ કૈસે હોતી હૈ? પર્યાયદૃષ્ટિવંતકો ચાર ગતિ હોતી હૈ. સમજમેં આયા? ઉસમેં સાર લિખા હૈ ઐસા.

**ઉસકા નારક-આકાર વહ નારકપર્યાય હૈ; કિંચિત્ શુભમિશ્રિત માયાપરિણામસે આત્મા વ્યવહારસે તિર્યંચકાયમેં જન્મતા હૈ...** કૌન? પર્યાયસ્વભાવવાલા. જિસકી પર્યાયબુદ્ધિ હૈ, એક સમયકી અંશબુદ્ધિ હૈ, ઐસે પરિણામસે કિંચિત્ શુભમિશ્રિત, એમ કહ્યું. માયા પરિણામસે વ્યવહારસે તિર્યંચ. ...... **ઉસકા આકાર વહ તિર્યંચપર્યાય હૈ...** નિગોદાદિ બધું લેવું. **ઔર કેવલ શુભકર્મસે...** જબ તક પર્યાયબુદ્ધિ હૈ, અંશમેં અપના પૂરા (અસ્તિત્વ) માના હૈ, એક સમયકે પરિણામકો હી અપના માના હૈ, પરિણામકે પીછે સારા પદાર્થ પડા હૈ, અખંડાનંદ પડા હૈ ઉસકે જ્ઞાન બિના, ઉસકે ભાન બિના કેવલ શુભ કર્મ **વ્યવહારસે આત્મા દેવ હોતા હૈ, ઉસકા આકાર વહ દેવપર્યાય હૈ.–યહ વ્યંજનપર્યાય હૈ. ઇસ પર્યાયકા વિસ્તાર અન્ય આગમમેં દેખ લેના ચાહિયે.** આ પર્યાયનો વિસ્તાર બીજા આગમમાંથી જોઈ લેવો. આહા!

**(શ્લોકાર્થ) : બહુ વિભાવ હોને પર ભી...** ભલે વિકલ્પ અનેક પ્રકારના હો. **સહજ પરમતત્ત્વકે અભ્યાસસે જિસકી બુદ્ધિ પ્રવીણ હૈ...** સહજ પરમતત્ત્વ–ભગવાન પરમાનંદસ્વરૂપ દ્રવ્ય ઉસકે અભ્યાસમેં જિસકી બુદ્ધિ પ્રવીણ હૈ. આહાહા! અંદર એકાકાર, દ્રવ્ય તરફકી એકાગ્રતા. નહીં, નહીં, નહીં. આશ્રય-ફાશ્રયકી બાત હૈ નહીં. **પરમતત્ત્વકે અભ્યાસસે...** અંતર એકાગ્રતાસે. આહાહા! **ઐસા યહ શુદ્ધદૃષ્ટિવાલા પુરુષ સમયસારસે અન્ય કુછ નહીં હૈ.** ભગવાન આત્મા સિવાય ક્યાંય કોઈ ચીજ જગતમાં છે નહીં. **ઐસા માનકર પરમસ્ત્રીરૂપી સુંદરીકા વલ્લભ હોતા હૈ.** પરમસ્ત્રી એટલે કેવળજ્ઞાનરૂપી લક્ષ્મી, સુંદરીનો વલ્લભ એ પર્યાય કોઈ દિ' એને છોડશે નહીં. કેવલજ્ઞાન પર્યાય દ્રવ્યકો કભી છોડેગી નહીં. એ વલ્લભ. બસ સાર આ ગયા તુમ્હારા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૩, રવિવાર, તા. ૭-૧-૧૯૭૩**
**ગાથા-૫૦, પ્રવચન નં. ૧૯૩**

ગાથા ૫૦. **ટીકા : આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.** ટીકા છેને ટીકા. આમાં હેય-ઉપાદેય, ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે. થોડું ઝીણું પડશે. આ તો શેઠને કહું છું. શેઠ! થોડા સૂક્ષ્મ પડેગા, પરંતુ સમજના.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं ।**
**सगदव्वमुवादेयं अंतरच्चं हवे अप्पा ॥५०॥**
**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

એનો **અન્વયાર્થ**–શબ્દાર્થ : **પૂર્વોક્ત સર્વ ભાવો...** એટલે? આત્મામાં રાગાદિ-દ્વેષાદિ દેખાય કે આત્માની ક્ષાયિક પર્યાય, ઔદયિક પર્યાય, ક્ષાયોપશમિક, ઔપશમિક પર્યાય એ બધા પૂર્વોક્ત સર્વ ભાવો.... પહેલા આવી ગયું છે ૪૧માં. જીવમાં તો ક્ષાયિકભાવેય નથી. પર્યાય છેને. **न क्षायिकभाव...** ૪૧ની વાત છે. ...... ભગવાન આત્મા શુદ્ધભાવ ધ્રુવભાવ, છતી ચીજ, છતી–મોજૂદગીવાળી ચીજ એની અપેક્ષાએ તો, એક સમયની પર્યાય જે ક્ષાયિક કેવળજ્ઞાનાદિ એ પણ નથી, એમાં નથી. એવો જે અંતર્તત્ત્વ દ્રવ્યસ્વભાવ છતો પડ્યો છે કહે છે, પણ અનાદિથી એ છતાંને અણછતો કર્યો છે. 'છતાં-અછતાં' શબ્દ સમજો છો? ..... એમાં આ શબ્દ લીધો છે. ........ એમ મેળવ્યું છે.

એમાં તો એમ કહ્યું છે, જૈસે શ્રાવકકો પુત્ર ઘરમેં હૈ, બાજારમેં..... એટલો શબ્દ છે. ..... કહે હમારે પુત્ર હૈ. અભાવ ન કહે. વ્યવહારકી યે રીતી હૈ. છતેકો અનછતા ન કહે. યે હૈ? તમારી હિન્દી ભાષા છે. ગુજરાતી નહીં હૈ 'છતા'. હિન્દી હૈ હિન્દી. .... બરાબર ખબર નહીં પડે આ હિન્દી લીપી. પહેલું પુસ્તક આ આવ્યું છે સમયસાર, નિયમસાર, .... અનુભવપ્રકાશ. કહતે હૈં, છતેકો અનછતો ન કરે. ચિદાનંદ તેરો...... હૈ. દર્શન-જ્ઞાન શક્તિ છતીકો અનછતી..... તેરા તત્ત્વ તો દર્શન-જ્ઞાન શક્તિ–સત્ત્વ ધ્રુવ હૈ. ઐસી છતી ચીજકો અછતી કરકે રખી હૈ. એક સમયકી પર્યાય ઔર રાગ–વિકલ્પ વ્યવહારાદિ અછતી ચીજ હૈ ત્રિકાલીકી અપેક્ષાસે. સમજાય છે કાંઈ? એ અણછતીને છતી કરી અને છતીને અણછતી કરી.

ભગવાન ધ્રુવસ્વભાવ પૂર્ણ પરમાત્મા, જેમાં ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ઉદયભાવ—એ ચારેય પર્યાય નથી. એવો જે **पूर्वोक्तसकलभावाः...** અન્વયાર્થમાં છે. પૂર્વોક્ત–પૂર્વે કહ્યા એ સર્વ ભાવો એટલે બધી પર્યાયો ક્ષાયિક, ઉપશમ આદિ,

..... એ **પરસ્વભાવો છે...** એ બધા પરસ્વભાવ છે. આહાહા! એકરૂપ ચીજ દ્રવ્યસ્વરૂપ પદાર્થકો તો પર્યાયકી એકતાબુદ્ધિકી આડમેં અછતા કર દિયા. સમજાય છે કાંઈ? રાગના પ્રેમની વાત દૂસરી. એ તો બહુત સ્થૂળ છે. વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ... વહ તો બહોત સ્થૂલ મિથ્યાત્વ હૈ. એક સમયકી પર્યાયકે પ્રેમમેં છતી ચીજ દ્રવ્યસ્વભાવ પર તેરી નજર કભી નહીં હુઈ. એ પરસ્વભાવ છે. ટીકામાં બીજી રીતે લેશે. ટીકામાં તો પહેલું હેય કહી, પછી પરસ્વભાવ કહી અને પછી પરદ્રવ્ય કહેશે.

અહીંયા તો, પહેલું પૂર્વોક્ત સર્વ ભાવ... જેટલા પર્યાયના ભાવ એ પરસ્વભાવો છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવભાવ દૃષ્ટિનો વિષય, જે સમ્યગ્દર્શનનો વિષય પરમભાવ એની આગળ આ બધા પરસ્વભાવો છે. પુણ્ય-પાપ દયા, દાન તો પરભાવ હૈ હી, પરંતુ એક સમયકી અવસ્થા કેવલજ્ઞાન, કેવલદર્શન, ક્ષાયિકભાવ...... એક સમયની અવસ્થા છે. એ ત્રિકાળી સ્વભાવ છતો દ્રવ્યભાવ, જે દૃષ્ટિનો વિષય, જેને આશ્રયે દૃષ્ટિ–સમ્યગ્દર્શન થાય, એ સમ્યગ્દર્શન પર્યાય પણ પરસ્વભાવ છે. આ શરીરાદિ પર તો ક્યાંય રહી ગયું. પોતાના દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. એમ પોતાનો ત્રિકાળ સ્વભાવ, નિત્ય સ્વભાવ, છતો પદાર્થ વસ્તુ એની અપેક્ષાએ પર્યાય અછતી છે એટલે પરભાવ છે. સમજમેં આતા હૈ?

પૂર્વોક્ત સર્વ ભાવ વહ પરસ્વભાવ હૈ. પોતાના ધ્રુવદ્રવ્યની દૃષ્ટિની અપેક્ષાએ એ પર્યાય અછતી છે. પોતાની અપેક્ષાએ અછતી છે, એની અપેક્ષાએ ભલે છતી હોય. જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. એની અપેક્ષાએ દ્રવ્ય ભલે હો. 'હો'નો અર્થ, એ હો કે ન હો, મુજે ક્યા કામ હૈ? એ છે કે નથી એનું મારે શું કામ છે? એમ કહે છે. એ તો અહીં જ્ઞાનમાં આવ્યું, પણ પછી છે કે નહીં, મારે શું? હું એક છું. મારા માટે ચીજ હું દ્રવ્યસ્વભાવ ધ્રુવ એ. બસ એ જ છે. અને જગ છે કે નહીં એ જ્ઞાનમાં જાણવામાં ભલે હો, પણ પર છે એ પરને લઈને છે. એ મારે લઈને નથી. મારી અપેક્ષાએ તો એ વસ્તુ જ અવસ્તુ છે. એમ જ્યાં...... ઝીણી વાત છે. સમજાણું કાંઈ?

એમ મારો સ્વભાવ ભગવાન ધ્રુવ, એની અપેક્ષાએ–મારી અપેક્ષાએ પર્યાય પણ છે જ નહીં. શેઠ! ઝીણું છે જરી. આ છેલ્લું .... છેને તેથી આ પાકું થયું. પાકું....... ભગવાન આત્મા... ભાઈ! બીજી ચીજ એની અપેક્ષાએ હો, પણ મારી અપેક્ષાએ તો પર્યાય પણ નથી. આહાહા! આવી વાત છે. એટલે મેં, મહાપ્રભુ જેની નજરું કરવી જોઈએ એ છતી ચીજમાં નજર ન કરી અને કાં પરદ્રવ્યની નજર, કાં રાગની નજર, કાં એક સમયની પર્યાયની નજર કરી. આ નજરમાં નિધાન ખોવાઈ ગયો. સમજાણું કાંઈ?

કહે છે કે પૂર્વોક્ત સર્વ ભાવો... ૪૧માં લીધું છે. ૪૧ છેને. .... ૩૮માં પણ એ લીધું છે, પણ ૪૧માં વધારે છે. **णो खइयभावठाणा**... એ ઝીણું છે આ. **णो खइयभावठाणा**... એ ૪૧ છે.

**णो खयउवसमसहावठाणा वा। ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा ॥** ક્ષાયિકભાવ- સ્થાન મેરેમેં નહીં. આની કોર છે, આની કોરમાં. ૪૧ (ગાથા). ક્ષાયિકભાવ તો સિદ્ધમાંય છે. આ શું માળા? અભવિ........ આ શાસ્ત્રની શૈલી જ જુદી છે. એ તો સનાતન શૈલી છે. સમજાય છે કાંઈ? ઓલા લાલન હતાને. ..... ક્ષાયિકભાવ આત્મામાં નથી, ત્યારે જડમાં હોય? ક્ષાયિકભાવ તો સિદ્ધનેય છે. ક્ષાયિકભાવ વ્યય થઈને પારિણામિકભાવ (થયો) અને સિદ્ધની પર્યાય છે એ ક્ષાયિકભાવે છે. બે જ ભાવ છે ત્યાં—પારિણામિક ને ક્ષાયિક, બસ.

અહીં તો કહે છે કે મેરેમેં પર્યાયકા સ્થાન હી નહીં. શેઠ! આહાહા! દૃષ્ટિકા વિષય ધ્રુવ દ્રવ્યસ્વભાવ છતો પદાર્થ, સમ્યગ્દર્શનનો વિષય છતો પદાર્થ એકરૂપ. એ ક્ષાયિકભાવ મારામાં નથી એમ કોણ જાણે? પર્યાય જાણે. કંઈ ધ્રુવ નથી જાણતો. શુદ્ધભાવ અધિકાર છેને. ઉપર શુદ્ધભાવ છે. શુદ્ધભાવ એટલે દ્રવ્ય હોં. શુદ્ધભાવ એટલે ઉપયોગ એ નહીં. શુભ ને અશુભ ને શુદ્ધ જે ઉપયોગ—એ આ નહીં. આ તો શુદ્ધ ધ્રુવ ત્રિકાળીવસ્તુ પરમપારિણામિકભાવ જ્ઞાયકભાવ, જેમાં ક્ષાયિકભાવની પર્યાયનો પણ અભાવ છે. એ કોણ જાણે? ધ્રુવ જાણે?

એ ક્ષાયિકભાવમાં નથી જેમાં એ તત્ત્વ ..... છે. જાણવાની પર્યાય એમ કહે છે કે આ હું (-ધ્રુવ છું) એમાં હું (-પર્યાય) નથી. વહ તો 'મૈં નહીં' ઐસે ન કહકર, ક્ષાયિકભાવ દ્રવ્યમેં નહીં. ઇસકા અર્થ કિ પર્યાય ઐસે જાનતી હૈ. ઇસ દ્રવ્યમેં મૈં નહીં. દ્રવ્યમેં ક્યા .....? આહાહા! સમજાય છે કાંઈ? ક્ષાયિકભાવ નથી તો પછી ઉપશમ, ક્ષયોપશમની વાતું શું કરવી? સાચો ક્ષયોપશમ હોં સમ્યગ્જ્ઞાનનો. અજ્ઞાનપણે ક્ષયોપશમ ભલે નવ પૂર્વનો હોય, એની તો ગણતરી જ નથી. પણ અહીં તો સમ્યગ્જ્ઞાન, ચૈતન્ય દ્રવ્યને અવલંબે પ્રગટ (થતી) દશા સ્વસંવેદનની, સમ્યગ્જ્ઞાનની, એ પર્યાય પણ મારા દ્રવ્યસ્વભાવમાં (નથી). એ પર્યાય એમ જાણે છે કે આ દ્રવ્યસ્વભાવમાં હું (-પર્યાય) નથી. સમજાણું કાંઈ? થોડો વિષય ઝીણો છે. પૈસાવાળાને... ઓલું સાધારણ.... આ પંડિતજી જવાના છે. ..... છે એમ કહે છે. સમજાય છે? આહાહા!

કહે છે કે એ ક્ષાયિકભાવ પણ **णो**–જીવમાં નથી એમ કહ્યું. સમજાય છે? એ ૪૦માં જીવ શબ્દ આવ્યો તે આમાં મૂકી દીધો. ૪૦માં **णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा, णो अणुभागट्ठाणा जीवस्स**... જીવમાં આ નથી. એ અહીં પહેલું લઈ લેવું. જીવ શબ્દે.... જીવમાં ક્ષાયિકભાવ નથી. છે ક્ષાયિકભાવ? એ અહીં નથી. પૂર્વોક્ત સર્વ ભાવ... પૂર્વે કહેલા બધા ક્ષયોપશમ, ક્ષાયિક... સાધારણ જ્ઞાનનો ક્ષયોપશમ એ કાંઈ પ્રશ્ન જ નથી. આહાહા! દ્રવ્યને સ્પર્શીને ભાન થઈને જે સમ્યગ્જ્ઞાન થયું સમ્યગ્દર્શન સહિત, એ દર્શનની પર્યાય ને જ્ઞાનની પર્યાય ક્ષાયિક સમકિત હો, તોપણ પર્યાય એમ જાણે છે કે આ હું જીવ છું. આ હું જીવ છું એમાં આ હું (પર્યાય) નથી. ગજબ વાતું છે. તે પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે.

મારો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છતી ચીજ–મોજૂદ ચીજ–વિદ્યમાન ચીજ, ત્રિકાળી ધ્રુવચીજ, અભેદચીજ, સામાન્યચીજ, શુદ્ધભાવ ચીજ. ધ્રુવ શુદ્ધભાવ હોં, પર્યાય નહીં. મારા શુદ્ધ ધ્રુવભાવમાં તો શુદ્ધ પર્યાય–પરિણતિ પણ એમાં નથી. આહા! અરે! એવા છતાંને અછતો કેમ કહેવાય? કહે છે. આવી ચીજ છે. સમજાય છે કાંઈ? કહ્યુંને આમાં. ........ જૈસે કાહુકો પુત્ર ઘરમેં હૈ, બાજારમેં......... બજારમાં એનો બાપ નીકળ્યો. ........ અભાવ ન કહે, વ્યવહારકી ઐસી રીત હૈ. છતેકો અણછતો ન કરે. ચિદાનંદ ..... ભગવાન... આહાહા! દર્શન-જ્ઞાન છતી શકિત, સર્વજ્ઞ-સર્વદર્શી એવી છતી શક્તિ પૂર્ણ પડી છે એને અણછતી કરી રાખી છે. છતી પડી અણછતી રાખી છે. અરે! ત્યાં નજરું ન નાખી, એ નિધાનનો સ્વીકાર ન કર્યો અને એક સમયની પર્યાયના સ્વીકારમાં છતાને અણછતો કર્યો તેં પ્રભુ! આવું ઝીણું છે ભગવાન! દુનિયામાં દુનિયા. તારામાં આ નથી.

આવે છેને, સમયસાર નાટકમાં આવે છે. જટામાસી જેને બિલ્લી લોટન કહે છે. સમયસાર નાટકમાં છે. ..... એક જડીબુટ્ટી એવી હોય છેને કે એને દેખીને મીંદડી આમ આમ કરે. ........ સંસાર ભ્રમણ હૈ. .... સ્વરૂપમેં આયે તો ત્રિલોકકો રાજ પાયે. એક સમયમાત્રમેં નિધાન દ્રવ્યસ્વરૂપ.... આહા! ત્રણ લોકનું રાજ..... સમજાણું કાંઈ? ...... સો તો દુર્લભ નાહીં. ભગવાન છે એને પ્રાપ્ત કરવું એ દુર્લભ શું? જૈસો નર પશુસ્વાંગ ધરે તો પશુ ન હો, નર હી હૈ. એમ આત્મા ચોરાશીના સ્વાંગ ધરે તો ચિદાનંદ હી હૈ. એ ભગવાન તો ભગવાન જ છે. ચિદાનંદપના દુર્લભ નાહીં. ....... અનુભવપ્રકાશ. જૂના પુરાણા... શબ્દો છે, આ ... શબ્દો છે. આહાહા! ....... પંડિતને ... શાસ્ત્ર. આ શાસ્ત્રમાં આ કહ્યું, આ શાસ્ત્રમાં આ કહ્યું—એના વિકલ્પમાં જ...... આહાહા! પણ તત્ત્વ શું છે ત્યાં નજર કરવા (નવરો નથી). આહાહા! સમજાણું કાંઈ? વ્યવહારનયથી આમ કહ્યું છે, ભગવાને આમ કહ્યું, દ્રવ્યદૃષ્ટિનું..., વ્યવહાર તે સાધન કહ્યું છે. આ લખાણ આવે છે. બધુંય છે, હાલને હવે! આહાહા!

અહીં કહે છે કે ભગવાન! તારા સ્વભાવથી પર્યાયાદિ પરસ્વભાવ, એ પરદ્રવ્ય છે. ક્ષાયિકભાવની પર્યાય પરદ્રવ્ય છે. આહાહા! સ્વદ્રવ્ય નહીં એ અપેક્ષાએ પરદ્રવ્ય છે. એટલે? જેમ પરદ્રવ્યમાંથી પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, એમ ક્ષાયિકભાવની સમકિતની પર્યાય હો તોપણ એમાંથી નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. નવી પર્યાય ઉત્પન્ન થવામાં તો દ્રવ્યસ્વરૂપ મારો ભગવાન પૂર્ણાનંદ તે છે. એ અપેક્ષાએ પર્યાયને પરદ્રવ્ય કીધી છે. આહાહા! સમજાણું કાંઈ? પરસ્વભાવ છે, **પરદ્રવ્ય છે, તેથી હેય છે...** આહા! ક્ષાયિકભાવની પર્યાય હેય છે. કેમ કે નાશવાન છે, એક સમયની અવસ્થા છે. સમજાય છે કાંઈ? ............... ....... ૩૮ વર્ષ થયા. ........... એ ૭૮ પાને છે. એનો કળશ.. કળશ, ૫૪ કળશ. ૫૪ કળશ. નીચે છે.

**સર્વ તત્ત્વોમાં જે એક સાર છે**... ક્ષાયિકભાવની પર્યાય કે .... પર્યાય, સંવર-નિર્જરાની પર્યાય, આસ્રવાદિની પર્યાય—એ સર્વ તત્ત્વોમાં એક સાર છે. ત્રિકાળી તત્ત્વ એક સાર છે. **જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે**... નાશ પામવાયોગ્ય ક્ષાયિક પર્યાય પણ સમયે સમયે નાશ પામે છે. એનાથી ભગવાન દૂર છે. પર્યાયથી દ્રવ્ય દૂર છે. આરે, ગજબ છે! છે? સંસ્કૃત છે.

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवारिशापारः।।**

જે સમસ્ત નાશ પામવાયોગ્ય બધી પર્યાયો છે એ ભાવ–પર્યાયથી દૂર છે. **જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે**... જે ભગવાન સ્વરૂપમાં કામની ગંધ નથી. ઇચ્છાની ગંધ નથી વસ્તુમાં. **જે પાપરૂપી વૃક્ષને છેદવાનો કુહાડો છે...** એટલે કે પાપ ને પુણ્ય ઉત્પન્ન થતા નથી એને 'છેદનાર છે' એમ કહેવામાં આવે છે. વસ્તુમાં પાપ ને પુણ્ય છે જ નહીં તેથી એ પાપ ને પુણ્યને છેદનારો કુહાડો છે એમ કહેવામાં આવે છે. કુહાડો સમજતે હો? **જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે**... એક ત્રિકાળી શુદ્ધભાવ. શુદ્ધ જ્ઞાનનો અવતાર, શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ જ આખું છે. **જે સુખસાગરનું પૂર છે**... ધ્રુવ ભગવાન પરમ સામાન્ય અભેદસ્વભાવ એ સુખસાગરનું પૂર છે. **અને જે ક્લેશોદધિનો કિનારો છે,** અરે! **તે સમયસાર જયવંત વર્તે છે**. આહાહા! પર્યાયમાં ... થયો, એમ કહે છે કે એ જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? અમારી દૃષ્ટિમાં એ દ્રવ્ય દેખાય છે, જણાય છે, મનાય છે. અમારી દૃષ્ટિ એમ કહે છે કે એ જયવંત વર્તે છે. તત્ત્વ એવું..... સમજાણું કાંઈ? બહુ ઝીણું છે આમાં શેઠ! આ બહારથી પકડાય એવું નથી. એમ ને એમ જાત્રા કરીને ધર્મ થઈ જાય એવું નથી આ.

અહીં આપણે હવે. **અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય...** અંતઃતત્ત્વ–દ્રવ્યસ્વભાવ એવું સ્વદ્રવ્ય... એ સ્વદ્રવ્ય. ઓલું પરદ્રવ્ય. આત્મા, અંતઃતત્ત્વસ્વરૂપ એને આત્મા કહીએ છીએ, કહે છે. ક્ષાયિકભાવ આદિની પર્યાય પણ આત્મા નહીં, વ્યવહાર આત્મા એ આત્મા નહીં. આહાહા! ગજબ વાતું છે! વ્યવહાર અભૂતાર્થ છે એમ કહ્યુંને, ૧૧મી ગાથા, જૈનદર્શનનો પ્રાણ. કહે છે, એવું સ્વદ્રવ્ય તે આત્મા છે. અરે ભગવાન! આ પર્યાય સહિતનો આત્મા એ ક્યાં ગયો? એ પ્રમાણનો વિષય છે. મારા નિશ્ચયના વિષયમાં તો **અતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય આત્મા ઉપાદેય છે**. ક્ષાયિકભાવની પર્યાય આદિ હેય છે અને ત્રિકાળી શુદ્ધ ધ્રુવભાવ જ્ઞાયક અંતઃતત્ત્વ તે એક જ ઉપાદેય છે. કહો, સમજાણું કાંઈ?

**અથવા**... હેય-ઉપાદેય કહ્યુંને અથવા ગ્રહણ-ત્યાગ. ચાર ભાવાદિ ત્યાગવાયોગ્ય છે અને સ્વદ્રવ્ય તે ગ્રહણયોગ્ય છે. સમજાણું કાંઈ? આ તો વીતરાગનો માર્ગ છે. આવી વાતું છે. એ વિકલ્પથી પકડે ને જાણે તો પકડાય એવી ચીજ નથી. જાદવજીભાઈ! .......... અહીંયા કહે છે કે ભગવાન! તારું દ્રવ્ય... આહાહા! જુઓ તો વાણી કુંદકુંદાચાર્યની....! એ સ્વદ્રવ્ય જ આત્મા છે. પર્યાયને આત્મામાંથી કાઢી નાખી? મુનિપણાની ચારિત્રદશા એ આત્મા નહીં. આહાહા! ....દશા ક્ષયોપશમભાવની દશા છે. ........ દૂર એવો જે સ્વદ્રવ્ય.. એવો આત્મા એ જ ઉપાદેય છે. આનો અન્વયાર્થ થયો.

એની **ટીકા : આ, હેય-ઉપાદેય**... પર્યાયમાત્ર હેય, દ્રવ્ય ભગવાન એકલો આત્મા ઉપાદેય. ક્યા? પર્યાયમાત્ર ત્યાજ્ય, આ પર્યાયનો ત્યાગ અને ગ્રહણ.., ભગવાન નિત્યાનંદ પ્રભુ એનું ગ્રહણ. ગ્રહનાર પર્યાય. પર્યાય એને ગ્રહે છે અને પર્યાય પર્યાયને છોડે છે. સમજાણું કાંઈ? **જે કોઈ વિભાવગુણપર્યાયો છે**... ક્ષાયિકાદિ પર્યાયને વિભાવ કહ્યા. **તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...** જાણવાલાયક છે એમ કહ્યું હતું. **પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે...** ભગવાન આત્મા શુદ્ધ નિશ્ચયસ્વરૂપ એવું જે તત્ત્વ આખું પૂર્ણ એના બળે... નિશ્ચયનયથી એમ ન કહ્યું, નિશ્ચયનયના બળે (અર્થાત્) ત્રિકાળી ધ્રુવસ્વભાવને આશ્રયે, એના બળે **તેઓ હેય છે.**

પાઠમાં પહેલાં પરસ્વભાવ લીધા હતા, પછી પરદ્રવ્ય કહીને હેય કહ્યું હતું. ટીકામાં આમ જોઈએ એમ કહ્યું છે. પાઠમાં ..... હોય એમ ભાષા કરાયને. વસ્તુ આમ જોઈએ, એમ કહે છે. આહાહા! **જે વ્યવહારનયથી કહ્યા હતા**... સિદ્ધનું કેવળજ્ઞાન, ક્ષાયિક સમકિત એ બધા વ્યવહારનયથી કહ્યા હતા. .......... આ સદ્ભૂત વ્યવહાર છે એમાં જ પર્યાય છે. અભેદમાં ભેદ થયો એ પર્યાય. એ **શુદ્ધનિશ્ચયના બળે તેઓ હેય છે. શા કારણથી?** હેય છે એ શા કારણથી, એમ કહ્યું છે. ઓલામાં પાઠમાં એમ છે, **परदव्वं परसहावमिदि हेयं**... અહીં એમ લીધું કે હેય છે. શા કારણથી? **કારણ કે તેઓ પરસ્વભાવો છે...** આહાહા! ક્ષાયિક સમકિત, સ્વસંવેદનજ્ઞાન અને ચારિત્રની પર્યાય–છઠ્ઠા ગુણસ્થાન, સાતમા ગુણસ્થાનની ચારિત્ર પર્યાય અને કેવળજ્ઞાનની યથાખ્યાતની પર્યાય—એ પરસ્વભાવો છે. .......

પ્રભુ! તું એવડો મોટો, એવો છતો પદાર્થ એને આત્મા કહીએ. ત્રિકાળતત્ત્વ ધ્રુવ એને જ અમે આત્મા કહીએ. આહાહા! સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યદેવ વચ્ચે આડતિયા થઈ ભગવાનની વાણી કહે છે. ભગવાન આમ કહે છે. ... સવિકલ્પ તો છે, પણ વિકલ્પ અને એની પર્યાય વર્તમાન છે, કહે છે, એ આમાં નથી. એ બધા પરસ્વભાવો છે. આહાહા! અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો તે બંધના કારણ છે. એ તો નહીં, પણ ચારિત્ર વીતરાગીદશા આનંદ અરાગી પરિણતિ–પર્યાય એમ જાણે છે કે એ અરાગી પરિણતિ એટલે હું એ પરસ્વભાવ છે.

આહાહા! આ ત્રિકાળી વસ્તુ તે સ્વસ્વભાવ છે. .... પર્યાયમા છેને, ધ્રુવમાં ક્યાં....... આ મારામાં નથી ને આ મારામાં છે. એ પ્રેમચંદભાઈ! આવો માર્ગ છે.

ભગવાન કહે છે, ભગવાનનું સ્વરૂપ તો પૂર્ણાનંદ છે એને અમે આત્મા કહીએ. પર્યાયને–ક્ષાયિક પર્યાયને, ક્ષાયિક સમકિતની, ચારિત્રની, યથાખ્યાત ચારિત્ર–જેવું સ્વરૂપ છે એવું પર્યાયમાં પ્રસિદ્ધ આવ્યું એ આત્મા નહીં. સમજાણું કાંઈ? કીધુંને આમાં જુઓ! 'એવું સ્વદ્રવ્ય તે આત્મા' એમ કહ્યુંને. પર્યાય ન કહ્યું. ૩૮માં આવે છે. ૩૮માં..... ખરેખર ઉપાદેય છે. **જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા એ ખરેખર 'આત્મા' છે**. છે બીજી લીટી છે હેઠે. ૩૮ની ટીકા. **અનાદિ-અનંત અચિંત્ય અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો શુદ્ધ**... પંડિતજી! નીકળ્યું? ૩૮ની ટીકામાં છેલ્લી લીટી.. છેલ્લી લીટી. હિન્દીમાં છે. **અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય-સ્વભાવવાળો શુદ્ધ-સહજ-પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે—એવો કારણપરમાત્મા તે ખરેખર 'આત્મા' છે**. આહાહા! ત્યારે પર્યાય ખોટો આત્મા છે એમ કહ્યું. વીતરાગ પરમાત્મા સિવાય આ વાત........ ........ પર્યાય આત્મા નહીં હૈ. વ્યવહાર આત્મા હૈ ન. વ્યવહાર અભૂતાર્થ હૈ. એની અપેક્ષાએ ભલે હો, આની અપેક્ષાએ ... નથી. સમજાણું કાંઈ?

'તે ખરેખર આત્મા છે.' એ અહીં કહ્યું. છે ને? અહીં કીધુંને, આત્મા કહ્યો સ્વદ્રવ્ય. **કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને તેથી જ પરદ્રવ્ય છે. સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...** હવે આત્મા આવે છે. **સર્વ વિભાવગુણપર્યાય**... એ બધા વિભાવ છે. ક્ષાયિકપર્યાય પણ વિભાવ છે. વિભાવ શબ્દે વિશેષ ભાવ.. વિશેષ ભાવ. એવા **વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.** શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ... અંતઃતત્ત્વસ્વરૂપ... ભાવ લીધો ભાઈ! પછી એનો આધાર લેશે. **अंतरतच्चं हवे अप्पा**... એમ શબ્દ પડ્યો છે? અંતઃતત્ત્વ એ ભાવ લીધો છે ત્રિકાળી. અંતઃતત્ત્વ... પાઠ છેને. **सगदव्वमुवादेयं अंतरतच्चं... हवे अप्पा**... શબ્દ રહી ગયો છે પાઠમાં. એની આ વ્યાખ્યા છે. **શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે**. એને–અંતઃતત્ત્વના ભાવને સ્વદ્રવ્ય કીધો. સમજાણું કાંઈ?

**ખરેખર સહજજ્ઞાન** ત્રિકાળી, **સહજદર્શન** ત્રિકાળી, **સહજચારિત્ર** ત્રિકાળી, **સહજપરમવીતરાગ-સુખાત્મક...** પરમસુખ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા ત્રિકાળી. એવું **શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...** ઝીણી વાત છે થોડી. એવું જે અંદર શુદ્ધ-અંતઃતત્ત્વભાવ... સ્વભાવ-ભાવસ્વરૂપ **આ સ્વદ્રવ્યનો આધાર...** એવું જે અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્યનો આધાર, **સહજપરમપારિણામિકભાવલક્ષણ...** સહજ પરમપારિણામિકભાવ એકરૂપભાવ ધ્રુવ. સ્વભાવિક પરમપારિણામિકભાવલક્ષણ **(-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.** સ્વદ્રવ્યનો પણ આધાર કારણસમયસાર છે.

પાઠમાં છે ખરુંને. **अंतरतच्चं हवे अप्पा...** સમજાણું કાંઈ? .... પણ લક્ષમાં આવે એવું છે. આ ભાષા તો બહુ સાદી છે, ભાવ ભલે ઊંડા હોય. કહે છે કે એ બધા પર્યાયાદિના ભાવ પરસ્વભાવ, પરદ્રવ્ય, હેય છે. અથવા પરસ્વભાવ, હેય છે. હેય કેમ? કે પરસ્વભાવ છે, તેથી તે પરદ્રવ્ય છે. ત્રણ બોલ લીધા આમ. હવે આમ લે છે અંદર. એ બધા વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ એને અહીં સ્વદ્રવ્ય કહ્યું. એ સ્વદ્રવ્યનો આધાર પારિણામિકભાવ ત્રિકાળ તે એનો આધાર, એમ કહ્યું. ભાવ આધેય, વસ્તુ આધાર. આહાહા! હવે આ ક્યાં વાત છે બીજે? એક તો જૈનને નામે...... ...., પણ આવી વાત છે. અરે ભગવાન! ....... આ રજનીશ એ તમારા શેઠીયાના ગામના છે, તારણસ્વામી સંપ્રદાયમાં જન્મ્યા છે. આ તો એવું જણાવવા. ..... આહાહા!

અહીં ...... અને ક્યાંનું ક્યાં કાઢ્યું છે? મુંબઈમાં જરી........ પાખંડ ઉન્મૂલ કરી નાખ્યું. એવી તો કોઈ..... પાખંડ ઉન્મૂલ કરી નાખ્યું એમ કહે છે. ....... એ તો થાય-ન થાય. આવો ભગવાનનો માર્ગ.. આહાહા! પરમ પવિત્રની ધારા, જેની પર્યાય પણ, કહે છે કે દ્રવ્યમાં નથી. પર્યાયમાં પર્યાયમાં છે. એ પર્યાયમાં રાગ નહીં, રાગ રાગમાં છે. એ રાગમાં પરદ્રવ્ય નહીં. પરદ્રવ્યમાં પરદ્રવ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? ...... જે પર્યાય છે નિર્મળ, એ પર્યાયમાં પર્યાય છે. એ પર્યાય દ્રવ્યમાં નથી અને એ પર્યાયમાં રાગ નથી. એ પર્યાય દ્રવ્યમાં નથી, એ પર્યાયમાં રાગ નથી. આ પર્યાય આમાં નથી, તો એ પર્યાયમાં રાગ નથી. રાગમાં પરદ્રવ્ય નથી અને પરદ્રવ્યમાં રાગ નથી. કર્મનો ઉદય એ રાગમાં નથી, ઉદય જડ છે..... સમજાણું કાંઈ?

સંતોએ માર્ગ સરળ કરી દીધો છે. સમજાય છે કાંઈ? અહો! કુંદકુંદાચાર્યાદિ સંતો મોક્ષના અધિકારી, જે સંસારને કાંઠે ઊભા છે. પ્રવચનસારમાં છે. છે? આહાહા! અમૃતચંદ્ર આચાર્ય કહે છે... જુઓ! મુનિ મુનિને ઓળખી શકે. કોઈ કહે છે, છદ્મસ્થ પરને ન ઓળખે. છદ્મસ્થ ઓળખી ન શકે એમ કહે છે. સમજાણું? એ ચેતનજી! વિદ્યાનંદજી આવ્યા હતાને ત્યાં મંદસોરમાં. મંદસોરમાં હતાને. એક દિ' અમે ત્યાં હતા તો બહાર આવ્યા...... વિદ્યાનંદજી. ત્યાં એક બીજો શ્રીમદ્ રાજચંદ્રનો માણસ આવ્યો હતો. વિદ્યાનંદજીને કહે, શ્રીમદ્ સમકિતી હતા? ત્યારે વિદ્યાનંદજી કહે, આપણને પરદ્રવ્યની શી ખબર પડે? અરે! ત્યાં સુધી કહ્યું કે કુંદકુંદાચાર્યને સમકિત હતું એ આપણે કેમ નક્કી કરી શકીએ? એ પરદ્રવ્ય છે. આ ચેતનજીને કહ્યું. સાધુ હતાને ત્યાં ગયા હતા. મંદસોરમાં હતાને. બે માઈલ દૂર ઉતર્યા હતા. સ્વામીજીકો પૂછો. અરે ભગવાન! ............ એણે એમ કહ્યું હતું ચેતનજીને. નહીં ચેતનજી?

જુઓ! અહીં (પ્રવચનસારમાં) અમૃતચંદ્રાચાર્ય કહે છે કે **સંસારસમુદ્રનો કિનારો જેમને નિકટ છે એવા કોઈ, સાતિશય વિવેકજ્યોતિ જેમને પ્રગટ થઈ છે...** સાતિશય વિવેકજ્યોતિ (અર્થાત્) રાગથી ભિન્ન જેને વિવેક અંતરમાં પ્રગટ થયો અનુભવ. **(પરમ ભેદવિજ્ઞાનનો પ્રકાશ**

**જેમને ઉપશમ થયો છે) અને સમસ્ત એકાન્તવાદરૂપ અવિદ્યાનો અભિનિવેશ જેમને અસ્ત થયો છે**... અમૃતચંદ્રાચાર્ય મુનિ પોતે કુંદકુંદાચાર્ય મુનિની વાત કરે છે. **એવા પારમેશ્વરી (પરમેશ્વર જિનભગવાનની) અનેકાન્તવિદ્યાને પામીને, સમસ્ત પક્ષનો પરિગ્રહ છોડ્યો હોવાથી અત્યંત મધ્યસ્થ થઈને, સર્વ પુરુષાર્થમાં સારભૂત હોવાથી આત્માને અત્યંત હિતતમ છે એવી, ભગવંત પંચપરમેષ્ઠીના પ્રસાદથી ઊપજવાયોગ્ય**... નિમિત્તથી (કથન) છેને. ભગવાન સર્વજ્ઞ જ એમાં નિમિત્ત હોય છે, આત્માના સમ્યગ્દર્શન, જ્ઞાન ને મોક્ષમાં.

એ **પ્રસાદથી ઊપજવાયોગ્ય પરમાર્થસત્ય અક્ષય, અવિનાશી મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરતા થકા, પ્રવર્તમાન તીર્થના નાયક (શ્રી મહાવીરસ્વામી)પૂર્વક ભગવંત પંચપરમેષ્ઠીને પ્રણમન અને વંદનથી નમસ્કાર વડે સંભાવીને (સન્માવીને) સર્વ આરંભથી (ઉદ્યમથી) મોક્ષમાર્ગનો આશ્રય કરતા થકા, પ્રતિજ્ઞા કરે છે.** અમૃતચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્ય માટે આમ કહે છે. તેઓ તો હજારો વર્ષ પહેલા થઈ ગયા. કેમ જાણવામાં આવ્યું? પરદ્રવ્ય છેને. આહાહા! સંસાર કિનારો જેને નિકટ થઈ ગયો છે. આહાહા! જુઓ! મુનિ કહે છે કે આવા હતા એ. જોયા તો નહોતા એમણે? પણ એના શાસ્ત્ર જોયાને. જોયું, ભણકાર વાગ્યો એમને અંદરમાં, ઓહોહો! આમને તો મુક્તિ નજીકમાં છે. નિઃસંદેહ, નિઃશંક એમ છે. એમ પરદ્રવ્યનું પણ સમ્યગ્જ્ઞાનમાં જાણી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે આ સ્વદ્રવ્ય. કોણ સ્વદ્રવ્ય? અંતઃતત્ત્વ સ્વદ્રવ્ય, અંતઃભાવ સ્વદ્રવ્ય, સ્વભાવભાવ ત્રિકાળી એ સ્વદ્રવ્ય. એનો આધાર **સહજપરમપારિણામિકભાવલક્ષણ**... સ્વભાવિક પરમ પારિણામિકભાવ જેનું શુદ્ધ લક્ષણ છે એવો કારણસમયસાર **अप्पा** છે. આ છેલ્લે શબ્દ **अप्पा**નો અર્થ કર્યો. એવો ભગવાન કારણસમયસાર વસ્તુ છે, એ ઉપાદેય છે. આહા! ત્યાં નજર કરીને, તેનો આશ્રય કરીને આદરવાલાયક છે. સમજાણું કાંઈ? જરી શબ્દાર્થ ......... ..... વીતરાગમાર્ગના કથન..... અમૃતચંદ્રાચાર્ય.... આમાં બધું આવી ગયું. ઘણું આવી ગયું આમાં.

પરદ્રવ્યમાં રાગ નહીં ને રાગમાં પોતાની (નિર્મળ) પર્યાય નહીં, પર્યાય દ્રવ્યમાં નહીં. આહાહા! એવું જે પૂર્ણસ્વરૂપ પોતાનો અંતઃતત્ત્વ સ્વભાવભાવ.. સ્વભાવભાવ એને જ્યારે સ્વદ્રવ્ય કહ્યું, ત્યારે એની અપેક્ષાએ એક સમયની પર્યાયને પરદ્રવ્ય કહ્યું. આને જ્યારે સ્વભાવ કહ્યો ત્યારે એક સમયની પર્યાયને પરભાવ કહ્યો. આ જ્યારે ઉપાદેય કહ્યું ત્યારે પર્યાયને હેય કહી. એ ઉપાદેયમાં પણ અંતઃતત્ત્વ સ્વભાવનો આધાર ત્રિકાળીદ્રવ્ય જે પરમપારિણામિકસ્વરૂપ સહજ પરમાત્મા, એનો ત્રિકાળી સ્વભાવનો એ આધાર છે. આધાર-આધેયનો વિકલ્પ છોડી દઈને, ત્રિકાળી આધારરૂપ પરમાત્મા–**अप्पा** એ ધર્મીને આદરણીય છે. સમકિતીને એ ઉપાદેય છે, બાકી બધું હેય છે. (પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૪, સોમવાર, તા. ૮-૧-૧૯૭૩**
**ગાથા-૩૮, પ્રવચન નં. ૧૯૪**

શુદ્ધભાવ અધિકાર, નિયમસાર, ૩૮ ગાથા. શુદ્ધભાવનો અર્થ, ત્રિકાળી પરમાત્માસ્વરૂપ ધ્રુવ તેને અહીં શુદ્ધભાવ કહે છે. પર્યાયનો શુદ્ધભાવ એ અહીં અધિકાર નહીં. પર્યાયનો શુદ્ધભાવ એ તો બહિઃતત્ત્વમાં જાય છે. સંવર-નિર્જરા આદિ જે ભાવ છેને એ શુદ્ધપર્યાય છે. સમ્યગ્દર્શનનો અનુભવ સહિત સંવર, નિર્જરા, મોક્ષ આદિ પર્યાયો શુદ્ધ પર્યાયો છે. અંતઃતત્ત્વ એવું ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અભેદ સામાન્ય જે સમ્યગ્દર્શનનો વિષય છે એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. નિશ્ચય સમ્યગ્દર્શનનો વિષય છે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય ત્યાં આગળ વ્યવહાર સમ્યગ્દર્શન, આપ્ત સર્વજ્ઞ પરમાત્મા, પોતાના ગુરુ નિર્ગ્રંથ સંત સાચા અને શાસ્ત્ર અને નવ તત્ત્વો તેની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહે છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન હોય તો. ન હોય તો વ્યવહારાભાસ. વ્યવહારાભાસ એટલે કાંઈ નહીં, એમ. ભ્રમણા જ છે એની. એવી વાત છે. .....

વીરચંદભાઈ ...... એકનો એક છોકરો. એનું સગપણ કરવા નીકળ્યો. મારા બાપ મરી ગયા છે, મારી મા ચાંદીના વાસણો બધા મૂકી ગઈ છે એ અહીં ભેટ આપવા છે. એવી બધી મોટી મોટી વાતું... આટલા ત્રણ હજાર કે કાંઈ... કીધા ખરા, નહીં? ત્રણ હજાર, સાડા ત્રણ હજાર........ સાત-આઠ લાખ.... આ લોકો ખુશી થઈ ગયા. સમયસાર.... ભઈ, આમને એક સમયસાર આપો. ત્યાં તો નીકળ્યો ચોર. ભાવનગરમાં પકડાઈ ગયો. ............ ઘણા વર્ષ પહેલા હોં, ૯૭ની સાલ કે ૯૮ની હશે. આ બહાર પડ્યુંને સમયસાર. .... ૯૭માં કે એટલામાં હશે. ......

અહીં તો કહે છે કે જેને, અંતઃતત્ત્વ જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, એની અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા ત્રિકાળી ભગવાન પરમાત્માના આશ્રયે થઈ હોય, એને બહિઃતત્ત્વની વ્યવહારશ્રદ્ધા હોય છે. બહિઃતત્ત્વ એટલે આ કહેશે જીવાદિ સાત તત્ત્વો. બહિઃતત્ત્વની શ્રદ્ધા હોય છે અને સર્વજ્ઞ પરમાત્મા જેવા છે તેવાની એને શ્રદ્ધા હોય છે, સંત ગુરુ કેવા હોય એની એને બરાબર વ્યવહારશ્રદ્ધા હોય છે, આગમ ને નવ તત્ત્વ વિષે બરાબર (શ્રદ્ધા હોય). એને વ્યવહાર સમકિત કહેવાય, એટલે સમકિત નથી પણ રાગના વિકલ્પને, નિશ્ચય સમકિત સહિત જીવ હોય એને વ્યવહાર સમકિતનો આરોપ આપવામાં આવે છે. સમજાણું કાંઈ? વાત તો બહુ ઝીણી છે ભાઈ! વીતરાગી તત્ત્વ એવું છે. દૃષ્ટિનો વિષય એણે સાંભળ્યો નથી. (શ્રોતાઃ ....) ધૂળેય થાય એમ નથી. વ્યવહાર કહેવાય કોને? નિશ્ચય વિના વ્યવહાર જ હોય નહીં.

કહ્યું નહોતું પહેલું? સમયસારમાં પાછળ છે ગાથા. ...... નિશ્ચય અનારૂઢ, વ્યવહારમૂઢ, અનાદિરૂઢ. રાગની મંદતાનો ભાવ એ તો અનાદિથી છે. એને વ્યવહાર કેમ કહેવો? એમ કહે છે. નિગોદના જીવને પણ શુભભાવ હોય છે. ૪૧૩ (ગાથા) છેને એની ટીકા છે. થઈ ગઈ છે અહીં થોડા દિ' પહેલા. ૪૧૩ છે. **જેઓ ખરેખર 'હું શ્રમણ છું'**.... ૪૧૩, ઓલામાં છે સમયસારમાં. **'હું શ્રમણોપાસક છું'**... ટીકાકાર કહે છે. **એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે**... પંચમહાવ્રત ને નગ્નપણું આદિ દ્રવ્યલિંગ એમાં **મમકાર વડે નિત્ય અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ**... એ રાગની મંદતાનો ભાવ તો અનાદિનો છે, એ કાંઈ નવો છે નહીં. કેમકે નિગોદના અભવિ જીવને પણ શુભભાવ–કષાયની મંદતા નિરંતર ચાલે. ઘડીક શુભ, ઘડીક અશુભ, ઘડીક શુભ, ઘડીક અશુભ.

નિરંતર નિત્યનિગોદના જીવને પણ કષાયની મંદતા–શુભોપયોગ–શુભભાવ અને અશુભભાવ, ક્ષણમાં શુભ ને ક્ષણમાં અશુભ એ તો નિરંતર નિત્યનિગોદના જીવને હોય છે. કેમકે શાસ્ત્રમાં એમ લેખ છે કે શાતાવેદનીય બંધાય છે ક્ષણમાં, બીજે ક્ષણે અશાતા બંધાય. એવો પાઠ છે. તેથી ક્ષણે ક્ષણે ભવિ કે અભવિ નિત્યનિગોદના જીવને પણ કષાયની મંદતાના પરિણામ ને તીવ્રતાના પરિણામ ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. ક્ષણે.. થયા જ કરે છે. તેથી કહે છે કે અનાદિરૂઢ છે એ તો. કષાયની મંદતાનું એને ભાન નથી. સ્વરૂપનો અનુભવ હોય એને વ્યવહારનું જ્ઞાન હોય. અનાદિ અજ્ઞાની તો એકલો વ્યવહારમાં મૂઢ છે.

શ્રોતા : વ્યવહારનુંય જ્ઞાન નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારનુંય નથી. છેને. નિશ્ચયનું ભાન વિના વ્યવહારનું જ્ઞાન કરે કોણ? વ્યવહાર તો આંધળો છે.

શ્રોતા : પહેલો વ્યવહાર આવે છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોઈ દિ' આવતો નથી વ્યવહાર. એ તો બીજી રીતે કહે છે. એ તો છઠ્ઠા ગુણસ્થાનની વાત જ્યારે ચાલતી હોય ત્યારે વિકલ્પ છે પહેલો અને એ વખતે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે, એને વ્યવહાર કહ્યો એટલું અને પછી છોડીને સાતમું થાય એને નિશ્ચય કહ્યો, એટલી વાત છે ત્યાં. અજ્ઞાનીને ...... હોય છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે... આહાહા! એક-એક ગાથાએ વિશેષ વાત કરે છે! અનાદિરૂઢ છે. ભગવાન! તારા રાગની મંદતાના પંચમહાવ્રતના પરિણામ એ શુભ છે, એ તો અનાદિના ચાલતા આવે છે. શુભ ને અશુભ, શુભ ને અશુભ એ તો અનાદિરૂઢ છે. અનાદિકાળથી ચાલ્યા આવે છે. જુઓને! વ્યવહારમાં મૂઢ છો. રાગની મંદતાને તું માને છો તો વ્યવહારમૂઢ છો તું. નિશ્ચય સમ્યગ્દર્શન તો છે નહીં. અનુભવ આનંદમૂર્તિ પરમાત્મા પોતે એનું અંતર ભાન તો છે નહીં. વ્યવહારમાં મૂઢ છે. પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ છો. રાગની મંદતાથી ભિન્ન

ભગવાન આત્માના પ્રૌઢ વિવેક એવા નિશ્ચયથી તો .... છે વ્યવહારનય. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ મોટી ચર્ચા એક ફેરી વ્યાખ્યાનમાં ચાલી હતી. છપાઈ ગઈ છે. ..... આ તો આવતા આવી જાય. ............... એ શાસ્ત્રમાં લખેલું છે. વ્યવહારનું સમકિત.... એ વ્યવહારમૂઢ કહેવાય. ઝીણી વાત છે ભાઈ! અહીંયા ૩૮મી ગાથામાં કહે છે જુઓ! હવે.

**जीवादिबहित्तच्चं हेयमुवादेयमप्पणो अप्पा ।**
**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो ॥ ३८॥**

નીચે એનું હરિગીત.

**છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,**
**-જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.**

**ટીકા : આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.** શુદ્ધભાવ ત્રિકાળી ભગવાન આત્મા એ ઉપાદેય છે. બાકી જીવાદિ નવ તત્ત્વ... જીવ આદિ એટલે? બહિઃતત્ત્વ એટલે જીવની જે પર્યાય છે એને અહીં જીવ કહીને વ્યવહાર તત્ત્વમાં નાખ્યું. શું કહ્યું એ? જીવાદિ સાત તત્ત્વ પર્યાયવાળો. એ જ પહેલી આકુળતા છે....... આ શરીર છે એની વાત નથી. જીવની એક સમયની પર્યાય, ચાહે તો જ્ઞાનના ક્ષયોપશમની હો, રાગની હો, વ્રત આદિની હો—એ એક સમયની પર્યાયને વ્યવહારજીવ કહ્યો છે. આ બહિર્તત્ત્વમાં એને નાખ્યું. સમજાણું કાંઈ? .... એ તો પરદ્રવ્ય છે. એટલે શું કહ્યું? કે જીવાદિ પર્યાય એટલે એક સમયની જીવની પર્યાય એ જીવ, અજીવ–કર્મ આદિની પર્યાય, પુણ્ય ને પાપના ભાવ—એ બે આસ્રવ, અટકેલો ભાવ એ બંધ અને સંવર, નિર્જરા ને મોક્ષ. સંવર, નિર્જરા ને મોક્ષ એ પણ બહિઃતત્ત્વ છે. કેમકે પ્રગટેલી પર્યાય છે. આહાહા! એવી વાત છે બાપા!

આત્માની એક સમયની પર્યાય, પછી જીવની એક સમયની પર્યાય કે આસ્રવની એક સમયની પર્યાય કે બંધ—એક સમય અટક્યોને એટલો, ભાવબંધની પર્યાય કે સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય... સંવર-નિર્જરા-મોક્ષની પર્યાય.—એ બધા પ્રગટરૂપ બાહ્ય તત્ત્વ છે. અંતઃતત્ત્વ જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ એ નહીં. આવી વાતું ભારે ભાઈ! જીવના બે ભેદ પાડ્યા છે. એક બાહ્યતત્ત્વ જીવ ને એક અંતઃતત્ત્વ જીવ. સમજાય છે કાંઈ?

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ...** એક સમયની પર્યાય એનો સમૂહ તે પરદ્રવ્ય છે. એ કાલ આવી ગયું હતું. આમાં બીજી લીટી છે. ...... આ અધિકારની જ ગાથા છે. ૫૦માં આવ્યું હતું. વીતરાગમાર્ગ, ભાઈ! સર્વજ્ઞ પરમાત્માનો .... છે. કહે છે કે હેય કોણ ને ઉપાદેય કોણ? આમાં એમ કહ્યું છે. પાઠ છે ખરોને જુઓને! **जीवादिबहित्तच्चं हेयम्...** આત્મા આત્માને ઉપાદેય. ગાથાર્થ છે એમાં. ઝીણું છે મુલચંદભાઈ! આહાહા! જીવાદિ સાત તત્ત્વો બહિર્... પાંચમી ગાથામાં એ આવ્યું છે. જોવું છે વધારે? વધારે સ્પષ્ટીકરણ થાય. પાંચમી ગાથા છેને. પાંચમી

ગાથા. **अत्तागमतच्चाणं सद्दहणाजो हवेइ सम्मत्तं...** .... હોય એને આ વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. છે?

**આપ્ત એટલે શંકારહિત. શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).** એ રહિત તે પરમાત્મા. શંકાનો અર્થ જ આ. મિથ્યાત્વ ને રાગદ્વેષાદિ દોષોને શંકા કહીએ. **આગમ એટલે,** એમ કહે છે, **આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી** વાણી. છે? **આગમ એટલે આપ્તના મુખારવિંદમાંથી નીકળેલી સમસ્ત વસ્તુવિસ્તારનું સ્થાપન કરવામાં સમર્થ એવી ચતુર વચનરચના.** હજી આ બાહ્યની વાત ચાલે છે. હજી અહીં બાહ્યનો પ્રકાર લીધો છે. **તત્ત્વો બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વ...** એ પણ વ્યવહાર સમકિત. બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વરૂપ પરમાત્મા એ બેના ભેદવાળી શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિત છે. અહીં શુદ્ધના ઉપયોગની શ્રદ્ધા તે નિશ્ચય શ્રદ્ધા કહી. સમજાણું કાંઈ?

**બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ...** અહીં પાંચમી ગાથા. એને વ્યવહાર સમકિત કહ્યું. ભેદ છેને. બહિઃતત્ત્વ ને અંતઃતત્ત્વ પરમાત્મતત્ત્વના ભેદવાળું છે. **અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારનાં છે.** એને અહીંયા વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. એ વિકલ્પ છે, એ શુભરાગ છે. સાત તત્ત્વની શ્રદ્ધામાં ભેદવાળો છે માટે વિકલ્પ છે. અંતઃતત્ત્વ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાયક અને બહિઃતત્ત્વ પર્યાય—બેની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિત છે. ભેદ બે આવ્યાને. અને આપ્ત. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ સ્વરૂપ એક સમયમાં સંસારથી મુક્ત, એવી સર્વજ્ઞની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિતમાં જાય છે. શુભ વિકલ્પ છે. કોને? કે જેને નિશ્ચય સમ્યગ્દર્શન હોય એને. સમજાણું કાંઈ? એ અહીં કહે છે જુઓ!

**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય** છે. આહા! એની એકલી શ્રદ્ધા એ વ્યવહાર શ્રદ્ધા છે. એકલી એટલે નિશ્ચય (સહિત નહીં). વ્યવહાર સમકિત છે એ હેય છે એમ કહે છે. હેયમાંથી ઉપાદેય થાય? ........ હેયને આશ્રયે ઉપાદેય થાય? એવી ચીજ છે. આહાહા! અહીંયા તો જીવાદિ સાત તત્વોનો સમૂહ એને પરદ્રવ્ય (કહ્યા). સંવર, નિર્જરા, મોક્ષને પરદ્રવ્ય (કહ્યા). આહાહા! કેમ એક અંતઃતત્ત્વ ભગવાન પૂર્ણાનંદ એક સમયની અવસ્થા સિવાયનું આખું ...... એ જ અંતઃતત્ત્વ છે અને એ જ ધર્મીને ઉપાદેય છે. સમ્યગ્દૃષ્ટિને ઉપાદેય એ એક જ તત્ત્વ છે. આહાહા! બીજા સાત તત્ત્વો જાણવાલાયક છે. વ્યવહારથી શ્રદ્ધે તો વ્યવહાર સમકિત કહેવાય, બાકી છે હેય. આ વ્યવહાર હેય છે. આહા! સમજાણું કાંઈ? બહુ આકરું ભાઈ!

**પરદ્રવ્ય હોવાને લીધે ખરેખર ઉપાદેય નથી.** નિશ્ચયથી તે સાત તત્ત્વો—બહિઃતત્ત્વો.. સંવર-નિર્જરા ને મોક્ષ પણ ઉપાદેય નથી. છે કે નહીં એમાં? ..... 'હી' કહ્યુંને. 'ખરેખર' કીધુંને. 'હી'નો અર્થ એ છે. **परद्रव्यत्वान् न ही उपादेयम्...** સંસ્કૃત છે. 'હી'નો અર્થ જ 'ખરેખર' કર્યો.

નિશ્ચયથી. પાઠ જ છેને એ. **जीवादिसप्ततत्त्वजातं परद्रव्यत्वान्न ह्युपादेयम्**... આહાહા! સમજાણું કાંઈ? અહીં તો કહે, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ પાછા નિશ્ચય. ત્યાં મોક્ષશાસ્ત્ર (પ્રકાશક)માં તો એમ કહ્યું છે, 'તત્ત્વાર્થશ્રદ્ધાનં સમ્યગ્દર્શનં.' નિશ્ચય કીધું છે ત્યાં. સમજાણું કાંઈ? આ તો આત્માને જ અંતર નિર્વિકલ્પ શ્રદ્ધામાં, 'બીજા તત્ત્વો એમાં નથી' એવું જ્ઞાન થઈને શ્રદ્ધા થાય છે એમ ગણીને નવ તત્ત્વની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું છે. એ જ્ઞાનપ્રધાન કથન છે. આ દૃષ્ટિપ્રધાન કથન છે. આહાહા! એ શું કહ્યું? ......

અહીં એકલા આત્માની શ્રદ્ધાને સમ્યગ્દર્શન કહ્યું. એનો અર્થ ત્યાં જ્ઞાનપ્રધાનમાં, નવ (તત્ત્વ)માં આત્મા જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચૈતન્યપ્રભુનો ભાન, અનુભવ થયો, એમાં સાતનો અભાવ છે એવું એનું જ્ઞાન થઈ જાય છે. એવી જ્ઞાન સહિતની જે શ્રદ્ધા એને અહીંયા નિશ્ચય સમકિત કહે છે. ભારે વાતું ભાઈ! અને મોક્ષમાર્ગ (પ્રકાશક)માં તો સંવરને ઉપાદેય કહ્યો છે, નિર્જરાને હિતકર કહી છે, મોક્ષને પરમ હિતકર કહ્યું છે. મોક્ષમાર્ગ (પ્રકાશકમાં કહ્યું) છેને પંડિત ટોડરમલે. કઈ અપેક્ષાએ? કે અંદર ઉપાદેયપણે... એટલે? ઉપાદેય વસ્તુ તો આ છે, પણ પ્રગટ કરવાલાયક ચીજ આ છે—સંવર, નિર્જરા ને મોક્ષ. એ માટે એને ઉપાદેય, હિતકર ને પરમ હિતકર એમ ત્રણ બોલ લીધા. સમજાણું કાંઈ? ...... આહાહા! બેયમાં ફેર આખો, પહેલી સમજણમાં ફેર આખો. વ્યવહાર શ્રદ્ધામાં આખો ફેર, નિશ્ચય વિનાની હોં.

અહીં કહે છે, જીવાદિ સાત તત્ત્વો એ પર્યાયરૂપ છે, પ્રગટરૂપ છે, માટે બહિઃતત્ત્વ છે. એ પરદ્રવ્ય છે. પાઠમાં 'બહિઃતત્ત્વ' છેને. જીવાદિ બહિઃતત્ત્વ, એમ શબ્દ છે પાઠમાં. **हेयम्**, હેય છે. હેય છે એમ ન કહેતા ઉપાદેય નથી એમ કહ્યું છે. પાઠમાં એમ છે કે **हेयम्**, ટીકાકારે એમ કહ્યું, હેય કહેતાં એ ઉપાદેય-ગ્રહણ કરવાલાયક નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? ખરેખર ઉપાદેય નથી એવો અર્થ કર્યો હેયનો. એટલે શું? પાઠમાં આમ છે ને એવો અર્થ કેમ કર્યો? ઉપાદેય નથી એટલે એનું લક્ષ કરવા જેવું નથી, આશ્રય કરવા જેવો નથી. એથી એ હેય છે એનો અર્થ કે એના ઉપર નજર કરીને આદરણીય નથી. એથી 'હેય' શબ્દ હોવા છતાં, 'ખરેખર ઉપાદેય નથી' એમ ટીકાકારે એનો અર્થ કાઢ્યો. સમજાણું કાંઈ? આહાહા! મુલચંદભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. આ કાંઈ વાર્તા નથી કે એક-બે લીટીમાં પૂરું થઈ જાય. આમાં તો મર્મ છે.

પહેલો શબ્દ મૂક્યો ટીકામાં. **આ હેય ને ઉપાદેય તત્ત્વના (સ્વરૂપનું કથન છે)**. હેય છે, ઉપાદેય નથી. એ હેય છે એ આદરણીય નથી. આદરણીય નથી એમ કરીને હેય કહ્યું, એમ. આહાહા! સમજાણું કાંઈ? **જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય હોવાને**... કારણ આપ્યું પાછું. હેય કેમ છે? હેય કેમ છે અથવા ઉપાદેય કેમ નથી? પરદ્રવ્ય છે, પ્રગટરૂપ દશા છે. પ્રગટરૂપદશા છે એ તો પર્યાયબુદ્ધિમાં જાણવા જેવું છે. આહાહા! બાહ્યતત્ત્વ ..... બાહ્ય સાત તત્ત્વનો સમૂહ તે પરદ્રવ્ય છે એમ કીધું. કેમ એમ કહ્યું? કે **उवादेयम् अप्पणो अप्पा**.. એમ

શબ્દ પડ્યો છેને બીજા પદમાં. **उवादेयमप्पणो अप्पा** એ દ્રવ્ય લીધું, પછી દ્રવ્ય સામે પરદ્રવ્ય લીધું. ટીકાકારે સ્પષ્ટ કર્યું છે, રહસ્યને ખોલ્યું છે. ટીકાકારે આમ કાઢ્યું. સમજાણું કાંઈ? આહા!

શ્રોતા : પરને તો પરદ્રવ્ય કહ્યું. સંવર-નિર્જરા-મોક્ષને પણ પરદ્રવ્ય કહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : એક સમયની પર્યાય છેને. પર્યાયમાંથી પર્યાય આવે છે? એમ ...... પર્યાયમાંથી પર્યાય આવતી નથી, માટે તેને સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય (કહ્યું). જેમ પરદ્રવ્યમાંથી પર્યાય આવતી નથી, એમ પર્યાયમાંથી પર્યાય આવતી નથી. અહીં સ્વદ્રવ્યની અપેક્ષાએ એને પરમાં નાખીને પરદ્રવ્ય કીધું. આહાહા! આવી વાત છે. સમજાણું કાંઈ?

એ આગમની વાત તત્ત્વની, .... આપ્તની, અઢારદોષ રહિત ભગવાન એની શ્રદ્ધા પણ વ્યવહાર છે. એ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય ચોખ્ખા છે. એ અજીવ છે. પોતાના જીવની અપેક્ષાએ બીજા જીવો તે અજીવ છે, જીવ નથી. આહાહા! .... કેમ કહ્યું અને એને પરદ્રવ્ય કેમ કહ્યું? કેમકે ત્યાં પાછળથી આત્મા આવે છેને. આત્મા એ સ્વદ્રવ્ય છે, એ ઉપાદેય છે. એટલે આને બહિઃતત્ત્વને પરદ્રવ્ય કહીને હેય કહ્યો એટલે ઉપાદેય છે નહીં. એ શૈલી છે વસ્તુની સ્થિતિની. ચેતનજી! આગળ આવ્યું હતું. પહેલું હેય લીધું, પછી પરભાવ લીધો, પછી પરદ્રવ્ય લીધું. ખરેખર ઉપાદેય નથી. આમાં અધિકારો ઘણા છે. એક તો પાંચમી લીધી, એક ૧૯૯માં છે, ૧૨૪માં છે, બીજા ઘણી ટીકામાં છે. પરદ્રવ્ય..... અહીં તો ઘણીવાર વંચાઈ ગયું છેને. આધાર પણ અપાઈ ગયા છે.

હવે કહે છે, સ્વદ્રવ્ય, સમકિતીને સ્વદ્રવ્ય ઉપાદેય છે. મુનિ પોતે છે ને મુનિથી વાત કરે છે. કેવા છે મુનિ? કોને સ્વદ્રવ્ય ઉપાદેય હોય? સમકિતીને. આ મુનિ છે તો મુનિને આ ઉપાદેય હોય છે. **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો જે શિખામણિ છે...** મુનિ તો વૈરાગ્યમાં આખી દુનિયાથી ઉદાસ છે. આખી દુનિયાથી (ઉદાસ). અંતર અનુભવની દૃષ્ટિ છે અને ચારિત્રની રમણતા વીતરાગતા છે માટે..... આવ્યું છે આપણે. રક્ત બાંધે કર્મને, વિરક્ત.... વિરક્તનો અર્થ વૈરાગી કર્યો છે ત્યાં. પુણ્ય ને પાપ અને સારી દુનિયાથી ઉદાસ થઈને... સમજાણું કાંઈ? તેથી સહજ વૈરાગ્યરૂપી મહેલ, એમ કીધું છે. સહજ કેમ લીધું છે? અજ્ઞાનીને વૈરાગ્ય હોય તો કૃત્રિમ વૈરાગ્ય હોય છે. બહાર સ્ત્રી, કુટુંબ, શરીરથી વૈરાગ્ય.. ઉદાસ.. ઉદાસ. આવે છેને, શ્રીમદ્‌માં નથી આવતું? 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો.' આવે છે?

યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દઢ આસન પદ્મ લગાય દિયો. ૧.
મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુ તાર ભયો;
જપ ભેદ જપૈ તપ ત્યોંહિ તપૈ, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં. ૨.

અંતર સમ્યગ્દર્શનના અનુભવ વિના આવું તો અનંતવાર કર્યું છે કહે છે. અને સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે આ ઉદાસીન વ્યવહારે બરાબર હોય છે. સમજાણું કાંઈ? 'યમ નિયમ સંયમ..' યમ–પંચમહાવ્રત, નિયમ–અભિગ્રહ, અનંતવાર ધારણ કર્યા છે. 'યમ નિયમ સંયમ..' સંયમ લીધા અનંતવાર. ઇન્દ્રિયોના દમન બહારથી. એ ક્યાં તપ હતું? 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.' યોગ..... બાર-બાર મહિનાના. જેને અન્યમતમાં કાષ્ઠમૌન કહે છે. લાકડું બોલે તો એ બોલે. એવું અનંતવાર કર્યું છે, કહે છે. 'વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો.'

'જપ ભેદ જપૈ..' ભગવાન... ભગવાન.. ભગવાન.. ભગવાન.. અરિહંત.. અરિહંત.. અરિહંત.. એવા તો અનંતવાર કર્યા છે. 'જપ ભેદ જપૈ તપ ત્યોંહિ તપે..' તપસ્યા પણ અનંતવાર કરી છે. છ-છ મહિનાના અપવાસ આદિ. 'જપ ભેદ જપૈ તપ ત્યોંહિ તપૈ, ઉરસેંહિ ઉદાસી લહી સબપેં.' એ ઉદાસીન આ નહીં. 'વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો; અબ ક્યોં ન બિચારત હૈ મનસે, કછુ ઔર રહા ઉન સાધનસે.' એ સાધન-ફાધન નહીં. 'બિન સદ્ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગળ હૈ કહ બાત કહે.' શ્રીમદ્ પોતે કહે છે ગૃહસ્થાશ્રમમાં. સમજાણું કાંઈ? પ્રકાશદાસજી! એવી ઉદાસીનતા.. આ ઉદાસીન 'સહજ' શબ્દ છે. અંતરના સ્વભાવમાં આનંદનો અનુભવ છે એથી એને વિકલ્પમાં દુઃખ લાગે છે, તેથી પણ જેને વૈરાગ્ય છે અંદરમાં. આહાહા!

સહજ વૈરાગ્યરૂપી મહેલ એના શિખરનો શિખામણી. એક તો એનું શિખર, એનો વળી ટોપ. ટોચ ઉપરનું રતન, ચૂડામણિ, કલગીનું રતન. કલગી નથી કરતા રાજા...? **પરદ્રવ્યથી જે પરાઙ્મુખ છે...** આહાહા! સમજાણું કાંઈ? આ પરદ્રવ્ય કીધાને સાત બહિઃતત્ત્વ. એનાથી મુનિ પરાઙ્મુખ છે. સમજાણું કાંઈ? **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** જેને ખંડખંડ ભાવેન્દ્રિય ને આ જડ-ઇન્દ્રિય દેહનો નિષેધ થઈ ગયો છે અંદરથી. અણીન્દ્રિયનો અનુભવ થઈ ગયો છે. ૩૧ ગાથામાં આવે છેને. **जो इंदिये जिणित्ता...** .... ભાવેન્દ્રિય ખંડખંડ એક-એક વિષયનું જાણવું, એનું નિમિત્ત જડ-ઇન્દ્રિય અને એનો વિષય ભગવાનની વાણી કે કુટુંબ, સ્ત્રી, ધંધો—એ બધા ઇન્દ્રિયના વિષયો તે ઇન્દ્રિય છે. એ ત્રણેયને જીત્યા છે જેણે, એટલે તેનો આશ્રય ને લક્ષ છોડ્યું છે જેણે. એવો ઇન્દ્રિયનો ફેલાવ રહિત છે. ભાવેન્દ્રિયનો વિસ્તાર જ જ્યાં નથી–અટકી ગયો છે.

**ઇન્દ્રિયોના વિસ્તાર રહિત દેહમાત્ર...** એક દેહ રહી ગયો છે. મુનિની વાત કરે છેને. જેણે આત્મામાં જોડાણ (કર્યું), આનંદમૂર્તિમાં ઘણો જ યોગ જોડી દીધો છે. **જિનયોગીશ્વર...** પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે ભગવાન એમાં જેણે વર્તમાન પર્યાયનો જોગ જોડી દીધો છે. રાગની સાથે તોડી નાખીને સ્વભાવ સાથે જોડી દીધો છે. આહાહા! એવા **સ્વદ્રવ્યમાં જેની**

**તીક્ષ્ણ બુદ્ધિ છે...** સ્વદ્રવ્ય એવું અંતરતત્ત્વ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એમાં જેની તીક્ષ્ણબુદ્ધિ છે. અહીંથી પરાઙ્મુખ છે, ઇન્દ્રિયોથી અભાવ છે, અણીન્દ્રિયમાં જઈને.., જેને અન્યને સમજાવતા આવડે કે ન આવડે એની સાથે સંબંધ નથી. એને અંદર ભગવાનનો પકડવાની તીક્ષ્ણ બુદ્ધિ છે. સમજાણું કાંઈ?

**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે**... અખંડ અભેદ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ શુદ્ધભાવ, આ જે કીધોને શુદ્ધભાવ. જે અધિકાર ચાલે છે એ. શુદ્ધભાવમાં, એટલે સ્વદ્રવ્ય કહો કે શુદ્ધભાવ કહો, એમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે. એને પકડવાની બુદ્ધિ ઘણી સૂક્ષ્મ તીખી થઈ ગઈ છે. પૂર્ણાનંદનો નાથ એને પકડવાને, અનુભવ કરવાને જેની બુદ્ધિ તીક્ષ્ણ છે. કહો, સમજાણું કાંઈ? **એવા આત્માને...** આવો આત્મા. સમ્યગ્દૃષ્ટિ, મુનિ બધાની વાત છે. પછી મુનિ છે એથી મુનિપણાથી વાત કરી છે. આહાહા! સમજાણું કાંઈ? **એવા આત્મા**... આવો આત્મા. એના ભાનેય કર્યા નહીં. ........ જેના ઘરમાં છે એને ખબર નથી. ત્યાં (-બીજે) તો છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! **પરદ્રવ્યથી પરાઙ્મુખ**... એ પર્યાયથી પરાઙ્મુખ, સ્વદ્રવ્યથી સન્મુખ. સ્વદ્રવ્યમાં ઘણી તીક્ષ્ણબુદ્ધિ, એમ. સમજાય છે કાંઈ?

**એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.** એવા આત્માને... એ આત્મા જે ત્રિકાળી જ્ઞાયકપ્રભુ ભગવાન એ પર્યાયથી પરાઙ્મુખ છે, પરદ્રવ્યથી પરાઙ્મુખ છે, સ્વદ્રવ્યથી સન્મુખ થઈને, એ સ્વદ્રવ્ય આત્મા આ આત્માને ઉપાદેય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને આવો આત્મા ઉપાદેય છે. આહાહા! એ તો કહ્યું. પાઠમાં છેને. **उवादेयमप्पणो अप्पा**.. એમ શબ્દ છે. બીજું પદ. **अप्पणो अप्पा.. अप्पणो अप्पा** એટલે એમ કે નિજ અપ્પા. બીજા ભગવાનનો આત્મા નહીં. **हेयम् उवादेयमप्पणो अप्पा**.. સમ્યગ્દૃષ્ટિને સ્વદ્રવ્ય એવું જે **अप्पणो अप्पा**.. એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો સંવરને ઉપાદેય કહ્યો છે. એ પ્રગટ કરવાની અપેક્ષાએ એમ કહ્યું છે. થાય છેને ઉત્પાદ પર્યાય. બંધની પર્યાયનો વ્યય થાય છે, પુણ્યાદિની પર્યાયનો વ્યય થાય છે અને આ ઉત્પાદ થાય છે. પ્રગટ (કરવાની) અપેક્ષાએ એમ કહ્યું છે. અહીં ત્રિકાળીની અપેક્ષાએ (હેય) કહ્યું. સમજાણું કાંઈ? એ સ્વાધ્યાય કરતા નથી અને સ્વાધ્યાય કરે તો પોતાની દૃષ્ટિએ કરે એટલે એને હાથ આવતું નથી. આહા! એવી વાત છે. પોતાના હિતને માટે, મારું હિત ક્યાં છે, કેમ થાય છે—એમ શોધીને જો વાંચે તો કાંઈ એને હાથ આવે એવું છે. સમજાણું કાંઈ? એટલો અર્થ કર્યો. હવે ત્રીજું પદ.

**कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं**... એ ત્રીજાની વ્યાખ્યા કરે છે હવે. ત્રીજું પદ છેને. બે પદની વ્યાખ્યા થઈ ગઈ. **कम्मोपाधिसमुब्भवगुणपज्जाएहिं वदिरित्तो**... એનાથી વ્યતિરિક્ત-જુદો છે. ગજબ ટીકા છે, એકલા અમૃત રેડ્યા છે! હવે કહે છે, ઉદયભાવ... વિકલ્પ જે છે રાગાદિનો,

પંચમહાવ્રતાદિ દયા, દાન એ ઉદયભાવ છે. **ઔદયિક આદિ ચાર** ભાવ... ઉપશમભાવ ઔપશમિક સમકિત, ચારિત્ર આદિ, ક્ષાયિકભાવ નવ લબ્ધિ, ક્ષાયોપશમભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિનો ક્ષયોપશમ—એવા જે ચાર ભાવ... જે સ્વભાવ છે એનાથી **ભાવાંતરો**–અનેરા છે આ ચાર. છે નીચે.

અન્ય ભાવ.. **ભાવાંતરો – અન્ય ભાવો. [ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક—એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી અન્ય હોવાને લીધે...** ભાવાંતર શબ્દ કહ્યો છેને. **તેમને ભાવાંતરો કહ્યા છે.** પોતાનો **પરમપારિણામિકભાવ** ધ્રુવ સ્વદ્રવ્યભાવ એ સિવાયના ચાર ભાવોને ભાવાંતર–અનેરા ભાવ કહ્યા છે. આહાહા! ક્ષાયિકભાવને અનેરો ભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? ભાવાંતર.. ભાવાંતર.. ...ભાવ છે એનાથી અનેરા ભાવ. ભગવાન પરમપારિણામિકભાવ નિત્ય ધ્રુવ સ્વભાવભાવ એ પોતાનો ભાવ. એનાથી આ ચાર ભાવ એ અનેરા ભાવ છે. અનેરા ભાવને આ ભાવ ગમ્ય નથી. એટલે શું? અનેરા ભાવને આશ્રયે આ ભાવ ગમ્ય નથી.

**ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...** ભગવાન પરમપારિણામિકસ્વભાવ જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય સહજાત્મસ્વરૂપ એ સ્વભાવ, આ ચાર પર્યાયના પરભાવ. એનાથી (આત્મા) અગોચર છે. એટલે? એનાથી ગમ્ય નથી એમ નહીં, ગમ્ય તો છે. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકથી તો ગમ્ય છે, પણ એને આશ્રયે ગમ્ય નથી, એમ એનો અર્થ છે. નીચે છેને. પરમપારિણામકભાવ **જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા આ ચાર ભાવાંતરોને અગોચર છે.** અગોચરનો અર્થ આ. ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવને ગમ્ય છે. એને ન ગમ્ય હોય તો કોને ગમ્ય હોય? પારિણામિકભાવ પારિણામિકભાવને ગમ્ય છે? તો કેવળીગમ્ય રહેતો નથી. સમજાણું કાંઈ?

છેને આગળ. ચાર ભાવને અગમ્ય... અગમ્યનો અર્થ આ. ખરેખર તો સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. ત્યારે ગમ્ય થાય છે. સમ્યગ્દર્શન તો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકભાવ છે. અહીં તો કહે છે કે અગોચર–અગમ્ય છે. એનો અર્થ કે ચાર પર્યાયને આશ્રયે આ ગમ્ય નથી. એ પારિણમિકભાવને આશ્રયે ગમ્ય થઈ શકે છે. એ વું ઝીણું છે ભાઈ! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. ગમ્યનો અર્થ—આ વસ્તુ છે એમ પકડાઈ ગઈ છે. વેદનમાં ખ્યાલમાં છે કે આ વસ્તુ પરમપારિણામિક છે. સમજાણું કાંઈ? છઠ્ઠી ગાથામાં કહ્યુંને, પરદ્રવ્યનું લક્ષ છોડી જેણે સ્વદ્રવ્યની સેવા–ઉપાસના કરી છે.. સ્વદ્રવ્યની ઉપાસના કરી છે એવા જીવને એ દ્રવ્ય શુદ્ધ છે. કેમકે જેને વેદનમાં ગમ્ય આવી ગયું એને એ શુદ્ધ છે. જેને ખબર નથી અને દ્રવ્ય શુદ્ધ છે.. દ્રવ્ય શુદ્ધ છે, ક્યાંથી લાવ્યો તું? એ રીતે .... છે. એ ચેતનજી! એ બંધનું કારણ છે. ઊંચી જાતનું હોય તો પુણ્ય બંધાય. એય ચેતનજી! કાલ કહેતા, આવી સામાયિક.......

કહે છે કે **ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...** એટલે કે પર્યાયને આશ્રયે પરમપારિણામિકભાવના આનંદનો અનુભવ ન થાય, એમ. સમજાણું કાંઈ? આશ્રયની વાત છે, અગોચર શબ્દે ..... ત્રિકાળી ભગવાન જ્ઞાયકસ્વભાવ પરમાત્મા એ પોતાના નિર્મળ સ્વભાવથી ગમ્ય છે. સમજાય છે કાંઈ? અલિંગગ્રહણમાં આવ્યું છેને. પોતાના સ્વભાવથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. છઠ્ઠો બોલ છે અલિંગગ્રહણના ૨૦ બોલમાં. પોતાના સ્વભાવથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા છે. સ્વભાવ તો ક્ષયોપશમ, ક્ષાયિક એને સ્વભાવ કીધો, એનાથી જણાય છે. સમજાણું કાંઈ?

અહીં તો અગમ્ય કહ્યું છે, અગોચર કીધો છે. અર્થ મેળ ખાતો હોય એમ કરવો જોઈએને. એના મેળાએ કરે શબ્દનો અર્થ..... પછી (કહે), આ ટીકા સારી નથી. એમ કહે છે રતનચંદજી બધા. તમે સમજતા ન હો માટે ટીકા સારી નથી એમ કેમ સિદ્ધ થાય? રતનચંદ એમ કહે છે. ટીકામાં તો ક્લિષ્ટ કરી નાખ્યું છે. ટીકાકારે ક્લિષ્ટ કરી નાખ્યું છે. આહાહા! શું થાય? પોતાને ન બેસે તો (કહે), ટીકાકારે ક્લિષ્ટ કરી નાખ્યું. આહાહા! અલિંગગ્રહણમાં છે. આમાંય છે લ્યો. સમ્યગ્દર્શનથી ગમ્ય થાય. સમ્યગ્દર્શન છે એ તો ક્ષયોપશમભાવે, ઉપશમભાવ ને ક્ષાયિકભાવે છે, એનાથી તો ગમ્ય છે. અહીં તો ચાર ભાવને અગમ્ય કીધું. સમજાણું કાંઈ?

અનુભવગમ્ય છે એ ભગવાન આત્મા. શુદ્ધપર્યાયથી અનુભવગમ્ય છે કે ભગવાન આ છે, એમ આહાહા! અહીં આશ્રિત કહેતાં ગમ્ય નથી. પારિણામિકભાવ જે ત્રિકાળી ભગવાન એ સ્વભાવ કહેવાય. ભાવાંતર—ચાર ભાવ તે અનેરાભાવ કહેવાય. આહાહા! પારિણામિક-દ્રવ્યભાવ ત્રિકાળીભાવથી ક્ષાયિકભાવ અનેરો ભાવ છે. ઝીણી વાતું છે હોં તમારા ઓલા હીરા કરતાં. ધૂળમાંય ઝીણા નથી હવે. ..... જે સમજે એને, દૃષ્ટિમાં લીધો એને. આહાહા! .........

એવો **(જે કારણપરમાત્મા)**... પરમાત્મા કહો, કારણજીવ કહો, ત્રિકાળી ધ્રુવસ્વભાવ સમયસાર કહો, સામાન્યભાવ કહો, અભેદભાવ કહો, નિર્વિકલ્પ કહો, એકરૂપ કહો—બધા એકાર્થ છે. એ ભગવાન આત્મા **દ્રવ્યકર્મ, ભાવકર્મ, અને નોકર્મરૂપ ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે...** 'વ્યતિરિક્ત' છેને મૂળ પાઠમાં. 'વ્યતિરિક્ત' છેને ભગવાન કુંદકુંદાચાર્યનો શબ્દ. ભગવાન આત્મા દ્રવ્યકર્મ–જડકર્મ વિનાનો છે, ભાવકર્મ–પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો છે, નોકર્મ–વાણી, શરીરાદિ નિમિત્ત વિનાનો છે. **નોકર્મરૂપ ઉપાધિ**... શું કીધું? મહાવ્રતના પરિણામ એ ભાવકર્મ ઉપાધિ, શરીર નોકર્મ ઉપાધિ, દ્રવ્યકર્મ... એ **ઉપાધિથી જનિત વિભાવગુણપર્યાયો વિનાનો છે**. વિભાવ એટલે વિશેષ ગુણો, એ જાતના વિભાવિક એવા ગુણ-પર્યાય વિનાનો છે. કોણ? પરમપારિણામિક જ્ઞાયકભાવ સમ્યગ્દર્શનનો વિષય. આહાહા!

શ્રોતા : ક્ષાયિકભાવ .... વિનાનો નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, એને કર્મકૃત કીધો છે પંચાસ્તિકાયમાં. ચાર ભાવ કર્મકૃત કીધા છે. કર્મ નિમિત્ત છેને. કર્મના નિમિત્તની હયાતી છે. એક ઉદયમાં નિમિત્તની હયાતી છે, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકમાં નિમિત્તની અહયાતી છે. એટલી પણ અપેક્ષા આવીને એને. ચાર ભાવ નિમિત્તકૃત છે, ઉદયકૃત છે, કર્મકૃત કીધું છે. એ પંચાસ્તિકાયમાં છે.

એક બાજુ કેવળજ્ઞાનને સ્વભાવિક પર્યાય કીધી છે. અરે! એને તો શું, પણ અનાદિનો નિગોદને મતિજ્ઞાનનો ઉઘડેલો અંશ જે છે એને પણ સ્વભાવનો અંશ કીધો છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં. સમજાણું કાંઈ? કઈ અપેક્ષા છે એ જાણવી જોઈએ. એનાથી બંધ ન હોય. આ અધિકાર લીધો છે, કર્મનો અધિકાર, ત્રીજા અધિકારમાં. આહાહા! અહીં તો કહે છે... આગળ તો ત્યાં સુધી કહેશે હજી. ચાર ભાવ વિકારીભાવ છે એમ કહેશે. વિકાર એટલે વિશેષ. સમજાણું કાંઈ? એ વિનાનો ત્રિકાળી ભગવાન છે. એ વિનાનો છે. છે કેવો હવે?

**અનાદિ-અનંત...** હવે અસ્તિથી લે છે. **અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિયસ્વભાવવાળો...** ઠીક! અતીન્દ્રિય સ્વભાવવાળો... **શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ જેનો સ્વભાવ છે...** આહાહા! અતીન્દ્રિય સ્વભાવવાળો પ્રભુ શુદ્ધ-સહજ પવિત્ર અને સ્વભાવિક પરમપારિણામિક-ભાવ સહજભાવ જેનો સ્વભાવ છે. **એવો કારણપરમાત્મા...** એ સ્વભાવવાન કીધો. આ સ્વભાવ કીધો. **તે ખરેખર 'આત્મા' છે.** લ્યો. આહાહા! એને ખરેખર આત્મા કહીએ. પર્યાય-પર્યાય એ ખરેખર આત્મા નહીં. સમજાણું કાંઈ? એક લીટી બાકી છે હવે. **અતિ-આસન્ન ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય (બીજું) કાંઈ ઉપાદેય નથી.** આહા! જેને નિકટ મોક્ષ છે, અંદર સંસારનો કિનારો દેખાય છે, એવા **અતિ-આસન્ન**–(નિકટ) **ભવ્યજીવોને એવા નિજ પરમાત્મા સિવાય બીજું કાંઈ ઉપાદેય નથી**. બીજું કાંઈ આદરણીય નથી. .... બાર અંગનો સાર છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૫, મંગળવાર, તા. ૯-૧-૧૯૭૩**
**શ્લોક-૫૪, ગાથા-૩૯, પ્રવચન નં. ૧૯૫**

શુદ્ધભાવ અધિકાર, કળશ ૫૪ છે.

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः ।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ॥५४॥**

કળશ છે. આ શુદ્ધભાવ અધિકાર છેને. શુદ્ધભાવ એટલે ત્રિકાળી નિત્ય આનંદકંદ પ્રભુ કારણસમયસાર ધ્રુવ એને અહીંયા શુદ્ધભાવ કહ્યો છે. કેમકે સમ્યગ્દર્શનનો વિષય એ શુદ્ધ ધ્રુવસ્વરૂપ છે. એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, એને આશ્રયે ચારિત્ર થાય છે, એને આશ્રયે શુક્લધ્યાન ને એને આશ્રયે કેવળજ્ઞાન (થાય છે). એથી અહીંયા શુદ્ધભાવને સમજાવ્યો છે. પહેલા સમજણમાં તો લે કે આ ચીજ શું છે અંદર. એ સમજણ લઈને પછી અનુભવ કર દૃષ્ટિસહિત અને પછી સ્વરૂપમાં સ્થિરતા–સ્વનો આશ્રય ઉગ્ર કરીને ઠર, એ ચારિત્ર છે.

એ માટે કહે છે કે **શ્લોકાર્થ : સર્વ તત્ત્વોમાં જે એક સાર છે...** આસ્રવ... એમાં પુણ્ય-પાપ આવી ગયા. બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ, જીવ ને અજીવ પર્યાય........ એ બધા તત્ત્વોમાં એક સાર વસ્તુ ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ છે. સમજાણું કાંઈ? સમયસાર તે એક સાર છે. સર્વ તત્ત્વોમાં એક સાર ત્રિકાળીસ્વરૂપ સમયસાર છે. એ સિવાય બીજા તત્ત્વો સાર નથી. સંવર, નિર્જરા ને મોક્ષ પણ સાર નહીં, એમ કહે છે. આ અપેક્ષાએ અસાર છે. આ અપેક્ષાએ– સમયસાર ધ્રુવની અપેક્ષાએ. સર્વ તત્ત્વોમાં એક સાર.. એક સારતત્ત્વ તારી ચીજ છે. પર્યાય એનાથી થઈ એ તો અસાર છે. એક સમયની પર્યાયનું પલડું (સામે) ત્રિકાળીનું પલડું અનંતગુણું વધી જાય છે. પલડું શું કીધું? ત્રાજવું. ત્રાજવા હોયને બે. એક બાજુ પર્યાયનું ને એક બાજુ ત્રિકાળી. આ પલડું તોલમાં–ભારમાં વધી જાય છે અનંતગુણું. સમજાણું કાંઈ?

આ તો સર્વજ્ઞ પરમાત્માનું કહેલું એકલું માખણ છે. વ્યવહાર છે એમ કહ્યો છે, જે પર્યાયો છે એ બધા વ્યવહાર છે. બે નયનું કથન છેને. જેટલા આસ્રવ, બંધ..., ભાવબંધ હોં, દ્રવ્યબંધ નહીં. (દ્રવ્યબંધ) એ અજીવની પર્યાય છે. સંવર, નિર્જરા ને મોક્ષ—એ બધા વ્યવહારના વિષય.. વ્યવહારના વિષય છે. બે નય છે. એ વ્યવહારનય જે છે એ પર્યાયને લક્ષમાં લે છે. વ્યવહારનય હેય છે. વ્યવહારનય એ તો વિષય કરનાર છે, એનો આખો વિષય છે આ પર્યાય....... એ હેય છે. આ એક ઉપાદેય છે. સર્વ તત્ત્વમાં એક સાર ભગવાન પૂર્ણ પિંડ.

અરિસાની ઉપરની અવસ્થા હોય છેને અરિસાની ઉપરની અવસ્થા, એમાં એ બધું બીજી ચીજોનું ઝલકવું અથવા એમાં આકાર એવો થાય, પણ એ ઉપરની પર્યાયમાં થાય. એના અંતર દળમાં નથી. એ અરિસાનું દળ છે આખું ધ્રુવ, એમાં નહીં. એ જેમ ઉપરની પર્યાય, એમ આ દ્રવ્યના ધ્રુવમાં અવતરનાર સંવર, નિર્જરા આદિની પર્યાય, એમાં બધી શુદ્ધ-અશુદ્ધ આદિ પર્યાય હો કે એમાં કેવળજ્ઞાનની પર્યાયમાં લોકાલોક જણાય, પણ એ પર્યાયમાં આવ્યું, એના દળમાં નહીં. એટલે પર્યાયની દ્રવ્યની સામે, દ્રવ્યની અપેક્ષાએ કિંમત નહીં. મોક્ષમાર્ગની દ્રવ્યની અપેક્ષાએ કિંમત નહીં. મોક્ષમાર્ગમાં તત્ત્વ આવી ગયું, ...... સંવર-નિર્જરા તત્ત્વ આવી ગયું. મૂળ તો પહેલો સમયસાર લીધો. '**जयति समयसारः**' એ પહેલું કીધું. સમયસાર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, પર્યાય વિનાનો સમયસાર હોં. 'વર્તે છે' એ તો પોતે પર્યાયથી કહે છે. અનુભવમાં આવ્યું તત્ત્વ, પર્યાયથી કહે છે, આ જયવંત વર્તે છે.. આ જયવંત વર્તે છે. ...આવશે. આહા!

કહે છે કે **જે સર્વ તત્ત્વોમાં**... એ ઝીણું આગળ લેશે હોં. જરી સાંભળવું પડશે. ..... કાંઈ નથી. ભગવાન આત્મા દૃષ્ટિનો વિષય, સમ્યગ્દર્શનનો વિષય, પ્રથમ ધ્યેય, ધ્યાનનું ધ્યેય એવું જે ધ્રુવસ્વરૂપ, એ પર્યાયોના બધા તત્ત્વોમાં સાર એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ, કહે છે, એ મારું સ્વરૂપ છે એમ દૃષ્ટિ કરી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ છે એ પર્યાય છે. એમાં પણ સાર ઓલું તત્ત્વ છે એમ કહે છે. સર્વ તત્ત્વમાં સાર આ છે. સમજાણું કાંઈ?

**જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે...** આહાહા! ભાવ શબ્દે પર્યાય છે. ભાવ દ્રવ્યને પણ કહેવાય, ગુણને પણ કહેવાય, પર્યાયને પણ કહેવાય. ભાવ ત્રણેને લાગુ પડે. '**चित्स्वभावाय भावाय**' પહેલું કહ્યું. '**भावाय**' એ દ્રવ્યને લાગુ પડે. '**चित्स्वभावाय**' એ ગુણને લાગુ પડે. આ ભાવ પર્યાયને લાગુ પડે છે. સમજાણું કાંઈ? **જે સમસ્ત નાશ પામવાયોગ્ય**... અરે! કેવળજ્ઞાનની પર્યાય પણ નાશ પામવાયોગ્ય છે. અરે! જગતના બધા પદાર્થો આની અપેક્ષાએ નાશ પામવાયોગ્ય છે. રાગ નાશ પામવાયોગ્ય છે, પણ અહીં તો એક સમયની સંવર-નિર્જરાની પર્યાય નાશ પામવાયોગ્ય છે. ઉત્પન્ન થઈને વ્યય, ઉત્પન્ન-વ્યય.. ઉત્પન્ન-વ્યય થઈને..... કેવળજ્ઞાનની પર્યાય પણ ઉત્પન્ન થઈને વ્યય થવાને લાયક છે. સમજાણું કાંઈ?

**જે સમસ્ત**... સર્વ તત્ત્વોમાં સાર એક આત્મા સિવાયના જેટલા પર્યાયો, એ બધા નાશ પામવાયોગ્ય છે. ભાવો–એ નાશ પામવાયોગ્ય પર્યાય, એનાથી ભગવાન દૂર વર્તે છે. અંશમાં અંશ...... ક્યા કહા? અસંખ્ય પ્રદેશ છેને, એથી જીવાસ્તિકાય લીધું અહીં. જીવાસ્તિકાય.... કારણ કે એનું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે ન હોય. જીવાસ્તિકાય કહ્યું છે. .... કેમકે અસ્તિ છે, પણ એ અસંખ્યપ્રદેશી સમૂહ છે. અસંખ્યપ્રદેશી છે. એવું જે સત્, અસંખ્ય પ્રદેશના બે ભાગ.

એક અંશ... જેટલામાં પર્યાય ઉત્પન્ન થાય ને વ્યય થાય એવો એક અંશ–ક્ષેત્રનો એ ભાગ અને એક આખો ધ્રુવનો ભાગ. ઝીણી વાતું છે ભાઈ!

શ્રોતા : ...માંથી ક્યો...?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ ધ્રુવ એનો, પર્યાય પર્યાયનો. જેટલા ક્ષેત્રમાંથી પર્યાય ઉત્પન્ન થઈ એ પર્યાયનું ક્ષેત્ર અને આ ત્રિકાળી તે દ્રવ્યનું ક્ષેત્ર. ઝીણું ઘણું આ. બધા અગ્રેસરોએ આમ ને આમ વર્ષ ગુજાર્યા છે. શેઠિયા પૂછતા હતા કે જ્ઞાન ..... કેમ કહ્યું? .......... આહાહા! શેઠ તો એને કહીએ કે જે શ્રેષ્ઠ બધું કરે તે. આહાહા! એ શ્રેષ્ઠ બુદ્ધિ કરે, એ આને કારણે થઈ દશા. એની બુદ્ધિ એની કિંમતમાં ભલે હો, પણ ત્રિકાળીની અપેક્ષાએ એની કોઈ કિંમત નથી. એવી વાત છે. ....... **ववहारऽभूदत्थो** કીધુંને. ૧૧મી ગાથા. વ્યવહાર અભૂતાર્થ છે. એનો અર્થ કે બધા પરિણામ–પર્યાય અભૂતાર્થ છે. પરિણામમાત્ર અભૂતાર્થ છે. કેવળજ્ઞાનના પરિણામ અભૂતાર્થ છે.

શ્રોતા : ત્રિકાળી પરિણામ ન આવ્યું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ત્રિકાળીવસ્તુ એ ભૂતાર્થ, એની અપેક્ષાએ પરિણામ અભૂતાર્થ. આ તો અંતરની રમતું કરે એ તો આકરી વાતું છે. સુજાનમલજી! આહાહા! પર્યાય છે એ એક સમયનું સત્ છે. સત્ તો ત્રણેય સત્ છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એ તો સ્યાદ્વાદ થયું. પ્રવચનસાર. એ સત્‌ની અપેક્ષાએ–પર્યાયના સત્‌ની અપેક્ષાએ ધ્રુવનું સત્ જ .... છે.

શ્રોતા : ......?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બે અપેક્ષા છે. આલિંગનશક્તિ નથી માટે અપેક્ષા છે. એક હોય તો અપેક્ષા ન હોય. બે આલિંગનકર્તા હોય તો અપેક્ષા ન હોય. આ ને આ બે જુદા છે માટે એને અપેક્ષા હોય. આ વધારે સ્પષ્ટ થાય છે. સમજાણું કાંઈ? બીજી ચીજ, બે હોય તો એને અપેક્ષા કહેવાય. એકને શું? પર્યાય ને ધ્રુવ બે છે એ અપેક્ષા કહેવાય. આની અપેક્ષાએ આ શુદ્ધ છે, આની અપેક્ષાએ આ ...... છે. ....

શ્રોતા : ...... અપેક્ષાએ પરિપૂર્ણ છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિપૂર્ણ નહીં, પોતાની અપેક્ષાએ છે એટલું. છે એટલું, બસ છે એટલું. ભલે ..... પણ એ છે એટલી વાત છે. પરિપૂર્ણ નહીં. પરિપૂર્ણ.. પરિપૂર્ણ.. પર્યાય તરીકે પરિપૂર્ણ. દ્રવ્ય તરીકે પરિપૂર્ણ નહીં. આહા! એવી વાતું છે.

એક નયે પર્યાયની વસ્તુ જુદી છે, પણ અસ્તિ છેને એટલી, એ અપેક્ષાએ. ભગવાન પૂર્ણાનંદ ... જેને દૃષ્ટિમાં આવ્યો, એ એમ કહે છે કે આ સાર છે હોં. સમજાણું કાંઈ? આ તો અગમનિગમની વાતું છે ભાઈ! સર્વજ્ઞના પેટ ખોલીને સર્વજ્ઞતાને જાણી છે. આહાહા! મતિ-શ્રુતજ્ઞાનમાં આ ત્રિકાળી ધ્રુવ તે તેનો આશ્રય છે. સમજાણું કાંઈ? 'ચૈતન્ય અનુવિધાયી

પરિણામ', કહે છે, પણ એ પરિણામમાં પણ સાર આ છે. ભગવાન ત્રિકાળીતત્ત્વ તેને શુદ્ધભાવ કીધો. એ ધ્રુવતત્ત્વને શુદ્ધભાવ કીધો. ............ ધ્રુવપર્યાય છે, પણ ઉત્પાદ-વ્યય વિનાની ચીજ છે. એ આમાં ન જાય. આમાં જે સાર છેને (એમાં જાય). તત્વો બીજા છે એમાં કારણ(શુદ્ધ)પર્યાય ન જાય. એ કારણ(શુદ્ધ)પર્યાય સારમાં જાય, સમયસારમાં જાય. શું કહ્યું એ? કારણ(શુદ્ધ)પર્યાય જે ૧૫મી ગાથામાં આવ્યું હતું, એ સર્વ તત્ત્વોમાં ન આવે. એ સાર, તત્ત્વમાં જે એક સાર છે એમાં એ આવે. ...... ...... પણ છતાં ત્રણ પ્રકાર પાડવા એ અપેક્ષાથી છે. આહા!

જુઓ! તો ... ખજાનાની વાતું! આહા! આ વાત આવી છે. .......માં આ એક શબ્દ આવે નહીં. ........... આત્માનું જ્ઞાન કરી, અનુભવ કરી, સ્થિરતા કરીને પછી આ વાતું કરી. (૧૯.૦૮ થી ૧૯.૫૧ અવાજ અસ્પષ્ટ છે). આ માનવા જાય તો વ્યવહાર રહેતો નથી, વ્યવહારથી લાભ રહેતો નથી. ....... વ્યવહારની જેને અપેક્ષા નથી એવો જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિશ્ચય મોક્ષમાર્ગ...... એ એને ગોઠતો નથી. વ્યવહાર હોય તો થાય.. વ્યવહાર હોય તો થાય (એમ માને છે) એટલે એ વાત એને બેસતી નથી. આહા! ........

કેવળજ્ઞાનનો ખજાનો ભગવાન છે. એક કેવળજ્ઞાન (પર્યાય) નહીં. એવા અનંતા-અનંતા કેવળ-જ્ઞાનની અનંતી-અનંતી કેવળજ્ઞાનની પર્યાય જેના સ્થાનમાં પડી છે શક્તિરૂપે ને અભેદરૂપે, એ તત્ત્વ સાર છે. બાકી સમસ્ત નાશ પામવાયોગ્ય... **विलय** છેને. **सकलविलयदूरः**.. વિલય.. વિ-લય.. પર્યાય નાશ થાય, એનાથી ધ્રુવ ભગવાન દૂર છે. સમજાણું કાંઈ? **સમસ્ત નાશ પામવાયોગ્ય...** સમસ્તમાં કઈ પર્યાય બાકી રહી? સમજાણું કાંઈ? કેવળજ્ઞાનની પર્યાય પણ નાશ પામવાયોગ્ય છે. એક સમય રહે છે, બીજે સમયે નાશ પામે છે. આહા! સિદ્ધપર્યાય પણ એક સમય રહે છે, બીજે સમયે નાશ પામે છે. એવી સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવો એટલે પર્યાયો, એનાથી સમયસાર—સર્વ તત્ત્વોમાં એક સાર એ દૂર છે. આ પર્યાયથી દૂર છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ......?

પૂજ્ય ગુરુદેવશ્રી : એકલો (-સર્વથા) દૂર નહીં, ભાવે દૂર. ....................... કહે છે, વ્યય વ્યયને કારણે, ઉત્પાદ ઉત્પાદને કારણે, ધ્રુવ ધ્રુવને કારણે. ઉત્પાદને કારણે વ્યય નહીં, વ્યયને કારણે ધ્રુવ નહીં, ધ્રુવને કારણે ઉત્પાદ નહીં. ૧૦૧ ગાથા, પ્રવચનસાર. (૨૩.૦૦ થી ૨૩.૩૫ અવાજ અસ્પષ્ટ છે). તિર્યંચનું સમકિત ને સિદ્ધનું સમકિત બેય સરખા છે. ચારિત્રમાં ફેર છે, નબળાઈમાં ફેર છે. ચારિત્રમાં ફેર છે, વસ્તુમાં એક અંશ ફેર નથી. ..........

એ **સમસ્ત નાશ પામવાયોગ્ય... सकल** શબ્દ છેને? **सकलविलयदूरः** વિલય નામ નાશ પામવાયોગ્ય પર્યાય એનાથી ભગવાન આત્મા દૂર છે. કેટલામું છે? (દીપચંદજી, અનુભવ પ્રકાશ). પર્યાયકા કારણ પર્યાય હી હૈ, ધ્રુવ ભી નહીં. પર્યાયકી સત્તા, ગુણ વિના હી પર્યાયકો

કારણ હૈ. શું કીધું? પર્યાયકી સત્તા, ગુણ વિના હી.... ગુણ છે એમાં તે પર્યાય છે એમ નહીં. સત્ છેને. આહા! દીપચંદજી. પહેલાના સાધર્મી સમકિતી.... આ બધું ફરી ગયું.... પર્યાયકી સત્તા, ગુણ વિના હી... જ્ઞાનગુણ છે માટે એક સમયની પર્યાય છે એમ નહીં. પર્યાયકા સૂક્ષ્મત્વ પર્યાયકો કારણ હૈ. પર્યાયનું સૂક્ષ્મત્વ. સૂક્ષ્મત્વ નામનો ગુણ છે એ દ્રવ્ય-ગુણમાં વ્યાપે છે ને પર્યાયમાં વ્યાપે છે. એ પર્યાયનું સૂક્ષ્મત્વ પર્યાયને કારણ છે, ગુણનું સૂક્ષ્મત્વ નહીં. આહા! પર્યાયકો હી પર્યાયકા કારણ હૈ. એ પર્યાયનું સામર્થ્ય જ પર્યાયનું કારણ છે. ...શક્તિ સ્વતંત્ર. સત્ છેને. હવે આવ્યું આ પ્રદેશત્વ.....

પર્યાયકા પ્રદેશત્વ પર્યાયકો કારણ હૈ. સમજાણું કાંઈ? શું કહ્યું એ? પર્યાયનું પ્રદેશત્વ.. પર્યાયનું પ્રદેશત્વ જે છે એ પ્રદેશત્વ જ પર્યાયનું કારણ છે. ધ્રુવનું પ્રદેશત્વ કારણ નહીં. ઝીણી વાત છે ભાઈ! આવે ત્યારે આવેને..... સમજાણું કાંઈ? આ વિષય છે એ અત્યારે બહુ ગુઢ થઈ ગયો છે. ચૈતન્ય-ચમત્કાર શું છે એ ....... બધી વાતું રહી ગઈ. આમ છે ને આ કર્યું ને તે કર્યું, કર્તાબુદ્ધિ. આહા! આ તો વસ્તુના હિતની વાત છે. પર્યાયકા પ્રદેશત્વ પર્યાયકો કારણ હૈ, અથવા ઉત્પાદ-વ્યય કારણ હૈ. .... ઉત્પાદ-વ્યય..... પર્યાયકા કારણ, પર્યાય કાર્ય. ૮૯ પાનું, ચિદ્વિલાસ. કહે છે.... ધ્યાન રાખે તો સમજાય એવું છે હોં. ન સમજાય એવું નથી. એમ ન સમજવું કે અમને ન સમજાય. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળાને આમાં ન સમજાય એવું હોય?

**સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી**... ભગવાન ધ્રુવ શુદ્ધભાવ ..... એ દૂર વર્તે છે. અરર! .... વાંધા છેને. પર્યાય દૂર કેટલી? એક પર્યાય આકાશમાં ને આ રહ્યો અહીં. ...... એ ‘પર્યાય દૂર’નો અર્થ—એક સમયની સત્તામાં રહી છે એ એનું ક્ષેત્ર પણ એટલામાં જ છે અને આત્માનું ક્ષેત્ર અહીં છે. બેને એકબીજામાં અભાવ છે માટે તેને ‘દૂર’ કહેવામાં આવે છે. એમ કે પર્યાય ...... એમ હશે? જુદા હશે એમ હોય? ........ આ તે એક અંશ છે એ દૂર છે, બસ. એક કોર વૈતાક પર્વત ને એક કોર .... પર્વત એમ કાંઈ છે એ બેમાં? ......

કહે છે, નાશ પામવાયોગ્ય પર્યાયોથી એ દૂર છે. ‘દૂર’નો અર્થ એટલો કે એક સમયનું અસ્તિત્વ છે એને ધ્રુવ અસ્તિત્વનું આલિંગન નથી. ધ્રુવ પર્યાયનું આલિંગન કરતું નથી, પર્યાય ધ્રુવનું આલિંગન કરતી નથી. આલિંગન કરે તો બે એક થઈ જાય. સમજાણું કાંઈ? એ અવ્યક્તમાં લીધું છે. પર્યાય વ્યક્ત છે. ....... વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું નથી. ..... ૪૯ ગાથા, સમયસાર, પાંચમો બોલ છે છ બોલમાં. પ્રવચનસાર, ૧૭૨ (ગાથા)માં ૧૯મો બોલ ને ૨૦મો બોલ છે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી. અર્થાવબોધરૂપ પર્યાય એ દ્રવ્યને સ્પર્શતી નથી. અર્થાવબોધરૂપ જે સામાન્યદ્રવ્ય એ પર્યાયને સ્પર્શતું નથી, આલિંગન કરતું નથી. પ્રવચનસાર, ૧૭૨ (ગાથા)માં ૧૯મો બોલ ને ૨૦મો બોલ છે. અલિંગગ્રહણના ૨૦ બોલમાં બે બોલ આ

છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ (કહ્યું), પણ એનો અર્થ એવો નથી કે એક ચીજ રહી ગઈ અહીં ને એક ચીજ રહી ગઈ અહીં. એમ (પ્રદેશભેદ) નથી.

શ્રોતા : એક તલ જેટલું...

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, નહીં, એટલું પણ નહીં. તલ જેટલું પણ નહીં. તલ તો અનંત (પરમાણુ)નો પિંડ છે. તલ તો અનંત પરમાણુનો પિંડ છે. એક પરમાણુની એક પર્યાય દ્રવ્યને આધારે છે. સમજાણું કાંઈ? તલ.. તલ. તિલ હોતા હૈ ન. તેલ નીકળે એ. .... તલ તો અનંત પરમાણુનો સ્કંધ છે. એક તલમાં... તલ સમજે? તિલ. એમાં અનંતા તો સ્કંધ છે અને એક-એક સ્કંધમાં અનંતા પરમાણુ છે અને એક-એક પરમાણુમાં અનંતા ગુણ છે અને એક પરમાણુની પર્યાય બીજીને અડતી નથી. આવી વાતું છે ભાઈ! પહેલું એનું પરલક્ષી જ્ઞાન જ સાચું નહીં હોય, એને અંતરમાં જવાનો અવકાશ જ નથી. અને પરલક્ષી સાચું હોય તો પણ એનાથી અંદરમાં જવાય એમેય નથી. અહીં તો હજી પરલક્ષી જ્ઞાનનાય ઠેકાણા ન મળે. આહાહા! ..... પરમાત્મા સર્વજ્ઞદેવ સો ઇન્દ્રના પૂજનિક. બે બોલ થયા.

ત્રીજો. કહે છે, **જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે**.... આહા! એટલે? જેમાં–દ્રવ્યમાં કામવાસનાની ગંધ નથી. એ તો અપેક્ષા કહી છે બીજી. એક તો એ કે કામ દુર્વાર છે એવી જે ચીજ ધ્રુવમાં નથી. બીજું કે દુર્વાર કામને નષ્ટ કર્યો છે એટલે કે જેણે આવા ભગવાન ધ્રુવનો આશ્રય લીધો, એણે વારી ન શકાય એવા કામનો નાશ કર્યો છે. જેણે ધ્રુવનો આશ્રય લીધો.... જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે એટલે કે ધ્રુવમાં કામ છે જ નહીં. એક અર્થ તો એ છે. બીજો અર્થ કે જેણે આ ધ્રુવનો આશ્રય કર્યો, એણે વારી ન શકાય એવી કામવાસના નાશ કરી નાખી. ધ્રુવનો આશ્રય કરશે એને કામવાસના રહેશે નહીં. પર્યાયમાં નહીં રહે, એમ. સમજાણું કાંઈ? આહાહા! બે અર્થ થયા. .....

જેણે એટલે શુદ્ધભાવે એટલે સમયસારે, એક સારે કામને દૂર કરી નાખ્યો. એમાં કામપર્યાય છે જ નહીં. એ પર્યાય તો નાશ કરી. એવી પર્યાયથી દૂર છે એથી કામને નાશ કરવું એમ ક્યાં રહ્યું એમાં? દુર્વાર શબ્દ.... વિષયવાસના—પરનો પ્રેમ વિષયનો એ પહેલો ..... છે. રાગનો પ્રેમ છે એ જ વિષયનો પ્રેમ છે. એમાં સુખબુદ્ધિ છે એ વિષયબુદ્ધિ છે. શુભરાગમાં સુખબુદ્ધિ છે એ વિષયબુદ્ધિ છે, મિથ્યાત્વબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એ જેને દુર્વાર એટલે કે .... છે. એમાં છે જ નહીં. અને બીજું કે ધ્રુવ એવો ભગવાન શુદ્ધભાવ એનો જે આશ્રય કરે એને કામવાસના નિર્વાર છે એટલે કે ઉત્પન્ન થઈ શકે જ નહીં. નાશ થઈ જાય એનો. સમજાણું કાંઈ? જેના તેજે બળીને રાખ થાય વાસના, એમ કહે છે. ચેતનના તેજ, ધ્રુવના તેજ જેણે અંતરમાં નજરે લીધા, એને કામની વાસના બળીને રાખ થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

અરે! એણે એના ધ્રુવના ગાણા પણ સાંભળ્યા નહીં. એ ધ્રુવ કેવડો મોટો કોણ છે એની વાતું સાંભળી નહીં, એના ગાણા સાંભળ્યા નહીં. જાતને જાણી તો નહીં, પણ જાતનું શું સ્વરૂપ છે એના માહાત્મય પણ કોઈ દિ' સાંભળ્યા નહીં. આહાહા! કહે છે.... આ તો અલૌકિક વાતું છે. દુર્વાર (અર્થાત્) વારિ શકાય નહીં, ટાળી શકાય નહીં—એવી અનાદિકાળની વાસના–રાગની મીઠાશ, ભાઈ! એ વ્યભિચાર છે. એક સ્વરૂપ છે ચૈતન્ય આનંદ એમાં રાગ બીજી ચીજ છે. બેની એકતા, સુખબુદ્ધિ માને છે એ વ્યભિચાર છે. એ ટાળવું મહામુશ્કેલ છે, પણ જેણે ધ્રુવનો આશ્રય લીધો એને સહજ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આવી વાત છે ભાઈ! ......માર્ગ આ છે. દુનિયા માને-ન માને. આવું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય લાગે. સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે અનાદિ........

**જે પાપરૂપી વૃક્ષને છેદનાર કુહાડો છે**... આહા! શું કહે છે? આમાં પુણ્ય ને પાપ બેય લેવા હોં. બેય પાપ જ છે. સ્વરૂપના આનંદથી ખસીને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠવો એ પણ પાપ છે. બતાવ્યું છે પુણ્ય-પાપ (અધિકાર)ની છેલ્લી ગાથામાં, જયસેનાચાર્યની ટીકામાં છે. નિશ્ચયથી વ્યવહાર રત્નત્રય પણ પાપ છે. અરે! પરમાત્મા આનંદસ્વરૂપ એનાથી (ભિન્ન) વિકલ્પ છે તે દુઃખરૂપ છે. પરમાત્માની પવિત્રતા ને આનંદ આગળ દુઃખ છે એ પાપ છે, અચિત્ત છે. આનંદથી સચિત્ત થયો ત્યારે એ પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કાયરને આકરા કામ છે ભાઈ! આ તો વીરોના કામ છે. 'રણે ચઢ્યો રજપૂત છિપે નહીં..' આવે છેને? 'છિપે નહીં..' પછી ક્યા? 'કર્મ છિપે નહીં ભભૂત લગાયા.' સાધુ થાય પણ ............. આહા!

કહે છે, ત્રણ લોકનો નાથ પરમાત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો, આહાહા! એ પુણ્ય-પાપને નાશ કરવાનો કુહાડો છે. એક વાત એ કે પુણ્ય-પાપ એમાં છે જ નહીં. એક વાત પહેલી. બીજી એ કે જેણે એવા ભગવાન ધ્રુવનો આશ્રય લીધો, જેમ કુહાડો નાશ કરે બીજાનો, એમ એના પુણ્ય-પાપ નાશ થઈ જશે. પુણ્ય-પાપનો નાશ થઈ જશે એ આત્મા છે. એને .... કુહાડો. પુણ્ય-પાપને રાખે એ આત્મા નહીં. આહાહા! વ્યવહાર રત્નત્રયને રાખે એ આત્મા નહીં. ગજબ વાતું છે આવી. આ પરમાગમ છપાય છેને તમારું? આ પરમાગમને હૃદયમાં કોતરવાનું કહે છે જુઓ! આહાહા! કહે છે, જેમ ગઠડી હોય મોટી... કુહાડો.. કુહાડો કહેને? કુહાડી. ભગવાન પરમાનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ સમયસારસ્વરૂપ એ પુણ્ય ને પાપને છેદવાને કુહાડી છે, એટલે કે એનામાં નથી અને એનો આશ્રય કરે એને એ રહેતા નથી. સમજાણું કાંઈ?

**જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે**... એનો જન્મ જ જ્ઞાનસ્વરૂપ છે કહે છે. એ જ્ઞાનસ્વરૂપ જ આત્મા છે. અનાદિ.. અનાદિ.. અનાદિ.. એમ ને એમ છે એ છે. જ્ઞાનનો જેનો જન્મ છે એટલે જ્ઞાનસ્વરૂપ જેનો અવતાર છે. ધ્રુવ.. ધ્રુવ, શુદ્ધભાવ. ઓહો! કુંદકુંદાચાર્ય... આ સંતો બધા, ભલે ગમે તે હોય, (૪૩.૩૩ થી ૪૪.૪૬ અવાજ અસ્પષ્ટ છે). **જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે**... એનો

જન્મ–ઉત્પત્તિ એટલે એ વસ્તુ જ જ્ઞાનમય છે એમ કહે છે. કોણ? આ આત્મા. જ્ઞાનનો અર્થ શાસ્ત્રનું ભણવું એ નહીં. આહાહા! આ કેવળજ્ઞાનની પર્યાયની વાત નથી અત્યારે. સમજાણું કાંઈ? શુદ્ધ જ્ઞાનનો અવતાર (એટલે) જ્ઞાનસ્વરૂપે જ રહેલો છે.

**જે સુખસાગરનું પૂર છે**... જુઓને! એક કળશમાં કેટલું ભર્યું છે! **जयति समयसारः सर्वतत्त्वैकसारः सकलविलयदूरः प्रास्तदुर्वास्मारः** બધામાં '૨'. **दुरिततरुकुठारः शुद्धबोधावतारः सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः** આઠેયમાં '૨' છે. એક-એક પદે '૨' એમ આઠ પદ છે. **જે સુખસાગરનું પૂર છે**... પાણીનું જેમ પૂર હોયને પૂર–મોટું દળ, એમ આત્મા સુખસાગરનું દળ છે. અતીન્દ્રિય આનંદનું દળ–પિંડ છે પ્રભુ. આ પર્યાયના આનંદની વાત નથી. કેવળીને જે અનંત આનંદ પ્રગટે છે એ નહીં. આ તો આનંદનું પૂર.. પૂર વહે છે અંદર. અગાધ આનંદ.. અતીન્દ્રિય આનંદનું પૂર છે, નૂર છે, આનંદના તેજનું પૂર ભર્યું છે. આહાહા! એવો જે ભગવાન સમયસાર... હજી એક વાત કરે છે.

**સુખસાગરનું પૂર છે અને જે ક્લેશોદધિનો કિનારો છે...** સંસારરૂપી ક્લેશનો ઉદધિ નામ દરિયો–સાગર, એનો તો કિનારો છે, એનો ત્યાં અંત છે. એનો જેણે આશ્રય લીધો એને સંસારના ક્લેશનો અંત આવી જાય છે. આહાહા! ક્લેશ-ઉદધિ... ચાર ગતિના દુઃખરૂપી ક્લેશ... ચારે ગતિમાં દુઃખ છે હોં. સ્વર્ગમાં સુખની ગંધેય જરી નથી. હજારો ઇન્દ્રાણીના સુખ ભોગવવાના રાગમાં ક્લેશ છે, આકુળતા છે, ત્યાં આનંદની લૂંટ છે. આનંદ લૂંટાય છે ત્યાં. આહા! એવો જે ચાર ગતિના ક્લેશનો ઉદધિ–દરિયો... એ ક્લેશોદધિનો કિનારો છે. એમાં નિત્ય રહે ત્યાં ક્લેશના સાગરનો અંત આવશે. એટલે કે એમાં નથી, પણ એનો જે આશ્રય કરે એને સંસારના દુઃખનો કિનારો આવી જાય છે, પાર આવી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? **જે ક્લેશોદધિનો કિનારો છે...**

હવે ચોથું–છેલ્લું પદ. પહેલું પદ છેને એને છેલ્લું લીધું. **जयति समयसारः**.. એ છેલ્લું લીધું. **તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે**. એમ કહીને શું કહે છે છેલ્લા શબ્દોમાં? **जयति समयसारः** એટલે? અમારી દૃષ્ટિમાં એ સમયસાર તરવરે છે કે આ છે.. છે.. છે. એમ કહે છે. આ જયવંત છે, ધ્રુવ જયવંત છે એ અમારી પર્યાયમાં અમને ભાસ્યું છે. તેથી ... જયવંત કહે છે. સમજાણું કાંઈ? આહા! .... દૃષ્ટિમાં આવે, ખ્યાલમાં આવે ત્યારે આ 'જયવંત છે' કહે. એ વિના જયવંત શી રીતે કહેવાય? 'આ માણસ જીવતો છે', પણ દેખાય ત્યારે જીવતો ગણતો જ નથી, તો શી રીતે કહેશે? સમજાણું કાંઈ? આહાહા! જુઓ! આ પદ્મપ્રભમલધારીદેવ મુનિ ચારિત્રના અનુભવમાં, અતીન્દ્રિય આનંદના સુખમાં રમનારા, કહે છે કે આવું તત્ત્વ જયવંત વર્તે છે. અમારા જ્ઞાનની પર્યાયમાં, દર્શનની પર્યાયમાં, આનંદની પર્યાયમાં તરવરે છે આત્મા આવો.

**જયવંત વર્તે છે**. જુઓ! આવ્યું 'જયવંત વર્તે છે.' માટે દિગંબર સંતોના અનુભવમાં શાશ્વત છે. એ કંઈ સાધારણે પાર પડે એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? જેને ભગવાને બોલાવ્યા છે. ધવલમાં છે. જે આત્માના મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન જોડે જોડાય છે અંતરના આશ્રયે, એ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે એવો ધવલમાં પાઠ છે. 'બોલાવે છે' એવો પાઠ છે. આવો.. આવો.. આવો.. આવો. કેવળજ્ઞાન અલ્પકાળમાં ........ ધવલમાં પાઠ છે હોં. હવે કેવળજ્ઞાનને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન બોલાવે છે એવો પાઠ છે. યશપાલજી! ..... એ જયવંત વર્તે છે. એ પર્યાય કેવળજ્ઞાનને બોલાવે છે. અંતર તો જયવંત વર્તે છે. અલ્પકાળમાં કેવળપર્યાય આવો. ....... .......

ઓલામાં આવે છે, કેલી કરે છે કેવળજ્ઞાન સાથે. આ આવે છેને, કળશમાં આવે છે, કેવળજ્ઞાન સાથે કેલી કરે છે. 'કેલી કરે જગમાંહિ..' એ વર્તમાન પર્યાયની વાત છે. ત્યાં વર્તમાન પર્યાયની વાત છે. આગળ કહેશે. કેવળજ્ઞાનની સાથે વર્તમાન કળા કેલી કરે છે. સમયસાર, પાછળ કળશમાં છે. વર્તમાન મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનની કળા કેવળજ્ઞાન સાથે કેલી કરે છે. કેલી કરે છે એ તો અંદર પર્યાયની વાત છે. સમયસાર નાટકમાં છે.

**તે સમયસાર...** તે સમયસાર... એમ છેને? **(શુદ્ધ આત્મા)...** જેને ઉપર અધિકારમાં શુદ્ધભાવ કહ્યો, **જયવંત વર્તે છે**. એવો ને એવો બિરાજમાન પરમાત્મા પોતાના ... ધામમાં બિરાજે છે. અસંખ્ય પ્રદેશી ધામમાં ભગવાન એવો ને એવો બિરાજે છે. એણે એની સંભાળ ન લીધી, એણે ત્યાં નજરું ન નાખી, ત્યાં નજર નાખવા જેવું છે એવા નિર્ણય કર્યા નહીં, સમજાણું કાંઈ? આહાહા! એ બહુ દૂર રહી ગયો. ..... પંચમહાવ્રત પાળ્યા નહીં, માર્ગથી દૂર રહી ગયો. એ ૩૮ ગાથાનો કળશ થયો. હવે ૩૯ ગાથા.

**ટીકા : આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.** ટીકાનું છેને પહેલું વાક્ય. **निर्विकल्पतत्त्वस्वरूपाख्यानमेतत्**... એ શુદ્ધભાવ નિર્વિકલ્પ અભેદ. પર્યાયની વાત નથી. અભેદ કહો, નિર્વિકલ્પતત્ત્વ ધ્રુવ કહો, શુદ્ધભાવ કહો—એવા નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે. નિર્વિકલ્પતત્ત્વ એનું સ્વરૂપ, એનો ભાવ ......

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा ।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा ।। ३९**

**જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

એ જીવ કહો કે શુદ્ધભાવ—બેય એક જ છે, માટે શુદ્ધભાવ કહ્યું. વ્યવહારનો વિષય....... એ વ્યવહારનો વિષય છે. નિશ્ચય વસ્તુમાં એ નથી. બેય નયનું કથન.... સમજાણું કાંઈ?

**ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે એવા શુદ્ધ જીવાસ્તિકાયને...** જુઓ! આ. જીવ ન લીધો, જીવાસ્તિકાય લીધો. કેમ કે સર્વજ્ઞે જોયેલો આત્મા એ અસંખ્ય પ્રદેશી જોયો છે. એ સિવાય કોઈએ એવું કહ્યું જ નથી. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય જેટલાએ આત્માની વાતું કરી એણે અસંખ્ય પ્રદેશીની વાત કરી જ નથી. (કેમકે) એના જોવામાં આવ્યું જ નથી. સમજાણું કાંઈ? તેથી મુનિરાજ એમ કહે છે... **जीवस्स... णो जीवस्स**.. છેલ્લા શબ્દ છે. **णो जीवस्स**.. આ જીવને નથી. એ જીવ કેવો છે? કે ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે. જેને ઉપાધિ જ નથી. જેને એક સમયની પર્યાય જ નથી એવું જેનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અરે! આસ્થામાં, દૃષ્ટિમાં લે તો ખબર પડે એને આવો ભગવાન. સમજાણું કાંઈ? ત્રિકાળી–ત્રણે કાળે નિરુપાધિ... જેને ભગવાન ધ્રુવ શુદ્ધભાવ .... એનું ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ છે.

**એવા શુદ્ધ જીવાસ્તિકાય**... એવો શુદ્ધ જીવાસ્તિકાય... પર્યાયમાં જે અશુદ્ધતા છે એ વ્યવહારનો વિષય થઈ ગયો. શુદ્ધ જીવાસ્તિકાય... શુદ્ધ-જીવ-અસ્તિ-કાય.. શુદ્ધ-જીવ-અસ્તિ-કાય.. શુદ્ધ જીવ છે અને તે કાય–(અસંખ્ય) પ્રદેશ સમેત છે. એની એ કાયા છે. અસંખ્ય પ્રદેશ એ એની કાયા છે. કાયા એટલે પ્રદેશ. આહા! સમજાણું કાંઈ? સર્વજ્ઞ સિવાય આ ક્યાંય હોય નહીં. ગમે એવી વાતું કરી હોય વેદાંતે. ...... સમજાણું કાંઈ? ........ જૈન કરતા તો બહુ ઊંચી વાત છે. જૈનમાં તો એકલા ક્રિયાકાંડની ....ની વાત છે. આ ખાવું, આ ન ખાવું, આ કરવું—એ બધી ક્રિયાકાંડની વાતું. એ જૈનની નથી, જૈનની બીજી વાતું છે, તને ખબર નથી. સમજાણું કાંઈ?

એ ઇતિહાસમાં આવે છે કે ક્ષત્રિય પાસેથી બ્રાહ્મણોને (જૈન ધર્મ) મળ્યો. ભગવાન ક્ષત્રિય રાજા હતા. તીર્થંકરો ક્ષત્રિય કુળમાં અવતરે છેને. બ્રાહ્મણને ઘેર ન અવતરે. ........... .............. ક્ષત્રિય પાસેથી બ્રાહ્મણોને મળ્યો. એ તીર્થંકરો ક્ષત્રિય હોય. એની પાસેથી મળ્યું છે....... એવો જીવાસ્તિકાય ખરેખર એને વિભાવસ્વભાવસ્થાનો નથી. પાઠ તો એવો છે, **णो खलु सहावठाणा**.. પણ એનો અર્થ એવો કે વિભાવ એનો સ્વભાવ છે અનાદિ અજ્ઞાનનો, એ આમાં નથી. વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

## પોષ સુદ-૬, બુધવાર, તા. ૧૦-૧-૧૯૭૩
## ગાથા-૩૯-૪૦, શ્લોક-૫૫, પ્રવચન નં. ૧૯૬

શુદ્ધભાવ અધિકાર, નિયમસાર, ૩૯મી ગાથા, એની ટીકા.

**ટીકા : આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.** નિર્વિકલ્પ તત્ત્વ કહો કે શુદ્ધભાવ કહો—બે એક જ છે. શુદ્ધભાવ નિત્ય ધ્રુવ અભેદ જ્ઞાયક એને અહીંયા શુદ્ધભાવ કહ્યો છે, એને અહીંયા અભેદ નિર્વિકલ્પતત્ત્વના સ્વરૂપનું કથન કહ્યું છે. ભગવાન આત્મા ત્રિકાળી જે ધ્રુવ નિત્ય... **ત્રિકાળી નિરુપાધિ જેનું સ્વરૂપ છે...** ત્રણે કાળ જેને ઉપાધિ નથી એવી એ ચીજ છે આત્મા. **એવા શુદ્ધ જીવાસ્તિકાયને...** એવા શુદ્ધ જીવ-અસ્તિકાયને... શુદ્ધ જીવનું હોવું અને અસંખ્યપ્રદેશી એ જીવાસ્તિકાય. એ જીવાસ્તિકાય શુદ્ધ કહો કે શુદ્ધભાવ કહો કે નિર્વિકલ્પ તત્ત્વ કહો—બધું એક જ છે. એવો ભગવાન શુદ્ધ જીવાસ્તિકાયને **ખરેખર વિભાવ-સ્વભાવસ્થાનો નથી...** પાઠમાં તો 'સ્વભાવ' છે, પણ સ્વભાવનો અર્થ જ અહીં વિભાવ કહ્યો છે. પર્યાયમાં વિભાવભાવ છે એને અહીંયા સ્વભાવસ્થાન કહ્યા છે.

એ વિભાવ–વિકારી સ્વભાવસ્થાન... એ પહેલી વાત. વિભાવરૂપ... ઉદય ને આગળ આવશે હજી. અહીં તો સામાન્ય પહેલી વાત. **વિભાવરૂપ સ્વભાવના સ્થાનો નથી...** એમ કહીને વિભાવના સ્થાનો છે એ વ્યવહારનયનો વિષય સાબિત કર્યો. એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? વેદાંતની જેમ પર્યાયને વિભાવસ્થાન નથી એમ નથી. એટલે વિભાવસ્થાન એમાં નથી એમ કહેતા તેની પર્યાયમાં છે, (પણ) વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં બિલકુલ વિભાવસ્થાન નથી એમ માનનારને પર્યાયમાં શું છે એની ખબર નથી. સમજાણું કાંઈ? એમ એકલું શુદ્ધજીવાસ્તિકાય માને તો એ માનનાર કોણ? માનનાર તો પર્યાય છે. પર્યાયને ન માને એ વિભાવસ્વભાવ જે પર્યાયમાં છે એ પણ માનતો નથી. એને એકાંત તત્ત્વની માન્યતા છે.

આ તો પર્યાયમાં ઉદયભાવો, વિભાવભાવો, ... આદિ અસંખ્ય પ્રકારો છે, પણ એ શુદ્ધ જીવાસ્તિકાયને નથી. અહીં છે, અહીં નથી. સમજાણું કાંઈ? અહીંયા તો, સમ્યગ્દર્શનનો વિષય શું છે એને અહીં સિદ્ધ કરે છે બસ. સમ્યગ્દર્શનનો વિષય, ધ્યેય એ શુદ્ધ જીવાસ્તિકાય કહેતાં શુદ્ધભાવ એ વિષય છે એનો. વિભાવરૂપ સ્વભાવસ્થાનો નથી. એક વાત. માન-અપમાનના સ્થાન નથી, એમ છેને.

**શુદ્ધ જીવાસ્તિકાયને...** ....માં લઈ લીધું જીવાસ્તિકાયનું. **પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...** ભગવાનના સ્વરૂપમાં, ચૈતન્યસ્વરૂપમાં, ધ્રુવસ્વરૂપમાં પ્રશસ્ત-અપ્રશસ્તનો મોહ-રાગ-દ્વેષ... પ્રશસ્તના પણ મોહ-રાગ-દ્વેષ કહ્યું. કેમકે રાગ પ્રશસ્ત ને અપ્રશસ્ત બે પ્રકારે છે, દ્વેષ પણ પ્રશસ્ત ને અપ્રશસ્ત બે પ્રકારે છે. અને એની અપેક્ષાએ મોહ

જ્યારે લઈએ રાગ-દ્વેષની અપેક્ષાએ, તો મોહ પણ પ્રશસ્ત-અપ્રશસ્ત છે. મિથ્યાત્વરૂપી મોહ એકલો અપ્રશસ્ત છે. સમજાણું કાંઈ? **પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહરાગદ્વેષનો અભાવ હોવાથી...** શુદ્ધજીવાસ્તિકાય નિત્યાનંદ પ્રભુ, જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય અને જે સમ્યગ્દર્શનનો વિષય છે, એમાં મોહ-રાગદ્વેષનો અભાવ હોવાથી **માન-અપમાનના હેતુભૂત કર્મોદયનાં સ્થાનો નથી...** માન-અપમાન એમાં ક્યાં છે? ઉદયના નિમિત્તમાં જોડાતા માન-અપમાન લાગે. એ વસ્તુમાં જ નથી. માન-અપમાન પર્યાયમાં થાય અજ્ઞાનીને, (પણ) વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? માન-અપમાનના કારણભૂત કર્મોદયના ભેદો સ્થાનો જ નથી. એ બીજો બોલ થયો.

ત્રીજો. **(શુદ્ધ જીવાસ્તિકાયને)...** શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવને... પરમપારિણામિક જ્ઞાયકસ્વભાવભાવમાં **શુભ પરિણતિનો અભાવ હોવાથી...** એને શુભપર્યાય જ નથી, વિકારી પર્યાય જ એમાં નથી. દ્રવ્યસ્વભાવ ધ્રુવસ્વભાવ એમાં શુભપરિણતિનો અભાવ છે. પર્યાયમાં શુભ પરિણતિ હો, એ કાંઈ વસ્તુ છે નહીં. ત્રિકાળી વસ્તુમાં નથી. નિત્યાનંદ પ્રભુ જેને આત્મા કહીએ, જેને શુદ્ધ જીવાસ્તિકાય કહીએ, જેને શુદ્ધભાવ કહીએ, જેને નિર્વિકલ્પતત્ત્વ કહીએ, એમાં માન-અપમાનના સ્થાન નથી. શુભ પરિણતિનો અભાવ હોવાથી **શુભ કર્મ નથી...** શુભ પરિણતિ નથી એટલે દ્રવ્યસ્વભાવમાં કર્મ જ નથી. સમજાણું કાંઈ?

**શુભ કર્મનો અભાવ હોવાથી સંસારસુખ નથી...** ભગવાન આત્મામાં શુભ પરિણતિનો અભાવ હોવાથી શુભ કર્મ નથી, શુભ કર્મનો અભાવ હોવાથી સુખ નથી અને **સંસારસુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો નથી...** હર્ષના પ્રકાર આવેને સુખના. પૈસા દેખીને, સ્ત્રી દેખીને, શરીર અનુકૂળ દેખીને, આબરૂ દેખીને હરખ (આવે). એ હરખ અજ્ઞાનીને એની પર્યાયમાં હો, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એટલે વસ્તુની દૃષ્ટિવંતને પણ નથી. સમજાણું કાંઈ? માન-અપમાનનો વિકલ્પ એનો તો જાણનાર થઈ જાય છે. વસ્તુદૃષ્ટિવંત સમ્યગ્દૃષ્ટિ.... વસ્તુમાં માન-અપમાન નથી, શુભ પરિણતિ નથી, તેથી સંસારિક સુખ નથી, તેથી સમ્યગ્દૃષ્ટિને પણ એના વિષયમાં આ દ્રવ્યદૃષ્ટિ આવતાં એની પર્યાયમાં પણ એને માન-અમપાન છે નહીં. કહો, સમજાણું કાંઈ? ...... તો પૃથક્ થઈ ગયો છે. સમજાણું કાંઈ?

સંસારસુખ નથી, સંસારસુખનો અભાવ હોવાથી એને હરખના પ્રકારો, હોંશના પ્રકારો, રાજી થવાના પ્રકારો વસ્તુમાં નથી. આહાહા! એમ કહીને એમ પણ કહે છે. કીધુંને કે સમ્યગ્દૃષ્ટિનો જે વિષય ધ્રુવ છે એમાં આ નથી, તો સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં પણ હર્ષસ્થાન નથી. એ (પોતે) તો નિર્મળ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? **વળી (શુદ્ધ જીવાસ્તિકાયને) અશુભ પરિણતિનો અભાવ હોવાથી...** ભગવાન નિજાનંદસ્વરૂપ જીવ-અસ્તિકાય એમાં અશુભપર્યાયનો અભાવ હોવાથી અશુભકર્મ નથી. અશુભ પરિણતિ હોય તો અશુભકર્મ હોય. અશુભ પરિણતિ

જ જ્યાં નથી ત્યાં **અશુભ કર્મ નથી. અશુભ કર્મનો અભાવ હોવાથી દુઃખ નથી.** આહાહા! અને **દુઃખનો અભાવ હોવાથી અહર્ષસ્થાનો નથી.** શેમાં? શુદ્ધજીવાસ્તિકાય ભગવાન પૂર્ણાનંદ એમાં આ નથી. એનો અર્થ જ એ થયો કે જેણે દૃષ્ટિમાં અંતર અનુભવમાં આત્મા લીધો છે અંદર, એની પર્યાયમાં આ નથી. ભારે વાતું. અજ્ઞાનીની પર્યાયમાં છે. સમજાણું કાંઈ?

શ્રોતા : સર્વથા નથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સર્વથા નથી.

શ્રોતા : ... જીવમાં તો છેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, ના. જ્ઞાનનું જ્ઞેય થઈ ગયું. વસ્તુ પરમાનંદ પ્રભુ જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યાં તો પર્યાયમાં આનંદ આવ્યો, પર્યાયમાં શુદ્ધતા આવી. એ શુદ્ધતાના પરિણમનમાં અશુદ્ધતા નિશ્ચયથી ખરેખર છે જ નહીં. પર્યાયમાં અશુદ્ધતા જરી છે, પણ દ્રવ્યની દૃષ્ટિએ જોતાં એમાં નથી, એથી એના પરિણમનમાં પણ નથી. અશુદ્ધ પરિણમન (નથી), સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ પરિણમન હોય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે.

(સમયસાર), સોમી ગાથામાં આવ્યું હતુંને ભાઈ! સમ્યગ્દૃષ્ટિ વસ્તુની ઇચ્છાનો અને ભોગનો કર્તા નથી. એથી જગતની પર્યાયમાં નિમિત્તકર્તા પણ સમ્યગ્દૃષ્ટિ નથી. ફરીને. વસ્તુ જે છે ત્રિકાળી જ્ઞાયક જીવાસ્તિકાય... જગતના પદાર્થસ્વરૂપ પર્યાય થાય—કર્મની, શરીરની, વાણીની, બીજાની, એમાં એ દ્રવ્યસ્વભાવ નિમિત્તકર્તા પણ નથી. નિમિત્તકર્તા કોને કહીએ? ઉપાદાનકર્તા તો એનાથી (-પોતાથી) તે સમયે ત્યાં થાય છે. શરીરની, કર્મની, વાણી આદિની જે પર્યાય (થાય) છે, એ વખતે નિમિત્તકર્તા તો એને કહીએ કે જે યોગ ને રાગનો કર્તા અજ્ઞાની થાય, તેના જોગ ને રાગને પરની પર્યાયનો નિમિત્તકર્તા કહેવાય.

સમ્યગ્દૃષ્ટિ ધર્મીની દૃષ્ટિ ચૈતન્યસ્વભાવ ઉપર હોય છે, તેથી એની પર્યાયમાં ઇચ્છા ને કંપનનો એ કર્તા નથી, તેથી જગતના પદાર્થના પર્યાયના સ્વકાળમાં એ નિમિત્તકર્તા પણ નથી. પણ ઉલટું.. ઉલટું એટલે એ ચીજ જ્ઞાનમાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? ક્યા કહા? વ્યાખ્યા આવી ગઈ છે સોમી ગાથામાં. લખાઈ ગઈ છે, આત્મધર્મમાં આવી ગઈ છે. આ તો સત્તરમી વાર ચાલે છે. શું કહ્યું એ? આમાંથી એ લક્ષમાં આવ્યું. જીવાસ્તિકાયને નથી આ, તો એની દૃષ્ટિવંતને પણ નથી. એટલે કે જ્યારે જગતની પર્યાયના કાળમાં એની પર્યાય થાય, પરદ્રવ્યની પર્યાયનું પરિણમન (થાય), એ કાળે જોગ ને રાગનો કર્તા જે અજ્ઞાની છે, એના જોગ અને રાગને એનો નિમિત્તકર્તા કહેવાય. નિમિત્તકર્તા હોં. ઉપાદાન તો તે ક્ષણે ત્યાં છે જ. પણ જ્ઞાનીને પણ નિમિત્તકર્તા પણ ન કહેવાય. ૧૦૦મી ગાથા. ....... **जीवो ण करेदि घडं णेव पडं**... .... વાત છે. સમયસાર એટલે તો કેવળીના પેટ ખોલ્યા છે. આહાહા!

કહે છે કે જેમ ભગવાન આત્મા વસ્તુ તરીકે પરની પર્યાયનો નિમિત્તકર્તા તો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિવંત પણ પરની પર્યાયનો નિમિત્તકર્તા નથી. નિમિત્ત કહેવાય, ભાઈ! નિમિત્તકર્તા નહીં. જુઓ! આ ફેર પડ્યો. છેને ........ એ નિમિત્ત છે, એટલું બસ. એનો (રાગ, યોગનો) કર્તા નથી માટે એને (નિમિત્ત)કર્તા ન કહેવાય. નિમિત્ત છે એ હાજરીનું જ્ઞાન.. જ્ઞાન કરાવ્યું છે. ...... નિમિત્ત એટલે (કાર્ય) થાય છે ત્યાં આવું હોય છે એથી એને નિમિત્ત કહેવાય. કર્તા નહીં. કર્તા તો અજ્ઞાની જે રાગ ને કંપનનો કર્તા થાય, તે જીવના રાગ ને કંપન પરની પર્યાયના કાળે–કાર્યકાળમાં આનો નિમિત્તકર્તા કહેવાય. મિથ્યાદૃષ્ટિનો જોગ ને રાગ. આહાહા! સમજાણું કાંઈ? ........ વસ્તુસ્થિતિની શું મર્યાદા છે એ જાણે નહીં. પછી ઉપરથી વાતું કરે (પણ) એમાં મેળ ખાવો જોઈએને અંદર.

એમ અહીં, શુદ્ધજીવાસ્તિકાયને અશુભ પરિણતિનો અભાવ છે, તો સમ્યગ્દૃષ્ટિને પણ ખરેખર તો અશુભ પરિણતિનો અભાવ છે. કારણ કે એ વિકાર છે. વિકાર તે વ્યવહાર છે અને વ્યવહારથી પૃથક્ છે. વ્યવહારનો જાણનાર છે. વ્યવહાર મારો છે એમ માનનાર નથી. સમજાણું કાંઈ? અશુભ પરિણતિનો અભાવ હોવાથી જીવાસ્તિકાયને અશુભ કર્મ નથી. ધર્મીને કર્મ નથી અને અશુભ પરિણતિ પણ નથી. કર્મનો તો અત્યંત અભાવ છે. રાગ છે એનાથી પૃથક્ ભાન થયું છે. રાગનો એ જાણનાર છે. રાગનો કરનાર ને રાગની પરિણતિ એનામાં—એમ છે નહીં. આહાહા! દુઃખનો અભાવ છે. વસ્તુમાં દુઃખનો અભાવ છે. તો વસ્તુની દૃષ્ટિવંતની પર્યાયમાં પણ દુઃખનો અભાવ છે. સમજાણું કાંઈ?

જરી દુઃખનો પર્યાયનો વિકલ્પ હોય, પણ એનો તો એ જ્ઞાતા-દૃષ્ટા છે. એટલે એની પર્યાયમાં એ છે એમ નિશ્ચય નામ પરમદૃષ્ટિમાં એ નથી. પછી વ્યવહારથી જણાવે ત્યારે જણાવે કે રાગ ઝેર છે. એ અસ્થિરતાનો ભાવ બતાવવા ને સ્થિરતા કરાવવા એમ કહે કે અસ્થિરતા એનામાં છે અશુદ્ધ નિશ્ચયનયે. સમજાય છે કાંઈ? અશુદ્ધ-નિશ્ચય તો વ્યવહાર છે. એ અશુદ્ધ નિશ્ચય તો વ્યવહાર છે. એ તો ઓલા પરમાં નથી અને એમાં છે એટલું કહેવા અશુદ્ધ નિશ્ચય કીધો. પરમાં નથી, પરથી થયો નથી, એથી એને–રાગના વિકલ્પને અશુદ્ધ નિશ્ચય એમ કહ્યો. અશુદ્ધ નિશ્ચય એટલે ત્રિકાળી શુદ્ધનિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર કીધો એ. કર્મથી ભિન્ન પાડવાની અપેક્ષાએ અશુદ્ધ નિશ્ચયે એની પર્યાયમાં છે એમ કહ્યું. આહાહા! .......... પરદ્રવ્ય સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? ઓહોહો! ગજબ સ્થિતિ છે. એને અહર્ષના સ્થાનો નથી એમ કહ્યું. પાઠમાં છેને **जीवस्स** શબ્દ. ચોથા પદમાં છે **जीवस्स**.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा ।**

**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा**

મુલચંદભાઈ! આ વિભાવ કીધો. અંદર સ્વભાવ શબ્દ (કહી)ને વિભાવ કીધો. એની પર્યાયમાં છેને એ અપેક્ષાએ 'સ્વ ભવનં સ્વભાવઃ'. પોતાની પર્યાયમાં છે માટે એને સ્વભાવ કીધો, પણ છે એ જુદા એટલે વિભાવ શબ્દ વાપર્યો. .... કળશ ૫૫મો આવ્યો, ૩૯ ગાથાનો.

**[હવે ૩૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**प्रीत्यप्रीतिविमुक्तशाश्वतपदे निःशेषतोऽन्तर्मुख-**
**निर्भेदोदितशर्मनिर्मितवियद्बिम्बाकृतावात्मनि ।**
**चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावततां गोचरे**
**बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः ॥५५॥**

જુઓ! પહેલી (૩૮) ગાથામાં એમ કહ્યું હતું કે ચાર ભાવને અગોચર છે. આવ્યું હતુંને, **भावान्तराणामगोचर**... અહીં કીધું કે જ્ઞાનીને ગોચર છે. ચાર ભાવ, કીધુંને, ચાર ભાવાંતરોને અગોચર છે, અગમ્ય છે. ત્યાં એનો અર્થ એ કે ચાર ભાવને આશ્રયે ગમ્ય નથી, એટલું. બાકી સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં ગમ્ય છે. ઉપશમભાવમાં, ક્ષયોપશમભાવમાં, ક્ષાયિકભાવમાં વસ્તુ ગમ્ય છે. 'આ વસ્તુ છે' એમ એનું જ્ઞાન થઈ ગયું છે. સમજાણું કાંઈ? શું કહે છે? **प्रेक्षावततां**.. છેને? **प्रेक्षावततां गोचरे**... ત્યાં ના પાડી હતી. ચાર ભાવને ગમ્ય નથી. અહીં (કહ્યું), સમકિતીને ગમ્ય છે. સમજાણું કાંઈ? એનો મેળ ખાય એમ અર્થ સમજવો જોઈએને. એમ ને એમ શબ્દથી પકડી રાખે (એમ ન ચાલે). એનો ભાવ કહેવાનો આશય શું છે એ જાણવું જોઈએ. શાસ્ત્રના આમ વાંધા ઉઠ્યા છેને. અર્થ કરવાના વાંધા મોટા. સમજણ તો પછી, પણ એનો અર્થ કેમ કરવો એના મોટા વાંધા.

કહે છે, **શ્લોકાર્થ : જે પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે...** કોણ? શુદ્ધ જીવાસ્તિકાય. નિત્યાનંદ ધ્રુવ શુદ્ધભાવ, નિર્વિકલ્પતત્ત્વ, શુદ્ધજીવાસ્તિકાય એ પદ પ્રીતિ-અપ્રીતિ રહિત શાશ્વત પદ છે. એને પ્રીતિ-અપ્રીતિ નથી. હર્ષ તો કીધોને હર્ષ-અહર્ષ. અહીં પ્રીતિ-અપ્રીતિ કીધી. **જે નિઃશેષપણે અંતર્મુખ...** વસ્તુ સર્વથા અંતર્મુખ પડી છે અંદર. જે રાગમાં તો આવી નથી, પણ એક સમયની પર્યાયમાં પણ આવી નથી. સર્વથા અંતર્મુખ... ઊંડે-ઊંડે આખી ચીજ પડી છે. કહેશે એ. ઉપર છે અર્થ એનો. એક-બે લીટી કાઢી નાખી છે. ઉપર અર્થ કર્યો છે, 'ભેદનથી પ્રગટ થતાં.' છે તો વસ્તુ, પણ ભેદનથી... ભેદવું—રાગ ને સ્વભાવને જુદા પાડતાં અંતર ગમ્ય છે. સમજાણું કાંઈ? વીંધવું. રાગ ને સ્વભાવને વીંધી નાખવા, જુદા પાડી દેવા. 'વીંધવું' નથી કહેતા? વીંધી નાખે. બેને વીંધી નાખે (એટલે) જુદા પાડી નાખે. રાગ–વિકલ્પ અને નિશ્ચય સ્વભાવ બેને સમ્યગ્દૃષ્ટિ ભેદ પાડીને–વીંધીને જોવે છે. સમજાણું કાંઈ?

ઊંડા ઉતરીને... એટલે? આત્મા અસંખ્ય પ્રદેશી છે એ અસંખ્યપ્રદેશે એની પર્યાય પહોળી છે. શું કીધું? એ અસંખ્યપ્રદેશી છે તો અસંખ્યપ્રદેશે પર્યાય પહોળી છે. પર્યાય આમ છે

ને આત્મા આમ છે—(એમ નથી). ત્યાં પણ પર્યાય છે અને અંદર મધ્યમાં પ્રદેશ છેને ત્યાંય પર્યાય છે. પર્યાય કાંઈ ઉપર જ રહે છે—એમ નથી. એ અસંખ્ય પ્રદેશમાં ઉપર રહે છે, પણ અસંખ્ય પ્રદેશ જ્યાં-જ્યાં છે ત્યાં જ રહે છે. સમજાણું કાંઈ? આ ઊંડાની વ્યાખ્યા ચાલે છે. અસંખ્યપ્રદેશે (રહેલી) એની પર્યાયમાં રાગ વ્યાપે છે. એ વિકાર આખા અસંખ્ય પ્રદેશે છે. ભલે એનો અંશ જુદો (હોય). અત્યારે એનું કામ નથી. પણ અસંખ્યપ્રદેશ છે જ્યાં-જ્યાં અંદર આમ મધ્યમાં પણ અસંખ્યપ્રદેશ છે, અહીં અસંખ્ય છે, મધ્યમાં અસંખ્ય છે, બધે ઠેકાણે પ્રદેશમાં ઉપર એક સમયની પર્યાય વ્યાપેલી છે. આરે, ભારે.

શ્રોતા : બુખાર.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના, તાવ તો ઠીક. આ તો પર્યાય છે. તાવ તો જડની અવસ્થા છે. એ તો આત્મામાં છે જ નહીં. આ તો રાગ ને દ્વેષ ને મિથ્યાત્વની પર્યાય અસંખ્ય પ્રદેશમાં વર્તે છે. એટલે અસંખ્ય પ્રદેશ તો અહીં બધે છે. તાવ તો જડની (પર્યાય) છે. આ તો અસંખ્યપ્રદેશમાં એની પહોળાઈ જેટલી છે પ્રદેશની... છે એક સમયની સ્થિતિ એની. સમજાણું કાંઈ? એની સ્થિતિ એક સમયની છે, પણ ક્ષેત્ર એનું અસંખ્ય પ્રદેશ, આખા ક્ષેત્રમાં વ્યાપેલ છે. ભલે અંશ છે અને આખું અસંખ્યપ્રદેશી ધ્રુવ છે. એ પર્યાયમાં ઊંડે જાવું એટલે ઓલા દ્રવ્યને પકડવું, એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ કે જેમ આ શરીરનો આકાર છે ઉપર આટલો, એના અસંખ્યપ્રદેશની ઉપર છે એની પર્યાય—એમ નથી. એ જ્યાં-જ્યાં અસંખ્ય પ્રદેશ છે ત્યાં-ત્યાં ઉપર પર્યાય છે. એટલે એને અંદરમાં બધામાંથી ઊંડે ઉતરવું પડશે, એમ કહે છે. ભગવાનના ઘરનું છેને. આ રીતે વસ્તુ છે એ પહેલું એની સમજણમાં તો લે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે... આ તો ઓલું 'ઊંડું' આવ્યુંને ઊંડું. 'ઊંડું' આવે છે આપણે. ક્યાંક આવ્યું છે ખરું શરૂઆતમાં. ઊંડે-ઊંડે આવ્યું. કેટલામે પાને? ૨૭. હા, એ આવ્યું. **ઊંડો ઉતરી જાય છે**... ત્યાં આવ્યું છે. એ **વિશતિ**નો અર્થ કર્યોને? **વિશતિ**નો અર્થ કર્યો છે. ૧૭મો કળશ. એક ને સાત. **વિશતિ.. સપદિ વિશતિ**, એમ. **ઊંડો ઉતરી જાય છે**... એટલું છે. **જિનેન્દ્રકથિત સમસ્ત જ્ઞાનના ભેદોને જાણીને જે પુરુષ પરભાવોને પરિહરી નિજ સ્વરૂપમાં સ્થિત રહ્યો થકો ચૈતન્યચમત્કારમાત્ર તત્ત્વમાં પેસી જાય છે—ઊંડો ઉતરી જાય છે**... એ **વિશતિ**નો અર્થ કર્યો. **વિશતિ**-પેસી જાય છે.

અસંખ્ય પ્રદેશમાં બધે ઠેકાણે વ્યાપેલી પર્યાય છે એ પર્યાયથી ઊંડો ઉતરી જાય છે અંદર. ...... 'ઊંડો ઉતરી જાય છે' એ **વિશતિ**નો અર્થ છે. અહીં આ કર્યો. સમજાણું? ... એનો અર્થ છે. ભેદનથી–ભિન્ન પાડી ઊંડો ઉતરી જાય છે. દ્રવ્યસ્વભાવ જ્યાં છે, બધે અસંખ્યપ્રદેશે દ્રવ્યસ્વભાવ છે અને અસંખ્યપ્રદેશે પર્યાય છે બધે. અહીં પેટમાં, મધ્યમાં, અહીં બધે. અહીં

અસંખ્યપ્રદેશ છે. એ અસંખ્યપ્રદેશમાં ઉપર જ એનો પર્યાય છે. અંદર પર્યાયની પાછળ તે ધ્રુવ છે. ધ્રુવનું ક્ષેત્ર એવડું છે, નિત્ય છે. પર્યાયનું ક્ષેત્ર એક સમય છે, પણ વ્યાપક આખા અસંખ્યપ્રદેશે છે. સમજાણું કાંઈ? આપણે તો આવી ગયું છે, નવું નથી. આ ઘણીવાર આવી ગયું છે. આહા! ચેતનજી!

એક સમયની પર્યાય ઉપર ..... નિર્મળ... વિકાર તો એકકોર રાખો. ક્ષયોપશમભાવનો પર્યાય છેને જ્ઞાનનો અંશ, દર્શનનો અંશ, વીર્યનો અંશ. એ પર્યાય એક સમયની છે, પણ વ્યાપક અસંખ્ય પ્રદેશે છે. સમજાણું કાંઈ? આહા! જે સર્વથા અંતર્મુખ છે એટલે ભેદનથી પ્રગટ થતાં, એમ. ઊંડે જતાં, વસ્તુનું ભાન થતાં, એમ. પર્યાયથી આઘે જતાં અંદર. આઘે ક્યાં જાવું? છેને, ભેદનથી પ્રગટ થતાં. એટલો અર્થ અત્યારે. રાગ ને એક સમયની પર્યાયથી પણ અંદર ભિન્ન–ભેદ થતાં... **એવા સુખનો બનેલો છે.** આનંદનો બનેલો છે ભગવાન આત્મા. બનેલો એટલે છે. આનંદમય એ બનેલો એમ કહેવાય. ત્રિલોકરચના જેની ..... પંચાસ્તિકાયમાં છે, છ દ્રવ્યથી ત્રિલોક રચના છે બધી. રચના છે બધી? ભાષા શું કરવી પણ? સમજાણું કાંઈ?

કહે છે, ભેદનથી પ્રગટ થતાં એવા સુખનો બનેલો છે. એ અસ્તિત્વ એનું આનંદરૂપે બનેલું એટલે રહેલું છે. એ પરથી ભિન્ન પાડીને પ્રગટ થતાં સુખથી બનેલો છે એવો અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? ઊંડી વાતું છે આ તો. વાણીની જ્યાં ગંધ નથી, વિકલ્પની જ્યાં ગંધ નથી—એવો ભગવાન આત્મા અંદરમાં પ્રગટ થતાં... એટલે શું? ભેદનથી પ્રગટ થતાં... રાગ ને વિકલ્પથી જુદો પડીને અંદર ઉતરતાં, પ્રગટ થતાં સુખનો બનેલો છે. એ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. 'બનેલો છે' એ તો ભાષા છે. સમજાણું કાંઈ?

પંચાસ્તિકાયમાં એમ આવે છે, લોક છ દ્રવ્યની રચનાથી બન્યો છે. બન્યો છે એટલે છે. કોઈ વખતે બન્યો છે—એમ છે? ત્રિલોકરચના... એમ આવે છે. એનો અર્થ કે ત્રિલોકસ્વરૂપ... એ પ્રમાણે આમાં ... છે. ભેદનથી પ્રગટ થતાં એવા સુખનો બનેલો છે. એટલે શું? સમજાણું? પર્યાયમાં સુખ તો નથી. અનાદિથી પર્યાયમાં જ્ઞાનના ઉઘાડનો અંશ છે, પણ સુખ નથી. એથી એને (કહ્યું), ભેદનથી પ્રગટ થતાં સુખનો બનેલો છે. અંદર ઉતરતાં આનંદથી બનેલો એવો ભાવ અનુભવમાં આવે, એવો એ છે. સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ' એ વિસામાનું વાક્ય છે. ....... આહાહા! સુખનો બનેલો છે. છેને? **शर्मनिर्मित** પાઠ છે. **शर्मनिर्मित**.. સુખથી બનેલો. નવો બન્યો હશે? આવી વાતું છે. લોકો .... આ તત્ત્વ શું છે? એને સમજવા .......

**निर्भेद उदित... उदित** એટલે પ્રગટ. ભેદનથી પ્રગટ... **शर्मनिर्मित—સુખથી બનેલો છે,** સુખસ્વરૂપ છે. આહાહા! **જે નભમંડળ સમાન...** આકાશની પેઠે **આકૃતિવાળો (અર્થાત્ નિરાકાર–અરૂપી) છે...** આકાશ જેમ અરૂપી છે, નિરાકાર છે, અરૂપીની અપેક્ષાએ નિરાકાર હોં. એમ તો આકાશને આકાર છે, આત્માને પણ આકાર છે. અરૂપીની અપેક્ષાએ નિરાકાર છે એમ

કહે છે. કોઈ દ્રવ્ય અરૂપી કે રૂપી આકાર વિનાનો હોય નહીં. સમજાણું કાંઈ? પ્રદેશત્વગુણનો પર્યાય એ આકાર છે, વ્યંજનપર્યાય. આકાશમાં પણ આકાર છે. સર્વવ્યાપક આકાર હોં. આકારનો અર્થ... આ સર્વવ્યાપક આકાશ છે. છેલ્લો.. છેલ્લો ભાગ એ આકાર એમ નહીં. જ્યાં જ્યાં આકાશ છે ત્યાં ત્યાં તેનો આકાર પર્યાયમાં છે. પ્રદેશત્વગુણ છેને, એને કારણે એનો આકાર હોય છે. એ તો ઓલામાંય આવે છે જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં. એમાં અર્થ છે. અર્થ આકરા એટલે ન સમજેને, એટલે એમ ને એમ હાંક્યે જાય, ગોખે જાય. ભાઈએ કર્યું છેને ગોપાળદાસ બરૈયાએ.

**નભમંડળ સમાન આકૃતિવાળો** એટલે **(નિરાકાર–અરૂપી છે)**, એમ. એટલું અહીં સિદ્ધ કર્યું. નહીંતર તો આકાર તો છએ દ્રવ્યને હોય છે. છએ દ્રવ્યને આકાર–વ્યંજનપર્યાય હોય છે. આકાશ છેને, અહીં આકાશ છે એને વ્યંજનપર્યાય–આકૃતિ છે ન્યાં. સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા એને આકૃતિ છે, અસંખ્યપ્રદેશે આકૃતિ છે પર્યાય-ગુણથી વ્યાપક. એ અહીં ન કહ્યું. અહીં તો આકૃતિવાળો એટલે નિરાકાર અરૂપી છું એવો છે. કહો, સમજાણું કાંઈ? એ પ્રશ્ન બહુ ચર્ચાઈ ગયો છે કે આકાશને આકાર હોય કે નહીં. આકાર હોય તો નજરમાં કેમ ન આવે? નજરમાં આવે તો કાંઈક આકાશ છે જડ જેવો. કે જડ જેવો નહીં. અરૂપી વ્યંજનપર્યાયની આકૃતિ (જીવને) અસંખ્ય પ્રદેશે છે, એમ આને અનંત પ્રદેશે છે. સમજાણું કાંઈ? દ્રવ્યાનુયોગનું તત્ત્વ ઝીણું છે. ગહન છે, સર્વજ્ઞનું કહેલું તત્ત્વ ગહન છે, રહસ્ય છે, કઠણ છે. અહીં તો અરૂપીની અપેક્ષાએ આકૃતિવાળો (નથી). આકારના ... એટલે અરૂપી છે એમ કીધું છે. વળી કેવો છે?

**ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે...** ઓલામાં સુખ આવ્યું હતુંને એટલે જ્ઞાન રહી ગયું. બે વસ્તુ જ સિદ્ધ કરે છે જ્યાં ને ત્યાં જ્ઞાન ને આનંદ.. જ્ઞાન ને આનંદ. કહે છે, **ચૈતન્યામૃતથી**... ચૈતન્યનું જે અમૃત એનું પૂર–આખું દળ. ચૈતન્યનું અમૃતરૂપી દળ–પિંડથી ભરેલું જેનું સ્વરૂપ છે. કોનું? ભગવાન આત્માનું, શુદ્ધ જીવાસ્તિકાયનું, શુદ્ધભાવનું, નિર્વિકલ્પ તત્ત્વનું. **ચૈતન્યામૃતના પૂરથી ભરેલું જેનું સ્વરૂપ છે**...

આવ્યું જુઓ! **જે વિચારવંત ડાહ્યા પુરુષોને ગોચર છે...** ત્યાં અગોચર કહ્યું હતું, ક્ષાયિકભાવથી અગોચર છે. ચાર ભાવથી અગમ્ય છે એનો અર્થ કે ચાર ભાવને આશ્રયે નહીં થાય. આશ્રય એનો કરવો પડશે પરમ-પારિણામકભાવનો. થાય તો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ત્રણેય પર્યાયથી ગમ્ય. કહે છે, **પ્રેક્ષાવતતાં...** એમ કીધુંને. જોનારાઓ... જોનારા એને–સમકિતીને જ કહ્યા. એ વાસ્તવિક જોનારા છે. આહાહા! સમજાણું કાંઈ? **પ્રેક્ષાવતતાં ગોચરે...** સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. વાણીને, વિકલ્પને અગમ્ય છે, પણ સમ્યગ્દૃષ્ટિની પર્યાયને ગમ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

**એવા આત્મામાં**... આ બધી વ્યાખ્યા કરી શુદ્ધ જીવાસ્તિકાયની. ઊંડે–અંતર્મુખ, આનંદથી બનેલો, ચૈતન્યામૃતનું પૂર—એવો આત્મા, એમાં **તું રુચિ કેમ કરતો નથી?** ભગવાન! એમ કહે છે. ભાઈ! તને એમાં કેમ રુચિ થતી નથી? આવો મહા પરમાત્મા બિરાજે છે. એ તું પોતે જ એવો છો. કહો, પ્રકાશદાસજી! આની રુચિ કરવાની. પહેલી વાત આ છે, પછી બીજી બધી વાતું ચારિત્ર ને તપ ને વ્રત. વ્યવહારના કે નિશ્ચયના એ પછી લેશે. સમજાણું કાંઈ? અરે! આવો ભગવાન છેને, કહે છે. છેને? **बुद्धिं किं न करोषि**.. આહાહા! બુદ્ધિનો અર્થ જ રુચિ કર્યો?

**એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી?** આહાહા! મુનિરાજ (કહે છે), આવો ભગવાન છે એને તું કેમ દૃષ્ટિ કરતો નથી? કહે છે. દૃષ્ટિ કરતો નથી એટલે દેખાતો નથી, એમ કહે છે. કોઈ કર્મને લઈને અટક્યો છે, કોઈ ફલાણાને લઈને અટક્યો છે—એમ નથી, એમ કહે છે. કાળલબ્ધિ એની આવી નથી. પણ એ કાળલબ્ધિને જાણે કોણ? અંતર્દૃષ્ટિ થાય એને કાળલબ્ધિનું જ્ઞાન સાચું થાય. આ સમયે થયું એ કાળ એનો હતો. એકલી ધારણામાં કાળલબ્ધિની વાતું કરવી એનો અર્થ શું? સમજાણું કાંઈ? અરે! આવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? આહાહા!

**અને દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ વાંછે છે?** છેને. **सुखं त्वं संसृतेर्दुष्कृतेः वाञ्छसि**. આહાહા! એ પાઠ છે.... .... શોભાલાલની અપેક્ષાએ .... એમ છે. શેઠ! ક્યાં ગયા? શોભાલાલ નથી આવ્યા? આહાહા! આ ભગવાનદાસનું ચાલે છે અત્યારે તો. સમકિતી ભગવાનનો દાસ છે. કેવો ભગવાન? કે આવો...... આહાહા! એવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? પ્રભુ! એમ કહે છે. આવો ભગવાન પરમાનંદનો નાથ, ચૈતન્યના અમૃતના પૂરથી ભરેલો એની રુચિ કેમ કરતો નથી? આ પરમાં સુખ, ધૂળમાં સુખ, બાયડીમાં સુખ, પૈસામાં સુખ, શરીરમાં સુખ, પુણ્યના ભાવમાં સુખ (માને છો), આ શું તને થયું છે? સમજાણું કાંઈ? જેમાં નથી એમાં તું માંડીને બેઠો. ઉઠાવગીર છો. ખોટો ઉઠાવ કર્યો છે તેં માળા. આહાહા!

આવો ભગવાન આનંદથી બિરાજમાન, ઊંડે ઉતરતાં જણાય એવો, પ્રગટ થાય એવો, એમ. આહાહા! જરી સૂક્ષ્મ વાત છે. વાત તો આવી છે. આવું તત્ત્વ છે એની કેમ રુચિ કરતો નથી અને આમ કેમ જા છો? અહીં બહાર કેમ જા છો? એમ કહેવું છે. દુષ્કૃતરૂપ સંસારના સુખને... ધૂળમાંય સુખ નથી ક્યાંય. પૈસાવાળા બધા દુઃખી છે દુઃખી. શેઠ! તમને લોકો સુખી કહે. આ પૈસાવાળા દેખો! મોટા હજીરા, છ-છ લાખનો બંગલો કર્યો. ઓલું શું કહેવાય? આરસપહાણનો. ઓલાને ત્રણ લાખનો ગોદીકાને, ઓલાને ચાલીસ લાખનો. ધૂળમાં છે. એનું ટાણું આવ્યું છે... અહીં આવો. આહાહા! અહીં તો કહે છે કે ક્યાંય સુખ નથી, પ્રભુ! શું કરવું છે તારે? આહાહા! આ પાગલપણું શું થયું તને?

**સંસારના સુખને કેમ વાંછે છે? દુષ્કૃતરૂપી સંસારનું સુખ...** ભૂંડા જેમાં .... આહાહા! દુઃખમાં સુખ માને એ દુષ્કૃત છે કહે છે. સમજાણું કાંઈ? પુણ્યના પરિણામમાં પણ ઠીક માનવું એ દુષ્કૃત છે. આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ દુષ્કૃત છે, દુઃખ છે. આહાહા! એવા સંસારના સુખને કેમ વાંછે છે? સંતો કરુણાથી જગતને સંબોધે છે. એ ૩૯ ગાથા થઈ.

વિચારવંત ડાહ્યા પુરુષો, પાછા એમ લીધાને. **प्रेक्षावततां** છેને. અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ જીવતત્ત્વ એના જોનારાઓને અહીં ડાહ્યા ને વિચારવંત કહ્યા છે. બધું જગતનું જોવું છોડી દે. આ જો, આ જો, આમાં જો. ...માં આવે છે. ભગવાનને જોવા હજાર આંખ્યું કર. દુનિયાને જોવા આંધળો થઈ જા, એમ કહે છે. આવે છેને અનુભવપ્રકાશમાં. બહારની ચીજને જોવામાં આંખ બંધ કરી દે. અંદર જોવાને હજાર આંખ ખોલ. ઓહો! અરે! જ્યાં જોવાનું છે ત્યાં જોને, ત્યાં નજરું કરને. નથી જોવાનું ત્યાં નેત્ર બંધ કરી દેને. બહુ જોયા તેં હવે. અનંતકાળથી પરને જોયા. જેમાં દુઃખના નિમિત્ત ને દુઃખ એટલે ભાવ છે એને જોયા. આહાહા!

ભાઈ! જેમાં દુઃખ નથી, આનંદથી બનેલો પ્રભુ છે, ચૈતન્યના અમૃતનું પૂર છે, એને ઊંડો રાગથી ભિન્ન પાડીને, પ્રગટરૂપ કરીને જોને! આહાહા! સમજાણું કાંઈ? આવી વાત જરી આકરી લાગે. વાર્તા, દાખલા ન હોય. આમાં શું દાખલો...? વસ્તુ સીધી છે. આહાહા! દાખલો તું છો. આહા! પદ્મપ્રભમલધારિદેવ (કહે છે), **बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुष्कृतेः** આહાહા! પુણ્યના ભાવમાં પણ, એ ભાવ દુષ્કૃત છે. એમાં ઠીક છે, સુખ છે એવી વાંછા કેમ કરે છે? ભગવાન આનંદથી બનેલો છે ત્યાં જાતો નથી અને જેમાં દુષ્કૃત છે એની વાંછા કરે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ ૩૯ ગાથા થઈ. ૪૦.

**णो ठिदिबंधट्ठाणा पयडिट्ठाणा पदेसठाणा वा ।**
**णो अणुभागट्ठाणा जीवस्स ण उदयठाणा वा ॥४०॥**

જુઓ! અહીં ઉદય લીધો પાછો. વિભાવ સમુચ્ચય લીધો હતો, હવે ઉદયને જુદો પાડ્યો.

**સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,**
**અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ** કર્મની, **સ્થિતિબંધ**–મુદત, **અનુભાગબંધ**–રસ **અને પ્રદેશબંધ**–સંખ્યા, એના **સ્થાનોનો**–એના પ્રકારોનો **તથા ઉદયનાં સ્થાનોનો...** આહાહા! કર્મના ઉદયના સ્થાન... રાગનો ઉદય, દ્વેષનો ઉદય, ગતિનો ઉદય—એ બધા સ્થાનો ભગવાન આત્મામાં નથી. આહાહા! પાછા સ્થાન છે એમ સિદ્ધ કર્યું. જૈનદર્શનની વ્યવહારની પદ્ધતિ કેવી હોય એ પણ જોડે જણાવે છે. પ્રકૃતિ, પ્રદેશ કર્મમાં હોય છે, એવા ભેદ કર્મમાં હોય છે—એ વાત સર્વજ્ઞ સિવાય બીજે વ્યવહારની વાત પણ હોતી નથી. સમજાણું કાંઈ? **તથા ઉદયનાં સ્થાનોનો**

**સમૂહ જીવને નથી એમ કહ્યું છે.** આહાહા! ભગવાન આત્મામાં એ કર્મની પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગના પ્રકારો છે જ નહીં.

એવું જીવાસ્તિકાય તત્ત્વ તેને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો આ વિષય છે. એ વિષય હોવાથી સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં પણ આ વસ્તુ (-વિભાવ) છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! સમ્યગ્દર્શન શું ચીજ છે એ તો સાધારણ કરી નાખ્યું. સમજાણું કાંઈ? રત્નકરંડ શ્રાવકાચારમાં આવે છેને. પંડિતજી! રત્નકરંડ શ્રાવકાચાર. કર્ણધાર. કર્ણધાર છે, આખા વહાણને હલાવનારો એ કર્ણધાર છે. ભગવાન આત્માને હલાવનાર છે. કોની કોર જાવું, શું કરવું—એનો સમ્યગ્દૃષ્ટિ કર્ણધાર છે. સમજાણું કાંઈ? સારમાં સારરૂપ છે.......

જીવને પ્રકૃતિ, પ્રદેશસ્થાન વસ્તુ છે જ નહીં. ગોમ્મટસાર કહે, જીવને આ કર્મના પ્રકૃતિસ્થાન છે, જીવને કર્મ હોય, જીવને ત્રણ શરીર હોય, જીવને પર્યાપ્તિ આવી હોય, જીવને આટલા કર્મ બંધાય, જીવને આયુષ્ય બંધાય. એ બધો વ્યવહારનયનો વિષય ત્યાં જણાવ્યો. સમજાણું કાંઈ? લ્યો ઠીક. પ્રકૃતિ ને પ્રદેશ... આવે છેને દ્રવ્યસંગ્રહમાં. યોગથી પ્રકૃતિ ને પ્રદેશ, કષાયથી સ્થિતિ અને અનુભાગ. દ્રવ્યસંગ્રહમાં આવે છે. **योगात् प्रकृतिप्रदेशो स्थित्यनुभागौ कषायत: भवत:** (ગાથા ૩૩). હા, એ. પંડિતજીને મોઢે છે. યોગા પ્રકૃતિ પ્રદેશ. યોગને લઈને પ્રકૃતિ, પ્રદેશ. કષાયને લઈને સ્થિતિ ને અનુભાગ. કહે છે, યોગ ને કષાય એનાથી આ (બંધાય), એ બધું આત્મામાં નથી. એનો વિસ્તાર કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૭, ગુરુવાર, તા. ૧૧-૧-૧૯૭૩**
**ગાથા-૪૦, શ્લોક-૫૬-૫૭, પ્રવચન નં. ૧૯૭**

યે નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર હૈ. ઇસમેં શુદ્ધભાવકા અધિકાર હૈ. ભગવાન કુંદકુંદાચાર્યને શુદ્ધભાવકા અધિકાર કહા હૈ વહ ચલતા હૈ યહાં. 'શુદ્ધભાવ અધિકાર'કા અર્થ ક્યા? આત્મા ધ્રુવ નિત્ય શુદ્ધ, કર્મ બિનાકા, રાગ બિનાકા ઔર એક સમયકી પર્યાય બિનાકા ધ્રુવવસ્તુ નિત્યાનંદ ઉસકો યહાં શુદ્ધભાવ કહનેમેં આતા હૈ. સૂક્ષ્મ વિષય હૈ થોડા. ભાષા હિન્દી હૈ, પર ભાવ તો હોગા વહી રહેગા. શુદ્ધભાવ.. પર્યાયકી બાત નહીં હૈ યહાં. ત્રિકાલી ચિદાનંદ ભગવાન નિત્યાનંદ શુદ્ધ ધ્રુવ ઉસકો યહાં શુદ્ધભાવ કહા હૈ કિ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ. શુદ્ધભાવ હી સમ્યગ્દર્શનકા વિષય હૈ. સમજમેં આયા? ક્યા? પર્યાય હૈ કિ દ્રવ્ય હૈ? દ્રવ્ય. સમ્યગ્દર્શન તો પર્યાય હૈ, પરંતુ ઉસકા વિષય દ્રવ્ય હૈ. શુદ્ધભાવ અધિકાર હૈ. ત્રિકાલી પૂર્ણાનંદ પ્રભુ રાગ ઔર પર્યાયકી ક્રિયા બિનાકા શુદ્ધ ચૈતન્યઘન વહ સમ્યગ્દર્શનકા વિષય હૈ, ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ ઉસ કારણસે ઉસકો શુદ્ધભાવ કહનેમેં આતા હૈ.

**ટીકા : યહાં (ઇસ ગાથામેં) પ્રકૃતિબન્ધ...** પરમાણુમેં હોતી હૈ ન કર્મકી પ્રકૃતિ. વહ હૈ સહી ચીજ, પરંતુ વહ ભગવાન શુદ્ધ આત્મામેં હૈ નહીં. આહાહા! **પ્રકૃતિબન્ધ, સ્થિતિબન્ધ, અનુભાગબન્ધ ઔર પ્રદેશબન્ધકે સ્થાનોંકા...** સ્થાન એટલે પ્રકાર–ભેદ. **ઉદયકે સ્થાનોંકા સમૂહ...** શુભ-અશુભભાવકે ઉદયકા પ્રકાર વહ **જીવકો નહીં હૈ.** જીવ કહો કિ શુદ્ધભાવ કહો. આહાહા! ધ્રુવ ચિદાનંદ ભગવાન આત્મા દ્રવ્ય–વસ્તુ ઉસમેં પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પરમાણુકી–કર્મકી પ્રકૃતિ આદિ ઉસમેં હૈ નહીં. ઐસા આત્મા દૃષ્ટિ કરનેલાયક હૈ. ઉસ આત્મા ઉપર દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. જયંતિભાઈ! ઝીણી વાત છે થોડી. **જીવકો નહીં હૈ.** ઉસકા અર્થ, ઉસકી પર્યાય–એક સમયકી જીવકી પર્યાયમેં યે કર્મબંધ આદિકા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. ઝીણી વાત છે. ધ્રુવમેં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ નહીં. ક્યા કહા વહ? સમજમેં આયા?

ભગવાન આત્મા નિત્ય ધ્રુવ પરમસ્વભાવભાવ ઉસકો તો કર્મપ્રકૃતિકે સાથ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભી નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હો તો, ઉસકી વર્તમાન પર્યાય–જીવકી અવસ્થા ઔર કર્મ ઉસકો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. વસ્તુમેં તો યે હૈ નહીં. સમજમેં આયા? ઝીણી વાત છે ભાઈ! આહાહા! સમ્યગ્દર્શન ઉસકા વિષય શુદ્ધ ધ્રુવતત્ત્વ હૈ. સમ્યગ્દર્શનકા વિષય કર્મપ્રકૃતિ આદિ નહીં, રાગાદિ વિકલ્પ.. વ્યવહારરત્નત્રયકા રાગાદિ સમ્યગ્દર્શનકા વિષય નહીં અને ઉસકી એક સમયકી પર્યાય હૈ વહ ભી સમ્યગ્દર્શનકા વિષય નહીં. ધ્યેય નહીં. આહાહા! ત્રિકાલી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ ચિદ્–જ્ઞાન-આનંદઘન ધ્રુવ ઐસા

શુદ્ધભાવ વહ સમ્યગ્દર્શનકા વિષય હૈ, ઉસ દ્રવ્યમેં કર્મપ્રકૃતિકી ...... હૈ નહીં. આહાહા! એ પંડિતજી! આહાહા! આવી વાત છે. અબ ઉસકા વિસ્તાર.

**સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ...** હિન્દી દિયા હૈ હિન્દી? જરી સૂક્ષ્મ હૈ ન વિષય. માણસને શાસ્ત્ર હોય તો ઠીક પડે. સદા કૈસા હૈ ભગવાન આત્મા વસ્તુ ધ્રુવ નિત્યાનંદ? **સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... એની વ્યાખ્યા નીચે. જરી આ વિષય થોડો ઝીણો–સૂક્ષ્મ છે. થોડા સૂક્ષ્મ વિષય હૈ. **નિરુપરાગ = ઉપરાગ રહિત (ઉપરાગ = કિસી પદાર્થમેં, અન્ય ઉપાધિકી સમીપતાકે નિમિત્તસે...** કોઈ ભી ચીજમેં અન્ય ઉપાધિકી સમીપતાકે નિમિત્તસે **હોનેવાલા ઉપાધિકે અનુરૂપ...** જો ઉપાધિ હૈ ઉસકે અનુરૂપ. ઉપાધિ અનુકૂલ હૈ, ઉપાધિકે અનુરૂપ **વિકારી ભાવ, ઔપાધિક ભાવ, વિકાર, મલિનતા)** ઉસકો કહતે હૈં. હજી એટલું પણ નહીં સમજાય.

જૈસે સ્ફટિક રત્ન હૈ સ્ફટિક, (ઉસકે પાસ ફૂલ) હો લાલ-પીલા તો ઝાંય પડતી હૈ ન અંદર લાલ-પીલી. પર્યાયમેં લાલ-પીલી હૈ વહ અનુરૂપ હુઆ ઔર વહ ઉપાધિ નિમિત્તસે લગી હૈ વહ અનુકૂલ હુઆ. નિમિત્તકો અનુકૂલ કહતે હૈં ઔર નૈમિત્તિકકો અનુરૂપ કહતે હૈં. સ્ફટિકકી જો શુદ્ધતા હૈ ત્રિકાલ, ઉસમેં તો લાલ-પીલી ઝાંય પડતી હૈ વહ ઝાંય ઉસમેં–સ્ફટિક ત્રિકાલીમેં તો હૈ નહીં. ઝાંય હૈ વહ નૈમિત્તિક દશા હૈ ઔર લાલ ફૂલ આદિ ઉપાધિ વહ નિમિત્ત હૈ. તો નિમિત્તકો અનુકૂલ કહનેમેં આતા હૈ ઔર નિમિત્તસે યહાં સ્ફટિકમેં લાલ-પીલી દશા હુઈ વહ નૈમિત્તિક હૈ. નિમિત્તકે અનુરૂપ, જૈસા નિમિત્ત હૈ ઉસકે અનુરૂપ. ભાષા પણ. છેને. મૂલચંદભાઈ!

**ઉપરાગ રહિત (ઉપરાગ = કિસી પદાર્થમેં, અન્ય ઉપાધિકી સમીપતાકે નિમિત્તસે**... ઉપાધિ એટલે લાલ-લીલા ફૂલ. એ ઉપાધિ. સમીપતાકે નિમિત્તસે... સમીપતાકે નિમિત્તસે હોનેવાલે ઉપાધિકે અનુરૂપ... એ ઉપાધિને અનુરૂપ... ઉપાધિ અનુકૂળ અને ઉપાધિને અનુરૂપ આ બાજુ. વિકારીભાવ, ઉપાધિભાવ, વિકારભાવ ઉસકો યહાં ઉપરાગ કહતે હૈં. ઐસે આત્મામેં. આત્મા જો હૈ વહ તો ત્રિકાલી નિત્યાનંદ શુદ્ધ ધ્રુવ હૈ. ઉસકી પર્યાયમેં કર્મકી ઉપાધિકે નિમિત્તસે.. કર્મકી ઉપાધિકે નિમિત્તસે મલિનતાકા પરિણામ વહ અનુરૂપ હૈ. વહ અનુરૂપ(દશા) ઔર નિમિત્ત— દોનોં વસ્તુમેં હૈ નહીં. ભારે ઝીણું. સમજાણું કાંઈ? એ સુમનભાઈ!

ભગવાન આત્મામાં જડકર્મના નિમિત્તની ઉપાધિ નિમિત્ત અને એને અનુરૂપ અહીં પુણ્ય-પાપના, મિથ્યાભ્રાંતિ આદિ પર્યાય થાય એ ઉપાધિને એટલે નિમિત્તને આ અનુરૂપ છે અને અનુરૂપને એ ઉપાધિ નિમિત્ત અનુકૂળ છે. પણ બેય વ્યવહારમાં જાય છે. એ બેય ચીજ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આ તો સમ્યગ્દર્શનનો વિષય શુદ્ધભાવને સ્પષ્ટ કરે છે. આ હિંદી ચાલે છે. એ શેઠ! હિન્દીમાં દસ મિનિટ મોડા આવ્યા. આમ તો ગુજરાતી ચાલે છે, પણ આજે બહારથી (લોકો) આવ્યા છે. દસ મિનિટ મોડા તમે આવ્યા. દુકાને એમ (મોડા) જાતા હશો? રેલમાં જાવું હોય તો તરત ટિકીટ લઈને....

યહાં કહતે હૈં... ત્રીજી લીટી છે શેઠ! ૪૦ ગાથા છે. વ્યવહારથી તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ કેવું એ સમજાવે છે. અનંતકાળથી એણે એ અભ્યાસ કર્યો જ નથી. બહારની ક્રિયાકાંડનો અભ્યાસ, રાગનો. દયા, વ્રત, ભક્તિ, પૂજા એ બધો રાગ છે. રાગની ક્રિયાનો અભ્યાસમાં રહ્યો, એનાથી લાભ માન્યા હોય તો મિથ્યાત્વભાવ છે. આહાહા! પંડિતજી! 'સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ' ઈતને શબ્દમેં દો બાત આયી.

**ઐસે નિરંજન (નિર્દોષ) નિજ પરમાત્મતત્ત્વકો વાસ્તવમેં...** હવે એટલા.... સદા ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત કૈસા હૈ? **નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... જિસમેં, કર્મકા નિમિત્ત ઔર નિમિત્તકે લક્ષસે સંબંધસે ઉત્પન્ન હોનેવાલા વિકાર વહ અનુરૂપ. કર્મ નિમિત્ત વહ અનુકુલ, યે અનુરૂપ—દોનોં ચીજ ઉસમેં નહીં હૈ. નિરુપરાગ આત્મામેં ઉપરાગ હૈ હી નહીં. સમજાણું કાંઈ? એવી ભાષા...... સમજમેં આતા હૈ? **સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... કિસકા? આ શુદ્ધભાવ ઉપર અધિકાર કીધો એને કહ્યો જીવ, (જિસે) યહાં કહા 'નિરંજન નિજ પરમાત્મતત્ત્વ.' તીનોંકી એક વ્યાખ્યા હૈ. શુદ્ધભાવ કહો, જીવ કહો કિ નિરંજન નિજ પરમાત્મતત્ત્વ કહો—તીનોં એક હી હૈ.

ઐસા જો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્–શાશ્વત આનંદકંદ ધ્રુવ ઐસા નિરંજન પરમાત્મા સ્વયં નિજસ્વરૂપ ઉસમેં ઉપરાગ નહીં. ઉપરાગ અર્થાત્ ઉપાધિકે નિમિત્તસે ઉત્પન્ન હોનેવાલી પર્યાય ઉસકો ઉપરાગ કહતે હૈં. વહ ઉપરાગ અનુરૂપ હૈ, ઉપાધિ નિમિત્ત અનુકુલ હૈ. દોનોં ચીજ સ્વરૂપમેં નહીં. સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ? ઐસી બાત હૈ.

**સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... તીનોં કાલ ભગવાન આત્મા, વિકલ્પકી મલિનતા, રાગકી મલિનતા, વિકારકી મલિનતા રહિત તીનોં કાલ ભગવાન આત્મા હૈ. અભી–અત્યારે હોં. સદા હૈ ન. આહાહા! વસ્તુ દ્રવ્યસ્વભાવ પદાર્થ, વહ વસ્તુ તો સદા નિરુપરાગ હૈ. અર્થાત્ જેમાં ઉપરાગ એટલે મલિનતા (નથી). ઉપરાગ સમજતે હો? જેની સમીપતાથી અહીંયા રાગ થાય એને અહીં ઉપરાગ કહે છે. કર્મનું નિમિત્ત અને મલિનતા. પછી મિથ્યાભ્રાંતિ હો, રાગ-દ્વેષ આદિ વિષયવાસના હો—એ ઉપરાગ–મેલ છે. સદા નિરુપરાગ હૈ ભગવાન. આત્મામેં વહ મૈલ હૈ નહીં. આહાહા! સમજમેં આયા? આ તો સમજાય એવું છે.

... તો પર્યાયમેં મલિનતા હૈ. કહા ન. પર્યાયમેં મલિનતા અપનેસે હુઈ સ્વતંત્ર. વહ બાત અભી નહીં કહના હૈ. પર્યાયમેં મલિનતા હૈ વહ ભી સ્વતંત્ર ષટ્કારક પરિણતિસે મલિનતા ઉત્પન્ન હુઈ હૈ. ક્યા કહા? આત્મદ્રવ્ય ત્રિકાલી ધ્રુવ શુદ્ધ હૈ ઉસકી પર્યાય નામ અવસ્થા–હાલત, ઉસમેં જો વિકાર હુઆ વહ અપની પર્યાયમેં ષટ્કારકસે વિકાર હુઆ હૈ. પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સાધન વિગેરે. આ સર્વજ્ઞના કથનો છે ભાઈ! એ કાંઈ પામર પ્રાણી.... આહાહા! ભગવાન આત્મા ત્રિકાલી દ્રવ્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ જિસકો

આત્મા કહિયે, જિસકો જીવ કહિયે ઔર જિસકો શુદ્ધભાવ કહિયે, વહ ઉપરાગસે રહિત હૈ. સદા ઉપરાગસે રહિત હૈ. એટલે ઉપરાગની વ્યાખ્યા કરી. ઉપરાગકા અર્થ ક્યા? નીચે કહા ન.

**ઉપરાગ = કિસી પદાર્થમેં અન્ય ઉપાધિકી સમીપતાકે**... ઉપાધિકી સમીપતા નિમિત્ત. **સમીપતાકે નિમિત્તસે હોનેવાલી ઉપાધિકે અનુરૂપ**... ઉપાધિને અનુરૂપ. ઉપાધિ અનુકૂળ, ઉપાધિને અનુરૂપ આ બાજુ. જો **વિકારીભાવ, ઔપાધિકભાવ, વિકાર, મલિનતા** ઉસકો ઉપરાગ કહતે હૈં. ઉસ ઉપરાગ રહિત ભગવાન આત્મા હૈ. અરે! યહાં તો, વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ રાગ હૈ ઉસસે ભગવાન રહિત હૈ ઐસે કહતે હૈ. મુલચંદભાઈ! આવી વાત છે ભાઈ! બહુ ઝીણી છે. વ્યવહાર રત્નત્રય હૈ ન દેવ-ગુરુ-શાસ્ત્રકી (શ્રદ્ધા). દેવ-ગુરુ-શાસ્ત્ર હોં, ઉસકી શ્રદ્ધાકા વિકલ્પ, પંચમહાવ્રતકા વિકલ્પ–રાગ, શાસ્ત્રકા પઢનેકા રાગ—યે તીનોં ઉપરાગ હૈં, મલિનતા–વિકાર હૈ. યે ઉપરાગ, કર્મ(રૂપ) ઉપાધિ નિમિત્તકી સમીપતામેં યે ઉપરાગ અનુરૂપ હૈ. હુઆ હૈ અપની પર્યાયસે વિકાર, પરંતુ પર્યાયમેં કર્મકા–ઉપાધિકા નિમિત્ત હૈ ઔર નૈમિત્તિક વિકાર હુઆ વહ અપનેસે હુઆ હૈ. વિકાર અનુરૂપ જો હૈ વહ સ્વરૂપમેં નહીં. સમજમેં આયા?

વિકલ્પ સ્વયં વિકાર હૈ. વિકલ્પ ઉપરાગ હૈ. ઉપરાગ કહો કિ મલિનતા કહો. ........ એટલો રસ વધારે છે તમારાથી. ..... ના, ભાગ-બાગ નહીં મિલે. આ નિશાળે ભાગ લે છેને. આહાહા! ભગવાન આત્મા... પદ્મપ્રભમલધારીદેવકી ટીકા હૈ. મૂલ શ્લોક હૈ કુંદકુંદાચાર્ય મહારાજકા. દિગંબર સંત થે, ભગવાનકે પાસ ગયે થે, મહાવિદેહમેં આઠ દિન રહે છે. વહાંસે આકર યે શાસ્ત્ર બનાયા. કહતે હૈં, પ્રભુ આત્મા સચ્ચિદાનંદ, નિર્મલાનંદ, નિત્યાનંદ, ધ્રુવાનંદ ઐસા આત્મા ઉસમેં ઉપરાગ–મલિનતા હૈ હી નહીં. પર્યાયમેં હૈ, એક સમયકી અવસ્થામેં. વસ્તુમેં નહીં. સમજમેં આયા? આહાહા! ઉપરાગ... સમીપમેં આયા ન. કોઈ ભી પદાર્થમેં, ઉપાધિ દૂસરી ચીજ ઉસકી સમીપતામેં (અર્થાત્) નિમિત્તકે આશ્રયસે અપનેમેં વિકારીભાવ હો ઉસકો ઉપરાગ કહતે હૈં. યે ઉપરાગ વસ્તુ ચિદાનંદ સદા નિરુપાધિ ઉસમેં હૈ નહીં.

**સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... ભગવાન પરમાત્મા અપના નિજસ્વરૂપ, સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ. આહાહા! વ્યવહાર-બ્યવહારકે વિકલ્પકા સ્વરૂપ ઉસમેં નહીં. આહાહા! એય! દેવ-ગુરુ-શાસ્ત્રકી માન્યતાકા વિકલ્પ વહ તો રાગ હૈ, ક્યોંકિ ઉસમેં પરદ્રવ્યકા નિમિત્ત હૈ. વે નોકર્મ હૈં. અંદર કર્મ હૈ વહ જડકર્મ હૈ. ઉસકે સમીપમેં–નિમિત્તકી સમીપતામેં અપનેમેં મલિનતા ભાવ હો ઉસકો ઉપરાગ કહનેમેં આતા હૈ. ઉપરાગ, કર્મ ઔર નોકર્મ–બાહ્ય ચીજ વહ સબ વસ્તુમેં નહીં. **સદા નિરુપરાગ જિસકા સ્વરૂપ હૈ**... આહા! (નિરુપરાગ એટલે) રાગ તુટી ગયો? ઉપરાગ હૈ, નિમિત્ત કર્મ હૈ, નોકર્મ હૈ—વહ વસ્તુ હૈ, વ્યવહારનયકા વિષય હૈ. જૈનની શૈલી પ્રમાણે જે વ્યવહાર છે એ વ્યવહાર હોં. આવો વ્યવહાર બીજો ક્યાંય હોય નહીં, છતાં એ વ્યવહાર નિશ્ચય સ્વરૂપમાં નથી. સમજાય છે કાંઈ?

સદા.. 'સદા' શબ્દ પડ્યો છે જુઓ! ......... નિત્ય છે. આહાહા! નિત્ય... નિત્ય... **नित्यनिरुपरागस्वरूपस्य**.. નિત્યનો અર્થ સદા. ભગવાન... જહાં નજર કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ ઉસ ચીજમેં ઉપરાગ હૈ નહીં. ઉપરાગ એટલે મલિનતા. નિરુપરાગ એટલે મલિનતા રહિત આત્મા. **ઐસે નિરંજન નિજ પરમાત્મતત્ત્વકો**... ભગવાન નિજ પરમસ્વરૂપમેં **વાસ્તવમેં...** એટલે ખરેખર. **દ્રવ્યકર્મકે...** જડકર્મકે **જઘન્ય, મધ્યમ યા ઉત્કૃષ્ટ સ્થિતિબંધકે સ્થાન નહીં હૈં.** કર્મમાં જે મુદત–સ્થિતિ છે મધ્યમ, જઘન્ય, ઉત્કૃષ્ટ, એ ભગવાન આત્મામાં નથી. સમજમેં આયા? એક સમયકી પર્યાયકી મલિનતા ઉસકે સાથ કર્મકા નિમિત્ત સંબંધ હૈ. યહાં (કહતે હૈં), મલિનતા હૈ વહ ત્રિકાલીમેં નહીં. ઐસી દૃષ્ટિ કરાનેકો વસ્તુકી દૃષ્ટિ કરાતે હૈં. સમજાય છે કાંઈ?

જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિ હૈ ન કર્મકી સ્થિતિ–મુદત ઉસકા પ્રકાર. અંતર્મુહુર્ત સ્થિતિ (જઘન્ય), ૭૦ ક્રોડાક્રોડી (ઉત્કૃષ્ટ) સ્થિતિ હોતી હૈ કર્મકી, વહ આત્મામેં નહીં. ઉસમેં હૈ–કર્મમેં હૈ. આત્મામેં નહીં. લ્યો, પહલેસે અસ્તિ લિયા. ભગવાન ચિદાનંદકે અસ્તિત્વમેં કર્મકી નાસ્તિ હૈ લ્યો. અપના સ્વરૂપ ત્રિકાલ નિરુપરાગ હૈ. નિર્મલાનંદ પ્રભુ મલિનતાસે રહિત હૈ. આહાહા! એક વાત. ....... ......... ......... ભાવબંધ હૈ. ભાવબંધ અહીં નહીં. અહીં તો પ્રકૃતિબંધ થયો એ બંધ. કર્મના જે રસ આદિ પડ્યા છે એ બંધ. એ બંધ જડનો છે. એ જડનો બંધ રાગની નિમિત્તતામાં (થાય) તેને નિમિત્ત કહેવામાં આવે છે. એ રાગ–ઉપરાગ સદા ત્રિકાળીમાં નથી. અહીં તો..... સમજમેં આયા?

ત્રિકાલી નિત્યાનંદ ભગવાન ઉસમેં નજર કરનેલાયક હૈ. ઉસપર દૃષ્ટિ હોનેસે સમ્યગ્દર્શન–ધર્મકી શુરૂઆત હોતી હૈ. મોક્ષમાર્ગ છે કે નહીં અહીંયા? નિયમસાર મોક્ષમાર્ગકા અધિકાર હૈ ન. મોક્ષમાર્ગકે અધિકારમેં સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ વહ બાત સાથમેં હૈ. નિયમસાર હૈ ન. નિયમસારકા અર્થ નિશ્ચય મોક્ષમાર્ગ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન, નિશ્ચય ચારિત્ર કિસસે હોતા હૈ? કિ નિરુપરાગ ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા ઉસકે આશ્રયસે હોતા હૈ, ઉસકે અવલંબનસે હોતા હૈ. એ માટે અહીં નિરુપરાગ વસ્તુને સિદ્ધ કરી છે. સમજમેં આયા? ................ ............ ..........

**જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોંમેં ઉસ-ઉસ કર્મકે યોગ્ય ઐસા જો પુદ્ગલદ્રવ્યકા સ્વ-આકાર...** આકાર એટલે પુદ્ગલદ્રવ્યનો સ્વસ્વભાવ. પ્રકૃતિ બંધતી હૈ ન. **જ્ઞાનાવરણાદિ અષ્ટવિધ કર્મોંમેં ઉસ-ઉસ કર્મકે યોગ્ય ઐસા જો પુદ્ગલદ્રવ્યકા સ્વ-આકાર**... સ્વ-આકાર એટલે એનો સ્વભાવ. પુદ્ગલદ્રવ્યનો તે પ્રકારે પ્રકૃતિનો સ્વભાવ એ પ્રકૃતિબંધ. વહ સદા નિરુપરાગ ભગવાન આત્મામેં હૈ નહીં. છે જ નહીં પછી ચિંતા કેવી તારે? રાગ કરું, રાગ પાળું, કર્મ બાંધું—એ ચીજ છે જ નહીં વસ્તુમાં. સમજાણું કાંઈ? સ્વ-આકાર... સ્વઆકાર એ પ્રકૃતિબંધ. સ્વ-આકાર એટલે સ્વભાવ. એ કર્મની તે સમયની પર્યાયનો જે સ્વભાવ એને અહીંયા આકાર

કહેવામાં આવે છે. તે આત્મામાં છે નહીં. ભગવાન નિર્મલાનંદ પ્રભુ નિરુપરાગ ભગવાન ઉસમેં વહ હૈ નહીં. 'હૈ નહીં' એમ ક્યારે થાય? ધ્રુવ ઉપર દૃષ્ટિ કરનેસે ઇસમેં હૈ નહીં ઐસા અનુભવ હુઆ તબ 'હૈ નહીં' ઐસા યથાર્થ ખ્યાલ આયા. સમજમેં આયા? આહાહા!

આ તો સંતો–દિગંબર મુનિઓની કથની છે. ભગવાન પરમેશ્વરના કથન છે. આ કાંઈ રાંકા માણસની વાત નથી. .... પંડિત થઈ જાય. આહાહા! દિગંબર સંત એટલે કેવળજ્ઞાન લેવાની તૈયારીએ. એમના આ કથનો છે. એને સમજવા માટે કેટલી તૈયારી જોઈએ. સમજાણું કાંઈ? કહે છે કે એ મલિનતાનો ભાગ જ સ્વરૂપમાં નથી. આહાહા! પ્રકૃતિ(રૂપ) એનો સ્વભાવ પણ (નથી). **ઉસકે સ્થાન (નિરંજન નિજ પરમાત્મતત્ત્વકો) નહીં હૈં.** સ્થાન એટલે પ્રકાર. પ્રકૃતિના પ્રકારો છેને ઘણા. ... આદિ આત્મામેં નહીં.

**અશુદ્ધ અન્તઃતત્ત્વકે...** હવે પ્રદેશબંધની વાત કરે છે. જુઓ! આવ્યું આ. અશુદ્ધ અંતઃતત્ત્વ એટલે મલિન પર્યાય. **ઔર કર્મપુદ્ગલકે પ્રદેશોંકા પરસ્પર પ્રવેશ વહ પ્રદેશબન્ધ હૈ...** પર્યાયની મલિનતા ને કર્મના પ્રદેશનું આમ આવવું—એ બેય આત્મામાં છે નહીં. **કર્મપુદ્ગલકે પ્રદેશોંકા પરસ્પર પ્રવેશ વહ પ્રદેશબન્ધ હૈ, ઇસ બન્ધકે સ્થાન ભી (નિરંજન નિજ પરમાત્મતત્ત્વકો) નહીં હૈં.** ગોમ્મટસાર કહે કે આઠ કર્મ છે, એની પ્રકૃતિ છે, એની સ્થિતિ છે, જીવને છે એમ કહે ત્યાં લ્યો. એ વ્યવહારનયનું કથન છે. વહાં તો ઐસે આયે કિ નહીં? આઠ કર્મ હૈ જીવકો. જડકો કર્મ હૈ? જીવકો હૈ? વહ તો નિમિત્તકા જ્ઞાન કરાનેકો વહ બાત કી હૈ. વ્યવહારજ્ઞાન .... બતાતે હૈં. વહ સબ યહાં હૈ નહીં. ત્રિકાલી ભગવાન આત્મામેં વહ નહીં. ઐસી દૃષ્ટિ કરના. દ્રવ્યદૃષ્ટિ હો તો તબ ઉસમેં હૈ નહીં ઉસકા યથાર્થ જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા? આહાહા!

હવે અનુભાગ આવ્યો. **શુભાશુભ કર્મકી નિર્જરાકે સમય...** શુભ-અશુભ જડકર્મબંધ હૈ ન, ઉસકા વિપાક હોકર નિર્જરા (હુઈ). છૂટતે હૈં કર્મ. **સુખદુઃખરૂપ ફલ દેનેકી શક્તિવાલા વહ અનુભાગબન્ધ હૈ...** આત્મામેં સુખ-દુઃખકા પ્રશ્ન હી નહીં. ઉસમેં અનુભાગ હોતા હૈ જડમેં, **ઇસકે સ્થાનોંકા ભી અવકાશ** ભગવાન આત્મામેં હૈ નહીં. કર્મકા અનુભાગ તો અજીવ હૈ. વહ અજીવ ભગવાન સદા **(નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં) નહીં હૈ. ઔર દ્રવ્યકર્મ તથા ભાવકર્મકે ઉદયકે સ્થાનોંકા ભી...** યે ક્યા કહતે હૈં? જડકર્મનો ઉદય અને ભાવકર્મની પ્રગટતા—પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિ, કામ-ક્રોધ એવા ઉદયના સ્થાનોનો **અવકાશ**–હોના **(નિરંજન નિજ પરમાત્મતત્ત્વમેં) નહીં હૈ.** કહો, સમજાય છે કાંઈ?

દ્રવ્યકર્મ એટલે જડ. બધો સરવાળો લીધો ઓલા બધાનો. ભાવકર્મ એટલે શુભ-અશુભ વિકલ્પ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ વિગેરે એ પરિણામ ભાવકર્મ છે. એ ભાવકર્મના પ્રકાર અસંખ્ય છે. એના ઉદયના સ્થાન એટલે પ્રકાર, એનો અવકાશ ભગવાન

ત્રિકાળી ધ્રુવમાં છે નહીં. ભારે વાતું ભાઈ! બાયડી-છોકરા તો ક્યાંય રહી ગયા, પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા. અવકાશ નથી. આહાહા! ભાવકર્મનો વિકલ્પ જે છે એનો ભગવાન સ્વરૂપમાં અવકાશ નથી, રહેવાનું સ્થાન નથી. ભગવાન પૂર્ણાનંદ શુદ્ધ આનંદ ને જ્ઞાનથી ભરેલું તત્ત્વ એમાં શુભભાવ ને કર્મ એને અહીંયા રહેવાનું સ્થાન જ નથી, અવકાશ જ નથી. એનામાં– આત્મામાં છે નહીં. સમજાય છે કાંઈ?

એક-એક બોલમાં ચૈતન્ય શુદ્ધ સદાનંદ પ્રભુ... સદાનંદી પ્રભુ છે એ. સદા નિરુપરાગ કીધોને અહીંયા. મલિનતા નથી, સદા આનંદરૂપ છે પ્રભુ. નિત્યાનંદ પ્રભુ એમાં કર્મના ચાર પ્રકાર સ્થિતિ, અનુભાગ, પ્રદેશ આદિ છે નહીં. ઐસી અંતર્દૃષ્ટિ કરનેકે લિયે યે બાત કી હૈ. બાત કરનેકો બાત નહીં હૈ યહાં. કર્મકા પ્રકૃતિ આદિ નિમિત્ત ઔર ઉસકે અનુરૂપ મલિનતા ઉપરસે દૃષ્ટિ ઉઠા લે. કહો, સમજાય છે કાંઈ? ભગવાન શુદ્ધ ચૈતન્યદ્રવ્યકે આશ્રયસે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર(રૂપ) મોક્ષમાર્ગકી પર્યાય ત્રિકાલી પરમાત્માકે આશ્રયસે હોતી હૈ. કહો, સમજાય છે કાંઈ? આવું ઝીણું. તમારે બધે રખડવાનું ઘણું હોય. કોઈ દિ' આવ્યા હોય. ....... ........ આહાહા! અરે! આવી વાતું ક્યાં? બાપા! શું કહે?

પરદ્રવ્યના લક્ષે થતો વિકલ્પ, કહે છે કે નિરુપરાગી પ્રભુમાં છે નહીંને. દ્રવ્ય ઉપર ઐસી દૃષ્ટિ કરના. ઉસમેં મલિનતા નહીં. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરનેસે નિર્મલ સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા! સમ્યગ્દર્શન હુઆ વહ ખરેખર તો, ઉસમેં–ત્રિકાલી શ્રદ્ધામેં વહ પર્યાય થી શક્તિરૂપ વહ પ્રગટ હુઈ હૈ ઔર પ્રગટ હુઈ હૈ વહ સ્વતંત્રપને હુઈ હૈ. આયી યહાંસે પરંતુ વહ પર્યાય સ્વતંત્ર હૈ. ઉસ અપેક્ષાસે દ્રવ્ય ભી પર્યાયકા કર્તા નહીં. આહાહા! સમજાણું કાંઈ? યોગ્યતાકે પ્રમાણસે આતી હૈ ન પર્યાય. દ્રવ્ય હૈ વહ તો ત્રિકાલી હૈ. (દ્રવ્ય કર્તા નહીં હૈ ઇસલિયે) એકરૂપ પર્યાય ન આયી. ત્રિકાલી (કર્તા) હો તો તો એકરૂપ (આની ચાહિયે). .... ઘણા પ્રકાર છે. આશ્રય ભલે ઉસકા હૈ, પરંતુ પ્રગટ હુઈ પર્યાયકી અપની સ્વતંત્ર યોગ્યતા હૈ. જૈસે શુદ્ધ ધ્રુવ ત્રિકાલ સ્વતંત્ર હૈ ઐસે ઉસકે આશ્રયસે હુઈ પર્યાય ભી સ્વતંત્ર હૈ, ઇસ અપેક્ષાસે. સમજમેં આયા?

એવા ભગવાન આત્મામાં, ઓહોહો! કર્મપ્રકૃતિ નામમાત્ર નથી તો ત્યાં તને ભય શેનો? ક્યા ભય તુજે હુઆ? આહાહા! કર્મ અમારા માથે બોજો છે, કર્મકા બડા ભાર પડા હૈ. ધૂળેય નથી, સુન તો સહી! આહાહા! ભગવાન આત્મામેં કર્મ કહાંસે આયા? ઉસમેં (અપનેમેં) હો. **ઇસપ્રકાર (આચાર્યદેવ)...** હવે આધાર આપે છે પદ્મપ્રભમલધારિદેવ. **શ્રીમદ્ અમૃતચન્દ્રસૂરિને (શ્રી સમયસારકી આત્મખ્યાતિ નામક ટીકામેં ૧૧વેં શ્લોક દ્વારા) કહા હૈ:** ઉપર શ્લોક છેને.

न हि विदधति बद्धस्पृष्टभावादयोऽमी
स्फुटमुपरि तरन्तोऽप्येत्य यत्र प्रतिष्ठाम्।
अनुभवतु तमेव द्योतमानं समन्तात्
जगदपगतमोहीभूय सम्यक्स्वभावम् ॥

જુઓ! અહીં આવ્યું સરવાળો. મૂળ તો આ કહેવાનો આશય, ત્યાં સમ્યગ્દર્શન પ્રગટ કરવાની વાત છે, અર્થાત્ મોક્ષમાર્ગ ત્યાં પ્રગટ કરનેકી બાત હૈ.

**શ્લોકાર્થ : જગત...** જગતકા અર્થ–જગતમેં રહનેવાલે પ્રાણી. જગતમેં રહનેવાલે પ્રાણી–આત્માઓં **મોહરહિત હોકર...** પર તરફકી સાવધાની છોડકર... મોહરહિત હોકર (અર્થાત્) પર તરફકી સાવધાની છોડકર. .....? પરકી સાવધાની છૂટે કૈસે? અપની સાવધાનીમેં આયે તો પરકી સાવધાની છૂટતી હૈ. સમજમેં આયા? ઓહો! જગતના પ્રાણીઓ! ભગવાન અમૃતચંદ્ર આચાર્ય દિગંબર સંત પંચમ આરાના મુનિ જગતને જાહેર કરીને ઢંઢેરો પીટે છે, નગારા પીટતે હૈં. અરે જગતના પ્રાણીઓ! **મોહરહિત હોકર**... આહાહા! પર તરફકે વિકલ્પ આદિકી સાવધાની છોડ દે. આહાહા! **સર્વ ઓરસે પ્રકાશમાન ઐસે ઉસ સમ્યક્ સ્વભાવકા હી**... સર્વ પ્રકાશમાન ભગવાન ચૈતન્ય, દ્રવ્યમેં પ્રકાશ, ગુણમેં પ્રકાશ, પ્રદેશમેં પ્રકાશ, સર્વ પ્રકાશમય પ્રભુ હૈ. ચૈતન્યના નૂરનું પૂર પ્રભુ આત્મા.

ઐસા **સર્વ ઓરસે પ્રકાશમાન ઐસે ઉસ સમ્યક્ સ્વભાવકા હી**... દેખો! આહાહા! **અનુભવ** કરના ચાહિયે. આહા! વીતરાગી સ્વભાવકા અનુભવ કરના. અનુભવકા અર્થ? અનુભવ તો અપની પર્યાય હૈ. ઐસે રાગકા અનુભવ હૈ વહ મોહરહિત.... મોહરહિત (અર્થાત્) રાગાદિ પરિણામસે રહિત હોકર સ્વભાવકા અનુભવ કરો. નિત્યાનંદ ધ્રુવ પ્રભુ ઉસકા અનુભવ.. ઉસકા અનુભવ કહનેસે ઉસ તરફકી દશાકા અનુભવ કરો. ધ્રુવકા અનુભવ તો હોતા નહીં. વહ તો ધ્રુવ હૈ, પરંતુ ધ્રુવકા આશ્રય લિયા ઉસ પર્યાયકે અનુભવકો ધ્રુવકા અનુભવ કહનેમેં આતા હૈ. યે તો સમયસારકા કલશ હૈ. સુજાનમલજી! ઘણી વાર કહેવાય છે. બે વાર નહીં, અહીં તો ઘણી વાર કહેવાય છે. એક, બે, ત્રણ, ચાર વાર. ભાવનામાં ભલે....... આહાહા!

ભગવાન! તુજે મોક્ષમાર્ગકા કામ કરના હૈ ન કુછ. મોક્ષમાર્ગકા કાર્ય તો તબ હોતા હૈ કિ પર તરફકા લક્ષ, સાવધાની છોડકર... ઐસે બીચમેં ... હૈ ન. અપની ચીજમેં અંતરમેં એકાગ્ર હો, અપના ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસકા અનુભવ કરો. વહ અનુભવ કરના ચાહિયે. સમ્યક્-સ્વભાવકા હી અનુભવ કરના ચાહિયે. ત્રિકાલી ભગવાન શુદ્ધસ્વરૂપ ઉસ તરફકી દૃષ્ટિ કરકે અનુભવ ધ્રુવકા કરો, ઉસકા અર્થ પર્યાયકા, નિર્મલ પર્યાયકા સ્વલક્ષવાલા (અનુભવ) કરો. આહાહા! વાત કરી એમાં પહેલા તો આ છેને. કર્મ હૈ નહીં. પરંતુ 'કર્મ હૈ નહીં' ઉસકા અર્થ

ક્યા? પર તરફકી સાવધાન છોડકર સ્વસ્વરૂપમેં આ જાઓ ઔર ઉસકા અનુભવ કર. તુજે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉસસે હી હોગા. દૂસરે કિસીસે હોગા નહીં. સમજમેં આયા? યે તો સમયસારકી ચૌદહવીં ગાથાકા કલશ હૈ. ચૌદમી ગાથા, અબદ્ધસ્પૃષ્ટ.

**કિ જિસમેં યહ બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવ ઉત્પન્ન હોકર સ્પષ્ટરૂપસે ઉપર તૈરતે હોને પર ભી...** આહાહા! કર્મકા સંબંધ, રાગાદિ ઔર વિશેષભાવ.. વિશેષભાવ ઔર જ્વલન રાગ-દ્વેષકા દુઃખ—વે સબ ઉપર ઉપર તૈરતે હૈં, વસ્તુમેં નહીં. અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અણસંયુક્ત..... ચાર ભાવ જો હૈ બદ્ધસ્પૃષ્ટ, સંયુક્ત, અન્ય-અન્ય, વિશેષ... ઉસમેં સૂક્ષ્મ હૈ, સારા ચૌદહવીં ગાથાકા સાર હૈ. કર્મકા સંબંધ ઉપર ઉપર હૈ, અંદરમેં નહીં. અનેરી-અનેરી અવસ્થા હોતી હૈ વહ ભી ઉપર હૈ, અંદરમેં નહીં. વિશેષભાવ હોતા હૈ વહ ભી ઉપર હૈ, સામાન્ય દ્રવ્યમેં નહીં. સંયુક્ત, રાગ-દ્વેષસે સંયુક્તભાવ એકરૂપભાવ ઉસમેં નહીં. વહ ભાવ તો ઉપર-ઉપર તિરતે હૈં. ઉપર તિરતે હોનેસે... આહાહા!

**વાસ્તવમેં સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે.** ધ્રુવમેં ઉસે સ્થિતિ નહીં મિલતી. સમજમેં આયા? સમ્યગ્દર્શનકા વિષય શુદ્ધ ધ્રુવ ઉસમેં અબદ્ધસ્પૃષ્ટકી સ્થિતિ નહીં રહતી, હોતી નહીં. ઉપર-ઉપર તિરતે હૈં. બહુ ઝીણી વાત છે વજુભાઈ! આ તો બહુ પરિચય કરે તો સમજાય, નહીંતર જિંદગી ચાલી જાય છે. આહાહા! દુનિયાનું, સમાજનું, બહારનું, શું કહેવાય તમારી ભાષામાં? કોલેજનું, ઉઘરાણીનું. હમણાં આવ્યું છે, મોઢા આગળ જાય, ઉઘરાણીમાં જાય, ખરડો થાય ખરડો. ....... ........... આહાહા!

અહીં ભગવાન અમૃતચંદ્રાચાર્ય કહે છે, પ્રભુ! સુન તો સહી! બદ્ધસ્પૃષ્ટ, વિશેષ, અનિત્ય પર્યાય.. આહાહા! ધ્રુવસ્વભાવ ઉપર ઉપર તિરતી હૈ, ધ્રુવમેં પ્રવેશ નહીં કરતી. સમજમેં આયા? મલિનતા ઔર વિશેષભાવ સબ ઉપર-ઉપર તૈરતે હૈં. ધ્રુવ ભગવાન નિત્યાનંદ પ્રભુ સદા નિરુપરાગ પરમાત્માકે ઉપર હૈ, અંદરમેં પ્રવેશ કરતા હી નહીં. ઉસપર દૃષ્ટિ કર. આહાહા! જિસમેં ઉસકા પ્રવેશ નહીં ઐસી ચીજ પર દૃષ્ટિ કર, તુજે આત્મજ્ઞાન હોગા, તુજે સુખ હોગા, તુજે શાંતિ મિલેગી. દૂસરે કહીં શાંતિ, સુખ હૈ નહીં.

**વાસ્તવમેં સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે**. વાસ્તવ એટલે ખરેખર. ખરેખર નિત્યાનંદમેં પર્યાયકા ને મલિનતાકા પ્રવેશ નહીં. આહાહા! વ્યવહાર પણ સિદ્ધ કરતા આવ્યા છે હોં. બદ્ધસ્પૃષ્ટાદિ છે ખરું વ્યવહારે. એ જૈન સિવાય બીજે હોય નહીં. વ્યવહારનયનો વિષય છે. સમજમેં આયા? વ્યવહારનયકા વિષય હૈ. બદ્ધસ્પૃષ્ટ, વિશેષ, અનેરી-અનેરી અવસ્થા, રાગ-દ્વેષ..... અસ્તિ હૈ વ્યવહારસે. વ્યવહાર .... વ્યવહાર હૈ ઐસા જાનને યોગ્ય હૈ, આદરને લાયક નહીં. **બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવ સ્પષ્ટરૂપસે ઉપર તિરતે હોને પર ભી**... ઉપર હોને પર ભી **વાસ્તવમેં સ્થિતિકો પ્રાપ્ત નહીં હોતે**. અંદરમેં સ્થિતિ મિલતી નહીં. આહાહા! ભગવાન

નિત્યાનંદ પ્રભુ જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, ઉસમેં બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવકો સ્થિતિ પ્રાપ્ત હોતી નહીં. આહાહા!

હવે પોતે મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે. **(૪૦વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ દો શ્લોક કહતે હૈં ) :–**

**नित्यशुद्धचिदानन्दसंपदामाकरं परम् ।**
**विपदामिदमेवोच्चैरपदं चेतये पदम् ॥५६॥**

**શ્લોકાર્થ : જો નિત્ય-શુદ્ધ ચિદાનન્દરૂપી સમ્પદાઓંકી ઉત્કૃષ્ટ ખાન હૈ...** આહાહા! ભગવાન આત્મા તો નિત્ય-શુદ્ધ ચિદાનંદરૂપી સંપદાઓંકી ઉત્કૃષ્ટ ખાન હૈ. આટલા તો વિશેષણ વાપર્યા છે! કૈસા હૈ આત્મા નિત્યાનંદ પ્રભુ કિ જિસકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ? નિત્ય-શુદ્ધ ચિદાનંદ–જ્ઞાનાનંદરૂપી સંપદા–જિસકી લક્ષ્મી હૈ. ઉસકી ઉત્કૃષ્ટ ખાન હૈ. ખાણ.. ખાણ. હીરાકી ખાન હોતી હૈ ન. એ મહેન્દ્રભાઈ! એ તો ધૂળની છે. આ હીરાની ખાણ છે. ઓલા દુર્લભજીના છોકરાને મળ્યો હતોને પન્નાનો કાંઈ કોન્ટ્રાક્ટ. શું કહેવાય એ? તીન, ચાર અબજ રૂપિયા હો ગયા. જયપુર. ધૂળમાંય નથી. યે તો જડકા હૈ. તેરા કહાં હૈ? આ ખાણ તો મોટી.......

સમ્યક્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રત્ન છે, ત્રણ રત્ન છે ત્રિરત્ન. ઐસા તો અનંત-અનંતા રત્નસે ભરા ભગવાન હૈ. યે પર્યાય એક સમયકી હૈ ઉસકો રત્ન કહા. ત્રિરત્નકા ફલ મોક્ષ, કેવલજ્ઞાન તો મહારત્ન હૈ. ઐસી મહારત્ન કેવલજ્ઞાનકી પર્યાય ભી અનંતી-અનંતી આત્મામેં પડી હૈ, ઐસી ખાન હૈ. સમજમેં આયા? આહાહા! અરે! ઉસકા માહાત્મ્ય આયા નહીં કભી. વ્યવહારકા માહાત્મ્ય, પર્યાયકા માહાત્મ્ય, નિમિત્તકા માહાત્મ્ય, મિથ્યાત્વભાવ હૈ. ભારે આકરું કામ. નિત્ય-શુદ્ધ ચિદાનંદ–જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન ઐસી સંપદા–લક્ષ્મીકી ઉત્કૃષ્ટ ખાન હૈ. આ ખાણનો સમ્યગ્દર્શને કબજો લઈ લીધો. સમ્યગ્દર્શનને ઐસી ખાનકા કબજા લે લિયા. અબ ખાન અપની હો ગઈ, અંદરમેં એકાગ્ર હોકર નિકાલના હો (ઉતના) નિકાલો. આહાહા!

પૂર્ણાનંદ નિત્યાનંદ ઉત્કૃષ્ટ લક્ષ્મી ભગવાન આત્મામેં પડી હૈ. સમ્યગ્દર્શનને કબજા લે લિયા હૈ, કોન્ટ્રાક્ટ ઉસને લે લિયા હૈ. ઉસમેંસે જિતના નિકલેગા ઉતના હમારા માલ હૈ. કિસીકા અધિકાર નહીં. આહાહા! અરે! વીતરાગમાર્ગ ક્યા હૈ ખબર નહીં, અબ કુછ કરો, ક્રિયા કરો, આ કરો, ઉસસે ધર્મ હો જાયેગા. અશુભસે બચનેકો ભાવ હોતા હૈ, પરંતુ વહ (ભૂતાર્થ) ચીજ નહીં. નિત્યાનંદકી ખાન હૈ **ઔર જો વિપદાઓંકા અત્યન્તરૂપસે અપદ હૈ...** અનેકાંત કિયા. અપની નિજ ચીજ આત્મામેં અનંત આનંદકી ખાન હૈ ઔર વિપદાકા અભાવ હૈ ઉસમેં. સંપદાકી ખાન હૈ ઔર વિપદાકા અપદ હૈ. વિપદાકા સ્થાન વહ હૈ નહીં. આહાહા! ઘણું ઝીણું.

**વિપદાઓંકા અત્યંતરૂપસે અપદ હૈ**... ઐસા પાઠ હૈ. અપદ છે, એ સ્થાન જ નથી. વિપદાકા સ્થાન હી નહીં. સંપદાનું સ્થાન, વિપદાનું અસ્થાન–અપદ છે. એવો ભગવાન શુદ્ધભાવ અર્થાત્ જીવસ્વભાવ, દ્રવ્યસ્વભાવ વહ વિપદાકા અપદસ્થાન હૈ. **(અર્થાત્ જહાં વિપદા બિલકુલ નહીં હૈ).** આહાહા! **ઐસે ઇસી પદકા...** ઐસે ઇસી પદકા **મૈં અનુભવ કરતા હૂં.** લ્યો, ભાષા તો આવી છે. જિસમેં પૂર્ણ સંપદા હૈ આત્માકી, ઐસે પદકા... ઐસે પદકા મૈં... 'મૈં' કોણ કહે છે? એ તો પર્યાય કહે છે. દ્રવ્યમેં તો 'મૈં' (ઐસા વિકલ્પ) હૈ નહીં. ઇસ પદકા મૈં... પર્યાય–દૃષ્ટિ પડી હૈ ન દ્રવ્ય ઉપર–શુદ્ધ ઉપર, તો પર્યાય કહતી હૈ કિ ઇસ પદકા મૈં અનુભવ કરતી હૂં. પર્યાય નામ અવસ્થા, હાલત. હાલત પડી હૈ દ્રવ્ય ઉપર. સમજમેં આયા?

હાલત કહતી હૈ કિ મૈં ઇસ પદકા અનુભવ કરતા હૂં. આહાહા! સમજમેં આયા? **ઇસી પદકા**... 'ઇસી પદ' તો ધ્રુવ હુઆ ત્રિકાલી ધ્રુવ. જિસમેં સંપદાકી ખાન હૈ ઔર આપદાકા અભાવ હૈ ઐસી ખાન (ઉસકા) **મૈં અનુભવ કરતા હૂં.** પર્યાયકે અનુભવમેં પર્યાય ઐસે કહતી હૈ કિ મૈં ઇસ ખાનકા અનુભવ કરતી હૂં. આહાહા! 'અનુભવ કરતા હૂં' વહ મોક્ષમાર્ગ. ..... મૈં અનુભવ કરતા હૂં આનંદકી ખાનકા, શ્રદ્ધા-જ્ઞાન-શાંતિમેં અનુભવ કરતા હૂં વહ મોક્ષકા માર્ગ નિયમસાર. સમજમેં આયા? નિયમસાર, અપને ધ્રુવકે આશ્રયસે પર્યાય ઉત્પન્ન હુઈ ઉસકે સિવા નિયમસાર કહીં બહાર નહીં હૈ. યે તો વાચક શબ્દ હૈ. ઉસકા વાચ્ય ભગવાન આનંદકી ખાન અનંત-અનંત સંપદા–લક્ષ્મી પડી હૈ, જિસમેં વિપદાકી ગંધ નહીં, વિપદાકા તો અત્યંત અપદ હૈ—ઐસી ચીજકા મૈં અનુભવ કરતા હૂં. અનુભૂતિ...... આહાહા! યે નિયમસાર હૈ, યે મોક્ષકા માર્ગ હૈ. બીજો શ્લોક.

**यः सर्वकर्मविषभूरुहसंभवानि**
**मुक्त्वा फलानि निजरूपविलक्षणानि।**
**भुंक्तेऽधुना सहजचिन्मयमात्मतत्त्वं**
**प्राप्नोति मुक्तिमचिरादिति संशयः कः॥५७॥**

**શ્લોકાર્થ :** અરે! **(અશુભ તથા શુભ) સર્વ કર્મરૂપી વિષવૃક્ષોંસે ઉત્પન્ન...** આહાહા! કર્મરૂપી ઝેરના ઝાડ. આવે છે સમયસારમાં, 'વિષવૃક્ષ'. ભગવાન અમૃતનું ઝાડ છે. ઝાડ કહતે હૈં ન? પેડ. અને કર્મ ઝેરનું ઝાડ છે. આહાહા! સમજમેં આયા? .... વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. કરવાયોગ્ય આ કર્તવ્ય છે. બીજું કર્તવ્ય શું? ભાઈ! ભગવાનકા તત્ત્વ હૈ ઐસા. ..... **સર્વ કર્મરૂપી વિષવૃક્ષસે ઉત્પન્ન હોનેવાલે, નિજરૂપસે વિલક્ષણ...** આહાહા! શુભ-અશુભરાગ વહ જહરકે ઝાડકા ફલ હૈ. **ઐસે ફલોંકો છોડકર...** આહાહા! યે કૈસા હૈ? નિજરૂપસે વિલક્ષણ હૈ. શુભાશુભભાવ અપને નિજ સ્વરૂપસે વિલક્ષણ—વિપરીત લક્ષણવાલી ચીજ હૈ. આહાહા! સમજમેં આયા?

**ઐસે ફ્લોંકો છોડકર જો જીવ ઇસી સમય...** આ જ સમયે, એમ કહે છેને? **અધુના.. અધુના** શબ્દ પડ્યો છે. આજથી જ શરૂ કરી દે. પછી કરીશું, પછી કરીશું એમ નહીં. આહાહા! **ઇસી સમય સહજચૈતન્યમય આત્મતત્ત્વકો ભોગતા હૈ...** દેખો! કૈસા હૈ આત્મા? સહજ ચૈતન્યમય જ્ઞાનાનંદમય આત્મતત્ત્વ, યૂં. ઉસકો જો ભોગતા હૈ. 'ભોગતા' તો પર્યાય હૈ, પરંતુ વહ ધ્રુવ તરફ ઝૂકી હૈ તો 'ઉસે ભોગતા હૈ' ઐસા કહતે હૈં. **વહ જીવ અલ્પ કાલમેં મુક્તિ પ્રાપ્ત કરતા હૈ...** નિયમસાર ભી કહા, અનુભવકો નિયમસાર કહા. વહ જીવ અલ્પકાલમેં મુક્તિ (અર્થાત્) નિયમસારકા ફલ મુક્તિ (પ્રાપ્ત કરેગા) **ઇસમેં ક્યા સંશય હૈ?** આહાહા! રાગ-દ્વેષકા ફલ છોડકર ભગવાન આનંદકા અનુભવ કરતા હૈ (ઉસકી) અલ્પકાલમેં મુક્તિ હોગી (ઇસમેં) સંશય ક્યા? આહાહા!

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૯, શનિવાર, તા. ૧૩-૧-૧૯૭૩**
**ગાથા-૪૧, પ્રવચન નં. ૧૯૮**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ તો એ કે જીવનું વાસ્તવિક–નિશ્ચય સ્વરૂપ. વાસ્તવિક–યથાર્થ–નિશ્ચય તે સત્ય. એક સમયની પર્યાય ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ એ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, ઔદયિકભાવ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. વસ્તુ પરમપારિણામિકભાવ નિશ્ચયનયનો વિષય છે. સમજાણું કાંઈ? ત્રિકાળી સત્ય વસ્તુ ધ્રુવ એ પારિણામિક... પારિણામિક કહો કે અપરિણામી કહો. સહજ સ્વભાવરૂપ ત્રિકાળ એકરૂપ નિત્ય ધ્રુવ એને અહીંયા જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઝીણો વિષય છે ૪૧મી ગાથા. ગાથા લઈએ જુઓ!

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा॥४१॥**

નીચે હરિગીત.

**સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;**
**સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.**

એની **ટીકા : ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા...** એટલે? એક સમયની જે પર્યાય છે કેવળજ્ઞાનાદિ કે રાગાદિ, એ બધા ભાવને અહીંયા વિભાવસ્વભાવ કહે છે. ક્ષાયિકભાવ પણ વિભાવસ્વભાવ છે. વિભાવ એટલે વિશેષભાવ. એક સમયની પર્યાયનો વિશેષભાવ. ચાર વિભાવસ્વભાવ—ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક. ચાર ભાવ.. ખુલાસો આવશે. એ ચારેય પર્યાય છે. ઉદય વિકારી પર્યાય છે, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક.... ઉપશમ, ક્ષયોપશમ અપૂર્ણ શુદ્ધ પર્યાય છે, ક્ષાયિક પૂર્ણ શુદ્ધ પર્યાય છે. ઝીણી છે વાત. એ ચારેયને વિભાવસ્વભાવ કહ્યા છે.

કેમકે ત્રિકાળી અહીં શુદ્ધભાવ કીધો. ત્રિકાળી શુદ્ધભાવ, ધ્રુવ સહજ પરમપારિણામિક સ્વભાવભાવ જે સમ્યગ્દર્શનનો વિષય છે, કે જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય, જેને આશ્રયે ચારિત્ર થાય, જેને આશ્રયે શુક્લધ્યાન ને કેવળજ્ઞાન થાય. એવો જે પરમસ્વભાવભાવ ત્રિકાળી, એની અપેક્ષાએ આ ચાર ભાવ એક સમયની પર્યાય...... એ વિભાવસ્વભાવનું .... છે. અહીં તો વિભાવ નામ વિશેષભાવ. એક વિકારીભાવ, ત્રણ વિશેષભાવ એમ કહીને ચારેયને વિભાવસ્વભાવ કહેવામાં આવે છે.

એ દ્વારા **પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.** જે અધિકાર આપણે ચાલે છે શુદ્ધભાવ. ત્રિકાળી શુદ્ધભાવ, જેમાં પર્યાય પણ નથી, જેમાં કેવળજ્ઞાન નથી, જેમાં ક્ષાયિકભાવ નથી— એવો જે શુદ્ધભાવ ઉપર કહ્યો ધ્રુવ, એ પરમપારિણામિકભાવ પંચમભાવના સ્વરૂપનું કથન છે. બહુ ઝીણું છે. **ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા**... ચાર પર્યાયના સ્વભાવના કથન દ્વારા **પંચમભાવના સ્વરૂપનું**... એ ચાર ભાવ જેમાં નથી. સમજાય છે કાંઈ? એ ચાર પર્યાયભાવ જે જીવમાં નથી એને જીવ કહીએ. આહાહા! નિશ્ચયજીવ, સત્યજીવ, ભૂતાર્થજીવ. **भूदत्थमस्सिदो खलु**.. આવે છેને ૧૧મી ગાથામાં. ભૂતાર્થને આશ્રયે સમકિત થાય છે. ભૂતાર્થ એ પંચમ(ભાવ) પારિણામિકભાવ શુદ્ધભાવ. સમજાણું કાંઈ?

ધર્મની પર્યાય કે વિકારની પર્યાય એ બધી અવસ્થાઓ છે, એને અહીંયા વિભાવ-સ્વભાવ કહ્યા છે, એ ત્રિકાળી પરમસ્વભાવમાં નથી. જેને અહીં શુદ્ધભાવ કહ્યો છે, જેને જીવ કહ્યો છે, એ જીવને નથી. સમજાણું કાંઈ? કેમકે એક સમયનો પર્યાય તે અભૂતાર્થ છે, વ્યવહારનયનો વિષય છે એથી અભૂતાર્થ છે. એ ભૂતાર્થ ત્રિકાળી ભગવાન આત્મામાં નથી. પરમપારિણામિક સ્વભાવભાવ, શુદ્ધભાવ, જીવભાવ, ત્રિકાળીભાવ, જીવભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનની ... છે. કહો, મૂલચંદભાઈ! એને ત્રિકાળી સહજભાવ (કહ્યો). એ ચાર ભાવ દ્વારા, એમ. 'નથી' એમ કહીને પંચમભાવના સ્વરૂપનું કથન છે. આહા!

પર્યાયમાં–અવસ્થામાં છે, એ કાંઈ જડમાં નથી. જેને તત્ત્વાર્થસૂત્રમાં જીવતત્ત્વ કહ્યું છે લ્યો. 'સ્વતત્ત્વં જીવતત્ત્વ..' સ્વતત્ત્વ જેને જીવતત્ત્વ કહ્યું, એને અહીં જીવમાં નથી એમ કહ્યું. ઓલામાં–તત્ત્વાર્થસૂત્રમાં પરથી જુદા પાડવાની વાત હતી. અહીં અધ્યાત્મદૃષ્ટિમાં પર્યાયથી જુદો બતાવવો છે. ત્યાં એને જીવતત્ત્વ કહ્યું, સ્વતત્ત્વ કહ્યુંને તત્ત્વાર્થસૂત્રમાં. દૂસરા અધ્યાય. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ જીવતત્ત્વ છે, પંચમપારિણામિક એ જીવતત્ત્વ છે. પાંચેયને જીવતત્ત્વ કહ્યા છે. અહીં કહે છે કે જીવતત્ત્વ તો એને કહીએ, કે ચાર ભાવ જેમાં ન હોય એને જીવતત્ત્વ કહીએ. દ્રવ્યસ્વરૂપ એ જીવતત્ત્વ. ઓલું પર્યાય સહિતનું જીવતત્ત્વ. સમજાણું કાંઈ? આવી વાતું... વ્રત પાળવા, દયા પાળવી, ભક્તિ કરવી એ સહેલું લાગે. આ શું કહે છે? આનાથી લાભ સમ્યગ્દર્શન, આનંદનો. બાકી વ્રત, તપની ક્રિયામાં દુઃખ, આકુળતા છે. કહો, સમજાય છે કાંઈ? વળી ચાર વિભાવસ્વભાવની વ્યાખ્યા કરે છે.

**કર્મોના ક્ષયે જે ભાવ હોય...** ભાવ શબ્દે પર્યાય છે. કર્મોના ક્ષયમાં અથવા કર્મોના ક્ષયના સદ્ભાવમાં... જેમાં નિમિત્તપણાનો અભાવ છે એટલું છે. ક્ષાયિકભાવમાં કર્મના નિમિત્તનો અભાવ છે. ..... વાત છે ભાઈ! આ ૪૧ ગાથા તો. કર્મોના ક્ષયનો સદ્ભાવ એવો જે આની કોર થતો ભાવ એ ક્ષાયિકભાવ છે. કર્મનું પહેલાં નિમિત્ત હતું એના સંબંધમાં રાગ હતો ઉદય, એના અભાવમાં ક્ષાયિકભાવ. એમ કહીને કર્મોની ક્ષયની જેમાં હયાતી છે એવો જે

ભાવ, ક્ષયની હયાતી એવો જે ભાવ તેને **ક્ષાયિકભાવ** કહીએ. ધીમે ધીમે પકડવું, માર્ગ તો જે એ છે. ..... પરમ સ્વભાવભાવ સાંભળવાય મળ્યો ન હોય, એને તો એમ લાગે કે આ શું કહે છે? શેની માંડી છે? માંડી છે પ્રભુ! તારી. તું કેવડો મોટો? કે જેમાં ક્ષાયિકભાવ પણ નથી એવડો તું મોટો છો. મોટા સમજતે હૈં ન? બડા.

**કર્મોના ક્ષયે** એટલે કર્મોના ક્ષયમાં એટલે કર્મોના ક્ષયના સદ્ભાવમાં જે ભાવ હોય તેને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. ધીમે ધીમે સમજવું ભગવાન! આ તો માર્ગ એવો છે. મહાપ્રભુ બિરાજે છે અંદર, જેમાં કેવળજ્ઞાનની પર્યાય નથી, આહાહા! જેમાં પ્રગટ અનંત આનંદ, કેવળજ્ઞાન (આદિ) ચતુષ્ટય પ્રગટે એનો પણ જેમાં સ્પર્શ નથી. એવી જે ચીજ ત્રિકાળી એને અહીંયા પરમસ્વભાવભાવ જીવ કહ્યો છે, એને જીવ કહ્યો છે. પર્યાયનો જીવ એ તો વ્યવહારનયનો જીવ છે. એમાં ભેદ પાડીએ તો પર્યાયવાળો જીવ એ વ્યવહારજીવ છે. દ્રવ્યજીવ તે નિશ્ચયજીવ છે. પર્યાય અસત્ છે, આ સત્ છે. અસત્ છે એટલે કાયમ ટકતું નથી. ઝીણી વાત છે ઘણી. ભગવાન! તારી વાત છે. આહા!

શરીર, વાણી, મન એ તો જીવને ત્રણે કાળ નથી, પણ જેમાં એક સમયની પર્યાય છે રાગની કે ક્ષાયિકની પર્યાય, એ પર્યાય પણ વસ્તુ ભગવાનમાં નથી. નિત્યાનંદ ભૂતાર્થ આત્મા, ખરો આત્મા, નિશ્ચય આત્મા, પરમસત્ય આત્મા એમાં તો પર્યાયનો અભાવ છે. સમજાણું કાંઈ? એમ બતાવીને એની દૃષ્ટિ કરાવવા એ બતાવે છે. આશ્રય કરવાલાયક હોય તો એ ચીજ છે. ભગવાનનો તીર્થંકરનો આશ્રય નહીં, પંચપરમેષ્ઠીનો આશ્રય નહીં, પોતાની પર્યાયનોય આશ્રય નહીં. પંડિતજી! આહાહા! કર્મના ક્ષયનું નિમિત્ત એની હયાતી નિમિત્તપણે છે એવા ભાવને ક્ષાયિકભાવ કહે છે. **કર્મોના ક્ષયોપશમે જે ભાવ**... ક્ષયોપશમ (એટલે) કંઈક ઉદય ને કંઈક ક્ષય-ઉપશમ એવો ભાવ એને ક્ષયોપશમભાવ (કહે). એમાં પણ કર્મનો ક્ષય-ઉપશમના સદ્ભાવની હયાતી છે એટલે એને ક્ષયોપશમભાવ કહ્યો. એનો વિસ્તાર કરશે.

**કર્મોના ઉદયે જે ભાવ હોય તે ઔદયિકભાવ છે.** કર્મના નિમિત્તના સંબંધમાં પોતાની પર્યાયમાં સ્વતંત્રપણે જે વિકાર થાય તેને ઔદયિકભાવ કહેવામાં આવે છે. **કર્મોના ઉપશમે જે ભાવ હોય...** જે ઔપશમિકભાવમાં કર્મના ઉપશમનો સદ્ભાવ છે, કર્મનો ઉપશમ પરભાવ... વ્યવહારનય છેને. નીચે કર્યો છે ખુલાસો. **વ્યહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે**... પાછો અહીં જીવનો ભાવ કીધો એ પર્યાય. વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવની જે પર્યાયમાં આવે તે ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **ઉપશમે જે ભાવ હો**ય તે **ઔપશમિકભાવ છે.**

**સકળ કર્મોપાધિથી વિમુક્ત એવો...** એટલે? પહેલાં કર્મ હતા ને મુક્ત થયો, એ હતા ને ક્ષય થયો—એ તો ક્ષાયિકને લાગુ પડે છે. આને તો કોઈ દિ' કર્મ હતા જ નહીં. એ ક્ષાયિકને

લાગુ પડે. કર્મ હતા એને ક્ષયના સદ્ભાવમાં જે ભાવ પોતાથી સ્વતંત્ર પ્રગટ થાય એને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. એ ક્ષાયિકભાવ પણ વસ્તુમાં નથી. જેને અહીંયા જીવ કહીએ, જેને અહીંયા શુદ્ધભાવ કહીએ, જેને નિશ્ચય સત્ય આત્મા કહીએ સત્યાત્મા—એમાં આ ચાર ભાવ છે નહીં. સમજાણું કાંઈ? **પરિણામે જે ભાવ હોય...** સકળ કર્મોપાધિથી વિમુક્ત એટલે કોઈ દિ' એને કર્મ છે જ નહીં. હતા ને અભાવ થયો એવું પણ એમાં નથી. **સર્વ કર્મોપાધિથી વિમુક્ત એવો પરિણામે જે ભાવ હોય...** પરિણામે એટલે સહજભાવે જે ભાવ હોય. પરિણામે એટલે પર્યાયની વાત નથી. પર્યાય ને પરિણામ એ અહીં નહીં. પરિણામે એટલે તે સહજભાવે જે ભાવ હોય **તે પારિણામિકભાવ છે.** તેને ભગવાન પારિણામિકભાવ કહે છે. કહો, સમજાણું આમાં? હવે એની વ્યાખ્યા.

**આ પાંચ ભાવોમાં, ઔપશમિકભાવના બે ભેદ છે, ક્ષાયિકભાવના નવ ભેદ છે, ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ છે, ઔદયિકભાવના એકવીસ ભેદ છે, પારિણામિકભાવના ત્રણ ભેદ છે. હવે, ઔપશમિકભાવના બે ભેદ આ પ્રમાણે છે : ઉપશમસમ્યક્ત્વ અને ઉપશમચારિત્ર.** એને મોહને જ બે લાગુ પડે છે. જ્ઞાન, દર્શન ને વીર્યમાં ઉપશમ ન હોઈ શકે. સમજાણું કાંઈ? મોહમાં જ ઉપશમ લાગુ પડે છે—ઉપશમ સમકિત ને ઉપશમ ચારિત્ર, મોહના અભાવની અપેક્ષાએ. ઉપશમસમકિત, ઉપશમચારિત્ર. પહેલું આવી ગયું છે.

**કર્મોના ઉપશમે જે ભાવ હોય તે ઔપશમિકભાવ છે**. જેમાં કર્મનો ઉપશમ–ઠરવું સદ્ભાવપણે છે એવો જે આ બાજુનો ભાવ એને ઔપશમિકભાવ કહેવામાં આવે છે. એ ઉપશમસમકિત ને ઉપશમચારિત્ર..., એ દ્રવ્યસ્વભાવ, જીવસ્વભાવ, ધ્રુવસ્વભાવ જીવ જેને કહીએ, નિશ્ચય જીવ કહીયે, એમાં આ બે નથી. એ વ્યવહાર જીવ છે, નિશ્ચયજીવ નથી. જીવના બે પ્રકાર. પરની સાથે સંબંધ શું છે? અહીં તો આમાં ને આમાં બે બોલ લાગુ પાડ્યા. ત્રિકાળી વસ્તુ તે નિશ્ચય, પર્યાય તે ભેદરૂપ છે માટે વ્યવહાર. નિશ્ચય ને વ્યવહારનયો એમાં દ્રવ્યમાં સમાઈ જાય છે. સમજાણું કાંઈ? .......

એ ઉપશમ સમકિત જ થાય પહેલું. વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવને આશ્રયે (સમકિત) થાય છતાં એ ઉપશમ સમકિત ધ્રુવમાં નથી, નિશ્ચય જીવમાં નથી. ઉપશમ સમકિત વ્યવહારજીવ છે, એ જીવના ભેદ છે. સમજાણું કાંઈ? આ તો કેવળજ્ઞાનની વાતું છે બાપુ! કેવળજ્ઞાનીના કક્કા મોટા હોય છે. ઉપશમ સમકિત, ઉપશમ ચારિત્ર. કર્મોના ઉપશમથી... કર્મોના ઉપશમનો નિમિત્તરૂપે સદ્ભાવ એવો જે આ બાજુનો ભાવ પર્યાયનો–અવસ્થાનો–હાલતનો એ ઉપશમ સમકિત ને ઉપશમ ચારિત્ર. યથાખ્યાત ઉપશમ ચારિત્ર અગિયારમે. એ પરમસ્વભાવભાવમાં નથી. સમજાણું કાંઈ? અરે! આવું સ્વરૂપ કેવું? જૈનધર્મનું છેને.

જૈનધર્મમાં તો દયા પાળવી. દયા પાળવું... તું આવડો છે નક્કી કર નહીંતર તારી હિંસા થાય છે. સમજાણું કાંઈ? આહાહા! એ ઉપશમના બે ભેદ થયા.

**ક્ષાયિકભાવના નવ ભેદ આ પ્રમાણે છે : ક્ષાયિકસમ્યક્ત્વ...** ત્યાં સુખ લીધું એમાં. સમકિત ને ચારિત્રમાં સુખ નાખ્યું. ક્ષાયિક સમકિત, કેવળીને નવ લબ્ધિ થાય એને ક્ષાયિક સમકિત છે. એ જીવમાં નથી (કે) જેને નિશ્ચય–સત્યાર્થ જીવ કહીએ, ભૂતાર્થ જીવ કહીએ. **भूदत्थमस्सिदो खलु**.. સમકિત થાય, એ ભૂતાર્થમાં આ ક્ષાયિક સમકિત નથી. થાય એને આશ્રયે. કહેને, ક્ષાયિક સમકિત તો તીર્થંકરની સમીપ થાય. ગોમ્મટસારમાં એમ આવે. એ તો એ વખતે આવું નિમિત્ત હતું એટલું બતાવે છે, બાકી એનાથી થાય નહીં. દ્રવ્યના આશ્રયે થાય છે. ક્ષાયિક સમકિત તો પોતાનો જે નિશ્ચય સ્વભાવ પારિણામિકભાવ નિશ્ચયજીવ પરમ સત્યજીવ એને આશ્રયે સમકિત થાય છે. સમજાણું કાંઈ? જરી .......... વિકલ્પ એટલે નવાપણું.

અહીં તો પરમ ભગવાન... પર્યાયનો ભગવાન કેવળજ્ઞાની જુદો. આ તો પરમ-ભગવાન ધ્રુવ-ભગવાન એકરૂપ પરિણામે–સ્વભાવભાવે રહેલો તત્ત્વ ભગવાન, એમાં આ ક્ષાયિક સમકિત નથી.. સમજાણું કાંઈ? .............. એક કલાક હાંકે રાખે ને ઓલા સાંભળે. એય! ........ નહીં? એકલા બોલે રાખે, ઓલા સમજે-ન સમજે એનું કાંઈ નહીં. ............

કહે છે કે ક્ષાયિક સમકિત... તીર્થંકર સમક્ષ થઈ ને સિદ્ધ સુધી રહે. એવી ક્ષાયિક સમકિતની દશા સ્વભાવમાં નથી. એ તો એક સમયની પર્યાય છે, ક્ષાયિક સમકિત તો એક સમયની પર્યાય છે. એ ત્રિકાળી ભગવાન ધ્રુવમાં નથી. આહાહા! ત્રિકાળી ભગવાન તો પર્યાયને સ્પર્શતો નથી, પર્યાય ધ્રુવને સ્પર્શતી નથી, આલિંગન કરતી નથી. ........ એવો આત્મા જેમાં નજર કરે નિધાન નજરમાં આવે, એ નિધાનને અહીં પરમપારિણામિકભાવ કહે છે. સમજાણું કાંઈ? એમાં નજર કરનારી પર્યાયનો પણ જેમાં અભાવ છે, એમ કહે છે.

**યથાખ્યાતચારિત્ર...** લ્યો સુખ આમાં લીધું નથી. ....... ચારિત્ર પ્રગટ થતાં પૂર્ણ સુખ થાય છે. ...... યથાખ્યાત થતાં પૂર્ણ સુખ પ્રગટ થાય છે, કેવળીને અનંત સુખ થાય છે, સિદ્ધને અનંત અવ્યાબાધ સુખ થાય છે. એ બધી પર્યાય, યથાખ્યાત ચારિત્ર સાથે રહેલું અનંત સુખ, ક્ષાયિક સમકિતની સાથે રહેલું ... સુખ એ દ્રવ્યમાં નથી. આહાહા! એ સુખરૂપી આનંદની પર્યાય ત્રિકાળી દ્રવ્યમાં નથી. ત્રિકાળી દ્રવ્ય તો એવા અનંત-અનંત આનંદના કોળીયા કરીને બેઠું છે. કોળીયા સમજતે હો? ગ્રાસ. કવળ કહે છેને. કવળ છે નાનો ને મોઢું છે મોટું.

કહે છે, યથાખ્યાત ચારિત્ર જેમાં નથી. ઝીણી વાત છે ભગવાન! એની મહિમા જ એણે કોઈ દિ' કરી નથી. આમ બહારની મહિમા બધી. રાગની મંદતા થઈ, દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા અને સમ્મેદશિખરની જાત્રા થઈ. 'એકવાર વંદે જો કોઈ..' અરે! એ વાત જ ..... ત્યાં એક ભવ (ઢોરનો) ન મળે તો પછી મળવાનો, પછી ઢોરમાં જાશે. જ્યાં સુધી સમકિતનો આશ્રય (-પ્રગટ)

કરનાર જીવ કોણ છે એનું ભાન ન મળે, ત્યાં સુધી સમ્મેદશિખર લાખ-કરોડ વાર જાય નહીં? અનંતવાર સમ્મેદશિખરે ગયો. અહીં સમ્મેદશિખર અંદર મોટો પડ્યો છે ભગવાન પરમ સ્વભાવિકભાવની તો ખબર ન મળે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન પરમસ્વભાવ જેને અંદર નજરમાં લેતાં ક્ષાયિક સમકિત ને કેવળજ્ઞાન થાય, એવો જે ત્રિકાળીભાવ એમાં ક્ષાયિક સમકિત ને ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આત્માની પર્યાયમાં પરદ્રવ્યની પર્યાયનો ભાવ નથી અને દ્રવ્યમાં એની પર્યાયનો ભાવ નથી. સમજાણું કાંઈ? પોતાની પર્યાય છેને અવસ્થા. પરનો ઉદય છે એ તો જડ છે. એની પર્યાયમાં રાગ થાય એમાં અહીં જડની નાસ્તિ છે. રાગની એનામાં–પર્યાયમાં અસ્તિ છે. એમ કર્મનો ક્ષય એ તો એમાં થયો. અહીં ક્ષાયિક પર્યાય થઈ એમાં જે કર્મનો ક્ષય થયો એ આમાં નથી, અને ક્ષાયિકભાવ થયો એ ત્રિકાળી દ્રવ્યમાં નથી. આહાહા! પોતાની પર્યાયમાં ક્ષાયિક પરિણતિ શ્રદ્ધા થાયને, ત્યારે ત્યાં ક્ષયનો સદ્ભાવ છે. એ ક્ષયનો સદ્ભાવ એ ક્ષાયિકપર્યાયને નથી. એ નાસ્તિ થઈ, એ તો પરવસ્તુ છે. ક્ષાયિકભાવ એ ત્રિકાળીમાં નથી. કારણ એક સમયની અવસ્થા છે. આ ગાથા તો બહુ સારી ગાથાઓ આવે છે. ...... સમજાણું કાંઈ?

**કેવળજ્ઞાન ને કેવળદર્શન...** જેની એક પર્યાયમાં પોતે દ્રવ્ય ને ગુણ જણાય, આખો ધ્રુવ જેની પર્યાયમાં જણાય, જેની પર્યાયમાં અનંતા કેવળીઓ જણાય. જે પર્યાય ધ્રુવને જાણે એ પર્યાય ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન.. આહાહા! આનાથી મોટી કઈ ચીજ! એનાથી મોટી ચીજ ભગવાન પોતે છે. કેવળજ્ઞાન પણ એની પાસે તુચ્છ છે, અનંતમા.. અનંતમા ભાગનો એક અંશ છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પણ, ત્રિકાળી ભગવાન પરમસ્વભાવ ધ્રુવભાવ શુદ્ધભાવ ભૂતાર્થભાવ સત્યાર્થ-આત્મા એની (આગળ) કેવળજ્ઞાનની પર્યાય અનંતમા.. અનંતમા.. અનંતમા ભાગે આવે છે. એ પર્યાય હોં. એમાં (-ધ્રુવમાં) એ નથી. આહાહા! એ ચીજ ઉપર દૃષ્ટિ કર્યે, પંચમભાવની પરિણતિ પ્રગટ થયે, પંચમગતિનું કારણ એ પર્યાય છે. સમજાણું કાંઈ? કહે છે પર્યાય.

**પૂજનિક પંચમ ગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે**. એ (પછીનો) કળશ છે. ભગવાન આત્મા પંચમભાવ શુદ્ધનિશ્ચયજીવ એને સ્મરણ કરવાથી જે પર્યાય પ્રગટ થાય, એ પંચમગતિ–મુક્તિનું કારણ છે અને મુક્તિની પર્યાય એ દ્રવ્યમાં છે નહીં. સમજાય છે કાંઈ? **કેવળજ્ઞાન ને કેવળદર્શન તથા અંતરાયકર્મના ક્ષયજનિત દાન...** આત્માની પર્યાયમાં ક્ષાયિકદાન. પોતે પોતાને દીધું એ દાન. **અંતરાયકર્મના ક્ષયજનિત**... એ નિમિત્તથી વ્યવહારનું કથન છે. પોતાની પર્યાયમાં અનંત.. અનંત. સ્વરૂપના અનંત ગુણનું દાન. પર્યાયમાં લેનાર પોતે અને દેનાર પોતે. પર્યાય લેનાર, પર્યાય દેનાર, એક જ સમયની પર્યાય. એવું જે દાન, ક્ષાયિકભાવે દાન... કોઈને દેવું એ વાત નથી અહીં.

પોતામાં સંપ્રદાન નામનો એક અનાદિ-અનંત ધ્રુવ ગુણ છે એને આશ્રયે પ્રગટ થયેલી સંપ્રદાનશક્તિનું કાર્ય એ ક્ષાયિકદાન, જે કેવળીને હોય અથવા સિદ્ધને હોય. એ દાનની પર્યાય ધ્રુવતત્ત્વમાં નથી. પરમ સત્યાર્થ આત્મા... પરમ સત્યાર્થ આત્મા ને અસત્યાર્થ આત્મા—એમ વળી બે ભેદ હશે? હા. એ મૂલચંદભાઈ! આ તો અગમનિગમની વાતું છે. પર્યાય તે અસત્ય આત્મા છે. કારણકે એમાં (-ધ્રુવમાં) નથી એ અપેક્ષાએ હોં. પર્યાય, પર્યાય અપેક્ષાએ સત્ છે. ત્રિકાળીની અપેક્ષાએ તો નાશવાન છે. આહાહા! એક-એક બોલમાં જૈનદર્શનનું રહસ્ય છે. એ કાંઈ વાત નથી. પ્રત્યેક બોલમાં છે. ભાઈ! પરમાત્મા સર્વજ્ઞ સીમંધર પરમાત્માએ આ કહ્યું છે. ભગવાનને ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. ભગવાનના શ્રીમુખે આ વાત આવી છે એ પોતે કહે છે અને એ એમ છે.

બીજી કોઈ રીતે આત્મા સાબિત (થાય નહીં). આ રીતે પર્યાય ને દ્રવ્યની (ભિન્નતા) વિના સાબિત થતી નથી. આહાહા! એની સત્તા દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જ વ્યાપી છે આમ. પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી. પરનું પરિણમન તેનું..... છતાં એ પરિણમન પરના અભાવરૂપ છે અને એ પરિણમન દ્રવ્યમાં અભાવરૂપ છે. ચીમનભાઈ! આવી વાત તમારે નહીં આવી હોય....... ........... ......... ....... શું કહેવાય એ? .......... .......... એ કહેવાય છે આ. ..... એ પોતાના અધિકારની વાત છેને. કોઈ લાવી દે એમ છે? અનંતવાર સમવસરણમાં ગયો. આહાહા! અનંતવાર સમવસરણમાં ગયો. 'કેવળી આગળ રહી ગયો કોરો.' આમ તો કહેવાય.... સમવસરણમાં અનંતવાર ગયો. આહાહા! એકવાર પોતાના ધ્રુવ સમવસરણમાં જાય એનું સફળ.

કહે છે, ઓહોહો! દાન. અહીં લેવા-દેવાની વાત નથી હોં. ક્ષાયિકદાન. જે અંતરાયના હયાતીના ક્ષયની પોતાની પર્યાય, જે પોતાથી સ્વતંત્ર કર્તા થઈને થઈ છે ક્ષાયિકદાનની, એ પર્યાય પણ જેના સ્વભાવમાં નથી. પર્યાયદૃષ્ટિવાળો–વ્યવહારનયવાળો જાણે, પણ નિશ્ચયનયની દૃષ્ટિમાં એ છે નહીં. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આહાહા! કેવળજ્ઞાન ને કેવળદર્શન જાણવાલાયક છે, આદરવાલાયક નહીં. આદરવાલાયક તો એક ધ્રુવ છે.

**લાભ...** પોતાના અનંતા સ્વરૂપનો લાભ થયો. કાલ આવ્યું હતુંને.... આત્મલાભસ્વરૂપ... આત્મલાભસ્વરૂપ મોક્ષ. એના કરતાં દ્રવ્ય-આત્મલાભહેતુ એ પારિણામિકભાવ છે. ફરીને. મોક્ષ એટલે આત્મલાભસ્વરૂપ. મોક્ષ એ તો પર્યાય છે. આત્મલાભસ્વરૂપ... અને દ્રવ્ય એટલે? દ્રવ્ય-આત્મલાભહેતુ, દ્રવ્યની સ્વરૂપરૂપી હયાતી, એની હયાતી એ પારિણામિકભાવ. એ વાસ્તવિક રૂપ છે, એમ.

પંચાસ્તિકાય, ૫૬મી ગાથામાં. **द्रव्यात्मलाभहेतुक: परिणाम:**. જે આ શુદ્ધભાવ. જે નિશ્ચયજીવ. દ્રવ્ય-આત્મલાભ.. દ્રવ્ય-આત્મલાભ હેતુ–જેનું કારણ છે. વસ્તુની હયાતીનું જે

સ્વરૂપ એવું જેનું કારણ છે એવો જે ત્રિકાળીભાવ તેને પારિણામિકભાવ, ધ્રુવભાવ, નિત્યાનંદભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હવે આમાં ક્યાં બાકી છે? કેટલું જોઈએ છે? પાર નથી એટલી ચીજ છે. ગુજારો થતો નથી..... સમજાણું કાંઈ? દાનલાભ... આ લાભ હોં. આ તો એ યાદ આવી ગયું પંચાસ્તિકાયની છેને, ૫૬ ગાથા. **द्रव्यात्मलाभहेतुकः परिणामः**.. ૫૬ ગાથામાં.... **द्रव्यात्मलाभहेतुकः परिणामः**.. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળી હોં, એનું આત્મ એટલે સ્વરૂપ, એનો લાભ એટલે હયાતી. એની હયાતી એવું સ્વરૂપ, એનો હેતુ તે પારિણામિક છે, પારિણામિક ત્રિકાળ.

શબ્દ પડ્યો છે 'પરિણામ'. પરિણામ એટલે સદ્ભાવ. અહીં એમ કહ્યું, ત્યાંય એમ કહ્યું. ..... આત્મલાભસ્વરૂપ... આત્મલાભસ્વરૂપ... અહીં દાનમાં ક્ષાયિકદાનસ્વરૂપ... જે પર્યાયમાં અંતરાયના–દાનાંતરાયના ક્ષયની સદ્ભાવ–હયાતી એ..... અહીં એને અપેક્ષામાં લીધું. નિમિત્તથી થયેલી .... ક્ષાયિકદાન, અનંતા ગુણનું ક્ષાયિકદાન પર્યાયમાં સ્વતંત્ર આપે છે. સમજાણું કાંઈ? પોતે પોતાની પર્યાયમાં, પોતે છેને તદ્સ્વરૂપ, અનંતાગુણની વર્તમાન પર્યાયને પરિણમન કરીને પોતે રાખે એ દાન. અનંતા ગુણનું ..... એ દાન, ક્ષાયિકદાન દ્રવ્યમાં નથી. આહાહા! જુઓ! તો વીતરાગભાવ. આવી વાત ક્યાંય છે નહીં. સમજાણું કાંઈ? જૈનમાં ..... પરમાં તારું શું કામ છે? વીતરાગભાવમાં શું ..... તને પકડતાં આવડ્યું નથી. સમજાણું કાંઈ?

પરમાત્મા... આહાહા! લાભ... એ સ્વરૂપનો, મોક્ષનો લાભ મેળવવો એવી જે ક્ષાયિકભાવની લાભની પર્યાય એ દ્રવ્યમાં નથી. પર્યાયમાં પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. એવા ભાવને પારિણામિકભાવ કહેવામાં આવે છે. તે ભાવ આશ્રય કરવાલાયક છે. આ બધી પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી. સમજાણું કાંઈ?

**ભોગ...** અનંતા ગુણનો નિર્મળ નિર્વિકારી આનંદનો ભોગ. અનંતા ગુણોની એક સમયની પર્યાયમાં, આનંદાદિ અનંતા ગુણોનો–બધા ગુણોની પર્યાયનો ભોગ. એ પર્યાયમાં ભોગાંતરાયના અભાવનો–ક્ષયનો સદ્ભાવ.... એ ધ્રુવને લઈને નહીં. એવી જે અહીંયા ભોગની અનુભવની દશા, પૂર્ણાનંદનો ભોગ... એક-એક જ્ઞાન, એક-એક ગુણની પર્યાયનો ભોગ, એવો અનંતો ભોગ જેની પર્યાયમાં પ્રગટ થયો ક્ષાયિકભોગ, એ વસ્તુમાં નથી. એ તો એક સમયનો ભોગ છે. સમજાણું કાંઈ?

**ઉપભોગ**... વારંવાર ભોગવાય. જીવની પર્યાય વારંવાર ભોગવાય. એક સમયનો..... વારંવાર એમ કહે છે. અનંત આનંદ.. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પરમેશ્વરતા—એનો વારંવાર અનુભવ–ભોગ થાય એ ક્ષાયિક ઉપભોગ. જેમાં ક્ષાયિક અંતરાયના ક્ષયની સદ્ભાવતા છે, સદ્ભાવના છે. એવો ઉપભોગ પણ ભગવાન

ત્રિકાળી પરમભગવાનમાં છે નહીં. .....? આ ભગવાન બેઠા છે અત્યારે તો. એમાં તો ઘણી પાત્રતા જોઈએ. એટલી સજ્જનતા.... લોકોત્તર નીતિ. એવા જીવને....... સમજાણું કાંઈ?

એ ....ની પર્યાય પણ જેમાં નથી. જ્યાંથી આવી એમાં એ નથી. એય! સમય-સમયની પર્યાય ......માં સમાય. કંઈ બહાર રહે છે? એક સમયમાં જે કેવળજ્ઞાનનો પર્યાય, બીજે સમયે તો વ્યય થાય છે. વ્યય થઈને જાય ક્યાં? દ્રવ્યમાં જાય. પાણીનું તરંગ પાણીમાં સમાય. જલકા તરંગ જલમેં સમાતા હૈ. સમયસાર નાટકમાં છે. એમ એનું કરણ છે કેવળજ્ઞાનનું, કેવળદર્શનનું, ક્ષાયિક સમકિતનું ...... એક સમયનો પર્યાય સમાઈ જાય છે અંદરમાં. આહાહા! નીકળે ગુફામાંથી અંદરથી. એ અપેક્ષાએ તો નીકળ્યો ત્યાંથી, પણ છે નહીં. આહાહા! એ તો અંશ છે, ઓલો તો ત્રિકાળી છે. સમજાણું કાંઈ?

અને **વીર્ય**... અનંતવીર્ય.. અનંતવીર્ય.. અનંત પુરુષાર્થ.. અનંતા ગુણની પર્યાય રચનારું વીર્ય. નિર્મળાનંદ નાથ એની પૂર્ણ પર્યાયને રચવું, ઉપશમ થવું, રચના થવી, એ રચનાનો કારીગર વીર્ય. આહાહા! એવું અનંતવીર્ય ભગવાન આત્મામાં નથી, પર્યાયમાં છે. ..... અંતર આવ્યા પછી અંતરમાં જાય એવો છે આ તો. આવો જ્યાં સુધી એને અનુમાન કરીને પણ વિશ્વાસ ન આવે ત્યાં સુધી અંતરમાં નહીં જઈ શકે, ત્યાં સુધી (દ્રવ્ય) જવાબ નહીં આપે. સમજાણું કાંઈ?

અનંતવીર્ય.. અનંત વીર્ય આગળ તો પૂર્ણ વીર્ય તો અનંત-અનંત ગુણું છે પારિણામિકભાવે. એવા ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં, અનંતવીર્યનો જેમાં અભાવ છે એવો ભગવાન આત્મા નિત્ય એને અહીંયા જીવ કહેવામાં આવે છે. એ જીવમાં આ નથી. સમજાણું? આવ્યોને પાઠ હમણાં. ક્ષાયિકભાવ જીવમાં નથી. આવી ગયું. જીવને ક્ષાયિકભાવના સ્થાનો નથી. તારાચંદભાઈ! આવી વાતું છે. લોકો તો બહારમાં અટક્યા છે. આ વ્રત ને ..... આ તો હજી અંદરમાં પર્યાયમાં અટકે છે તો દ્રવ્યમાં અટકવું જુદી ચીજ છે. સમજાણું કાંઈ? વીર્ય આવ્યું લ્યો.

હવે, **ક્ષાયોપશમિકભાવના અઢાર ભેદ આ પ્રમાણે છે : મતિજ્ઞાન...** અપૂર્ણ. .... મતિનું. એ મતિજ્ઞાનનો પણ ત્રિકાળીદ્રવ્યમાં અભાવ છે. પ્રગટે છે 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ'. એ ચૈતન્ય ત્રિકાળીને અનુસરીને થાય મતિના પરિણામ, પણ એ પરિણામ દ્રવ્યમાં નથી. **મતિજ્ઞાન...** એ પહેલી સમ્યગ્જ્ઞાનની વાત છે હોં સત્યાર્થભૂત. **શ્રુતજ્ઞાન...** ચૌદ પૂર્વ ને બાર અંગનું જ્ઞાન પર્યાયમાં, સ્વતંત્રરૂપ રહેલી પર્યાયમાં. ....... મતિજ્ઞાનમાં સ્વરૂપની પરિણામની હયાતી ભલે હો વ્યવહાર, પણ એને લઈને મતિ થયું નથી. થયું છે મતિ પોતાના દ્રવ્યના આશ્રયે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ—ભગવાન ચૈતન્યસ્વભાવ એને અનુસરીને—અનુકરણ કરીને થયેલો પર્યાય એ મતિજ્ઞાન ને શ્રુતજ્ઞાન.

આ તો સાધારણ જ્યાં ક્ષયોપશમભાવ હોય ત્યાં એમ થઈ જાય આહા.. કેટલું મને આવડ્યું. આ ક્ષાયિકભાવનો પણ જેમાં અભાવ અને ક્ષયોપશમભાવનો અભાવ, ત્યાં ક્ષયોપશમભાવનો અહંકાર શેનો? સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આટલું અમને આવડ્યું લ્યો. શું કહેવાય તમારું? ........ ........... ભગવાન આત્મા પરમસ્વભાવભાવ નિત્ય જીવ જેને કહીએ, ખરો જીવ જેને કહીએ. લે! જીવમાં પણ ખરો ને અખરો—બે હશે? આવી ગયું છેને આપણે. ૩૮માં આવી ગયું છે, ૩૮ ગાથામાં. **તે ખરેખર આત્મા છે**. આવી ગયું ૩૮માં. **એવો કારણ-પરમાત્મા તે ખરેખર આત્મા છે**. પહેલા પેરેગ્રાફની બીજી લીટી છે. એ કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે. ..... છેલ્લી બે લીટી આખિરની. ..... હિંમતભાઈનું ન આવ્યું?

**અનાદિ-અનંત અતીન્દ્રિય અમૂર્ત સ્વભાવવાળો શુદ્ધ સહજ પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે**. લે! આત્મામાં, ખરેખર આત્માનો અર્થ આ. એવી વાત છે સ્યાદ્વાદ વીતરાગની. પર્યાય છે એ ખરો આત્મા નથી, વ્યવહારે આત્મા છે, એક સમયનો અભૂતાર્થ (આત્મા). ત્રિકાળીની અપેક્ષાએ હોં. એની અપેક્ષા એ છે. ત્રિકાળી ભગવાનની અપેક્ષાએ શ્રુતજ્ઞાનનો આમાં અભાવ છે. આહાહા! ...નો અભાવ, ક્ષયોપશમનો..............

**અવધિજ્ઞાન**નો અભાવ. ત્રિકાળીમાં તો અવધિજ્ઞાનેય નથી. પર્યાયમાં વિકાસ હો. અસંખ્ય ચોવીસી અવધિજ્ઞાની જાણે છે. પરમ-અવધિ અસંખ્ય ચોવીસી ભૂત ને ભવિષ્યની (જાણે). એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ. તીર્થંકરો થાયને ચોવીસ. એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગર (કાળ જાય). એવી અસંખ્ય ચોવીસી જાણે. અસંખ્ય ચોવીસી જાણે એવું કેવળજ્ઞાન જેમાં નથી, તો હવે અસંખ્ય ચોવીસીને (જાણનાર) અવધિજ્ઞાનની શું વાત કરવી? અનંતી ચોવીસી...... આહાહા! એવો મહાપ્રભુ પરમસ્વભાવભાવ ખરેખર આત્મા એમાં શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન નથી. **મનઃપર્યયજ્ઞાન**... સામાના મનની વાત જાણે. એવું જ્ઞાન એમાં નથી. **એમ ચાર જ્ઞાન** પર્યાય છે, એ ત્રિકાળીમાં નથી.

**કુમતિજ્ઞાન...** કુમતિ છેને એ ચૈતન્યને અનુવિધાયી પરિણામ છે હોં. ભલે અજ્ઞાન છે. ચૈતન્યને અનુસરીને થતું કુમતિજ્ઞાન. **કુશ્રુતજ્ઞાન ને વિભંગજ્ઞાન...** વિભંગ તો અભવિને પણ હોય છે. આ ....... **એવા ભેદને લીધે અજ્ઞાન ત્રણ** છે. એ ધ્રુવસ્વરૂપમાં નથી. **ચક્ષુદર્શન...** ચક્ષુદર્શન એટલે આંખથી દેખવું એ નહીં. આંખથી દેખાય એ તો જ્ઞાન થઈ ગયું. અંદરમાં ક્ષયોપશમભાવ–જ્ઞાન થવા પહેલાં... આમ જાણે કે આ ભગવાન છે એ ચક્ષુદર્શન નહીં, એ તો જ્ઞાન થઈ ગયું. જ્ઞાન થવા પહેલાં એક દર્શનરૂપી...... એ ચક્ષુદર્શન ક્ષયોપશમભાવે છે. ...માં નથી, ખરેખર ભગવાનમાં નથી. **અચક્ષુદર્શન...** .... ચક્ષુ વિના ચારનો ક્ષયોપશમભાવ એ ત્રિકાળીમાં નથી. શેના અભિમાન કરવા? ......

**અવધિદર્શન...** ....ને લઈને દર્શન થયું એનું કાર્ય છે. નિશ્ચય આત્મા.., સમ્યગ્દર્શનની ઉત્પત્તિ જે ખાણમાંથી થાય એ ખાણમાંથી આ ત્રણ દર્શન નીકળે છે. **કાળલબ્ધિ...** એ આપણે આવી ગયું ક્ષયોપશમ. ક્ષયોપશમલબ્ધિ જેને કહે છે ગોમ્મટસારમાં, એને અહીં કાળલબ્ધિ લીધી. એ ધ્રુવજીવમાં નથી, પર્યાયમાં છે. **કરણલબ્ધિ...** ત્રણ લબ્ધિ આવે છેને—અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ..... એ ત્રિકાળી દ્રવ્યમાં નથી, પર્યાયમાં હો. **ઉપદેશલબ્ધિ...** દેશના.. દેશના.. ભગવાનની, સંતોની, સમકિતીની વાણી મળવી એ દેશનાલબ્ધિ છે. સમજાણું કાંઈ? એ દેશનાલબ્ધિ દ્રવ્યમાં નથી. આહાહા! અને દેશનાલબ્ધિ લઈને સમકિત થાય એમ નથી. સમજાણું કાંઈ?

**ઉપશમલબ્ધિ...** વિશુદ્ધિ. વિશુદ્ધિ છેને પાંચ લબ્ધિમાં. વિશુદ્ધિ–જ્ઞાનની નિર્મળતા. એ આત્મામાં–દ્રવ્યમાં નથી. **પ્રાયોગ્યતાલબ્ધિ...** કર્મની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી કરી નાખે એવા જે પરિણામ. **પ્રાયોગ્યતાલબ્ધિ એવા ભેદને લીધે લબ્ધિ...** આપણે આવી ગયું છે પાછળ ૩૧૩ પાને. ........ આવા ભાવ... **પાંચ; વેદકસમ્યક્ત્વ...** ક્ષયોપશમ સમકિત એ દ્રવ્યમાં નથી. **વેદકચારિત્ર અને સંયમાસંયમપરિણતિ.** લ્યો. શ્રાવકની પંચમ ગુણસ્થાનની નિર્મળ પરિણતિ ..... એ દ્રવ્યમાં નથી. એવો જે ભગવાન આત્મા તે ઉપાદેય, આદરણીય છે અને તેને આશ્રયે ધર્મ થાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ-૧૦, રવિવાર, તા. ૧૪-૧-૧૯૭૩
## ગાથા-૪૧, પ્રવચન નં. ૧૯૯

નિયમસાર–મોક્ષકા માર્ગ. સચ્ચા મોક્ષકા માર્ગ કિસકો કહતે હૈં? મોક્ષમાર્ગકી પર્યાય... મોક્ષમાર્ગ હૈ વહ પર્યાય હૈ. વહ પર્યાય કિસકે આશ્રયસે ઉત્પન્ન હોતી હૈ વહ અધિકાર ચલતા હૈ. યહાં 'ક્ષયોપશમ' તક આયા હૈ. દેખો! ક્ષયોપશમભાવ હૈ ન. ગાથા ૪૧. ચાર ઔર એક.

કહતે હૈં, **ઔદયિકભાવકે ઇક્કીસ ભેદ ઇસપ્રકાર હૈં : નારકગતિ...** ક્યા કહતે હૈં? અધિકાર શુદ્ધભાવકા હૈ. ઉપર હૈ ન ઉપર. શુદ્ધભાવ. શુદ્ધભાવકા અર્થ ક્યા? ઉપર હૈ ન શુદ્ધભાવ. સૂક્ષ્મ–ઝીણી બાત હૈ. શુદ્ધભાવ ઉસકો કહતે હૈં યહાં કિ ત્રિકાલી આનંદકંદ જ્ઞાયકભાવ ધ્રુવ કારણસમયસાર નિત્યાનંદ આત્મા, ઉસકો યહાં શુદ્ધભાવ કહતે હૈં. જિસકે આશ્રયસે શુદ્ધભાવ ઉત્પન્ન હો ઉસકા નામ યહાં શુદ્ધભાવ કહતે હૈં. એક સેકંડકે અસંખ્યવે ભાગમેં નિત્ય–ધ્રુવ પરમસ્વભાવ, સામાન્યસ્વભાવ, અભેદસ્વભાવ એકરૂપ ત્રિકાલ, 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્' ઉસમેંસે ઉત્પાદ-વ્યયકો નિકાલકર જો ધ્રુવ રહતા હૈ ઉસકો યહાં શુદ્ધભાવ કહનેમેં આતા હૈ. શેઠ! સમજમેં આયા? 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્' હૈ કિ નહીં? ઉત્પાદ-વ્યય તો પર્યાય હૈ. ધ્રુવ હૈ વહ ત્રિકાલી ગુણ હૈ, સ્વભાવ હૈ. ત્રિકાલી દ્રવ્યસ્વભાવકો યહાં શુદ્ધભાવ કહનેમેં આયા હૈ. શુદ્ધ ત્રિકાલી ધ્રુવભાવ ઉસમેં ઉપશમભાવ ભી નહીં, ક્ષાયિકભાવ ભી નહીં, ક્ષયોપશમભાવ ભી નહીં. અબ ઔદયિકભાવ કહતે હૈં. કઠિન બાત હૈ.

ત્રિકાલી જો સમ્યગ્દર્શનકા વિષય... સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ હૈ ન યહાં. સમ્યગ્દર્શન વહ નિશ્ચય-મોક્ષ(માર્ગ) અથવા સત્ય સમ્યગ્દર્શન. સત્ય–સમ્યક્–સચ્ચા સમ્યગ્દર્શન ત્રિકાલી ધ્રુવસ્વરૂપ પરમાનંદમૂર્તિ આત્મા ઉસકે આશ્રયસે હોતા હૈ. વહ ધ્રુવ હૈ ઉસમેં ઉપશમભાવ ભી નહીં, કેવલજ્ઞાન આદિ ક્ષાયિકભાવ ભી ઉસમેં નહીં, ક્યોંકિ વહ તો ઉત્પાદ-વ્યયવાલા ભાવ હૈ. સમજમેં આયા? ઝીણી વાત છે ભાઈ! કેવલજ્ઞાન, કેવલદર્શન વહ ઉત્પાદ-વ્યય.. ઉત્પન્ન-વ્યય.. ઉત્પન્ન-વ્યયકી પર્યાય હૈ. વહ ધ્રુવમેં નહીં. ધ્રુવ હૈ વહ દૃષ્ટિ કરનેલાયક હૈ. ઉસકી જો ચાર પર્યાય હૈ વહ દૃષ્ટિ કરનેલાયક નહીં, વહ દૃષ્ટિકા વિષય નહીં. ભારે ઝીણું. આહાહા! યહાં કહતે હૈં, ધ્રુવસ્વરૂપ નિત્યાનંદભાવ પરમપારિણામિક સ્વભાવ સહજભાવ એકરૂપ–સદૃશ રહનેવાલા ભાવ, ઉસમેં ઉત્પાદ-વ્યય(રૂપ) પર્યાય હૈ નહીં.

ઉત્પાદ-વ્યયકે તીન બોલ તો આયે. ઔપશમિક, ક્ષાયિક ને ક્ષાયોપશમિક. વે તીનોં ઉત્પાદ-વ્યયકી પર્યાય હૈં. નયી અવસ્થા ઉત્પન્ન હોતી હૈ, પુરાની જાતી હૈ. વહ ઉત્પાદ-વ્યય(રૂપ) પર્યાય ધ્રુવમેં નહીં. ઉદયભાવ નારકગતિ વહ ધ્રુવમેં નહીં. વહ પ્રગટ ઉદયભાવ હૈ. કર્મકે નિમિત્તસે અપને પર્યાયમેં નયી નિશ્ચિત ગતિકી યોગ્યતાકા ઉત્પન્ન હોના (ઐસી)

નારકગતિ ઉદયભાવ હૈ. અપની પર્યાયમેં હોં. પરકી પર્યાયમેં નહીં, પરસે નહીં. નરકગતિ, સમ્યગ્દર્શનકા વિષય જો ધ્રુવ ઉસમેં નરકગતિ હૈ નહીં.

**તિર્યંચગતિ** હૈ નહીં. તિર્યંચગતિ તો ઔદયિભાવ(રૂપ) પર્યાય હૈ. ત્રિકાલી નિત્યાનંદ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ સત્–શાશ્વત જ્ઞાન, આનંદાદિ અવિનાભાવી જ્ઞાનકે સાથ અનંતગુણ ઐસા જો સ્વભાવભાવ ઉસમેં તિર્યંચગતિકા અભાવ હૈ. સમજમેં આયા? **મનુષ્યગતિ**કા અભાવ હૈ. મનુષ્યગતિ કિસકો કહેં? શરીર મનુષ્યગતિ નહીં, યે તો જડ હૈ. યે મનુષ્યગતિ નહીં, યે શરીરકી તો જડકી પર્યાય હૈ. અંદરમેં મનુષ્યગતિકી યોગ્યતાવાલી જો ઔદયિકભાવ(રૂપ) પર્યાય વહ મનુષ્યગતિ હૈ. વહ ધ્રુવમેં નહીં. ધ્રુવ ચૈતન્યમૂર્તિ ઉસમેં મનુષ્યગતિ નહીં. કહતે હૈં ન કિ મનુષ્યગતિ હો તો સુનનેમેં આવે તો ધર્મ હોતા હૈ. કહતે હૈં કિ મનુષ્યગતિ ધ્રુવમેં હૈ હી નહીં. જિસકા આશ્રય કરના હૈ ઔર જિસકે અવલંબનસે, સમ્યગ્દર્શનકી, આનંદ સહિતકી પ્રતીત પર્યાય વહ ધ્રુવકે આશ્રયસે હોતી હૈ. **भूदत्थमस्सिदो खलु**.. ઉસમેં મનુષ્યગતિ હૈ નહીં.

**ઔર દેવગતિ** ઉસમેં નહીં. યે દેવગતિ તો ઔદયિકભાવ હૈ. શરીરકી બાત નહીં હોં, અંદર ગતિકી યોગ્યતા. વહ આત્મસ્વભાવમેં નહીં. **ઐસે ભેદોંકે કારણ ગતિ ચાર** હૈ. વહ આત્મામેં નહીં. ધ્રુવ-આત્મા, નિશ્ચય-આત્મા, સત્ય-આત્મા, ધ્રુવસ્વભાવ આત્મા ઉસમેં વહ ચાર ગતિકા અભાવ હૈ. ભારે ઝીણું ભાઈ! પછી **ક્રોધકષાય...** ક્રોધકષાય... કષ નામ સંસારકા આય–લાભ. જિસ ભાવમેં સંસારકી પ્રાપ્તિ હો વહ ક્રોધ, વહ સ્વભાવમેં નહીં. નિત્યાનંદ પ્રભુ શુદ્ધ આનંદઘન સહજ કારણસમયસાર ત્રિકાલ ઉસમેં ક્રોધ નહીં. **માનકષાય** નહીં. દો હોકર દ્વેષ હુઆ. **માયાકષાય** નહીં **ઔર લોભકષાય** નહીં. દો હોકર રાગ હુઆ. રાગ ને દ્વેષ એના પેટા ભેદ—માયા ને લોભ, ક્રોધ ને માન. યે ચારોં ધ્રુવસ્વરૂપમેં નહીં. ઝીણી વાત છે. ક્યા કારણે આ બતાવે છે? નિશ્ચય મોક્ષકા માર્ગ હૈ ન. તો મોક્ષકા માર્ગ કિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ? ધ્રુવ શુદ્ધભાવકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ ઇસલિયે યે અધિકાર હૈ. સમજમેં આયા?

આ તમારા પૈસાના દાન-ફાન ... નહીં એમ કહતે હૈં. એ શેઠ! અભી તક તો યે માનતે થે ન. ..... પૈસા તો ધૂલ હૈ, જડ હૈ. વહ તો ચાર ભાવમેં ભી આતા નહીં. યે તો સ્વતંત્ર પારિણામિક પદાર્થ જડકા હૈ. યે ચાર ભાવ તો જીવકી પર્યાયમેં હૈં. વે ભી અંદર આત્મદ્રવ્યમેં નહીં. આહાહા! ઝીણી વાત છે ભાઈ! તત્ત્વદૃષ્ટિ... સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ તીર્થંકરદેવે કહેલ તત્ત્વ—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. વે ત્રિકાલીદ્રવ્ય ધ્રુવકે આશ્રયસે તીનોં ઉત્પન્ન હોતે હૈં. સમજમેં આયા? સમ્યગ્દર્શન ત્રિકાલી ધ્રુવકે આશ્રયસે (ઔર) સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનકે આશ્રયસે—ઐસે નહીં. સમ્યગ્જ્ઞાન ભી ધ્રુવકે આશ્રયસે (હોતા હૈ). ઔર

સમ્યક્ચારિત્ર જો મોક્ષકા માર્ગ—વીતરાગપરિણતિ વહ ભી સમ્યગ્દર્શન-જ્ઞાનકે આશ્રયસે નહીં. મૂલચંદભાઈ! આહાહા! ઇસલિયે યે અધિકાર લિયા હૈ.

ભગવાન પૂર્ણ આનંદકંદ પ્રભુ જીવકા—જીવ સત્ હૈ આત્મા ઉસકા—સત્ત્વ–ભાવપના જો પારિણામિકભાવ નિત્ય ધ્રુવ, ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્યગ્દર્શનકે આશ્રયસે સમ્યગ્જ્ઞાન હોતા નહીં. સમ્યગ્જ્ઞાનકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા નહીં ઔર સમ્યગ્દર્શન-જ્ઞાનકે આશ્રયસે સમ્યક્ચારિત્ર હોતા નહીં. આહાહા! શેઠ! સમજમેં આયા? ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન, ઉસકે આશ્રયસે સમ્યગ્જ્ઞાન, ઉસકે આશ્રયસે સમ્યક્ચારિત્ર (હોતા હૈ), યે નિયમસાર હૈ. ઉસે મોક્ષકા માર્ગ ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહતે હૈં. સમજમેં આયા? ઉસમેં ચાર કષાય નહીં. કિસમેં? આત્મતત્ત્વ જો ધ્રુવ નિશ્ચય આત્મા, ઉત્પાદ-વ્યયકી પર્યાયસે રહિત નિત્ય આત્મા ઉસમેં ચાર કષાયકા અભાવ હૈ.

**સ્રીલિંગ, પુલિંગ ઔર નપુંસકલિંગ...** લિંગ એટલે આ દેહના આકાર નહીં, (પણ) ભાવ. સ્રીકી વાસના, (સ્રી)વેદકી વાસના–વિકાર વહ ત્રિકાલી જ્ઞાયકભાવમેં નહીં. પુલિંગ–પુરુષવેદકી વાસના. યે આકાર નહીં, આકાર તો જડકા હૈ, યે તો પુદ્ગલકી પર્યાય હૈ. જીવમેં પુરુષવેદકી વિકારી વૃત્તિ ઉત્પન્ન હો ઉસે પુલિંગ કહનેમેં આયા હૈ. વહ ભગવાન આત્મામેં હૈ નહીં. આહાહા! નપુંસકલિંગ. નારકીકો નપુંસકલિંગ હૈ. કુછ તિર્યંચમેં ભી નપુંસકલિંગ હોતા હૈ, દેવમેં ભી હૈ. નપુંસકલિંગ અંદરમેં તીવ્ર વાસના, વહ ત્રિકાલી જ્ઞાયકભાવ જો શુદ્ધભાવ નિત્યભાવ જિસકે ધ્યેયસે ધર્મ પ્રગટ હો, જિસકે ધ્યેયસે ધર્મ પ્રગટ હો, ઉસમેં યે ભેદ હૈ નહીં. રાજેન્દ્ર! આવું આ ઝીણું છે. તારા ડોક્ટર..... કહો, સમજાણું આમાં? નિયમસાર છે આ તો. નિયમસાર એટલે નિશ્ચય સત્ય મોક્ષનો માર્ગ. માર્ગ તો પર્યાય હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં ઉત્પાદ-વ્યયવાલી પર્યાય હૈ, પર્યાય નામ અવસ્થા હૈ. પરંતુ વહ અવસ્થા અવસ્થાયી ત્રિકાલી ચીજ ઉસકે આશ્રયે–અવલંબનસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા! કહો, સમજમેં આયા?

**સામાન્યસંગ્રહનયકી અપેક્ષાસે મિથ્યાદર્શન એક...** મિથ્યાત્વશ્રદ્ધા હૈ ન, વહ તો અસંખ્ય, અનંત પ્રકારકા પરિણામ હૈ. સ્થૂલરૂપસે અસંખ્ય, પેટાભેદમેં અનંત અવિભાગ પ્રતિચ્છેદ આતે હૈં. યહાં સામાન્યસંગ્રહસે વિપરીત શ્રદ્ધા–મિથ્યાત્વભાવ વહ ધ્રુવસ્વભાવમેં નહીં. સમજમેં આયા? પર્યાયમેં મિથ્યાદર્શન હો ઉદયભાવ, વહ ત્રિકાલી દ્રવ્યમેં નહીં. **અજ્ઞાન એક...** અજ્ઞાનના ઘણા પ્રકાર, વિપરીતતા. ઉસે પંચસંગ્રહમેં લિયે હૈં. વહ અજ્ઞાન ભી આત્મામેં નહીં. નિત્યાનંદ પરમાત્મા એક સમયકી પર્યાયસે ભિન્ન ઉસમેં અજ્ઞાન નહીં. **ઔર અસંયમતા એક...** અસંયમપણું, આસક્તિપણું. એવી રાગની આસક્તિ એ ત્રિકાળી દ્રવ્યમાં છે નહીં.

**અસિદ્ધત્વ એક...** અસિદ્ધપણું ઔદયિકભાવ એ નથી. ચૌદહવેં ગુણસ્થાન તક અસિદ્ધત્વ કહનેમેં આતા હૈ. આહાહા! અસિદ્ધત્વપર્યાય દ્રવ્યમેં નહીં. સમજાય છે કાંઈ? યહાં

પરસે તો ભિન્ન કરાયા, પરંતુ પર્યાયસે ભિન્ન ભગવાન ઐસા દૃષ્ટિમેં લેના હૈ. આહાહા! શેઠે આવું કોઈ દિ' સાંભળ્યું નહીં હોય તમારા અમદાવાદમાં. આહાહા! આવો માર્ગ પરમાત્માનો... પ્રભુ એટલે આત્મા. બીજા પ્રભુ એટલે વીતરાગ. એ વીતરાગનો માર્ગ–વીતરાગકા માર્ગ અંતરમેં ચૈતન્યમૂર્તિ દ્રવ્ય–ધ્રુવકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમ્મેદશિખરકે આશ્રયસે નહીં, સમવસરણકે આશ્રયસે નહીં, શેત્રુંજયકે આશ્રયસે નહીં, ગિરનારકે આશ્રયસે નહીં, તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્ સમવસરણમેં બિરાજતે હૈં ઉનકે આશ્રયસે સમ્યગ્દર્શન નહીં (હોતા). સમજમેં આયા?

શ્રોતા : આપકી કૃપાસે નહીં હોતા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કિસીકી કૃપાસે હોતા નહીં. આત્માકી કૃપાસે હોતા હૈ. .... એક સંત નિકલે તો સબકા મોક્ષ હો જાય, તો સંસાર રહે નહીં. અનંત સંત હો ગયે, કેવલી હો ગયે, સમકિતી હો ગયે.

શ્રોતા : કૃપા મેળવે એને હોય.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ મેળવે? એ તો એની એ દૃષ્ટિ થઈ. એની દૃષ્ટિમાં–ઉસકી દૃષ્ટિમેં દ્રવ્યસ્વભાવ લે તો કૃપા હો ગઈ આત્માકી. મૂળચંદભાઈ! આમ છે. પ્રગટ કરના ઉસકી પર્યાય, પર્યાય તો દ્રવ્યમેંસે આતી હૈ. દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ. દૂસરા ક્યા આશ્રય કરના? રાગકે અવલંબન, ઉદયકે અવલંબન, પુણ્ય-પાપકે અવલંબનસે સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા?

ચીજકી ખબર નહીં, ક્યા સમ્યગ્દર્શન હૈ, પર્યાય હૈ કિ ગુણ હૈ ઔર વહ પર્યાય કહાંસે ઉત્પન્ન હોતી હૈ. આહાહા! માર્ગ એવો છે બાપા! અનંતકાળથી રખડે છે. એ દુઃખી છે હોં. ચોરાશીના અવતારમાં નરકમાં દુઃખી, સ્વર્ગમાં દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી. અજ્ઞાનભાવથી પીડાતા રાગ-દ્વેષની આકુળતામાં પીડાય છે. ઘાણીમાં પીલાય છે. ઘાની હોતી હૈ ન ઘાની તેલકી? ચક્કી. ઐસૈ મિથ્યાશ્રદ્ધા ઔર રાગ-દ્વેષમેં પિલાતા હૈ. આહાહા! આની પીડાની ખબર નથી. આર્તધ્યાન, રૌદ્રધ્યાન કહે છેને. આત્મા ચૈતન્યકા પ્રાણ વહાં પીડાતા હૈ. આર્તધ્યાનમેં, રૌદ્રધ્યાનમેં પીડાતા હૈ. ભગવાન આનંદસ્વરૂપ, શાંતિસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ ઐસા ચૈતન્યકા ભાવપ્રાણ, ઉસ ભાવપ્રાણસે જિસકા ત્રિકાલી જીવન હૈ. રાગ-દ્વેષકે ભાવમેં ચૈતન્યકા પ્રાણ પીડાતે હૈં. સમજમેં આયા? વહ દુઃખી હૈ.

એમ ન સમજો કે આ બે-પાંચ કરોડ રૂપિયા છે અને આ સુખી છે. એ શેઠ! નહીં? ..... આ બેય જણા બુંદેલખંડના બાદશાહ છે. આ બેઠા ભગવાનદાસ ને શોભાલાલ. ભગવાનદાસ શોભાલાલ. બીડીના મોટા (વેપારી). બાળક બીડી. બાલક બીડી. દરવાજાના માથે મોટું (બોર્ડ). મલ્હારગઢ. બાલક બીડી શું? બાળક..... આહાહા! યહાં તો, બાલક બીડી તો આત્મામેં હૈ નહીં,

પરંતુ બીડી તરફકી આસક્તિ–રાગ હોતા હૈ વહ ભી આત્મામેં નહીં. આહાહા! ઔદયિકભાવ હૈ ન યહાં. **અસિદ્ધત્વ** નહીં.

**શુક્લલેશ્યા** નહીં. શુક્લલેશ્યા લી. દેખો! કૃષ્ણલેશ્યા નહીં લી. એ છેલ્લી લીધી. શુક્લલેશ્યા બહોત અચ્છી લગે ન. શુક્લલેશ્યા. વહ તો અભવિકો ભી શુક્લલેશ્યા હોતી હૈ, ઉસમેં હૈ ક્યા? શુભરાગરૂપી પરિણામ શુક્લલેશ્યાકા, વહ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ઉસમેં હૈ હી નહીં. વહ તો પર્યાયમેં હૈ, દ્રવ્યમેં હૈ નહીં. **પદ્મલેશ્યા...** આવે છેને. **પીતલેશ્યા**... તેજોલેશ્યા–**કાપોતલેશ્યા, નીલલેશ્યા ઔર કૃષ્ણલેશ્યા** એ ત્રણ હલકી છે. ઓલી ત્રણ શુભ છે, આ ત્રણ અશુભ છે. **ઐસે ભેદોંકે કારણ લેશ્યા છહ** હૈ. છહોં લેશ્યા નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ શુદ્ધભાવ ઉસમેં હૈ નહીં. હૈ નહીં ઐસી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. આહાહા!

યહાં તો કહે, શુભભાવ હો, શુભભાવસે સમ્યગ્દર્શન હોતા હૈ. કષાયકી મંદતા હો, ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં કરતાં સમ્યગ્દર્શન થાય. આવી તે વાત... રાગની મંદતાને આશ્રયે તો નહીં, પણ એને કારણે પણ નહીં. એ તો ત્રિકાળી ભગવાન આત્મા.. ઓહો! પરમસ્વભાવથી ભરેલો પ્રભુ, ગંભીર જેની શક્તિ છે, જિસકે સ્વભાવમેં અનંતગુણ ગંભીરપને પડે હૈં. ઐસા ત્રિકાળી ભગવાન આત્મા ધ્રુવ ઉસમેં લેશ્યા આદિ હૈ નહીં. ધ્રુવ ચૈતન્ય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રકા આશ્રય હૈ. સમ્યગ્દર્શન હૈ વહ સમ્યગ્જ્ઞાનકા કારણ નહીં. ભાઈ! ત્યાં તો કારણ આવ્યું છે બંધ અધિકારમાં. સમ્યગ્દર્શન કારણ નહીં તો કાર્ય કહાંસે હો? સમયસાર, બંધ અધિકારમાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ નહીં હુઆ, વહ કારણ નહીં વહાં ચારિત્ર કહાંસે આયા? વહ તો વ્યવહારસે બતાનેકી બાત હૈ. બંધ અધિકારમેં હૈ. સમજમેં આયા? યહાં તો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તીનોં પર્યાયકા આધાર દ્રવ્ય હોતા હૈ. કથન તો અનેક પ્રકારે આવે....

હવે મૂળભાવ પારિણામિકભાવ. સહજ પારિણામિકભાવ ત્રિકાલી જિસે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક લાગુ હોતે નહીં. લાગુ કહતે હૈં ન? **પારિણામિકભાવકે તીન ભેદ ઇસપ્રકાર હૈં : જીવત્વપારિણામિક...** જીવત્વ, જીવપના, સ્વભાવપના, સહજપના, ધ્રુવપના, જીવનો સહજ ધ્રુવભાવ, ભાવવાનનો ભાવ, ધ્રુવભાવ, ઉસ ધ્રુવમેં ભાવ પારિણામિકભાવ વહ ઉસકા જીવત્વ–જીવપના હૈ. યે ત્રિકાલ જીવત્વ હૈ. જીવત્વશક્તિ લી હૈ ન પહલી. ૪૭ શક્તિમાં લીધું છે. **ભવ્યત્વપારિણામિક...** બીજો ભવ્યરૂપી પારિણામિકભાવ. ત્રીજો **અભવ્યત્વપારિણામિક.**

**યહ જીવત્વપારિણામિકભાવ ભવ્યોંકોં તથા અભવ્યોંકોં સમાન હોતા હૈ...** ભવ્યમેં ભી જીવત્વપરિણામ હૈ, અભવ્યમેં ભી જીવત્વપરિણામ હૈ. જીવત્વ પરિણામ જો હૈ વહ ધ્રુવભાવ હૈ. ઉસકે આશ્રયસે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર(રૂપ) આત્માકે શુદ્ધ પ્રાણ ઉસકે આશ્રયસે પ્રગટ હોતે હૈં. આહાહા! સમ્યગ્દર્શન-જ્ઞાનનું પરિણમન એ જીવન છે જીવનું. જીવકા વહ જીવન હૈ.

આહાહા! જીવકા જીવન જીવસે ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા? ઓહો! માર્ગની ગુઢતા ને ગંભીરતા. વીતરાગમાર્ગ સિવાય ક્યાંય આ વાત નથી. એને અંદર બેસે તો ખબર પડે કે આ શું ચીજ છે. સમજમેં આયા? ઓહોહો! સંતોને કરુણા કરકે ઐસી બાત સ્પષ્ટ કર દી હૈ. સંતોને મોક્ષમાર્ગ સરલ કર દિયા હૈ. અનુભવપ્રકાશમેં હૈ, દીપચંદજી. અહો! સંતોએ માર્ગ સહેલા કર દિયા હૈ. સહેલા સમજે? સરલ.. સરલ. બહુ ટૂંકામાં દૃષ્ટિનો વિષય બતાવી અહીં મુખ્ય દૃષ્ટિપણે સમ્યક્ નિશ્ચય..... એવું સરળપણું સંતોએ જગતને સમજાવ્યું છે.

ભવ્યત્વભાવ ભવ્યજીવકો હોતા હૈ, અભવ્યભાવ અભવ્યકો હોતા હૈ. ઐસે પારિણામિકભાવકે તીન (ભેદ). જીવત્વભાવ.... ત્રિકાલી જીવત્વભાવ, પારિણામિકભાવ વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા આશ્રય હૈ. ઐસે જીવત્વ ધ્રુવસ્વભાવકે આશ્રયસે મોક્ષકે માર્ગકા જીવન ઉત્પન્ન હોતા હૈ. ભક્તિમાં આવે છેને 'જીવન'. નેમિનાથ ભગવાન. 'ખરું જીવન પ્રભુ તારું જીવન, જીવી જાણ્યું નેમિનાથે જીવન.' આહાહા! 'જીવી જાણ્યું' એ તો ભક્તિમાં આવે છે. નેમિનાથ ભગવાને જીવી જાણ્યું. 'જીવી જાણ્યું' એટલે? આત્માકે સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કિયા વહ જીવન હૈ જીવકા. આહાહા! સો વર્ષ જીવે, ધૂળ વર્ષ જીવે, એ તો દેહની સ્થિતિ છે. એમા શું છે? આહાહા! સમજમેં આયા? **ઇસ પ્રકાર પાંચ ભાવોંકા કથન કિયા**.

હવે કાર્યસમયસારની જરી પ્રશંસા કરે છે. કાર્યસમયસાર કારણસમયસારમેં તો હૈ નહીં. અર્થાત્ ક્યા? કારણભગવાન ધ્રુવસ્વરૂપ કારણપરમાત્મા, કારણસમયસાર ઉસમેં કાર્યસમયસાર હૈ નહીં, પરંતુ કાર્યસમયસાર પ્રગટ હોતા હૈ વહ કૈસા હૈ ઉસકા વર્ણન કરતે હૈં. **પાંચ ભાવોંમેં...** પાંચ ભાવ સમજે? ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, પારિણામિક—યે પાંચ ભાવ. ઉસકા વિશેષ વર્ણન પંચાસ્તિકાયમેં હૈ. **ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ હૈ...** ક્ષાયિકભાવ તો ભગવાન પરમાત્માકો કાર્યરૂપ પર્યાયમેં પ્રગટ હોતા હૈ. ત્રિકાલી ભગવાન શુદ્ધભાવ વહ તો કારણસમયસાર હૈ. ઉસમેંસે ભગવાનકો કાર્યસમયસાર(રૂપ) પર્યાય ઉત્પન્ન હુઈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય વહ કાર્યસમયસાર.

**વહ (ક્ષાયિકભાવ) ત્રિલોકમેં પ્રક્ષોભકે હેતુભૂત...** ભગવાનકો જબ કેવલજ્ઞાન આદિ હોતા હૈ, તીન લોકમેં જરી ક્ષણિક શાતાકા ઉદય આતા હૈ. નીચે હૈ. **ખલબલી**. (**તીર્થંકરકે જન્મકલ્યાણકાદિ પ્રસંગમેં લોકમેં આનંદમય ખલબલી હોતી હૈ**). 'આનંદ' શબ્દસે અતીન્દ્રિય આનંદકી બાત નહીં હૈ. (આનંદ અર્થાત્) શાતા. સમજમેં આયા? એક તીર્થંકર ઉત્પન્ન થાય ને જો અતીન્દ્રિય આનંદ ઉત્પન્ન થાય તો એને મુક્તિ થયા વિના રહે નહીં. ઐસે તો અનંત તીર્થંકરો હો ગયે. અનંત બાર ખલબલી હો ગઈ લોકમેં. શાતાકા ઉદય હૈ. સાતવીં નરકકે

નારકીકો ભી, ભગવાન જબ કેવલજ્ઞાન પાતે હૈં, જન્મતે હૈં, ઉસકો શાતા.... ઐસા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ.

ઐસે પ્રક્ષોભકે હેતુભૂત ભગવાનકે **તીર્થંકરત્વ દ્વારા...** તીર્થંકરપના.. **પ્રાપ્ત હોનેવાલે સકલ-વિમલ કેવલજ્ઞાનસે યુક્ત...** ભગવાન તો સકલ-વિમલ કેવલજ્ઞાન સહિત હૈં. **તીર્થનાથકો...** તીર્થનાથ **(તથા ઉપલક્ષણસે સામાન્ય કેવલીકો)...** (અરિહંતમેં) દોનોં લેના. **અથવા સિદ્ધભગવાનકો...** તીનોં લેના. ઉનકો ક્ષાયિકભાવ **હોતા હૈ.** તીર્થંકરકો કેવલજ્ઞાનમય ક્ષાયિકભાવ, સામાન્ય કેવલીકો ક્ષાયિકભાવ, સિદ્ધકો ક્ષાયિકભાવ હૈ. અથવા **સિદ્ધભગવાનકો હોતા હૈ.**

**ઔદયિક...** આ ઔદયિકના બોલ કહ્યાને ૨૧. **ઔપશમિક...** દો બોલ કહે. **ઔર ક્ષાયોપશમિક...** અઢાર (બોલ) કહે. યે **ભાવ સંસારિયોંકો હી હોતે હૈં...** સિદ્ધને નહીં. સમજમેં આયા? કેવળીને ક્ષાયિકભાવ તેરમે ગુણસ્થાને હો, તો પારિણામિક, ઔદયિક ને ક્ષાયિક ત્રણ ભાવ છે. અરિહંત હૈં ન દેહસહિત, તેરહવેં ગુણસ્થાનમેં તીન ભાવ હૈં. ત્રિકાલી દ્રવ્ય પારિણામિકભાવ હૈ, વર્તમાન પર્યાય ક્ષાયિકભાવ હૈ, કર્મનો ઉદય છે તો અસિદ્ધત્વ છે તો ઔદયિકભાવ છે. સિદ્ધને બે ભાવ—પારિણામિક, ક્ષાયિક. બાકી સબ સંસારી પ્રાણીકો ચાર ભાવ. આહા! ક્ષાયિક સિવાયના ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક. સમજાય છે કાંઈ?

**મુક્તજીવોંકો નહીં.** મુક્તજીવમાં એ નથી. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક મુક્તજીવકો નહીં. ઝીણી વાતું છે ભાઈ! વિસ્તાર કરે તો પણ એનો વિસ્તાર આ જાતનો થાય. બીજો ક્યો થાય? પાંચ ભાવ હૈં પાંચ. ઉસમેં એક તો પારિણામિક ત્રિકાલીભાવ જો યે શુદ્ધભાવ ધ્રુવભાવ ઔર દૂસરે ઉત્પાદ-વ્યયવાલા ચાર ભાવ. ઔદયિકભાવ ગતિ આદિકા, ઔપશમિક-ભાવ સમકિત આદિકા, ક્ષાયોપશમિક જ્ઞાનાદિકા, ક્ષાયિક કેવલજ્ઞાન આદિકા. યે ચાર ભાવ ઉત્પાદ-વ્યયકી પર્યાય હૈં. કહતે હૈં, ચાર ભાવ દ્રવ્યમેં નહીં. આહાહા! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન સદૃશરૂપ, જેનું એક સદૃશરૂપ ત્રિકાળી ધ્રુવ છે. ઉત્પાદ-વ્યય તો વિસદૃશ છે. ઉત્પાદ-વ્યયકી પર્યાય તો વિસદૃશ હૈ. ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યય.. વિસદૃશ હૈ. સમજમેં આયા? ભાષા બધી એવી ઝીણી છે. ત્રિકાળી વસ્તુ સદૃશ છે. સદૃશ વસ્તુ પારિણામિકભાવ હૈ. એ સિવાય ચાર ભાવ ઉત્પાદ-વ્યય પર્યાયભાવ છે. હવે જરી આગળ.

**પૂર્વોક્ત ચાર ભાવ...** પૂર્વ-ઉક્ત. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક—ચાર **આવરણસંયુક્ત હોનેસે મુક્તિકા કારણ નહીં હૈં.** અટપટી ભાષા છે. ચાર ભાવમેં ઉદયમેં કર્મકે નિમિત્તકી સદ્‌ભાવતા હૈ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમેં કર્મકે નિમિત્તકા અભાવ હૈ. ઇતની અપેક્ષા હૈ ઇસલિયે ચારકો આવરણ સહિત કહનેમેં આયે હૈં. આવરણ શબ્દસે ઉસમેં નિમિત્તકી અપેક્ષા હૈ. ફરીને. આવું તત્ત્વ ઝીણું વીતરાગનું. એ ઉપરથી લેવા માગે, જાણે ઉપરથી આમ

કરીએ, ભગવાનની સેવા કરીએ, વ્રત પાળીએ, તપ કરીએ, કંઈક થશે. આહાહા! ધૂળેય નહીં થાય. 'ધૂળેય નહીં થાય'નો અર્થ કે સમ્યગ્દર્શન સહિત જો તીર્થંકરપ્રકૃતિ બંધતી હૈ ઐસા પુણ્ય મિથ્યાદૃષ્ટિકો નહીં (હોતા). સમજમેં આયા?

**પૂર્વોક્ત ચાર ભાવ**–ચાર પર્યાય **આવરણસંયુક્ત** અર્થાત્ જિસમેં કર્મકા નિમિત્ત ને નિમિત્તકા અભાવ હૈ ઐસી અપેક્ષા હૈ તો આવરણસંયુક્ત કહનેમેં આયા હૈ. ક્ષાયિકભાવમેં આવરણ હૈ નહીં, પરંતુ નિમિત્તકા અભાવ હુઆ ઉતની અપેક્ષા લેકર આવરણસંયુક્ત કહા. વહ મુક્તિકા કારણ નહીં. આહાહા! મુક્તિકા કારણ પર્યાયસે કહા. મોક્ષનો માર્ગ પર્યાય છે મુક્તિનું કારણ. સુનો. મોક્ષકા માર્ગ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ વહ મુક્તિકા કારણ (હૈ ઐસા) વ્યવહારનયસે કહા હૈ. નિશ્ચયનયસે તો દ્રવ્ય હી મુક્તિકા કારણ હૈ. કહે છેને માણસ કે કારણ... ..... એ તો બે જુદું પાડવા કહ્યું છે. અહીં તો કારણ સિદ્ધ કરવું છે. નિશ્ચયવસ્તુ નિષ્ક્રિય છે. (શ્રોતાઃ ...) છેને. એ જુદી વાત છે. ત્યાં તો બે અંશો સિદ્ધ કરવા છે. અહીંયા તો કારણ શેમાંથી ઉત્પન્ન થાય એ સિદ્ધ કરવું છે–વહ સિદ્ધ કરના હૈ. સમજમેં આયા?

૩૨૦ ગાથામેં તો ઐસા કહા જયસેનાચાર્યને કિ મોક્ષ ઔર મોક્ષકી માર્ગકી પર્યાય ઉસકા કર્તા દ્રવ્ય નહીં. વહ પર્યાય હૈ. પર્યાય પર્યાયકી કર્તા હૈ. (શ્રોતાઃ ...) વહ દો ભાવકી અસ્તિ સિદ્ધ કરનેકો હૈ. યહાં તો કિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ વહ સિદ્ધ કરના હૈ. ભારે વાત. સમજાય છે કાંઈ? એ તો કહ્યું હતું રાત્રે, નહીં? આત્મામેંસે હી પર્યાય આતી હૈ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. કોઈ બાહરસે અદ્ધરસે આતી હૈ? તો આત્મા કારણ ને પર્યાય કાર્ય ઇતની બાત રખકર, પીછે વહ પર્યાય એકરૂપ નહીં આતી હૈ સરિખી. દ્રવ્ય-ગુણ તો સરિખે–સદૃશ હૈં તો પર્યાય સરિખી હોની ચાહિએ. એકસી નહીં આતી હૈ ઉસ કારણસે પર્યાયકા કારણ દ્રવ્ય નહીં. પર્યાયકા કારણ તો ઐસી પર્યાય અપની યોગ્યતાસે બાહર આતી હૈ. ઝીણી વાત છે થોડી. સમજમેં આયા?

વસ્તુ જો ધ્રુવ ત્રિકાલ ભગવાન હૈ વહ જો નિશ્ચયસે પર્યાયકા કારણ હો તો જૈસે દ્રવ્ય-ગુણ હૈં ઐસી એક સમયકી પર્યાય સરિખી આની ચાહિયે. કારણ કહા વહ તો ઉસમેંસે આતી હૈ ઉસ કારણસે કહા. બાકી જો પર્યાય આતી હૈ વહ અપની યોગ્યતાસે બાહર આતી હૈ. પર્યાયકી યોગ્યતા એક પ્રકારકી નહીં હૈ, ભિન્ન-ભિન્ન હૈ. ભિન્ન-ભિન્ન પ્રકારકી યોગ્યતા દ્રવ્યકે કારણસે નહીં હૈ. પર્યાયકે કારણ પર્યાય આતી હૈ. ભારે આકરું ભાઈ! એય! આહાહા! એ ૩૨૦ ગાથાના ઘણા વ્યાખ્યાનો થઈ ગયા છે, રાજકોટ થઈ ગયા છે, અહીં થઈ ગયા છે. યહાં તો ઐસા કહા કિ પરમપારણામિક ધ્રુવભાવ વહ મોક્ષપર્યાય ને મોક્ષકી પર્યાયકા કારણ મોક્ષમાર્ગ ઉસ ક્રિયાસે રહિત હૈ દ્રવ્ય. ઔર ઉસ પર્યાયકા કારણ દ્રવ્ય ભી નહીં. પર્યાયકા

કારણ પર્યાય હૈ. આહાહા! બાપુ! યે તો માર્ગ દૂસરા આ ગયા હૈ ભાઈ! ગંભીર માર્ગ.. ગંભીર માર્ગ.. ઊંડો માર્ગ.

એક સમયકી પર્યાય ભિન્ન-ભિન્ન અપની યોગ્યતાસે હોતી હૈ. રાત્રિકો કહા થા. ઉપશમભાવ કહ્યો હતો. રાત્રિકો કહી થી બાત. એક પરમાણુ હૈ, ઉસ પરમાણુમેં રંગ, ગંધ, રસ, સ્પર્શ એકસરિખે ત્રિકાલ હૈં. ઉસ પરમાણુમેં એક સમયકી (રંગગુણકી) કાલી પર્યાય ઉત્પન્ન હોતી હૈ, કિસી વક્ત અનંતગુની (કાલી) પર્યાય હોતી હૈ, એક-દો-તીન-ચાર ગુની હોતી હૈ. ઉસ પર્યાયકા કારણ કૌન? ઉસ પર્યાયકા કારણ દ્રવ્ય-ગુણ કહો તો, દ્રવ્ય-ગુણ તો એક સરિખે હૈં તો એક સરિખી પર્યાય હોની ચાહિયે. કિસી વક્ત એક ગુની કાલી પર્યાય, એક ગુની ઠંડી પર્યાય, એક ગુની મીઠી પર્યાય, દો ગુની, તીન ગુની, ચાર ગુની, અનંતગુની, ઐસી-ઐસી જો પર્યાય હૈ વહ આતી હૈ ગુણમેંસે. ઝીણી વાત છે ભાઈ! પરંતુ વહ પર્યાય ઐસી યોગ્યતાવાલી હુઈ, કોઈ એક ગુણવાલી, કોઈ દો ગુણવાલી, કોઈ તીન ગુણવાલી ઉસકા કારણ ક્યા? દ્રવ્ય કારણ હો તો દ્રવ્ય-ગુણ તો સરિખે હૈં. આહાહા! સમજમેં આયા? ભગવાન! માર્ગ જરી સૂક્ષ્મ હૈ પ્રભુ!

પર્યાયની યોગ્યતા એક ગુણ કાળી, એક ગુણ રસવાળી, એક ગુણ સ્પર્શવાળી, એક ગુણ રંગવાળી અને કોઈ બે ગુણ રંગવાળી, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, દસ, એમ અનંત. એનું કારણ શું? સમજમેં આયા? ભગવાનનો માર્ગ તો અલૌકિક છે ભાઈ! ... જૈસા માર્ગ કહીં હૈ નહીં. તીન કાલ, તીન લોકમેં નહીં. હવે આ લોકો સમન્વય કરવા માગે છે. બાપુ! કોની સાથે (સમન્વય)? ભાઈ! બધા આત્માઓ સાથે કેમ વાત થાય? કોઈ આત્મા..... ભગવાન છે આત્મા.. .... છે ભગવાનનો એ પુરુષાર્થ છે. સમજે? એક દ્રવ્યદૃષ્ટિ...... પરંતુ સમન્વય કૈસે કરના? યે ભી સચ્ચા, ઉસકા ભી સચ્ચા. એ શેઠ! આ નિયમસાર છે બાપા!

આ બધું આવ્યું છે કાલ. સમન્વય કરો. નગ્નપણું, દિગંબરોએ આગ્રહ કર્યો તેથી અમે સ્ત્રીની મુક્તિ છોડી દીધી. એવું આવ્યું છે, કાલ આવ્યું છે. છેને એમાં–શ્વેતામ્બરમાં, નહીં ઓલો? અગ્રસેન નાહટા. અગ્રસેન નાહટા. મળ્યો હતો અમને બનારસ. કાશીમાં આવ્યો હતો. આગ્રહ નથી ભાઈ! તને ખબર નથી. નગ્નપણાનો આગ્રહ નથી. ભગવાન આત્મા, જહાં અપને આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પર્યાય પ્રગટ હુઈ તો ઉસ ભૂમિકામેં દ્રવ્ય-ગુણકે વિકલ્પકી હી મર્યાદા હો. વસ્ત્ર લેવાનો વિકલ્પ ત્યાં હોય જ નહીં અને એના સંયોગમાં નગ્નપણાની દશા જ નિમિત્ત હોય. એ વસ્તુની સ્થિતિ છે, એ કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ?

આ ચૈતન્ય ભગવાનનો વિરહ.... બાપ મરી જાય, લક્ષ્મી ઘટે, પછી છોકરાઓમાં તકરાર થાય. એમ ત્રણ લોકના નાથ કેવળીનો વિરહ પડ્યો, જ્ઞાન ઘટી ગયા–ઓછું થઈ ગયું, વિપરીત માન્યતાઓમાં ઝઘડા ઉઠ્યા. ભાઈ-ભાઈમાં ઝઘડા ઊભા... પ્રભુ! તારો માર્ગ જુદી

જાતનો છે. આહાહા! વસ્તુની સ્થિતિ જ આ છે. આગ્રહ-ફાગ્રહ કેવા ત્યાં? આહાહા! આત્મા ..... જાય એવી વાત છે ત્યાં આગ્રહ કેવા? સમજાણું કાંઈ? નગ્નપણાનો આગ્રહ રાખ્યો માટે સ્ત્રીને મુક્તિ...... પણ સ્ત્રીને પાંચમા ગુણસ્થાનથી વધારે હોય જ નહીં. આમ ધ્યાનમાં રહેવું અંતરમાં, આહા! એવી નિર્ભયદશા હોય જ નહીં એને. એ આગ્રહ નથી, વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

યહાં કહતે હૈં, આહાહા! અરે! ચાર ભાવ મુક્તિકા કારણ નહીં. ગજબ વાત છે! ત્યાં ઓલી (સ્ત્રીની મુકિતની) વાત ક્યાં છે? ક્યા કહા? આત્મામેં જો દયા-દાનકા પરિણામ ઉત્પન્ન હૈ વહ ઔદયિક હૈ. ઉપશમ હોતા હૈ સમકિત વહ ઔપશમિક હૈ. ક્ષયોપશમ હોતા હૈ, કુછ ઉદય ઔર કુછ વિકાસ. વિકાસ સમજતે હો? .... વહ ક્ષયોપશમ. પૂર્ણ વિકાસ વહ ક્ષાયિક. **ચાર ભાવ આવરણયુક્ત હોનેસે મુક્તિકા કારણ નહીં હૈ**. અથવા ઉસકા આશ્રય કરનેલાયક નહીં. એ વાત છે. આહાહા! **ત્રિકાલનિરુપાધિ જિસકા સ્વરૂપ હૈ...** આહાહા! ભગવાન નિત્યાનંદ પ્રભુ, ધ્રુવસ્વરૂપ નિત્ય રસકંદ, નિત્ય જીવકા સ્વભાવ અકષાયરસ–વીતરાગરસ ધ્રુવ ત્રિકાલનિરુપાધિ હૈ. તીનોં કાલમેં ઉસકો ઉપાધિ થી ઔર ઉપાધિ ગઈ ઐસા હૈ નહીં.

**જિસકા સ્વરૂપ હૈ ઐસે નિરંજન નિજ પરમ પંચમભાવકી**... આહાહા! **ઐસે નિરંજન...** જિસમેં અંજન નહીં, મેલ નહીં. **નિજ પરમ પંચમભાવ,** પાછું. ભગવાનકે પાસ પંચમભાવ હૈ, પરમાણુમેં ભી પંચમભાવ તો હૈ. યે તો નિજ પરમ પંચમભાવ... અપના નિજ–સ્વ પરમ પંચમભાવ **(-પારિણામિકભાવકી) ભાવનાસે...** યે મોક્ષમાર્ગ. પરમ પંચમભાવકી ભાવનાસે અર્થાત્ અંતર એકાગ્રતાસે. ભાવના વહ પર્યાય હૈ, પંચમભાવ વહ દ્રવ્યસ્વભાવ હૈ. ત્રિકાલી દ્રવ્યસ્વભાવ ભગવાન પંચમભાવ ઉસકી ભાવના અર્થાત્ એકાગ્રતા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પંચમભાવકી ભાવના હૈ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ પંચમભાવકી ભાવના હૈ. આહાહા! ભાઈ! ભાષા છે એવી... વસ્તુસ્થિતિ સિદ્ધ કરવી છેને. આ તે નિયમસાર કહો કે પંચમભાવની ભાવના કહો. સમજમેં આયા? આરે, ભારે આકરું.

બાપુ! શાંતિથી આ સમજાય એવું છે. ન સમજાય એવું ક્યાં છે? કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો ભગવાન છે. આહાહા! અરે! કેવળજ્ઞાનનો આશ્રય ન કરવો એવો ભગવાન ધ્રુવનો આશ્રય કરનાર એવી ચીજ મહા પડી છે, એને આ ન સમજાય એ કેમ બને? એ ચીજ જ એવી છે. કુછ ક્ષયોપશમભાવ તો લેકર આયા હૈ. કોઈ એકેન્દ્રિય જૈસા તો ભાવ હૈ નહીં, ક્ષયોપશમભાવ તો હૈ. ભગવાન આત્મા નિરંજનનાથ ત્રિકાલી આનંદકંદ પ્રભુ પંચમભાવ-સ્વરૂપ ઉસકી ભાવના. કહો, સમજમેં આયા? ભાવકી ભાવના. સ્વભાવભાવાય 'ચિત્સ્વભાવાય' ત્રિકાળ ભાવાય પારિણામિકભાવ ઉસકી ભાવના, ઉસકી એકાગ્રતા. ધ્રુવકો ધ્યેય બનાકર એકાગ્ર હોના, અપની ધ્યાનકી પર્યાયમેં ધ્યાન વહ ભાવના હૈ ઔર ધ્યાનકી પર્યાયમેં ધ્યેય બનાના વહ પારિણામિકભાવ હૈ. સમજમેં આયા? ફરીને.

જો ધ્યાન હૈ, ત્રિકાલીવસ્તુ ધ્રુવમેં ધ્યાન વહ ભાવના. વહ ભાવના અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. તીનોં ધ્યાનકી હી પર્યાય હૈ, વહ ધ્યાનમેં ધ્યેય દ્રવ્ય હૈ. સમજમેં આયા? ઐસે **નિજ પરમ પંચમભાવ**... ભાષા દેખો! પર્યાયકો ભી પારિણામિકભાવ કહતે હૈં. પર્યાયકો ભી પારિણામિકભાવ (કહતે હૈં). ઔદિયક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક કહા વહ કર્મકે નિમિત્તકી અપેક્ષા ઔર અભાવકી અપેક્ષાસે કહા, નહીં તો યે ચારોં ભાવ (પરમ)-પારિણામિકભાવકી પર્યાય હૈં. શાસ્ત્રમેં તો વહાં તક આયા હૈ કિ વિકાર પરિણામ હૈ વહ પારિણામિકભાવ હૈ. પરમપારિણામિકભાવકી વહ પર્યાય હૈ. ઇસ બાજુસે લે તો પરમપારિણામિકભાવકી વિકાર પર્યાય હૈ. નિમિત્તસે લો તો ઉસકો ઔદયિકભાવ કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? એક બોલ-બે બોલ.... કિતનેં બોલ રાજકોટ આયે થે. ...... એણે દરકાર કરી જ નથી. વસ્તુ ત્રિકાળી દ્રવ્યમાં ગુણ..... એનો આશ્રય કરતા પર્યાય થાય એ પર્યાય એમાં નથી. એનો આશ્રય કરતાં પર્યાય થાય, પર્યાય હોય. આ વળી ભાષા આવી અટપટી.

ઓહોહો! **ત્રિકાલનિરુપાધિ જિસકા સ્વરૂપ હૈ ઐસે નિરંજન નિજ પરમ પંચમભાવકી ભાવનાસે**... એ પર્યાય કીધી. ચાર ભાવમાં ત્રણ તો ભાવના આવી—ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. ભાવના..... જ્ઞાનમેં ઉપશમભાવ હોતા નહીં. જ્ઞાનમેં ક્ષયોપશમ, ક્ષાયિક હોતે હૈં. સમ્યગ્દર્શનમેં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક તીનોં હોતે હૈં. ચારિત્રમેં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક તીન હોતે હૈં. જ્ઞાનમેં ક્ષયોપશમ ને ક્ષાયિક દો હોતે હૈં. ભારે ઝીણી વાતું. આવી વાતું તો અમારે ૬૮ની સાલમાં ચાલતી હતી. ૬૮. ........ એ પાંચ ભાવમાં ઔદયિકભાવ ક્યા ગુણસ્થાન સુધી, ઉપશમ ક્યા ચાર ગુણસ્થાન, ક્ષયોપશમ ક્યાં સુધી. ...... પહેલો અભ્યાસ એ હતો. ૬૮.. ૬૮. કેટલા વર્ષ થયા? ૬૧. ક્ષયોપશમ બાર ગુણસ્થાન સુધી હોય, ઔદયિક ચૌદમા સુધી હોય, ઉપશમ ચોથાથી અગિયાર સુધી હોય, ક્ષાયિક ચોથેથી ઠેઠ સુધી–સિદ્ધમાંય હોય. જ્ઞાનસાગર કીધુંને પુનાતરનું. ..... આ તો ગુણસ્થાનનું છે એમાં. ત્યાં ગુણસ્થાનની વાત છે. ..... સંગ્રહ.... સંગ્રહ છે ત્યાં. થોકડા એટલે થોક. ત્યારની વાત છે. આહાહા!

અહીં કહે છે કે એક સમયકી ચાર પર્યાય, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ઉસસે ભગવાન ભિન્ન હૈ, ઉસકા આશ્રય કરકે જો એકાગ્રતા હુઈ વહ પર્યાય—ઉપશમ ક્ષયોપશમ, ક્ષાયિકરૂપ ભાવના. ઉસસે **પંચમગતિમેં મુમુક્ષુ**... પંચમભાવકી ભાવનાસે પંચમગતિમેં મુમુક્ષુ **(વર્તમાન કાલમેં) જાતે હૈં**... ભાષા ટૂંકી છે, પરંતુ ભાવ બડા હૈ. પંચમભાવકી... પારિણામિકભાવરૂપી પર્યાયસે... યે ભાવ જો યહાં કહતે હૈં વહ ભાવ હૈ. પરમપારિણામિક નહીં. પરકી અપેક્ષાસે ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક (કહતે) હૈં. આહાહા!

**પંચમગતિમેં મુમુક્ષુ વર્તમાનકાલમેં જાતે હૈં.** વર્તમાનકાલમેં મોક્ષ જાતે હૈં મહાવિદેહમેં. મહાવિદેહમેં ભગવાન બિરાજતે હૈં, તીર્થંકરદેવ બિરાજતે હૈં. વહાં પર પંચમભાવકી ભાવનાસે પંચમગતિ, વર્તમાનકાલમેં ભી મુક્તિ હોતી હૈ. છસો ને આઠ જીવ છ મહિના ને આઠ સમયમાં

મુક્તિ પામે છે. વર્તમાનમેં યહાં ભરતમેં, ઐરાવતમેં મુક્તિ હૈ નહીં. મહાવિદેહમેં હૈ. વહાં તો સાતવીં નર્ક જાનેવાલે ભી હૈં. યહાં સાતવીં નર્ક જાનેવાલે નહીં હૈં. જોરથી હુમલા કરનારા ત્યાં છે. જોરથી શરૂઆત કરનારા પણ ત્યાં છે. કહતે હૈં, વર્તમાનમેં જાતે હૈં. (કોઈ કહે), ભરતસે નહીં (જાતે). પણ વર્તમાનકાળની ભરતની વાત ક્યાં છે? ....... આહાહા!

જે પંચમભાવ ધ્રુવનો ઉગ્રપણે આશ્રય લઈને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે. સમજમેં આયા? આહાહા! વર્તમાનમેં જાતે હૈં, ભવિષ્યકાલમેં જાયેંગે. યે એક હી માર્ગ હૈ, ઐસે કહતે હૈં. પંચમભાવ નિત્યાનંદ પ્રભુ ધ્રુવ ઉસકી ભાવના–ઉસકી એકાગ્રતા, ઉસસે વર્તમાનમેં પંચમગતિકો પ્રાપ્ત હોતે હૈં, ભવિષ્યમેં ભી ઉસકે આશ્રયસે પ્રાપ્ત હોંગેં ઔર ભૂતકાલમેં ભી જાતે થે વે ઉસ ભાવસે ગયે હૈં. સમજમેં આયા? ભૂતકાળ–ગયો કાળ. વર્તમાન ને ભવિષ્યમાં પહેલો વર્તમાન લીધો, પછી ભવિષ્ય લીધો, પછી ભૂતકાળ લીધો. એક માર્ગ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' આહાહા! અપના પંચમ નિજભાવ...

યે મુદ્દેકી રકમ હૈ. મુદ્દેકી રકમ સમજતે હો? પાંચ લાખ દિયા હો, આઠ આના, રૂપિયા હિસાબે વ્યાજ આપતો હોય પાંચ વર્ષ, દસ વર્ષ સુધી. હવે વ્યાજ ઘણું લીધું, મુદ્દાની રકમ તો લાવ. (રકમ) હૈ નહીં. વ્યાજ ....ક્યા કિયા? આપે છેને પાંચ-દસ હજાર.... બાર આના..... ત્યારે આઠ આના હતું. ....... રાજા આદિ આઠ આના આપતા. હવે વધી ગયું છે. લાવો રકમ. મૂળ રકમ નથી. ત્યારે શું કરવું વ્યાજનું? એમ આ મૂળ રકમની વાત છે. સમજમેં આયા? મૂળગો માલ લાવ. મૂલ તેરા માલ કહાં હૈ પૂરા? પંચમભાવમેં મૂલ માલ ભરા હૈ. મૂલ માલ વહાં હૈ. આહાહા!

જિસકે આશ્રયસે મુમુક્ષુ–મોક્ષકે અભિલાષી પ્રાણીયોં જાતે હૈં, વર્તમાન મોક્ષ જાતે હૈં, **(ભવિષ્યકાલમેં) જાયેંગે ઔર (ભૂતકાલમેં) જાતે થે.** એક જ માર્ગ છે. ભૂતકાલમેં કોઈ દૂસરા માર્ગ થા, ભવિષ્યકે લિયે દૂસરા, વર્તમાનમેં દૂસરા—ઐસા હૈ નહીં. વીતરાગ તીર્થંકરદેવકે માર્ગમેં યે એક માર્ગ હૈ. આહાહા! આ સમજાય એવું છે. સાધારણને આ શું...... ઔદયિક, ઔપશમિક, પંચમભાવ. પંચમભાવ ક્યાં રહેતો હશે? મૂળ અભ્યાસ નહીંને આ. ધારણા તરફનો અભ્યાસ અત્યારે નથી, અનુભવનો તો અભ્યાસ બીજો–દૂસરા. અંતર સ્વરૂપ એક ક્ષણમેં નિત્ય ધ્રુવ, ઉત્પાદ-વ્યય પર્યાયસે ભિન્ન ઐસી ચીજકો યહાં પંચમભાવ, ધ્રુવભાવ, શુદ્ધભાવ, સદૃશભાવ, અભેદભાવ, એકભાવ કહતે હૈં.

ઉસ એક ભાવકે આશ્રયસે અંદર ભાવના કરતે હૈં, અંતરમેં એકાગ્ર હોતે હૈં વહ ભાવના, વહ પર્યાય, વહ અવસ્થા. ઉસ ભાવનાસે મુમુક્ષુ જીવ મોક્ષકો પાતે હૈં. કહો, સમજમેં આયા? ઝીણું પડે. ભાવનાસે મોક્ષ પાતે હૈં, એમ કહ્યું ભાઈ! નહીં તો મોક્ષની પર્યાય તો દ્રવ્યસે (હોતી) હૈ. પંચમ(ગતિ) મોક્ષકી પર્યાય ભી મોક્ષમાર્ગકી પર્યાયસે નહીં હોતી, ક્યોંકિ મોક્ષકી પર્યાયકા તો વ્યય હોતા હૈ ઔર ઉત્પાદ હોતા હૈ મોક્ષકા. ......

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ સુદ-૧૧, સોમવાર, તા. ૧૫-૧-૧૯૭૩**
**શ્લોક-૫૮-૫૯, ગાથા-૪૨, પ્રવચન નં. ૨૦૦**

આ નિયમસાર, ૪૧ ગાથા, એના છેલ્લા કળશો છે બે. ટીકા પૂરી થઈ ગઈ છે. **(હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :)**

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः ॥५८॥**

પાંચ આચાર. **જ્ઞાનાચાર...** સ્વરૂપના આચારની વાત છે હોં અહીંયા. આત્મા જે આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે... **દર્શનાચાર...** સમ્યગ્દર્શનનું આચરણ. સ્વરૂપમાં પ્રતીતિરૂપ આચરણ–શુદ્ધતાનું પરિણમન એને અહીંયા દર્શનાચાર કહે છે. **ચારિત્રાચાર...** સ્વરૂપની રમણતા. શુદ્ધ આનંદઘન ભગવાન આત્મા એમાં રમણતા, ઠરના, જમવું, આનંદની દશા ઉગ્રપણે પ્રગટ કરવી એનું નામ ચારિત્રાચાર છે. **તપાચાર...** ઇચ્છા રહિત થઈ વિશેષે ચારિત્રની ઉજ્જ્વળતા, નિર્મળતા, વીતરાગતા પ્રગટ થવી એને તપાચાર કહે છે. અને **વીર્યચાર...** સ્વરૂપના દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપમાં પુરુષાર્થથી શુદ્ધતાનું રચવું, પવિત્રતાની પરિણતિની રચના એ વીર્યાચાર છે. આ નિશ્ચય પંચાચારની વાત છે. આ ઝીણો અધિકાર છે. આ બધો અધિકાર જ .....

આત્મા શરીર, વાણી, મનથી તો ભિન્ન છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એવા વિકારથી પણ એ ભિન્ન વસ્તુ છે. એ વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર, તપ ને વીર્ય એ સ્વરૂપની અંદરમાં પંચાચારનું પરિણમન થાય એને અહીંયા પંચાચાર કહે છે. વિકલ્પ નહીં. એવા **પાંચ આચારોથી** સહિત–**યુક્ત** વર્તતો... સંત-મુનિની ઉત્કૃષ્ટ વાત છેને. **અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** પરિગ્રહ નામ વસ્ત્રનો એક ધાગો પણ જેને ન હોય. એવી દશા છે મુનિની. ચારિત્રવંત હોય એને પરિગ્રહ બિલકુલ ન હોય. એક શરીરમાત્ર હોય, એ પણ થોડી...., જેના પ્રત્યે મમતા ન હોય. પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત કરવી છે એને તો પોતાના સ્વભાવ તરફની વીતરાગતાની પરિણતિથી એ પ્રગટ થાય એવું છે. વ્રત, દયા, દાન કે રાગથી પુણ્ય-પાપથી થાય એવું નથી. **પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** જેને એક વસ્ત્રનો ધાગો પણ ન હોય મુનિને. ...... એટલું લેવાનો ભાવ થાય તો મુનિપણું હોય નહીં. આવો માર્ગ છે.

શ્રોતા : ...માં કપડાનું જોર ઘણું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : કપડાનું જોર છે કે એના તરફની મમતા છે એનું જોર છે? એ (વસ્ત્ર) તો જડ છે. રાખવાનો ભાવ છે એ મમતા છે. મમતા છે ત્યાં સુધી એ જાતનું ત્યાં એને મુનિપણું

હોઈ શકે નહીં. એમ વાત છે. એને જરી સાચી સમજણ તો કરવી પડશેને કે શું ચીજ છે. સમજાય છે કાંઈ?

ચોથે ગુણસ્થાને સમકિતીને પણ અંતર સ્વરૂપની પ્રતીતરૂપી નિર્વિકલ્પ આચરણ હોય છે, સમ્યગ્જ્ઞાનનું પણ આચરણ હોય છે, ચારિત્રમાં સ્વરૂપના આચરણનો એક અંશ હોય છે. અને એ અંશમાં નિર્મળતા વિશેષ થવી એ પણ એ જાતનું તપ કહેવામાં આવે છે. અને એમાં વીર્યનું સ્ફુરવું—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામની સ્ફુરણા એટલું વીર્યાચાર તો એને પણ હોય છે. સમજાણું કાંઈ? અહીં મુનિની ઉત્કૃષ્ટ વાત લીધી છેને. જેને કાંઈપણ પરિગ્રહનો વિસ્તાર નથી. આહાહા! એકલો આત્મા વીતરાગમૂર્તિ જેને દૃષ્ટિ, જ્ઞાનમાં તરવરે છે, દેખાય છે, જણાય છે, અનુભવાય છે. જેને પાંચ મહાવ્રતના પરિણામ પણ દોષરૂપ અને મેલરૂપ લાગે છે. સમજાણું કાંઈ? માર્ગ બહુ જુદી જાતનો છે. દુનિયા કલ્પીને બેઠી એવો માર્ગ નથી. અલૌકિક માર્ગ છે.

ચોરાશીના અવતાર અનંત-અનંત કર્યા એ મિથ્યાત્વને લઈને કર્યા. એ મિથ્યાત્વનો નાશ કરવો એ જ પહેલો મહા અપૂર્વ પ્રયાસ ને પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ... સવારના કહ્યું હતું, નહીં? અંદરમાં આ વિકલ્પો દુઃખરૂપ લાગે, આ પર તરફ જાય છે આ તે શું છે? એવું જેને અંતરમાં ખળભળાટ જેવું, આકુળતા જેવું લાગે, એ અનંત આનંદનો નાથ ભગવાન એને શોધવા મથે છે. સમજાય છે કાંઈ? વિકલ્પમાત્ર દુઃખરૂપ છે, બાહ્ય તરફ જાય છે એ તો ચંચળતા છે, દુઃખ છે. કહતે હૈં ન. ચંચળ કલ્પના દુઃખરૂપ લાગે. શાંતિ કેમ નથી?

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : છતાં પહેલું સાધારણ બાહ્યથી નક્કી થવું જોઈએને જ્ઞાનમાં. વિકલ્પ સહિતમાં એટલો નિર્ણય કરવો જોઈએને. આ બાજુ આમ જાય છે વૃત્તિઓ, આ શું છે? શાંતિ નથી એમાં. ચાહે તો વ્રત-અવ્રતના વિકલ્પ હો કે કોઈપણ સંસારની કલ્પનાજાળ ઊભી કરે કે દયા, દાન, વ્રતના વિકલ્પ ઉત્પન્ન કરે—એ બધી ચંચળતા, પર તરફના વલણવાળી આકુળદશા છે. એ મહેન્દ્રભાઈ! આ તમારા ઝવેરાતમાં શું છે? ત્યાં દુઃખ લાગે છે? ....... બે-પાંચ લાખ પેદા કરે, દસ લાખ પેદા કરે. એય હસમુખભાઈ! આહાહા!

શાંતિનો સાગર ભગવાન, અનાકુળ આનંદનો નાથ, એમાં જેટલી પરદ્રવ્ય તરફના વલણવાળી શુભ કે અશુભ લાગણી, વિકલ્પોમાં ક્યાંય શાંતિ ન દેખાય ત્યારે એને લાગે કે આ કંઈક છે, આ શું છે? એવો એને એ તરફના વલણનો ભાવ ઠીક ન લાગે, એટલું રાખો. ત્યારે એ અંદર ઠીકવાળું તત્ત્વ આનંદસ્વરૂપ છે ભગવાન, અતીન્દ્રિય આનંદનું ધામ સ્વયં જ્યોતિ સુખધામ એને અંદર શોધવા મથે છે. આહાહા! નોકરીમાં બધા આઠ હજાર ને દસ હજારના

પગાર આવે ત્યારે રાજી થાય, એ રાગ ને આકુળતા છે એમ કહે છે. આહાહા! પોપટભાઈ! પોપટભાઈને છ છોકરા મોટા યોદ્ધા જેવા. એ..ય નિરાંતે કામ કરે, પૈસા લાખો પેદા કરે. એ ડોલ્યો અંદરમાં હલ્યો, આમ આમ જાય....

જેટલી શુભ ને અશુભ લાગણીઓ છે એ બધી આકુળતા છે અથવા એમાં શાંતિનો અભાવ છે. એટલું તો લાગેને એને, ભલે આકુળતા (ન લાગે). આમાં શાંતિ, જે શાં..તિ કહીએ એ આવતી નથી. એ શાંતિને શોધવા... શાંતિનું ધામ તો ભગવાન આત્મા છે અંદર, એને શોધે. એ શોધવાના પાંચ આચાર કીધા. દર્શનાચાર, જ્ઞાનાચાર, સમજાય છે? ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર. આ મેલ કાઢવાનું ઓલું સુમનભાઈનું યાદ આવ્યું. મેલ હોય છેને તમારે શું? પેટ્રોલનો મેલ હોયને. કાઢે એ બધા. એમ અહીંયા... ...ભાઈ! પણ તમારે ક્યાં... જુવાન માણસ, પૈસા ઘણા, બાપ માથે બેઠો છે. સુખી છે બધા. આકુળતાની ખબર નથી એને. આહાહા!

કહ્યું નહોતું સર્પનું? સર્પ. રજનીભાઈ! સાંભળ્યો હતો સર્પનો દાખલો? ચૂડામાં કંદોઈ હતા જૈન સ્થાનકવાસી. આમ દેરાવાસી હતા, પણ આ સ્થાનકવાસી..... અહીંયા આવતા. એ કંઈ ભજીયા કે ગાંઠિયા તળતા હતા. તેલ ઉનું. કડાયો મોટો આવો. .... દુકાને જોયું હતું. ઉપરથી સાપ પડ્યો એ જોયું છે મેં. કારણ કે મારે તો ...... મોઢા આગળ આ બાજુ દુકાન. એમાં ઉનો ધગધગતો ધૂમાડો નીકળ્યો. સર્પ ઉપર જાય સર્પ. એને ધુમાડો લાગ્યો. અડધો તેલમાં ને અડધો બહાર. આ તો બિચારા વાણિયા જૈન. કુંવરજીભાઈ નરમ માણસ હતા. ..... બાર મહિનાના જે નીકળેને પૈસા ધર્માદાના એ બધા અહીં આપી જાય. શું કહેવાય એ? ધર્માદાનું કહેવાયને? શુભખાતું.. શુભખાતું. એ શુભખાતાના પૈસા બાર મહિનાના ભેગા કરે.... અહીં પ્રેમ હતો. ........

રાડ નાખી હોં. અરર! અડધો અહીં પડ્યો, અડધો બહાર સર્પ. આમ કર્યું ત્યાં ચૂલમાં ગરી ગયો. આમાં શાંતિ ક્યાં છે? બળતરા.. બળતરા.. બળતરા.. બળતરા.. એ બળતરામાં ભાન ન મળે. જેવો બહાર આમ કાઢ્યો. નીચે તો અગ્નિ છે આમ ધગધગતી. એ દાસ! એમ આ આકુળતાની અગ્નિમાં સળગી રહ્યા છે અને વળી પાછા આકુળતાની અગ્નિના ડુંગરામાં જાય છે માળા. ધૂળ માને છે. સુખ ક્યાં છે? આહાહા! ત્યાં ક્યાં હતું? સુખનો સાગર તો ભગવાન છે. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ આત્મા છે. અરેરે! એ સચ્ચિદાનંદ છે. સત્– શાશ્વત, જ્ઞાન ને આનંદનો ભંડાર છે. પણ પર્યાય ને વર્તમાન રાગ ઉપર દૃષ્ટિ હોવાથી એને એ ભાસતું નથી. કેમ હશે આમાં તારાચંદભાઈ? સુખ હશે કે નહીં? બધા તમને સુખી કહે, બબ્બે હજારના પગાર મહિને. મોટા અમલદાર, કર્તાહર્તા. આહાહા!

કહે છે, ભગવાન! જો તારે સુખ જોઈતું હોય તો એ સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ વિકલ્પ સહિત જ્ઞાન કરજે. એને છોડીને પછી અંતરમાં સ્વરૂપમાં આનંદકંદનો નાથ પરમાત્મા

પોતે તું છો એમાં ઢળજે, વળજે. એને–ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈ ત્યાં ઠરજે એમ કહે છે. એવા જીવો **કાંઈપણ પરિગ્રહ**... ઉત્કૃષ્ટ વાત લીધી છેને. મુનિ થાય એને તો કાંઈ ન હોય, વસ્ત્રેય ન હોય. જેવો માતાએ જન્મ આપ્યો, જેવો જનેતાએ જન્મ આપ્યો એવું શરીર છે. બાળકનું શરીર જેમ વિકારનું કારણ નથી, એમ એનું શરીર પણ નિર્વિકારી દેખાય. શાંત.. શાંત(રસ)ના ઢાળા ઢળી ગયા હોય. શાંતિરસ સ્વભાવમાંથી પ્રગટ થયેલો હોય. જેના શરીરમાં શાંતરસ દેખાય. ઠંડુ પાણી હોય તો ઠંડુ હોય, પણ એ વાસણમાં મૂકે એ વાસણ ટાઢું થઈ જાય. આહાહા! ઊનું પાણી હોય એ ઊનું હોય, પણ વાસણમાં મૂકે તો ઠામ ઊનું થઈ જાય. આહાહા!

એમ ભગવાન આત્મા અકષાયસ્વરૂપનો કંદ પ્રભુ છે. એની જેણે અંતરના આચરણથી પ્રભુતા પ્રગટ કરી, વિશેષ શુદ્ધતા જેણે પ્રગટ કરી છે એને તો વસ્ત્રનો તાણો પણ (ન હોય). ઓઢવા વસ્ત્ર હોઈ શકે નહીં. આહાહા! ચારિત્ર એ મુક્તિનું સાક્ષાત્ કારણ છેને એટલે એની વ્યાખ્યા એ કરી. સમજવું તો પડશેને એને. ભલે ચારિત્ર ન હોય, પણ આવું ચારિત્ર હશે ત્યારે એને મુક્તિ થશે. સમજાણું કાંઈ? એકલું સમ્યગ્દર્શન ને જ્ઞાનથી કાંઈ મુક્તિ નથી. સમજાણું કાંઈ? એવા કાંઈપણ પરિગ્રહના વિસ્તારથી સર્વથા રહિત... આહાહા! જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું. નહોતું આવ્યું પ્રવચનસાર, ત્રીજા ભાગમાં? ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ શાંતરસના ઢાળામાં પૂર્ણ ઢળી ગયા છે. એવા ભગવાનની વાણીમાં તો એમ આવ્યું કે મુનિને તો જન્મ્યા પ્રમાણે રૂપ હોય. માતા જેવો જન્મ આપે એવું એનું બાળક જેવું શરીર નિર્વિકારી.. નિર્વિકારી. આહા!

**એવા વિદ્વાનો...** આને વિદ્વાન કહીએ એમ કહે છે, જેણે જાણ્યું એને. જેને આત્માના અંતરના આચરણમાં ધ્યાન ઢીમ થઈ ગયા, જામી ગયા છે. બરફ જેમ જામી જાયને. હમણાં કોઈક કહેતું હતું કે અમે જ્યાં હતાને ત્યાં ઉપર બરફ બહુ હતો. ચાલવા માટે લાકડી રાખે અણીવાળી. આવું હોય તો ખસી જાય. અણીવાળી લાકડી હોય એટલે આમ બરફમાં નાખતાં નાખતાં ચડતા. ............... બરફ. ........ એ અણીવાળી લાકડી રાખે હાથમાં. આમ નાખતા જાઈએ જરી એટલો ટેકો મળે. સુવાળું હોય તો સરકી જાય. બરફ બધે બરફ. આહાહા! ઓલા ભાઈ નથી આવતા પાલિતાણાથી? માલ લાવે છે જાંગડ પાલીતાણાથી. .... નોકરી કરતો હતો. સરકાર તરફથી જિલ્લા દીઠ પાંચ-પાંચ, દસ-દસ માણસને લઈ જાય પૈસા ખરચીને. પછી ...... એ કહેતો હતો કે ત્યાં બરફમાં ચાલવું પડ્યું........ પણ એ કહેતા કે લાકડી બધાને આપે અણીવાળી. પછી ફરતા..... આહાહા!

એમ અહીં ભગવાન આત્મા શાંતરસનો બરફ છે. એમાં જેને જાવું હોય એણે એકાગ્ર થવું પડશે. સમજાણું કાંઈ? આહાહા! એવી એકાગ્રતાથી વિદ્વાનો... એને વિદ્વાન કહીએ, કહે છે. આહાહા! **પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...** આવા ધર્માત્મા પૂજવાયોગ્ય એવી

પંચમગતિ એટલે સિદ્ધ(દશા)ને પ્રાપ્ત કરવા માટે **પંચમભાવને સ્મરે છે.** અહો! ત્રિકાળી સહજાત્મસ્વરૂપ પંચમભાવ એવો શુદ્ધ આનંદઘન કંદ એને યાદ કરીને ઠરે છે, કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું. પંચમભાવ એને યાદ કરે છે. જેની દૃષ્ટિમાં સદાય પંચમભાવ... આનંદકંદ એ પંચમભાવ, સહજાત્મસ્વરૂપ પૂર્ણ, આ જે શુદ્ધભાવ. ઉપર છેને શુદ્ધભાવ, એ પંચમભાવ છે. ધ્રુવભાવ, નિત્યાનંદભાવ એને ધર્માત્મા વારંવાર દૃષ્ટિ-જ્ઞાનમાં યાદ રાખે છે અને એમાં ઠરે છે.

એ **પંચમભાવને સ્મરે છે**. પૂજનીય પંચમગતિ... ભાષા જુઓ! 'પ' 'પ' છેને બધા. પાંચ આચારોથી સહિત, સર્વ પરિગ્રહથી રહિત... પાંચ આચારોથી સહિત, સર્વ પરિગ્રહથી રહિત... ...જોડાણ વર્તે છે. પંચમભાવને સ્મરે છે. એ શુદ્ધભાવ છે ત્રિકાળી. ઉપર છેને. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિકભાવ આવી ગયા છે. એ ચાર વિનાનો ત્રિકાળીભાવ.... હજી 'ત્રિકાળી છું' એવું સાંભળ્યુંય ન હોય. નવાને તો એવું લાગે. એ ચાલતું નથીને સંપ્રદાયમાં તો. આ કરો, અપવાસ કરો, વ્રત કરો, પૂજા કરો, જાત્રા કાઢો. કાલે કોઈક કહેતો હતો. મારવાડી આવ્યો. પચાસ હજાર આપું, જાત્રા કાઢો ભાવનગરથી પાલિતાણાની. ત્યાં ખુશી થઈ ગયો કે ઓહો.. બધાની પાસે બે નંબરના પૈસા ઘણા હોય અત્યારે. ..... નહીંતર આ સરકાર લૂંટી જશે, નહીં રહેવા દે હવે. બધા સરખા કરી દેશે. રજનીભાઈ! આહાહા!

એક મારવાડી આવ્યો સાધુ પાસે, ભાવનગર. મહારાજ! ભાવનગરથી પાલિતાણા સંઘ કાઢો, પચાસ હજાર આપું. એ કાંઈ ખ્યાલ નહોતો. ....... ભાષા એવી હતી. એ ભાઈ કહેતા હતા કાલ. જ્યંતિભાઈ કહેતા હતા. ...તળાવ, નહીં? જ્યંતિભાઈ ભાવનગરથી આવે છેને એ કહેતા હતા. સાધુ છેને ત્યાં મેરુપ્રભ કે કોઈક છે. હા, એમાંનો કોઈક. એમ કહેતો હતો. આહાહા! ચૈતન્ય સમ્મેદશિખર, શેત્રુંજય એવા પંચમભાવમાં આરૂઢ થા. તારી જાત્રા ત્યારે સફળ છે. સમજાણું કાંઈ?

પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે એક જ ઉપાય છે. આહાહા! પંચમભાવ, પારિણામિકભાવ, ધ્રુવભાવ, સદૃશભાવ, સામાન્યભાવ, અભેદભાવ, વસ્તુ તરીકે એકરૂપભાવ એને સ્મર. એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કર. એ સિવાય કોઈ મુક્તિનો ઉપાય નથી. આહા! આકરું લાગે માણસને. નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય. સમજાણું કાંઈ? આ પર્યાય સત્ય, પણ એમાં ત્રિકાળી સત્યનો આશ્રય લે તો પર્યાયમાં સત્ય આવે જ. સમજાણું કાંઈ? બીજો કળશ.

**सुकृतमपि समस्तं भोगिनां भोगमूलं**
**त्यजतु परमतत्त्वाभ्यासनिष्णातचित्तः ।**
**उभयसमयसारं सारतत्त्वस्वरूपं**
**भजतु भवविमुक्त्यै कोऽत्र दोषो मुनीशः ॥५९॥**

શું કહે છે? અરે! મહાવ્રતના વિકલ્પ-બિકલ્પ છૂટીને આમાં ઠર—એમાં દોષ શું છે? આહાહા! સમજાણું? એમાં શું છે? મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય વ્યવહારના વિકલ્પ છોડ ને આમાં ઠર. બહારના આચરણ મૂકી દે ને અંદરમાં ઠર. એમાં દોષ શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**શ્લોકાર્થ : સઘળુંય સુકૃત (શુભ કર્મ)**–ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના જેટલા ભાવ એ શુભભાવ છે. એ **ભોગીઓના ભોગનું મૂળ છે...** આહાહા! ભોગીઓના ભોગનું શુભભાવ મૂળ છે. એ કાંઈ ધર્મનું મૂળ નથી. આહાહા! શુભભાવમાં તો પુણ્ય બંધાય, પુણ્યથી સંયોગ મળે ને એમાં રાગને ભોગવવાની દશા થાય. એ ભોગીઓના ભોગનું મૂળ છે. આહાહા! શ્રાવકને પણ શુભભાવ છે એ તો બંધનું જ કારણ છે. આ મુનિની તો ઉત્કૃષ્ટ વાત છે એટલે એને તો ભોગીના ભોગનું કહીને, અરે બાપા! એમાં તો ભોગ મળે એવું છે. કાંઈ અનુભવ મળે એવું નથી. શુભભાવમાં તો રાગનો ભોગ છે. આહાહા!

પુણ્યનું બંધન અને એનાથી સંયોગીભાવ, એના તરફના વલણનો ભાવ રાગ, એ શુભભાવ તો ભોગીઓના ભોગનું મૂળ છે. ભગવાન! તારે શું કરવું છે? એ છોડ, એમ કહે છે. આહાહા! પંચમહાવ્રતના પરિણામ, શુભભાવ ભોગીઓના ભોગનું મૂળ છે. આહાહા! પહેલું તો, શેઠ! આમાં આકરું લાગે એવું છે. હળવે.. હળવે.. હળવે...... નવનીતભાઈ! મનુભાઈ ......... અમને ખબર નથી? ખબર છે બધી. આહાહા! આ વસ્તુ પરમ સત્ય છેને. અત્યારે ચાલતી નથી, ચાલતી નથી. સંપ્રદાયમાં એ વાત નથી. બધી ખબર છેને અમને. સમજાણું કાંઈ?

૬૫ વર્ષથી આના પ્રચારમાં, લક્ષમાં છીએ. ૬૩ની સાલથી, દુકાન ઉપરથી હોં. શાસ્ત્રવાંચન આદિ દુકાન ઉપર કરતા. ઘરની દુકાન હતીને પિતાજીની. વાંચન કરતા, સાધુ આવે ..... સ્થાનકવાસી-દેરાવાસી. ૬૩ની સાલથી હોં. ૧૭ વર્ષની ઉંમર. ૬૫ વર્ષ થયા. ....... અધ્યાત્મ કલ્પદ્રુમ પુસ્તક શ્વેતામ્બરનું પહેલું મળેલું. પહેલું એ મળ્યું. અમારે કુંવરજીભાઈની દુકાનના શેઠ હતા. અધ્યાત્મ કલ્પદ્રુમ. ........ વ્યવહાર... દુકાન ઉપર વાંચતા બધા. આ વાત બહુ ઝીણી બાપુ! એમાંય વૈરાગ્ય તો ત્યારે કહેવાય, જેને શુભ ને અશુભના રાગથી... આવ્યું નહોતું? રક્ત બાંધે કર્મ ને વૈરાગી કર્મથી મૂકાય છે. એનું નામ વૈરાગ્ય કે જેમાં પુણ્ય ને પાપના ભાવથી છૂટે અને સ્વરૂપમાં ઠરે એનું નામ વૈરાગ્ય કહેવાય છે. આહાહા! એનો વૈરાગ્ય.... અધ્યાત્મકલ્પ વાંચ્યું છે કે નહીં? અઢાર હજાર ટીકા છે.

આ વાત... આહાહા! જ્યાં ભગવાનના ભેટા કરવા એક વાત. કહે છે કે એ શુભભાવ પણ ભોગના ભેટા છે પ્રભુ! આહાહા! ચાહે તો પંચમહાવ્રતનો શુભ, ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયાનો ભાવ એ બધા સંયોગી ચીજના ભેટા છે ત્યાં તો. કેમકે એ તો સંયોગીભાવ છે. સમજાણું કાંઈ? શુભભાવ એ સંયોગના નિમિત્તથી ઉત્પન્ન થયેલો સંયોગી વિકારભાવ છે.

અને એના ફળ તરીકે તો પુણ્ય બંધાય ને એનાથી સંયોગ મળે અને સંયોગ ઉપર લક્ષ જાય એટલે આકુળતા થાય. આહાહા! સમજાણું કાંઈ? (સમયસાર) ૭૪મી ગાથામાં આવી ગયું છે. શુભભાવ દુઃખરૂપ છે અને દુઃખનું ફળ છે. કેમકે શુભભાવથી તો સંયોગ મળશે અને સંયોગ ઉપર લક્ષ જશે એટલે તને રાગ જ થશે. પરાશ્રયમાં વીતરાગતા કદી હોઈ શકે નહીં. આહાહા! ભારે. આ આકરી વાત લાગે.... રતનચંદજી....

સુકૃત ભોગીઓના ભોગનું મૂળ છે. તારે ક્યાં ભોગ જોઈએ છે હવે તો? તારે તો આત્માનો ભોગ–અનુભવ, આનંદનો અનુભવ જોઈએ છે પ્રભુ! અને મુક્તિ એટલે પૂર્ણ આનંદનો અનુભવ. મોક્ષ એટલે શું? આત્માના પરમ આનંદની દશા, પૂર્ણ શુદ્ધ આનંદનો અનુભવ. એવા આનંદના અનુભવીને શુભભાવ ભોગનું કારણ છે, શું કામ છે તારે? સમજાણું કાંઈ? આહાહા! 'દિગંબરોના તીવ્ર વચનોને લઈને...' આવે છેને શ્રીમદ્માં. 'રહસ્ય સમજી શકાય છે.' જુઓને! કેવું વચન છે! કહે છે, શુભભાવ તો ભોગનું કારણ છે. ભોગીઓના ભોગનું મૂળ છે. આહાહા! ગજબ વાત છે. જેટલા પ્રકારના અસંખ્ય શુભભાવ એ બધા ભોગનું મૂળ છે. ભગવાન આત્માનો સ્વભાવ એ પૂર્ણ આનંદની પ્રાપ્તિનું મૂળિયું છે. કહો, મૂલચંદભાઈ! આવું બધું સાંભળ્યું પણ નહીં હોય ન્યાં. બેન તમારે બાઈયુંમાં ત્યાં અગ્રેસર છે. એવું સાંભળ્યું હતું. કોઈક કહેતું હતું. એ કોઈક કહેતું હતું. આપણને કાંઈ ખ્યાલ ન હોય. ૭૪માં બૈરામાં અગ્રેસર હતા. ....... આ અગ્રેસર થવાની વાત છે. રજનીભાઈ! આહાહા!

અરે! એકવાર રુચિ તો કર. ભગવાન આનંદનું ધામ.. આહાહા! એ માલ પોસાય એવી રુચિ તો કર. આ માલ લેવા જેવો છે. બાકી શુભ-અશુભભાવ લેવા જેવો નથી, કરવા જેવો નથી એમ કહે છે. જેઠાભાઈ! ત્યાં તો એ બધું સાંભળેલું. શુભ કરો.. શું કહેવાય પૂજા? શાંતિસ્તોત્ર. શું કહેવાય? એય! શાંતિ... બીજા ઘણા (પ્રકાર) આવે છેને પૂજાના. આ કર્મદહન. ઘણા પ્રકાર છે. એ બધા ભાવ રાગ મંદ હોય તો શુભ છે, એ કાંઈ ધર્મ નથી. સમજાણું કાંઈ? કહો, સમજાણું રજનીભાઈ? ..... કાઢ્યો હતોને સંઘ મોટો. મોઢા આગળ બેસાડે ઓલા ગાડાંને ધોંસરે. ધોંસરે શું, મોઢા આગળ બેસાડેને. મોઢા આગળ કરે, ચાલો. એ તો બધા ઓલા પૈસા-બૈસા લેવા માટે. અરે! એ પૈસા ક્યાં... પૈસા વાપરવાનો ભાવ રાગની મંદતાનો છે, કહે છે કે એ ભોગનું મૂળ છે. ગજબ વાત છેને! સંસાર એ પાપના ભોગનું મૂળ. આહાહા!

આ તો દિગંબર સંતો નાગા, બાદશાહથી આઘા. દુનિયાને ઠીક પડે-ન પડે એની એને ગરજ નથી. એને તો સત્ય માર્ગ આ છે. આહાહા! અરે પ્રભુ! પણ શું કહો છો? આવું પંચમહાવ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય, ભક્તિ, જાત્રા—આ ભાવ ભોગનું મૂળ? આહાહા! બાપુ! એ રાગ છેને એ વર્તમાન દુઃખ છે અને પછી સંયોગોમાં જેવું લક્ષ જાય એ દુઃખ છે. પુણ્યથી તો સંયોગ મળશે. પુણ્યથી સ્વભાવ મળશે? આ ધૂળના ઢગલા દેખાય, પાંચ-પચાસ

લાખ, કરોડ-બે કરોડ પાંચ કરોડ ધૂળ. કહો, સમજાણું કાંઈ? ત્યાં લક્ષ જશે એટલે રાગ જ થશે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવનો પોકાર, સંતો જગત પાસે પોકાર કરે છે. ભાઈ! એ શુભભાવ, આહાહા! એ ભોગીઓના ભોગનું મૂળ છે. પ્રભુ! તારું એ કારણ નહીં, તારું કાર્ય નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? પૂર્ણ વીતરાગ ન હોય તો આવે એ જુદી વાત છે, પણ એ તારું કાર્ય નહીં. આહાહા!

એ **સઘળુંય સુકૃત**... સઘળામાં કાંઈ બાકી રહ્યું? શુભભાવની જેટલી જાત (હોય). આહાહા! શુભભાવ અસંખ્ય પ્રકારના, એ બધાય શુભભાવ ભોગીઓના, સંસારમાં દુઃખ ભોગવવા એવું ભોગીઓના ભોગનું એ મૂળ છે. આહાહા! જે ભાવ સંસારમાં પ્રવેશ કરાવે... એ કીધું અહીં. એને કેમ સુશીલ કહેવાય? પંચમહાવ્રતના પરિણામ સુશીલ નહીં. આહાહા! સઘળોય શુભભાવ... સઘળા પ્રકારના શુભભાવ એ ભોગીઓ, સંસારના ઝેરના ભોગીઓના ભોગનું મૂળ છે. પ્રભુ! તારું એ કાર્ય નહીં. આહાહા! સમજાણું કાંઈ?

અશુભભાવની તો વાત શું કરવી? રળવું ને ભોગભાવ, જલસા ઉડાવવા બહારમાં, છોકરાના લગ્ન હોય, લાખ-બે લાખ ખરચવા હોય. મારવાડમાં બહુ ખરચે હોં બેય બાજુથી. બે લાખ આની કોરથી, બે લાખ ઓલી કોરથી. અત્તરની, શું કહેવાય? ગુલાબદાની. એમાંથી દે ને ગુલાબ. જલદાની. દાની એટલે જળ નીકળે એ ગુલાબદાની. ઓલું રાખેને હાથમાં. બેઠા હોય તો છાંટે. આહાહા.. જાણે શું થઈ ગયું? આહાહા! આપણેય કર્યું હતું ક્યાંક ત્યાં. .......... રાજા... ભગવાનની કચેરી. એ કર્યું હતું ખરું ફતેપુરમાં. રાજાને છાંટે. સુગંધ.. સુગંધ.. સુગંધ.. આહાહા... એ સુગંધ તો જડની પર્યાય છે. એ જડની પર્યાય એવી મળી એ તો પુણ્યભાવથી મળી છે અને એમાં ભોગનો રાગ થયો એ ઝેર છે. આહાહા!

છોકરો પરણ્યો હોય, પછી આવેને મુંબઈમાં, શું પછી? લીલા કરવી. પાર્ટી આપે. લગ્ન પછી કંઈક કરે છેને. એ કાંઈક કરે છે એવું સાંભળ્યું હતું. આપણે તો ક્યાં (જોવા ગયા હતા)?. બધા ભેગા કરે, લૂગડાં... આલપાકના કપડાં ઝગમગ થાય આમ, બધા મલકાય. હોળી છે ત્યાં, કહે છે. એ મલૂકચંદભાઈ! આહાહા! તમારે ન્યાલભાઈની છોકરીના લગ્ન કર્યા ત્યારે તો કેટલું કર્યું હશે? છોકરીના લગ્નનો આઠ લાખ ખર્ચ. બહારથી કહે છે. અંદર તો કાંઈ ઝાઝું હશે. કોઈક કહે છે. આપણે સાંભળેલી વાત છેને. આઠ લાખ તો બહાર પાડ્યા છે. કંઈ દીકરો બીજો નથી એટલે કોઈક કહે પાંત્રીસ લાખ આપ્યા. એમ કોઈક કહેતું હતું. એના બાપને ખબર ન હોય. પણ તે દિ' મજા કેટલી હતી. આઠ લાખ. અને કેટલાકને આઠ લાખની મૂડી પણ ન હોય. પ્રસિદ્ધિ થાય અને સભા ભરાય. આહા!

એક સોનાની ઘડિયાળ, એક સોનાનું ફલાણું, ઢીકણું, સોનાની ડાબલી. ડાબલી સમજતે હો? ડબ્બી. ઊંચી ઝવેરાતની ઉપર જરી, હીરા ટાંક્યા હોય. (ડબ્બી) હોય સોનાની. બધા રાજી

રાજી થઈ જાય. તારા પુણ્યના ભાવનું ફળ આ ભોગ... છે. આહાહા! એવું સાંભળેલું. કોઈક કહેતું હતું. પાછળથી ભેગા કરશે એમ...... લગ્ન થઈ ગયા પછી ખુશાલીમાં....... એ કાંઈક કરે છે. બીજું નામ હશે કાંઈક. એવું સાંભળેલું. આપણને કાંઈ..... પહેલાં એવું નહોતું. અત્યારે એ છે આશીર્વાદ સમારોહ. બધા ભેગા થઈને આશીર્વાદ આપે. આહાહા! અરેરે! સ્મશાનના લાડવા ખાવા જેવું છે એ. સ્મશાનમાં લાડવો નથી મૂકતા?

અરે! ભગવાન ત્રિલોકનાથ, એના સંતો પોકારે છે. અરે! શુભભાવ સઘળાય... અશુભની તો શું વાત કરવી? પ્રભુ! આહાહા! વીતરાગ તારો સ્વભાવ અને વીતરાગભાવ કરવા શુભભાવને છોડ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ શુભભાવ ભોગીઓના ભોગનું મૂળ છે. **પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર...** આહાહા! શાસ્ત્રનો અભ્યાસ, એમ નથી કહ્યું આમાં. અહીં તો પરમ તત્ત્વનો અભ્યાસ... આનંદમૂર્તિ પ્રભુ અતીન્દ્રિય આનંદની કાતળી પરમાત્મા પોતે છે. એનો રસ ચૂસવાનો અભ્યાસ કર. સમજાણું કાંઈ?

**પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત**... નિષ્ણાત-નિપુણ ચિત્તવાળો. માણસ (કહે) બધા, આમાં નિષ્ણાત છે, આમાં આ નિષ્ણાત છે, ફલાણા કામમાં હોશિયાર છે. પ્રોફેસર! તમે સંસ્કૃતમાં નિષ્ણાત કહેવાઓ. આહાહા! પરમતત્ત્વ ચિદાનંદ ભગવાન સહજાત્મસ્વરૂપ પૂર્ણસ્વરૂપ પરમ સ્વભાવ પારિણામિકભાવ, એનો અભ્યાસ. આહાહા! એ તરફમાં અંદર એકાગ્રતા. વીતરાગ માર્ગ અલૌકિક છે. પરમ તત્ત્વ એ ત્રિકાળી. એનો અભ્યાસ છે એ વર્તમાન પર્યાય. આહાહા!

**પરમ તત્ત્વના અભ્યાસમાં નિષ્ણાત ચિત્તવાળા મુનીશ્વર**... મુનીશ્વર તો આવા હોય છે કહે છે. પરમ આનંદસ્વરૂપ ભગવાનમાં અંતરની એકાગ્રતાના અભ્યાસવાળા એવા મુનીશ્વર હોય છે. સમજાણું કાંઈ? **ભવથી વિમુક્ત થવા...** આવા સંતોએ અથવા આત્માએ ભવથી વિમુક્ત થવા **અર્થે તે સઘળાય શુભ કર્મને છોડો.** છોડીને અશુભમાં જાઓ એમ નથી કહ્યું હોં. એને છોડીને ઠર અંદરમાં. સમજાણું કાંઈ? આહાહા! એને સમ્યગ્દર્શનમાં પહેલું એ જણાણું છે. હવે એ શુભમાં આવ્યો છે, એને કહે છે કે શુભને છોડી જા અંદરમાં ભાઈ! આહાહા! ત્યાં ત્રણ લોકનો નાથ બિરાજે છે એની સન્મુખ જાને. એની સન્મુખ જા. રાગ તો એનાથી વિમુખભાવ છે. સમજાણું કાંઈ? **ભવથી વિમુક્ત થવા અર્થે શુભ કર્મને છોડો**. કર્મ શબ્દે અહીં શુભપરિણામ, કાર્ય.

**અને સારતત્ત્વસ્વરૂપ એવા...** સારતત્ત્વ... સમયસાર સારભૂત તત્ત્વ છે. આહાહા! એવા **ઉભય સમયસારને...** ત્રિકાળી સમયસાર ને વર્તમાન પર્યાયનો સમયસાર—બેને **ભજો.** આહાહા! પરમસ્વભાવ.. પરમસ્વભાવ આત્મા ત્રિકાળી કારણસમયસાર અને એને આશ્રયે

નિર્મળ પર્યાય પ્રગટ થઈ એ વર્તમાન પર્યાય—એ બેને ભજો. બસ, કારણનો આશ્રય લઈને પર્યાયનું સેવન કરો. આહાહા! અરે! વાતું આવી રહી ગઈ અને (લક્ષમાં) રહી ગઈ બહારની વાત. મૂલચંદભાઈ! મૂલચંદભાઈ કહેતા હતા, આ વાત ક્યાંય બીજે મળતી નથી, સાંભળવા મળતી નથી. એવી શૈલી છે. આહાહા! વીતરાગમાર્ગે જવું એ રીત ભૂલાઈ ગઈ. રાગમાર્ગે જવું એ વાત ઘૂંટાઈ ગઈ છે.

**સાર તત્ત્વસ્વરૂપ એવા ઉભય સમયસાર**... ત્રિકાળી ભગવાન સારસ્વરૂપ અને એને આશ્રયે થયેલી વીતરાગી દશા એ સારસ્વરૂપ. શુભભાવ સાર નહીં એમ કહે છે. અસાર.. અસાર.. અસાર છે. સમજાણું કાંઈ? થોડું પણ પરમ સત્ય અને નકોર ચીજ જોઈએ. થોર જેવા પોલા મોટા દેખાય થોર. થોર સમજતે હો? થોર નહીં કહતે? થોરીયું. કાંટે હોતે હૈં. પોલું હોય એમાં. જ્યાં મારે ત્યાં પોલું ધમ. એ કાંઈ લાકડા જેવું ન હોય. ..... એમ પુણ્ય ને પાપના ભાવ પોલા છે, થોર જેવા પોલા છે. ભગવાન આત્મા આનંદનો નાથ એ નકોર પડ્યો છે. જેમાં પર્યાયનો પ્રવેશ નહીં એવી ચીજને ભજ અને ભજનારી પર્યાય એને ભજ. એ નિર્મળ પર્યાય પ્રગટ થઈ જેને આશ્રયે એને (ત્રિકાળીને) સેવ, એને અનુભવ. બહારને છોડ. આહાહા!

કારણસમયસાર એટલે આ શુદ્ધભાવ. અધિકાર ચાલે છે એ. શુદ્ધભાવ એ કારણસમયસાર ત્રિકાળી અને એને આશ્રયે શુભભાવ છોડીને ઠરવું–રમણતા કરવી, દ્રવ્યસ્વભાવનો અભ્યાસ–નિર્મળતા એ વર્તમાન મોક્ષનો માર્ગરૂપી સમયસાર. એની સેવા કર. ઉભય સમયસાર... **એમાં શો દોષ છે?** જરી એમ કહે છે, ભાઈ! તારી પંચમહાવ્રતની ક્રિયા ને બહારનો આચાર-વિચારનો વિકલ્પ (લક્ષમાં) ન રહે, સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનયનો વિકલ્પ ન રહે એથી શો દોષ છે? એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? શાસ્ત્રને ભણવાનો, દેવ-ગુરુ-શાસ્ત્રને આદર કરવાનો એવો ભાવ કદાચિત્ ન રહે અને અંદર ઠર (તો) શું દોષ છે એમાં તને? આહાહા! મુનિની કથની તો જુઓ!

ધ્યાનમાં પડ્યો ને ગુરુ આવ્યા, ઊભો થાય નહીં, એથી શું દોષ છે? અંદર ઠર્યો છેને. કહો, ચેતનજી! એ કહે છે અહીંયા. શુભભાવ..... 'છોડ' કીધું છેને. છોડીને ઠર અને આવું (-વ્યવહાર) ન થાય તો એમાં દોષ શું છે? આહાહા! અરે! આના ધ્યાનમાં રહે તો શાસ્ત્રનો સ્વાધ્યાય કાળે કરવો એ નહીં રહે. ગુરુનો વિનય કરો, સાંજ-સવાર પડિકમણું. એક જણાએ પૂછ્યું હતું. પોપટભાઈ ખંભાતવાળા. પૂછ્યું હતું એક સાધુને. મહારાજ! પડિકમણા વખતે જો અંદરમાં નિર્વિકલ્પતા આવે તો શું કરવું પડિકમણાનું? વિકલ્પનું....... અંદરમાં ધ્યાનમાં આનંદમાં આવી ગયો, હવે પડિકમણાનું શું કામ છે તારે? શુભ-અશુભ બેયથી હઠી ગયો છે. એ વાત સાંભળી હતી. પોપટભાઈએ પૂછ્યું હતું. પડિકમણું, મુનિને માટે સાંજ-સવાર પડિકમણું

કરવાનું કહ્યું છે. એવો પ્રસંગ આવી જાય એ વખતે ધ્યાન જામી જાય અંદર તો શું કરવું? .....? કાંઈ ખબર ન મળે માર્ગની. કાંઈ ખબર નહીંને, શું કરે? આહાહા!

અહીં કહે છે, ભગવાન! તારા સ્વરૂપમાં ઠરી જા અને બહારના આચરણનો વિવેકનો વિકલ્પ પણ ન આવે, એથી તને શું દોષ છે? આહાહા! ગુણ છે તને. એ તો લાભનું કારણ છે. આહાહા! એ બે કળશ થયા. ૪૨ ગાથા.

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य।**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति॥४२॥**
**ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,**
**કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.**

આહાહા! જીવના સ્થાન જીવને નહીં. એ પર્યાયના ભેદ છે બધા. આહાહા! સમજાણું કાંઈ? ચૌદ માર્ગણા એ જીવને નથી. તો જડને હશે? અહીં જડને છે નહીં એ તો .... નથી, પણ અંદર પર્યાયમાં આવા ભેદો છે એ ત્રિકાળીદ્રવ્યમાં નથી, એમ કહે છે. પર્યાયમાં તો છે. એ જડમાં નથી કાંઈ. એ ભેદો જીવની પર્યાયમાં હોવા છતાં ત્રિકાળી પરમાત્મા દ્રવ્યસ્વભાવ એમાં નથી એમ કહે છે. કોઈ એમ કહે, લ્યો, જીવને ચાર ગતિ રખડવાની નથી? એ ... કાંઈ નથી? જાતિ, જન્મ-મરણ, રોગ કાંઈ નથી? વસ્તુમાં કેવું? એ તો પર્યાયના ભેદો છે. વસ્તુમાં એ છે નહીં. એનો વિસ્તાર કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ-૧૩, મંગળવાર, તા. ૧૬-૧-૧૯૭૩
## ગાથા-૪૨, પ્રવચન નં. ૨૦૧

નિયમસાર, મોક્ષમાર્ગકા અધિકાર ચલતા હૈ. ઉસમેં શુદ્ધભાવ, આત્માકા ત્રિકાલી ધ્રુવ શુદ્ધભાવ ઉસકે આશ્રયસે મોક્ષમાર્ગ હોતા હૈ, ઉસ કારણસે યહાં શુદ્ધભાવકા અધિકાર લિયા હૈ. એક સમયમેં આત્મા પર્યાય આદિ ભેદસે રહિત, ભેદાદિ નામ (ગુણભેદ-પર્યાય)ભેદ ઔર રાગ આદિ ઉસસે રહિત અકેલા ચૈતન્યઘન નિત્યાનંદ કારણપરમાત્મા ધ્રુવસ્વરૂપ જિસકો યહાં શુદ્ધભાવ કહા, ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. ઉસ કારણસે યે શુદ્ધભાવકા અધિકાર હૈ. ગાથા ચાલી છે કાલ. ફરીને.

**चउगइभवसंभमणं जाइजरामरणरोगसोगा य । ४२**
**कुलजोणिजीवमग्गणठाणा जीवस्स णो संति ॥ ४२ ॥**
**ચતુ-ગતિ ભ્રમણ નહિ, જન્મ-મૃત્યુ ન, રોગ શોક જરા નહીં,**
**કુલ યોનિ નહિ, નહિ જીવસ્થાન, ન માર્ગણાકે સ્થાન નહીં. ૪૨**

**ટીકા : શુદ્ધ નિશ્ચયનયસે...** ત્રિકાલી શુદ્ધ જીવ ધ્રુવ ઉસકી અપેક્ષાસે **જીવકો સમસ્ત સંસારવિકારોંકા સમુદાય નહીં હૈ...** ભગવાન પર્ણાનંદ નિત્યાનંદ પ્રભુ ઉસમેં સંસારકે ભેદરૂપ, વિકારરૂપ, વિશેષરૂપ યે સબ ભાવ અંતરમેં નહીં હૈં. ભારે આકરું. પર્યાયમેં હૈ. પર્યાયમેં હૈ વહ તો વ્યવહારસે હૈ, અંતર વસ્તુમેં નહીં, વહાં દૃષ્ટિ દેનેલાયક હૈ. પરમ ધર્મ હોતા હૈ. પરકે આશ્રયસે ધર્મ નહીં હોતા, રાગકે આશ્રયસે નહીં હોતા, વર્તમાન ભેદરૂપી દશાકે આશ્રયસે ધર્મ નહીં હોતા. ત્રિકાલી અભેદકે આશ્રયસે ધર્મ હોતા હૈ. સૂક્ષ્મ હૈ. સમજમેં આયા? **શુદ્ધનિશ્ચયસે શુદ્ધ જીવકો...** નિત્યાનંદ પ્રભુ નિત્ય ધ્રુવ ઐસે શુદ્ધજીવમેં શુદ્ધનિશ્ચયસે–પવિત્રદૃષ્ટિસે દેખો તો ઉસમેં સમસ્ત સંસારવિકાર... ચૌર્યાસી લાખ યોની, કુલ, માર્ગણાસ્થાન, જીવસ્થાન યે સબ અંતર ચૈતન્યઘનમેં હૈ નહીં. **સમુદાય નહીં હૈ ઐસા યહાં (ઇસ ગાથામેં) કહા હૈ.**

**દ્રવ્યકર્મ તથા ભાવકર્મકા...** કહતે હૈં, આત્મા દ્રવ્યસ્વરૂપ ધ્રુવસ્વરૂપ નિત્ય હૈ, જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, સમ્યગ્દર્શન–ધર્મકી પ્રથમ સીઢી ઉસકા વિષય, ધ્યેય નિત્યાનંદ ધ્રુવ આત્મા હૈ, ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. ઐસી ચીજમેં ભાવકર્મ ઔર દ્રવ્યકર્મકા **સ્વીકાર ન હોનેસે...** ઇસ ચીજમેં જડકર્મ ભી નહીં ઔર પુણ્ય-પાપકે વિકલ્પકા દ્રવ્યમેં સ્વીકાર નહીં. 'સ્વીકાર'કા અર્થ–હૈ નહીં ઉસમેં. ભિન્ન-ભિન્ન ભાષાસે કહતે હૈં. સંસાર વિકારનો સમુદાય નથી એમ કહ્યું. અહીં દ્રવ્ય-ભાવ(કર્મ)નો સ્વીકાર નથી એમ કહ્યું. સમજમેં આયા?

એક સમયમેં આત્મા ચૈતન્યશક્તિપિંડ જ્ઞાનાનંદ ઐસી નિત્ય ચીજ આત્મા, સમ્યગ્દર્શન–ધર્મકી દશા પાનેમેં કારણ વહ દ્રવ્ય શુદ્ધ ચૈતન્યઘન હૈ. ઉસ ચૈતન્યઘનમેં દ્રવ્યકર્મ-ભાવકર્મકા સ્વીકાર નહીં અર્થાત્ દ્રવ્યકર્મ ને ભાવકર્મ ઉસમેં હૈ નહીં. સંબંધ હોને પર ભી... પર્યાયમેં સંબંધ હૈ જડકર્મકા. ભાવકર્મકે સાથ જડકર્મકા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ. વહ દોનોં વસ્તુમેં હૈ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? વર્તમાનદશામેં પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધકા વિકારભાવ વહ ભાવકર્મ હૈ ઔર કર્મકા જડપના વહ જડ દ્રવ્યકર્મ. દોનોંકા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વહ વ્યવહાર. વહ ચીજ ત્રિકાલી દ્રવ્યમેં નહીં. ઝીણી વાતું છે.

જહાં નજર કરની હૈ ઔર જિસ નજરમેં આનેવાલા દ્રવ્યસ્વભાવ અંદર હૈ, ઉસમેં જડકર્મ ને ભાવકર્મ હૈ નહીં. ઉસમેં હૈ? ઉસમેં કહાં હૈ? પર્યાયમેં હો, વસ્તુમેં નહીં. હૈ ઉસકો 'નહીં' કરના ઔર વ્યક્ત નહીં ઉસકો 'હૈ' (કરના), વહી હૈ ઐસા દૃષ્ટિમેં લેના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. ઉસકી દરકાર હી કહાં કી હૈ અભી તક. બીડીયુંમાં ને પૈસામાં (કરી). દરકાર કરે ને મળે નહીં એમ રહે નહીં. હા, ભગવાન બૈઠે હૈં ન ત્રિલોકનાથ. પાત્ર હો તો વહાં જન્મ હો. ઐસા ક્યોં ન હો? સમજમેં આયા? યહાં કહતે હૈં, યહાં હૈ ઉસકે પાસ ચલો.

કહતે હૈં કિ ચૈતન્યઘન ભગવાન, જિસકો ઉપર શુદ્ધભાવ કહા, ઉત્પાદ-વ્યયકી પર્યાય બિનાકા ધ્રુવ. 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્' 'સત્ દ્રવ્ય લક્ષણમ્' સારા આત્મા (જો) પ્રમાણકા વિષય (હૈ ઉસકા) લક્ષણ—નયી ઉત્પન્ન પર્યાય હોતી હૈ, પૂર્વકા વ્યય હોતા હૈ ઔર ધ્રૌવ્ય. વહ પ્રમાણકા વિષય. યહાં નિશ્ચયનયકા વિષય બતાના હૈ. સમજમેં આયા? નિશ્ચયનયમેં ઉત્પાદ-વ્યયકી પર્યાયસે રહિત જો શુદ્ધ દ્રવ્ય હૈ (ઉસને) ઉત્પાદ-વ્યયકા સ્વીકાર હી કિયા નહીં. કહો, સમજમેં આયા? આહાહા! જિસમેં ઉત્પાદ-વ્યયકી પર્યાય હૈ હી નહીં. યે તો સબ ભેદ લેતે હૈં, પરંતુ વાસ્તવમેં તો યે કહના હૈ અંદર. સમજમેં આયા?

સૂક્ષ્મ હૈ જૈનધર્મ. સમ્યગ્દર્શન–ધર્મકી પહલી સીઢી ક્યા હૈ ઔર કિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ વહ ગંભીર વિષય હૈ. સંપ્રદાયમેં તો બાહરસે ક્રિયાકાંડ કરો, યે કરો, વો કરો. સમજમેં આયા? આહાહા! યહાં તો યે લેના હૈ કિ નિત્યાનંદ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન આત્મા ઉસમેં જડકર્મકા સંબંધ નહીં ઔર પુણ્ય-પાપકે ભાવકા ભી સંબંધ નહીં. સંબંધ નહીં, સ્વીકાર નહીં, ઉસમેં હૈ નહીં. ઐસી ચીજકી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન–ધર્મકી પહલી સીઢી હૈ. સમજમેં આયા? ઉસ કારણસે જીવમેં–ભગવાન આત્મામેં–નિત્યાનંદ પદ ધામમેં જડકર્મ ઔર વિકલ્પ પુણ્ય-પાપ, દયા, દાન, કામ, ક્રોધકે ભાવ હૈં નહીં. ઉસ કારણસે **નારકત્વ** નહીં. ઉસ કારણસે આત્મામેં નારકપના હૈ નહીં. સમજમેં આયા?

**તિર્યંચત્વ** હૈ નહીં. શુદ્ધ ભગવાન ચૈતન્યઘનમેં તિર્યંચપના ભી નહીં. ક્યોંકિ ભાવકર્મ, દ્રવ્ય(કર્મ) નહીં તો ઉસકા ફલ ભી નહીં. ઐસી બાત હૈ. આત્મામેં... જિસકો આત્મા કહતે હૈં.

કિસકો? ધ્રુવ નિત્ય શુદ્ધસ્વભાવકો હી યહાં જીવ ને આત્મા કહતે હૈં. ઐસે જીવમેં આઠ જડકર્મ ઔર પુણ્ય-પાપકા રાગ–ભાવકર્મ ઉસમેં હૈ નહીં, શુભભાવકર્મ ને દ્રવ્યકર્મ નહીં તો ઉસમેં નરકપના કિ ચાર ગતિ નહીં. આત્મામેં ચાર ગતિ નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ નિત્યાનંદ ધ્રુવ જો સમ્યગ્દર્શનકા વિષય, ધ્યેય હૈ, ઉસમેં ચાર ગતિ નહીં. ક્યોંકિ ચાર ગતિકા કારણ જડકર્મ, ભાવકર્મ ઉસમેં હૈ નહીં તો ચાર ગતિ ભી હૈ નહીં. સમજમેં આયા? બતાતે હૈં ન. ક્યા કહતે હૈં?

વસ્તુ જો હૈ અંદર નિત્ય ધ્રુવ ઉસમેં જડકર્મ, વિકારી પરિણામ દયા-દાન, કામ-ક્રોધ વિકારીભાવ હૈ વહ અંદરમેં હૈ નહીં. વસ્તુમેં નહીં દ્રવ્ય–ધ્રુવમેં, તો દ્રવ્યકર્મ ને ભાવકર્મ નહીં હોનેસે ઉસકે ફલરૂપ ચાર ગતિ ભી નહીં. ઐસે ધ્રુવસ્વરૂપ પર દૃષ્ટિ દેનેલાયક હૈ. જિસકો ધર્મ કરના હો, ધર્મકી પહલી સીઢી પ્રગટ કરના હો, તો જીવ નિત્યાનંદ ધ્રુવ ઉસકા આશ્રય લેનેલાયક હૈ. ઝીણી વાત છે. જૈનનો વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. લોકોએ કલ્પ્યો એવો એ માર્ગ છે નહીં. **ચાર ગતિયોંકા પરિભ્રમણ નહીં હૈ**. ભગવાન નિત્યાનંદ આત્મા અભેદ શુદ્ધ ચૈતન્ય જો સમ્યગ્દર્શનકા વિષય હૈ ઐસા જો નિશ્ચય આત્મા ઉસમેં ચાર ગતિકા પરિભ્રમણ હૈ નહીં. ઐસા આત્મા આશ્રય કરનેલાયક હૈ. કહો, સ્વરૂપચંદભાઈ! હવે વિશેષ.

**નિત્ય-શુદ્ધ ચિદાનન્દરૂપ કારણપરમાત્મસ્વરૂપ જીવકો...** ભગવાન આત્મા ત્રિકાલી નિત્ય શુદ્ધ દ્રવ્યરૂપ સદા શુદ્ધ આત્મા હૈ, વસ્તુપને ચિદાનંદરૂપ હૈ. ઉસકા તો જ્ઞાન ને આનંદ ઐસા રૂપ હૈ ત્રિકાલ કાયમ. ઐસે કારણપરમાત્મસ્વરૂપ, ઐસા ભગવાન આત્મા અંદરમેં, કારણપરમાત્મ ધ્રુવસ્વરૂપ ઐસે જીવકો **દ્રવ્યકર્મ તથા ભાવકર્મકે ગ્રહણકે યોગ્ય...** જડકર્મ ઔર વિકારી પરિણામ ઉસકે ગ્રહણકે યોગ્ય **વિભાવપરિણતિકા અભાવ...** ભિન્ન ભિન્ન અપેક્ષાસે લિયા હૈ. વસ્તુ જો નિત્યાનંદ પ્રભુ કારણપરમાત્મા ઉસમેં વિભાવપરિણતિકા અભાવ હૈ. સમજમેં આયા?

સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન, એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાની કળા નિત્યાનંદ કારણપરમાત્મા છે. ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ. શુરૂઆત વહાંસે હોતી હૈ. આહાહા! સમ્યગ્દર્શન નહીં ભગવાનકે આશ્રયસે હોતા, નહીં સમ્મેદશિખરસે હોતા, નહીં શેત્રુંજયસે હોતા ઔર અંદર દયા, દાન રાગકે પરિણામસે સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા નહીં. આહાહા! ઝીણી વાતું ભાઈ! સમ્યગ્દર્શન તો ત્રિકાલી નિત્યાનંદ પરમાત્મા આનંદધામ ધ્રુવધામ ઉસકે આશ્રયસે હોતા હૈ. ઉસ ચીજમેં ચાર ગતિ હૈ નહીં. ઔર ઐસે જીવમેં દ્રવ્યકર્મ ને ભાવકર્મકે ગ્રહણકે (યોગ્ય) ઐસી વિભાવ પરિણતિ નહીં. વિભાવ પરિણતિ તો પર્યાયમેં–અવસ્થામેં હૈ. વસ્તુમેં તો કહાં હૈ?

**જન્મ** નહીં. કહો, સમજમેં આયા? ભગવાન નિત્યાનંદ પ્રભુ ઉસમેં જન્મ નહીં. **જરા**– વૃદ્ધાવસ્થા નહીં. **મરણ** નહીં. **રોગ** નહીં. **શોક** નહીં. નિત્યાનંદમેં હૈ નહીં. સમજમેં આયા? સમજાય છે કે નહીં સુમનભાઈ? યે શાશ્વત વિષય સૂક્ષ્મ હૈ ભૈયા! ઉસમેં ગરબડી ચલે નહીં. અંદરમેં ગડબડી હૈ નહીં. આહાહા! નિત્યાનંદ ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન ભગવાન આત્મા ધ્રુવ ઉસમેં જન્મ નહીં, જરા નહીં, મરણ નહીં, રોગ નહીં, શોક નહીં. ઐસી ચીજકા આશ્રય લેનેલાયક હૈ.

શ્રોતા : તો નોકરી કે દિ' કરે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નોકરી-બોકરી કોણ કરે? એય! નોકરી કરે રાગ. રાગ હૈ. રાગ દ્રવ્યમેં તો હૈ નહીં. આહાહા!

પાની ઉપર જૈસે તેલ હૈ, તેલકા બિંદુ. તેલ કહતે હૈં? તેલ.. તેલ. વહ ઉપર રહતા હૈ, અંદર પ્રવેશ નહીં કરતા. ઐસે નિત્યાનંદ ભગવાન આત્મામેં દ્રવ્યકર્મ, ભાવકર્મ, જન્મ, જરા, મરણ આદિ ઉપર ઉપર રહતે હૈં, અંદર પ્રવેશ નહીં કરતે. સમજમેં આયા? યે ચીજ અંદર નિત્યાનંદ કારણપરમાત્મા ઉસકા આશ્રય, વહાં નજર કરનેલાયક હૈ. વહાં નજર કરનેસે, નિધાનકે આશ્રયસે ધર્મકી પહલી સીઢી–સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ. ઉસકે સિવા કોઈ કારણસે સમ્યગ્દર્શન ઉત્પન્ન હો યે બાત તીન કાલમેં નહીં. આહાહા! ભારે કામ આ તો. જન્મ નહીં, જરા નહીં, મરણ નહીં, રોગ નહીં, શોક નહીં. ઐસી કારણપરમાત્મા ચીજ.... ભાન ન મળે કે કોણ આત્મા છે અંદર. રાગ કરો, દયા કરો, પુણ્ય કરો ને પાપ કરવા, ચાર ગતિમાં રખડવું એ આત્મા. એ આત્મા નહીં. યે તો પર્યાયબુદ્ધિ હૈ, અજ્ઞાનબુદ્ધિ હૈ. આહાહા! સમજમેં આયા?

આત્મા તો અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ ધ્રુવ–શાશ્વત, જ્ઞાન ને અતીન્દ્રિય આનંદકા ભંડાર ઐસી ચીજ દૃષ્ટિ કરનેલાયક હૈ. ઉસ ચીજમેં ચાર ગતિ નહીં, જન્મ-જરા નહીં. ઇસપ્રકાર **ચતુર્ગતિ (ચાર ગતિકે) જીવોંકે કુલ તથા યોનિકે ભેદ જીવમેં નહીં હૈં...** આહાહા! ક્યા કહતે હૈં? ચૌરાસી લાખ યોનિ હૈ ન. જીવમેં બાહ્ય ઉત્પન્ન હોનેકી યોગ્યતા–યોનિ– ઉત્પત્તિસ્થાન વહ દ્રવ્યમેં હૈ નહીં. વહ તો પર્યાયદૃષ્ટિવંતકો હોતા હૈ. વસ્તુ ચિદાનંદ આત્મા કારણપરમાત્મા ઉસમેં કુલ ને યોનિકે ભેદ જીવમેં નહીં હૈ, **ઐસા (અબ) કહા જાતા હૈ.** સબ જીવમેં નહીં. કૌનસે જીવમેં ક્યા? ધ્રુવમેં હૈ નહીં. અંદર ધ્રુવતત્ત્વ હૈ ઉસમેં હૈ નહીં, ઐસે કહતે હૈં. વહાં નજર કરનેલાયક હૈ સમ્યગ્દર્શનકે લિયે. આ વાત અત્યારે ચાલે નહીં, અત્યારે આ કરો, વ્રત કરો, તપ કરો, જાત્રા કરો, ભક્તિ કરો. વહ તો શુભ–રાગકી મંદતાકા પુણ્યભાવ હો. આહાહા!

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ તમે કેમ માની બેઠા? પૈસામાં કોઈ કહે કે તમારા બાપને દસ હજાર, લાખ આપ્યા હતા ઓલા ભવમાં, તો હા પાડો? તમારા પિતાશ્રીને અમારા પિતાશ્રીએ

પૂર્વ ભવમાં પાંચ લાખ આપ્યા હતા, લાવો. ચાલ, ચાલ, ગાંડા–પાગલ. એમ કહે કે નહીં? આ ખોટી વાત કરે એને માને છે એ કોની યોગ્યતા છે? ભગવાન આત્મા અંદર ચિદાનંદસ્વરૂપ ધ્રુવ જિસકે આશ્રયસે ધર્મ હોતા હૈ, અનંત કાલમેં કભી હુઆ નહીં સમ્યગ્દર્શન વહ જિસકે આશ્રયસે હુઆ વહ ધ્રુવ ચૈતન્ય આત્મા ભગવાન ઉસમેં કુલ ને યોનિ હૈ નહીં. સમજમેં આયા? આહાહા!

શું કરે? જગતને એવી રીતે ઊંધે રસ્તે ચડાવી ગયા ને (તેથી) લાગે કે શું હશે આ? શેની વાત કરતા હશે? કિસકી બાત કરતે હૈં? હૈ ન ચાર ગતિ. ચોરાશી (લાખ યોનિ હૈ). હૈ તો અજ્ઞાનમેં હૈ વહ તો. અજ્ઞાનકે કારણ, પર્યાયબુદ્ધિકે કારણ ઉત્પત્તિસ્થાનમેં ઉત્પન્ન હોના પડતા હૈ. સમજમેં આયા? વસ્તુ ભગવાન ચૈતન્ય આનંદકંદ નિત્યાનંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ધ્રુવ ઉસમેં યોનિ અને કુલ હૈ નહીં.

**પૃથ્વીકાયિક જીવોંકે બાઈસ લાખ કરોડ કુલ હૈં...** પૃથ્વીકાય જીવ હૈ ન જીવ. પૃથ્વીકાય જીવ એકેન્દ્રિય. એકેન્દિયા, બેઇન્દિયા આવે છે કે નહીં? પૃથ્વીકાય. એક કણમેં અસંખ્ય જીવ. પત્થર વહ જીવ હૈ. ઉસકી–પૃથ્વીકે જીવકા ઉત્પત્તિકા સ્થાન બાઇસ લાખ કરોડ કુલ હૈં. યોનિ–ઉત્પત્તિસ્થાન, ઉસમેં ઉત્પન્ન હોનેકી શરીરકી યોગ્યતા. શરીરકી યોગ્યતા ઉત્પન્ન હોનેકી. પૃથ્વીકાયના બાવીસ લાખ કરોડ કુળ છે. વહ ધ્રુવ જીવમેં નહીં. નિત્યાનંદ ભગવાન આત્મામેં બાઇસ લાખ કરોડ કુલ હૈ નહીં. આહાહા! કોઈ દિ' સાંભળ્યું નથી, બધું એમ ને એમ... સુનાયા નહીં કિસીને. એ ઠીક કહે છે. બડે ભાઈ કહતે હૈં, ક્યા કરે? સુનાયા નહીં. એમ કહે છે. દિવ્યધ્વનિ તો અનંતબાર સુની. ખબર નહીં. આહાહા! પરંતુ ઉસકી દૃષ્ટિ કી નહીં ઉસને.

સમવસરણમેં અનંતબાર ગયા, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરકા દર્શન સમવસરણમેં અનંતબાર કિયા. વહ તો શુભભાવ થા. પુણ્ય હૈ, ધર્મ નહીં. ઔર ભગવાનકી પૂજા કી, તીર્થંકરદેવકી હોં સમવસરણમેં. મણિરત્નકા દીયા, હીરાકા થાલ ઔર કલ્પવૃક્ષકે ફૂલ. જય ભગવાન.. વહ તો સબ શુભભાવ હૈ. વહ ધર્મ નહીં. ઐસી ચીજ તો અનંતબાર કી. શેઠ! આત્મા અંદરમેં અખંડાનંદ, ભગવાન કહતે હૈં કિ તેરી ચીજ હી ભગવાન હૈ. તેરી ચીજકા તુમ દર્શન કર તો તુજે સમ્યગ્દર્શન હોગા. આહાહા! કહો, પંડિતજી! ભારે આકરી વાત.

**અપ્કાયિક જીવોંકે સાત લાખ કરોડ કુલ હૈં...** પાની હૈ ન પાની–જલ. જલકે શરીરકી જાત. રંગ.. રંગ.. વર્ણ–રંગ, સ્પર્શ આદિ શરીરના આકાર. સાત લાખ કરોડ કુળ. **તેજકાયિક જીવોંકે તીન લાખ કરોડ કુલ હૈં...** અગ્નિ હૈ ન અગ્નિ. અગ્નિ કહતે હૈં ન? **વાયુકાયિક જીવોંકે સાત લાખ કરોડ કુલ હૈં; વનસ્પતિકાયિક જીવોંકે અટ્ઠાઈસ લાખ કરોડ કુલ હૈં; દ્વીન્દ્રિય...** દ્વીન્દ્રિય ઈયળ–કીડા ઉસ **જીવોંકે સાત લાખ કરોડ કુલ હૈં...** દ્વીન્દ્રિયકા સાત લાખ કરોડ કુલ હૈ. **ત્રીન્દ્રિય**

**જીવોંકે આઠ લાખ કરોડ કુલ હૈં; ચતુરિન્દ્રિય જીવોંકે નૌ લાખ કરોડ કુલ હૈં;** શરીરકી ઉત્પત્તિ હોં, શરીરકી જાત અંદર રંગ (આદિ).

**પંચેન્દ્રિય જીવોંમેં જલચર જીવોંકે સાઢે. બારહ લાખ કરોડ કુલ હૈં; ખેચર જીવોંકે બારહ લાખ કરોડ કુલ હૈં;** ખેચર એટલે આ પંખી. **ચાર પૈર વાલે જીવોંકે દસ લાખ કરોડ કુલ હૈં; સર્પાદિક પેટસે ચલનેવાલે જીવોંકે નૌ લાખ કરોડ કુલ હૈં; નારકોંકે પચ્ચીસ લાખ કરોડ કુલ હૈં...** નારકી.. નારકી અંદર હૈ ન. **મનુષ્યોંકે બારહ લાખ કરોડ કુલ હૈં ઔર દેવોંકે છબ્બીસ લાખ કરોડ કુલ હૈં. કુલ મિલકર એક સૌ સાઢે. સત્તાનવે લાખ કરોડ (૧૯૭૫૦૦૦,૦૦૦,૦૦૦,૦૦ ) કુલ હૈં.** શરીરકી જાત, રંગ.

ચિદાનંદ ભગવાન નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ જો સમ્યગ્દર્શનકા (વિષય હૈ), જિસકે આશ્રયસે ધર્મ હોતા હૈ, ઐસી ચીજમેં યે કુલ હૈ નહીં. કહો, સમજમેં આયા? આકરું પડે. બહારનું સીધું પડે. વ્રત પાળો, તપસ્યા કરો, અપવાસ કરો, ષોડશકારણ ભાવના ભાવો. યે સબ તો રાગકી ક્રિયા હૈ, પુણ્યકી ક્રિયા હૈ, ધર્મ નહીં. સમજમેં આયા? યે તો પાપસે બચનેકો ઐસી પુણ્યકી ક્રિયા હોતી હૈ. વહ ધર્મ નહીં. ધર્મ તો ઇન સબકા આશ્રય છોડકર, ચિદાનંદ ભગવાન નિત્યાનંદ આત્મા ઉસકા આશ્રય કરે તો ધર્મ હોતા હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાનકે પાસે ગયે થે. કુંદકુંદાચાર્ય, સંવત ૪૯. મહાવિદેહમેં સીમંધર ભગવાન બિરાજતે હૈં, વહાં ગયે થે ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત. વહાંસે આકર યે બનાયા હૈ. ભગવાનકા યે સંદેશ કહતે હૈં. ભગવાન તો ઐસે કહતે હૈં ભાઈ! કહતે હૈં વહ હમ બતાતે હૈં ન. કહો, સમજમેં આયા? આહાહા!

જૈસે ગોબર હોતા હૈ ન ગોબર. ગોબરમેં કીડા ઉત્પન્ન હોતા હૈ ન. (ઉસમેં) કીડા ઉત્પન્ન હોતા હૈ ભિન્ન-ભિન્ન જાતકા, ઉસકા નામ કુલ કહતે હૈં. ઐસે-ઐસે એક સૌ સાઢે. સત્તાનવે લાખ કરોડ કુલ હૈં. શરીરકી ઉત્પત્તિ ઉસકા નામ કુલ. જિસમેં ઉત્પન્ન હો વહ યોનિ. શરીર હૈ ભિન્ન-ભિન્ન જાતકા વહ કુલ. આહાહા! યે તો સબ પર્યાયમેં હૈ. અંદર વસ્તુ ચિદાનંદમેં હૈ નહીં. જિસકા આશ્રય કરનેસે ઐસે કુલમેં ઉત્પન્ન હોના હી નાશ હો જાયેગા. ઐસા કુલ જો હૈ ઉસમેં ઉત્પન્ન હોનેકા... નિત્યાનંદ આત્મા પરમાનંદસ્વરૂપ ધ્રુવસ્વરૂપ વહી ચીજ આત્મા હૈ, ઉસકા આશ્રય લેનેસે ઉત્પન્ન હોનેકા કુલ આદિકા નાશ હો જાતા હૈ. (ક્યોંકિ) આત્મામેં યે ચીજ હૈ નહીં. પછી યોનિ.. યોનિ. ગોબર હૈ ન વહ એક રંગકા હૈ ઉસકો એક યોનિ કહતે હૈં. દૂસરા રંગ હો જાય તો દૂસરી યોનિ હો જાય. ઐસે ઉત્પત્તિકા સ્થાન ચોરાશી લાખ હૈં. ચોરાશી લાખ યોનિ નથી કહેતા? એ તો બધે આવે છે, વેદાંતમાં આવે છે.

**પૃથ્વીકાયિક જીવોંકે સાત લાખ યોનિમુખ હૈં...** ઉત્પન્ન થવાના સ્થાન. પૃથ્વીકાયકે જીવકે ઉત્પન્ન હોનેકા, પર્યાયમેં ઉત્પન્ન હોનેકા સ્થાન. **અપ્કાયિક જીવોંકે સાત લાખ યોનિમુખ**

**હૈં; તેજકાયિક જીવોંકે સાત લાખ યોનિમુખ હૈં...** યોનિમુખ હૈ ન. **વાયુકાયિક જીવોંકે સાત લાખ યોનિમુખ હૈં; નિત્ય નિગોદી જીવોંકે સાત લાખ યોનિમુખ હૈં...** નિત્યનિગોદ (અર્થાત્) અનાદિસે નિગોદમેં પડા હૈ, કભી (ત્રસ) હુઆ નહીં. ઐસા નિત્ય નિગોદકા (જીવ) અનંતવાર જન્મે ને મરે. ઉસમેં સાત લાખ યોનિમુખ હૈ. **ચતુર્ગતિ (-ચાર ગતિમેં પરિભ્રમણ કરનેવાલે અર્થાત્ ઇતર) નિગોદી જીવોંકે...** પરિભ્રમણ કરતે હૈં એકેન્દ્રિયમેં, નિગોદમેં. કાઈ હૈ ન કાઈ, આલુ—યે સબ નિગોદ હૈ. **સાત લાખ યોનિમુખ હૈં...** શેવાળ.. શેવાળ. શેવાળ આપણે કહીએ, એ લોકો કાઈ કહે. નિગોદી જીવ.

**વનસ્પતિકાયિક જીવોંકે દસ લાખ યોનિમુખ હૈં; દ્વીન્દ્રિય જીવોંકે દો લાખ યોનિમુખ હૈં; ત્રીન્દ્રિય જીવોંકે દો લાખ યોનિમુખ હૈં; ચતુરિન્દ્રિય જીવોંકે દો લાખ યોનિમુખ હૈં; દેવોંકે ચાર લાખ યોનિમુખ હૈં; નારકોંકે ચાર લાખ યોનિમુખ હૈં; તિર્યંચ જીવોંકે ચાર લાખ યોનિમુખ હૈં; મનુષ્યોંકે ચૌદહ લાખ યોનિમુખ હૈં. (કુલ મિલકર ૮૪૦૦૦૦૦ યોનિમુખ હૈં.)** આહાહા! યે તો ઉત્પત્તિસ્થાનકી બાત હૈ. એક હી માતાસે ઉત્પન્ન હો તો ભી ઉસમેં યોનિફેર હો જાતા હૈ ઔર કુલફેર હો જાતા હૈ. ઐસા અનંતબાર કિયા. ચૈતન્યધ્રુવમેં વહ હૈ નહીં. ઉસમેં જન્મ-મરણ ન લેના હો તો દ્રવ્ય-ધ્રુવકા આશ્રય લેના. કહો, પૈસાકે આશ્રયસે ધર્મ નહીં હોતા હૈ, એમ કહતે હૈં. એય! કૌન વાપર સકતા હૈ, કૌન દેતા હૈ? ભાવ હો, ધર્મને નામે પૈસા ખરચવાનો ભાવ હો તો પુણ્ય છે. પૈસા કોણ ખર્ચ સકે? વહ તો જડ હૈ. જડકી ક્રિયા આત્મા કર સકે કભી તીન કાલમેં? આહાહા! ભારે માર્ગ ભાઈ! વીતરાગમાર્ગ જુદી જાતનો છે.

કહતે હૈં, ઐસે ચોરાશી લાખ યોનિ–ઉત્પન્નસ્થાન હૈં. અનંત બાર એક-એકમેં ઉત્પન્ન હુઆ. ઉત્પન્ન હોના નાશ કરના હો તો ચૈતન્ય આનંદઘન ધ્રુવ ઉસકા આશ્રય લો. ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોગા, જન્મ-મરણકા અંત આયેગા. ઉસકે સિવા કોઈ જન્મ-મરણકા અંત આનેવાલી ચીજ હૈ નહીં. કહો, સમજમેં આયા?

હવે કહે છે કે ચૌદ જીવસ્થાન જીવમાં નથી. આહાહા! ભારે વાત. પર્યાયમેં હૈં ભેદ. વસ્તુ ત્રિકાલી નિત્યાનંદ ભગવાન અપના સ્વરૂપ કાયમી અસલી સદા ઉસમેં, **સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્ત, અપર્યાપ્ત** આત્મદ્રવ્યમેં નહીં. **સ્થૂલ એકેન્દ્રિય પર્યાપ્ત ઔર અપર્યાપ્ત, દ્વીન્દ્રિય પર્યાપ્ત ઔર અર્યાપ્ત, ત્રીન્દ્રિય પર્યાપ્ત ઔર અપર્યાપ્ત, ચતુરિન્દ્રિય પર્યાપ્ત ઔર અપર્યાપ્ત,** એમ **અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ઔર અપર્યાપ્ત, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત ઔર અપર્યાપ્ત–ઐસે ભેદોંવાલે ચૌદહ જીવસ્થાન હૈં.** કહો, પંડિતજી! દ્રવ્યસ્વરૂપ ભગવાન ત્રિલોકનાથ અપને આનંદકા ધામ ભગવાન નિત્યાનંદ ચીજમેં યે ચીજ હૈ નહીં. ભારે આકરૂં.

ઐસે **ગતિ...** ચાર ગતિ દ્રવ્યસ્વરૂપમેં નહીં. ત્રિકાલી આનંદ પ્રભુ એક સમયકી ઉત્પાદ-વ્યયકી પર્યાય સિવા... સિવા કહતે હૈં? એક સમયકી ઉત્પાદ-વ્યય પર્યાય રહિત જો ત્રિકાલી

ભગવાન ધ્રુવ હૈ ઉસમેં ગતિ-બતિ હૈ નહીં. **ઇન્દ્રિય** હૈ નહીં. ખંડ ઇન્દ્રિય ઔર જડ ઇન્દ્રિય ઉસમેં હૈ નહીં. આ તો ભાવેન્દ્રિયની વાત છે. આહાહા! આ તો જડેન્દ્રિય માટી-ધૂળ છે. યે તો પુદ્ગલ હૈ, જડ અજીવ હૈ. યે તો અંદરમેં હૈ નહીં, પરંતુ ખંડ-ઇન્દ્રયસે એક વિષય જાનનેકી યોગ્યતાવાલી ઇન્દ્રિય હૈ વહ ભી ત્રિકાલી દ્રવ્યમેં હૈ નહીં. આહાહા!

શુદ્ધભાવ અધિકાર હૈ. શુદ્ધભાવકા અધિકાર... હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના વહ અશુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા વહ શુભભાવ ઔર ત્રિકાલી દ્રવ્યગત નિર્મલ પરિણામ ઉત્પન્ન હોતા હૈ વહ શુદ્ધભાવ. ઐસી તીનસે રહિત ત્રિકાલી ચીજકો યહાં શુદ્ધભાવ કહતે હૈં. કહો, સમજાય છે કાંઈ? તીન પ્રકારકે પરિણામસે રહિત ધ્રુવ. શુભભાવ, અશુભભાવ ઔર શુદ્ધપરિણામ–ધર્મકી પર્યાય–ધર્મ. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન, વીતરાગી ચારિત્ર ઐસી જો ધર્મ–શુદ્ધપર્યાય વહ ભી ત્રિકાલીમેં નહીં, જિસકો યહાં શુદ્ધભાવ કહતે હૈં.

**કાય** નહીં. કાયકે ભેદ હૈ ન. મન-વચન-કાયાના પંદર ભેદ. વે આત્મામેં નહીં. દ્રવ્યમેં નહીં, યે તો પર્યાયમેં ભેદ હૈં. વે આશ્રય કરનેલાયક હૈ નહીં. **યોગ...** પંદર યોગ હૈ. ચાર મન, ચાર વચન, સાત કાયા. યોગ–કંપન–આત્માકા પ્રદેશકંપન વહ પર્યાયમેં હૈ, અવસ્થામેં હૈ, વસ્તુમેં નહીં. સમજમેં આયા? **વેદ...** સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદકી વાસના. યે શરીરકા વેદ તો જડ હૈ, યે તો માટીકા આકાર હૈ. પરંતુ અંદરમેં સ્ત્રી, પુરુષ, નપુંસકકી વાસના–વિકાર ઉસકી પર્યાયમેં–અવસ્થામેં–હાલતમેં હૈ. ત્રિકાલી ધ્રુવમેં નહીં. આહાહા! સમજમેં આયા? ભારે ઝીણું છે. માણસને.... કથા સાંભળી હોય વાર્તા.

એક રાજા હતો, પછી એણે દીક્ષા લીધી. પણ દીક્ષા લીધી કેમ, દીક્ષા કઈ રીતે લેવાય એની ખબર ન મળે. આ લૂગડાં ફેરવ્યા, દીક્ષા લીધી. પછી મોક્ષે ગયા લ્યો. પણ દીક્ષા લેતાં પહેલા સમ્યગ્દર્શન શું? સમ્યગ્દર્શન કૈસે ઉત્પન્ન હોતા હૈ? ઉસકે બિના દીક્ષા કહાંસે આયી? સમજમેં આયા? ત્રિકાલી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન શરીર-વાણી-મનસે તો રહિત હૈ, પુણ્ય-પાપકે વર્તમાન વિકલ્પસે રહિત હૈ, વેદવાસનાકે ભાવસે ભી રહિત હૈ ઔર સમય-સમયકી ઉત્પન્ન-વ્યય પર્યાય હૈ ઉસસે ભી રહિત હૈ. કહો, આવું સાંભળ્યું છે ત્યાં મુંબઈમાં તમે? આટલો વર્ષો ક્યાં ગયા? ખબર ન મળે.

... કરો ધર્મ. શું ધર્મ કરો? ધર્મ કિસકો કહેં? ધર્મ તો વીતરાગી પર્યાય હૈ, ધર્મ તો વીતરાગી દૃષ્ટિ હૈ, વીતરાગી જ્ઞાન હૈ, વીતરાગી સ્થિરતા હૈ વહ ધર્મ હૈ. વહ ધર્મ કહાંસે હોતા હૈ? બાહરસે હોતા હૈ? આહાહા! ધર્મકા ભંડાર ભગવાન ધ્રુવ, જિસમેં અનંત-અનંત સ્વભાવ હૈ. 'વત્થુ સહાવો ધમ્મો.' વસ્તુસ્વભાવમેં ધર્મ પડા હૈ અનાદિ-અનંત નિત્ય ઉસકે આશ્રયસે, ઉસકે અવલંબનસે, ઉસમેં એકાગ્ર હોનેસે ધર્મ હોતા હૈ. એ વાત સાંભળી ન હોય ને ધર્મ થઈ જાય. અનંત બાર ઐસા મનુષ્યપના પાકર વ્યર્થ ગંવાયા. સમજમેં આયા? 'મુનિવ્રત ધાર

અનંત બૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન..' આત્મા ક્યા ચીજ હૈ ઉસકે અનુભવ બિના સબ ફોગટ ગયા. ચાર ગતિ રહી. સમજમેં આયા?

'મુનિવ્રત ધાર..' મુનિકે વ્રત, ૨૮ મૂલગુણ, પંચમહાવ્રત યે તો શુભરાગ હૈ. ઐસી ક્રિયા કરકે નવવીં ગ્રૈવેયક ગયા, પરંતુ રાગસે રહિત ચૈતન્ય ભગવાન કૌન હૈ ઐસી દૃષ્ટિ પ્રગટ કરે બિના 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.' આનંદકા અંશ ભી ઉસકો આયા નહીં. તો પંચમહાવ્રતકા પરિણામ દુઃખરૂપ હૈ. આહાહા! સમજમેં આયા? કહ્યુંને, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના..' ચૈતન્યધ્રુવ ઉસકે અનુભવ બિના સુખ ન મિલા. ઉસમેં તો દુઃખ થા. દુઃખકી દશા દ્રવ્યમેં હૈ નહીં ઔર આનંદકી દશા પ્રગટ હૈ, પ્રગટ હોતી હૈ વહ ભી દ્રવ્યમેં નહીં. એ મહેન્દ્રભાઈ! આવી વાતું છે. આ હીરા-માણેકમાં બેઠા હોય ત્યારે કેવું લાગે? ચાર ભાઈ, મોટાભાઈ ઓલા .... શું કહે છે? ન કામ કરે તો પણ એને ગણું. એ મોટા છે. કેવી મજા પડે. આહાહા! ....... ધૂલમેં હૈ નહીં, કહતે હૈં. આહાહા!

પુણ્યભાવ હોતા હૈ ઉસમેં ભી ધર્મ નહીં, સુખ નહીં. શુભભાવ હોતા હૈ ન શુભભાવ. દયા, દાન, વ્રત, પૂજા વહ તો શુભરાગ હૈ. ઉસમેં સુખ કૈસા? યે તો દુઃખ હૈ. સુખ–આનંદકી ઉત્પત્તિકા ધામ ધ્રુવસ્વરૂપ ભગવાન ઉસકે આશ્રયસે ધર્મકી, સુખકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. સમજમેં આયા? **વેદ...** વેદ-બેદ આત્મામેં નહીં. નહીં હૈ તો નાશ હોતા હૈ. હૈ તો નાશ હો? ત્રિકાલી નિત્યાનંદ ભગવાન ઉસમેં વેદકી વાસનાકા અભાવ હૈ. જિસકા આશ્રય લેનેસે વેદકી વાસનાકા નાશ હોતા હૈ. વિકારકી વાસના વહ દુઃખરૂપ હૈ. દુઃખરૂપ (વાસના) આનંદકંદ પ્રભુ આત્મા ઉસમેં હૈ નહીં ઔર ઉસકા આશ્રય કરનેસે વેદકી વાસનાકા નાશ હોતા હૈ. દૂસરા કોઈ ઉપાય વેદકે નાશ હો ઐસા હૈ નહીં.

**કષાય...** ક્રોધ, માન, માયા, લોભ. શુભ ને અશુભભાવ દોનોંકો કષાય કહતે હૈં. શુભભાવ હૈ ન શુભ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાકા ભાવ શુભ, વહ ભી કષાય હૈ. હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગવાસના યે અશુભ કષાય હૈ. વીતરાગ જૈનદર્શન અલૌકિક ચીજ છે. ઐસી ચીજ જૈન સિવા અન્યમેં કહીં હૈ નહીં. જૈનમેં જન્મે ઉસકો ખબર નહીં. બીજા કામમાં પડી ગયા. માંડ કલાક-બે કલાક મળે, બાકી રળવામાં, ભોગમાં, ઊંઘમાં, રોગમાં ને દવામાં. કલાક સાંભળવા જાય તો મળે બહારની વાત. આનાથી ધર્મ થાશે, આનાથી ધર્મ થાશે. જિંદગી વ્યર્થ જાશે. આહાહા! આત્મા ચીજ જો સચ્ચિદાનંદ પ્રભુ નિત્ય કારણધ્રુવ ઉસમેં કષાય હૈ નહીં. પુણ્ય-પાપ દોનોં ભાવ ઉસમેં હૈ નહીં.

**જ્ઞાન...** સૂક્ષ્મ બાત હૈ. જ્ઞાનકી પાંચ પર્યાય હૈ ન ઔર તીન અજ્ઞાનકી પર્યાય—ઐસે ભેદ ત્રિકાલીમેં નહીં. આકરી વાત છે. આ તો કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં પથરા આડે. ..ભાઈ! પથરામાં ખુંપી ગયેલા. એનો બાપો..... આ શું ચીજ છે એની ખબર નથી. ...માં

પાલવતો નથી. સૌના આત્મા જુદા છે. કોઈનો કોઈને ભાગ આવે એવું છે ત્યાં? એ કરે તો એનું અને તમે કરો તમારું. આહાહા! શેઠીયાએ કહ્યું, .... શોભાલાલજી બહુ આવે છે વધારે. અમે બે ભાઈઓ છીએ, વહેંચી લેશું ત્યાં. બીડીના રૂપિયામાં વહેંચજો ત્યાં. અહીં ક્યાં વહેંચાય એવું છે? આહાહા!

ભગવાન આત્મા શુદ્ધ... ઉપર શુદ્ધભાવ હૈ ન. શુદ્ધભાવકા અર્થ યહાં (શુદ્ધ)પર્યાય નહીં. નિત્યાનંદ કારણપરમાત્મા, ત્રિકાલી કારણજીવ, ત્રિકાલી ધ્રુવસ્વભાવ, ત્રિકાલી શુદ્ધભાવ, ત્રિકાલી નિત્યાનંદભાવ ઉસકો યહાં શુદ્ધભાવ કહતે હૈં. ઐસે શુદ્ધભાવમેં જ્ઞાનકે ભેદ નહીં. આહાહા! મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યય, કેવળ, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન, અવધિ-અજ્ઞાન—એ બધા ભેદો છે, પર્યાયના ભેદો છે, એ દ્રવ્યમાં છે નહીં. દ્રવ્ય–વસ્તુ તો અભેદ હૈ. અભેદકી દૃષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. જ્ઞાનકે ભેદકી દૃષ્ટિ કરનેસે વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ, રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા! ભક્તિ, પૂજા તો રાગ હૈ, પરંતુ અપને (જ્ઞાનકે) પાંચ ભેદ કિ આઠ ભેદકા લક્ષ કરનેસે ભી રાગ ઉત્પન્ન હોતા હૈ. પર્યાય ઉપર લક્ષ જાનેસે રાગ ઉત્પન્ન હોતા હૈ. ભારે આકરું ભાઈ! સમજમેં આયા? તારાચંદભાઈ! આવો માર્ગ છે.

સાધારણ માણસે બિચારાએ સાંભળ્યું ન હોય. બાહ્ય ત્યાગ કરો, જાઓ, હળવે-હળવે ધર્મ થઈ જાશે. એમાં જીંદગી અનંતકાળ એમ ને એમ રહેશે. મનુષ્યપણું પામ્યો, અરે! જૈનકા દિગંબર સાધુ હુઆ, પરંતુ ત્રિકાલી જ્ઞાયકભાવકા આશ્રય લિયે બિના ધર્મ કભી હોતા નહીં. આહાહા! આત્મજ્ઞાન–આત્મા નિત્યાનંદ ઉસકા જ્ઞાન, આત્મદર્શન–ત્રિકાલી જ્ઞાયકકી શ્રદ્ધા વહ ત્રિકાલદર્શન..., ચારિત્ર–ત્રિકાલી ભગવાનમેં રમણતા, આનંદ, લીનતા વહ ચારિત્ર. વહ ચારિત્રકી પર્યાય ભી આશ્રય કરનેલાયક નહીં, એમ કહતે હૈં. ભીખાભાઈ! મૂર્તિકે આશ્રયસે સમકિત નહીં હોતા, એમ કહતે હૈં. ભગવાનકે સમવસરણકે આશ્રયસે સમકિત નહીં હોતા. જ્ઞાનકે ભેદકી પર્યાયકે આશ્રયસે ભી ધર્મ હોતા નહીં. આહાહા! આવી વાત.

હૈ ન, ઉસમેં હૈ ન? યે કુંદકુંદાચાર્યકા હૈ, ભગવાનકા સંદેશા હૈ. ભગવાન ત્રિલોકનાથ સીમંધર પરમાત્મા મહાવિદેહમેં બિરાજતે હૈં વે પ્રમાણ કરતે હૈં. આત્મામેં, જ્ઞાનકી પાંચ પર્યાય–ભેદ હૈ વહ ત્રિકાલીમેં નહીં. ભેદકા આશ્રય કરનેલાયક નહીં. આહાહા! ભારે વાત. દેવ-ગુરુ-શાસ્ત્રકે આશ્રયસે સમકિત ન હો, જ્ઞાનકે પાંચ ભેદકે આશ્રયસે ધર્મકી વૃદ્ધિ ન હો. આહાહા! જ્ઞાનકે ભેદ હૈં ન આઠ—પાંચ જ્ઞાન, તીન અજ્ઞાન. એ બધા ભેદ છે. ત્રિકાલી જ્ઞાયકભાવ જિસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ ઉસ ચીજમેં ભેદ નહીં. સમજમેં આયા?

**સંયમ...** સંયમકે ભેદ ભી અંદરમેં નહીં. આહાહા! દેશવિરતિસંયમ, સર્વવિરતિસંયમ, સામાયિકના પાંચ ભેદ. સમજમેં આયા? ચારિત્રકે પાંચ ભેદ હૈં ન. સામાયિક, ચોવિસંથો

વંદન, પરિહાર, સૂક્ષ્મસાંપરાય, યથાખ્યાત—એ ચારિત્રની પર્યાયના પાંચ ભેદ છે. યે ત્રિકાલીમેં નહીં. ત્રિકાલીમેં નહીં ઔર પાંચ ભેદકા આશ્રય કરનેસે ધર્મકી વૃદ્ધિ હોતી નહીં. આહાહા! આવો માર્ગ તો ........ એય ગોવિંદસિંહજી! સિંહ તો ક્ષત્રિયને કહે, નહીં? વાણિયાને લાલ કહે. આહાહા! ભગવાન આત્મા અનંત ગુણનું ધ્રુવસ્વરૂપ પ્રભુ આત્મા છે. ઉસમેં જ્ઞાનકી, ચારિત્રકી (પર્યાય)... સમ્યક્ચારિત્ર પ્રગટ હુઆ વહ અંતર ત્રિકાલીકે આશ્રયસે હુઆ. ત્રિકાલીકે આશ્રયસે, જો ચારિત્ર હૈ સચ્ચા હોં, વહ ભી ભેદરૂપ હૈ પર્યાય. ઉસકા આશ્રય કરનેસે ધર્મકી વૃદ્ધિ નહીં હોતી. ઉસકા આશ્રય કરનેસે રાગ ઉત્પન્ન હોતા હૈ. આહાહા!

**સંયમ**.. દેશવિરતિસંયમ, સર્વવિરતીસંયમના પાંચ ભેદ કે અસંયમ એમ લેવું. સંયમના ભેદ ને અસંયમ—એ બધા ભેદો ત્રિકાળી ધ્રુવસ્વરૂપમાં નથી. અભેદમેં ભેદ હૈ નહીં ઔર ભેદમેં અભેદ-આત્મા હૈ નહીં. આહાહા! આવી વાતું. **દર્શન**... ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલદર્શન—દર્શનકી ચાર પર્યાય. અહીં તો કહે છે, એને આશ્રયે પુદ્ગલ ઉત્પન્ન થાય માટે એ પુદ્ગલ પરિણામ છે. આહાહા! ધ્રુવ નિત્ય પ્રભુ ઉસમેં દર્શનકે ભેદ નહીં. પર્યાયમેં ભેદ હૈં, પરંતુ પર્યાય આશ્રય કરનેલાયક નહીં. આવો માર્ગ ભારે ભાઈ! દર્શન લીધું.

**લેશ્યા**... લેશ્યા. લેશ્યા ને અલેશ્યા—બેય. કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા—અશુભભાવ, પીત, પદ્મ, શુક્લ—શુભભાવ અને અલેશીપણું એ બધું દ્રવ્યમાં નથી. અલેશ્યા ભી એક પર્યાય હૈ, વહ આત્મા ધ્રુવમેં નહીં. જિસકા આશ્રય કરના હૈ, પર્યાય આશ્રય કરે, પરંતુ જિસકા આશ્રય કરે ઉસમેં વહ નહીં. ઓહોહો! પર્યાય આશ્રય કરે દ્રવ્યકા ઔર પર્યાય દ્રવ્યમેં નહીં. ઐસા લેશ્યાકા ભાવ... યહાં તો યે સિદ્ધ કરના હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં. કુંદકુંદાચાર્યકા યે અભિપ્રાય હૈ. ભગવાન સૂત્રકર્તાકા યે અભિપ્રાય હૈ કિ ભગવાન પરમાત્માકો-અંદર ભગવાન પૂર્ણાનંદ પ્રભુકો શુદ્ધ નિશ્ચયનયસે યે સબ હૈ નહીં. અંતરકી દૃષ્ટિ કરનેસે આત્મા અભેદ દિખતા હૈ ઉસમેં યે ભેદ હૈં નહીં. ભેદ હૈ વહ વ્યવહારનયકા વિષય હૈ. અભેદ વહ નિશ્ચયનયકા, સમ્યગ્દર્શનકા વિષય હૈ. ઉસસે આત્માકા કલ્યાણ હોતા હૈ. પરકે આશ્રયસે, પર્યાયકે આશ્રયસે હોતા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ સુદ-૧૪, બુધવાર, તા. ૧૭-૧-૧૯૭૩
## ગાથા-૪૨, પ્રવચન નં. ૨૦૨

..... 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્.' આત્મામેં તીન અંશ હૈં. એક નયી અવસ્થા ઉપજના, પુરાની અવસ્થાકા વ્યય હોના ઔર ધ્રુવરૂપ સદૃશ ધ્રુવ રહના. યહાં ધ્રુવકા અધિકાર હૈ. ધ્રુવ જો નિત્ય ધ્રુવ આત્મા ઉસકે આશ્રયસે સમ્યગ્દર્શન, ધર્મ હોતા હૈ. ધર્મકી પહલી શુરૂઆત, ધર્મકી પહલી રીત, પહલી સીઢી સમ્યગ્દર્શન, વહ સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ? એક સમયમેં ધ્રુવતત્ત્વ જો નિત્યાનંદ હૈ, શરીર-વાણી-મનસે તો રહિત હૈ, કર્મસે ભી વસ્તુ-આત્મા રહિત હૈ ઔર અંદરમેં રાગ-દ્વેષ પુણ્ય-પાપકા ભાવ હોતા હૈ ઉસસે ભી વહ ભિન્ન તત્ત્વ હૈ. ઐસા જો ધ્રુવતત્ત્વ નિત્યાનંદ સહજાનંદમૂર્તિ આત્મા વહ સમ્યગ્દર્શનકા વિષય હૈ. સમ્યગ્દર્શન-ધર્મકી પહલી શુરૂઆત ત્રિકાલી ધ્રુવકે આશ્રયસે હોતી હૈ વહ બતાતે હૈં. સૂક્ષ્મ વિષય હૈ. વર્તમાનમેં તો બાહરસે ક્રિયાકાંડ કરો, ઐસા કરો, વ્રત કરો, તપ કરો, ભક્તિ-પૂજા કરો તો ધર્મ હોતા હૈ, ઐસા કહતે હૈં. વહ તો રાગકી મંદતાકા પુણ્યભાવ હૈ, વહ ધર્મ નહીં. સમજમેં આયા?

ધર્મ તો ઉસકો કહતે હૈં પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર કિ જો આત્મા ધ્રુવસ્વરૂપ નિત્ય આનંદકંદ હૈ ઉસકી દૃષ્ટિ કરકે ઉસકા અનુભવ કરના. રાગરહિત અનુભવ, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ ઉસકા નામ ધર્મ હૈ. કહો, સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. અનંતકાલમેં એક પંચમ(ભાવ) ધ્રુવ.... ઉસમેં કર્મ, શરીર, વાણી તો હૈ નહીં, પરંતુ એક સમયકી-ક્ષણકી ઉત્પન્ન-ધ્વંસી જો દશા હૈ વહ ભી ઉસમેં હૈ નહીં. વહ ધ્રુવ સમ્યગ્દર્શન પાનેકા કારણ હૈ. સમજમેં આયા? આજ હિન્દી લોકો આવ્યા છે. તમારે હિન્દી.... અહીંયા આવ્યા ૪૨ ગાથા. ચાલીસ ઔર દો. ઉસકા આખિરી અધિકાર હૈ દેખો! હિન્દી હૈ ન હિન્દી. પન્ના ૮૮ હૈ. આખિરી ગાથા હૈ.

**માર્ગણાસ્થાન**... ધ્રુવ ભગવાન નિત્યાનંદ આત્મા જિસકે આશ્રયસે સમ્યગ્દર્શનકી પહલી શુરૂઆત હોતી હૈ ઉસ ચીજમેં ગતિ નહીં. ચાર ગતિ ઉસમેં હૈ નહીં. હૈ ન બોલ. પહલે આ ગયા હૈ ગતિ.. ગતિ. **ગતિ** હૈ નહીં, **ઇન્દ્રિયાં** હૈ નહીં. ચૈતન્ય નિત્યાનંદ ધ્રુવ ઉસમેં ઇન્દ્રિય-બિન્દ્રિય હૈ નહીં. **કાયા** હૈ નહીં શરીર. **યોગ** હૈ નહીં. મન-વચન-કાયાકા કંપન વહ ધ્રુવતત્ત્વમેં હૈ નહીં. **વેદ** હૈ નહીં. વાસના, સ્ત્રી, પુરુષ, નપુંસકકી વાસના વહ ધ્રુવમેં હૈ નહીં. પર્યાયમેં હૈ, ધ્રુવમેં હૈ નહીં. **કષાય**... ક્રોધ, માન, માયા, લોભકા ભાવ જો વિકારી, દુઃખરૂપ હૈ વહ નિત્યાનંદ ભગવાન ધ્રુવમેં હૈ નહીં. વહ તો ઉત્પાદ-વ્યય પર્યાયમેં હૈ. વહ પર્યાય ધ્રુવમેં હૈ નહીં. આહાહા! **જ્ઞાન**... જ્ઞાનકી પાંચ અવસ્થા ઔર તીન અજ્ઞાન—યે આઠ અવસ્થા હૈં વહ ધ્રુવમેં નહીં. ધ્રુવ તો અભેદતત્ત્વ હૈ અખંડ. જ્ઞાન(કે ભેદ) ઉસમેં હૈ નહીં. જ્ઞાનકે ભેદ હોં.

**સંયમ** નહીં. સંયમકે ભેદ હૈં નહીં. અંતરમેં નિત્યાનંદ પ્રભુ સદશ ધ્રુવવસ્તુ જિસકે અવલંબનસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત હોતા હૈ, ઉસ અંતર ચીજમેં સંયમકે ભેદ હૈં નહીં. પર્યાય–અવસ્થામેં હૈં, ત્રિકાલીમેં હૈ નહીં. આહાહા! ત્રિકાલીકા આશ્રય કરનેસે ધર્મ હોતા હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિકા ભાવ વહ ધર્મ નહીં, વહ તો રાગ હૈ, પુણ્ય હૈ. વહ તો પાપસે બચનેકો પુણ્ય હૈ, ધર્મ નહીં. ધર્મ તો ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ ઉસકો કહતે હૈં કિ જો નિત્ય ધ્રુવ હૈ. ઉત્પાદ-વ્યય—નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ, પુરાની પર્યાયકા વ્યય હોતા હૈ વહ અવસ્થા ભી જિસમેં નહીં. ઐસી ચીજકે આશ્રયસે ધર્મ હોતા હૈ. શેત્રુંજયકે આશ્રયસે નહીં, સમ્મેદશિખરકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા નહીં, એમ કહતે હૈં. સમ્યગ્દર્શન પહલે જો ચારિત્ર હુઆ... પહલે સમ્યગ્દર્શન હોતા હૈ, સમ્યગ્દર્શન બિના જ્ઞાન ને ચારિત્ર સચ્ચા હોતા નહીં. સમ્યગ્દર્શન, અંતર પાતાલ આત્મા ધ્રુવરૂપી પાતાલતત્ત્વ ઉસકી દૃષ્ટિ કરનેસે હોતા હૈ. સૂક્ષ્મભાવ હૈ. વીતરાગમાર્ગ, સર્વજ્ઞ તીર્થંકરદેવ ઉન્હોંને કહા માર્ગ અલૌકિક, અપૂર્વ હૈ.

કહતે હૈં... ત્યાં તો આવ્યું હતું આપણે, **દર્શન**. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવલ્ય—યે સબ વર્તમાન અવસ્થા–દશા હૈ. વહ ધ્રુવમેં નહીં. આહાહા! ઔર **લેશ્યા**. ત્યાં સુધી પહેલા આવ્યું હતું. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત, પીત, પદ્મ ને શુક્લ—છહોં લેશ્યા ઔર અલેશ્યા ભી અંદરમે આત્મામેં નહીં. અલેશ્યા ભી પર્યાય હૈ. ધ્રુવ નિત્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમેં જો ધ્રુવ હૈ વહ ઉત્પાદ-વ્યય રહિત હૈ. ઉસ ધ્રુવમેં છ લેશ્યા હૈ નહીં. વર્તમાનદશામેં હૈ, ત્રિકાલી દ્રવ્યમેં હૈ નહીં. પંડિતજી! ઓહોહો! યહાં તક તો આયા થા કલ. **ભવ્યત્વ...** ભવ્ય ને અભવ્ય ઐસે ભેદ ધ્રુવમેં નહીં. ભવ્યત્વ—મોક્ષ હોનેકી લાયકાત ઔર (અભવ્યત્વ)–મોક્ષ હોનેકે લાયકાત નહીં—ઐસે દો ભેદ ધ્રુવમેં નહીં, પર્યાયમેં હૈ. સૂક્ષ્મ બાત હૈ.

ઔર **સમ્યક્ત્વ...** સમ્યગ્દર્શન.. ક્ષાયિક સમકિત, ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત કિ મિથ્યાત્વભાવ—યે સમકિતકે ભેદમેં આતે હૈં. યે સબ ધ્રુવમેં નહીં, યે તો પર્યાયમેં હૈં. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પર્યાયમેં–અવસ્થામેં હૈં તીનોં. ધ્રુવમેં હૈ નહીં. આહાહા! જિસમેં હૈ નહીં ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! અનંતબાર મુનિવ્રત ધારણ કિયા. આતા હૈ ન છઢાળામેં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયૌ, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.: અનંતબાર મુનિપના લિયા, નગ્ન મુનિ દિગંબર ઔર ૨૮ મૂળગુણ, પંચમહાવ્રત પાલે, પરંતુ પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ તો રાગ હૈ, પુણ્ય હૈ, વહ ધર્મ નહીં.

શ્રોતા : એ પાળતાં પાળતાં તો થાયને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળ કરતાં કરતાં થાય છે? અફીણ ખાતે-ખાતે કસ્તુરીકા ડકાર આતા હૈ? દોનોંકા (રંગ) એક હૈ હોં, અફીણ ને.... રંગ સરિખે હૈં. યે તો ચીજ હી દૂસરી હૈ.

યહાં તો વર્તમાન પર્યાયકે આશ્રયસે ભી સમ્યગ્દર્શન હોતા નહીં. વર્તમાન પર્યાયકે આશ્રયસે, શાસ્ત્રજ્ઞાનસે સમ્યગ્જ્ઞાન હોતા નહીં એમ કહતે હૈં. શાસ્ત્રજ્ઞાન તો અનંતબાર કિયા, નવ પૂર્વ, ગ્યારહ અંગ અનંતબાર પઢા. વહ જ્ઞાન નહીં. જ્ઞાન તો ચૈતન્ય ભગવાન સમુદ્ર શુદ્ધ ધ્રુવ ઉસમેં દૃષ્ટિ લગાકર જો જ્ઞાન પ્રગટ હોતા હૈ, ઉસકો ભગવાન જ્ઞાન કહતે હૈં. સમજમેં આયા? ઔર ચૈતન્ય ધ્રુવમેં દૃષ્ટિ હોકર અંતરમેં લીન હોના ઉસકા નામ ચારિત્ર હૈ. નગ્નપના ને પંચમહાવ્રતકા ભાવ વહ કોઈ ચારિત્ર નહીં. સમજમેં આયા? ઐસા પંચમહાવ્રત આદિ તો અનંતબાર કિયા. વહ ચારિત્ર હો તો મુક્તિ હો જાય. વહ ચારિત્ર હૈ નહીં, વહ તો વિકલ્પ–આસ્રવ હૈ. આહાહા! બંધકા કારણ હૈ.

અબંધકા કારણ ઐસા ચારિત્ર અથવા મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, અબંધસ્વરૂપ શુદ્ધ ધ્રુવ ઉસકે આશ્રયસે અબંધપરિણામ ઉત્પન્ન હોતા હૈ. અબંધપરિણામ કહો કિ મોક્ષકા માર્ગ કહો. અ-બંધ—બંધરહિત. ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ અબદ્ધસ્પૃષ્ટ હૈ, બદ્ધ ને સ્પૃષ્ટ ઉસમેં હૈ નહીં. ઐસી અંતરકી ચીજકે આશ્રયસે અબદ્ધપરિણામ નામ મોક્ષકે માર્ગકા પરિણામ ઉત્પન્ન હોતા હૈ. મૂળચંદભાઈ! માર્ગ તો યે હૈ. દૂસરા કરે ને દૂસરા હો જાય? વ્રત, નિયમ, તપ, પૂજા, ભક્તિ વહ તો રાગ હૈ. રાગ કરતે-કરતે ધર્મ સમકિત હો જાય ઐસા હૈ નહીં. સમકિત, **સંજ્ઞિત્વ**. સંજ્ઞીપના ને અસંજ્ઞીપના દોનોં ધ્રુવમેં હૈ નહીં. વહ તો પર્યાયમેં હૈ. ઔર **આહાર**... આહારક ને અણાહારક દોનોં પર્યાયમેં હૈં, ધ્રુવમેં હૈ નહીં.

**ઐસે ભેદસ્વરૂપ (ચૌદહ) માર્ગણાસ્થાન હૈં.** હૈ? ઐસે ભેદસ્વરૂપ ચૌદહ માર્ગણાસ્થાન હૈં. વહ આત્મામેં નહીં. પર્યાયમેં હૈ, ધ્રુવમેં નહીં. આહાહા! પર્યાયદૃષ્ટિ છુડાનેકો (કહા હૈ). ક્યોંકિ પર્યાયદૃષ્ટિ તો અનાદિસે હૈ. વર્તમાન અવસ્થા, પર્યાયદૃષ્ટિ તો અનાદિસે હૈ. પરંતુ પર્યાયસે અંદર ભિન્ન ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણ વીર્યશક્તિ આનંદધામ ઉસકા કભી આશ્રય લિયા નહીં ઔર ઉસકે આશ્રય બિના કભી ધર્મકી શુરૂઆત હોતી નહીં. કહો, સમજમેં આયા?

**યહ સબ...** નીચેકી પંક્તિ હૈ. **યહ સબ ઉન ભગવાન પરમાત્માકો...** સૂક્ષ્મ બાત હૈ ભૈયા! ભગવાન પરમાત્મા નામ આત્મા નિત્યાનંદ પ્રભુ, ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહા હૈ. શરીર નહીં, વાણી નહીં, મન નહીં, કર્મ નહીં, પુણ્ય-પાપકા ભાવ નહીં ઔર ઉસકી અવસ્થામેં ભેદ હોતા હૈ જ્ઞાન ને દર્શનકા વહ ભી નહીં. ત્રિકાલી ધ્રુવ ભગવાન... **યહ સબ ઉન ભગવાન પરમાત્મા**... ક્યો ભગવાન પરમાત્મા? આ. આહાહા! સમજમેં આયા? ભગ-વાન. ભગ નામ આનંદ ઔર જ્ઞાનકી લક્ષ્મીકા ભંડાર અપના ધ્રુવ. સમજમેં આયા? વાહ! ભગવાન પરમાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન ઐસી અપની ધ્રુવચીજ ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહા

હૈ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઔર કુંદકુંદાચાર્ય (આદિ) સંતો ઉસકો ભગવાન પરમાત્મા કહતે હૈં. સમજમેં આયા?

કુંદકુંદાચાર્ય મહામુનિ થે. સંવત ૪૯. દિગંબર સંત થે, સંવત ૪૯. દો હજાર વર્ષ પહલે (હુએ). ભગવાનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય મહારાજ. ભગવાન સીમંધરનાથ બિરાજતે હૈં મહાવિદેહમેં. પાંચસો ધનુષકા દેહ હૈ, કરોડ પૂર્વકા આયુષ્ય હૈ. બિરાજતે હૈં ભગવાન અભી મનુષ્યક્ષેત્રમેં. મનુષ્યક્ષેત્ર નામ વિદેહક્ષેત્ર. અભી ભી હૈં ભગવાન. ઉસ વક્ત વખત ભી થે, જબ કુંદકુંદાચાર્ય ગયે થે. આઠ દિન રહે થે દિગંબર મુનિ. વહાંસે આકર યે શાસ્ત્ર બનાયા. વહાંસે આકર (કહા), ભગવાન ત્રિલોકનાથકે યે સંદેશ હૈ. સમજમેં આયા?

કહતે હૈં, **યહ સબ**... ગતિ, ઇન્દ્રિયાં આદિ સબ, **ઉન ભગવાન પરમાત્માકો**... સત્-ચિત્સ્વરૂપ સચ્ચિદાનંદ—સત્–શાશ્વત, જ્ઞાન આનંદ આદિ ગુણકા પુંજ ઐસે ભગવાન પરમાત્મામેં... આહાહા! ભગવાન પરમાત્મા એમ કરીને ત્યાં બોલાવે છે. એ સુજાનમલજી! ભગવાન પરમાત્મા.. આહાહા! ઐસે ભગવાન પરમાત્મામેંસે (પર્યાયમેં) ભગવાન પરમાત્મા હોતા હૈ. શુભરાગ ને દયા-દાનસે હોતા નહીં. ઉસમેં રાગકી મંદતા હો તો પુણ્ય હૈ. અશુભસે બચનેકો શુભભાવ હો, પરંતુ વહ ધર્મ હૈ, મોક્ષકા કારણ હૈ ઔર ઉસસે ધર્મ હોતા હૈ—(ઐસા) કભી નહીં. વીતરાગમાર્ગમેં, રાગસે ધર્મ હોતા હો ઐસા વીતરાગમાર્ગમેં નહીં. યે દશા–માર્ગ તો વીતરાગ સિવા અન્યમેં તો કહીં હૈ નહીં. સમજમેં આયા? આહાહા!

કુંદકુંદાચાર્ય મહારાજ ફરમાતે હૈં, ઉસકી ટીકા યહાં પદ્મપ્રભમલધારિદેવને કી. મુનિ થે, ટીકા કરનેવાલે મુનિ થે. નગ્ન દિગંબર જંગલમેં વસનેવાલે પદ્મપ્રભમલધારિદેવ મુનિ ઉન્હોંને ટીકા કી હૈ. કહતે હૈં, અરે ભગવાન! યે સબ... ભગવાન પરમાત્મા પૂર્ણાનંદનાથ અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પરમેશ્વરતા, પ્રભુતા હૈ, જિસમેં પૂર્ણ પર્યાયકા ધ્રુવ ભગવાન આત્મા હૈ. આહાહા! આમ સાંભળતા એને હડહડ (થઈ જાય કે) ભગવાન અમે? ભગવાન પરમાત્મા પોતે–સ્વયં ન હો તો પરમાત્માકી પર્યાય કહાંસે આયેગી? સમજમેં આયા?

લીંડીપીપર હોતી હૈ ન. લીંડીપીપર–છોટીપીપર. છોટી, કાલી, તીખી. ઉસમેં ચૌસઠ પહોરી ચરપરાઈ પડી હૈ. ચોસઠ પહોરી સમજતે હો? ચોસઠ પહોર. ચોસઠ પહોરી ચરપરાઈ પ્રગટ હુઈ વહ કહાંસે આયી? પત્થરમેંસે આયી? પત્થરસે આયી હો તો કોલસા, પત્થર ઘિસે (તો આની ચાહિયે)? અંદરમેં હૈ. ચોસઠ પહોરી એટલે રૂપિયે-રૂપિયો. સોલહ આના હૈ ન. પહલે ચૌસઠ પૈસાકા રૂપિયા હોતા થા. પહલે ચૌસઠ પૈસાકા થા ન. ચૌસઠ પૈસા કહો, સોલહ આના કહો, રૂપિયો કહો, પૂર્ણ કહો, અખંડ કહો. પીપરમેં ચૌસઠ પહોરી ચરપરાઈ પૂરી પડી હૈ.

ઐસે ભગવાન આત્મામેં પૂર્ણ સર્વજ્ઞતા ને પૂર્ણ આનંદ ભરા પડા હૈ. સમજમેં આયા? આહાહા! ઇસલિયે પરમાત્મા કહા ઉસકો. ધ્રુવ ભગવાન ધ્રુવ પાતાલકુઆં, જિસમેં અનંત-અનંત દર્શન, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા અનંતગુણ ભરે હૈં. એક સમયકી પર્યાય-અવસ્થા સિવા ઉન ભગવાન પરમાત્માકો... આહાહા! ..... અમે પામર છીએ. પામર તો પર્યાયમેં હૈ, ધ્રુવમેં પામરતા નહીં. ધ્રુવમેં તો ભગવાન પરમાત્મસ્વરૂપ હી આત્મા હૈ. ભગવાન પરમાત્મા હૈ તો પર્યાયમેં એન્લાર્જ (હોકર) ભગવાન સિદ્ધ પરમાત્મા હોતા. યે અંદરસે હોતા હૈ, બાહરસે હોતા નહીં. સબ આત્મા ઐસી હૈં. અભવિકી ઐસી હૈ. વહ તો માનતા નહીં.

આત્મા તો અનંત આત્મા હૈં. નિગોદકે એક શરીરમેં અનંતજીવ હૈં. આલુ, કાઈ-લીલફૂગ-શેવાળ હોતી હૈ ન. જલમેં કાઈ.. કાઈ. કાઈમેં રાઈ જિતની... કાઈ હોતી હૈ ન, ઉસમેં અસંખ્ય તો ઔદારિક શરીર હૈ ઔર એક શરીરમેં અનંત સિદ્ધ હુએ ઉસસે અનંતગુને જીવ હૈં. વહ એક-એક જીવ ધ્રુવ પરમાત્મા હૈ. આહાહા! સર્વજ્ઞ પરમેશ્વર સિવા યે બાત કહીં દૂસરે હોતી નહીં. યહાં તો કહતે હૈં કિ ઓહોહો! નિગોદકા જીવ... એક ઇતના ટુકડા રાઈ જિતના લો. આલુ, કંદમૂળ લસણ, ડુંગળીમેં અનંત જીવ હૈં એક શરીરમેં. એક શરીરમેં અનંત જીવ. ઐસા અસંખ્ય શરીરકા રાઈ જિતના ટુકડા. ઐસા સારા લોક ભરા હૈ નિગોદસે. સૂક્ષ્મ નિગોદસે સારા લોક ભરા હૈ. આહાહા! સમજમેં આયા?

ભગવાન ત્રિલોકનાથ કહતે હૈં, વહી કુંદકુંદાચાર્ય મહારાજ કહતે હૈં, વહી પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત ટીકા કરતે કહતે હૈં. ભગવાન! ભાઈ! **ઉન ભગવાન પરમાત્માકો**... ચાહે તો અભવિકા આત્મા હો, પરંતુ ભગવાન ધ્રુવ જો હૈ વહ તો ભગવાન પરમાત્મા હૈ. પર્યાયમેં પ્રગટ હોનેકી ઉસકી-અભવિકી લાયકાત નહીં. સમજમેં આયા? ઓહોહો! ઉપર શુદ્ધભાવ હૈ ન. શુદ્ધભાવકી વ્યાખ્યા કરતે... શુદ્ધભાવ અર્થાત્ ધ્રુવભાવ, ધ્રુવભાવ અર્થાત્ ભગવાન પરમાત્મા. એ મહેન્દ્રજી! આહાહા! આબાળ-ગોપાળ આત્માઓ.. અનંત આત્માઓ જે છે... આ તો દેહ છે આ પુરુષનો દેહ, કોઈ સ્ત્રીનો દેહ, કોઈ નપુંસકનો, એ તો જડ છે. વહ આત્મા કહાં હૈ? ઇસમેં આત્મા હૈ? જો આત્મા હૈ ઉસમેં તીન અંશ હૈં—ઉત્પાદ, વ્યય ઔર ધ્રુવ. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્, સત્ દ્રવ્ય લક્ષણમ્.' તત્ત્વાર્થસૂત્રમેં આતા હૈ. 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્' આત્મા. ઉસમેં-ઉત્પાદ-વ્યયમેં જિતને પ્રકાર પડતે હૈં ભેદ આદિ, વહ સબ ધ્રુવમેં નહીં. સમજમેં આયા? સમ્યગ્દર્શન તો ધ્રુવકે આશ્રયસે હોતા હૈ. ઇસકે લિયે યે અધિકાર લિયા હૈ.

નિયમસારકા અર્થ મોક્ષમાર્ગ. નિયમસાર એટલે મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ એટલે 'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગ'. યે તીનોં પર્યાય હૈં. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર—તીનોં પર્યાય હૈં, અવસ્થા હૈં, ગુણ નહીં. ગુણ તો ત્રિકાલી હૈ. તીનોં પર્યાય

ઉત્પાદ–નયી ઉત્પન્ન હોતી હૈ ઔર મિથ્યાત્વાદિ પર્યાયકા વ્યય હોતા હૈ. ધ્રુવ જો ત્રિકાલી હૈ ઉસમેં ઉત્પાદ-વ્યય હૈ નહીં. સમજમેં આયા? ભારે ઝીણી વાત. આ જૈનદર્શન, જૈનદર્શનમાં દિગંબરદર્શન એટલે પરમ વિશ્વદર્શન. એ સૂક્ષ્મ છે. ઐસી બાત દૂસરે કહીં હૈ નહીં. ભગવાન પરમાત્માકો... ભગવાન નામ તુમ્હારા હૈ વહ નહીં, યે તો અંદર ભગવાન આત્મા હૈ ઉસકો કહતે હૈં. બીડીકા વેપાર ઉસમેં નહીં હૈ, રાગ ઉસમેં નહીં હૈ, સમકિત આદિકી પર્યાય ભી ઉસમેં નહીં, એમ કહતે હૈં.

શ્રોતા : હૈ સબ, તો કરના ક્યા હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધ્રુવ હૈ ઉસકી દૃષ્ટિ કરના વહ કરના હૈ. કરના ક્યા હૈ? કુદના હૈ કુછ? આહા! દૃષ્ટિ પર્યાય ઉપર હૈ વહ દ્રવ્ય ઉપર કરના, વહી કરના હૈ. દૃષ્ટિ ફેરના. આહાહા! અરે! માર્ગ તો જુઓ! અલૌકિક. આહા! પદ્મપ્રભમલધારિદેવ. શુદ્ધભાવ નામ ભગવાન પરમાત્મા. સબ આબાલ-ગોપાલ આત્મામેં ધ્રુવપના પડા હૈ વહ ભગવાન પરમાત્મા હૈ. ઐસે ભગવાન પરમાત્માકો... સર્વજ્ઞ સિદ્ધકો, અરિહંતકો નહીં. ઉનકી બાત યહાં નહીં હૈ. આત્મા પરમાત્મા ધ્રુવ ઉસકી બાત યહાં હૈ. આહાહા!

ભગવાન પરમાત્મસ્વરૂપકો... પરમ આત્મા એટલે પરમસ્વરૂપ, ત્રિકાલી નિત્ય ધ્રુવ પરમસ્વરૂપ ઐસે ભગવાન આત્મામેં **શુદ્ધનિશ્ચયનયકે બલસે (-શુદ્ધનિશ્ચયનયસે)...** એક-એક ટુકડેમેં મર્મ હૈ. શુદ્ધનિશ્ચય (અર્થાત્) ત્રિકાલી સત્ય ઉસકી દૃષ્ટિ કરનેવાલા નય. ઉસ નયકી દૃષ્ટિસે દેખો તો ઉસમેં–ધ્રુવમેં હૈ નહીં. આહાહા! હજી નવરાશ મળતી નથી બહારના...... આટલા આટલા પૈસા છે તોય સખ નથી. શું કરે? એ તો એને ઘરે રહી ધૂળ. દસ લાખ, વીસ લાખ, પચ્ચીસ લાખ ને ધૂળ લાખ. આહાહા! માગણ છે મોટો. માગણ સમજે? ભિખારી. લાવ.. લાવ.. લાવ.. લાવ. એ બધા માગણ છે. મુજે કુછ નહીં ચાહિયે, મૈં તો આનંદકંદ હૂં. ઐસી દૃષ્ટિ હૈ વહ બાદશાહ હૈ. સમજમેં આયા? આહાહા! મૈં તો ભગવાન પરમાત્મા નિત્યાનંદસ્વરૂપ હૂં ઐસી દૃષ્ટિવંતકો ઇચ્છા (નહીં). 'ક્યા ઇચ્છત ખોવત સબૈ, હૈ ઇચ્છા દુઃખ મૂલ, જબ ઇચ્છાકા નાશ ભયા, ગયી અનાદિ ભૂલ.'

આહાહા! અરે! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ અરિહંત તીર્થંકરદેવ મહાવિદેહમેં બિરાજતે હૈં. લાખો કેવલીયોં હૈં ભગવાનકે સમીપ. અનંત તીર્થંકર તો મોક્ષ પધારે. મહાવીર આદિ અનંત ચોવીસી વે તો સિદ્ધમેં ગયે. અરિહંતમેં હૈં નહીં અભી. વે તો 'ણમો સિદ્ધાણં'મેં ગયે. યે ભગવાન બિરાજતે હૈં વે 'ણમો અરિહંતાણં'મેં હૈં. સમજમેં આયા? ઉનકે શ્રીમુખસે સુનકર કુંદકુંદાચાર્ય યે કહતે હૈં. આહાહા! ગતિ, ઇન્દ્રિયાં, લેશ્યા, યોગ–કંપન, વેદ (આદિ) ભેદ યે સબ ઉન ભગવાન પરમાત્મા નિત્ય દલ...

અરીસા હોતા હૈ ન અરીસા. શીશા.. શીશા. ઉસમેં જો બાહરકી ચીજ ઝલકતી હૈ વહ ઉપરકી પર્યાયમેં ઝલકતી હૈ. વહ પર્યાય એક સમયકી અવસ્થા હૈ ઉસમેં ઝલકતી હૈ. એક સમયકી પર્યાયકે પીછે જો દલ હૈ ઉસકો ધ્રુવ કહતે હૈં. સમજમેં આયા? અરીસા–શીશા હોતા હૈ ન શીશા. બાહરસે દિખે ન મકાન.... વહ તો ઉપરકી પર્યાય હૈ. મકાન-બકાન વહાં નહીં હૈ. વહાં તો અરીસાકી સ્વચ્છ અવસ્થા હૈ, વહ ઉપરકી અવસ્થા હૈ. એક સમયકી પ્રકાશકી સ્વચ્છ અવસ્થા, ઉસ અવસ્થાકે પીછે સારા દલ હૈ વહ ધ્રુવ હૈ. ઉપરકી અવસ્થા બદલતી હૈ વહ ઉત્પાદ-વ્યય હૈ.

એમ ચૈતન્ય અરીસો ભગવાન આત્મા.. એક સમયકી પર્યાયમેં યે સબ જાનનેમેં આતા હૈ. કેવલજ્ઞાન ભી એક સમયકી પર્યાય હૈ. કેવલજ્ઞાન એક સમયકી પર્યાય હૈ. દૂસરે સમય દૂસરી હોતી હૈ, તીસરે સમય તીસરી હોતી હૈ. પહલે સમય કેવલજ્ઞાન હુઆ વહ દૂસરે સમય નાશ હોતા હૈ. નયી પર્યાય ઉત્પન્ન હોતી હૈ. પર્યાય હૈ ન વહ. ગુણ નહીં. આહાહા! વહ ઉપર ઉપરકી અવસ્થા હૈ. અંતરકા ચૈતન્યદલ જો ધ્રુવ હૈ ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહા હૈ. સમજમેં આયા? સમજમેં આયે ઐસી બાત હૈ. ભાષા તો બહુત સાદી હૈ, ભાવ ભલે ઊંચે હો. સારા દલ પડા હૈ ન ચૈતન્યકા. ઉપરકી પર્યાય જો હૈ... બદલતી હૈ કિ નહીં? ભિન્ન.. ભિન્ન.. ચીજ ભાસતી હૈ ન. ઐસે ઐસે બદલતી હૈ. ઐસે આત્માકી પર્યાયમેં ભિન્ન-ભિન્ન ભાસન હોતા હૈ વહ પર્યાય હૈ. પર્યાય નામ અવસ્થા. ઉસકે પીછે–ઉત્પાદ-વ્યયકે પીછે જો ધ્રુવ દલ હૈ ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહા હૈ. 'વહ મૈં હૂં' ઐસી દૃષ્ટિ કરના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા! કહો, શેઠ! આહાહા!

અરે! આઠ વર્ષના બાળક રાજકુમાર કેવળજ્ઞાન પામીને મોક્ષ ચાલ્યા ગયા. ઉસમેં ક્યા હૈ? ચીજ અપને અંદરમેં હૈ કિ નહીં? બાહરસે લાના હૈ? પ્રાપ્તકી પ્રાપ્તિ હૈ. હૈ ઉસમેંસે નિકાલના હૈ. સમજમેં આયા? આહાહા! અરેરે! ઉસે સમજમેં ભી આયા નહીં, સુનનેમેં આયા નહીં, ઐસે કે ઐસે જીંદગી ગંવાયી. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માકો સિદ્ધપદકી પર્યાય પ્રાપ્ત હુઈ કિ અરિહંતપદકી પ્રાપ્તિ હુઈ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય—યે સબ પર્યાય હૈં. અનંત ચતુષ્ટય પ્રાપ્ત હુઆ યે તો પર્યાય હૈ–અવસ્થા હૈ. ઉસ અવસ્થાકે પીછે અનાદિ-અનંત ધ્રુવ દલ પડા હૈ ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહતે હૈં. આહાહા! સમજમેં આયા? ગાથા ઐસી આયી હૈ.

**ભગવાન પરમાત્માકો શુદ્ધનિશ્ચયનયકે બલસે** અર્થાત્ શુદ્ધ સત્યદૃષ્ટિસે, ત્રિકાલીદ્રવ્યકા લક્ષ કરનેવાલી નયસે દેખેં તો ઉસમેં સબ ભેદભાવ હૈ નહીં. ચૌદહ માર્ગણાસ્થાન ભી ઉસમેં હૈ નહીં. આહાહા! યે પર્યાયમેં હૈ, દ્રવ્યમેં નહીં ઐસા નક્કી કરના વહી સમ્યગ્દર્શન હૈ. દેવ-ગુરુ-શાસ્ત્રકો માનો વહ સમ્યગ્દર્શન હૈ ઐસા હૈ નહીં. સબ જૂઠ હૈ. દેવ-ગુરુ-શાસ્ત્રકો માનના તો

રાગ હૈ, વિકલ્પ હૈ. નિશ્ચય સમ્યગ્દર્શન હો તો ઉસકો વ્યવહાર સમકિતકા આરોપ આતા હૈ, બાકી વહ સમકિત-સમકિત હૈ નહીં. સમજમેં આયા?

**ભગવાન પરમાત્માકો**... કોઈ કહે કિ ભગવાન પરમાત્મા અર્થાત્ સિદ્ધકો. યે નહીં. યે દેહમંદિરમેં બિરાજતા હૈ ભગવાન વહ ભગવાન. વે ભગવાન તો પર હૈં. સમજમેં આયા? આહાહા! પરકી ભક્તિ વહ પુણ્યભાવ હૈ. અપને ધ્રુવ ભગવાનકી એકાગ્રતારૂપ ભક્તિ વહ ધર્મભાવ હૈ. સમજમેં આયા? અભી બાત સુનનેમેં આયી ન હો કિ યે ક્યા ચીજ હૈ. ઐસે કે ઐસે જિંદગી જૈનકા નામ ધરાકર ભગવાનકી ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, તપ કરો, જાઓ, કલ્યાણ હો જાયેગા. ધૂલમેં નહીં હોગા. રાગકી મંદતા હો તો પુણ્ય હો મિથ્યાત્વ સહિત. મિથ્યા દૃષ્ટિ તો સાથમેં હૈ. ક્યોંકિ રાગસે ધર્મ માનતા હૈ તો મિથ્યાત્વ તો સાથમેં પડા હૈ. સમજમેં આયા? ઓહો! સબ પર્યાય..... ભગવાન પરમાત્મા નિત્યાનંદકા દરબાર, પ્રભુ ધ્રુવસ્વભાવકા દરબાર અંદર, શુદ્ધનિશ્ચયસે–પવિત્ર જ્ઞાનકી દૃષ્ટિસે દેખો તો ઉસમેં યે સબ ભેદ હૈ નહીં. કૌન કહતા હૈ ઐસા?

**ઐસા ભગવાન સૂત્રકર્તાકા અભિપ્રાય હૈ.** કુંદકુંદાચાર્યકા અભિપ્રાય હૈ. પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિ હૈં ટીકા કરનેવાલે. પદ્મપ્રભમલધારિદેવ મુનિ હૈં, ૯૦૦ વર્ષ પહલે દિગંબર સંત વનવાસી થે, ઉન્હોંને ટીકા કી. ટીકાકાર કહતે હૈં, યે ભગવાન સૂત્રકર્તાકા અભિપ્રાય હૈ. કુંદકુંદાચાર્ય જો નિયમસાર સૂત્રકે કરનેવાલે હૈં ઉનકા યે અભિપ્રાય હૈ. આહાહા! દૃષ્ટિ પર્યાય ઔર રાગ ઉપર હૈ વહી મિથ્યા દૃષ્ટિ હૈ. જૈનમેં જન્મે, જૈનકી ક્રિયા કરે, તો ભી વહ મિથ્યા દૃષ્ટિ હૈ, જૂઠી દૃષ્ટિ હૈ. પરંતુ એક સમયમાત્રમેં, ત્રિકાલી ભગવાન ધ્રુવ આત્મા પરમાત્મા સ્વરૂપસે બિરાજમાન આત્મા હૈ ઉસકી દૃષ્ટિ એક સમય કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. કહો, સમજમેં આયા?

ચોરાશીકે અવતારકા અંત લાનેકા યે ઉપાય હૈ. બાકી ભવસમુદ્ર.. આહાહા! ચોરાશી લાખકા સમુદ્ર–દરિયા. સાગર.. સાગર તુમ્હારા. સાગર ગાંવ હૈ ન શેઠિયાકા. અભી જાના હૈ સાગરમેં. કરોડો રૂપિયા થાય તોય સખ ન મળે. છોકરાઓ થયા આવા બધા તોય સખ ન મળે. આકુળતા, માન.. માન પાછળ જાય. એય! બધાને લાગુ પડે છે કે નહીં? આહાહા! એ મહેન્દ્રભાઈ! આની પાસે બહુ પૈસા થઈ ગયા છે. કોઈક એમ કહેતું હતું. ..... કોઈક કહેતું હતું. જવેરાતકે ધંધેમેં બહોત પૈસા કમાયા. ધૂલમેં કમાયા નહીં. વહ વસ્તુ પર હૈ. કરોડ હો કિ પાંચ હો. કાંકરા–ધૂલ, અજીવતત્ત્વ હૈ. યે કોઈ જીવતત્ત્વ નહીં. આહાહા! જીવતત્ત્વમેં અજીવતત્ત્વકી નાસ્તિ હૈ. અપને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવસે અસ્તિ હૈ અપને આત્મામેં. સ્વતત્ત્વ .... અસ્તિ-નાસ્તિ. અપના દ્રવ્ય–વસ્તુ, ક્ષેત્ર–ચૌડાઈ, કાલ–પર્યાય, ભાવ–ગુણ. અપને દ્રવ્ય-ક્ષેત્રસે અસ્તિ હૈ, પરદ્રવ્યકે ક્ષેત્ર-ભાવસે નાસ્તિ હૈ. પરકે આત્મામેં યે ભાવ હૈ હી નહીં. ઉસકી પર્યાયમેં રાગ-દ્વેષ હૈ વહ ધ્રુવમેં હૈ નહીં. સમજમેં આયા? આહાહા! આકરું કામ ભાઈ!

યે **ભગવાન સૂત્રકર્તાકા (શ્રીમદ્ ભગવત્કુન્દકુન્દાચાર્યદેવકા) અભિપ્રાય હૈ.** 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાચાર્યો.' એ ત્રીજે નંબરે આવ્યા. પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગૌતમ, ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય. 'જૈનધર્મોસ્તુ મંગલં.' યે ભગવાન કુંદકુંદાચાર્યકા અભિપ્રાય હૈ. સમજમેં આયા? આહાહા! એક ધ્રુવકો શોધ, અંદર જા. યે વિકલ્પકી જાલ તો સબ દુઃખરૂપ હૈ. આહાહા! ચાહે તો શુભ હો કિ અશુભ હો, રાગ હૈ, વિકલ્પ હૈ, દુઃખરૂપ હૈ, જાલ હૈ, સમજમેં આયા? દુઃખસે મુક્ત હોના હો તો આનંદકો શોધ. નિત્યાનંદ ભગવાન આનંદમૂર્તિ હૈ ઉસકો યહાં ભગવાન પરમાત્મા કહા હૈ. સચ્ચિદાનંદ અણીન્દ્રિય આનંદ.. અણીન્દ્રિય આનંદકી મૂર્તિ ભગવાન ધ્રુવ હૈ. આહાહા! સમજમેં આયા?

જો તુજે આનંદ ચાહિયે, દુઃખસે મુક્ત હોના હો, ચોરાશીકા અવતાર દરિયા-સમુદ્ર. આહાહા! નિગોદ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિન્દ્રિય, ચૌઈન્દ્રિય, નિત્ય નિગોદ, ઇતર નિગોદ દરિયો–સમુદ્ર... અનંત ભવકા સમુદ્ર, ભવ(રૂપી) દુઃખકે દરિયામેં હૈ. આહા! સ્વર્ગમેં ભી દુઃખ હૈ, નરકમેં ભી દુઃખ હૈ, કરોડોપતિ શેઠિયા દુઃખી હૈં. એય પ્રવિણભાઈ! પૈસા.. પૈસા.. પૈસા. છોકરા નાના છે, કોણ કરે? એમ કરીને....... તમારે તો છોકરા છેને. કામદાર અત્યારે ગયા છે પાળિયાદમાં. મોટી ઉંમર થઈ ગઈ, દસ હજારની મૂડી. તે દિ' તો ઘણું હતુંને.

સાંઈઠ વર્ષ પહેલાની વાત છે. સાઠ વર્ષ પહલે. મેં કહ્યું, તમે ઉઘરાણીએ કેમ જાઓ છો? ...ભાઈ હતા. ઉઘરાણી.. ઉઘરાણી સમજે? (વસુલી). હા, એ. એને તો દીકરા–લડકા છે, પણ તમે બે જણા થઈને દસ હજાર...... દસ હજાર તે દિ', સાઈઠ વર્ષ પહેલા. દસ હજાર રોકડ–નકદ. તે દિ' આ ક્યાં હતું તમારે? શું કહેવાય? નોટું. દીકરો કહેતો હતો, દસ હજાર પડ્યા છે, મહિને દસ રૂપિયા....... ખુટે નહીં. .......... અહીં કહે છે કે અપની લક્ષ્મી ધ્રુવ ભગવાનકો છોડકર બાહર ઢુંઢને જાતા હૈ. સાધુ હુઆ મહાવ્રતધારી, વહ તો રાગ હૈ. બાહરમેં શોધને જાતા હૈ, પણ અંદર ચિદાનંદ ભગવાન હૈ ઉસમેં દૃષ્ટિ લગાતા નહીં. દ્રવ્યલિંગી મુનિ વહ ભી અનંત સંસારી હુઆ. આહાહા!

**ઇસીપ્રકાર (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિને (શ્રી સમયસારકી આત્મખ્યાતિ નામક ટીકામેં ૩૫-૩૬વેં દો શ્લોકો દ્વારા) કહા હૈ કિ...** સમયસારકા કલશ હૈ. આધાર દેતે હૈં. પદ્મપ્રભમલધારિદેવ મુનિ હૈં, આધાર દેતે હૈં. ઉપર હૈ શ્લોક

**सकलमपि विहायाह्नाय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रम् ।**
**इममुपरि चरंतं चारू विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तम् ॥**

ઉસકા નીચે અર્થ. અમૃતચંદ્રાચાર્ય મહારાજ, કુંદકુંદાચાર્યકે શાસ્ત્રકી ટીકા કરનેવાલે, એક હજાર વર્ષ પહલે હુએ. કુંદુકુંદાચાર્ય દો હજાર વર્ષ પહલે હુએ. પદ્મપ્રભમલધારિદેવ, અમૃતચંદ્રસૂરિ પીછે હુએ. ટીકા કરનેવાલે પદ્મપ્રભમલધારિદેવ અમૃતચંદ્રાચાર્યકા આધાર દેતે હૈં. **શ્લોકાર્થ : ચિત્શક્તિસે રહિત**... ક્યા કહતે હૈં? દેખો! 'શુદ્ધભાવ' કહા ન ઉપર. જો ભગવાન પરમાત્મા કહા વહ ચિત્શક્તિ. **ચિત્શક્તિસે રહિત**... કહાં હૈ? શેઠ! કહાં હૈ? વાંચો જોઈ. ....... જરી નામું જોવે આમ...... હળવે-હળવે બોલે જાણે. **ચિત્શક્તિસે રહિત**... ભગવાન આત્મા ચિત્શક્તિ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ સંપન્ન હૈ આત્મા. રાગ, પુણ્ય, પર્યાયમેં ચિત્શક્તિકા અભાવ હૈ. ક્યા કહતે હૈં? ધ્રુવ ચિત્શક્તિ આનંદ ધ્રુવ, પુણ્ય-પાપમેં ચિત્શક્તિ રહિત, એક સમયકી પર્યાયમેં ચિત્શક્તિ રહિત. આહાહા! સમજમેં આયા?

ચિત્શક્તિ કહો કિ જ્ઞાન ધ્રુવસ્વરૂપ કહો, શુદ્ધભાવ કહો, નિત્યાનંદ પરમાત્મ ભગવાન કહો—ઉસ ચીજસે રહિત **અન્ય સકલ ભાવોંકો...** આહાહા! હિંસા, ચોરી, જુઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ, હિંસા, દયા, દાન, વ્રત, ભક્તિકે પરિણામ—ઉન સકલ ભાવોંકો **મૂલસે છોડકર**... આહાહા! કહતે હૈં કિ રાગ-દ્વેષ, પુણ્ય-પાપમેં જ્ઞાનાનંદ ચિત્શક્તિ નહીં. ઉન ભાવમેં ચિત્શક્તિકા અભાવ હૈ તો ઉસકી દૃષ્ટિ છોડ દે. જિસમેં ચિત્શક્તિ નહીં ઉસકી દૃષ્ટિ છોડ દે. **ચિત્શક્તિસે રહિત**... એ તો ભાવોની વ્યાખ્યા કરવા માટે લેવું છે. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત ભક્તિ, કામ, ક્રોધ વહ ચિત્શક્તિસે રહિત ભાવ હૈ. જ્ઞાનકા, આનંદકા કિરણ ઉસમેં નહીં આતા. વહ તો પુણ્ય-પાપકા વિકલ્પ રાગ હૈ. સમજમેં આયા?

ચિત્શક્તિ જ્ઞાનમૂર્તિ ભગવાન ઉસકે સાથ અનંતા ગુણ સાથમેં હૈં. ઐસા ધ્રુવશક્તિવંત ઉસમેં નહીં ઐસે અન્ય સકલ ભાવ... માર્ગણાસ્થાન (આદિ) બધા ભેદ ચિત્શક્તિ રહિત છે. ગુણ નહીં. સમજમેં આયા? વીતરાગમાર્ગ સૂક્ષ્મ હૈ ભાઈ! કેવલી સર્વજ્ઞને જાના હુઆ, કેવલીને કહા હુઆ માર્ગ હૈ. કેવલ કિસકો કહતે હૈં. એક સમયકી પર્યાયમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આયે ઐસા કેવલજ્ઞાન એક સમયકી પર્યાય હૈ. ઐસી અનંતી-અનંતી પર્યાયકા પિંડ જો આત્મા હૈ વહ ચિત્શક્તિ હૈ. **ચિત્શક્તિસે રહિત**... ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગતિ વિગેરે સબ ચિત્શક્તિસે રહિત હૈં ઉનકી દૃષ્ટિ છોડ દે.

**ભાવોંકો મૂલસે છોડકર...** મૂલસે છોડકરકા અર્થ—ઉસ પર તેરી દૃષ્ટિ હૈ ઉસે ઉખાડ દે, છોડ દે. **ઔર ચિત્શક્તિમાત્ર ઐસે નિજ આત્માકા...** દો બાત કહી, ચિત્શક્તિસે રહિત ઔર ચિત્શક્તિસે સહિત. સમજમેં આયા? ભગવાન આત્મા ચિત્શક્તિ, જ્ઞાનશક્તિ, આનંદશક્તિ સહિત હૈ. પુણ્ય-પાપ, ગુણસ્થાનભેદ, માર્ગણાસ્થાનભેદ (આદિ) ચિત્શક્તિસે રહિત ભાવ હૈં ઔર ભગવાન આત્મા ચિત્શક્તિ સહિત હૈ. **ચિત્શક્તિમાત્ર ઐસા નિજ આત્મા**... અપના આત્મા જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, ધ્રુવસ્વભાવ શક્તિમાત્ર આત્મા. ઐસે આત્માકા **અતિ**

**સ્ફુટરૂપસે અવગાહન કરકે...** ક્યા કહતે હૈં? ભગવાન! તેરી ચીજમેં પ્રવેશ કર. વિકલ્પ આદિ ભેદ ભાવ હૈં ઉસકી દૃષ્ટિ છોડ ઔર ધ્રુવમેં દૃષ્ટિ લગા દે ઔર સ્ફૂટપને પ્રત્યક્ષ અનુભવ કર. આત્મા આનંદમૂર્તિ હૈ ઐસા પ્રત્યક્ષ અનુભવ કર. સમજમેં આયા?

**स्फुट** હૈ ન **स्फुट**. અતિ પ્રગટપને અવગાહન કરકે, આનંદસ્વરૂપ ભગવાન આત્મામેં પ્રવેશ કરકે... જૈસે સમુદ્રમેં અવગાહન કરતા હૈ ન, તો મોતી આદિ મિલતા હૈ. ઐસે ભગવાન ચિદાનંદસ્વરૂપ આત્મામેં **અતિ સ્ફૂટરૂપસે અવગાહન કરકે**... ઘણી જ પ્રત્યક્ષતા, મતિ અને શ્રુતજ્ઞાનની પ્રત્યક્ષતા દ્વારા અંતરમાં પ્રવેશ કરીને... ભારે વાત ભાઈ! ભગવાન આત્મા ...... હૈ, હૈ ઉસમેં જા, એમ કહતે હૈં. જિસમેં તું નહીં ઉસસે છૂટ જા, જિસમેં તું હૈ ઉસમેં જા. આહાહા! ભારે વાત ભાઈ! સાધારણ માણસને તો ગ્રીક-લેટિન જેવું લાગે. ધર્મકી ચીજ ક્યા હૈ, કહાંસે ઉત્પન્ન હોતી હૈ, પૂરી બાત પડી રહી, દૂસરે રસ્તે ભેજ દિયા.

**આત્મા સમસ્ત વિશ્વકે ઉપર...** ધ્રુવસ્વરૂપ ચિત્શક્તિ સહિત આત્મા... ચિત્ નામ જ્ઞાનસ્વભાવ સહિત ધ્રુવ. જ્ઞાનસ્વભાવકી પર્યાયમેં પુણ્ય-પાપકા અભાવ હોનેસે... દૃષ્ટિમેંસે છોડ દે ઔર દૃષ્ટિ લગા ધ્રુવ ઉપર. ક્યોંકિ ચિત્શક્તિ-જ્ઞાનશક્તિ આત્મા હૈ. ઉસમેં દૃષ્ટિ લગાનેસે... ચિત્શક્તિ આત્મા વહ ધ્રુવ, દૃષ્ટિ લગાના વહ પર્યાય. સમજમેં આયા? **અતિ સ્ફૂટરૂપસે અવગાહન કરકે**... અવગાહન કરકે... નિત્યાનંદ પ્રભુ ઉસમેં અવગાહન કરકે... ધ્રુવમેં ઘુસતે હૈં? 'ઉસમેં અવગાહન' ઉસકા અર્થ, અભેદ હોકર. સમજમેં આયા?

સૂક્ષ્મ ભાવ હૈ ભાઈ! અનંત કાલમેં સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ વહ બાત રહ ગઈ. ઉસકે સિવા સબ કિયા. પુણ્ય કિયા, સ્વર્ગમેં ગયા, સ્વર્ગમેંસે પીછે પટકા નીચે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' હિન્દી હૈ ન. ભાષા તો હિન્દી હૈ. યે તો હમારે દુકાન પર પઢતે થે. 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' સમ્યગ્દર્શન, આત્મા નિત્યાનંદકે આશ્રય બિના અકેલી ક્રિયાકાંડ કરકે, નવમી ગ્રૈવેયક ગયા, ફેર પીછો પટક્યો, વહાંસે નીચે. સમજમેં આયા?

જિસને આત્મસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી દૃષ્ટિ, અનુભવ કિયા. શ્રેણિક રાજાને બાહ્યત્યાગ કિયા નહીં, વ્રત, નિયમ થા નહીં, પર સમ્યગ્દર્શન થા. એક અવતારી હો ગયે. નરકકા આયુષ્ય બંધ ગયા થા, નરકમેં હૈં. ચોરાશી હજાર વર્ષકી સ્થિતિ પૂરી કરકે આગામી ચોવીસીમેં પહલે તીર્થંકર હોંગે. સમજમેં આયા? યે સમ્યગ્દર્શનકા પ્રતાપ હૈ. તીર્થંકરગોત્ર બાંધા. સમ્યગ્દર્શનકી ભૂમિકામેં ઐસા વિકલ્પ આયા, તીર્થંકરગોત્ર બંધ ગયા. નરકમેં હૈં અભી. વહાંસે નિકલકર તીર્થંકર હોંગે. વ્રત નહીં, તપ નહીં, સંયમ નહીં, ત્યાગ નહીં તો ભી. સમ્યગ્દર્શન થા ન. સમજમેં આયા? ઔર સમ્યગ્દર્શન બિના વ્રત ને તપ કરતે હૈં, મરકર સ્વર્ગાદિમેં જાય, ચાર ગતિમેં ભટકતે હૈં.

આત્મા અતિ સ્ફૂટપને જ્ઞાનકી પર્યાયમેં રાગકી મંદતાકા સંબંધ છોડકર, અપની જ્ઞાનકી પર્યાયમેં અંતરમેં એકાકાર હોકર અનુભવ કરો. ભગવાન આત્માકા અનુભવ કરો. આહાહા! સમજમેં આયા? **આત્મા સમસ્ત વિશ્વકે ઉપર સુંદરતાસે પ્રવર્તમાન**... ધ્રુવકી અનુભવદશામેં સારે જગતસે ભિન્ન અંતરમેં તિરતા હૈ આત્મા. આત્મા સમસ્ત વિશ્વકે ઉપર પ્રવર્તમાન... વિકલ્પસે લેકર સારા જગત, દયા, દાનકે રાગસે લેકર સારા જગત ભિન્ન. અપની ચીજમેં અવગાહન કરકે સમસ્ત ચીજસે પર ભિન્ન ઉપર તિરતા તુજે દિખેગા. સમ્યગ્દર્શનમેં, સમ્યગ્જ્ઞાનમેં, સમસ્ત વિકલ્પસે ભિન્ન તિરતા હુઆ તુજે દિખેગા. આહાહા! અર્થાત્ ઉસમેં વિકલ્પાદિકા પ્રવેશ નહીં, ઉસસે ભિન્ન તું રહેગા. સમજમેં આયા?

સમસ્ત વિશ્વકે ઉપર **ઐસે ઇસ કેવલ (એક) અવિનાશી...** એક અવિનાશી ભગવાન આત્મા ધ્રુવ ઉસકા અનુભવ કરકે **આત્માકો આત્મામેં સાક્ષાત્ અનુભવ કરો.** આહાહા! એવી વાત છે. બાકી બધા થોથાં છે. આત્મા ભગવાન ધ્રુવ ઉપર દૃષ્ટિ લગાકર મતિજ્ઞાનકી નિર્મલતાસે અનુભવ કરો. આત્માકો આત્મામેં... આત્મામેં... વિકલ્પસે રહિત હૈ ન. વસ્તુકી દૃષ્ટિ કરનેસે (વસ્તુ) વિકલ્પસે રહિત હૈ. આત્માકો આત્મામેં અર્થાત્ આનંદમેં સાક્ષાત્ અનુભવ કરો. આનંદ તો હૈ હી અંતરમેં, પરંતુ પર્યાયમેં અનુભવ કરો, ઉસકા નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર હૈ. કહો, સમજમેં આયા? ............

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૧, શુક્રવાર, તા. ૧૯-૧-૧૯૭૩**
**શ્લોક-૬૦-૬૧, પ્રવચન નં. ૨૦૩**

**જેનો સર્વસ્વ સાર છે...** આત્મા સાથે મળેલા અનંતા ગુણો છે (એ) સર્વસ્વ સાર છે. ચૈતન્યસ્વભાવ ધ્રુવ શુદ્ધભાવ એની સાથે મળેલા–વ્યાપ્ત–વસ્તુમાં રહેલા અનંત ગુણ એ સર્વસ્વ સાર, એ વસ્તુનો સાર છે તત્ત્વ. સમજાય છે કાંઈ? શુદ્ધભાવ જેને કહેવાય છે, જેને આશ્રયે મોક્ષમાર્ગ થાય. ચિદ્–ચૈતન્યશક્તિ, ચૈતન્યસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ, જ્ઞાનસ્વભાવ એની સાથે રહેલા અનંત.. અનંત દર્શન, આનંદ, શાંતિ આદિ અનંત ગુણ જે છે એ ચૈતન્યનો સર્વસ્વ સાર છે. **એવો આ જીવ...** એવો આ જીવ... એવો આ જીવ **એટલો જ માત્ર છે...** એટલો જ માત્ર છે. ચૈતન્યશક્તિ, સર્વજ્ઞસ્વભાવ એની સાથે અનંતા ગુણો રહેલા છે એટલો જ જીવ છે.

**એટલો જ માત્ર છે...** પર્યાય પણ નહીં, આટલો સર્વસ્વ એ જીવ છે. નિશ્ચયથી જીવદ્રવ્ય, શુદ્ધભાવ, કારણપરમાત્મા, કારણજીવ બધું એને લાગુ પડે છે. એવો જે આત્મા તેને આત્મા કહે છે અહીં. દૃષ્ટિ ત્યાં કરવા જેવી છે. આવું ઝીણું ભારે. વસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પૂર્ણ ધ્રુવ ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. એનું જ્ઞાન ને એની રમણતા એ મોક્ષનો માર્ગ છે. **આ ચિત્શક્તિથી શૂન્ય...** આવો ગુણસ્વભાવ જે સર્વસ્વ સાર છે એનાથી શૂન્ય... શરીર, વાણી, મન બધા એનાથી શૂન્ય છે, પુણ્ય-પાપના ભાવ શૂન્ય છે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ચૈતન્યશક્તિથી શૂન્ય ભાવ છે. શુભરાગના પરિણામ જેને વ્યવહાર રત્નત્રય કહે, શુભોપયોગ, એ ચૈતન્યશક્તિથી શૂન્ય છે. અસ્તિ-નાસ્તિ કરી. .... હોય છે, પણ છે એ ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. આહાહા!

તારું સ્વરૂપ, એ ચૈતન્ય ભગવાન તારું સ્વરૂપ છે. આહાહા! એક બે લીટીમાં........ જ્ઞાનસ્વભાવ એ ચિત્શક્તિ, એમ. જ્ઞાનસ્વભાવ પોતે વ્યાપ્ત છે. પોતાના અવિનાભાવે છે એટલે ગુણ વિના એ ન હોય, એના વિના ગુણ ન હોય. આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, દર્શન, વીર્ય, સુખ—એવા બધા અનંત ગુણોથી ચૈતન્યશક્તિ મળેલી છે, અભેદ છે. પુણ્યાદિના પરિણામ એ ચૈતન્યશક્તિથી ખાલી–શૂન્ય છે, એ પુદ્ગલ છે, આહાહા! સમજાણું કાંઈ? ઓલી કીધી છેને છ ગાથા–૫૦ થી ૫૫, એનો શ્લોક છે આ. વર્ણ, ગંધ, રસ ને સ્પર્શ, ગુણસ્થાન..... એના પહેલા આ (શ્લોક) નાખ્યો છે. આહાહા! ખરેખર વસ્તુ આત્મા એને કહીએ કે જેમાં પૂર્ણ ધ્રુવસ્વભાવ ભરેલો છે. એને આત્મા કહીએ. આહાહા!

એ આત્મા દૃષ્ટિમાં લઈને પ્રતીત ને અનુભવ કરવાલાયક છે, એનું નામ ધર્મ છે. બહુ ટૂંકું. એકલો સાર. આહા! 'લાખ બાતકી બાત યહી..' આતા હૈ ન. 'નિશ્ચય ઉર લાઓ, તોરી સકલ જગ દંદ-ફંદ, નિજ આતમ ધ્યાઓ.' (છ ઢાળા ઢાળ ૪, પદ ૯). આત્મા આ. એવો આત્મા. આહાહા! સમજાય છે કાંઈ? **આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો છે એ બધાય પૌદ્ગલિક છે.**

**વળી (૪૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે) :—**

**अनवरतमखण्डज्ञानसद्भावनात्मा**
**व्रजति न च विकल्पं संसृतेर्घोररूपम् ।**
**अतुलमनघमात्मा निर्विकल्पः समाधिः**
**परपरिणतिदूरं याति चिन्मात्रमेषः ॥६०॥**

**શ્લોકાર્થ : સતતપણે અખંડ જ્ઞાનની સદ્‌ભાવનાવાળો આત્મા (અર્થાત્ 'હું અખંડ જ્ઞાન છું'...** અભેદ જ્ઞાન, એકરૂપ જ્ઞાન, એની સાથે અનંતપણું ભેગું આવી ગયું. **'હું અખંડ જ્ઞાન છું' એવી સાચી ભાવના...** સાચી સદ્‌ભાવના છેને. સદ્(ભાવના) નામ સ્વરૂપની એકાગ્રતા. અખંડ જ્ઞાન હું છું, ધ્રુવ અભેદ એકરૂપ સ્વભાવ તે હું—એની સદ્‌ભાવના. સાચી ભાવના એટલે વિકલ્પ નહીં, પણ એકાગ્રતા. નિયમસાર છેને. એ સદ્‌ભાવના એ મોક્ષનો માર્ગ, એ નિયમસાર. વસ્તુ અખંડ જ્ઞાન, અખંડ આનંદ, જેમાં પર્યાયના ભેદો નહીં, એમ કહે છે. એવી જે ચીજ આત્મા એની સાચી ભાવના. આ ભાવના એટલે વિકલ્પની વાત નથી. ઘણા કહે છેને, ભાવના, આ વિકલ્પ (એટલે) ભાવના કરે છે. પાંચમાં ગુણસ્થાનવાળો સામાયિકમાં શુદ્ધોપયોગની ભાવના કરે છે. આ તો કહે છે કે સામાયિકમાં પંચમ ગુણસ્થાનવાળાને કોઈવાર શુદ્ધ ઉપયોગ આવી જાય છે, થઈ જાય છે, એને ભાવના કહે છે. પંચમ ગુણસ્થાન, સામાયિકની અંદર. સમજાણું કાંઈ?

અંદર સત્ વસ્તુ અને એની સદ્‌ભાવના... ધ્રુવ.. ધ્રુવ.. દરિયો મોટો ભગવાન અનંત ગુણનો સાગર, એની અંદરમાં એકાગ્રતા કરી એ મોક્ષનો માર્ગ છે. ક્રિયાકાંડવાળાને તો ભારે આકરું લાગે. એને તો (ધર્મ એટલે) વ્રત, નિયમ, અપવાસ, ભક્તિ, પૂજા. ઓહોહો! ચોવીસ કલાક નવરો ન થાય. એકલી પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ.. પ્રવૃત્તિ. એને તો, ઓહો.. શું ધર્મ થઈ ગયો. એમ માનનારના એ પરિણામ જે છે એ તો ચૈતન્યસ્વભાવથી ખાલી છે. એમાં ધર્મ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? એવી સાચી ભાવના... એટલે? વસ્તુ આવી છે એવી એકલી ધારણા નહીં. સમજાણું કાંઈ? પણ તે દ્રવ્યમાં, દ્રવ્ય એટલે વસ્તુ, એનું ત્રાટક દ્રવ્યમાં લક્ષ કરીને એમાં એકાકાર સ્થિર થવું એને અહીંયા સદ્‌ભાવના કહે છે. એ નિર્વિકલ્પદશા છે.

**જેને નિરંતર વર્તે છે...** વસ્તુ અખંડ આનંદમૂર્તિ આત્મા દ્રવ્ય.. દ્રવ્ય–વસ્તુ, એની એકાગ્રતા—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જેને નિરંતર વર્તે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ નિરંતર વર્તે છે. ચોથે થોડી (હોય). સમજાય છે કાંઈ? **જેને નિરંતર વર્તે છે...** આ તો નિશ્ચય.. નિશ્ચયની જ વાત (કરે છે), પણ એનું સાધન વ્યવહારની વાત જ નથી. વ્યવહાર સાધન કરે તો નિશ્ચય થાયને? નહીં? શાસ્ત્રમાં ઘણે ઠેકાણે આવે છે, સાધન કહ્યું. પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધ્ય-સાધન. એ તો સ્વરૂપનું અંતર સાધન કરવામાં ભૂમિકાના પ્રમાણમાં રાગની મંદતાની જાત ત્યાં

કેવી હોય તેનું જ્ઞાન કરાવવા એને સાધન કહ્યું છે. આકરી વાત છે. એના અર્થો, શાસ્ત્રના અર્થો કરવામાં જ વિપરીતતા છે. દૃષ્ટિ વિપરીત છેને. અહીં તો એક જ વાત કરે છે. ક્યાં ગયા તમારા ગયા? ભાવનગર?

**સાચી ભાવના જેને નિરંતર વર્તે છે**... આહાહા! ત્રણ બોલ કહ્યા. એક તો વસ્તુસ્વભાવ નિત્ય આનંદમૂર્તિ ધ્રુવ, એની એકાગ્રતા એ પર્યાય, અને એ એકાગ્રતા, જેને દ્રવ્યની દૃષ્ટિ ને સ્થિરતા થઈ છે તે નિરંતર હોય છે, એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ? ચોથા ગુણસ્થાનવાળો ભલે વિષયની વાસના કે લડાઈના વિકલ્પમાં હોય, પણ એને અંતર દ્રવ્યસ્વભાવની એકાગ્રતા .... છે એ નિરંતર છે. આહાહા! પાંચમા ગુણસ્થાનવાળો કરોડોનો વહાણના વેપાર-વહાણવટી દરિયામાં કરે. વહાણવટી કહે ને? જહાજ. એવો ભાવ હોય. અરે! રૌદ્રધ્યાનના પરિણામ પણ આવી જાય, છતાં વસ્તુ જે ત્રિકાળી છે એની જે એકાગ્રતા થઈ છે એ તો કાયમ વર્તે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ. દુનિયાએ કંઈનો કંઈ કલ્પી નાખ્યો છે. સમજાણું કાંઈ? અને સાચી વાતને, એકાંત છે, એકાંત મિથ્યાભાસ છે એમ કહે છે. કહે ભગવાન પાસે જઈને. .....

એ તો આવી ગયું છે. પંડિત લોગ શાસ્ત્રમાંથી પણ વ્યવહાર કાઢીને વ્યવહારમાં પ્રવર્તે છે, એને બંધ છે, મુક્તિ નથી. ....માં વાત આવી ગઈને. ...... પોતે વ્યવહારમાં વર્તે, પછી બીજાને વર્તાવે, એનો અર્થ કે ન હોય, એમ. વસ્તુસ્થિતિ.. સત્ ભગવાન પૂર્ણ જ્ઞાયકભાવ એમાં વર્તવું જોઈએ, એ નિશ્ચય છે. એ આ સદ્ભાવના છે. એને છોડીને... વ્યવહારની વાતું શાસ્ત્રમાં ઘણી આવે. કેમકે નિશ્ચયમાં એ નિમિત્ત હોય છે સાથે, તેથી એને નિમિત્ત તરીકે ગણીને ઘણું કથન શાસ્ત્રમાં આવે. એ કાઢે કે આ લખ્યું શાસ્ત્રમાં. બધું લખ્યું ભાઈ! એ તો હેય તરીકે વસ્તુ અંદર આવે છે એને જણાવ્યું છે. એના અર્થ જ બીજો કરે ત્યાં શું થાય? સમજાણું કાંઈ? જેમાં વીતરાગતા ન નીકળે એ સિદ્ધાંત નહીં. જેમાં રાગનું પોષણ (આવે કે) રાગ કરવા જેવો છે એ વાત વીતરાગશાસનની નહીં. વાત હોય એમ અંદર આવે. એને-નિશ્ચયવાળાને વ્યવહારથી કહે કે આ વ્રતાદિના પરિણામ કરે, પાળે એમ કહે, પણ એનો અર્થ એ કે ત્યાં આવા હોય છે એમ જણાવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

**તે આત્મા...** છેને છેલ્લું. '**સતતપણે અખંડ જ્ઞાનની સદ્ભાવનાવાળો આત્મા**' એનો કૌંસમાં અર્થ કર્યો. **સંસારના ઘોર વિકલ્પને પામતો નથી...** આહાહા! શુભ કે અશુભ વિકલ્પ-રાગ એ સંસારનો ઘોર વિકલ્પ છે. આહાહા! કહો, આ વિધિ સહિત કરવું. એય ચેતનજી! વિધિ વિધાન કહો. વિધિમાં અવિધિ ન થાય. વિધિમાં અવિધિ થઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્. અહીં તો કહે છે કે એ વિધિનો વિકલ્પ... આહાહા! આવી વાણી છે વીતરાગની. અરેરે! એ રાગમાં તો બંધ છે. એ બંધના ફળમાં સંસાર, ભવ-ભવમાં ડૂબકા મારવા છે. આહાહા!

અમરેલીમાં બહુ પાણી આવ્યું છે. એક બાઈ કૂવે પાણી ભરવા ગઈ. કાંઠા...... પાણી આવ્યું. એટલી વારમાં તો બાઈ રાડેરાડ પાડે. બચાવો.. બચાવો.. કોઈ આવો. .... ચારેકોર પાણી.. પાણી.. પાણી. રાડેરાડ પાડે. એ બચાવો રે બચાવો. કોણ બચાવે? આ સંસાર .... છે. પાણીનું એવું પૂર આવ્યું, તણાઈ ગઈ. .....ને કાંઠે. બાર વર્ષ થયા. બહુ જોરદાર પાણી આવ્યું. એટલું જોરદાર...... ભરવા ગઈ હશે ત્યારે થોડું પાણી હશે. એકદમ પાણી આવ્યું તો નીકળી ન શકી. એમ વિકલ્પ ઘોર સંસાર છે, તણાઈ જાય છે. સમજાણું કાંઈ? શુભરાગ, શુભોપયોગ એ ઘોર સંસાર છે એમ કહે છે. શેઠ! ..... હૈ કિ નહીં? સંસારમાં... દેખો! પાઠ હૈ કિ નહીં ઇસમેં?

જુઓ! **संसृतेर्घोररूपम्... विकल्पं संसृतेर्घोररूपम्...** ત્રીજું પદ છે. આહાહા! મુનિરાજ પણ સત્યને પ્રસિદ્ધ કરે છે. ભાઈ! તારો આત્મા આનંદમૂર્તિ છે. સચ્ચિદાનંદસ્વરૂપ અખંડ આનંદનું ધામ એમાંથી નીકળી વિકલ્પમાં આવવું એ સંસાર છે. આહાહા! મુનિને આહાર-પાણી દેવો એ ભાવ રાગ છે, મુનિની, ભગવાનની ભક્તિ એ રાગ છે, વિકલ્પ છે. એય! શ્વેતામ્બરમાં તો એમ આવે કે મુનિને આહાર-પાણી દે તો સંસાર પરિત કરે–સંસાર કાપી નાખે. શ્વેતામ્બરમાં એક અધ્યયન છે. ........... ભગવાનને રોગ થયો તો આહારપાણી લેવા ગયા, સંસાર પરિત કર્યો. અહીં ભગવાન તો ના પાડે છે. પરદ્રવ્ય જેટલા ....... એ રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? શુભભાવ આકરો–ઘોર સંસાર છે. આકુળતા, વર્તમાન આકુળતા છે. આમાં કાંઈ અશુભ વિકલ્પને જ એમ કહ્યું નથી. ખરેખર તો નિશ્ચય વિકલ્પને જ એમ કહ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

અશુભ રાગ એ તો મહાપાપ અને અગ્નિ મોટી ભઠ્ઠી છે, પણ આ શુભરાગને કહે છે. કષાયનો અંશ છેને. કષાયનો કણ છે. આહાહા! તીવ્ર વચનો દિગંબર સંતના. તીવ્ર વચનો. આહાહા! વસ્તુનો સ્વભાવ એને આશ્રયે જેટલી દશા થાય એ બધી નિર્વિકલ્પ શાંતિ, સમાધિ, મોક્ષનો માર્ગ છે. એમાં જેટલો વિકલ્પ ઉઠે એને પામતો નથી એટલે વિકલ્પ ઉઠે છે તેની એકતા કરતો નથી. સમજાણું કાંઈ? આહાહા! હસમુખભાઈ! આવો માર્ગ ભારે. મજા કરતા હતા એમાં (લાકડું) નાખ્યું આવું. પૈસામાં ખાવા-પીવા, લાડવા, અડદીયા, શિયાળામાં અડદીયા ખાવા. ...... ધૂળેય નથી ભાઈ! એ ચીજમાં તો ક્યાં સુખ છે? પણ એનો વિકલ્પ ઉઠ્યો એમાં પણ ક્યાં સુખ છે? એ તો દુઃખ છે. અહીં તો ભગવાન, સંત-મુનિ તો એમ ફરમાવે છે કે ભાઈ! આનંદમૂર્તિ પ્રભુ એની એકાગ્રતામાંથી જો ખસ્યો એ વિકલ્પ છે. એ વિકલ્પ હોય તો એની એકતા ન કરવી. સમજાણું કાંઈ? આહાહા!

આવો માર્ગ હજી તો સાંભળવા મળે નહીં બિચારાને, એમ ને એમ જિંદગી (ચાલી જાય). પંચમકાલ હૈ તો ક્યા હૈ? આરા છૂટ જાતા હૈ પંચમકાલમેં? આત્મા દૂસરા હો જાતા હૈ પંચમકાલમેં? ચૌથે આરામેં દૂસરા આત્મા, પાંચવે આરામેં દૂસરા આત્મા—ઐસા હૈ? એમ કે

પંચમકાળમાં ઢીલું હોય. ઓલા શેઠિયાને મજા પડે, થોડો કાંઈક ધર્મ થઈ જાય. એ શ્રાવકપણાનું ભાન ક્યાં છે ....? આ તો ભક્તિ કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા, સાધુને આહાર દેવા, ચોકા કરવા, પાણી ઉના કરવા, કેળા લાવવા, મોસંબી લાવવી, ....... નહીં તો બિચારા મરી જશે. એટલો તો લાભ લઈએ. મુળચંદભાઈ! ...... એ તો શુભ વિકલ્પ છે. હોય છે, પણ છે સંસાર. આહાહા!

વીતરાગમાર્ગમાં, બાપુ! ઓહોહો! આવું કથન તો દિગંબર સંતો–મુનિઓ કરે. બીજાને લાલચ ન આપે. આહાર-પાણી દેવા, તમને લાભ થશે, બરાબર સાધુને આમ કરવું, સાધુને આમ કરવું. શ્રાવકને લઈને....... સાધુને......... શ્રાવકે મોક્ષમાર્ગ આપ્યો. પદ્મનંદી પંચવિશંતિ. એ તો નિમિત્ત-નૈમિત્તિક..... વ્યવહારનો. આહાહા! આત્મા પોતે જ અકષાય સ્વભાવ–સ્વરૂપે છે. જ્ઞાનસ્વરૂપે, શ્રદ્ધાસ્વરૂપે, શ્રદ્ધા ત્રિકાળી હોં, આનંદસ્વરૂપે, વીર્યસ્વરૂપે, સ્વચ્છતાસ્વરૂપે, શાંતિ–ચારિત્રસ્વરૂપે એ આત્મા વીતરાગમૂર્તિ જ છે. શક્તિ સત્તા સ્વભાવરૂપ વીતરાગમૂર્તિ ભગવાન છે દરેકનો આત્મા. એ વીતરાગમૂર્તિમાં એકાગ્ર થવું એ મોક્ષનો માર્ગ છે. બાકી એમાંથી વસ્તુનો વિકલ્પ લાવવો એ પુણ્યબંધનું કારણ છે, શુભ હોય તો. સમજાણું કાંઈ?

એ સંસારમાં દાખલ કરે. તો પછી કેમ કહ્યું? શુભભાવ.... આહાહા! શ્વેતામ્બરમાં તો વિપાકસૂત્ર છે. દસ અધ્યયન દુઃખના, દસ અધ્યયન સુખના. એમાં સુખના અધિકારમાં લીધું છે કે મિથ્યાદૃષ્ટિ કરોડોપતિ, અબજોપતિ હતા, સિંહાસનમાં બેઠેલા. આમ મુનિ આવ્યા. એક કથા છે. આવ્યા એટલે પગે લાગ્યા, આહાર-પાણી આપ્યા. પાત્ર.. પાત્ર.. દાતા એ, દાતા..... સંસાર પરિત કર્યો–સંસાર ખપાવી નાખ્યો. એ વીતરાગની વાણી નહીં. અજ્ઞાનીએ કલ્પેલા શાસ્ત્ર છે એ બધા. ભારે વાત ભાઈ! કહો, છગનભાઈ! એ શાસ્ત્રમાં છે હોં, શ્વેતામ્બર શાસ્ત્રમાં છે. એ મિથ્યાદૃષ્ટિ છે. કોણ? લેનાર. જેને આપ્યો એને માન્યો છે સાધુ. કલ્પના કરી..... એ ક્યાં હતો? ........ આહાહા! વીતરાગમાર્ગને અન્ય માર્ગ કરી નાખ્યો. દિગંબર સંતોએ વીતરાગમાર્ગને વીતરાગમાર્ગમાં રાખ્યો. આહાહા!

વિકલ્પ જે ઘોર સંસાર છે. તે પામતો નથી એટલે એકત્વ કરતો નથી. ભિન્ન છે. લાભદાયક માનીને એ રાગને પોતાના સ્વભાવમાં એકપણાને પામતો નથી. **પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો...** આહાહા! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ નિર્વિકલ્પ શાંતિ છે, રાગ વિનાની એ શાંતિ છે. ભારે આકરું લાગે માણસને. અહીંથી ન મળે તો કાંઈ બીજો રસ્તો શોધો. રખડી મરવાના રસ્તા છે બધા. આહાહા! ભગવાન આત્મા... જે કોઈ આત્મા પોતાના સત્ દ્રવ્યસ્વભાવ એની એકાગ્રતામાં હોય છે એ જીવ વિકલ્પને પામતો નથી અને નિરંતર સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન, રમણતામાં હોય છે, એ નિર્વિકલ્પ સમાધિ છે. આહાહા! એ અકષાય પરિણતિ શાંતિ છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ અકષાય પરિણતિ, સમાધિ, શાંતિ છે. એને પ્રાપ્ત કરતો થકો **પરપરિણતિથી દૂર...** દેખો! પરપરિણતિ રાગ હોય, એનાથી દૂર વર્તે છે. ધર્મી વ્યવહારના રાગથી મુક્ત છે. આહાહા! સમજાણું કાંઈ? રાગવાળો છે એ માન્યતા તો મિથ્યાત્વ છે. એ શેઠ! આવી વાત સાંભળી હતી ક્યાંય? કેટલા વર્ષ ગયા આમ ને આમ? ૮૨, ૮૩. કેટલા વર્ષ? ૭૫? ૮૦. ભાઈને..... આહાહા! ............ આહાહા! શરીરની સ્થિતિની વાત છે. આત્મા અનાદિ-અનંત અને તે સર્વસ્વ ગુણસંપન્ન છે. પર્યાયની અત્યારે વાત નથી. એવા સર્વસ્વ શક્તિ–ગુણ સંપન્ન પ્રભુ મોટું.. મોટું ગોદામ, અનંત ગુણનું ગોદામ. આહા! ભલે ક્ષેત્ર નાનું હોય એનું કાંઈ નહીં. અંદર ભગવાન આત્મા અનંત.. અનંત સંખ્યાએ ગુણનું ગોદામ છે. માલ કાઢો એટલો નીકળે. આહાહા!

એવા ભગવાન આત્માને પામીને **પરપરિણતિથી દૂર, અનુપમ...** આહાહા! ઉપમા રહિત. **અનઘ = દોષ રહિત, નિષ્પાપ, મળરહિત**. પુણ્ય-પાપ બેય અઘ છે. એનાથી રહિત **ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને)...** અનુપમ, નિર્દોષ ચિન્માત્રને **પામે છે.** અનુપમ–જેને ઉપમા શું? ભગવાન સાક્ષાત્ છે તે ચૈતન્ય આનંદ છે. આહાહા! અરે! એ શ્રદ્ધામાં બેસો. સમજાણું કાંઈ? એનું જ્ઞાન, અનઘ–નિર્મળ ચિન્માત્ર ભગવાન એવી ચીજને જે અંદર પ્રાપ્ત કરે છે, એને અલ્પકાળમાં મુક્તિ છે. આહાહા! વ્યવહારવાળાને (એમ લાગે કે) વ્યવહારનો તો નાશ કરી નાખે છે. વ્યવહારને તો અનુમોદન આપતા નથી કે ઠીક કર્યું. ત્યાં તો એમ કહ્યું કે શુભભાવ કુશીલ છે, એને ચિત્તથી અનુમોદીશ નહીં, વાણીથી કહીશ નહીં, કાયાથી કરીશ નહીં, ચેષ્ટાથી હા પાડીશ નહીં. આહાહા! એ ટીકાકારનો કળશ થયો. બીજો કળશ.

**इत्थं बुद्ध्वोपदेशं जननमृतिहरं यं जरानाशहेतुं**
**भक्तिप्रह्वामरेन्द्रप्रकटमुकुटसद्रत्नमालार्चितांघ्रेः ।**
**वीरात्तीर्थाधिनाथाद्-दुरितमलकुलध्वांतविध्वंसदक्षं**
**एते संतो भवाब्धेरपरतटममी यांति सच्छीलपोताः ॥६१॥**

અમૃતચંદ્રાચાર્યનું આ બધું અનુકરણ કર્યું છે.

**શ્લોકાર્થ : ભક્તિથી નમેલા દેવેન્દ્રો મુગટની સુંદર રત્નમાળા વડે...** એટલે શું કહે છે? દેવેન્દ્રોના મુગટની રત્નમાળા આમ નમે તો નમી જાય, પણ આ તો ભક્તિથી નમી જશે. મોટો મુગટ હોય રત્નનો, અબજોની કિમત. કિંમત એની શું કહેવાય? દેવતાનો મુગટ એની શું કિંમત? દેવો આવે આમ. સમવસરણમાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય એને વંદન કરી એ વિધિ..... મોક્ષ પધારેલા નહીં. આહાહા! જાણે ભગવાનનું શાસન... સમવસરણમાં જ્યારે ભગવાન બિરાજે છે એને આવીને ભક્તિથી નમેલા દેવેન્દ્રો–દેવના પણ ઇન્દ્રો આમ નમતા. જેનું મસ્તક નમી ગયું ત્યાં રત્નમાળા સહિત મુગટ નમી ગયા. સમવસરણનો દેખાવ ખડો કર્યો

છે. સાક્ષાત્ ભગવાન મહાવીર પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય ત્યારે દેવેન્દ્રો આવીને મુગટની સુંદર રત્નમાળા વડે **જેમનાં ચરણોને પ્રગટ રીતે પૂજે છે...**

**આંઘ્રેઃ** છેને, **અર્ચિતાંઘ્રેઃ..** ચરણોને પ્રગટ રીતે પૂજે છે. પ્રગટ આમ ભગવાન સાક્ષાત્, એમ કહે છે. સિદ્ધ થયા પછીની વાત નથી. ભગવાનને યાદ કર્યા છે. સમવસરણમાં પરમાત્મા બિરાજતા હોય અને દેવેન્દ્રો આવે. આહાહા! પુણ્યના પૂતળા, મણિરત્ન જેવા જેના શરીર, એને માથે મુગટ. ધર્મીજીવ આવીને ભગવાનના ચરણકમળમાં મુગટ નમાવે છે, રત્નની માળા નમી જાય, રતનની માળા હોયને મુગટમાં. જેના એક-એક રત્નની કિંમત.... મુલ્યાંકન.... એને તો દેવતાએ રચ્યા છે. અહીં કરોડ-બે કરોડના.... સમજાણું કાંઈ? અહીં તો પૈસા-બૈસા.....

દોઢ કરોડનો દાગીનો લાવ્યા હતા. દોઢ કરોડ. શું હશે? હીરા-માણેક હશે બધું? હીરા-માણેક જેવું હશે. તમારા દુર્લભજી ઝવેરી, નહીં? છેલશંકર એને દીકરો પરણવા આવ્યો હતોને. ..... ભોગીલાલ, એની દીકરીની દીકરી. દોઢ કરોડનો તો દાગીનો. દાગીનો સમજે? દોઢ કરોડનું જેવર લાવ્યા સાથે. દોઢ કરોડનું લાવ્યા એટલે એની પાસે પૈસા હોય ત્યારે લાવતા હશે કે બે-પાંચ લાખમાં દોઢ કરોડનું લાવે? અબજ કહેતા હતા. અબજ તો લાગે છે. ...... ભોગીલાલ કહેતા. ભોગીલાલ શેઠ આવ્યા હતાને. આહાહા!

એ તો ધૂળ છે. એના મુગટ ને એનું રત્ન એનું મૂલ્યાંક શું? ભોગીભાઈ! એના ઘરમાં હોય પચાસ લાખ. પચ્ચીસ લાખનો તો દાગીનો હશે. ઓહોહો! ....... બાઈ ખુશી-ખુશી થઈ જાય. આહાહા! .... એક-એક દાગીનો પાંચ-પાંચ લાખનો લાવ્યા છે. ..... ધૂળેય નથી, સાંભળને! આહાહા! આવા રત્ન જડેલા મુગટ ભગવાનને નમે છે. **જેમના ચરણને પ્રગટ રીતે પૂજે છે**... આમ સાક્ષાત્ બેઠા છે એમ પૂજે છે, એમ કહે છે. ભગવાન તો મોક્ષ પધાર્યા છે. ભલે પધાર્યા, પણ અમે અહીં .... કહે છે. આહાહા! ઇન્દ્રો આવતા ત્યારે પગે લાગતા એવું અમને દેખાય છે. આહાહા!

**એવા મહાવીર તીર્થાધિનાથ...** લ્યો. આવા મહાવીર, એમ. જેને દેવેન્દ્રોના મુગટની સુંદર રત્નમાળા વડે... રત્નમાળા વડે, પાછું એમ. આમ મુગટ ..... રત્નમાળા આમ .... એ વડે જેને પૂજે છે. **એવા મહાવીર તીર્થાધિનાથ**... અત્યારે શાસન એનું છે કહે છે. એ વખતે **તીર્થાધિનાથ દ્વારા આ સંતો...** આહાહા! જુઓ! વાત કરે છે! **જન્મ-જરા-મૃત્યુનો નાશક...** ભગવાનનો ઉપદેશ આવો હતો એમ કહે છે. આહાહા! ભગવાનના ઉપદેશમાં તો જન્મ-જરા-મૃત્યુનો નાશ કરવાવાળો ઉપદેશ હતો. જેમાં ભવ મળે એવો ઉપદેશ ભગવાનનો નહોતો. આહાહા! જુઓને! જન્મ-જરા-મૃત્યુ—જન્મવું, વૃદ્ધાવસ્થા, મૃત્યુ એનો નાશક. શરીરના અભાવરૂપ ભાવ.

**અને દુષ્ટ મળસમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર...** આહાહા! જન્મ-મરણનો નાશ કરનાર અને દુષ્ટ પાપ સમૂહરૂપી અંધકાર... પાપ શબ્દે પુણ્ય ને પાપરૂપી ભાવ દુષ્ટ.

આહાહા! ઓલામાં આવ્યું હતું, નહીં? આજ બપોરે વાચ્યુંને. શું કહ્યું? તિરોધાયી..... એમ કહ્યું. પુણ્ય-પાપમાં છેને.

**मोक्षहेतुतिरोधानाद्बन्धत्वात्स्वयमेव च।**

**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते।।** (કળશટીકા, કળશ ૧૦૮).

**અહીં કોઈ જાણશે કે શુભ-અશુભક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે**... ચારિત્ર–ક્રિયા છે એની વાત છે. કર્મનો સંબંધ છે. આહાહા! **તે કરવાયોગ્ય નથી તેમ જ વર્જવાયોગ્ય પણ નથી**. એમ કોઈ કહે તો **ઉત્તર આમ છે કે વર્જવાયોગ્ય છે**. મહાવ્રત આદિ શુભભાવનું ચારિત્ર વર્જવાયોગ્ય છે એમ કહે છે. એય! હજી આકરું લાગે છે. **વર્જવાયોગ્ય છે, કારણ વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે**... આહાહા! દિગંબર સંતોની (કથની). આ તો કળશટીકાકાર આમ કહે છે જોયું! આહાહા! **વ્યવહાર ચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે**... આહાહા! ઓહોહો! દિગંબર સંતોની વાણી તો વીતરાગતા ઊભું કરે એવી છે. ..... મહાવ્રતના પરિણામ રાગ, એ વ્યવહારચારિત્ર વર્જવાયોગ્ય છે, દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે.

**તેથી વિષયકષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષેધ છે**... ઠીક! **त्तन्निषिध्यते**.. એ શબ્દ છેને છેલ્લો શબ્દ **निषिध्यते**. એ માટે નિષેધ કર્યો છે. આહાહા! વ્યવહારના પ્રેમીઓને તો ઘા વાગે એવું છે. વ્યવહાર એ ધર્મ, વ્યવહાર મહાવ્રતાદિ એ ધર્મ. બપોરે આવ્યું હતુંને. પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ સાધુના એ શુભરાગ છે, વ્યવહારચારિત્ર છે, વર્જવાયોગ્ય છે, દુષ્ટ છે, અનિષ્ટ છે, સ્વરૂપની શાંતિનું ઘાતક છે. આહાહા! હવે આ પાંચ મહાવ્રત છે એને ચોથે ઠાણાંગમાં નિર્જરા કીધી છે. ઠાણાંગમાં પાઠ છે. બિચારા શું કાઢે એમાંથી? પંચમહાવ્રત..... એવી લખાણની શેલી ને એવા શાસ્ત્ર રચ્યા છેને, વીતરાગમાર્ગ એકદમ દૂર થઈ ગયો. એય ચેતનજી! ઠાણાંગમાં છે. આહાહા! ઉગમણો-આથમણો ફેર છે. રાગ–વ્યવહાર ચારિત્ર તે તો દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, નિશ્ચયવાળા હોય એને હોં. બીજાને તો વ્યવહારેય ક્યાં છે? આહાહા!

**દુષ્ટ મળસમુહરૂપી અંધકારનો તો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ** છે. ભગવાનનો ઉપદેશ આવો છે. એવો છે એને **સમજીને**.... એના ઉપદેશમાં, આવું વીતરાગપણું પ્રગટ થાય અને રાગ છે ઘોર સંસારનું કારણ છે એવો ભગવાનનો ઉપદેશ હતો. આહાહા! એ **સમજીને**... આહાહા! સમજાણું કાંઈ? આ પ્રકારનો ઉપદેશ **સમજીને...** ઉપદેશ આમ સમજે. એમાંથી એવું ન કાઢે કે લ્યો, આ વ્યવહાર કહ્યો, સાધન કહ્યો, હેતુ કહ્યો માટે એમાં કંઈ નિશ્ચયનો અંશ છે. આહાહા! વ્યવહારમાં નિશ્ચયનો અંશ છે એમ કહ્યું. અરે! ધ્વંસ કર્યો એમાં. આહાહા! દુષ્ટ પાપસમૂહરૂપી અંધકાર એ છે. પુણ્ય ને પાપના ભાવ તો અંધકાર, અચેતન છે. એમાં ચૈતન્ય સ્વભાવના કિરણનો અભાવ છે. આહાહા!

એવો ઉપદેશ **સમજીને**... જોયું! પહેલું તો ભગવાને આમ કહ્યું છે એમ ઉપદેશ સમજે છે. ભગવાને તો જન્મ-જરા-મરણનો નાશ કરનારો (કહ્યો). એ તો સંયોગની વાત છે. પણ પુણ્ય ને પાપના અંધકારનો નાશક... જોયું! આહાહા! પુણ્ય-પાપમાં થાય જન્મ-જરા-મરણ. અહીં તો પુણ્ય ને પાપનો ભાવ એ અંધકાર છે. આંધળા છે બધા ભાવ. આહાહા! એવો વીતરાગનો ઉપદેશ સમજી... આમ સમજવું, કહે છે. એનાથી બીજું ન કાઢવું કે વ્યવહારથી આમ થાય ને ઢીંકણાથી આમ થાય. કહો, સમજાણું કાંઈ? આહાહા! ભારે લુખ્ખું લાગે માણસને. ... કરીએ.. કરીએ.. એમ કરે. શુભભાવ છે તો સારો દેખાવ લાગે. અપવાસ કર્યો, શરીર સુકાણું, શરીર શોષાણું. તું ક્યાં શોષાણો એમાં? આહાહા!

વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ—સત્‌-શાશ્વત, જ્ઞાન ને આનંદનો સર્વસ્વ સાર ભરેલો છે, એવો ભગવાન આત્મા છે. એની એકાગ્રતા કરવી અને વિકલ્પને પ્રાપ્ત ન થવું. સમજાણું કાંઈ? એવા માર્ગને, વીતરાગના ચારેય અનુયોગમાં આ કહ્યું છે. ઓલો કહે દ્રવ્યાનુયોગમાં આમ કહે, ચરણાનુયોગમાં બીજું છે, કથાનુયોગમાં બીજું છે. વીતરાગનો ઉપદેશ આ છે? ચારેય અનુયોગ હો, આ વાત છે. ઓહોહો! મુનિ પદ્મપ્રભમલધારિદેવ મહા વીતરાગતામાં પડ્યા છેને, ત્યાં વાણીમાં આવું જ આવે. શ્વેતામ્બરમાં તો નથી, પણ દિગંબરમાં ગોટા ઉઠ્યા કે જેના ઘરમાં છે. (બહારથી) મુનિ થઈ ગયા, સાચો ઉપદેશ રહી ગયો. એનાય ઊંધા અર્થ કર્યા. આવું સમજીને એટલે પહેલું તો જ્ઞાન કરી એમાંથી વીતરાગભાવ કાઢવો, શાસ્ત્રમાંથી સમજીને.

અને **સત્શીલરૂપી નૌકા...** એ સત્‌-સાચું શીલસ્વભાવ ચારિત્ર. સમજણ એટલે જ્ઞાન અને સત્શીલરૂપી નૌકા... ચારિત્રરૂપી નૌકા-રમણતા. ‘નાવ તરે મોરી નાવ તરે, મુનિવર જળ સંગ ખેલ કરે..’ એવું આવે છે શ્વેતામ્બરમાં. અતિમુક્તકુમાર છેને. નાની ઉંમરમાં દીક્ષા લે છે. સાધુ સાથે ભિક્ષાએ જાય છે. વળતા જ્યાં આવે ત્યાં વરસાદ. પાણી આવે છે. પાત્ર મૂકી પાણીમાં...... પાણી ભર્યું હતું....... પાત્ર મૂકી... એવું આવે છે. ‘નાવ તરે રે મોરી નાવ તરે, મુનિવર જળ સંગ ખેલ કરે, મોહ કરમના એ વિસ્તાર, મુનિવર નાનડીયા બાળ..’ .... આ ખોટું બધું હોં. એ તો પાત્ર..... ભગવાન પાસે આવીને પૂછે છે સાધુ. ભગવતીમાં પાઠ છે. મહારાજ! આ વયે અતિમુક્તકુમાર આવું કરે છે, મહારાજ! એ ક્યારે મુક્ત થશે? અરે મુનિઓ! એ આ ભવમાં મોક્ષ જનાર છે. આવી કથા-વાર્તા છે કલ્પિત.

સાધુ પૂછવા આવ્યા ત્યારે ભગવાન આમ કહે છે, એની અવહેલના ન કરશો, આ ભવમાં મોક્ષ જનાર છે, સેવા કરો. આવી વાતું..... આવું કરે તો સેવા કરો, મુક્તિએ જવાના છે. પણ આ વર્તમાનના ઠેકાણા નથી (એનું શું?). એવી કથાઓ કહે. ભગવતીસૂત્ર.... ............ ઇરિયાવરિયા કરે. ...... અહીં તો કહે છે કે ભગવાનના શાસ્ત્રમાંથી-ચારેય અનુયોગમાંથી,

ભગવાનના શાસ્ત્રમાંથી એ કાઢવું કે દ્રવ્યસ્વભાવનો આશ્રય લઈને મુક્તિ થાય. એવું એમાં કહ્યું એ કાઢવું. આહાહા! એમાંથી સમજણ સાચી એ જાતની કરી પછી સત્શીલરૂપ—સત્સ્વરૂપમાં રમણતા. 'નૌકા તરે એ મારી નૌકા તરે..' એ તરે. ઓલું પાણીમાં તરે એ ન નહીં. આહાહા! નૌકા છેને, સત્શીલરૂપી નૌકા. ભગવાન ધ્રુવ ઉપર એની નૌકા–રમણતા આમ કરે, ચારિત્રની રમણતા. આહાહા!

એ **વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે.** ભવનો અબ્ધિ–દરિયો મોટો. ચોરાશીનો અવતાર એ ભવનો દરિયો–સમુદ્ર મોટો. આહા! એના સામા કિનારે મોક્ષ. **સામા કિનારે પહોંચી જાય છે**. આહાહા! કહો, સમજાય છે કાંઈ? કહો, આવી વાતું છે બધી. ભારે જગતને કાયરને તો... આવું કહેવા જાય તો ઝાઝા ... ભેગા થયા...... કાઢો. એય ચેતનજી! આ તો અમારો માર્ગ લોપ કરી નાખે છે. ............. ..... ભક્તિ કરે છે. ઊંધો માર્ગ છે, ઉન્માર્ગ છે. ...... તરવાનો ઉપાય એનો તો નાશ કરી નાખે છે કે એ નહીં.

આખી દુનિયાનો વિરોધ છે, આ માર્ગ એક જ સત્ય છે. માનવું હોય તો માનો, જાઓ. અમારે ચર્ચા કરવી નથી. આહાહા! ..... સાથે હતાને. ..... ત્યાંના પ્રમુખ છે, છતાં છે ખાનદાન. મહારાજ કહે છે કે અમારે ચર્ચા કરવી નથી ને તમે..... શું કરો છો? માણસ જુવાન. એના કાકાનો દીકરો છેને..... ધીરુભાઈ. માણસ ખાનદાન. અહીં આવે છે. આમ પ્રમુખ છે દેરાવાસીનો, છતાં નરમ માણસ. .... જોર કરવું છે? આહાહા! જ્યાં અંતરમાં વિકલ્પથી પણ જુદું પડીને ઠરવું છે એમાં આ ઝઘડા શા? આહાહા! ધર્મી જીવો... સિદ્ધાંતમાં–વીતરાગના શાસ્ત્રમાં આવો ઉપદેશ કર્યો એમાંથી એવો ઉપદેશની મુખ્યતા સમજી, ભવાબ્ધિના સામા કિનારે, સામો કિનારો એટલે મોક્ષ, પહોંચી જાય છે અને સંસારનો અંત કરી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી મુક્તિ પામે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૨, શનિવાર, તા. ૨૦-૧-૧૯૭૩**
**ગાથા-૪૩, પ્રવચન નં. ૨૦૪**

**णिद्दंडो णिद्दंद्दो णिम्ममो णिक्कलो णिरालंबो ।**
**णीरागो णिद्दोसो णिम्मूढो णिब्भयो अप्पा ॥४३॥**

નીચે હરિગીત.

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

એની **ટીકા : અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્મા...** સચ્ચિદાનંદ પ્રભુ જેને શુદ્ધભાવ કહીએ, શુદ્ધભાવ, આત્માનો ધ્રુવભાવ, નિત્યભાવ, શાશ્વતસ્વભાવ એને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એ શુદ્ધભાવ તે આત્મા. એ આત્મા કેવો છે એનું વર્ણન છે. પર્યાયમાં રાગ-દ્વેષ આદિ હો, એ તો જાણવાલાયક છે, આદરવાલાયક નથી. આદરવાલાયક તો ચિદાનંદસ્વરૂપ જ્ઞાયકભાવ ધ્રુવ છે, જેને આ ઉપાધિઓ કાંઈ નથી. એ ચીજ ઉપર દૃષ્ટિ કરી અને એ આદરણીય ને ઉપાદેય છે. ધર્મ કરવો હોય એને આ ઉપાદેય છે એમ કહે છે. જન્મ-મરણની ગાંઠ ચોરાશી... અનાદિનો મિથ્યાત્વભાવ (અર્થાત્) જે સ્વરૂપ છે એનાથી ઉલટી માન્યતા. રાગવાળો છું, રાગમાં સુખ છે, પરવસ્તુ સહિત છું કે પરમાં સુખ છે—એવી એવી માન્યતા ચોરાશી લાખના અવતારનું મૂળિયું છે. એનાથી જન્મ-મરણની ઉત્પત્તિ થાય છે. એ જન્મ-મરણની ઉત્પત્તિનું સ્થાન મિથ્યાત્વ છે. એનો અભાવ કરવાનું સ્થાન એ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

**અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને...** શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયકભાવ પરમ પવિત્રતાનો પિંડ પ્રભુ, એને **સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.** એમાં વિભાવમાં વિકારી અવસ્થાઓ કે સંયોગ સંબંધી વિભાવભાવ એ બધું ચૈતન્યના મૂળ સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એ આત્મામાં સમસ્ત વિભાવ... એ કહેશે. વિકારીભાવો, વિશેષભાવો એ બધું.... સૂક્ષ્મ તત્ત્વ ચૈતન્ય જે સમ્યગ્દર્શનનો વિષય એટલે ધ્યેય છે, જેના ધ્યેયે સમ્યગ્દર્શન થાય એ ચીજ તદ્દન વિભાવ વિનાની ચીજ છે. અંદર સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્–શાશ્વત .... સ્વભાવથી ભરેલો પૂર્ણ સ્વભાવ છે. એ સ્વભાવવાન પૂર્ણ સ્વભાવી એને અહીંયા આત્મા કહે છે. એ આત્મામાં દંડ નથી એમ કહે છે. નિર્દંડ છેને. નીચે છે. નિર્દંડ.... નીચે. **દંડ રહિત.**

**(જે મનવચનકાયાશ્રિત પ્રવર્તન**... આ બાજુ છે. ..... આ બાજુ છેને. **(જે મનવચનકાયા**... મન, વાણી ને દેહ, એને આશ્રિત પ્રવર્તન થતાં આત્મામાં જે વિકારીભાવ થાય એનાથી **આત્મા દંડાય છે**... છે? આત્મા દંડાય છે. શુભ-અશુભ રાગ, મન, વચન ને કાયાના પ્રવર્તનથી જે કાંઈ ભાવ થાય એ દંડ છે, નુકશાન છે, આત્મા એનાથી દંડાય છે. **તે પ્રવર્તનને દંડ કહેવામાં આવે છે). મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો**... જે જડકર્મ અને તેનો ભાવ–જે ભાવકર્મ વિકારી પરિણામ. **તથા ભાવકર્મોનો અભાવ હોવાથી**... વસ્તુ ચૈતન્યઘન એમાં આ દંડનો અભાવ છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ 'પૂર્ણં ઇદં' એવો જે ભગવાન આત્માનો સ્વભાવ એમાં આ દંડનું કારણ જે દ્રવ્યકર્મ ને ભાવકર્મ, એનો એમાં અભાવ છે.

તેથી **આત્મા નિર્દંડ છે.** દંડ વિનાનો છે. પર્યાયમાં દંડ છે. વિકારીભાવ, મન, વચન, કાયાથી... પડિકમણામાં ત્રિદંડીનું આવે છે. ... અર્થ છે, શ્રમણસૂત્ર. શ્વેતંબરમાં ચોથા શ્રમણસૂત્રમાં આવે છે. ..... ત્રણ દંડથી હું નિવર્તું છું. દંડ કહેવા કોને ને નિવર્તે શી રીતે? આત્મા પોતે ત્રણ દંડ વિનાનો છે એની અંતર્દષ્ટિ કરે તો ત્રિદંડથી પાછો ફરે ને પ્રતિક્રમણ થાય. સમજાણું કાંઈ? ચોથા શ્રમણસૂત્રમાં આવે છે. ...... આવે છેને. ....... સાધુમાં બધાને નાખ્યા, શ્રાવક, ગૃહસ્થ ભેગા કરીને. ..... ભગવાન આત્મા દંડ વિનાની ચીજ નિર્મળાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે એની જેને ખબર નથી, એ મન, વચન ને કાયાને આશ્રયે ઉત્પન્ન થતાં વિકારીભાવ એનાથી દંડાય છે, પર્યાયમાં એ હણાય છે. વસ્તુ તરીકે નિર્દંડ છે. એમાં એ છે નહીં. એવો ભગવાન આત્માનો આશ્રય લેતાં... એ આત્મા ઉપાદેય છે એમ કહેશે, છેલ્લે કહેશે.

જેમાં મન, વચન ને કાયાના આશ્રયે થતી પ્રવૃત્તિ અને પુણ્ય ને પાપનો ભાવ એ દંડ છે. એ વસ્તુસ્વરૂપમાં નથી, એની વર્તમાન અવસ્થામાં છે. તે પણ સાબિત કરતા જાય છે. રાગ છે, પણ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આત્મા.. ભાવકર્મ અને દ્રવ્યકર્મ એટલે જડ, ભાવ એટલે ઉપાધિભાવ—બેયનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે. એ ચીજ આત્મા છે એને ઉપાદેય જાણીને આ દંડ આદિનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? એવો આત્મા નિર્દંડ જે વસ્તુ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધ જ્ઞાનાનંદ એનો આશ્રય કરતાં આ દંડનો નાશ થઈ જાય છે. એથી વસ્તુ નિર્દંડ છે, એનો આશ્રય કરતા પર્યાયમાં નિર્દંડદશા થઈ જાય છે. સમજાણું કાંઈ?

ચોથા શ્રમણસૂત્રમાં બહુ આવે, આ બોલે પડિકમણામાં. એ મૂલચંદભાઈ! કર્યું હતું કે નહીં પડિકમણું? .............. આ તો પડિકમણાની ચાર .... જાણે એમ પણ આવે. ....... ચારે પ્રકારના ધ્યાનથી પાછો ફરે. આર્ત-રૌદ્ર ધ્યાન તો નથી, પણ ધર્મધ્યાનની પર્યાય સ્વભાવમાં ક્યાં છે? એ તો ધ્યાનમાં શુક્લ ને ધર્મધ્યાન બેય, એ નિજપદની અંદર ક્યાં રહ્યા? એ તો ........... ધ્યાનનું કહ્યું છેને આમાં? ........... બે ધ્યાનને છોડવા ને બે ધ્યાનને આદરવા, એમ

કહે છે. આમાં પડિકમણામાં તો ચારેયનું પડિકમણું (આવે). એય! અહીં તો કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનકંદ આનંદનો કંદ છે આત્મા. એમાં આ દંડભાવ છે નહીં અને એનો આશ્રય કરતા દંડભાવ રહેતો નથી એમ કહે છે. છેને, છેલ્લે ઉપાદેય લીધું છે. આ આત્મા ખરેખર ઉપાદેય છે, એમ લીધું છે. છેલ્લો શબ્દ. **આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે**. એ ટીકામાં છેલ્લે કીધું છે.

નિર્દંડ પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય આનંદઘન એ જ વર્તમાન જ્ઞાનની દશામાં આદરવાલાયક એટલે ત્યાં દૃષ્ટિ મૂકવાલાયક છે. સમજાણું કાંઈ? પડિકમણામાં બધા કરે છે કે નહીં? જયંતિભાઈ! ગયા હશો કે નહીં પડિકમણું કરવા? એ બધા અબુદ્ધિના પડિકમણા છે. આ નિશ્ચય પ્રતિક્રમણ છે. દંડની વર્તમાન અવસ્થા, એ ત્રિકાળી દ્રવ્યમાં તે દંડરૂપી ભાવ છે જ નહીં. એવો આત્મા તે ઉપાદેય છે. એ આત્માને આદરીને એમાં દૃષ્ટિ મૂકતાં દંડની પર્યાયનો ઉત્પાદ થતો નથી, એટલે દંડની પર્યાયનો નાશ થાય છે. એને ખરેખર પ્રતિક્રમણ ને ધર્મ થાય છે. એ નિર્દંડ.

**નિર્દ્વંદ્વ**. કેવો છે ભગવાન આત્મા અંદર વસ્તુ? **નિશ્ચયથી પરમ પદાર્થ...** પોતે ખરેખર પરમ પદાર્થ છે જ્ઞાનાનંદસ્વરૂપ સચ્ચિદાનંદ નિત્યાનંદ ધ્રુવ એવો **પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થસમૂહનો (આત્મામાં) અભાવ હોવાથી** દ્વંદ્વપણું નથી એમ કહે છે. જેમાં એક આત્મા ને વિકલ્પ બીજો—એમ બેપણું નથી. દ્વૈતપણું જેમાં નથી. આહાહા! અખંડ આનંદનો નાથ પોતે છે. દ્વૈતપણું-જેમાં બેપણું નથી. આત્મપદાર્થ સિવાય બધા પદાર્થસમૂહનો (અભાવ છે). વાણી, દેહ, કર્મ, પુણ્ય, પાપ, વિકલ્પ આદિ બધું દ્વંદ્વપણું જે છે એ વસ્તુમાં નથી. નિર્દ્વંદ્વ-બેપણું જેમાં નથી. એકલો ચિદાનંદ આત્મા એ છે. એ આત્મા, ધર્મી જીવને જન્મ-મરણના અવતારના નાશ માટે આ આત્મા ઉપાદેય છે.

ભવસાગરમાં ડૂબતા જીવને, ચાર ગતિમાંથી નીકળવા (ઇચ્છતા) જીવને આવો ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ તે આદરણીય છે. એમાં બેસવાથી, એમાં છેને છેલ્લું, નૌકા એ. ભગવાન પૂર્ણ આનંદ ધ્રુવસ્વરૂપ એમાં બેસવાથી એ નૌકા પાર લઈ જાય છે. સંસારના કાંઠે લઈ મોક્ષ લાવે છે, મોક્ષની દશાને પ્રાપ્ત કરાવે છે. આહાહા! એની ખબરું ન મળે. એવો છે એ ઉપાદેય છે. આત્મા અંદર જેને કહીએ, એ પૂર્ણ આનંદ ને સુખનો કંદ છે, સુખસ્વરૂપ છે. એમાં દ્વંદ્વપણું—વિકલ્પ, દુઃખ આદિનું દ્વંદ્વ છે નહીં. એ આત્મા, ક્યાં ગયો ને ક્યાં હતો? સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સુખસ્વરૂપ એ આત્મા. એમાં દ્વંદ્વપણું-બીજાપણું (નથી). બીજા જેટલા પદાર્થ છે, એના સિવાયના બધા પદાર્થનું દ્વંદ્વપણું-બેપણું એનો એમાં અભાવ છે. એવો ભગવાન આત્મા તે આદરણીય છે. આહાહા! સમજાણું કાંઈ?

કહો, આ પૈસા-બૈસા આદરવાલાયક નથી, એમ કહે છે અહીં. સંઘરો કરવા જેવો છે? અહીં તો પુણ્ય-પાપના ભાવ પણ આદરવા જેવા નથી. કેમકે એ વિકાર.. વિકાર.. વિકાર વિભાવ સ્વભાવ છે. અહીં તો એક સમયની પર્યાય પણ ઉપાદેય છે નહીં. ત્રિકાળી ભગવાન ચૈતન્યબિંબ આનંદકંદ ધ્રુવ એ એક ધર્મીને ધ્યેય છે, એને (ધ્યેય) બનાવીને એ ઉપાદેય કરવાલાયક છે. ધ્યાનમાં તેને ધ્યેય બનાવીને એમાં એકાકાર થયા વિના રહે નહીં. બાકી બધું ધૂળ-ધાણી, વા-પાણી છે. નિશ્ચયથી પરમ પદાર્થ પોતે ભગવાન છે. જ્ઞાનઘન ચૈતન્યબિંબ આત્મા. પોતે બાદશાહ, પણ બહારમાં ભિખારી થઈને રહે છે. પૈસા જોઈએ, આબરૂ જોઈએ, ભોગ જોઈએ, વાસના જોઈએ, આ જોઈએ, આ જોઈએ. આહાહા! એ બધા પદાર્થથી રહિત છે એને સહિત કરવા મથે છે. સમજાણું કાંઈ?

એવો જે ભગવાન પોતે ભગવાન સાક્ષાત્ 'પૂર્ણ ઇદં' છે. એવી ચીજ જે પરમ પદાર્થ પોતે છે એને બીજા પદાર્થને સંબંધ–દ્વંદ્વપણું છે નહીં. આહાહા! એ ચીજ જ એવી છે. એવો ભગવાન આત્મા એને જે ઉપાદેય માને, અંતરમાં એનો આશ્રય લે, એને દ્વંદ્વપણું નામ બીજા પદાર્થનો સંબંધ હોતો નથી, એ પદાર્થનો સંબંધ છૂટી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? ચોરાશીના અવતારમાં દુઃખી થઈ રહ્યો છે, જન્મ, જરા, મરણ. આહા! ઊંડા દરિયે ગોથા ખાય છે. ચોરાશીનો દરિયો, ભવાબ્ધિ–ભવરૂપી મોટો દરિયો, જેમાં અનંતા અનંતા નિગોદના ભવ, ઇયળ, કીડી. મકોડા, વાઘ, સિંહ, મનુષ્ય, દેવ, નારકી—એવો ભવાબ્ધિ—ભવરૂપી મોટો દરિયો-સમુદ્ર એને ટાળવા માટેનો ઉપાય આ ભગવાન દરિયો છે. ચૈતન્યઘન જેમાં અનંત ગુણની શક્તિ પડી છે એવા સ્વભાવ સાગરને પકડવાથી ભવાબ્ધિના ભવનો અંત આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

પરમ નિશ્ચયથી (એટલે) ખરેખર, એમ. પરમ પદાર્થ પોતે ભગવાન છે 'પૂર્ણ ઇદં', એ સિવાયના સમસ્ત પદાર્થ—ચાહે તો તીર્થંકરદેવ હો, શાસ્ત્ર હો, પંચપરમેષ્ઠી હો કે રાગ હો, બધા સમૂહનો આત્મામાં અભાવ છે. એ પ્રગટ ભાવનો અભાવ છે–તેમાં નથી, તેમાં દૃષ્ટિ લઈ જવી એ પુરુષાર્થ છે કેટલો? પ્રગટ જે સંબંધ–દ્વંદ્વ છે એની રુચિ છોડી, દ્વંદ્વ વિનાની ચીજમાં દૃષ્ટિ મૂકવી એ કંઈ સાધારણ ખેલ નથી. આહાહા! ખિલાડી ભગવાન આત્મા એનો ખેલ... સંયોગીભાવ વિકલ્પથી માંડી દયા, દાન, ભક્તિના પરિણામ એ બધું દ્વંદ્વ છે, બીજી ચીજ છે. એનાથી દૃષ્ટિને ઉઠાવી, પૂર્ણાનંદનો નાથ એમાં દૃષ્ટિ મૂકવી એટલે એને ઉપાદેય અનુભવવો ત્યારે એને ભવાબ્ધિનો નાશ થાય છે. દ્વંદ્વની ચીજ–સંયોગનો એને અભાવ થાય છે. આહાહા!

અહીં તો જરીક પાંચ-પચાસ લાખ પૈસા થાય, ધૂળ થાય, છોકરા સારા થાય તો અમે સુખી છીએ. મોટા દુઃખના દરિયે ગોથા ખાય છે. શાંતિભાઈ! બે-પાંચ છોકરાઓ હોય સારા.. સારા એટલે? જોદ્ધા જેવા... પણ રળતા હોય બે-પાંચ લાખ રૂપિયા, આબરૂ કાંઈક ઊંચી હોય.

અરે! એ તો દ્વંદ્વ–ઉપાધિ છે. એ દ્વંદ્વનો અભાવ એમાં–ભગવાનમાં છે. ..ભાઈ! આહાહા! એકલડો પ્રભુ ચૈતન્ય મહા સત્ ચૈતન્યનો ઘન એવી આત્મચીજ, એમાં દ્વંદ્વ નામ સંયોગી ચીજનો અભાવ છે. આહાહા! સંયોગી ચીજ છે એનો અભાવ અને સંયોગીભાવ વિકલ્પ, દયા, દાન, વ્રત આદિના પરિણામ—એનું દ્વંદ્વપણું જે ચીજમાં નથી. એવો ભગવાન ઊંડે પડ્યો છે ત્યાં દૃષ્ટિ મૂક. એને ઉપાદેય જાણ તો તારે ભવાબ્ધિનો પાર આવે. બાકી આ બધી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધા ભાવ સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ?

બે બોલ થયા. આત્મા, અંદર જેને આત્મા કહીએ એ તો નિર્દંડ છે, આત્મા જેને કહીએ એ નિર્દ્વંદ્વ છે. એકડે એક ને બગડે બે. પરમપદાર્થ એકસ્વરૂપ છે, એને વિકલ્પના સંબંધવાળો માનવો એ મિથ્યાત્વનો બગાડ છે. સમજાણું કાંઈ? એને નિર્દ્વંદ્વ જાણવો એનું નામ સમ્યગ્દર્શનની નિર્મળતા છે. આહાહા! સમજાણું કાંઈ? નિર્દ્વંદ્વ. આહાહા! દ્વંદ્વ એ વિકલ્પ–વૃત્તિ ઉઠે, ચાહે તો ભગવાનની ભક્તિની હો. બીજા ભગવાન પરમાત્મા છે ત્રણ કાળના જાણનાર એના પ્રત્યે વૃત્તિ જાય, કહે છે, એ રાગ છે, દ્વંદ્વ છે. એ ચૈતન્ય એકમાં દ્વંદ્વ ઉઠ્યો. એ દ્વંદ્વના વિકલ્પથી ભગવાન પોતે તો અંદર રહિત છે. આહાહા!

એવો એ ચૈતન્ય આત્મા જેને બેપણું નથી. બેપણાથી બગડ્યો છે, એકપણે એનો સુધાર થાય છે. એકલો ચૈતન્ય .... આનંદ પદાર્થ છું. અસ્તિ–સત્તા છેને, હોવાવાળો ભાવ છેને. શુદ્ધ ચૈતન્યઘન અસ્તિતત્ત્વ ત્રિકાળ એ હોવાપણે છું એવા સત્‌ના સત્તાના સત્વનો સ્વીકાર, ઉપાદેય(પણું) એ નિર્મળ સમ્યગ્દર્શન છે. એ નિર્મળ સમ્યગ્દર્શન ભવાબ્ધિનો અંત લાવે છે. એ શેઠ! આ પૈસા-બૈસા અંત લાવતો નથી એમ કહે છે. દાન આપે પચાસ હજાર, લાખ ને કરોડ. એટલું બધું કંઈ આપે નહીં ઝાઝું ગૃહસ્થ. ગૃહસ્થ નામ આત્મા. આ આત્માને ઉપદેશ છે. ગૃહસ્થ-મુનિ આત્મા છે નહીં. ગૃહસ્થપણાની અવસ્થા ને મુનિપણાની અવસ્થા જીવ છે નહીં. આહાહા! એ તો અવસ્થા છે, દ્વંદ્વ છે. આહાહા!

ભાઈ! તારી તને ખબર નથી. તું કેવડો છો, કેટલો છો, ક્યાં છો, કેમ છો, કેટલા કાળનો છો, કેટલી ઋદ્ધિ-સમૃદ્ધિ ભરી છે તારામાં? એવો એકલો ભગવાન ચૈતન્ય, એમાં દ્વંદ્વ નામ વિકલ્પથી માંડીને બધી ચીજોનો પ્રભુમાં અભાવ છે. અભાવ છે તો આશ્રય કરીને અભાવ થઈ શકે છે. આહાહા! ભારે કામ ભાઈ! આ તો મોટો ઠઠારો..... આહાહા! એય મલુકચંદભાઈ! ઓલા કહેતા હતા, કોઈક કહેતું હતું, અમારે તો મહેલમાં બાદશાહી છે. બંગલા કીધા. બગલા જેવા બંગલા. બંગલા, બાગ આહાહા! ........ મહારાજ! ત્યાં અમારે બધાને રહેનારની એવી સ્થિતિ જ હોય. ...... બધાને માટે ત્યાં છે, અમારે માટે નથી. બધા એ રીતે વૈભવથી રહે છે. ઓય! મારી નાખ્યા. એ વૈભવનો રાગ તારી ચીજ નહીં. એ દ્વંદ્વને માનીને તો બગડ્યો છો તું.

એકપણું છોડીને બીજાપણે હું છું અથવા બીજા સહિત છું, આહાહા! એ મિથ્યાત્વભાવે આત્માને ચાર ગતિમાં રખડાવ્યો છે. સમજાણું કાંઈ? ડંકા વાગે છે... આહાહા!

શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ કહો કે ત્રિકાળી આત્મા કહો. એ ત્રિકાળી ભગવાન શુદ્ધભાવસ્વરૂપે જ છે. એમાં અશુદ્ધતા, વિકલ્પથી માંડીને, અરે! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો સ્વભાવમાં અભાવ છે. સમજાણું? એથી તીર્થંકરણાનો ભાવ આવે અને એનું પુણ્ય બંધાય ને એનો સંયોગ મળે—એ બધી ચીજોનો પ્રભુમાં તો અભાવ છે. આહાહા! (ઓલા કહે), પુણ્યફળા અરિહંતા. પુણ્યને લઈને અરિહંતપદ (મળે). અરે! ...... પુણ્યને લઈને તો સંયોગ મળે. સંયોગનો તો અભાવ છે જીવમાં. ......... નાખ્યા જ કરે છે માળા. પુણ્યને લઈને, બહારની ક્રિયાઓ ઉદયની, સમવસરણ ને શરીર—એ બધા પુણ્યના ફળ છે એમ કહે છે. એ ચીજ સ્વરૂપમાં ક્યાં છે? ત્રણે કાળે ક્યાં છે? એ કાળે પણ એમાં કયાં છે? એને લઈને કેવળી (થયા) છે? આહાહા! કેવળ... એકલું–કેવળ સ્વરૂપ જે ચૈતન્ય એનો આશ્રય લઈને એને કેવળજ્ઞાન એકલી પર્યાય પૂર્ણ પ્રગટ કરી, એને લઈને કેવળી છે. એ સમવસરણ ને ઇન્દ્રો ભેગા થાય, સાધુના ટોળા હોય માટે એ બેકલા થઈ ગયા છે (એમ નથી). આહાહા! સમજાણું કાંઈ?

આ દેહમાં... આ દેહ તો જડ છે, માટી છે. અંદરમાં વાણી માટી છે. અંદરમાં કર્મ જડ છે. આ દયા, દાનના પરિણામ થાય–પુણ્યના ભાવ, એ પણ અચેતન ને જડ છે. આહાહા! એ વિનાનો ભગવાન અંદર ધ્રુવ ચૈતન્યબિંબ... આહાહા! ઓલા વહાણ તરે એ ધ્રુવની નજરે તરે છે. આવે છેને. ધ્રુવના ધ્યાનમાં છે. એક ઠેકાણે છે. ધ્રુવ.. ધ્રુવ.. .......... એ ધ્રુવ ઉપર વહાણ ચાલે છે. કઈ દિશામાં હોય એ. એમ આ ધ્રુવ ભગવાન એની નજરે આત્મા તરે છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો ઘરની વાતનું માહાત્મ્ય આવે નહીં. બીજું માહાત્મ્ય આવે. આ બંગલા, આ પૈસા, ચક્રવર્તીનું રાજ્ય, ૯૬ હજાર સ્ત્રી, તીર્થંકરનું સમવસરણ, સો ઇન્દ્રો આવે, વાઘ ને સિંહની ટોળીઓ આવે. સિંહકેસરી સમવસરણમાં ભગવાનને વંદન કરે છે. પણ એ ચીજ એની ક્યાં છે અને એની ચીજમાં એ ક્યાં છે, એ ચીજ એમાં ક્યાં છે? આહાહા! એને લઈને શોભા છે એમ છે? આહાહા!

એને તો, અંતર એકલો ભગવાન હતો એને એકલાપણાને ઉપાદેય કરીને એકલી પૂર્ણ નિર્મળ દશા કરી એની એને શોભા છે. સમવસરણમાં ઇન્દ્રો આવે, વાઘો આવે, સિંહ આવે. જંગલમાંથી ધીમે ધીમે ચાલતા સિંહ આવે ભગવાનના સમવસરણમાં. એક સિંહ આમથી આવે, એક સિંહ આમથી આવે, એક સિંહ આમથી આવે. ટોળા ભેગા થાય હોં. શાંત.. એ શોભા છે? એ આત્મા છે? શાંત.. શાંત.. એવો જે ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એકલો એમાં બેકલાનો ત્રણે કાળે અભાવ છે. એ શેઠ! આહાહા! એય! આમાં ક્યાં તમારા ઓલા ...માં?

મકાન આરસપહાણના મકાન. ઓલાને ચાલીસ લાખનું. એ તો બધી સંયોગી પરચીજ છે. એ ક્યાં તારામાં છે ને તારી છે? ભારે. વજુભાઈ!

પરમ પદાર્થ ભગવાન, એ પદાર્થ સિવાય બીજા જેટલા પદાર્થ છે... આ તો એકકોર આતમરામ અને એક કોર આખું ગામ. શુભરાગ, દયા-વ્રતનો વિકલ્પ એ બધો વિકાર–વિભાવ છે. આહાહા! એ દ્વંદ્વનો જેમાં અભાવ છે. નિર્લેપ નકોર ધ્રુવ ચીજ છે એ. જેમાં વિકલ્પનો પ્રવેશ નથી. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો જેમાં પ્રવેશ નથી, પ્રવેશ થઈ શકતો નથી, એ ભાવ અંદરમાં જઈ શકતો નથી. આહાહા! જ્ઞાનબિંબ, વજ્ર જેવો—એવો ભગવાન આત્મા, ધર્મીને–જન્મ-મરણના અંત લાવનાર જીવને આ એક ઉપાદેય છે. સમજાણું કાંઈ? આહાહા! કેવી રીતે વાત કરી? શુદ્ધભાવ. શુદ્ધભાવ તે નિર્દ્વંદ્વ છે. જેને શુદ્ધભાવ..., અરે! જેને શુદ્ધપર્યાયની....... શુદ્ધપર્યાય જે ઉત્પન્ન થાય એ પણ બીજી ચીજ છે. (ધ્રુવ)ચીજની અંદર એનો પણ અભાવ છે. એવું એ સત્ છે. એવો મહાભગવાન મહાન પદાર્થ છે.

રાંકાની પેઠે આત્મા એટલે કાંઈ નહીં, આ હાલે-ચાલે, ધ્યાન કરે, જગતના કામ કરવા, ખાય, પીએ તે આત્મા. એ પણ ક્યાં છે? ખાવા, પીવાની ક્રિયા એની ક્યાં છે? એની પર્યાયમાં રાગાદિ છે કહે છે. આમ બોલી શકે, આમ કામ કરી શકે, ચિતરામણ કરી શકે. શું કહેવાય તમારે આ ચિતરામણ? નકશો. આ નકશા મકાનના. ........ અનેક હજાર દેવા પડે નકશાના. એ ચીજ જ તારામાં નથી ત્યાં કોને દે ને લે? આહાહા! સમજાણું કાંઈ? એવો આત્મા જ્યાં સુધી અંદર માનવામાં ન આવે, ત્યાં સુધી એને જન્મ-મરણ ન ટળે. જન્મ-મરણ અને જન્મ-મરણના કારણના અભાવ વિનાની એ ચીજ છે, એવી દૃષ્ટિ નહીં કરે ત્યાં સુધી એને જન્મ-મરણનો અંત નહીં આવે. આહાહા!

ત્રીજો બોલ **णिम्ममो**.. કેવો છે ભગવાન આત્મા? **નિર્મમ** છે. **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...** ભગવાન આત્મામાં શુભરાગ ને અશુભરાગ એ બધાનો અભાવ છે. જે ભાવે તીર્થંકરગોત્રનું પુણ્ય બંધાય, એ ભાવનો પણ ભગવાનમાં અભાવ છે. આહાહા! પ્રશસ્ત રાગ, પ્રશસ્ત દ્વેષ, પ્રશસ્ત મોહ કે અપ્રશસ્ત—બેયનો અભાવ હોવાથી.. બેયનો અભાવ હોવાથી, આ મારા છે એમ નિર્મમ છે. શુભભાવ તો મારો ખરોને. આહાહા! પર્યાય...... આહાહા!

એકલો ભગવાન ધ્રુવ આનંદનો.. આનંદનો સમૂહ આખો મોટો. છડી દાળ હોયને છડી દાળ ધોળી ફોતરા વિનાની, એ ફોતરાની મમતા એ દાળને ન હોય. આહાહા! એમ ચૈતન્ય ભગવાનમાં 'શુભરાગ મારો' એવી મમતા એને નથી. એ તો નિર્મમ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! આ મારું શાસન છે, આ મારા તીર્થ છે—એવી મમતા જેને છે નહીં. આ મારો જૈનધર્મ છે માટે મારે વધારવો જોઈએ એવું જેમાં મમપણું નથી. એવો ભગવાન નિર્મમ

ચૈતન્યમય જીવ, ધર્મી જીવને–ધર્મ કરનારને આવો આત્મા નજરમાં લઈને ઉપાદેય કરવાલાયક છે. આહાહા! ભારે કામ ભાઈ! આ **આત્મા નિર્મમ (મમતા રહિત) છે.**

**णिक्कलो**.. કલ નામ શરીર. ભગવાન આત્મામાં શરીરેય નથી. **નિશ્ચયથી ઔદારિક...** આ ઔદારિક શરીર કહેવાય. **વૈક્રિયિક...** દેવને વૈક્રિયક શરીર હોય. **આહારક** મુનિને હોય. મુનિને હોય એમ કહેવાય હોં. મુનિને આહારાકાદિ છે નહીં. **તેજસ અને કાર્મણ** બધા સંસારી જીવને હોય. **તેજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોના સમૂહનો અભાવ હોવાથી...** ભગવાનમાં શરીરનો અભાવ છે. શરીરસમૂહ તો જડ છે. આહારક જડ, કાર્મણ જડ, ભવ્યત્વ જડ. આહાહા! કાર્મણ શરીર—કર્મનો થોથો એવું કાર્મણ શરીર એનો ભગવાન આત્મામાં અભાવ છે. થોથો સમજતે હો? થોથા નહીં હોતા? માટીના..... રોટલી રાખે, ... રાખે. થોથા કહે છે. ઊંબરો નહીં, ઊંબરો તો મકાનમાં હોય. ........ .............. પણ માલ રાખે. .......

એ પાંચેય શરીરનો, ભગવાનમાં આખા સમૂહનો અભાવ છે એમ કહે છે. એ તો અનંત ગુણના સમૂહસ્વરૂપ એક તત્ત્વ છે. ઓહોહો! અનંત.. અનંત.. એક તત્ત્વ..... અનંત-અનંત તત્ત્વો એમાંથી દૃષ્ટિ ઉઠાવીને એકમાં મૂકવી, એવો ભગવાન અશરીરી ચીજ છે. એકમાં દૃષ્ટિ મૂકે એકલો થઈ જઈશ. એકલો રહી જઈશ સિદ્ધમાં, એમ કહે છે. આહાહા! એકલું રહેવું છે ..... અત્યારે થઈ જાને એકલો. ચૈતન્ય ભગવાન આત્મા એક સ્વરૂપે છે એવો એકલો થા દૃષ્ટિમાં. એથી એને શરીર મળશે નહીં. કેમ કે શરીર વિનાનો દૃષ્ટિમાં લીધો એને શરીર રહેશે નહીં. અશરીરી થઈ જશે સિદ્ધ.. સિદ્ધ. આહા! પાંચ શરીરોનો જેમાં અભાવ છે તેથી નિકલ છે, નિકલ. કલ એટલે શરીર.

**નિશ્ચયથી પરમાત્માને**... દેખો! આત્માનો અર્થ અહીં પરમાત્મા કર્યો છે. આહાહા! એ પોતે પરમાત્મા છે આનંદનો કંદ. દ્રવ્ય ચૈતન્ય પ્રભુ એ પરમાત્માને જ (કહ્યો). પરમાત્મા એટલે સિદ્ધ ને અરિહંતની અહીં વાત નથી. અહીં તો નિગોદનો આત્મા તે (પણ) પરમાત્મા છે. **નિશ્ચયથી પરમાત્માને**... જે પરમ સ્વરૂપ એવો ભગવાન ધ્રુવ નિત્યાનંદને **પરદ્રવ્યનું આલંબન નહીં હોવાથી**... પરદ્રવ્યનું એને આલંબન નથી. નિરાલંબન પ્રભુ જ્યાં છે ત્યાં. આહાહા! જ્યાં રહ્યો છે ત્યાં બીજા ક્ષેત્રનું આલંબન નથી, એને ભાવનું આલંબન નથી, એને વિકલ્પનું આલંબન નથી. નિરાલંબી ભગવાન ચૈતન્યઘન અદ્ધર–ભિન્ન બિરાજે છે. કહો, સમજાણું કાંઈ? શરીરમાં રહ્યો છતાં શરીરનું આલંબન નથી. 'રહ્યો છે' એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા!

એવા આત્માને **પરદ્રવ્યનું આલંબન નહીં હોવાથી**... ત્રણ લોકના નાથ તીર્થંકરનું પણ જેને આલંબન નથી. આહાહા! આ તકરાર બે જણાને ચાલેને. સ્થાનવાસી કહે આલંબન ન લેવું દેરાસરનું. ... કહે, આલંબન જોઈએ. આ તો કહે, કોઈ આલંબન આત્મામાં નથી. આહાહા! એ તો શુભભાવ હોય ત્યારે નિમિત્ત તરીકે આલંબન થાય જાણવામાં. આહાહા! ...... આલંબન

આત્મામાં છે નહીં. એવો નિરાલંબન આત્મા એ નિરાલંબન ભગવાન....... સમવસરણ સ્તુતિમાં આવે છે. 'એવું નિરાલંબન આત્મદ્રવ્ય..' આવે છેને. નિરાલંબ... લ્યો, આ નિરાલંબ આત્મા. આલંબન વિના આત્મા હોઈ શકે? આત્માને આલંબન જોઈએ કે નહીં? નાના છોકરા હોય તો મા-બાપનું આલંબન હોય, મોટા થાય તો માસ્તરનું આલંબન ભણવામાં, મોટા થાય તો શેઠિયાનું આલંબન. ....... સારા નોકરનું આલંબન લ્યો, મુનિમ સારા હોય તો ઠીક પડે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાન આત્માને ત્રણ કાળ, ત્રણ લોકમાં કોઈ આલંબન નથી. નિરાલંબી પ્રભુ છે. આહાહા! નવતત્ત્વમાં આત્મતત્ત્વ આને કહીએ, એમ કહે છે. **નિશ્ચયથી પરમાત્માને**... ...... પરમાત્માને એમ હશે. અહીં તો પરમસ્વરૂપ એવો પોતે નિત્યાનંદ ધ્રુવ એને પરદ્રવ્યનું આલંબન નહીં હોવાથી આત્મા નિરાલંબન છે. એ આલંબન વિનાનો છે. છે ટેકા વિના કાંઈ? ટેકા વિના રહે? .... રહી શકે એ લિફ્ટના આધારે રહી શકેને? ના પાડે છે. એક પરમાણુને પણ પરનું આલંબન નથી, પરનો આધાર નથી. આહાહા! પરમાણુમાં પોતાનો આધારગુણ છે તો એને આધારે પરમાણુ છે. આહાહા! રજકણ જેવાને બીજાનો આધાર નથી, તો આ તો ચૈતન્યમૂર્તિ બધાનો જાણનાર-દેખનાર બાદશાહ છે. ત્રણ કાળ, ત્રણ લોકને જે એક સમયમાં જાણી લે એવો ભગવાન આત્મા. પરનું આલંબન જીવને નથી. એ પોતે પોતાને આલંબન છે. સમજાણું કાંઈ?

આ વાતું બધી નિશ્ચયની છે, પણ વ્યવહારની? આ નિશ્ચય એટલે સત્યની આ વાત છે. વ્યવહારની વાતું ઉપચાર. આ કહે છેને, છે, છે, એ જાણવું. શરીર સહિત છે એ વ્યવહાર જાણવો, .... (શરીર) રહિત છે એ વસ્તુસ્થિતિ છે. આહાહા! એ જ્ઞાન કરાવવા માટે છે. આદરણીય નહીં. આદરણીય તો એક આ. બધો વ્યવહાર નાખતા જાય છેને જુઓ! બંધ પણ છે, વ્યવહારે જાણવાલાયક છે, આદરણીય નહીં. આદરવાલાયક આ. બે નયમાં બેયની કથની આદરણીય હોઈ શકે? તો બે નય કેમ થાય? એ હેય ને એક ઉપાદેય. (હેયનું) હેય તરીકે જ્ઞાન, એક ઉપાદેય છે તો ઉપાદેય તરીકે જ્ઞાન. જ્ઞાન છે બેયનું. ...

હવે કેવો છે આત્મા? જેને મિથ્યાત્વનો પરિગ્રહ નથી. વિપરીત માન્યતાના પરિણામ એ તત્ત્વમાં નથી. આહાહા! **મિથ્યાત્વ** એ પરિગ્રહ છે. **વેદ** પરિગ્રહ છે. સ્ત્રી, પુરુષ, નપુંસકવેદની વાસના એ પરિગ્રહ છે, એ આત્મામાં નથી. પરિગ્રહ ભગવાનસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ એમાં વેદની વાસનાનો અભાવ છે. વેદદશા .... ભાવ હોં રાગ. રાગનો અભાવ છે. રાગને પકડ્યો નથી. રાગને પકડે એ દ્રવ્ય જ નહીં. આહાહા! **રાગ**રૂપી પરિગ્રહ વિનાનો આત્મા છે, **દ્વેષ**રૂપી પરિગ્રહ વિનાનો આત્મા છે. **હાસ્ય**... ..... દેખીને હાસ્ય કરે. આત્મામાં નથી. **રતિ**... રતિ થઈ. ....... એ વસ્તુમાં નથી. **અરતિ**... એકની એક સ્ત્રી મરી જાય, ફરીને પરણે સાંઈઠ વર્ષની ઉંમરે

પચીસ વર્ષની. .......... એ આત્મામાં નથી. એ ઉદયે કરીને ઉપાધિ નવી છે. આહાહા! સમજાણું કાંઈ?

**શોક...** દીકરો મરે, ... આદિ મરે, શોક.. ઉદાસ.. ઉદાસ.. ...બંધ થઈ ગયા. .... પિસ્તાલીસ વર્ષની ઉંમર, પાંચ વર્ષ પહેલા મરી ગઈ હોત તો કાંઈક થાત. કહેતા હતાને, વ્હાલી છે? તું કહેતો હતોને કે અર્ધાંગના છે? એ પાંચ વર્ષ પહેલા મરી ગઈ હોત તો ઠીક થાત. પિસ્તાલીસ વર્ષે હવે પરણવા નહીં દે. એમ શોક થઈ જાય. એક જણાની બાયડી મરી ગઈ હતી ........ લાવ્યો તે દિ' ...... હવે મને બાયડી નહીં મળે. ૫૩ વર્ષની ઉંમર. પૈસા હશે થોડાઘણા પંદર-વીસ હજાર. હવે, બસ બાવા થઈ જવું? આવા ને આવા ભિખારા જેવા. સાંભળને! એ શોક વિનાની ચીજ છે. શોક એ આનંદનો નાશ કરેને. અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ છે. તને તારી કિંમત નથી, તને તારી ખબર નથી. બહારની ખબરુંમાં હુશિયાર થઈ જાય. આહાહા! ....... ............ મફતનો ઊભો કર્યો છે. આહાહા!

**ભય...** ભય કેવા? ભગવાન નિર્ભયસ્વરૂપ છે એમાં અસ્થિરતાનો ભય કેવો? એમાં ભયનો પરિગ્રહ નથી. **જુગુપ્સા**–દુર્ગંછા. ..... દુર્ગંછા વિનાની ચીજ છે. એને પરિગ્રહ કહેવાય, અભ્યંતર પરિગ્રહ. **ક્રોધ, માન, માયા અને લોભ** અભ્યંતર પરિગ્રહ છે. **નામના ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નીરાગ છે.** લ્યો, નીરાગ. કંઈપણ જેને રાગની લાળ નથી. આહાહા! આ ચૌદ પ્રકારના જે અભ્યંતર પરિગ્રહ છે, એ વિનાનો ભગવાન ચિદાનંદ છે. એ વિનાનો છે એને એ વાળો માનવો એ દ્વંદ્વ છે. એ વિનાનો છે એને એ વાળો માનવો એ ભ્રમણા, અજ્ઞાન, મિથ્યાભ્રમ છે. આહાહા!

આવા પરિગ્રહ સહિત માનવો અંદરમાં (એ મિથ્યાત્વ). બહારની તો વાતું ક્યાં કરવી? બહારના મકાન, પૈસા મારા, દાગીના–જેવર મારા. ના પાડે છે, સાભળને! અહીં તો અભ્યંતર પરિગ્રહ વસ્તુમાં નથી. એને અભ્યંતર પરિગ્રહવાળો માનવો, આહાહા! એ મિથ્યાત્વ છે. અને એ પરિગ્રહ વિનાનો માનવો એ સમ્યગ્દર્શન છે. ........ ...... પર્યાય.. પર્યાય. આવો છો પણ અહીં અત્યારે પર વિનાનો છો. સમજતો કેમ નથી? ભાગીને જાવું છે ક્યાં તારે? આહાહા! એથી એને નીરાગ કહેવામાં આવે છે. ......

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૩, રવિવાર, તા. ૨૧-૧-૧૯૭૩**
**ગાથા-૪૩, પ્રવચન નં. ૨૦૫**

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ અર્થાત્ નિત્ય ધ્રુવ એકરૂપ સદૃશભાવ છે એને અહીંયા શુદ્ધભાવ કહે છે. એ ત્રિકાળ પવિત્ર સ્વરૂપ છે. ધ્રુવ સત્ એને અહીંયા શુદ્ધભાવ કહે છે, કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય ધ્રુવ ઉપર હોય છે. એને અવલંબીને સમ્યગ્દર્શન થાય. એથી આ મોક્ષમાર્ગ.... કહેશે. અહીંયા, સમ્યગ્દર્શનનું ધ્યેય જે શુદ્ધભાવ છે એને અવલંબે સમ્યગ્દર્શન થાય છે એનું વર્ણન નિયમસારમાં કર્યું છે. અહીં લગી આવ્યા છે. **નીરાગ**. કેવો છે ભગવાન શુદ્ધભાવ? નીરાગ. ચૌદ પ્રકારનો જેમાં પરિગ્રહ છે નહીં. એવું જે અસ્તિત્વ શુદ્ધ ચૈતન્યતત્ત્વ જેમાં દૃષ્ટિ મૂકે સમ્યક્ થાય છે. એથી આ તત્ત્વ ....માં આવે છે.

નિધાન છે જીવનું. એ સ્વરૂપ તે એનું નિધાન છે. .... છેને જગત. મહા લક્ષ્મીનો ભંડાર, આનંદ ને જ્ઞાનાદિ અનંત-અનંત સ્વભાવનું તત્ત્વ એવો જે ધ્રુવભાવ, એને અહીં શુદ્ધભાવ કહેવામાં આવે છે. એની અપેક્ષાએ તો પર્યાયાદિ અશુદ્ધભાવ કહેવાય છે. વિભાવ છે.... વસ્તુ જે છે એક સમયમાં નિત્યાનંદ ધ્રુવ એને અહીંયા શુદ્ધ કહ્યો છે. એની અપેક્ષાએ એની પર્યાય, રાગાદિ બધું અશુદ્ધ કહેવામાં આવે છે. વિભાવભાવ કહ્યા છેને ચારેયને—ક્ષાયિકને, ક્ષયોપશમને, ઉપશમ (આદિને). વિશેષ ભાવ ....ભાવ છે. સમજાય છે કાંઈ?

**નિર્દોષ...** પહેલી વાત આવે છે. ... આત્મા એક સમયની પર્યાય ને રાગ વિનાની ચીજ છે, પરવસ્તુ વિનાની તો ચીજ છે જ એ આત્મા, પણ દયા, દાનનો વિકલ્પ ને વિકલ્પને જાણવાની એક સમયની જે પ્રગટ પર્યાય એ વિનાનું તત્ત્વ એને અહીં શુદ્ધ કહેવામાં આવે છે. **નિશ્ચયથી સમસ્ત પાપમળકલંકરૂપી કાદવને ધોઈ નાખવામાં સમર્થ...** એટલે કે વસ્તુમાં પાપરૂપી મળકલંક છે જ નહીં. પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. આહા! મહાપવિત્ર... નિર્દોષ વર્ણવવું છેને. **સમસ્ત પાપમળકલંક...** પાપમળકલંક... આહા! પુણ્ય ને પાપના ભાવ એ મળકલંકરૂપી કાદવ છે, એને ધોઈ નાખવામાં સમર્થ છે, એટલે કે એમાં એ છે નહીં અથવા એનો આશ્રય લે તો પુણ્ય ને પાપનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

**સહજ-પરમવીતરાગ-સુખસમુદ્રમાં મગ્ન...** કેવી છે એ ચીજ? સ્વભાવિક પરમ વીતરાગ સુખસમુદ્ર છે અંદર. ઓહોહો! સ્વભાવિક વીતરાગસુખ. આ દુનિયાએ રાગમાં સુખ માન્યા છે મેલ, એનાથી વીતરાગસુખવાળું તત્ત્વ જુદું છે. વીતરાગસુખ–રાગ વિનાનો આનંદ, એવો સ્વભાવિક સુખનો સમુદ્ર છે એ તો. એમાં મગ્ન–**(ડૂબેલી, લીન) પ્રગટ સહજાવસ્થાસ્વરૂપ જે સહજજ્ઞાનશરીર...** અવસ્થા એટલે આ પર્યાય નથી લેવી. પ્રગટ સહજ અવસ્થા એટલે સહજ

અવસ્થ–રહેલું. સ્વભાવિક પોતાના નિશ્ચયસ્વભાવમાં રહેલું એવું જે તત્ત્વ એ **સહજજ્ઞાનશરીર**... સ્વભાવિક જ્ઞાનરૂપી શરીર ભગવાન આત્મા છે. આહાહા!

**તેના વડે પવિત્ર હોવાને લીધે...** આવા કારણે ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ મહાપવિત્ર હોવાને લીધે, આહાહા! **આત્મા નિર્દોષ છે.** એને અહીંયા આત્મા કહીએ, એને અહીંયા શુદ્ધભાવ કહીએ, એને નિર્દોષ કહીએ. એણે એની જાતના ગાણા સાંભળ્યા નથી. કેવો છે ભગવાન આત્મા? એક સમયની પર્યાય વિનાનો એ ધ્રુવ ખરેખર આત્મા, કહે છે કે એ તો પોતાનો વીતરાગ સુખસમુદ્રમાં મગ્ન છે અંદર. વીતરાગ સુખસમુદ્રમાં સહજ અવસ્થરૂપ ચિત્ત અંદર મગ્ન–લીન છે, ધ્રુવ.. ધ્રુવ હોં. સમજાણું કાંઈ? આવા ભગવાન આત્માની કંઈ ખબર નહીં. ધર્મ કરનારો આત્મા અને કરનારો કેવો છે એની ખબર નહીં અને એને ધર્મ થાય. શેઠ!

કરનારો આત્મા છેને એ પર્યાયનો કરનાર–કર્તા તો. એનું અંશ કર્તા રહીને પોતે કર્તા કહ્યો. કર્તા નામનો એમાં ગુણ છે, એથી એ આત્મા જ પર્યાયનો કર્તા એમ કહેવામાં આવે છે. ધર્મની પર્યાયનો કર્તા કોણ છે, કેવડો છે, કોણ છે, ક્યાં છે, કઈ રીતે એ આવો છે—એની ખબરું વિના એને ધર્મ શી રીતે થાય? સમજાણું કાંઈ? ચીમનભાઈ! .... પણ લોકો જે રીતે ધર્મ કહે છે, એની ખબર વિના .... કરતા હશે? ... ખબર અજ્ઞાન છે. એની અહીં વાત નથી. પણ ખબર તો કરવી કે નહીં? ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, સહજ અવસ્થ–નિશ્ચય પોતાના સ્વભાવમાં સ્થિત સુખસાગરમાં ડૂબેલો ભગવાન છે. સુખસમુદ્રમાં એ પોતે સ્થિત છે. એની દૃષ્ટિ કરવા જેવી છે, એને જ્ઞાન કરવા જેવું ને એમાં સ્થિત રહેવા જેવું છે, એનું નામ નિયમસાર છે. સમજાણું કાંઈ? આહા!

સહજજ્ઞાન જેનું શરીર છે. ઠીક! એ સહજજ્ઞાનસ્વરૂપ જ વસ્તુ છે એમ કહે છે. આ શરીર માટીનું છે એ તો નહીં, પુણ્ય-પાપના પરિણામ ...... મેલ એ કાર્મણશરીર છે વિકારીભાવ. એ નહીં. આ તો સહજ સુખસાગરમાં ડૂબેલું ચૈતન્ય ... શરીર છે, એ એનું શરીર છે. આહાહા! એ ચીજનું એને માહાત્મ્ય આવ્યું નહીં. શાસ્ત્રના વાંચન કર્યા ઘણા, અગિયાર અંગ ને નવ પૂર્વના, એમાં વાત આવી નથી એને? અંતર માહાત્મ્ય જે છે એવું માહાત્મ્ય કરીને ઉલ્લસિત વીર્ય અંદરમાં દોરાઈ જાય, એવું એણે માહાત્મ્ય કર્યું નથી. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધભાવ. પદ્મપ્રભમલધારિદેવ....... પુરુષાર્થથી કેળવ્યો છે એને. કેળવેને લોટને. આવો ભગવાન છે ભાઈ!

એનું શરીર–જ્ઞાનશરીર છે, સુખમાં ડૂબેલો છે એ. આ શરીર તો ઉત્પન્ન થાય, વિધ્વંસ થાય. અરે! એક સમયની પર્યાય પણ ઉત્પન્ન થાય ને વિધ્વંસ થાય. આ તો જ્ઞાનશરીર ધ્રુવ એને કહીએ, અનાદિ સ્થિરતા જેમાં..... એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાનું નામ નિયમસાર છે. કહો, સમજાણું કાંઈ? આવો આત્મા કેવો? .... મોઢ છે મોઢ. શશીભાઈ છેને એનો કાકાનો ભાઈ

છે. છે વૈષ્ણવ. ........ કહો, સમજાણું કાંઈ? અહીં જૈનમાં રહેલાને ભાન ન મળે. વાડાવાળા....... શું છે આત્મા? એય! કેવો છે ભગવાન આત્મા? **નિર્દોષ** છે. આવી વ્યાખ્યા.

હવે નિર્મૂઢ છે એ વાત ચાલે છે. છેને? આત્મા અંદર વસ્તુ જે પદાર્થ છે ધ્રુવ. એક સમયની રાગની પર્યાય કે જ્ઞાનની પર્યાય, અનંતગુણની પર્યાય–એક સમયની અવસ્થા... પર્યાયનો કાળ જ એક સમય છે. એ એક સમયની અવસ્થા રહિત પાછળ રહેલો, એક સમયની અવસ્થાની પાછળ રહેલું તત્ત્વ એ ધ્રુવતત્ત્વ શુદ્ધતત્ત્વ છે. એ સહજ જ્ઞાન... **સહજ નિશ્ચયનયથી સહજ જ્ઞાન...** નિશ્ચયનયથી એટલે વાસ્તવિક તત્ત્વદૃષ્ટિથી એનું સ્વભાવિક કાયમનું જ્ઞાન, ધ્રુવજ્ઞાન **સહજ દર્શન, સહજ ચારિત્ર...** સ્થિરતા સ્વરૂપ અંદર સહજ ચારિત્ર, ધ્રુવસ્વભાવમાં સહજ ચારિત્ર કાયમ–નિત્ય પડ્યું છે. **સહજ પરમવીતરાગ સુખ...** સ્વભાવિક પરમવીતરાગ સુખ... સચ્ચિદાનંદ પ્રભુ છે એ. સ્વભાવિક પરમવીતરાગ સુખ.

**વગેરે અનેક...** અનેક એટલે અનંત ધર્મો, અનંત ગુણો. અનેક શબ્દે અનંત છે ત્યાં. **પરમ ધર્મોના આધારભૂત...** આવા બધા ધર્મો એટલે ગુણો એટલે શક્તિ એટલે સત્ત્વ એનો આધારભૂત **નિજ પરમતત્ત્વને જાણવામાં સમર્થ** એવો જીવ... અંદરમાં શક્તિ એની એવી છે એમ કહે છે. **પરમ ધર્મોના આધારભૂત નિજ પરમતત્ત્વ**... પોતાનું પરમતત્ત્વ મહાપ્રભુ પોતે. આહાહા! પોપટભાઈ! એવો આત્મા સાંભળ્યો હતો કોઈ દિ ક્યાંય? મિચ્છામિ દુક્કડમ્ કરો, જાવ. તાવકાયઠાણેણં... તમે બધા જૂના મળીને કર્યો હશે. નવાએ કર્યો છે? આહાહા! કહે છે કે પરમતત્ત્વ શુદ્ધ ચૈતન્ય ધ્રુવતત્ત્વ એ અનંત-અનંત જ્ઞાન, સહજજ્ઞાન, સહજદર્શન, સહજ સુખ વીતરાગમૂર્તિ આત્મા, અનંત-અનંત ધર્મનો આધાર એવું જે તત્ત્વ તેને જાણવામાં એ ત્રિકાળ સમર્થ છે. અંદરમાં ત્રિકાળીને જાણવામાં એ સમર્થ છે એમ કહે છે. આ ધ્રુવની અંદર વાત છે. ધ્રુવ ધ્રુવને જાણે એમ કહે છે.

પરમતત્ત્વને જાણવામાં સમર્થ **હોવાથી આત્મા નિર્મૂઢ (મૂઢતા રહિત) છે...** જેમાં મૂઢતા જરીએ નથી. આહાહા! સમજાણું કાંઈ? નિર્મૂઢ છે. એટલે? કે અનંત જ્ઞાન, સહજ દર્શન, આનંદ–સુખસમુદ્ર એવા સ્વભાવને ધરનાર પરમતત્ત્વ તેને જાણવામાં, એવું પરમતત્ત્વ નિજસ્વરૂપ ત્રિકાળ એને જાણવામાં સમર્થ હોવાથી તે નિર્મૂઢ છે. સમજાણું કાંઈ? મૂઢતા રહિત છે. એ ત્રિકાળીની વાત કરી. સ્વરૂપ પ્રત્યક્ષ આવી ગયું છેને. ત્રિકાળ સ્વરૂપ પ્રત્યક્ષસ્વરૂપ પૂર્ણ તત્ત્વ... અનંત-અનંત સુખસાગર, જ્ઞાનસાગર, દર્શનસાગર એવા અનંતા ગુણનો સાગર એનો આધાર એવું જે પરમતત્ત્વ ભગવાન એને જાણવામાં... ત્રિકાળ જાણવું એવું એનામાં સામર્થ્ય છે. સમજાણું કાંઈ? એવો આત્મા સમ્યગ્દર્શનને આશ્રયલાયક છે. એ આશ્રય કરવાલાયક છે, એને શરણે જવાલાયક છે. સમજાય છે કાંઈ? પરમ મંગલસ્વરૂપ ભગવાન આવું પરમતત્ત્વ છે. એને શરણે... ઉત્તમમાં ઉત્તમ તત્ત્વ મહા પરમ મંગલિક તત્ત્વ છે. સમજાણું કાંઈ?

એની–ત્રિકાળી તત્ત્વની આગળ એક સમયની પર્યાય તુચ્છ–બારદાન જેવી દેખાય છે. કેવળજ્ઞાનની એક સમયની પર્યાય ...... છે. માલ તો આ છે. એને માપે છે પર્યાય. ....... સમજાણું કાંઈ? એવો ભગવાન પરમાત્મા, જે જ્ઞાન, આનંદ સ્વભાવ–શરીર છે. એ ત્રિકાળીને જાણનાર શક્તિવાળું તત્ત્વ પોતે, ત્રણ કાળને જાણે એવું તત્ત્વ મારું છે. એવો એનો નિજ માલ છે. એ માલધારી છે. માલધારી નથી કહેતા? ........ ....... માલધારીને. હવે વર્તમાન પર્યાયની વાત લેશે. પહેલી આની વાત કરી. ........ સમયસારમાં વળી ક્યાંક ક્યાંક તુચ્છ કહ્યો. હે તુચ્છ! ....... શીતલપ્રસાદે લખ્યું છે. એ તુચ્છ છે. ૮૨માં હેય, ઉપાદેય કહ્યું છે. સ્વરૂપ એવું છે કે કાંઈ ગુપ્ત ન રહે એને અને એની પર્યાય એવી છે કે જેમાં કાંઈ ગુપ્ત ન રહે. એની પર્યાય પણ એવી છે. એ દ્રવ્યની શક્તિનું તત્ત્વ–ત્રિકાળીનું વર્ણન કર્યું છે. હવે બીજો અર્થ કરે છે.

અંદર ભગવાન ચૈતન્ય હીરો, જેમાં અનંત ગુણના પાસા છે. એય! ....... આહાહા! ચૈતન્યહીરો અનંતગુણના પાસાથી શોભતો ધ્રુવ ભગવાન આત્મા, જેની સામું જોયે કલ્યાણ થાય, જેમાં એકાગ્ર થયે મોક્ષના માર્ગ પ્રગટે એવો ચૈતન્ય હીરલો છેકહો, સમજાણું કાંઈ? કેવું છે ... તત્ત્વ? **સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા**... કેવળજ્ઞાનની વાત છે. પ્રગટ કેવળજ્ઞાન છેને, એને પ્રગટ કરવાની શક્તિવાળું દ્રવ્ય. પર્યાયનું–ભાવનું એવું સ્વરૂપ છે. પર્યાયનું એવું સ્વરૂપ છે કહે છે. કે જે કેવળજ્ઞાન થાય એ સાદિ છે–આદિ છે. .... થયુંને. અનંત છે. એમ ને એમ રહેવાનો અનંત.

‘સાદિ અનંત અનંત સમાધિ સુખમાં’ આવે છેને શ્રીમદ્માં. ‘સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સ્વરૂપ જો,’ ..... ‘સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સ્વરૂપ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?’ શેઠીને–એના પિતાજીને અપૂર્વ અવસર બોલવાનું છે આજ. આહાહા! કહે છે કે જેની–આત્માની પર્યાય ‘સાદિ અનંત અનંત સમાધિ સુખમાં..’ આહાહા! જેને એક સમયની પર્યાયમાં અનંત આનંદ સહિતની દશા થઈ હતી, એ સદ્ભૂત વ્યવહારનો પર્યાય પણ આવડો હોય છે કહે છે. નિશ્ચયની તો શું વાત કરવી? સમજાય છે કાંઈ? એના મૂળ તત્ત્વની તો મહા નિર્મૂઢતા કેવળી, સંતો શું કહે? એ તો નિર્મૂઢ શરીર જ છે. ચૈતન્ય હીરલો, જેનું શરીર આખું ચૈતન્યમય છે, એની તો શું વાત કરવી? આહાહા! પણ જેની પ્રગટેલી એક સમયની પર્યાય... પહેલી ત્રિકાળીની વાત કરી.

જેના સમુદ્રમાંથી એક સમયનો એક કણ આવ્યો ફક્ત, કેવળજ્ઞાનનો પર્યાય એક કણ. આહાહા! ચીમનભાઈ! આ બધા રૂપિયા કાંઈ ગણતરી નથી. મગનભાઈ! આહાહા! અરે! ચૈતન્યદળનો હીરલો, જેમાં અનંતગુણના પાસા એવો પોતે હીરો એની તો શું વાત કરવી? એનામાં એવી શક્તિ છે, ત્રિકાળ સ્વતત્ત્વને જાણે એવું તો એનું સામર્થ્ય ત્રિકાળ એમાં પડેલું જ છે. એમાંથી એક કણ આવ્યો બહાર, કહે છે. આહાહા! ચૈતન્યશરીરના સમુદ્રમાંથી

કેવળજ્ઞાનનો એક પર્યાય અંદરમાંથી આવ્યો. સમજાણું કાંઈ? એવી-એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો જેના જ્ઞાનગુણમાં સંગ્રહપણે–શક્તિરૂપે પડી છે. ઓહો! ચૈતન્ય-સામાન્યમાં ચૈતન્યની વિશેષ વ્યક્તિઓ અંદર લીન છે. અવ્યક્ત. આહાહા! ગજબ છે. અમૃતચંદ્રાચાર્યે તો જૈનશાસનને.... જૈનશાસન તો પર્યાય છે. એ પર્યાય જ્યાંથી પ્રગટી એવા તત્ત્વને... આહાહા! ભંડાર ખોલ્યો છેને. .......

કહે છે કે જે સાદિ-અનંત કેવળજ્ઞાન પ્રગટ થાય છે, એક અંશ હોં. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ જેમાં અનંત-અનંત, કેવળજ્ઞાનની પર્યાયો જેના જ્ઞાનગુણમાં અનંત-અનંત ઠસોઠસ ભરી છે. એમ દર્શનગુણમાં, અનંત દર્શન પ્રગટ થાય એવી અનંતદર્શનની પર્યાયો છલોછલ ભરી છે. જેનો આનંદ એક સમયમાં અનંત આનંદ ચતુષ્ટયમાં પ્રગટ થાય, એવી તો આનંદગુણમાં અનંત-અનંત પર્યાયો, શક્તિરૂપ આનંદની પર્યાયો અંદર પડી છે. આહાહા! જેનું વીર્ય અનંતમે ભાગે પ્રગટ્યું, કેવળીને અનંતમે ભાગે વીર્ય પ્રગટ્યું, જેને અનંત વીર્ય કહીએ, એવા અનંત વીર્ય તો સાદિ-અનંત, એવી અનંતી પર્યાય વીર્યગુણમાં ઠસોઠસ ભરી છે. એક-એક ગુણ બધી પર્યાયનો સાગર છે. આહાહા! જેને આવા માહાત્મ્ય સૂઝે એને જગતની કોઈ ચીજનું માહાત્મ્ય આવે નહીં. ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સળ્યા તરણા જેવા લાગે. સમજાણું કાંઈ?

મોટા પૈસાવાળા દેખીને, મોટા ધોળા પિંડલા જેવા શરીર... ઓલાના છોકરા મરી ગયા, સાંભળ્યુંને? ભંવરલાલ, ઇન્દોર. ભંવરલાલ નહીં તમારા.....? ધોળા–રૂપાળા. હા, એ. ગુજરી ગયો. .......... ............ ........... રાત્રે મરી ગયા. હાર્ટફેલ. ........ શેઠના જમાઈ, આના બનેવી થાય. ............. અવિનાશી તો આતમરામ છે. એક સમયની પર્યાય પણ નાશવાન. બીજી વસ્તુની તો શું વાતું કરવી? ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા, જે આ શુદ્ધભાવની વાત ચાલે છે. એ ધ્રુવની શક્તિએ જાણવાનો સ્વભાવ તો ત્રિકાળ પડ્યો છે કહે છે. પણ એ ધ્રુવ આદિ બધી ચીજને જાણનારો એક સમયનો પ્રગટ પર્યાય એ સાદિ છે, અનંત છે, અમૂર્ત છે, અતીન્દ્રિય સ્વભાવવાળું છે. એ ઇન્દ્રિયનું જ્ઞાન નથી. કેવળજ્ઞાનની પર્યાય અતીન્દ્રિય સ્વભાવવાળું છે.

**શુદ્ધસદ્ભૂત વ્યવહારનય**... એટલે? પર્યાય શુદ્ધ છે, સદ્ભૂત નામ એની છે અને વ્યવહાર નામ અંશ છે. માટે કેવળજ્ઞાનને **શુદ્ધસદ્ભૂત વ્યવહારનય** કહેવામાં આવે છે. કેવળજ્ઞાનની પર્યાય શુદ્ધ છે, સદ્ભૂત છે (કેમકે) એની પર્યાયમાં છે અને પર્યાયનો અંશ છે માટે વ્યવહાર છે. શુદ્ધ સદ્ભૂત વ્યવહારનય. આહાહા! સમજાણું કાંઈ? એ સાંભળ્યે જેના મીણા ચડી જાય, એના અનુભવે શું થાય? એવી એ ચીજ છે. આહાહા! એને તો કાઢી નાખ્યું એક બાજુ, આ કરવું, આ કરવું, આ કરવું, વ્રત કરવા, તપ કરવા. અટવાઈ ગયા છે. આહાહા! ત્રણ લોકના નાથને ક્યાં ગોપવી દીધો? સંતાડી નાખ્યો રાગમાં. સમજાણું કાંઈ? પરના પ્રેમમાં સ્વનો પ્રેમ ઢંકાઈ ગયો. આવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ... આહાહા!

કહે છે, **શુદ્ધસદ્ભૂત વ્યવહારનયથી ત્રણ કાળના અને ત્રણ લોકના સ્થાવર-જંગમસ્વરૂપ...** ત્રણ કાળ, ત્રણ લોકના ચરાચરસ્વરૂપ... સ્થિર રહેલા કે ગતિ કરવાવાળા, એવા **સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને...** સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયને **એક સમયે જાણવામાં સમર્થ** એવું કેવળજ્ઞાન... જેના ત્રણ કાળની શક્તિની આગળ તો અનંતમા ભાગનો એ અંશ છે. સમજાણું કાંઈ? આહાહા! **સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાનરૂપે અવસ્થિત થવાથી...** કેવળજ્ઞાન પ્રગટપણામાં પર્યાયપણે સ્થિર થવાથી **આત્મા નિર્મૂઢ છે.** આહાહા! નિર્મૂઢની બે વ્યાખ્યા કરી. એક, ત્રિકાળ નિર્મૂઢ છે પોતાનો પરમતત્ત્વ જે અનંત ગુણનો આધાર તેને જાણવાનો (અને) એમાંથી એક અંશ આવ્યો એની આટલી તાકાત છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

દરિયામાં એક તરંગ ઉઠ્યો એક તરંગ. આહાહા! જ્ઞાન, આનંદ, શાંતિ આદિ અનંત ગુણનું એકરૂપ એવો દરિયો–ગુણનો દરિયો, એક-એક ગુણ પોતાની શક્તિ અનંત દરિયો, એમાંથી એક તરંગ ઉઠ્યું કહે છે. તરંગ આવ્યો કેવળજ્ઞાનનો પર્યાયનો, એનો આટલો સ્વભાવ છે કે ત્રણ કાળ, ત્રણ લોકના ચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણવામાં સમર્થ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? એટલે એમ કહ્યું કે આવો જે નિર્મૂઢ ત્રિકાળ એક-એક ગુણનો દરિયો, એવા અનંતગુણનો દરિયો ભગવાન પરમ પ્રસિદ્ધ, એને–ત્રિકાળીને જાણવાને સમર્થ છે એવો સ્વભાવ એનો, એની જેણે પ્રતીત, જ્ઞાન ને રમણતા કરી એને કેવળજ્ઞાનની પર્યાય આવડી પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા!

દુનિયાના હીરા-માણેક અને ઇન્દ્ર ને ઇન્દ્રાણી બધા થોથા. ભોગીભાઈ કહેતા..... દેવ ને દેવી દેખાણા છેને. કુબેર. કુબેર નહીં થા. એ શ્રીમદના પ્રેમમાં ધૂનમાં નહાતા, એમાં ........... ......... એટલા દાગીના...... કહે, ચાલો તમને લઈ જાઉં શ્રીમદ્ પાસે. ......... આમ જ્યાં જોયું તો, કોણ છે આ? ........ આ કોણ છે? ............. ............ આમ જોયું તો, આ તો દેવી છે, સ્ત્રી છે... એ વાત કરતો હતો. આ તો દાગીનાની વાત છે. દેવના દાગીના શાશ્વત દાગીના હોય છે. જડની પર્યાય....... દાગીના એવા બનાવે. .............. એવા અનંતા અનંતા અસંખ્ય દેવોમાં ઘણા દાગીનાને જોયા, કહે છે કે એના કરતાં પ્રભુનો દાગીનો મોટો છે. આહાહા! અનંત કેવળજ્ઞાનની એક પર્યાયમાં બધું ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવડો તો એક સમયનો પર્યાય જેમાં જાગ્યો, એક પાસું આવ્યું બહાર. આહાહા! સમજાણું કાંઈ?

એવો જે ભગવાન અનંતા પાસાનો પિંડ પડ્યો છે એમાં નજર કર, એનો આશ્રય લે, શરણ લે, એ મંગળિક તત્ત્વ છે. આહાહા! આ મંગળ તત્ત્વ છે, એનો આશ્રય લેતાં તને પર્યાયમાં મંગળિક થશે. સુખની પ્રાપ્તિ થશે, દુ:ખનો નાશ થશે. સમજાણું કાંઈ? આહાહા! એ શક્તિને પરિણામે કેવળજ્ઞાનનો પર્યાય પ્રગટ થઈ જશે. આહાહા! ....... માર્ગ બતાવે .... એનું ફળ. આહાહા! અરેરે! આવી વાતું એણે સાંભળી નહીં, એમ ને એમ પુણ્ય કર્યા ને પુણ્યના ફળ

આવ્યા, કાં દેવ થયો, કાં રાજા થયો, પછી મરીને નરકે ગયો. મિથ્યાત્વને લઈને નિગોદ ..... આહાહા!

સમ્યગ્દર્શન કોને કહેવું ભાઈ! સમ્યગ્દર્શન..... આવો ભગવાન આત્મા છે. આહાહા! જેની ઓથે જાય એ કેવડી વ્યક્તિ છે કહે છે. એની જેને પ્રતીત ને અનુભવ થયો, આહાહા! ...... એ એમ કહે છે. સમજાણું કાંઈ? બધા ક્રિયાકાંડના વિકલ્પ એમાં નથી અને એક સમયની પર્યાય કેવળ જેવી ........ એમાં નથી. આહાહા! અમરચંદભાઈ! આવું છે તત્ત્વ. **કેવળજ્ઞાનરૂપે અવસ્થિત હોવાથી**... ઓલી ત્રિકાળી.... વસ્તુ કીધી હતીને અવસ્થા. આ પર્યાય અવસ્થિત રહેશે એમ ને એમ. એથી આત્માને આ પર્યાયની અપેક્ષાએ નિર્મૂઢ ને નિર્ગૂઢ કહેવામાં આવે છે. આહાહા!

**ણિબ્ભયો**... એ શબ્દ આવ્યો. ભગવાન પરમાત્મા નિર્ભય છે. **સમસ્ત પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના જેમાં પ્રવેશી શકતી નથી**... આહાહા! ખીણ એવી હોય છેને. .... ચંબલની છેને. ચંબલ? .... એવી છે કે સાધારણ માણસ જઈ શકે નહીં. ડાકુ....... ....... ........ એવી ...માં જનારને બહારનો ભય નથી. એનો આત્મા નિર્ભય થઈ ગયો છે. એવી ગુફામાં એ રહે છે. **પાપરૂપી શૂરવીર શત્રુઓની સેના**... જોયું! ........ શૂરવીર સેના... વિકલ્પની સેના, આહાહા! જેમાં પ્રવેશી શકતી નથી **એવા નિજ શુદ્ધ અંતઃતત્ત્વરૂપ**... નિજ શુદ્ધ અંતતત્ત્વસ્વરૂપ **મહા દુર્ગમાં**–મોટા **(કિલ્લામાં)**, આહાહા! **વસતો હોવાથી**... કિલ્લામાં વસતો હોવાથી. નિત્યાનંદ પ્રભુ એવો કિલ્લો છે, જેમાં બીજો પ્રવેશ ન કરી શકે. પાપરૂપી સેના ઉપર ને ઉપર રહે, અંદર જાય નહીં. આહાહા!

તેથી **આત્મા નિર્ભય છે. આવો આ આત્મા**........ **આવો આ આત્મા** સદા **ખરેખર ઉપાદેય છે.** આહાહા! તીર્થંકર કેવળી એમ કહે, તીર્થંકર ને કેવળી એમ કહે, ભાઈ! તારો આવો આત્મા છે એ એક જ ઉપાદેય છે. આહાહા! બીજું નહીં. .... પુરૂષાર્થ કરે તો કાળલબ્ધિ પાકી જાય. એમ ને એમ પાકી જાય? ....? કાલલબ્ધિકા જ્ઞાન કિસકો હોતા હૈ? કાળલબ્ધિ.. કાળલબ્ધિ ભાષામાં કરે .......? કાલલબ્ધિકા જ્ઞાન સમકિતીકો હોતા હૈ. એને કાળલબ્ધિ શું...? એને ને એને ...... શેઠ! એના તો વાંધા મોટા હતા દામોદરશેઠને. ....... આ વ્રત ને નિયમના પુરુષાર્થ આમ કરે. ...... એ નહીં. હીરાજી મહારાજ .......... સમ્યગ્દર્શન ............... ચારિત્રમાં આ બહારનું, સમકિત વિનાનું ચારિત્ર, એમાં પુરુષાર્થ. આહાહા!

જેમાં અનંત પુરુષાર્થ છે. કોઈપણ કાળલબ્ધિ, કોઈ પણ પર્યાય, કોઈપણ રાગ એને જ્ઞાન કરવામાં ... જ્ઞાન કરવામાં એ જ્ઞાન સમર્થ ક્યારે થાય? કે સમ્યક્ એકાંત ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે, દૃષ્ટિ થાય ત્યારે અનેકાંતનું જ્ઞાન કરવા સમર્થ થાય. સમજાણું કાંઈ? શું કહ્યું એ? કે કાળલબ્ધિનું—જે સમયે જે થાય તેનું જ્ઞાન એને સાચું ક્યારે કહેવાય? કે જેણે દ્રવ્યસ્વભાવનો

આશ્રય લઈને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું એને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થયું. કે આ પર્યાય આ કાળે થવાની હતી તે થઈ, એમ એનું જ્ઞાન સાચું થયું. આહાહા! કઈ રીતે બેસે? સમજાણું કાંઈ?

એમાં મોટા વાંધા હતા અમારે બેયની સાથે—મૂળચંદજી સાથે ને દામોદરશેઠ સાથે. ગૃહસ્થ માણસ, નવરા બહુ, વાંચે બહુ. ઘણું વાંચતા. ગૃહસ્થ માણસ. ૬૦-૭૦ વર્ષ પહેલા દસ લાખ રૂપિયા, ચાલીસ હજારની ઉપજ. ..... હવે પૈસા વધી ગયા. કરોડોપતિ ને દસ-વીસ લાખ ......... ...... રાજા કહેવાય ૬૦ વર્ષ પહેલાં. દસ હજાર તો અમારે... અમારા બાપના બાપની પાસે. .... ગીગા કુરા. ....... અરે ભાઈ! ગીગા કુરાના પગ કોઈ ન પકડી શકે. એ શું છે? મૂડી દસ હજારની. તે દિ' તો દસ હજાર... દસ હજાર પેદા કરતા બે મહિનામાં. ...... બારે મહિનાનું ભેગું. અમારે ડોશી કહેતા. ........ .......... ........ હવે કરોડોની કાંઈ કિંમત નથી. આ ચક્રવર્તીનું રાજ હોય તોપણ ધર્મી પાસે તો એની કાંઈ કિંમત નથી. આહાહા!

જેના સમકિતરૂપી રત્નથી જેને કેવળજ્ઞાનરૂપી પૂર્ણ રત્ન પાકે, એની પાસે જગતના રત્નની શું કિંમત છે? ત્રણ રત્ન લીધા છેને અહીંયા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ રત્ન છે. આહા! જેને ચૈતન્યરત્નને પારખ્યું, એને સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્રના રત્ન પ્રગટ થયા, એને કેવળજ્ઞાન રત્ન થવાનું જ છે. આહાહા! નિયમ આ, ચોક્કસ એ કેવળજ્ઞાનને બોલાવી લેશે. આવો.. આવો.. આહાહા! સમજાણું કાંઈ? એવો જે આત્મા... 'આવો આ આત્મા' બધા શબ્દ કહ્યાને. **णिद्दंडो, णिद्दंद्दो, णिम्ममो, णिक्कलो, णिरालंबो.** આ 'કલ'માં શરીર ....... વ્યાખ્યા કરી. .......... **णिक्कलो** એટલે શરીર વિનાનો છે.

ઓલો કલ એટલે સંચો. 'સંચાનો લોટ' નહોતું આવ્યું કાલ બપોરે? નળના પાણી, સંચાનો લોટ. કલ.. કલ. કલ એટલે સંચો. સંચાનો લોટ છે આ. ...નો લોટ એમ નહીં. ... લોટ તો..... શિયાળામાં સાત દિ' ટકે છે, ચોમાસામાં ત્રણ દિ', ઉનાળામાં પાંચ દિ'. ઘંટીનો લોટ. સંચાનો લોટ ખાવો ને .... એને ધર્મ કેમ ....? ........ ....... જેમાં ત્રસની ઉત્પત્તિ હોય એને એક ધડાકે...... સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે **આવો આ આત્મા**... આ બધા કીધાને ગુણો. **આવો આ આત્મા**... એમ શબ્દ છે જુઓ! **अयम् आत्मा ही उपादेयः** એમ છેને. **ही** છેને. **आत्मा ही**.. ખરેખર, **આવો આ આત્મા ખરેખર ઉપાદેય છે**... આદરવાલાયક છે, એને શરણે જવાલાયક છે. આહાહા! આશ્રય કરવાલાયક એ ચીજ છે. આહાહા!

**એવી રીતે (શ્રી યોગીન્દ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૭મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**स्वरनिकरविसर्गव्यंजनाद्यक्षरैर्यद्**
**रहितमहितहीनं शाश्वतं मुक्तसंख्यम् ।**
**अरसतिमिररूपस्पर्शगंधाम्बुवायु-**
**क्षितिपवनसखाणुस्थूलदिक्‌चक्रवालम् ॥**

સખા એટલે શું? નીચે છે. 'પવનસખા' નીચે નથી.

બીજા ગ્રંથનો આધાર આપે છે. કેવો છે ભગવાન આત્મતત્ત્વ અંદર ચિદાનંદમૂર્તિ પ્રભુ? **સ્વરસમૂહ**નો પ્રવેશ નથી. સ્વર.. સ્વર. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ... ઋ. એવા બાર અક્ષર છેને સ્વરના. કેટલા છે? એય! ભૂલી ગયા? પહેલા આવતા હતાને નિશાળમાં. અ, આ, ઇ ઈ, ઉ, ઊ, એ, ઐ... ચૌદ.. ચૌદ છે. અ, આ, ઉ, ઊ, એવા અક્ષરો ભગવાન આત્મામાં નથી. આહાહા! એ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાન-આનંદનો કંદ છે. આહાહા! એ અક્ષરો ભગવાન આત્મામાં નથી. આહાહા! આમ અક્ષર સારા લખવાનું, અક્ષર બોલવાનું એને અભિમાન થાય. નામા લખે, મોતીના દાણા જેવા. કેવા અક્ષર સરખા નામામાં. આહાહા!

કહે છે કે એ સ્વરનો સમૂહ—અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, આદિ એ આત્મામાં નથી. એ તો વિકલ્પ ઉઠે એનો .... છે. આત્મા નથી, એ તો જડનો છે. આહાહા! અહીં તો કંઠ હોય ને વાણીની ઝલક સરખી હોય ત્યાં, 'આ કંઠ અમારો છે'. કંઠ તો જડનો છે. તારો ક્યાં છે? તું તો ચૈતન્ય છો. જ્ઞાનની મૂર્તિ એમાં 'અ, આ'નો પ્રવેશ નથી. સમજાણું કાંઈ? એનાથી રહિત છે અથવા એમાં પ્રવેશ નથી. બે વાતું કહી. કૌંસમાં નાખ્યું છે.

**સ્વરસમૂહ, વિસર્ગ...** વિસર્ગ આવે છેને. **વ્યંજન...** ક, ખ, ગ એ વ્યંજન. એવા **અક્ષરો રહિત...** ભગવાન એવા અક્ષર વિનાનો ભગવાન છે. આહાહા! એ તો અક્ષસ્વરૂપ જ છે. અક્ષ એટલે નાશ વિનાનો. નાશ વિનાના સ્વરૂપમાં નાશવાન અક્ષરોનો અભાવ છે. એ અક્ષર નથી અમારે. આ બોલે છે કોણ? બોલે એ બીજો. એ આત્મા નહીં. પર્યાય ક્યાં, આત્મામાં પર્યાય પણ ક્યાં છે? 'અ'નો પ્રવેશ નથી સ્વર ને વ્યંજન. અક્ષર, **સંખ્યા...** અંક.. અંક. ૧, ૨, ૩, ૪, ૫ આદિ સંખ્યા. કરોડ.... એ આત્મામાં નથી. સંખ્યા સંખ્યામાં છે. સંખ્યાનો પ્રવેશ ભગવાન આત્મામાં નથી ને આત્મા એ વિનાનો છે. વિગેરે....

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૪, સોમવાર, તા. ૨૨-૧-૧૯૭૩
## શ્લોક-૬૨-૬૪, પ્રવચન નં. ૨૦૬, અવાજ અસ્પષ્ટ છે

**પોષ વદ-૫, મંગળવાર, તા. ૨૩-૧-૧૯૭૩**
**શ્લોક-૬૫-૬૮, પ્રવચન નં. ૨૦૭**

આ નિયમસાર, મોક્ષનો માર્ગ, સુખી થવાનો પંથ. એ અનાદિથી દુઃખના પંથે પડ્યો છે. એ વસ્તુ છે એને જાણ્યા વિના, વસ્તુમાં નથી એવી જુદી ચીજને પોતાની માની અને દુઃખના માર્ગને એણે અનાદિથી લીધેલો છે. આત્મામાં, પુણ્ય ને પાપ, શરીર, વાણી કે બીજા દ્રવ્યો એમાં નથી. નથી એને પોતાના માની અને દુઃખની શ્રદ્ધા, દુઃખનું જ્ઞાન, દુઃખની રમણતામાં એ પડ્યો છે. દુઃખી છે એની એને ખબર નથી. મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષભાવ એ દુઃખરૂપ છે એની એને ખબર નથી. કેમકે આનંદસ્વરૂપ આત્મા પરમભાવ, પરમતત્ત્વ, પરમાત્મસ્વભાવ એ પર્યાયથી ગુપ્ત ભિન્ન ચીજ છે. એક સમયની પર્યાયથી ... ભિન્ન સત્ય પરમાત્મસ્વરૂપ છે એની એને ખબર નથી. વર્તમાન પ્રગટ પર્યાય–અવસ્થા, રાગ-દ્વેષ અને એની માન્યતા મિથ્યાત્વ એનું એને વેદન, રુચિ, દૃષ્ટિ ને જ્ઞાન છે. રાજા હો કે રંક હો કે શેઠિયા હો કે દેવ હો—બધા દુઃખી છે. એને જો સુખી થવું હોય તો કેમ કરવું એના ઉપાયની આ વાત છે. એ ૬૫ કળશ છે.

**भवभोगपराङ्मुख हे यते**
**पदमिदं भवहेतुविनाशनम् ।**
**भज निजात्मनिमग्नमते पुन-**
**स्तव किमध्रुववस्तुनि चिन्तया ॥६५॥**

**શ્લોકાર્થ** : જો તને **નિજ આત્મામાં લીન** જ્ઞાન થયું હોય. બીજું જ્ઞાન શરીર, વાણી, મન, જગતની કળા—બધું અજ્ઞાન છે. પર્યાયનું એકલું જ્ઞાન એ અજ્ઞાન છે. વિકારના ભાવનું જ્ઞાન એ પણ અજ્ઞાન છે. કહે છે કે તને નિજ આત્માનું જો જ્ઞાન થયું હોય, આ બાજુ લીન થવાનું... ભગવાન આત્મા પોતે ત્રિકાળી તત્ત્વ છે, શાશ્વતતત્ત્વ છે, ધ્રુવ છે, પરમભાવ છે, પરમતત્ત્વ છે, જયંવતી શાશ્વતી ચીજ છે. એમાં જો તારી બુદ્ધિ ગઈ હોય એટલે તારી બુદ્ધિનો પ્રયત્ન સ્વરૂપ તરફ જો હોય તો **ભવથી ને ભોગથી પરાઙ્મુખ થયેલા હે યતિ!**... મુનિને ઉદ્દેશીને વાત છે. ... આત્માને એ કહે છે. ભવ ને ભવના ભોગ... ચાર ગતિના ભોગ અને ભવ—એનાથી જો પરાઙ્મુખ હો અને આ બાજુમાં લીનતા હો, જ્ઞાનનું ભાન હો... ઝીણી વાત છે ભાઈ! આ દુનિયા કરતાં વાત જુદી છે.

**તું ભવહેતુનો વિનાશ કરનારા...** ભવના હેતુ જે મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષભાવ, જે દુઃખરૂપભાવ છે, એને વિનાશ કરનારા **એવા આ (ધ્રુવ) પદને ભજ...** જે શાશ્વત વસ્તુ આત્મા, ધ્રુવવસ્તુ આત્મા, પરમાત્મતત્ત્વ આત્મા, પરમતત્ત્વ આત્મા, પરમભાવ આત્મા—એવું જે

ધ્રુવસ્વરૂપ એને ભજ. એનું ભજન એટલે એમાં એકાગ્ર થા. પોતે નિજસ્વરૂપે પરમાત્મસ્વરૂપ જ છે. ધ્રુવસ્વરૂપ પરમભાવસ્વરૂપ... એક સમયનો પર્યાય તો અપરમભાવ છે. પૂર્ણસ્વરૂપ પરમાત્મ ધ્રુવ પોતે પરમભાવ છે, એ પરમતત્ત્વ છે. એક સમયનો પર્યાય અપરમતત્ત્વ છે. એ પૂર્ણ તત્ત્વ નહીં. એવા બે ભાગમાંનો એક પરમતત્ત્વ એવો જે તારો સ્વભાવ પરમાત્મસ્વભાવ એને ભજ. ધ્રુવને ભજ, ટકનારને ભજ. ભગવાનને ભજવું નહીં. ભગવાન તો પર રહ્યા. તારો ભગવાન અહીં પરમાત્મ... કહેશેને, જુઓને! આગળ કહેશે. 'પરમાત્મતત્ત્વ' એમ કહેશે. છેલ્લા કળશમાં છે. એ પરમાત્મતત્ત્વ છે. આહાહા!

તારું શક્તિનું તત્ત્વ પરમાત્મતત્ત્વ છે. વસ્તુ છેને. આદિ-અંત વિનાની ચીજ છે. ભલે એની પર્યાય–અવસ્થા પણ અનાદિની છે. અવસ્થા છેને એ અનાદિની છે, પણ એ એકરૂપ નથી. આ વસ્તુ પરમાત્મતત્ત્વ એકરૂપ અનાદિનું છે. સમજાણું કાંઈ? વસ્તુ ધ્રુવ અને એક સમયની પર્યાય અધ્રુવ. પર્યાય ને દ્રવ્ય બેય અનાદિના છે, છતાં પર્યાય છે એ અનિત્ય છે, અસ્થિર છે, પલટતી છે, અધ્રુવ છે. વસ્તુ છે એ પરમતત્ત્વ છે, પરમભાવ છે, પરમાત્મા છે. આહાહા! એક સમયની વર્તમાન અવસ્થામાં લટકી લંબાઈ ગયો. આ લાંબો આઘો ગયો તો રાગ ને નિમિત્તની માળામાં ગયો એ. સમજાણું કાંઈ? કેમકે પર્યાયની પાછળ મૂળ ચીજ જે છે ગુપ્ત ચૈતન્યચમત્કાર, જેની એક સમયની પર્યાય પ્રગટ થતાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે— એવી અનંતી પર્યાય જેના ચમત્કારમાં પડી છે. આહાહા!

હજી તો એ કેમ છે એ વાત બેસી કઠણ. પહેલી બુદ્ધિ માંડ બેસે. પહેલું તો એ લીધું બુદ્ધિમાં કે જો તને આને લીનતા હોય તો હવે એને ભજ. આહાહા! તારા જ્ઞાનની વર્તમાનદશામાં આ ચીજ જે ધ્રુવ નિત્ય છે એ તરફનું જો તનો જ્ઞાન થયું હોય અને એમાં તારી જ્ઞાનની એકાગ્રતા હોય તો હવે એને ભજ. એના ભજનથી તને સુખની પૂર્ણ દશા થશે. હવે આમાં કરવું શું? આ કરવું નથી? એક સમયની અવસ્થા ને રાગમાં જે ... દૃષ્ટિ ને જ્ઞાન પડ્યું છે, એને અહીં ધ્રુવ પરમપદાર્થ ભગવાન, પરમાત્મા પોતે ધ્રુવસ્વરૂપ એના તરફ દૃષ્ટિ કરવી એ કરવાનું નથી? કહો, સમજાણું કાંઈ? એ કરવાનું કર્યું નથી એટલે સૂઝતું નથી. એ કરવાનું છે એવું એને માહાત્મ્ય આવતું નથી. આહાહા!

એકલડો એકકોર રહી ને અંદરમાં જા. કોઈની તને જરૂર છે નહીં, એમ કહે છે. વાત હજી તો સાંભળવા મળે નહીં, એના ખ્યાલમાં....... એમાં પાછું આવું તત્ત્વ એક સેકંડના અસંખ્ય ભાગમાં પોતે પરમાત્મતત્ત્વ ધ્રુવ આદિ-અંત વિનાની ચીજ પોતે છે. વસ્તુ છે, સત્તા છે, હોવાપણે એ વસ્તુ છે. એ હોવાપણાવાળી વસ્તુ તો અનાદિ-અનંત છે. પર્યાય ભલે અનાદિ-અનંત હો, પર્યાય અનાદિની છે, કાંઈ નવી નથી, પણ પર્યાય તે એકરૂપ ન રહેતી અનાદિ-અનંત છે. આ એકરૂપ રહેતું અનાદિ-અનંત છે. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે

ભાઈ! આહાહા! .... છોકરાઓ દર્શન કરવા આવે છે. આશીર્વાદ આપો મહારાજ! સમ્યગ્દર્શન થઈ જાય. .......... .......... આશીર્વાદ આપો મહારાજ! ............ આહાહા!

સારું થવાને, મારું સારું થાય એવી આશા છે, પણ સારું કોને કહેવું અને સારું થાય તો શું થાય—એની ખબર નથી. ધૂળમાંય નથી. ત્યાં રોકાઈ જાય જ્યાં દસ-દસ હજારના પગાર હોયને મહિને. અમેરિકામાં ભંગિયાને મળે છે દસ હજારનો પગાર. એમાં શું છે? તારાચંદભાઈ! હા, હા, ત્યાંનો ભંગિયો નોટો લઈને આવે, દસ હજારનો પગાર મહિને. અહીંનો છોકરો દસ હજાર થાય ત્યાં, આહાહા.. દસ હજાર. એય! ધૂળેય નથી, સાંભળને! ત્યાંના ભંગડીયું, ભંગિયાના દસ હજાર પગાર હોય. ખર્ચ કેવા.... એમાં જાણે અમે વધી ગયા ઓહોહો! માથે સુટ, બુટ. અરે! આ દેશ તો જો તું. અંતરમાં અસંખ્યપ્રદેશી આનંદઘનધામ. એય! આહાહા! તારો દેશ–સ્વદેશ તો, અસંખ્ય પ્રદેશ છે એ સ્વદેશ છે. ધીરુભાઈ! અહીં તો આવી વાત છે. .... છોકરા રખડે છેને. પણ એ રખડતા.. રખડતા.. ..... આ તો બધે એમ છેને. ... બધા ઘણા હોયને. મહારાજને મોટપ દેખાય. મહારાજ! અમેરિકા જવું છે. .... આશીર્વાદ આપો.

સુખી થવું છે? કઈ રીતે સુખી થવું છે? પૈસા મળે એને ... લઈને સુખી છો? એ તો આકુળતા છે. રાગની આકુળતાની એને ખબર નથી. આહાહા! સર્પનો દાખલો આપ્યોને. સર્પ. તેલમાં પડ્યો અડધો સર્પ. ..... ગાંઠિયા કે ભજીયા થાતા હશે. ....... તેલનો ધુમાડો, ઉપર સર્પ જાતો હતો. અડધો પડ્યો કડાયામાં તેલમાં ને અડધો પડ્યો બહાર. આકુળતા તો છે, પણ આકુળતા કેમ છોડવી ક્યાં, ખબર ન મળે. એને કાઢ્યો બિચારાને. આમ કરીને ચૂલામાં ગરી ગયો. હળહળતી અગ્નિ હતી એમાં ગરી ગયો. રાખ. કેમ કે આકુળતા ક્યાં નથી એ ભાન જ ન મળે. આકુળતા છે કે નહીં અને આકુળતા કેમ છૂટે એની ખબર ન મળે. એ આકુળતાના ઘરમાં જઈને આકુળતા છોડવા માગે છે. આહાહા!

અનાકુળ ચીજ કોણ છે અંદર? એકલો આનંદનો અતીન્દ્રિય રસનો કંદ આત્મા છે. પરમસ્વરૂપ એટલે કે આનંદનું પરમસ્વરૂપ જે સદશરૂપ અનાદિથી ચાલ્યું આવે છે. એમાં એને ગમે એવા પાપના પરિણામ આકરામાં આકરા થયા તો પણ કાંઈ હાનિ થઈ નથી અને નિર્મળમાં નિર્મળ દશા કેવળ ઉત્કૃષ્ટ થાય તો પણ એમાં કાંઈ વધારો–પુષ્ટિ થતી નથી, એમાં લાભ નથી. એ તો છે એ છે. સમજાણું કાંઈ? એ શું કહ્યું? આત્મા જે વસ્તુ છે, જે ધ્રુવ છે, એ સત્ છે, એ આદિ-અંત વિનાનો છે, સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છે. સમજાણું કાંઈ? એમાં ગમે એટલા પરિણામ પાપના ગૃહીત ને અભવિ જેવા મિથ્યાત્વના ભાવ થાય તો પણ વસ્તુમાં તો બગાડ થાતો નથી. આહાહા! અને એ વસ્તુમાં કેવળ થાય, સિદ્ધપદની પર્યાય થાય તો એ

વસ્તુમાં કાંઈ સુધારો થતો નથી. વસ્તુ તો એવી ને એવી છે પરમ પરમાત્મસ્વભાવ સદૃશ-સ્વભાવ, ધ્રુવસ્વભાવ.

અરે! એણે આ સાંભળ્યું નથી. એને એની ખબરેય નથી. એક પર્યાયમાં લક્ષ ને વેપારમાં આવી, કોની આ પર્યાય છે, કોની આ પર્યાય છે—એને ગોતવાને નવરો થયો નહીં. સમજાણું કાંઈ? એ પર્યાય..... મોટો પંડિત આવ્યો, પર્યાયમાં વાંધો. ગજબ છેને. એક પંડિત હતા મહારાષ્ટ્રમાં. સુબોધ શાસ્ત્રી. ....... ..... મોટો પંડિત ભણેલો. પર્યાય? ... એય! એ તમારો ઓલો....... ....... બગાડી ચાલ્યા ગયા. અહીં તો કહે છે કે ગમે તેટલો, પર્યાયમાં–અવસ્થામાં–હાલતમાં–દશામાં–ચાલતી દશામાં ગમે એટલો બગાડ હો, વસ્તુમાં બગાડ થતો નથી. એવા ધ્રુવને ભજ, અહીં કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? અને ધ્રુવમાંથી આનંદ આદિની અનંતી પર્યાય પૂર્ણ પ્રગટ થાય, (તો પણ) એ તો છે એ છે. ત્યાં કાંઈ ઓછું થાતું નથી, તેમ પર્યાયની નિર્મળતાથી દ્રવ્યને લાભ થતો નથી. દ્રવ્યને લાભ થતો નથી.

એ તો દ્રવ્યસ્વરૂપ લાભ હયાતીવાળું છે. **द्रव्यात्मलाभ हेतुकः परिणामः** (પંચાસ્તિકાય ગાથા ૫૬). 'દ્રવ્યસ્વરૂપ લાભ' છેને એ. લાભહેતુક સ્વરૂપ છે, હયાતી લાભ (એટલે) એમ ને એમ છે. દ્રવ્યમાંથી લાભ એટલે પ્રાપ્તિ એમ ને એમ છે. દ્રવ્યના સ્વરૂપની પ્રાપ્તિ એટલે લાભ એમ ને એમ છે. એ લાભસ્વરૂપ જ છે. પ્રાપ્તિસ્વરૂપ જ છે, ધ્રુવસ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? એવા સ્વરૂપનું જો તને જ્ઞાન થયું હોય, એમ કહે છે. ભવમાં ભોગ... ભવ અને ભવના ભોગ... ભવ ને ભોગ એનાથી પરાઙ્મુખ... આનું જ્ઞાન થયું તો સન્મુખ, ભવભોગથી પરાઙ્મુખ. હે આત્મા! યતિ શબ્દે .... વાત કરી છે. **તું ભવહેતુનો વિનાશ કરનારા**... અરેરે! ભવના કારણ જે મિથ્યાત્વાદિ અજ્ઞાન, એનો **નાશ કરનારા એવા આ (ધ્રુવ) પદને ભજ**... લ્યો, ધ્રુવપદ એનું નાશ કરનાર છે. ...... વાત છે. સમજાણું કાંઈ?

નિત્યાનંદ ભગવાન એના ઉપર દૃષ્ટિ કરતાં, એકાગ્ર થતાં, ભવભયનો નાશ થાય ને એકાગ્રતાની–સ્થિરતાની ઉત્પત્તિ થાય. ભારે વાત ભાઈ! **આ ધ્રુવ પદને ભજ**... એ એવું ને એવું પરમાત્મતત્ત્વ રહ્યું છે. તારા જ્ઞાનમાં પહેલું અનુમાન તો કર કે આ વસ્તુ છે એની વર્તમાન પર્યાય એટલે હાલત એ તો બદલતી છે. એ બદલતી કોને આશ્રયે બદલે છે? કોના ઉપર બદલે છે? એ શું ચીજ છે? સમજાણું કાંઈ? એવા ધ્રુવ પરમતત્ત્વમાં લીનતા એટલે એકાગ્રતા જેની–જ્ઞાનની છે... એવા ભવભયથી પરાઙ્મુખ થઈ આમાં વસ. એ ધ્રુવને ભજ, તું ભગવાન થઈશ. ધ્રુવને ભજ તો ભગવાન થઈશ. અધ્રુવને ભજ તો નરક-નિગોદમાં જઈશ. સમજાણું કાંઈ? આહાહા! આવો ધર્મ કેવો? આહા!

અરે! **અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?** આહાહા! પરચીજ તો દૂર રહી, પણ તારામાં થતા રાગાદિ અધ્રુવ છે. અરે! એક સમયની પર્યાય અધ્રુવ છે. એની ચિંતાથી તારે

શું કામ છે? આહાહા! અરે! મોટો પ્રભુ પરમાત્મા બિરાજે છે, તારા સ્વરૂપે તું છો. એની સામું જો તો ખરો! એક બાયડી પરણીને આવે ને મળે એટલે એની સામું જોયા જ કરે, જોયા જ કરે, જાણે શું હશે? સમજાણું? એક અમારે હતો પાળિયાદમાં. દશાશ્રીમાળી. તમારા જોબાળીયા. કેટલા વર્ષ થયા? ઘણા વર્ષ થયા. ૭૫ની વાત છે. એ પરણીને આવ્યો ત્યાં દુકાને આવે નહીં. જાણે શું ભાળ્યું હશે એમાં? જોયા જ કરે, ... ધોતી હોય જોયા કરે. ....... કરેને ..... સાફ કરેને. ............. ૫૪ વર્ષ થયા. આહાહા! એવું સાંભળેલું ત્યાં. ........ ૫૪ વર્ષની વાત છે. આહાહા!

એલા! એને જોવા નવરો થા. આ તો જો, એ કોણ છે જોનાર? એ જોનારની પર્યાય પાછળ જોનાર કેવડો છે એ? આહાહા! હજી એનું અસ્તિત્વ છે આવું, એ પણ પ્રતીતમાં ન આવે, એ જોવા સ્થિર ......? આહાહા! એ શેઠ! અહીં તો આવી વાતું છે. આહાહા! દુનિયાથી બીજી જાતની છે. આહાહા! ભાઈ! તને તત્ત્વની જો રુચિ હોય થઈ હોય, તો આવું એક તત્ત્વ છે એવી બુદ્ધિ થઈ તો એને ભજજે હોં. આહાહા! એવો પરમાત્મા તું પોતે જ છો. અંદર આવી ગયું છે. ટીકામાં આવી ગયું છે. આવ્યું છે. પરમાત્માને નિશ્ચયથી નિરાલંબનદશામાં... **નિશ્ચયથી આત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે**. એ પરમાત્મા એટલે આ આત્મા. આહાહા!

નિશ્ચયથી પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ, આદિ-અંત વિનાની ચીજ, એને પરદ્રવ્યનું આલંબન છે જ નહીં. એ નિરાલંબ પરમાત્મા છે. આહાહા! એવા પરમાત્માને ભજ ને. તારો પરમાત્મા હોં. બીજો ભગવાન અરિહંત ને સર્વજ્ઞે કહ્યો એ તીર્થંકર તો એના ભગવાન છે. બહુ વાત ..... અરે! **અધ્રુવ વસ્તુની ચિંતાથી તારે શું પ્રયોજન છે?** પર્યાયનો અંશ ને રાગાદિ એની ચિંતાથી તને શું લાભ છે? તારું પ્રયોજન એમાં શું સિદ્ધ થાય છે? એમ કહે છે. તારે સુખ જોઈતું હોય તો એ પ્રયોજન તો ધ્રુવના ભજનથી થાય છે. એ ૬૫ કળશ થયો. (હવે) ૬૬.

જે ભગવાનની વાણીમાં પૂરો ન આવે એ કેવો હશે? એણે જોયું છે કે દિ'? વિચાર કર્યો છે કે દિ'? સર્વજ્ઞદેવ.. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..' વસ્તુ છે ને. વસ્તુ સ્વભાવ.. સ્વભાવ... સ્વભાવવાન છેને અને સ્વભાવ છે. એ વસ્તુનું શું કહેવું! આહાહા! સ્વભાવિક વસ્તુ છે. સ્વભાવવાળો પદાર્થ છે. એ ચીજ છે એને શું? એને આદિ શું, એની ઉત્પત્તિ શું, એનો નાશ શું, એનો કર્તા શું, એને આલંબન પરનું શું? છે એ છે. એને ભજ. આહાહા! એક શ્લોકે પાર કરી નાખે એવું છે. આહાહા! એવું કરી નાખ્યુંને અંદર...... બહારમાં રખડારખડ કરતા, અંતરમાં જવાને......... આ કરું, આ કરું, આ કરું, દયા પાળું, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું, દાન કરું, વાંચન કરું, શ્રવણ કરું. બહારમાં ગોઠવાઈ ગયો બહાર. આહાહા! બહારમાં ગોઠવાઈ ગયો એટલે ગોઠ્યું ત્યાં ગોઠવાઈ ગયો. આહાહા!

પૈસાવાળાને સખ ન મળે. ગરીબ માણસ તો બિચારા રળે, .... આણે તો કેટલાય માટલા ધોયા હોય. માટલા શું, પોટલા. ........ જેટલું જોઈતું હોય ..... આ તો કેટલાય પોટલા. આહાહા! ધૂળમાંય નથી. જ્યાં બે-પાંચ કરોડ થાય, જ્યાં પચાસ લાખ થાય ત્યાં આહાહા... મોટો મૂર્ખ છો, સાંભળને હવે! પરવસ્તુમાં તને સુખની કલ્પના છે, મૂર્ખાઈનો મોટો ... છો. આહા! ઢ.. ઢ.. 'ઢ' યાદ આવ્યું. ...... કેટલામો અક્ષર છે? (ચૌદમો). કોર્ટમાં વાત કરતા અકસ્માત ઓલો વકીલ બોલ્યો. વકીલ હતો એ. ..... રાજકોટ. ત્યાં ડેલાની સામે રહે છે. ............. કોર્ટમાં કેસ ચાલતો હતો એમાં વચમાં બોલ્યો, સાહેબ! એ તો બારાખડીનો ચૌદમો અક્ષર છે. ઓલા વિચાર કરે, આ શું કહે છે? એટલે ઢ. આ શું કીધું? .... એ બારાખડીનો ચૌદમો અક્ષર છે. બધા ગોતવા મંડ્યા કે આ છે શું? ક, ખ... સમજાય છે? 'ઢ' નહીં આતા? ક, ખ,ગ, ઘ, ઞ.... 'ઢ'નો અર્થ મૂર્ખો. એમ કહેવા માગતા હતા. આ તો 'ઢ' છે. આહાહા!

શ્રોતા : મહેનત કરીને કમાવે એને મૂર્ખ કહો છો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૂર્ખના મોટા (સરદાર). આ મહેનતું કરીને બીડીમાં સાઈકલ ફેરવી-ફેરવીને. એના વિના મળ્યું હશે? ધૂળેય નથી. મળે છે ક્યાં? તમારી પાસે છે કાંઈ? અહીં તો 'મને મળ્યું' એ મમતા છે તમારી પાસે. પૈસા ત્યાં પડ્યા રહ્યા સાગરમાં. મકાન ત્યાં પડ્યું રહ્યું. કહો, સમજાણું કાંઈ? એય! આહાહા! ચૌદ બ્રહ્માંડના દ્રવ્યો બધા પડ્યા હો, ભગવાન તો એનાથી નિરાળો છે. જેને પર્યાયનો સંબંધ નથી એને પરનો સંબંધ શું હોય? આહાહા! એક સમયની અવસ્થા એનો સંબંધ એનામાં નથી. આહાહા! એવી ચીજ જ છે. જો આ રીતે ન હોય તો કોઈ ચીજ સાબિત થાય નહીં. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તને ધ્રુવ લગની લગાડને. જેમાં સુખનો સાગર ભર્યો છે. એમાં એકાગ્ર થતાં આનંદનો અનુભવ થશે અને એ આનંદની અનુભવની ધારા વધતાં વધતાં પૂર્ણ આનંદ પ્રગટ થશે. આહાહા! એટલે વચમાં રાગાદિની ક્રિયાઓ આવે એ કાંઈ મોક્ષનું કારણ નથી. અનાકુળ આનંદ ને ધ્રુવ તત્ત્વ એને ભજતાં જે અતીન્દ્રિય આનંદ આવે, એ અતીન્દ્રિય આનંદ જ પૂર્ણ આનંદનું કારણ છે. એ બધું એમાં ને એમાં સમાય છે. સ્વભાવવાન, સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિનું કારણ. આહાહા! સમજાણું કાંઈ? (કળશ) ૬૬.

**समयसारमनाकुलमच्युतं**
**जननमृत्युरुजादिविवर्जितम् ।**
**सहजनिर्मलशर्मसुधामयं**
**समरसेन सदा परिपूजये ॥६६॥**

હે ભગવાન! **શ્લોકાર્થ : જે અનાકુળ છે**... વસ્તુ પરમતત્ત્વ ધ્રુવ પોતે અનાકુળ છે. આકુળતા નથી એમાં, આકુળતાની ગંધ નથી એમાં. આનંદસ્વરૂપ છે. **અચ્યુત છે**... પોતાના તત્ત્વથી કોઈ દિ' ખસ્યું નથી. આહાહા! અસ્ખલિત—એ નિજસ્વરૂપથી નહીં ખસેલું. સ્ખલના ન પામે એવી ચીજ એમ ને એમ છે. સમજાણું કાંઈ? નિજસ્વરૂપ ધ્રુવતત્ત્વ જ્ઞાયકભાવ પરમભાવ એ સ્વરૂપથી કેમ ખસે? આહાહા! જે પર્યાયમાં આવતો નથી એ ક્યાંથી ચળે? અરે! મનુષ્યના ભવમાં કરવાનું આ છે—એ સાંભળવાનું મળે નહીં, એ કે દિ' બિચારા સમજે ને કે દિ' કરે? એમ ને એમ જીંદગીયું જાય. બહારની હૂંફમાં .... કૂતરી બચ્ચા મરે એમ મરીને જાય ઢોરમાં. અહીં તો આવું છે બાપા! આહાહા! ભગવાન આત્મા અંદર વસ્તુ છેને સત્. સત્ પરમતત્ત્વ પરમાત્મતત્ત્વ પરમપદાર્થ ભાવ એ અનાકુળ છે.

**અચ્યુત છે...** પોતાના સ્વરૂપથી–સત્તાથી–સત્તાપણામાંથી કદી ખસ્યો નથી. આહાહા! **જન્મ-મૃત્યુ-રોગાદિ રહિત છે...** પરમાત્મસ્વરૂપ જે ધ્રુવ છે ત્યાં જન્મ-મરણ-રોગાદિ કેવા? જન્મ-મરણ, રોગાદિ એ તો બધું પર્યાયમાં છે. વસ્તુ તો વસ્તુ છે. જન્મ-મરણ, રોગ છે એનાથી પ્રભુ પોતે ધ્રુવતત્ત્વ પરમપદાર્થતત્ત્વ પરમાર્થતત્ત્વ તો રહિત છે. રહિત છે માટે એનો આશ્રય લઈ રહિત થઈ શકાય છે. કહો, સમજાણું કાંઈ? **સહજ નિર્મળ સુખામૃતમય છે...** ઓલું 'અનાકુળ છે' એ તો નાસ્તિથી કહ્યું. અનાકુળ એટલે શું? **સહજ નિર્મળ સુખામૃતમય છે**... આહા! સ્વભાવિક નિર્મળ સુખરૂપ અમૃતનો પિંડ છે એ તો. આહાહા! કેમ બેસે? જેના હોવાપણામાં અનાદિ-અનંત પરમ પદાર્થ સ્વભાવિક નિર્મળ સુખ અમૃતમય છે. નિર્મળ સુખ અમૃતમય. દુનિયાના સુખ તો દુઃખમય છે. આ તો સુખમય અમૃતની વાત છે.

એવો જે ભગવાન આત્મા તેને અહીંયા સમયસાર કહે છે. તેને અહીં સમયસાર કહે છે. **તે સમયસારને...** આવો જે સમયસાર ધ્રુવતત્ત્વ ભગવાન... મારી નજર ત્યાં ગઈ છે. મારી નજર જે અહીં પર્યાય ને રાગ ઉપર હતી એ ગઈ અહીં હવે. આહાહા! **તે સમયસારને હું સમરસ (સમતાભાવ) વડે**... આહાહા! વીતરાગી પરિણતિ દ્વારા હું એને **સદા પૂજું છું.** (અર્થાત્) એનો આદર કરું છું. મેં ભગવાનની પૂજા કરી પોતે. વસ્તુ ધ્રુવ નિત્યાનંદ અસ્તિ, એની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ સમતાભાવ છે. એ વડે હું આદરું છું ને પૂજું છું. મારો પૂજ્ય ભગવાન મારી પરિણતિથી પૂજાય છે. દુનિયાથી આ ભાષા જુદી. સોનગઢની છે કે આ શાસ્ત્રની છે? એમ કે બીજાથી બીજી જાત છે એમ કહેવા માગે છે. ......... આહાહા! ...... આહાહા! જે હતું તે હતું.

પરમાનંદનો નાથ સુખમયસ્વરૂપ અમૃતમય સુખમય છે. આહાહા! જેમ આ વજ્રમય, તેમ ધ્રુવમાં અનંત આનંદ વજ્રમય પડ્યો છે. **તે સમયસારને**... મુનિરાજ પોતે કહે છે. દિગંબર મુનિ છે, જંગલવાસી છે. આવો જે ભગવાન સમયસાર નિત્યાનંદ ધ્રુવ એને હું સમતાભાવરૂપી નિર્મળ વીતરાગી પર્યાય એટલે મોક્ષમાર્ગની પર્યાય, આહાહા! (અર્થાત્) એવા પૂર્ણ સ્વરૂપની

શ્રદ્ધા, પૂર્ણનું જ્ઞાન ને પૂર્ણની રમણતા એ દ્વારા એને હું આદરું છું અને પૂજું છું. આહાહા! ભગવાનની પૂજા એકકોર રહી ગઈ. તું તારો ભગવાન છો, પૂર્ણ ઈશ્વર છો, એ ઈશ્વર પૂર્ણ તું છો. આહા! તારી ઈશ્વરતામાં પામરતાનો અંશ નથી. એક-એક ગુણનો ઈશ્વર છે. આહાહા! એવા અનંત ગુણની શક્તિ–સત્ત્વ એને ભજ. એને હું સેવું છું, એની હું પૂજા કરું છું. ઠીક! ઓલામાં 'ભજન' હતું, અહીં 'પૂજા'. એ તો એકની એક શૈલી છે.

એને પૂજું છું. આહાહા! એ મુનિરાજ પોતે કહે છે. મુનિની આવી દશા હોય છે. મુનિ એને કહીએ કે જે ધ્રુવતત્ત્વને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પર્યાય દ્વારા આદરે છે. એ પંચમહાવ્રતને આદરતો નથી એમ કહે છે. અહીં તો પર્યાયને પણ આદરતો નથી. પર્યાય વડે આને પૂજું છું. આહાહા! આવી ચીજ, અરે! એને કાને ન પડે, એને સમજાય નહીં, કાને પડે તો સમજે. અરે બાપા! આવો સત્ય મહાપ્રભુ ન સમજાય એમ કેમ કહેવાય? ન સમજાય એમ કહેવું ન શોભે. આહાહા! સંસારમાં બધા એમ.એ., એલ.એલ.બી.ના પૂછડાં નથી લગાડતા? આ વકીલો બધા એલ.એલ.બી.ના પૂછડાં, ડોક્ટર એમ. એ.ના, બીજા મોટા-મોટા હશેને કાંઈ? બી.એ. ને બીએસ.સી. એવું ભણાવે, પાછા ત્યાં પરદેશમાં જાય. મા-બાપને મૂકીને ત્યાં રહે. ઘરેય ત્યાં, બાયડી ત્યાં, છોકરા ત્યાં. એમ આત્માનું ઘર મૂકી બધું આ રાગ ને પુણ્ય.... પરદેશમાં ગરી ગયો એ. પરદેશ..... મૂલચંદભાઈને..... આહાહા! એ ૬૬ થયો. ૬૭.

**इत्थं निजज्ञेन निजात्मतत्त्व-**
**मुक्तं पुरा सूत्रकृता विशुद्धम् ।**
**बुद्ध्वा च यन्मुक्तिमुपैति भव्य-**
**स्तद्भावयाम्युत्तमशर्मणेऽहम् ॥६७॥**

આહાહા! મુનિરાજ કહે છે... મુનિરાજ (પદ્મપ્રભમલધારિદેવ કરતા) શ્રી કુંદકુંદાચાર્ય તો હજાર-અગિયારસો વર્ષ પહેલા થઈ ગયા. એમને યાદ કર્યા, પણ નિજજ્ઞ કહીને યાદ કર્યા. અમે જાણીએ છીએ કે એ ભગવાન આત્માના જાણનાર હતા. આહાહા! એય ચેતનજી! ચાલ્યું હતુંને ત્યાં મંદસોર. આપણે શું જાણીએ કે કુંદકુંદાચાર્યને સમકિત હતું? વાણી તો અગિયાર અંગવાળા પણ એવી વાતું કરે. અરે ભગવાન! શું કહે છે? એમ કે અગિયાર અંગવાળા પણ આવી વાતું કરે છે. આહાહા! આ વાતું જુદી છે. **निजज्ञेन** શબ્દ મૂક્યો છે. મુનિ કહે છે કે કુંદકુંદાચાર્ય **निजज्ञ**—આત્માના જ્ઞ-જાણનાર હતા, એ આત્મજ્ઞાની હતા. અગિયારસો વર્ષનો ફેર ને તમે નક્કી કરી લીધું પરનું? અરે સાંભળને! આ પહેલા સિદ્ધ થયા એનું મૂળ કારણ તો આત્મા... સિદ્ધ થયા આ રીતે. આહાહા! સમજાણું કાંઈ? આત્માની તાકાત કેટલી છે એને હજી ઓળખતા ન આવડે, એને આત્મા ઓળખતા કેમ આવડે? સમજાણું કાંઈ?

મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત જંગલમાં વસનારાએ કહ્યું, **શ્લોકાર્થ : એ રીતે પૂર્વે નિજજ્ઞ સૂત્રકારે...** નિજજ્ઞ–નિજસ્વરૂપના અનુભવી. કેવા (હતાં) સૂત્રકાર કુંદકુંદાચાર્ય?

**(આત્મજ્ઞાની સૂત્રકર્તા શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવે)** આહાહા! **જે વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...** જે વિશુદ્ધ નિર્મળ... અહીં 'વિશુદ્ધ' આવ્યું. ઓલો 'વિશુદ્ધ' શુભભાવના અર્થમાં હતો. ... **વિશુદ્ધ નિજાત્મતત્ત્વનું વર્ણન કર્યું...** એક તો આત્મજ્ઞાની, સૂત્રકર્તા, ભગવાન કુંદકુંદાચાર્યદેવે વિશુદ્ધ નિજાત્મતત્વનું વર્ણન કર્યું. નિર્મળ આત્મતત્ત્વ ભગવાન ચૈતન્યહીરો.. ચૈતન્યહીરો.. ઓલો પત્થરનો હીરો. એવો ચૈતન્યનો હીરો એની જે વાત ભગવાન કુંદકુંદાચાર્યે કહી... આહાહા! **અને જેને જાણીને...** ભગવાન કુંદુકંદાચાર્યે કહ્યું એને જાણીને **ભવ્ય જીવ મુક્તિને પામે છે...** લાયક પ્રાણી આ જાણીને મુક્તિને પામે છે. આહાહા! 'જાણીને' એટલા શબ્દ.... **જેને જાણીને ભવ્ય જીવ...** જાણીને, શ્રદ્ધીને, ઠરીને બધું ભેગા..... આહાહા!

ભગવાન આત્મા, એ પર્યાયનો વિષય ધ્રુવ, વર્તમાનદશાનો વિષય ધ્રુવ એને ભગવાન કુંદકુંદાચાર્યે જે સમજાવ્યું, વર્ણન કર્યું. છેને એમાં ૪૩ ગાથામાં. **જેને જાણીને ભવ્ય જીવ મુક્તિને પામે છે...** લાયક પ્રાણી... આત્માની પરમાનંદની દશા, એ મુક્તિ એટલે પરમાનંદની દશા. સંસાર એટલે દુઃખની દશા. મોક્ષનો માર્ગ એટલે અપૂર્ણ આનંદની દશા, મુક્તિ એટલે પૂર્ણ અતીન્દ્રિય આનંદની દશા. એને-મુક્તિની પર્યાયને પામે છે. આવા દ્રવ્યનું જેણે જ્ઞાન, દર્શન ને ચારિત્ર કર્યું, એ મુક્તિરૂપી પર્યાયને-નિર્મળ આનંદની પર્યાયને પામે છે.

**તે નિજાત્મતત્ત્વને...** એવું જે નિજાત્મતત્ત્વ ધ્રુવતત્ત્વ ભગવાન વસ્તુ. **ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે...** ઓલામાં 'ભજું છું' હતું, ઓલામાં 'પૂજું છું' હતું, આમાં 'ભાવું છું'. આવા અર્થે **હું ભાવું છું.** આવા સ્વરૂપની ભાવના એટલે એકાગ્રતા કરું છું. આહાહા! આ તો ચૈતન્યહીરાની લ્હાણી છે. ...... પેંડો ને સાકર લેવા જાય, લાવો, મને આપો.. મને આપો.. મને આપો. હું રહી ગયો છું, મને આપો. આમાં તું રહી ગયો નથી. મને આપો, મને આપો એમ કહે છેને અંદર. આહાહા! ભગવાન આત્માને શું કરવા ભાવું છું? ઉત્તમ સુખની પ્રાપ્તિ એટલે ઉત્તમ સુખની મુક્તિ, એને માટે ભાવું એ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? આ તો આવી વાતું છે ભાઈ! ભગવાન આત્માની વાત છે. આહાહા!

**નિજાત્મતત્ત્વને ઉત્તમ સુખની પ્રાપ્તિ અર્થે હું ભાવું છું**. મારી એકાગ્રતા-ભાવના સ્વરૂપની છે. ભાવના એટલે અંતરની કલ્પના એમ નહીં. એ શુદ્ધસ્વરૂપ છે એમાં એકાગ્ર થવું, એ પરિણમન શુદ્ધ, એ રીતે હું ભાવું છું. આરે, આવી વાત. કથા હોય, વાર્તા હોય તો કાંઈ સમજાય પણ ખરું લ્યો. એક રાજા હતો પછી આ થયું, પછી રીસાણી રાણી. રાજા મનાવવા ગયો. ઘરે થાતું હોય એવી વાતું કરે તો એને ઠીક પડે. પણ આ ભગવાન રીસાણો છે, એ રાગની રુચિમાં રિસાઈ ગયો, એને ટહેલ મૂકીને મનાવ હવે. કરવટ બદલ. રાગની રુચિને કરવટે અનાદિથી સૂતો... હવે કરવટ બદલ, પાછું ફેરવ. ત્રિકાળી ભગવાન આત્મા તરફ જો, ત્યાં તને આનંદ થશે. આનંદની પર્યાય દ્વારા પૂર્ણ આનંદ ને મુક્તિ થશે. કોલકરાર કર. પોતાને છેને વિશ્વાસ. જરૂર અમે મુક્તિ પામવાના. ભલે પંચમકાળ હો. ..... અમારી મુક્તિ તો થતી જ જાય છે. આહાહા! એ સુખની પ્રાપ્તિ અર્થે ભાવું છું. (કળશ) ૬૮.

**आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं**
**निर्द्वन्द्वमक्षयविशालवरप्रबोधम् ।**
**तद्भावनापरिणतो भुवि भव्यलोकः**
**सिद्धिं प्रयाति भवसंभवदुःखदूराम् ॥ ६८ ॥**

આહાહા! **आद्यन्तमुक्तमनघं परमात्मतत्त्वं... પરમાત્મતત્ત્વ...** ધ્રુવ અચળ અવિનાશી ભગવાન આત્મા, એ **આદિ-અંત વિનાનું છે**... છે એને આદિ શું? છે એના અંત શા? સત્.. સત્ રૂપે ભગવાન પોતે પરમાત્મસ્વરૂપ છે. આહાહા! છોકરી ઓલા છાણા લેવા જાયને છાણ.. છાણ. એક નાનું ટોપલું ભરાયને તો રાજી રાજી થઈ જાય. અને ઘરે માને કહે, બા! છાણ ભારે લાવી. મા કહે, હા, બેટા! છાણ સમજતે હો? ગોબર. એ છોકરી ખુશી થઈ જાય. નાની ટોપલી હોય ને ભરાઈ જાયને. ભેંસ હોય ને મોટો પોદળો મૂક્યો હોય. એ પણ ચડાવો.. ચડાવો થઈ જાય. બા! આખું ટોપલું ભરીને લાવી છું. ત્રણ લોકનો નાથ ત્યાં સંતાઈ ગયો. આહાહા! એમ આને પાંચ-દસ હજાર પેદા થાય... બધા પોદળા જ છે. આહાહા! છોડીયું નાની હોય ને કુકા રમેને કુકા–કાંકરા. એમ આ રૂપિયા કુકા છે...... આહાહા! એનું એ છે બધું. બાળકોની બધી રમતું છે. આહાહા!

આ ભગવાન પરમાત્મતત્ત્વ ક્યાં રમતે ચડી ગયો? ત્યાં તો જો. અહીં આવને, અંદર જાને ભાઈ! તારે રમવાલાયક ચીજ તો એ છે. આહાહા! **દોષ રહિત છે** એ તો. દોષ કેવા? આહાહા! વસ્તુ.. વસ્તુમાં વસેલી અનંત શક્તિ ને ગુણનો સમુદાય એ ચીજ તો નિર્દોષ છે. **નિર્દ્વંદ્વ છે**... એક વસ્તુમાં બીજાનો કંઈ સંબંધ નથી. દ્વૈતપણું અંદર નથી. બધા થઈને (એક) એમ અહીં વાત નથી. એક વસ્તુ અંદર છે એમાં દ્વંદ્વપણું નથી. એવો જે ભગવાન આત્મા **અક્ષય વિશાળ ઉત્તમ જ્ઞાનસ્વરૂપ છે.** એ તો અક્ષય છે–નાશ ન થાય એવું તત્ત્વ છે ત્રિકાળ. વિશાળ.. વિશાળ.. વિશાળ મોટો દરિયો હોયને સ્વયંભૂરમણ સમુદ્ર, એમ અનંત ગુણનો રત્નાકર સ્વયંભૂરમણ સમુદ્ર છે. આહાહા!

**જગતમાં જે ભવ્યજનો તેની ભાવનારૂપે પરિણમે છે...** આવું જે ધ્રુવતત્ત્વ એની રમણતા.. જ્ઞાન, શ્રદ્ધા ને રમણતા દ્વારા પરિણમે છે. પરિણમે એટલે અવસ્થારૂપે વિકારરહિત થાય છે, **તેઓ ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે.** લ્યો, ભવથી ઉત્પન્ન થયેલા દુઃખો. લ્યો, સ્વર્ગના ભવ પણ ઉત્પન્ન થતા દુઃખો. આ કરોડોપતિ, અબજોપતિ શેઠિયા દુઃખી.. દુઃખી બિચારા ભિખારા છે. માંગે છે, પૈસા લાવો, લાવો. મોટા માંગણ. એય! આ અત્યારના માટે છે. બે હજાર સાલ (પહેલા) ભગવાને આ વર્તમાનકાળ માટે કહ્યું છે. આહાહા! એ જૂનો તું ને જૂની તારી વાત. આહાહા! **ભવજનિત દુઃખોથી દૂર એવી સિદ્ધિને પામે છે**.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૬, બુધવાર, તા. ૨૪-૧-૧૯૭૩**
**ગાથા-૪૪, પ્રવચન નં. ૨૦૮**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ. એક સમયની પર્યાય–જે બદલતી અવસ્થા છે એ વિનાનું, નહીં બદલતું આખું તત્ત્વ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. પરપદાર્થ તો પર જુદા છે એની સાથે કાંઈ સંબંધ નથી. સ્વ-આત્માની અંદરમાં... આ શરીર, વાણી, મન એ તો બધા જુદા, કર્મ જુદા છે એની સાથે કાંઈ સંબંધ નથી. એ તો જગતના જુદા સ્વતંત્ર તત્ત્વો બદલી રહ્યા છે એને કારણે.

શ્રોતા : ક્યારે સંબંધ નથી? સિદ્ધ થાય ત્યારેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અત્યારે અહીં. અત્યારે આ જુદી-જુદી ચીજ છે. એ ક્યાં એના ઘરમાં ગરી ગઈ છે? આ શરીર, વાણી, મન એ તો જડ થઈને જડપણે રહ્યા છે. આત્મા થઈને રહ્યા છે આ? કહો, પોપટભાઈ! શું છે?

છોકરાઓ છોકરાઓ થઈને રહ્યા છે કે તમારા થઈને રહ્યા છે? વસ્તુની ખબર નથી. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એમાં આ પરવસ્તુ નથી. પર આત્માઓ, પર શરીરો એ તો પરરૂપે થઈને રહ્યા છે. એ આત્માની કોઈપણ દશા થઈને રહ્યા નથી. હવે આત્માની અંદરમાં બે ભાવ—એક દશા પલટતી અવસ્થા અને એક ત્રિકાળી ધ્રુવ. સમજાણું કાંઈ? એમાં પલટતી અવસ્થા જે છે એ તો એક સમયની છે. બદલતી વિચારધારા, ....ધારા, રાગધારા આદિ. એક સમયની એ પર્યાયનું–અવસ્થાનું સ્વરૂપ છે. એ સિવાય અંદર ત્રિકાળી ભગવાન ધ્રુવ એકરૂપ રહેનાર, બદલ્યા વિના–પરિણમ્યા વિના શુદ્ધ ચૈતન્યઘન એને અહીંયા આત્મા કહેવામાં આવે છે, શુદ્ધભાવ એને કહેવામાં આવે છે. એ શુદ્ધભાવમાં શું નથી એ હવે અહીંયા કહે છે. ૪૪ ગાથા.

**णिग्गंथों णीरागो णिस्सल्लो सयलदोसणिम्मुक्को।**
**णिक्कामो णिक्कोहो णिम्माणो णिम्मदो अप्पा॥४४॥**
**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.**

સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવ પરમાત્મા જેને એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? બે અંશ છેને—એક ત્રિકાળી દળ અને એક અવસ્થા. એમાં એક સમયની અવસ્થામાં સર્વજ્ઞ ભગવાન તીર્થંકરદેવને કેવળજ્ઞાન—એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી પ્રગટ અવસ્થા થઈ. એમાં જણાણું ત્રણ કાળ, ત્રણ લોક.

એમના મુખમાંથી વાણી નીકળી, જિનવાણી, વીતરાગવાણી, ૐ ધ્વનિ. પરમાત્મદશાને પ્રાપ્ત ૐ ધ્વનિ (નીકળી), એમાં નિયમસાર—મોક્ષનો માર્ગ એ એમના ધ્વનિમાંથી આવેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? કહે છે કે કેવું તત્ત્વ છે?

**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,**
**નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે.**

**ટીકા : અહીં (આ ગાથામાં) પણ...** ઘણી ગાથાઓ (આવી) ગઈ છે એટલે 'પણ' આવ્યું છે. **શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.** નિત્યાનંદ પ્રભુ નિત્ય રહેનાર તત્ત્વ, આદિ-અંત વિનાની ચીજ, પરમસત્, એક સમયની પર્યાયના અંશ વિનાનું ત્રિકાળ રહેનારું તત્ત્વ એને અહીંયા શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે, એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. **શુદ્ધ જીવસ્તિકાય...** ભગવાન તીર્થંકર પરમાત્માએ જોયું અને કહ્યું કે **શુદ્ધ જીવાસ્તિકાય**... જુઓ! ભાષા લીધી છે. અસ્તિકાય લીધું છે. અસંખ્ય પ્રદેશી તત્ત્વ છે એ. પહોળું અસંખ્યપ્રદેશી છે. અંગુઠાથી માથા સુધી છેને વ્યાપક ભિન્ન. રજકણ જુદા, ચૈતન્ય અંદર જુદું તત્ત્વ. એ અસંખ્યપ્રદેશમાં છે. (શુદ્ધ-જીવ-અસ્તિ-કાય)—શુદ્ધ, જીવ, છે, સમૂહ. અસંખ્ય પ્રદેશનો સમૂહ શુદ્ધ જીવાસ્તિકાય એને અહીંયા જીવ કહેવામાં આવે છે.

એ વસ્તુમાં **બાહ્ય-અભ્યંતર ચોવીશ પરિગ્રહના પરિત્યાગસ્વરૂપ હોવાથી નિર્ગ્રંથ છે...** વસ્તુ ભગવાન આત્મા, એક સમયની પર્યાય સિવાયની આખી ચીજ નિત્ય ધ્રુવ, એ નિગ્રંથ છે. વસ્તુ પોતે નિગ્રંથ છે. એમાં ગ્રંથ નામ પરિગ્રહનો અભાવ છે. એ નિર્ગ્રંથસ્વરૂપ છે દ્રવ્ય. એનો આશ્રય લઈને પર્યાયમાં નિર્ગ્રંથપણું પ્રગટ થાય એને સાધુ ને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. આહાહા! ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવ સચ્ચિદાનંદ—સત્–શાશ્વત, ચિદ્–જ્ઞાન ને આનંદ એવું એનું સ્વરૂપ છે. એ ધ્રુવ સ્વરૂપમાં બાહ્ય પરિગ્રહ નથી, અભ્યંતર પરિગ્રહ નથી. બાહ્ય પરિગ્રહની વ્યાખ્યા. એમાં **ક્ષેત્ર** નથી. નીચે છેને. ક્ષેત્ર–જમીન નથી. અમારે આટલા ખેતર છે, આટલો ગરાસ. ધૂળેય નથી. એ તો એના છે. તારા ક્યાંથી આવી ગયા? આહાહા! વાણીયાને ગરાસ હોય મોટા-મોટા, પણ થોડાને. ભાઈને—માણેકચંદભાઈને નથી પાટીમાં? એણે ... લીધા. વર્ષની પાંત્રીસ-ચાલીસ હજારની ઉપજ ઘરની. પાટી.. પાટી.

આ ભાઈ આપણા નહીં પોપટલાલ? આ શાંતિલાલ ખુશાલના બનેવી, લીંબડીવાળા. શાંતિલાલ ખુશાલ છેને ગોવામાં. ...... બે અબજ ચાલીસ કરોડ. એ એને ઘરે. અહીં તો કોઈકના ઘરના... પોપટભાઈ એના બનેવી કહેતા હતા. એનો બનેવી કહે, આટલા પૈસા છે એની પાસે. પોપટભાઈ આવે છેને આપણે. એની દીકરી બ્રહ્મચારી છેને. એક દીકરી અહીં બ્રહ્મચારી છે. કહો, એ બધા પૈસા.... એના બનેવી પોપટભાઈ. જમીન છે છસો વીઘા પરનાળામાં. પરનાળા

છેને લીંબડી પાસે. એના બનેવી થાય આ. અહીંના પ્રેમી છે, અહીં કાયમ આવે છે. લીંબડીમાં દુકાન છે, છસો વીઘા જમીન છે. ઘણા અમીર....

દામોદર શેઠ લ્યોને, દામનગર. ઘણી જમીન હતી. પહેલે ઘણી હતી, હવે ભાગ પડી ગયા હશે. પહેલા બહુ હતી. બબ્બે હજાર ઘેટાં રાખતા. ઓલા લીંડીયું ... ખેતર પાકે સારા. બધી ખબર છેને. આ ચાવંડ, નહીં? દામનગર પાસે ચાવંડ છે. બધા ફરેલા ને.... એ સિવાય ઘણાને ખેતરો હોય. ઘણા મોટા હોય. તમારે છે? તમારે છે ખરા ખેતર? એ તો ઘણા મકાન છે. લીધા હશે. આને હશે, આને છે. આપણે ગયા હતા ત્યારે ઉતર્યા હતા એ. ઓલા સ્ટેશન ઉપર. મોટો બગીચો છે ભાઈ શેઠીને. મોટા બગીચા છે. ત્યાં ઉતર્યા હતાને. માથે બાંધ્યું હતું. વરસાદ શરૂ થઈ ગયો. વૈશાખ વદ પાંચમ. ધૂળમાં નથી કોઈને. એ તો બધા આત્મામાં નથી, તો તારા ક્યાંથી આવ્યા? ત્યાં પલ્યા રહ્યા હતા. ત્યાં મંગળિક કરવું હતુંને. સ્ટેશનથી ઉતર્યા ને પ્લેનમાંથી ઉતર્યા ને વરસાદના છાંટા આવ્યા.

શ્રોતા : સાધન તો હૈ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળમાંય સાધન નથી. સાધન-ફાધન કેવા? અહીં તો હજી, વસ્તુ અંદર પોતે અંદર ચીજ છે, કાયમ રહેનારો ભગવાન ધ્રુવસ્વરૂપ અનાદિ-અનંત. સત્ છે એને આદિ નહીં, સત્ છે એનો અંત નહીં, સત્ છે એ વર્તમાનથી સ્વભાવથી ખાલી નહીં. આહાહા!

શ્રોતા : કરનેકા કુછ રહા નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી : કરના યે રહા ન? સમ્યગ્દર્શન કરના. પર્યાયમેં અંતર્દૃષ્ટિ કરના વહ કરના. (કરના માને) કૂદના હૈ કુછ? યહાં તુમ ક્યા કરતે હો? તુમ બીડી કરતે હો? તમાકુ ..., મકાન બનાયા? સંકલ્પ-વિકલ્પ કિયા હૈ. સંકલ્પ ને વિકલ્પ. બાકી એ સિવાય શું કરે છે પરનું? પોપટભાઈ! થાણામાં લાદીનું નથી કરતા? આહાહા! શું કરે? ભાઈ! ખબર નથી. એ તો પોતાની સત્તા–હોવાપણામાં સંકલ્પ-વિકલ્પ આદિ મિથ્યાભ્રાંતિ ને રાગ-દ્વેષ કરે. કરે શું? એક આંખની પાપણ ફેરવી શકાતી નથી. એ તો જડ છે. આમ થવું- ન થવું એ તો જડને કારણે છે. આત્માને કારણે છે? આહાહા! પક્ષઘાત થાય છે તો આમ હાથેય હલાવી શકતો નથી. ઘણી પ્રેરણા કરે. ઉં.. ઉં.. એમ થઈ જાય. એ તો જડ છે. એ આત્મામાં નથી કે આત્મા એનું કાંઈ કરે? એનાથી આત્મામાં કાંઈ થાય એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, એને **ક્ષેત્ર** નથી, આ જમીન બહારની. એને **મકાન** નથી. મકાન નથી તમારું આ છ લાખ રૂપિયાનું આરસપહાણનું મકાન? પથરાનું છે આરસપહાણનું. કહો, સમજાણું કાંઈ? અંદર દ્રવ્ય–આત્મામાં નથી, એમ એની પર્યાયમાં પણ નથી એ તો. આહાહા! પોપટભાઈ! ....... આ છ લાખનું આરસપહાણનું મકાન કરાવ્યું છેને સાગરમાં. આવ્યા નથી એમ કહે છે. આહાહા! અહીં તો કહે છે કે ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા જેને

અનંત આનંદ ને અનંત જ્ઞાન પર્યાયમાં પ્રગટ થયા, એ ભગવાન એમ કહે છે કે ભાઈ! તારે વર્તમાન એક સમયની અવસ્થામાં તો આ બહારની ચીજો છે નહીં અને ત્રિકાળીમાં નથી. ત્રિકાળીમાંય નથી ને પર્યાયમાંય નથી. પર્યાયમાં અભ્યંતર પરિગ્રહ છે એ બીજી વાત.. સમજાણું કાંઈ? આહાહા! એને મકાન નથી. મકાન નથી આત્મામાં. એની પર્યાયમાંય મકાન નથી. મકાન મકાનમાં છે. ધૂળ છે એ તો જડ. કહો, સમજાણું કાંઈ? આહાહા! ભારે વળગ્યો છેને પણ. નથી (તારું) ત્યાં ચોંટ્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે **મકાન** નથી, **ચાંદી** નથી. એ ચાંદીના ઠોળિયા–રૂપિયા. રૂપિયા આત્મામાં નથી, એની પર્યાયમાં નથી. અહીં તો દ્રવ્યમાં નથી એમ કહેવું છે. પણ એની પર્યાયમાં એ ચીજ નથી. એ તો બહારમાં છે. ધૂળમાં ધૂળ થઈને રહી છે. આત્માની થઈને રહી છે ચીજ? આહાહા! **સોનું** લ્યો. ચાંદી પછી સોનું આવ્યું. સોનું આત્મામાં નથી, એની પર્યાયમાં નથી. **ધન..** આ પૈસો–લક્ષ્મી. હવે થઈ ગયા કાગળિયા, પણ એ વખતે ધન જ કહેવાય. પણ પહેલા પૈસા હતા રોકડ-નગદ. રૂપિયા હતા. કીધુંને, એકવાર સાયલાનો દરબાર..

ગામના શેઠના દીકરાના લગ્ન હતો. દરબાર ગયેલા ઘરે. એનો દરબારનો દીકરો નાનો. સાયલા દરબાર. એ શેઠની ઓસરી ખુલ્લી હતી. એમાં ચાંદીના રૂપિયાના ભરેલા કોથળા પડેલા. પચાસ-સો કોથળા ચાંદીના. છોકરો કહે દરબારને, બાપુજી! આ શું છે? આ કોથળામાં શું છે? દાણા છે–અનાજ છે? રૂપિયા રોકડ છે, દરબાર કહે છે. એનો નાનો છોકરો આવ્યોને દરબારનો. શેઠીયાના છોકરાના લગ્ન છે. તો અહીં કેમ રાખ્યા ખુલ્લા? અરે ભાઈ! શેઠને આપણા ઉપર એટલો વિશ્વાસ છે કે કોઈ ગામમાં લઈ જાય તો આપણે દેવા પડે એવો વિશ્વાસ છે. આપણે તો રાજા છીએ. આપણા ઉપર એનો વિશ્વાસ બહુ છે. ખુલ્લા રૂપિયા પડ્યા છે. કોઈ લઈ શકે નહીં ત્યાં આવીને. એ વખતે એવું હતુંને. અત્યારે તો રાજા પણ લૂંટારા થઈ ગયાને. ........ આહાહા!

એ વાત કરતા હોં. એ વાત ક્યાંથી નીકળી? એક હતાને માણસ. જેના લગનમાં.... મોટા ગૃહસ્થ છે, ધનાઢ્ય છે. માણસ નોકરીએ હતો સુંદરવળાના અપાસરે. એ સુંદરવળાના અપસારે એક હતો. ઘણા વર્ષ થઈ ગયા. .... લાંબો, સાયલાનો હતો. એના શેઠ હતા ઘણા લાખોપતિ. એ કહેતો, પુણ્ય ખૂટ્યા છે. .... હતો. રૂપિયા વ્યાજે ચડાવ્યા છે, વ્યાજ આવે ત્યારે રોટલા ખાશું. વૃદ્ધ માણસ હતો. કપડાય નહીં. આમ બધે ફરીને રોટલા માગે. એ વખતે વાત બધી નીકળેલી. ઘણા વખતનો પરિચય. આ પ્રમાણે ગામમાં શેઠીયા હતા. દરબાર આવતા. રૂપિયા રોકડ પડેલા આમ. ...... ખુલ્લા ઓસરી ઉપર. બારણું.... એક બારણું સાધારણ. પણ કોના એ? એ જડના. એ શેઠના નહીં. જડ થઈને રહેલા છે. એ આત્માની પર્યાય થઈને રહ્યા નથી. આ તો દ્રવ્યમાં નથી એમ સિદ્ધ કરવું છે. ઓલાની પર્યાયમાં પણ એ નથી.

સોનું, ધન–લક્ષ્મી, **ધાન્ય**... અનાજ.. અનાજ. એ પરિગ્રહ છેને. મર્યાદિત..... ....રાખતો નહીં? ગોંડલ સાધુ હતોને. ..... ગોંડલ. ખડ ને મેથી સાથે રાખતા. પછી મેં કીધું, આ બધું રાખ્યું? .......... એને ત્યાં હતા. ૯૬ની વાત છે. અહીંયા કહે છે, **ધાન્ય**... એ સાથે રાખવું પડે. સાધુ થઈને ધાન્ય રાખે તો એ નિર્ગ્રંથ નથી એમ કહે છે. દ્રવ્યમાં નથી. સાધુને તો પર્યાયમાં અને પર્યાયના સંબંધમાં પણ હોય નહીં. આહાહા! ધાન્ય, **દાસી...** દાસી એ પરિગ્રહ છે. બાઈ કામ કરનારી રાખેને ઘરમાં. કામ કરનારી હોયને વાસણ ઉટકનારી ને વાળનારી. શેઠીયાને ઘરે એક-એક બાઈ હોયને. એ બધો પરિગ્રહ છે. આહાહા! એમ સાધુ થઈને સાથે કામ કરનારો નોકર રાખે એ પરિગ્રહ છે. લૂગડું ન રાખે ને નોકર રાખે.

શ્રોતા : લોકો એને વૈભવ કહે ને આપ એને પરિગ્રહ કહો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય વૈભવ નથી. હોળીના વૈભવ છે. આહાહા! જગતના જડની ચીજો જડમાં રહી છે. ભગવાન આત્મા નિર્મળાનંદ અતીન્દ્રિય આનંદનો નાથ એમાં એ ચીજનો વળગાડ છે નહીં, એની પર્યાયમાં નથી. આહાહા! એવા આત્માને અંદરમાં ઓળખવો, એવી ચીજ છે એને ઓળખીને દૃષ્ટિ કરવી, એનું નામ સમ્યગ્દર્શન ને પહેલી ધર્મની શરૂઆત છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. આહાહા!

જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે પ્રગટ કર્યો, એવો બધાનો આત્મા ભગવાને કહ્યો. એવા શુદ્ધ આત્માને એ બધી દાસી, દાસ આદિ નથી. અંતરમાં શુદ્ધ ચૈતન્યધ્રુવ એની દૃષ્ટિ કરવી, આહાહા! એને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? દાસી, દાસ રાખે. નોકર રાખેને કેટલાક. સાધુ સાથે રાખે એકાદ નોકર–કામ કરનારો. ચર્યામાં જોઈએને એક. છેને, શેઠ ઠીક કહે છે. સાધુ શેના થયા, ચર્યા માટે નોકર જોઈતો હોય તો? .... એને સાધુ કહે. પણ સાધુ ક્યાં હતો? જેને દાસ કરે, ઘરે નોકર કામ કરે એ સાધુ કેવો? પૈસા-બૈસા ખર્ચવા ટાળે લે ને રાખે એ (નોકર). પોતે ન રાખે. એની પાસે રાખે, જોઈતું હોય તો કહે. એ તો એનું એ થયું. એ શેઠ! પૈસા-બૈસા કોઈ આપે ભગવાનદાસ જેવા. ઓલાને કહે લઈ લેજે. જોઈતું હોય તો કહે. એનો અર્થ શું થયો? એ તો એનું એ થયું, પરિગ્રહધારી થયો, એ સાધુ નથી. કીધું નહોતું એકવાર આવા સાધુનું? જસદણ. આલા ખાચર હતાને જૂનો આલા ખાચર.

શ્રોતા : ચોકા ન રખે તો ભૂખા ન મરે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભૂખા મરે. એટલે તો આહારમાં રાખવા છે શેઠને. એ જ કહે છે, એ પરિગ્રહધારી છે.

આલા ખાચર હતા દરબાર. આમ રબારી હતા, પછી લીધેલા ગરાસમાં. ગરાસિયા થયા. ઉપજ હતી તે દિ' લાખની હતી સાધારણ. સ્વામીનારાયણના સાધુ આવ્યા. ભારે ઠગ

હતો દરબાર, જસદણનો દરબાર આલો ખાચર. હતો આલો ખાચર પણ ત્રીજી પેઢીએ. એનું નામ ત્રીજી પેઢી આલા ખાચર કહે. એમાં સ્વામીનારાયણના સાધુ આવ્યા એને સમજાવવવા. એ જાણે આપણે ઘણા કાઠી કર્યા છે તો દરબારને બનાવીએ, સ્વામીનારાયણ બનાવીએ. પછી એને પૂછે છે. ઉપદેશ દેવા માંડ્યો એને. પછી આલા ખાચરે પૂછ્યું, મહારાજ! તમે ક્યાંક જાઓ, પગલા કરો, પછી તમને પૈસા મૂકે તો એનું શું કરો? એ જોડે માણસ હોય, શું કહેવાય એ? પારો. એ પારો લઈ લે. પછી તમારે જોઈતું હોય તો શું કરો? એને કહીએ.

કામદાર.. શું કીધું ભાઈ? ભગવાનજી કામદાર હતા. લોહાણા હતા ભગવાનજી કામદાર. એટલે આલો ખાચર કહે ઓલા સાધુને કે એલા ભગવાનજી! આ જે રાજની ઉપજ આવે એ હું લઉં છું? હું આ બેઠો. મારે જોઈતું નથી. મારા જેવા આ મહારાજ છે. ભારે ઠગ હતો. સમજમેં આયા કિ નહીં? તું પૈસા રાખતો નથી ને સાથેનો માણસ રાખે, જોઈતું હોય તો એને કહે. મહારાજ! હુંય રાખતો નથી. બીજાનું કોણ રાખે? રાજની ઉપજ આવે આ કામદાર રાખે ભગવાનજી. જોઈતું હોય તો કહું. આ મારા જેવો છે મહારાજ. .... પૈસા.... વિંછીયા હતા. વિંછીયા.........

અહીં કહે છે કે દાસી, દાસ રાખવા એ બધા પરિગ્રહ છે. બહારથી કપડું ન રાખે ને અહીં નોકર રાખે માણસને. એ બધા પરિગ્રહધારીઓ છે. આહાહા! દ્રવ્યમાં–વસ્તુમાં પરિગ્રહ નથી, એમ જેને પર્યાયમાં પણ એની મમતાનો અભાવ થાય ત્યારે નિર્ગ્રંથ થાય. મમતાનો અભાવ થાય ત્યારે એને સંયોગ હોય નહીં.

**કપડાં**... એ કપડા પરિગ્રહ છે. કોઈ એમ કહે, અમે કપડાં રાખીને સાધુ છીએ. મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે. ઉપકરણ નથી. ઉપકરણ કોને કહેવા? ઉપકરણ તો, ભગવાનની વાણી સાંભળવી, વિનય કરવો એવાને ઉપકરણ કહ્યા છે પ્રવચનસારમાં. એય! આહાહા! આ તો પરિગ્રહ છે. સમજાણું કાંઈ? **કપડાં**.. કપડાં રાખે ને સાધુપણું માને, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એમ કહે છે, પરિગ્રહ છે. બાહ્ય પરિગ્રહ છે. બાહ્ય પરિગ્રહનો જેને ત્યાગ નથી એને અંતર પરિગ્રહનો ત્યાગ હોઈ શકે નહીં. કહો, સમજાણું કાંઈ? માર્ગ આવો છે ભાઈ! અત્યારે લોકોએ વીંખી નાખ્યો છે. આહાહા! કપડાં પરિગ્રહ છે. એક લંગોટીનો કટકો રાખવો પરિગ્રહ છે. મુનિ ન કહેવાય એને. સમજાણું કાંઈ?

શ્રોતા : ..... સંહનન નહીં હૈ તો.....

પૂજ્ય ગુરુદેવશ્રી : સંહનન નથી તો શું કરવા (સાધુ) થયો એ? શેઠીને દલીલ હોય. ત્યાં બધું કર્યું છેને. ત્યાં તો સવારમાં ચોકા કર્યા હોય, બધું કર્યું હોય એણે. લોકો વખાણે. શેઠિયા શું કરે? આહાહા! એ પરિગ્રહ છે. એને નિષ્પરિગ્રહ માનવો એ મૂઢ જીવ છે. એમ છે અહીં તો. પંચમકાળ હોય કે ચોથો કાળ હોય. એ તો કીધું નહોતું? શીરામાં ઘીને ઠેકાણે પેસાબ

નખાતો હશે, પાંચમો આરો છે માટે? શીરો બને એમાં શું નાખે? ઘી, લોટ ને ગોળ. ભલે કોઈ ગરીબ માણસ હોય તો ઘીના ઠેકાણે તેલ નાખે. પણ તેલને ઠેકાણે પાણી નાખે? લોટને ઠેકાણે ... નાખે? અને ગોળને ઠેકાણે ગારો નાખે? કાળ પંચમ છે. એમ ન ચાલે શેઠ! આહાહા! વીતરાગનો માર્ગ તો આ છે બાપા! ત્રિલોકનાથ તીર્થંકરદેવ... આહાહા!

કહે છે કે કપડાં ન હોય. ધર્મી હોઈ શકે, સમકિતી હોઈ શકે, શ્રાવક હોઈ શકે, પણ કપડા હોય ને સાધુ હોઈ શકે–એમ ત્રણ કાળમાં નહીં. જેટલા કપડાંવાળા સાધુપણું મનાવે છે કે માને છે કે માનતાને રૂડું જાણે છે, એ બધા જૈન નથી, મિથ્યાદૃષ્ટિ છે. ........ અંતર ભાવ હોય એને અંતર પરિગ્રહ હોય જ. સમજાણું કાંઈ? આહાહા! **વાસણ..** વાસણ. વાસણ... વાટકા ને બર્તન રાખે. પાત્રા એ વાસણ છે, પરિગ્રહ છે. પાત્રા એ પરિગ્રહ છે. પરિગ્રહ હોય એ નિષ્પરિગ્રહ મુનિ કહેવાય નહીં. જેઠાભાઈ! આવું છે. આ તો ભારે નીકળ્યું આવું. એય! એ શાસ્ત્ર જ કે દિ' હતા? એ દસ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે. ભગવાન ધ્રુવ ચૈતન્યપ્રભુ એમાં (નથી), એ બાહ્ય (પરિગ્રહ) તો એની પર્યાયમાં પણ નથી.

હવે, એક **મિથ્યાત્વ** પરિગ્રહ છે. એ અભ્યંતર છે પર્યાયમાં. એ દ્રવ્યમાં નથી. અભ્યંતર એક સમયની પર્યાયમાં મિથ્યાત્વ છે, રાગનો કણ ને રજકણ મારા એવો જે મિથ્યાત્વભાવ–મિથ્યાદર્શનશલ્ય મહાપાપ છે. એ મિથ્યાત્વ એની પર્યાયમાં હોય તો મહાપરિગ્રહધારી છે એ. આહાહા! (શ્રોતા : આ મુનિઓ માટે?) બધા માટે. મુનિઓ માટે શું? મિથ્યાત્વ ગૃહસ્થાશ્રમમાં રાખે તો એ મહાપરિગ્રહધારી છે, મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં અભ્યંતર પરિગ્રહ મિથ્યાત્વ એ મહા મોટો પરિગ્રહ છે. આહાહા! એય! આ તમારા પૈસા બહારમાં આવી ગયા હોં. આ તો હવે અંતરની વાતું છે. નોટું.. નોટું આવી ગઈ. એ ધનમાં આવી ગઈને. પહેલું ન કહ્યું? પહેલા રોકડા હતા, નગદ હતું, હવે નોટું..... આહાહા! અરે! આહાહા! ભગવાન આત્મામાં બાહ્ય પરિગ્રહ તો એની વસ્તુમાંય નથી અને એની પર્યાયમાંય નથી—એવી એ ચીજ છે.

હવે જેને અંતરમાં મિથ્યાત્વ પરિગ્રહ હોય, 'પુણ્યનો ભાવ દયા, દાન વ્રત ભક્તિ પરિણામ એ મારું કલ્યાણ કરશે, એ મારો સ્વભાવ છે, એ મારામાં છે' એવી માન્યતાને મિથ્યાદર્શનશલ્ય પાપ–મહાપાપ કહે છે. આવું જેને પાપ છે એ મહાપરિગ્રહધારી છે, ભલે બહારથી નગ્ન દિગંબર હોય. સમજાણું કાંઈ? આહાહા! વીતરાગ માર્ગ, બાપુ! એણે સાંભળ્યો નથી કોઈ દિ' એ રીતે, એને પરિણમે તો ક્યાંથી? આહાહા! કહે છે કે રાગનો એક અંશ પણ, દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ મારો છે, એ રાગ સહિત હું છું—એવો જે મિથ્યાત્વભાવ એ મોટો પરિગ્રહ છે. આહાહા! એ દ્રવ્યસ્વરૂપમાં નથી. પર્યાયમાં છે, વસ્તુમાં નથી. દ્રવ્ય ત્રિકાળી ચિદાનંદ પ્રભુ સદૃશ ધ્રુવ. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો અરીસાનો? અરીસો.. અરીસો આ. શીશાની અવસ્થામાં–અરીસામાં બધું દેખાય, પલટતી પલટતી અવસ્થામાં. અરીસો હોયને મોટો.... એ અવસ્થામાં દેખાય બધું. એ અવસ્થા છે..... એની પાછળ જે દળ છે એ આખું અરીસાનું સત્ત્વ છે. એમ આત્માની એક સમયની પર્યાયમાં બધું આ જણાય. પર્યાય સિવાયનું આખું દળ છે એને અહીંયા ધ્રુવ ને શુદ્ધભાવ કહેવામાં આવે છે. આહાહા! ભારે ભાઈ! સમજાણું કાંઈ? એમ એ મિથ્યાત્વ પરિગ્રહ છે.

**ચાર કષાય** પરિગ્રહ છે. ક્રોધ, માન, માયા લોભ. છે દસ પ્રકારના, પણ એને સમુચ્ચય ચારમાં નાખ્યા. ક્રોધ, માન, માયા લોભ એ પરિગ્રહ છે અભ્યંતર પર્યાયમાં. આહાહા! **અને નવ નોકષાય...** હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા ને ત્રણ વેદની વાસના. સ્ત્રી, પુરુષ, નપુંસક એની વાસના. એમ નવ + ચાર કષાય = તેર અને એક મિથ્યાત્વ એ ચૌદ. **એમ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.** કહો, સમજાણું કાંઈ? આત્માનો અંતર અભ્યંતર પરિગ્રહ પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. ઓલી ચીજો તો પર્યાયમાંય નથી, પહેલા દસ કીધા એ, એ તો બાહ્ય છે. આ એની પર્યાયમાં હોય અજ્ઞાનીને. આહાહા! ચૈતન્યધ્રુવ ધાતુ પૂર્ણાનંદ પ્રભુ આદિ-અંત વિનાનું સત્ત્વ જીવ એમાં મિથ્યાત્વાદિ પરિગ્રહ એની અંદર છે નહીં. છે એ રીતે એનો આશ્રય લીધે એનો નાશ થઈ શકે છે. ભારે આકરું ભાઈ!

આ તો કહે દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. સહેલું સટ હતું. એ કરી નાખ્યું આકરૂં. એય પોપટભાઈ! એવું સૌ કરતા બિચારા ગાંધી ને ... ઘાણીના બળદની જેમ. આંખ્યું ઉઘાડે તો એનું એ ઘર ને એનો એ ઘાંચી દેખાય. ઓય બાપા! એમ એની રાગની ક્રિયા કરતા હોય એનું નામ ધર્મ. એ ધર્મ નહીં. આહાહા! ‘રાગની ક્રિયા મારી છે ને હું કરું છું’ એ માન્યતાને મિથ્યાત્વ પરિગ્રહ કહે છે. ધર્મની શરૂઆત પહેલાં આ ... સંસાર હોય. શેઠ! સમજાણું કાંઈ? આ તો આખી બીજી જાતની શેઠાઈ છે. એ ચૌદ પ્રકારનો પરિગ્રહ મિથ્યાત્વ, ચાર કષાય, નવ નોકષાય—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા અને ત્રણ વેદ.—એ ચૌદ પ્રકારનો પરિગ્રહ અને પહેલો દસ પ્રકારનો પરિગ્રહ બાહ્ય. એ ચોવીસે પરિગ્રહ આત્માના દ્રવ્યમાં નથી તેથી તેને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. તેથી વસ્તુને–વસ્તુ પદાર્થને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

આવી વાતેય કોઈ દિ' સાંભળી ન હોય. પોષા કરો, સામાયિક કરો, પડિકમણા કરો, અઠ્ઠમ કરો. પોલા અઠ્ઠમ કરો, આખા અઠ્ઠમ કરો એવું આવે છે. પોલા. પોલા શું હશે? એ પોલા કહેવાય ઠીક. ભાઈ એમ કહે છે એક દિવસ અપવાસ કરે ને એક દિ' એકટાણું કરવું એ પોલો અઠ્ઠમ કહેવાય. પ્રોષધ અપવાસ નહીં, એ તો જુદું. આ તો પોલો એમ કહે. આ બધા પોલા કર્યા

અપવાસ. એ શું હશે? એ તો પ્રોષધ અપવાસ છે. આહાહા! એ બધું ....ને છે. આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ વિના એ બધું લાંઘણું છે. આહાહા! ભારે કામ ભાઈ!

તેને નિર્ગ્રંથ કહીએ. ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એમાં ચોવીસ પ્રકારના પરિગ્રહનો અભાવ છે માટે વસ્તુ–તત્ત્વ ચૈતન્ય ધ્રુવ એને નિર્ગ્રંથ કહેવામાં આવે છે. શુદ્ધભાવ ધ્રુવ, શુદ્ધ જીવાસ્તિકાય એ નિર્ગ્રંથસ્વરૂપ જ છે. એનો આશ્રય લઈને પર્યાયમાં નિર્ગ્રંથપણું પ્રગટ કરવું એ બાહ્ય નિર્ગ્રંથ છે, પર્યાયમાં નિર્ગ્રંથ થયો એ. દ્રવ્યમાં હતો એ પર્યાયમાં નિર્ગ્રંથ થયો એને સાધુ કહીએ. એ સાધુ સિદ્ધ(દશા)ને પ્રાપ્ત કરવા માટે ઉપાયને સેવે છે. આહાહા! ભારે.

બીજો બોલ. **નીરાગ** છે. ભગવાન આત્મા નિત્ય રહેનારું તત્ત્વ નીરાગ છે એટલે **સકળ મોહ-રાગ-દ્વેષાત્મક ચેતન કર્મના અભાવને લીધે...** એ રાગ ચેતનનું કાર્ય છે. આદિમાં .... એનો અભાવ છે. ચેતનની પર્યાયમાં મોહ ને રાગ-દ્વેષ થાય અવસ્થામાં, એ ચેતનકાર્યનો દ્રવ્યસ્વભાવનો અભાવ છે. આહાહા! આવી વાતેય સાંભળવા કોઈક દિ' મળે, બાકી તો એ ઢસરડા કર્યા કરે આખો દિ'. **નીરાગ છે** આત્મા. પહેલામાં મળ રહિત આવી ગયું ૪૩માં. ત્યાં એમ કહ્યું કે ચૌદ પ્રકારના પરિગ્રહ...., અહીં સમુચ્ચય કહ્યું. નીરાગ. વસ્તુનો સ્વભાવ ધ્રુવ, એક સમયની વર્તમાન પરિણતિ–અવસ્થા વિનાની એ ચીજમાં નીરાગપણું છે. એ નીરાગપણું છે તો એને અવલંબે પર્યાયમાં નીરાગપણું પ્રગટ થાય છે. એને અવલંબે પર્યાયમાં નીરાગપણું પ્રગટ થાય છે, એને ધર્મ, ચારિત્ર ને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો આત્માની વાત છે. આત્મા આવો થાય તો મુનિ આવો થાય. આહાહા!

પ્રકાશદાસજી! એનો સંઘ આજ નીકળ્યો છે. પરમ દિ' આવશે. એમાં આવું સાંભળે ભડકે માળા. જાત્રા કરવા નીકળે, પચાસ હજાર, લાખ ખરચવા હોય, એને કહે કે તારી જાત્રાનો ભાવ હોય ને રાગ મંદ હોય તો પુણ્ય. પૈસા મેં ખર્ચ્યા, એ જડનો સ્વામી થઈને (કર્યો) મિથ્યાત્વભાવ. હાય હાય! વળી કહે, ધર્મ થાય નહીં. એય! જાત્રા કરનેમેં ધર્મ હોતા હૈ? 'એકવાર વંદે જો કોઈ' નથી આવતું? બાપુ! આ આત્મા પરમ પવિત્ર ભગવાન છે એનું વર્તમાન પર્યાયમાં ભળી જવું અથવા પર્યાયનું નિર્મળ દ્રવ્યમાં જવું એનું નામ જાત્રા છે. આહાહા! એ અભ્યંતર જાત્રા છે, એ નિશ્ચય જાત્રા અભ્યંતર છે, એ સંવર-નિર્જરા છે. બાકી આ બહારની જાત્રા સમ્મેદશિખર આદિ એ તો શુભભાવ, પુણ્યભાવ, બંધભાવ છે. પુણ્યભાવ કહો કે બંધભાવ કહો. અબંધસ્વરૂપ ભગવાનમાં બંધ થાય છે એમ છે, નુકશાન થાય છે. ભારે કામ ભાઈ! આહાહા!

**નીરાગ** છે. મોહ, મિથ્યાત્વ, રાગ-દ્વેષસ્વરૂપ ચેતનનું કાર્ય એનો ત્રિકાળી વસ્તુમાં અભાવ છે. એવું જે શુદ્ધતત્ત્વ એની દૃષ્ટિ કરતા સમ્યગ્દર્શન થાય, એ શુદ્ધતત્ત્વનું જ્ઞાન કરતા સમ્યગ્જ્ઞાન થાય. બાકી બહારના જ્ઞાન કરે, લાખ કરે, શાસ્ત્રના જ્ઞાન, આહા! વકીલાતના,

ડોક્ટરના, એમ. એ.ના પૂંછડાં મોટા હોય છેને, એ બધા અજ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? ચૈતન્યનું કાર્ય જે અજ્ઞાનનું, મોહ, રાગ-દ્વેષ પર્યાયમાં થાય એનો ત્રિકાળીમાં અભાવ છે. જેથી તેનો આશ્રય લેતા તેનો અભાવ થઈ શકે. ત્રિકાળીદ્રવ્યનો આશ્રય લેતાં મોહ ને રાગ-દ્વેષનો અભાવ પર્યાયમાં થાય એને ધર્મ કહેવામાં આવે છે. ભારે વાતું ભાઈ! ધર્મની. ... સોંઘીસટ કરી નાખી. એક અપવાસ કરે, એમાં બીજે દિવસે પોરસી કરે તો ત્રણ અપવાસનો લાભ. અપવાસ કર્યા છે કે નહીં કોઈ દિ'? નથી કર્યા, ઠીક. ભાઈએ તો કર્યા હશે? કર્યા હશેને. એક અપવાસ કરે ચોવિહારો અને બીજે દિવસે પોરસી કરાવે, ત્રણ અપવાસનું ફળ મળે. ત્રણ અપવાસ કરે ને એક પોરસી ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય.

શ્રોતા : પોરસી ક્યા? મહારાજ!

પૂજ્ય ગુરુદેવશ્રી : ચાર પહોર હોયને દિનનો એમાં એક પહોર. લાંઘણું છે બધી, સાંભળને હવે! આહાહા!

ભગવાન ચિદાનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ વીતરાગ કેવળીએ જેને આત્મા કહ્યો શુદ્ધ ધ્રુવતત્ત્વ, એનો આશ્રય લીધા વિના ત્રણ કાળ, ત્રણ લોકમાં ક્યાંય ધર્મ થાતો નથી. આહાહા! ભગવાન પરમાત્મા તો એમ કહે, મારી ભક્તિ ને મારું સ્મરણ કરતા પણ તને રાગ થશે. ભગવાન એમ કહે. એ ભગવાન એમ કહે, વીતરાગ ભગવાન એમ કહે. બીજા બધા તો એમ કહે, મારી ભક્તિ કરો તો તમારું કલ્યાણ થશે, મારા સાધુને આહારપાણી આપો તો તમારું કલ્યાણ થશે. આ ત્રિલોકનાથ ભગવાન એમ કહે, અમારું નામસ્મરણ ને ભક્તિ કરશો તો રાગ થાશે, સાચા સાધુને આહાર-પાણી દેશો તો રાગ થશે પુણ્ય. ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે ભાઈ! કેવળી તીર્થંકરદેવ.. આહાહા!

'કેવલિપણ્ણત્તો ધમ્મો શરણં' નથી આવતું? સાંજ-સવાર ગડીયા બોલે ઓલા પડિકમણામાં. 'અરિહંતા શરણં, સિદ્ધ શરણં, સાહૂ શરણં, કેવલિપણ્ણત્તો ધમ્મો શરણં' પણ કોને કહેવો કેવળી? મલૂકચંદભાઈ! શેઠિયાઓએ બધાએ આમ કર્યું છે. આ પણ શેઠ, આ પણ શેઠ. એ તમે ભૂલ કરી હતી. કોણે કરાવી હતી? એમ કે અમને એવા બધા મળ્યા (એટલે) ભૂલ કરી, એમ કહે છે. કરી કોણે? આહાહા!

હવે, કેવો છે ભગવાન આત્મા અંદર શુદ્ધ ધ્રુવતત્ત્વ? નિઃશલ્ય છે. **નિદાન, માયા અને મિથ્યાત્વ—એ ત્રણ શલ્યોના અભાવને લીધે નિઃશલ્ય છે...** આહાહા! નિદાન એટલે કંઈ ક્રિયા કરીને નિદાન બાંધવું એ નિદાન. શુભભાવ કંઈક થયો, પૈસા મળશે, બાયડી મળશે, ... મળશે, બીડીયું મળશે. ધૂળમાંય નથી, મરી જશે એ તો. એ નિદાન છે, મહાશલ્ય છે–શલ્ય છે મોટું. આહાહા! સોય ગરી ગઈ હતી એક જણાને પેટમાં. આમાં ગઈ.... હવે કાઢવી શી રીતે? બહુ

મહેનત કરી. ઓલા બિચારા ડોશી..... બહાર તો નીકળે નહીં આમ. ..... આમ કાંઈક મોટો લોહચુંબક પત્થર આમ ફેરવ્યો, કરતાં કરતાં બહાર આવી. લોહચુંબક હોય છેને.

એમ આત્માનો આશ્રય લેતાં રાગ ને દ્વેષ ટળી જાય છે. મોટા શલ્ય પડ્યા છે. નિદાનશલ્ય, માયાશલ્ય–કપટશલ્ય. ઊંડા-ઊંડા કપટ પડ્યા છે. એના હૃદય હાથ ન આવે. ઊંડી-ઊંડી માયા. અહીં કાંટો નાખીને જાતો હતો આમ. જાવું હોય ઉગમણે, પહેલો જાય આમ. આમ જઈને બેસે, તૈયાર થઈને પછી જાય આમ. એટલે ઓલાને ખબર ન પડે કે કેની કોર ગયો. તપાસ કરવા ગયો હતો. કાંટો નાખી, નીકળે આમ. જાવું હોય આમ. આ કાંટો તોળવા જાય છેને કપાસ? કપાસ નહીં કપાસ? કાંટા નહીં હોતા? ........ ......... ૬૫ વર્ષમાં તો કેટલું થઈ ગયું. આહાહા! એ લોકો.... ક્યાં જાઓ છો? આમ જાઉં છું. કારણકે આમ જાય તો ખબર પડે કે આ ગામમાં જાય છે. બીજે ..... હોય તો. એવા માયા-કપટ. એ ... હશે કે શું હશે?

આહાહા! માયા શલ્ય છે. આહાહા! મિથ્યાત્વ શલ્ય એ વિપરીત માન્યતા. આહાહા! મહાશલ્ય. 'નિઃશલ્યોવ્રતી' આવે છેને. વ્રતી થાય એને આ ત્રણેય શલ્ય ન હોય, તો વ્રતી થઈ શકે ચારિત્ર. આવા શલ્ય હોય તો ચારિત્ર થઈ શકે નહીં. મિથ્યાત્વનું શલ્ય તો પડ્યું હોય અને સાધુ થઈને કહે, અમે સાધુ છીએ. આહાહા! આ પંચમકાળમાં એવા હોય, શેઠ એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? પંચમકાળમાં શીરા બદલ્યા નહીં, રોટલી બદલી નહીં. ઘઉંની રોટલી થાય છે તો કરો ધૂળની. પાંચમો આરો છે ભાઈ! મોંઘો. એમ કોઈ કરતું નથી.

વળી **શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવાસ્તિકાયને...** શુદ્ધ જીવ-અસ્તિકાય–અસંખ્યપ્રદેશી શુદ્ધ નિર્મળાનંદ અનંતગુણનો પિંડ આત્મા ભગવાન, એવું ધ્રુવતત્ત્વ એને **દ્રવ્યકર્મ...** આઠ જડકર્મ નથી એમાં. **ભાવકર્મ**–વિકલ્પ રાગાદિ એમાં નથી. **અને નોકર્મ...** વાણી ને શરીર નથી. **અભાવ હોવાને લીધે સર્વદોષવિમુક્ત છે...** ત્રિકાળી પરમાત્મ સ્વદર્શન પોતાનું અંદર ધ્રુવ નિત્ય એ સર્વદોષવિમુક્ત છે. દ્રવ્યમાં શું હોય વસ્તુમાં? આહાહા! એ તો પર્યાયમાં દોષ હોય. અને દોષરહિત થવાની દશા એ પણ પર્યાય છે. આ વસ્તુ ત્રિકાળ નિર્દોષ જ છે. આરે, એવો આત્મા સાંભળવામાં ન આવે એને. પોતે ઘરમાં શું ચીજ છે એની એને ખબર મળે. ઓલાની ખબર હોય બધી કે ઘરમાં કેટલા ઈંચના સળિયા લાવવા, બારીના કેટલા ઈંચના, અંદરના કેટલા, બહારના કેટલા, પગથિયાના કેટલા ને ઓલા દાદરાના. આહાહા! જડના આંકડાની ખબર હોય, પણ પોતે કોણ છે એની ખબર ન હોય. આહાહા!

કહે છે કે એ વસ્તુ સર્વદોષવિમુક્ત છે. પાઠ છેને છેલ્લો **सयलदोसणिम्मुक्को**.. દ્રવ્ય–વસ્તુ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ સર્વદોષ રહિત છે. એનો આશ્રય કરે તો સર્વદોષ રહિત પર્યાયમાં થઈ જાય. એનો આશ્રય–ત્રિકાળી ભગવાન પરમાત્મા પોતે એનો આશ્રય કરે તો પર્યાયમાં સર્વદોષ રહિત થઈ જાય. કહો, સમજાણું કાંઈ? નિશ્ચયનયથી.. **શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમ**

**તત્ત્વની પણ વાંછા નહિ હોવાથી...** આહાહા! એવું એક તત્ત્વ ભગવાન નિત્યાનંદ પ્રભુ છે કે એની વાંછા એને નથી કે હું ......... વાંછા કેવી? એ તો છે જ એવી ચીજ. **શુદ્ધ નિશ્ચયનયથી નિજ પરમતત્ત્વની પણ વાંછા નહી હોવાથી નિષ્કામ છે...** આહાહા! ત્રિકાળી તત્ત્વ નિત્યાનંદ આત્માને ઇચ્છામાત્ર (નથી). જેને સ્વની ઇચ્છા પણ નથી, પરની તો ક્યાં? એ તો ઇચ્છા વિનાનું તત્ત્વ છે. એવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય, જેનો ઉગ્ર આશ્રય લઈને ચારિત્ર થાય, એનો ઉગ્ર આશ્રય લઈને કેવળજ્ઞાન થાય. આહાહા! સમજાણું કાંઈ?

**નિષ્કામ છે**. લ્યો, આ નિષ્કામ હોં. પર્યાયમાં આસક્તિ રાખવી અને બીજાના નિષ્કામ કામ કરવા એમ કહેવું, મૂઢ છે. આહાહા! અમે તો અનાસક્તિએ કામ કરીએ છીએ. પણ બીજાના કામ કરીએ એ માન્યતા જ આસક્તિ વિકારની છે. સમજાણું કાંઈ? આહાહા! નિષ્કામ ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવતત્ત્વ, સ્વતત્ત્વ, નિજાત્મતત્ત્વ નિષ્કામ છે. જેમાં ઇચ્છામાત્રનો અભાવ છે. પોતાની ઇચ્છા નથી એમ કહેવું છે અહીં તો. આહાહા! નિજપરમતત્ત્વની પણ વાંછા નહીં. પોતાના તત્ત્વની વાંછા ક્યાં એને હોય? એ તો છે એ છે. આહાહા!

**નિશ્ચયનયથી...** સત્યદૃષ્ટિથી, પરમ સત્યને જોવા જઈએ તો **પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત પરદ્રવ્યપરિણતિનો અભાવ...** રાગાદિ પરદ્રવ્યનો અભાવ **હોવાને લીધે નિઃક્રોધ છે...** એમાં ક્રોધ છે નહીં. શુભાશુભપરિણતિ એ તો કષાય છે, એ ક્રોધ છે. એમાં અંદરમાં છે નહીં. આહાહા! ઘણા ઓલા ફિલ્મ જોવા જાય છે, સર્કસ જોવા જાય છે, મોટા બંગલા જોવા જાય, પણ આ અંદર કોણ છે એને જોવા જવાની નવરાશ ન મળે. યે તો અપના હૈ, જોવાની શું જરૂર? યે તો અપના હી હૈ. કભી અપના માના હૈ? એની નજરું વિના 'અપના' માન્યો નથી. આહાહા! નિશ્ચયથી પ્રશસ્ત–ભલી, ભૂંડીની પરિણતિ જ નથી જેમાં. વસ્તુમાં કેવી? આહાહા! પર્યાય–અવસ્થામાં શુભાશુભભાવ છે, એ ભાવને જ અહીંયા ક્રોધ કીધો છે. સ્વભાવથી વિરુદ્ધભાવ છેને. એનાથી રહિત ભગવાન આત્મા નિઃક્રોધ છે. આહાહા! આ આત્માના નિધાનની વાતું ચાલે છે. તારું નિધાન કેટલું મોટું છે! આહાહા!

**નિશ્ચયનયથી સદા પરમ સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે...** એ પરમાત્મા પોતે તો સદા ધ્રુવ પરમ વીતરાગસ્વભાવરૂપ, પરમ સમરસીભાવસ્વભાવ, સમરસીભાવસ્વરૂપ હોવાને લીધે... આહાહા! **નિર્માન છે...** પરમ વીતરાગમૂર્તિ એને અંદર સ્વરૂપમાં માન કેવા? કહે છે. આહાહા! પરમ સમરસીભાવ વીતરાગમૂર્તિ આત્મા છે. એક સમયની પર્યાયમાં બધા ગોટા છે સંસારના ને મિથ્યાત્વના. અંદર પર્યાય પાછળ જે ધ્રુવતત્ત્વ છે એ તો તદ્દન સમરસીભાવ-સ્વરૂપ છે, વીતરાગભાવસ્વરૂપ છે. આહાહા! એ વીતરાગભાવસ્વરૂપને આશ્રયે વીતરાગભાવ પ્રગટ થાય છે. અહીં તો કહે છે કે સમ્મેદશિખર, શેત્રુંજય ને ભગવાનને આશ્રયે પણ

વીતરાગભાવ પ્રગટ ન થાય. જેમાં હોય એના આશ્રયથી પ્રગટ થાય. આમાં છે, વીતરાગભાવ ત્યાં ક્યાં છે એની પાસે? સમરસીભાવ.

**નિશ્ચયનયથી નિઃશેષપણે અંતર્મુખ હોવાને લીધે નિર્મદ છે.** ભોગ આદિનો મદ એમાં નથી. નિશ્ચયનયથી નિઃશેષ–આખી રીતે અંતર્મુખ તત્ત્વ છે. અંતર્મુખ તત્ત્વ છે વસ્તુ ધ્રુવ, એટલે એને મદ નથી. વિષય-કષાયનો ભાવ નથી, વિષયનો ભાવ નથી. મદમાં .... આવી ગયો છે. **ઉક્ત પ્રકારનું (ઉપર કહેલા પ્રકારનું), વિશુદ્ધ** સહજતત્ત્વ **સહજસિદ્ધ...** આવો જે ભગવાન અંદરમાં ધ્રુવ, કદી અનંત કાળમાં (એની)નજર કરી નથી. સાધુ થયો, દિગંબર મુનિ થયો, વનવાસ સહ્યા, (પણ) કદી ભગવાન આત્માની નજર કરી નથી. જેને જોવો (જોઈએ) એને જોયો નહીં અને જેને ન જોવું (જોઈએ) એને જોયા. આહાહા!

**ઉક્ત પ્રકારનું**–ઉપર કહેલા પ્રકારનું, **વિશુદ્ધ**... વિ-શુદ્ધ નિર્મળ છે.... **સહજસિદ્ધ**... સ્વભાવિક સિદ્ધ **નિત્ય-નિરાવરણ** ભગવાન આત્મા. આહાહા! **નિજ કારણસમયસાર...** એ નિજકારણસમયસાર ભગવાન પોતે નિત્યાનંદ એનું **સ્વરૂપ ઉપાદેય છે.** એ જ આદરણીય છે. આહાહા! નિજસ્વરૂપ ત્રિકાળી આદરણીય છે. એ જ આદરણીય છે, અંગીકાર કરવાલાયક છે, આશ્રય કરવાલાયક છે. એ એક જ ઉપાદેય છે, બાકી કોઈ ઉપાદેય છે નહીં. આહાહા! એનો સરવાળો આમ લીધો. આવું જે તત્ત્વ કહ્યું એ જ અંતરમાં દૃષ્ટિનો વિષય છે એટલે દૃષ્ટિને આદરણીય એ ચીજ છે, ત્યારે એને સમ્યગ્દર્શન થાય છે. એ વિના સમ્યગ્દર્શન થતું નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૭, ગુરુવાર, તા. ૨૫-૧-૧૯૭૩
## શ્લોક-૬૯, ગાથા-૪૫-૪૬, પ્રવચન નં. ૨૦૯

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવ એટલે નિત્ય.. નિત્ય ધ્રુવસ્વભાવ એને શુદ્ધભાવ કહેવામાં આવે છે. પર્યાયનો શુદ્ધભાવ એ અહીં નથી અત્યારે. શુદ્ધભાવ છેને ઉપર. ત્રિકાળી સદ્દશસ્વભાવ, એકરૂપભાવ, સામાન્યભાવ, અભેદભાવ, નિત્યભાવ, ધ્રુવભાવ એને અહીંયા શુદ્ધભાવ નામ આપે છે. (શ્રોતાઃ ... દ્રવ્યને કહેવાય, પર્યાયને કહેવાય). એ નહીં, અહીં તો આને કહેવાય છે. એ તો કહ્યું પહેલું. ભાવ તો પારિણામિક પણ કહેવાય છે, પણ અહીં શુદ્ધભાવ આ દ્રવ્યભાવને કહેવામાં આવે છે. દ્રવ્ય જે ત્રિકાળી ધ્રુવ, એક સમયની પર્યાય–અવસ્થા વિનાનું તત્ત્વ એને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવે છે. એને ઘણા શબ્દો કહ્યા છે. એને ધ્રુવ કહો, નિત્ય કહો, અભેદ કહો, સદ્દશ કહો, એકરૂપ કહો, અચળ કહો—એ બધું શુદ્ધભાવ ભૂતાર્થ ધ્રુવને લાગુ પડે છે. એ શુદ્ધભાવમાં જેણે દૃષ્ટિ કરી એને પરદ્રવ્યની સંબંધતા છૂટી જાય છે અને જેણે આવા શુદ્ધભાવની દૃષ્ટિ કરી છે એને કર્તા, કર્મ, કરણ આદિના ભેદો જે છે એ પણ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આ અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે આધાર માટે.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની ટીકામાં ૮મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ-**

**इत्युच्छेदात्परपरिणतेः कर्तृकर्मादिभेद-**
**भ्रान्तिध्वंसादपि च सुचिराल्लब्धशुद्धात्मतत्त्वः ।**
**सञ्चिन्मात्रे महसि विशदे मूर्छितश्चेतनोऽयं**
**स्थास्यत्युद्यत्सहजमहिमा सर्वदा मुक्त एव ॥**

**શ્લોકાર્થ : એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા (અર્થાત્ પરદ્રવ્યરૂપ પરિણમનના નાશ દ્વારા)...** આ પ્રવચનસારના ૧૨૬મી ગાથાનો શ્લોક છે. દ્રવ્યસામાન્યનું વર્ણન છેને એ પુરું થાય છે, ૧૨૭માં દ્રવ્યનું વિશેષ વર્ણન શરૂ થાય છે, એનો આ શ્લોક છે. એટલે શું કહે છે? કે આત્માએ, 'પરદ્રવ્યની પરિણતિ કરું છું અથવા પરદ્રવ્યથી મારામાં થાય છે' એવી જે માન્યતા તેનો ઉચ્છેદ કર્યો. આ તો અલક-મલકની બધી વાતું છે. દયા પાળવી, વ્રત પાળવા એવું હોય તો ઝટ દઈને સમજાઈ જાય. આહાહા! આ તો ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ, જેને આશ્રયે સમ્યગ્દર્શનાદિ ધર્મની પર્યાય પ્રગટ થાય, જેને આશ્રયે પૂર્ણ મુક્તિદશા પ્રગટ થાય—એવો જે શુદ્ધ ધ્રુવભાવ એ જેણે પ્રાપ્ત કર્યો, એણે પરદ્રવ્યના સંબંધનો તો નિષેધ કર્યો છે. પરદ્રવ્ય ને મારો સંબંધ છે, પરદ્રવ્યથી મારામાં કાંઈક થાય છે—એનો તો ઉચ્છેદ કર્યો. સમજાણું કાંઈ?

**એ રીતે પરપરિણતિના ઉચ્છેદ દ્વારા...** પરપરિણતિ (એટલે) અહીંયા રાગ-દ્વેષની પરિણતિ નથી લેવી. અહીં તો પરદ્રવ્યનો સંબંધ છોડ્યો એ 'પરપરિણતિરૂપ ઉચ્છેદ દ્વારા' એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? આવું અમેરિકામાં નહીં મળે ત્યાં કાંઈ. ડોક્ટર જાય છેને અમેરિકામાં. આહાહા! ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્યજ્યોતિ એવી ચીજની જેને દૃષ્ટિ થઈ, કહે છે કે કર્મના સંબંધ ને પરદ્રવ્યના સંબંધથી મારામાં કાંઈ થાય છે એ વાત તો એણે ઉડાડી પહેલી. સમજાણું કાંઈ?

હવે રહ્યો એકલો દ્રવ્ય, પરથી જુદો. **તેમ જ કર્તા, કર્મ વગેરે ભેદો...** હવે, એક વસ્તુ પોતે રહી, એમાં પર્યાયનું કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન ને પર્યાય આધાર—એવા છ ભેદોને પણ જેણે છોડી દીધા છે. આહાહા! સમજાણું કાંઈ? **કર્તા, કર્મ વગેરે ભેદો હોવાની જે ભ્રાંતિ...** એ બધો ભ્રમ છે. અભેદમાં કર્તા-કર્મના ભેદ કેવા? આહાહા! એકરૂપ ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્યોતિ જ્ઞાનાનંદ જે દૃષ્ટિનો વિષય છે, એ જીવમાં 'હું કરું પર્યાયને, પર્યાયનું સાધન, પર્યાયનું આ' એવા કર્તા, કાર્ય, સાધન, દેવું, પોતાથી થવું, પોતાને આધારે—એવા છ ભેદોની જે ભ્રાંતિ હતી, અભેદમાં એ ભેદ છે જ નહીં. આહાહા!

ઝીણો માર્ગ છે ભાઈ! વીતરાગમાર્ગ એટલે સુખને પંથે જાવું એ માર્ગ અલૌકિક છે. દુઃખને પંથે તો અનાદિથી દોરાઈ રહ્યો જ છે. કહો, પોપટભાઈ! આ પૈસા ભેગા કરવા ને રળવા, ખાવા, પીવા, ભોગવવાનો વિકલ્પ છે એ બધા દુઃખી છે પ્રાણી. દુઃખમાં ઝળહળ સળગી રહ્યા છે. એય! શેકાઈ રહ્યા છે. ભાન નથી એટલે (માને છે કે) સુખી છીએ. ધૂળેય નથી સુખી. એય દરબાર! મોટા શરીર લાંબા, જાડા, પૈસા ઘણા (તેથી) સુખી છે એ? આહા! અહીં તો ભગવાન, એમ સંત કહે છે. જેને ભવના અંત આવી ગયા છે એ સંત ભવના અંતની વાત કરે છે. આહાહા! અરેરે! ધીરુભાઈ! ઝીણી વાતું છે આ. ત્યાં આટલા વર્ષ ગાળ્યા હોય ત્યાં સાંભળ્યુંય નહીં હોય આ. ભગવાન જાણે શું હશે? ભગવાન તો જાણે છે. એય! આહાહા!

ભાઈ! તું આત્મા છો. તારી ચીજ અનાદિની નિત્ય ધ્રુવ ચીજ છે. ભલે વર્તમાન પર્યાય બદલતી હોય, પણ એ તો એક સમયનું સત્ છે. આ તો ત્રિકાળી સત છે. એ ગુણનો ગાંઠડો, ગુણની ગાંઠડી આખી. ખોલ તું, અંદર ગુણ નીકળે એવી એ ચીજ છે. એવો ભગવાન ધ્રુવસ્વરૂપ જેણે દૃષ્ટિમાં શુદ્ધભાવ લીધો, કહે છે કે પરદ્રવ્યના પરિણમન એટલે પરદ્રવ્યથી કાંઈક હું પરિણમું છું એવી જે માન્યતા હતી એનો નિષેધ કર્યો. અંદર ભગવાન એકરૂપ ચૈતન્ય છે એમાં એ પર્યાયનું કરવું ને એનું કર્મ, એનો કર્તા, એનો કરણ—એવા જે ભાવ એ પણ ભ્રાંતિ હતી કહે છે. આહા! વસ્તુ કોને કરે? સમજાણું કાંઈ?

એ **ભેદો હોવાની જે ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા...** ભેદોના જે પ્રકાર કર્તા, કર્મ, કરણ... ઝીણી વાતું છે. છ વિભક્તિ આવે છે કે નહીં? એક સમયની પર્યાય એને હું કરું, એ મારું કાર્ય,

એનું હું સાધન, એ મેં રાખી, મારાથી થઈ, મારા આધારે થઈ—એ છ કારકો થયા. છ કારકના નામેય નહીં આવડતા હોય.... છ કારકના નામ કીધા. હું એક ... પર્યાય, એ મારું કામ, રાગાદિનું હું સાધન, રાગને મેં રાખ્યો—દાન દીધું, રાગ મારાથી થયો અને રાગ મારા આધારે થયો. શરીરપર્યાય છોડીને રાગને લીધો હવે. સમજાણું કાંઈ? એવી જે ભ્રાંતિ... ઝીણી વાત છે શાંતિભાઈ! આહાહા! નિત્ય ધ્રુવ જ્ઞાયકભાવ સદ્દશરૂપે રહેનારું તત્ત્વ, કહે છે કે એને પરદ્રવ્યનો તો કાંઈ સંબંધ છે જ નહીં, પણ પોતામાં અંદર જે આ ભાવની ભ્રાંતિ થાય (અર્થાત્) રાગાદિ વિકલ્પપણાનું કર્તૃત્વ, એ પણ છોડી દીધું.

**ભ્રાંતિ તેના પણ નાશ દ્વારા આખરે જેણે શુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કર્યું છે...** આહાહા! જેના પરિણામે પરદ્રવ્યનો સંબંધ છૂટ્યો ને કર્તા-કર્મના ભાવભેદ છૂટ્યા, એના પરિણામે એ આવ્યું, જેણે શુદ્ધ આત્મતત્ત્વને પ્રાપ્ત કર્યું. આ શુદ્ધભાવ છેને ઉપર. જુઓને! મુનિરાજે શ્લોકનો આધાર આપ્યો આનો. શુદ્ધ નિત્યાનંદ પ્રભુ એને જેણે પર્યાયમાં પ્રાપ્ત કર્યું. પર્યાયમાં પર્યાય હતી, પર્યાયમાં રાગ હતો એમાં પ્રાપ્ત પર્યાય હતી, એ પર્યાયે દ્રવ્યને પ્રાપ્ત કર્યું. આ તો અગમ-નિગમની વાતું છે. અભ્યાસ ન મળેને અભ્યાસ. દુનિયાના ઢસરડા આડે નવરો થયો છે ક્યાં? પાપના પાયખાના ધોયા છે. આહાહા!

અરે! તું કોણ છે, ક્યાં છો, કેમ છો—એની એને ખબરું વિના એણે રાગ ને દ્વેષના બંધભાવના ભાવ એટલે પોતે પરના સંબંધ વિના એ વિકારના ભાવમાં .... એણે પોતે કર્યા, એ કાર્ય કર્યું, એનું સાધન પોતે થયો. બધા પર્યાયના..... પર્યાય સાધન, પર્યાય કર્તા, રાગાદિ પર્યાય કર્મ અને એ મારાથી, મારા આધારે અને મેં રાખ્યો—એવી જે ભ્રાંતિ એનો જેણે નાશ કરીને... અહીં તો નાસ્તિથી લીધું છેને. ખરેખર તો ધ્રુવ ચૈતન્ય ભગવાન એવા અભેદ ઉપર દૃષ્ટિ પડતાં એ પરનો સંબંધ છૂટી જાય છે અને ભેદનો સંબંધ પણ નાશ થઈ જાય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

ત્યારે તેને આત્મતત્ત્વની પ્રાપ્તિ.. આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે. એક સમયમાં ત્રિકાળી આનંદનાથ પ્રભુ, પોતે અંદર આનંદનો નાથ છે પોતે. આહાહા! એ પર્યાયના ભેદોની પણ ભ્રાંતિ છે એ ભ્રાંતિનો નાશ કરી, અભ્રાંત-પર્યાય દ્વારા જેણે આત્માને પ્રાપ્ત કર્યો. આહાહા! સમજાણું કાંઈ? આખરે એટલે જેને સરવાળો તો આ આવ્યો. આહાહા! પરદ્રવ્ય-પરવસ્તુ ને મારે કાંઈ સંબંધ નથી. પરદ્રવ્ય તો એને કારણે પરિણમી રહ્યું છે, હું મારે કારણે પરિણમી રહ્યો છું. એટલે પરદ્રવ્યને હું પરિણમાવું કે પરદ્રવ્યથી હું પરિણમું એવું મારા સ્વરૂપમાં છે નહીં. ચેતનજી! આ પરદ્રવ્ય પરિણતિ.., આહાહા! ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી અને અભેદ ભગવાન ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ એની દૃષ્ટિ કરીને જ્યાં ... ઉપયોગ થયો એટલે ભેદની ભ્રાંતિ પણ નાશ થઈ ગઈ. આવો અધિકાર.... **આખરે** એટલે જે કાંઈ કરવાનું હતું એ આખરે કર્યું, એમ કહે છે.

આહાહા! આ તો શાંતિના માર્ગ છે. એ તો ધીરજથી સમજાય ને ધીરજથી પકડાય એવું છે. એ ધીરુભાઈ! લ્યો, આ ધીરુભાઈ રહ્યા. પણ અંદર ધીરજ જોઈએ કહે છે. આહાહા!

ચૈતન્ય મહાપ્રભુ એકલો અભેદ સદશ–એકરૂપ રહેનારું તત્ત્વ, જેમાં પલટો પણ નહીં. આહાહા! એવો આત્મા છે અંદર, પણ એને ક્યારે પકડાય? કે પરદ્રવ્ય તરફનું પરિણમન મારામાં નથી ને એને હું પરિણમાવતો નથી, મારે કાંઈ સંબંધ નથી અને પોતાની પર્યાયમાં રાગાદિના ભેદો પડે છે એ રાગનો કર્તા, કર્મ આદિ મારા સ્વરૂપમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? **આખરે જેણે**... આખરે એટલે કોનો (અર્થ) કાઢ્યો? **સુચિરા.. સુચિરા**–ઝટ. જેણે ઝટ આ કર્યું, એમ કહે છે. આહાહા! શુદ્ધ આત્મતત્ત્વને પ્રાપ્ત કર્યું. પહેલાં આત્મતત્ત્વ નહોતું? પર્યાયમાં રાગને પ્રાપ્ત કરતો ત્યારે એને પર્યાયમાં આત્મ(તત્ત્વ) પ્રાપ્ત નહોતું. આહાહા! એ પર્યાયને જ્યારે અંતરમાં વાળી ત્યારે પરનો સંબંધ છૂટ્યો ને ભેદના સંબંધ છૂટી ગયા. એ પર્યાયે આત્માને પ્રાપ્ત કર્યો. એ ધ્રુવતત્ત્વ જે છે પોતે એને પર્યાયે પ્રાપ્ત કર્યું. એને '**આત્મતત્ત્વ ઉપલબ્ધ કર્યું**' એમ કહેવામાં આવે છે. આહાહા!

સમીપ થઈને પ્રાપ્ત કર્યું. પર્યાયે અંદર સમીપ થઈને એને પ્રાપ્ત કર્યું. દૂર રહેતી પર્યાય રાગમાં જાતી, નિમિત્તમાં જાતી, ત્યાં આત્મતત્ત્વની પ્રાપ્તિ નહોતી. આવી વાત છે અમરચંદભાઈ! ભારે કામ ભાઈ! વીતરાગ માર્ગ બહુ આકરો છે. જેણે ભ્રાંતિમાં–અજ્ઞાનમાં અનંતકાળ ગાળ્યો. એને ગાળીને આત્માને પ્રાપ્ત કરવો... જેણે એકદમ, ત્રિકાળી તત્ત્વ છે તેને પ્રાપ્ત કર્યું. એનું નામ આત્મા મેળવ્યો, આત્મા જાણ્યો, એ સુખી થયો, એ સુખને પંથે પડ્યો એમ કહેવામાં આવે છે. આહાહા!

આ બહારના રાંકા દેખાય, પૈસા દસ-દસ લાખની પેદાશું, બબ્બે કરોડની મૂડી. આહાહા! પ્યાલ ફાટી ગયા છેને. ધૂળેય નથી, સાંભળને હવે! અમેરિકાને હિસાબે તો બધા ભિખારા ગણાય. ભિખારા..., શું કહેવાય? ભંગિયા મોટરમાં બેસીને કામ કરવા આવે. દસ દસ હજારના પગાર હોય. એમાં શું છે? દસ હજારનો પગાર અહીં વાણિયાના છોકરાને હોય તો એનો બાપ ખુશ થઈ જાય. ઓહોહો! મહિને બચતું ન હોય કાંઈ ધૂળ. એય મૂલચંદભાઈ! ... હજાર વધે એ કાંઈ ધૂળ વધ્યું કહેવાય?

આ તો ભગવાન આત્મા, આહાહા! સ્વદેશમાં ગયો. ઓલો પરદેશમાં ગયો હેરાન થવા. અહીંથી છૂટીને પુણ્ય ને પાપના રાગના ભાવમાં ગયો એ પરદેશમાં ગયો, એ દુઃખી થયો. અનાદિથી 'પરદ્રવ્ય મારા છે' એમ માની દુઃખી થયો. .... એક-એક પ્રદેશમાં અનંત ગુણો ઠસાઠસ ભર્યા છે. એક દેશમાં જેમ ઘણા ગામ હોય, ઘણા માણસો હોય, એમ અસંખ્ય પ્રદેશના એક-એક પ્રદેશમાં અનંત ગુણો અને એક-એક ગુણના અંદરમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદની શક્તિ. આહાહા!

એવો મહા સ્વદેશનો ધામ, એને જેણે પર તરફના સંબંધનો લક્ષ છોડી દઈ, ભેદના ભાવનો નાશ કરી અભેદ ઉપર ગયો, ત્યારે એને આત્મતત્ત્વ પ્રાપ્ત થયું, ત્યારે સુખી થયો. કહો, રતિભાઈ! આ બધા દુઃખી છે એમ કહે છે. પૈસા કહેવાય કરોડ, ...... એના ચાર કરોડના... ક્યા ગયા? કહો, સમજાણું કાંઈ? ઓલાને ઘણા કરોડો... કરોડો શું, કડ ભાંગી ગઈ છે બધી. આહાહા! આટલો મોંઘો..... આટલા મોંઘા કરોડો-અબજો રૂપિયાના તોલ, એ મારી ચીજ, બહુ વધી ગયો. મિથ્યાત્વનો બોજો, મમતાનો બોજો વધી ગયો. આહાહા! એ દુઃખને ડુંગરે ફસાય....

અહીં ભગવાન આત્મા આનંદનો સાગર એને પહોંચવા માટે પહેલું તો પરદ્રવ્યનું લક્ષ છોડી દે. બીજું, ભેદના ભાવની પર્યાયના રાગનું કર્તા(પણું) એ છોડી દે. એ છોડી દે... .... એટલે છોડી દે એમ કહેવામાં આવે છે. બાકી છોડે ક્યારે? અભેદને પ્રાપ્ત કરે ત્યારે. કાળલબ્ધિ પુરુષાર્થથી પાકે. એની મેળાએ પાકે નહીં. જે સમયે આનંદની પ્રાપ્તિ થાય એનું જ્ઞાન ક્યારે થાય? કે અંતરની દૃષ્ટિનું જ્ઞાન કરે ત્યારે એનું જ્ઞાન થાય. કાળલબ્ધિનું જ્ઞાન, વાતું કરવી છે એને? સમજાણું કાંઈ? 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ.' શ્રીમદ્‌માં છે. 'ભવસ્થિતિ આદિ નામ લઈ છેદો નહીં પરમાર્થ.' નામ લઈને... ભાવ અંદર સમજે તો કલ્યાણ થઈ જાય. આહાહા! ભવસ્થિતિ, કાળલબ્ધિ એનું જ્ઞાન થાય. ક્યારે? કે વસ્તુની દૃષ્ટિ કરે ત્યારે. પાકી ગયો મારો કાળ. પાંચે સમવાયનું એક સમયે જ્ઞાન થાય. પાંચે સમવાયનું એક સમયમાં જ્ઞાન થાય. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**એવો આ આત્મા...** એવો આ આત્મા... 'આત્માને પ્રાપ્ત કર્યો' એમ કહ્યું એટલે શું થયું? એમ કહે છે. **ચૈતન્યમાત્રરૂપ વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો...** આહાહા! ચૈતન્યના તેજ... 'લક્ષ્મીના તેજ' ઓલા ... નથી માંગવા આવતા? દેવશીભાઈ! અમારે આવતા. 'લક્ષ્મીના તેજ' એમ બોલે. અમારે ત્યાં આવતાને.... શ્લોક બોલાવે. એ તેજ ધૂળનાય નથી, સાંભળને હવે! અંધારા છે એ તો બધા. આત્મલક્ષ્મી અંદર આનંદની મૂર્તિ પ્રભુએ ઉપલબ્ધ શું કર્યું? કહે છે કે **ચૈતન્યમાત્ર નિર્મળ તેજ**... જ્ઞાયકભાવ ચિદાનંદ આનંદમૂર્તિ પ્રભુ પોતે છે એમાં લીન રહ્યો થકો... આહાહા! એક-એક શ્લોકે ગજબ કામ કરે છે! દિગંબર સંતોની વાણી કેવળીના ઘરની છે. એને ઘરને ઢંઢોળવો છે અંદરથી.

વર્તમાન પર્યાય–પરિણમતી દશા, જ્યારે વર્તમાન પર્યાયમાં અટકીને (રોકાઈને) જે કામ કરે છે અનાદિથી, એ દુઃખરૂપ દશા છે. ચૈતન્યના ભાવમાં એની લીનતા નથી. એ પર્યાય પરનો સંબંધનો છોડી, ભેદ ભાવનું લક્ષ છોડી, અભેદ ચૈતન્યતત્ત્વને અંતર દૃષ્ટિમાં પ્રાપ્ત કરે છે ત્યારે ચૈતન્યમાત્ર વિશુદ્ધ–નિર્મળ તેજમાં લીન થાય છે. પાછું આત્મતત્ત્વ કેવું? એમ વર્ણવ્યું. સમજાણું કાંઈ? ચૈતન્યમાત્ર નિર્મળ તેજ—વિશદ તેજ... આહાહા! આત્મા **ચૈતન્યમાત્ર વિશદ (નિર્મળ) તેજમાં લીન રહ્યો થકો...** પોતાના આનંદસ્વરૂપમાં, જ્ઞાનસ્વરૂપમાં, પવિત્રધામમાં લીન

રહ્યો થકો... **પોતાના સહજ (સ્વાભાવિક) મહિમાના પ્રકાશમાનપણે...** એ રીતે પોતાના સહજ મહિમા... એ પ્રગટ શુદ્ધતાની તો સહજ મહિમા છે. આહાહા!

**સહજ મહિમાના પ્રકાશમાનપણે સર્વદા મુક્ત જ રહેશે.** પૂર્ણ થઈને પ્રાપ્ત કર્યું એ સદા મુક્ત આમ ને આમ રહેશે. સમજાણું કાંઈ? એ પૂર્ણની વ્યાખ્યા બતાવે છે. ભેદ કાઢી નાખી એકલો અભેદમાં લીન થયો, એ રીતે સદા રહેશે. મુક્તદશા... સ્વભાવિક, **પોતાની સ્વાભાવિક મહિમા**... ચૈતન્યચમત્કાર એવો જેનો મહિમા છે એ **પ્રકાશમાનપણે**... પ્રકાશપણે **સર્વદા**... 'સર્વદા' કાળ બતાવે છે. **મુક્ત જ રહેશે**. આવી રીતે મુક્તિની પર્યાય પ્રાપ્ત થતાં એ રીતે રહેશે. આહાહા! સમજાણું કાંઈ? ક્યાંથી ખસવું, ક્યાં જવું અને ક્યાં જતાં શું થાય અને પૂર્ણતાની પ્રાપ્તિ કેમ થાય—એ બધી વાત લઈ લીધી. ચીમનભાઈ! આહાહા! અરે! જે કરવું (જોઈએ) એ તો હજી કર્યું નહીં અને નહીં કરવાના કરી હેરાન-હેરાન થઈ ગયો. ધમપછાડા છે... આહાહા!

લોટરીમાં એક ભાઈને દસ હજાર આવ્યા તો દાંડી પીટી. હમણા એક જણાને બાર લાખ આવ્યા. વાણીયો સંઘરે માળો મમતા. આ તો .... બાર લાખ આવ્યા. એક રૂપિયો નાખે ને બાર લાખ. અરે! એ તો પુણ્યની લોટરી છે. શું છે? સંસારની પ્રાપ્તિ છે, દુઃખની પ્રાપ્તિ છે. આહાહા! ધૂળમાંય સુખ નથી ત્યાં. માળા હેરાન.. હેરાન થઈને માથા ફોડે છે. અતીન્દ્રિય આનંદનો નાથ તારું સ્વરૂપ છે, એને છોડીને બીજે ભટકે એ તો ભમેલો પાગલ છે. આહાહા! સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એવી જેણે દૃષ્ટિ કરીને પ્રાપ્ત કર્યો અને પછી તે ચૈતન્યમાત્ર નિર્મળ તેજમાં લીન રહ્યો, બસ એ મુક્તિ. એ મુક્તિના સુખ. અતીન્દ્રિય આનંદની દશામાં લીન રહે એનું નામ મુક્તિ. આ દુઃખમાં લીન રહે એનું નામ સંસાર. પંડિતજી! આહાહા!

પૈસાવાળાને તો ઉડાડી દીધા બધાને. એ તો કહે, સુખી છીએ એમ કહે. આહા! ભાન કે દિ' છે? મિથ્યાત્વના દારૂ પીધા છેને. મિથ્યાત્વનો દારૂ પીધો છે. મિથ્યાશ્રદ્ધાએ દારૂ પીધો છે. બાદશાહી છે હમણાં અમારે. ધૂળેય નથી, સાંભળને! પાગલ થઈ ગયો છે. એય દરબાર! એ વાણિયા છે, દરબાર નથી. દાદા એટલે દરબાર કહેવાય. આહાહા! ભારે વાત ભાઈ! એ શ્લોક પૂરો થયો.

**વળી (૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે)...** આ તો આધારનો શ્લોક આપ્યો હતો. ભગવાન! તારા દરબારની વાતું ચાલે છે. તારો દરબાર અંદર અનંત સાહ્યબીથી ભરેલો છે. આહાહા! સમજાણું કાંઈ? બહારના ફર્નિચરથી દીવાનખાનું ભર્યું હોયને. દીવાનખાના હોયને જુદા. ..... અહીં તો અનંતા ગુણના ચૈતન્યરત્નાકર એના ફર્નિચરથી ભરેલો ભગવાન છે. એની શોભામાં જે અંદરમાં ગયો, એમાં આગળ વધીને સ્થિર થયો, એને

મુક્તિ થાય છે. એ મુક્તિ દશા સદા એમ ને એમ રહેશે. એ આનંદિત થયેલો આનંદમાં રહે એનું નામ મુક્તિ. દુઃખી થઈને દુઃખમાં રહે એનું નામ સંસાર. આહાહા!

ઓલા પંચાધ્યાયીનું આજ સવારમાં યાદ આવ્યું. પંચાધ્યાયીમાં આવે છેને, સમકિતીને પણ આમ સાંધેસાંધા દુઃખે છે. જેટલો રાગ છે..... દુઃખ. આહા! જેટલું ભાન થયું છે એટલું સુખ, જેટલી હજી અસ્થિરતા રહેશે એટલું દુઃખ. સાંધા દુઃખે છે બધા. સાંધા... વા આવે છેને વા. એવા સાંધા દુઃખે. દામોદરશેઠ હતાને. વા આવ્યો તો બહુ દુઃખતું હતું. પૈસાવાળા, તે દિ' તો પૈસાવાળા (બહુ ઓછા). હવે વાણિયા વધી ગયા. તે દિ' તો એની પાસે જ પૈસા હતા દસ લાખ, સાંઈઠ વર્ષ પહેલા. ચાલીસ હજારની ઉપજ. દરબાર જેવા. વાણિયા હતા બ્રાહ્મણ. .......

એક ફેરી વા આવ્યો. સાંભળ્યું હતું. બંદુકે મને મારો, મારાથી કાંઈ સહન નથી થાતું. બંદુક સમજે? ... પારા આવે છેને વાના પારા. પારા આવે છે. બાંધે. બાંધ્યા તોય કાંઈ સખ નહીં એટલી પીડા. ....... ગામનો શેઠ, નગરશેઠ.... મોઢા આગળ બધા પૂછવા આવે એને ઘરે એવો મોટો... ગૃહસ્થ માણસ. હવે તો અત્યારે દસ લાખની કિંમત નથી. હવે કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ હોય. તે દિ' બહુ કિંમત હતી. એને જ્યારે..... આહાહા! બોલાવો કોઈક, સહન થતું નથી. .......... એ સંધિવાનું દુઃખ જ્યાં આવ્યું.

કહે છે, એમ મિથ્યાદૃષ્ટિને તો આખા સાંધેસાંધા તૂટી ગયા છે બધાય. જેણે રાગને પોતાનો માન્યો એવો મિથ્યાત્વભાવ છે, એનાથી એના સાંધેસાંધા બધા તૂટી ગયા છે. અનંતું દુઃખ છે. ક્યાં એને ખબર છે? સનેપાતિયાને દુઃખ ઘણું, પણ દાંત કાઢે. ભાન નથીને. એમ આને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને રાગમાં રમણતા—ત્રણે શ્રદ્ધા, જ્ઞાન ને (ચારિત્ર) વકરી ગયા છે એના ઊંધા. દુઃખી.. દુઃખી.. દુઃખી.. સનેપાતિયો દુઃખી છે. દાંત કાઢે? અમે સુખી છીએ એમ રડવા બેસે? ...... ઓહોહો! એ તો બહારનો સંયોગ પ્રતિકૂળ દેખાય. આ તો પોતે દુઃખ છે એ જ પ્રતિકૂળતા છે એની તો એને ખબર નથી. બહારમાં પ્રતિકૂળ સંયોગ આવે ત્યારે લાગે કે દુઃખ છે. એ દુઃખ છે જ નહીં. અંદર પ્રતિકૂળ, રાગ-દ્વેષ ને મિથ્યાત્વભાવ એ પોતે જ પ્રતિકૂળતા દુઃખ છે. સંયાગમાં કે દિ' દુઃખ હતું? આહાહા! શ્લોક ૬૯.

**ज्ञानज्योतिःप्रहतदुर्तिध्वान्तसंघातकात्मा**
**नित्यानन्दाद्यतुलमहिमा सर्वदा मूर्तिमुक्तः ।**
**स्वस्मिन्नुच्चैरविचलतया जातशीलस्य मूलं**
**यस्तं वन्दे भवभयहरं मोक्षलक्ष्मीशमीशम् ॥६९॥**

આહાહા! લ્યો, લક્ષ્મી તો આવી આમાં. એ રતિભાઈ! લક્ષ્મી તો આવી અહીં, (પણ) જુદી જાતની લક્ષ્મી, અંદરની લક્ષ્મી, આનંદની લક્ષ્મી. આહાહા! આનંદસાગર આત્મા છે. આનંદનો તો સાગર છે. આનંદથી ભરેલો–ભરપૂર પ્રભુ આત્મા છે. આહાહા!

**શ્લોકાર્થ : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપરૂપી અંધકારસમૂહનો નાશ કર્યો છે...** એટલે કે પાપ નામ પુણ્ય ને પાપના બેય ભાવો એ અંધકાર છે. શુભ ને અશુભભાવ અંધકાર છે, ચૈતન્યના તેજનો જેમાં અભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ, ક્રોધ, રતિ, અરતિ, ....નો ભાવ એ પાપરૂપી અંધકાર છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો રાગ એ પુણ્યરૂપી અંધકાર છે. અરે! આ ભવ સુધારવાને મળ્યો, ભાન ભૂલીને બગાડવામાં કાઢી નાખ્યો. એય! આહાહા! એકેન્દ્રિયમાં ક્યાં હતું, કોણ હતું? એકેન્દ્રિય જીવ નિગોદ ત્યાં કાંઈ એની કિંમત નહોતી. આહાહા!

મૂળામાં બેઠો હતો. પૈસાનું શાક લીધું. તે દિ' પૈસાનું હતુંને, હવે મોંઘું થઈ ગયું. પૈસાનું શાક લે તો છોકરો સાથે હોય તો (મફત) મૂળા આપે. ...... ...આપતો હોય તો આપે. એમાં બેઠો હતો બિચારો. એમાં વયો ગયો, કાંઈ કિંમત ન મળે. આહાહા! અનંતવાર એમાં રહ્યો છે. બહાર નીકળ્યો ત્યાં ભૂલી ગયો.. ભૂલી ગયો. કહે છે કે એ તો ભૂલવા જેવું છે એને ભૂલી જા અને જાણવા જેવું હોય એને જાણ. આહાહા! એ જાણનાર જ્ઞાનસ્વરૂપ લક્ષ્મી દ્વારા, જેણે પુણ્ય ને પાપના અંધકાર, અચેતનભાવ–ચૈતન્યસ્વભાવથી વિરુદ્ધભાવનો નાશ કર્યો છે.

**જે નિત્ય આનંદ આદિ અતુલ મહિમાનો ધરનાર છે...** કેવો છે ભગવાન? નિત્ય આનંદ જેમાં પડ્યો છે. એ નિત્ય આનંદ આત્મામાં છે. આહાહા! નિત્ય આનંદ આદિ એટલે અનંત ગુણો. નિત્ય આનંદ, નિત્ય શાંતિ, નિત્ય સ્વચ્છતા, નિત્ય પ્રભુતા આદિ અતુલ મહિમાનો ધરનાર છે. જેની તુલનામાં બીજી ચીજ આવે નહીં એવી અતુલ મહિમાનો (ધરનાર) ભગવાન.. આહાહા! એ અતુલ મહિમાનો ધરનાર છે આત્મા ભગવાન પોતે. આહાહા! એને પામર કરીને જાણ્યો, એ ભૂંગળે રખડ્યો. હાય! હાય! આમ પીતો હોય.... આ શું કહેવાય? સિગરેટ. આમ પીએ, પછી આમ પીએ. આપણે જિંદગીમાં પીધી નથી. એય શેઠ! મલૂકચંદભાઈ! પૈસાનો સ્વાદ ચાખ્યો નથી બાપે. આહાહા!

એક ફેરી દિશાએ ગયા હતા. તે દિશાએ વાર હતી, પાછળ દુકાન હતી ખાલી સવારના. ત્યાં બેઠા હતા. ત્યાં એક જણે ભૂંગળું કર્યું. ... આમ જરી .......... ........... ............... .............. ત્યારે એક છોકરાને પૂછ્યું જરી...... .................. આહાહા! .......... બાપનું રળ્યું તું ખા છો. અમે તો અમારું રળ્યું ખાઈએ છીએ, એમ કહે. શું થાય? ધૂળમાં રાખ થાય. આત્માનો આનંદ સ્વભાવ અંદર પડ્યો છે એ અતુલ મહિમાનો ધરનાર આત્મા છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય પરમેશ્વરતા, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વભાવના ગુણનો ધરનાર છે. આહાહા! જેની મહિમા આગળ ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલા તરણા–ઉકરડા લાગે. ઉકરડા સમજતે હો? ઢેર.. ઢેર, કૂડેકા ઢેર. આહાહા! એવો આ ભગવાન અંદર બિરાજે છે તારો. આહાહા! અરે! તેં કોઈ દિ' નજરું ન કરી, એની મહિમા લાવીને ત્યાં એકાગ્ર થયો નહીં કોઈ દિ'.

એવો ભગવાન **જે સર્વદા અમૂર્ત છે...** ત્રણે કાળે અમૂર્ત છે. આહાહા! એવો આત્મા **જે પોતામાં અત્યંત અવિચળપણા વડે ઉત્તમ શીલનું મૂળ છે...** આહાહા! પોતામાં અત્યંત ચળે નહીં એવું અત્યંત શીલ બ્રહ્માનંદ-બ્રહ્મસ્વરૂપ એનું એ મૂળિયું છે. આહાહા! ઉત્તમ શીલની બ્રહ્મદશા પણ ત્યાંથી પ્રગટ થાય છે. આહાહા! બ્રહ્માનંદ, ભોગાનંદ, જોગાનંદ, ક્રોધાનંદ, માનાનંદ—એ બધા માનેલા અજ્ઞાન છે. બ્રહ્માનંદ ભગવાન બ્રહ્મસ્વરૂપ આનંદસ્વરૂપ એ આનંદને પ્રગટ કરવાનું મૂળિયું છે. આહા! **ઉત્તમ શીલનું મૂળ છે**... ઉત્તમ આત્મસ્વભાવ શાંતિ આદિનું મૂળ એવો જે ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ આત્મા, એ **ભવભયનો હરનારો** છે. આહાહા! એટલે કે ભવભયનો ભવ નહીં કરનારો, **મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન સ્વામીને હું વંદું છું.**

એ તો મોક્ષલક્ષ્મીનો ઐશ્વર્યવાન છે. પૂર્ણાનંદરૂપી મોક્ષ એનો જે ઈશ્વર, એ લક્ષ્મીનો ઈશ્વરવાન એવો આત્મા એનો સ્વામી એ છે, એને હું વંદુ છું કહે છે. મારો આદર આનંદમાં છે અને એ આનંદ મારું સ્વસ્વરૂપ છે ને એનો હું સ્વામી છું. દુઃખ ને દુઃખનું સ્વરૂપ એનો સ્વામી હું નહીં. આહાહા! ભારે વાતું ધર્મની આવી. ઓલામાં તો અપવાસ કરો, સામાયિક કરો, પોષા કરો, થઈ ગયો ધર્મ. સામાયિક કરો. પાંચ કરો એક પથરણે, થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને! મિથ્યાત્વભાવ છે. સામાયિક તો એને કહીએ કે જે આનંદનો ધામ પ્રભુ એમાંથી અતીન્દ્રિય આનંદનું વેદન કરે એને સામાયિક કહીએ, એને પ્રોષધ કહીએ. કહો, ....ભાઈ! પોષા-બોષા કર્યા છે કોઈ દિ'? ......

એવી મોક્ષલક્ષ્મીનો સ્વામી, મોક્ષલક્ષ્મી એટલે ઈશ્વરતા, એનો જે સ્વામી ભગવાન આત્મા પોતે અંદર, એને હું વંદું છું, એનો હું આદર કરું છું. આહાહા! ધર્મી જીવ આવા સ્વભાવનો આદર કરે છે એનું નામ વંદન કર્યું કહેવામાં આવે છે. આહાહા! ભારે ભાઈ! વાતું બધી ભેદજ્ઞાનની. કોઈ દિ' સાંભળી ન હોય વાડામાં. ...... ......... .......... .............. આહાહા! કહે છે, ભગવાન! તું કેવડો મોટો બાપુ! તને ખબર નથી હોં. તને તારું માપ કરતા નથી આવડ્યું. કપડાંના માપ, જમીનના માપ, પૈસાના પ્રમાણનું માપ (એટલે) કેટલા છે એમ. એ બધા માપલા કર્યાં તેં. પણ તારું સ્વરૂપ શું એનું માપ તેં ન કાઢ્યું. આહાહા!

એક સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા એનું માપ આખું નીકળશે. આવો પૂર્ણ પરમાત્મા અભેદ અખંડ છે. એ ગૃહસ્થાશ્રમમાં હોય, પણ સમ્યગ્દૃષ્ટિને આખા આત્માનું માપ આવી ગયું છે. પ્રમાણજ્ઞાન થઈ ગયુંને. પ્રમાણ છે તે માપ છે. પ્રમાણ....... છે વસ્તુ, એનું માણ-માપ. આહાહા! **ભવભયને હરનારા**... આહાહા! ચોરાશીની ઘાણીના ભવ, એ ભવનો નાશ કરનારા એવી મોક્ષલક્ષ્મીના ઐશ્વર્યવાન, મોક્ષલક્ષ્મીનો ઈશ્વર છે એ. મોક્ષલક્ષ્મીનો ઈશ્વર આ પરમાત્મા પોતે. આહાહા! એવા **સ્વામીને હું વંદું છું**. એને હું વંદન કરું છું. એ ૪૪ ગાથા થઈ. નિયમસાર

તો નિયમસાર છે.... આહાહા! ચૈતન્યના રત્ને એ બધા ..... પૂરું ચૈતન્યનું માપ કાઢી નાખ્યું. ૪૫-૪૬.

**वण्णरसगंधफासा थीपुंसणउंसयादिपज्जाया ।**
**संठाणा संहणणा सव्वे जीवस्स णो संति ॥ ४५ ॥**

આ ગાથા બધામાં આવેલી છે.

**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ॥ ४ ६ ॥**

આ સમયસારમાં ૪૯ ગાથા છે, પ્રવચનસારમાં આ આવે છે, પંચાસ્તિકાયમાં આવે છે. ૧૭૨ ગાથા આપણે અલિંગગ્રહણમાં આવે છે, પંચાસ્તિકાયમાં આવે છે, અષ્ટપાહુડમાં આવે છે, ધવલમાંય આવે છે. નીચે હરિગીત. એ હરિના ગાણા છે, હરિના હાલરડા. હરિ એવો અજ્ઞાન અને રાગ-દ્વેષને હરનારો એવો હરિ એના આ હાલરડા છે આહાહા! એની મા હાલરડામાં સુવાડે છે, આ હાલરડા આવી જગાડે છે એને. જાગ રે જાગ સંત, સૂતો ક્યાં સુધી તું? ક્યાં સુધી તારે સુવું છે? આહાહા! કુંભકર્ણની નિદ્રાએ...

**સ્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને**
**સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.**
**જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,**
**વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.**

એની **ટીકા : અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણપરમાત્માનું સ્વરૂપ...** આ શુદ્ધભાવ ઉપર કહ્યો એ અહીં લે છે. કેવો છે શુદ્ધભાવ ત્રિકાળી આત્મા? કે **પરમસ્વભાવભૂત...** નિત્યાનંદ ભગવાન પરમસ્વભાવભૂત એવો જે કારણપરમાત્મા, પોતે કારણપરમાત્મા નિત્યાનંદ ધ્રુવ એનું સ્વરૂપ **તેને સમસ્ત પૌદ્ગલિક વિકારસમૂહ નથી....** એને પુદ્ગલથી ઉત્પન્ન થતા વિકારસમૂહ નથી **એમ કહ્યું છે.** નિત્યાનંદના નાથને, પુદ્ગલથી થયેલા વિકારો વસ્તુના સ્વભાવમાં નથી. એવો નિર્મળાનંદ ગુણના નિર્મળ રત્નથી ભરેલો ભગવાન એની નજરું કરવાની, એની દૃષ્ટિ કરવાની છે. આહાહા!

આવો ધર્મ કેવો હશે? વ્રત ને નિયમને કરનારા હોય, એનું ભણતર એ જાતનું. નવો બનાવ્યો હશે આ? આ જૈનમાર્ગ હશે? તને ખબર નથી. જૈનમાર્ગ જ આ છે. રાગની ક્રિયા ને એમાંથી ધર્મ માનવો એ તો અજૈનમાં રત છે. અન્યમત માર્ગ કહ્યો છે. રાગમાર્ગ કહો કે મિથ્યાત્વમાર્ગ કહો કે અન્યમાર્ગ કહો. પરદ્રવ્યથી લાભ માનનારા બધા અન્યમાર્ગી છે, જૈનમાર્ગી નહીં. આહાહા! 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ..' રાગાદિ કર્મ તો અન્ય

છે. ભગવાન આત્મા જિન છે. એ જિન ઉપર દૃષ્ટિ મૂકતાં, પરમાત્મા જિન છે એમ અનુભવમાં આવે એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ધર્મ કહે છે.

**નિશ્ચયથી પાંચ વર્ણ** આત્મામાં નથી. ધોળો ને લાલ આત્મામાં નથી. એક જણાએ પૂછ્યું હતું, પહેલો આત્મા કેવો દેખાય? રાતો, પછી દેખાય ધોળો. આમ.. આમ કંઈક કરે તો અંદર થાયને. આ તો જડ છે. આર્જિકા કહેતી હતી. હા, ...... ........... લઈને અહીં આવ્યા હતા. સાત પડિમાધારી. ચિદાનંદજી અહીં હતાને જ્યારે. સાત પડિમા. કેવા છો? સાત પડિમાવાળા. ગરીબ ભિખારા જેવા. કાંઈ ન મળે તત્ત્વની ખબર, ન મળે કાંઈ પુણ્ય. ચાલી નીકળ્યા ત્યાગી થઈને. અહીં કહે છે કે આત્મા કાળો, ધોળો ને રાતો નથી. કાળો, રાતો ને ધોળું દેખાય, અંદર આંખ્યું આમ થાય એ તો જડ છે. સમજાણું કાંઈ? પીળાશ દેખાય, ફોદા ફોદા દેખાય અંદર આમ બધું, .... બધું દેખાય. એ તો બધું જડ છે. આત્મામાં એ છે નહીં. આહાહા!

પાંચ વર્ણ ને **પાંચ રસ**... જગતના રસ. ખાટો, મીઠો રસ છેને. એ મીઠો રસ આત્મામાં નથી. આત્માનો મધુર રસ અરૂપી બીજો છે. આહાહા! પાંચ રસ, **બે ગંધ, આઠ સ્પર્શ...** સુંવાળો.. સુવાળો સ્પર્શ આત્મામાં નથી. કર્કશ નથી, વિગેરે. **સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ વિજાતીય વિભાવવ્યંજનપર્યાયો...** સ્ત્રી, પુરુષ, નપુંસક વિજાતીય–વિભાવવ્યંજનપર્યાય, જડની–શરીરની હોં, એ એમાં નથી. **કુબ્જાદિ સંસ્થાનો...** કુબ્જાદિ સંસ્થાનો છેને. સારો આકાર..., વામન આકારનો, **વજ્રર્ષભનારાચાદિ સંહનનો પુદ્ગલોને જ છે, જીવોને નથી.** લ્યો, આ શરીરની મજબૂતાઈ ને હાડકાં એ તો પુદ્ગલના છે, જડના છે. એ આત્મામાં નથી. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૮, શુક્રવાર, તા. ૨૬-૧-૧૯૭૩
## ગાથા-૪૫-૪૬, પ્રવચન નં. ૨૧૦

નિયમસાર. શુદ્ધભાવ એટલે, કહ્યું આગળ પહેલું. આ કારણપરમાત્માનું સ્વરૂપ છે. પરમસ્વભાવભૂત એવું.. આત્માનું, ત્રિકાળી પરમસ્વભાવભૂત એવો જે કારણપરમાત્મા શુદ્ધ ધ્રુવભાવ એનું આમાં ધ્યેય છે. જે ધ્રુવસ્વરૂપ શરીર, વાણી, મનથી તો ભિન્ન છે, પુણ્ય ને પાપના વિકલ્પો–રાગ એનાથી જુદું છે અને એક સમયની વર્તમાન પર્યાય પ્રગટ–વ્યક્ત છે એનાથી પણ જુદું તત્ત્વ છે. એને અહીંયા કારણપરમાત્મા પરમસ્વભાવભૂત... પરમ સ્વભાવભૂત–પરમભાવરૂપ એવું ત્રિકાળી સ્વરૂપ એને અહીંયા કારણપરમાત્મા કહે છે, કારણજીવ કહે છે, એને શુદ્ધભાવ કહે છે, એને ધ્રુવ કહે છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા! કેટલું આમાં યાદ રાખવું? એ ન જવાબ આવ્યો. આહાહા!

ભગવાન આત્મા, એક સેકંડના અસંખ્ય ભાગમાં વર્તમાનમાં પરિપૂર્ણ ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન, સામાન્ય સદશ ધ્રુવ શુદ્ધભાવરૂપ કારણપરમાત્મા કહો, એને કારણજીવ કહો, એને સ્વરૂપ પ્રત્યક્ષ એવું આત્મતત્ત્વ કહો—એનું આ વર્ણન છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે. ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યઘન સામાન્ય સદશસ્વરૂપ એનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન થાય છે. પ્રથમ ધર્મની સીઢી–શ્રેણી, પહેલું પગથિયું એ શુદ્ધભાવને આશ્રયે થાય છે એમ કહે છે. ભગવાન આત્મા, એક સમયની વર્તમાન જ્ઞાન આદિ અનંત ગુણની જે પર્યાય પ્રગટ–વ્યક્ત છે તેનાથી ભિન્ન અંદર ચૈતન્યતત્ત્વ છે. આહાહા! એવું ચૈતન્યતત્ત્વ, એમાં વર્ણ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી, સ્ત્રી-પુરુષ-નપુંસકના શરીરના આકારો–વ્યંજનપર્યાય એ ચૈતન્યમાં નથી અંદરમાં, સંસ્થાન નથી, સંહનન નથી. એ પુદ્ગલોની ક્રિયાઓ બધી જડની છે. જીવમાં ચિદાનંદ સ્વરૂપમાં અંદર એ ચીજ છે નહીં. આહાહા!

કહેશે આગળ કળશમાં. એ તો જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આહાહા! તત્ત્વના જાણનાર પુરુષને ભગવાનનું શુદ્ધ વચન એટલે નિશ્ચય વચન... આ બાજુ કળશમાં છે. હા, એ. જિનદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા એનું શુદ્ધ વચન... શુદ્ધ એટલે નિશ્ચય વચન. નિશ્ચય વસ્તુ બુધપુરુષોને–ધર્માત્માને માટે આ વાત કરે છે. આહાહા! અને એ તો એમ કહે છે કે આ તો પ્રસિદ્ધ છેને જગતમાં. એ જગતપ્રસિદ્ધ સત્ય છે. ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનઘન એ તો જગતમાં પ્રસિદ્ધ છે, કહે છે. કહો, સમજાણું કાંઈ? એવા ભગવાનમાં–અંદર વસ્તુ ભગવાન ધ્રુવ ચૈતન્યમાં આ બધા પ્રકારો, શબ્દો, સંહનન, સ્પર્શ, રંગ આદિ છે નહીં. હવે જરી એમાં શું છે, એ કહે છે.

આવી અવસ્થામાં–**સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મયુક્ત સંસારી જીવને...** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ છેને એકેન્દ્રિય જીવ એને **કર્મફળચેતના હોય છે...** ચેતનાગુણમાંથી વ્યાખ્યા કરી છે આ બધી. ચેતનાગુણ. આહાહા! એકેન્દ્રિય જીવને હર્ષ ને શોકનું વેદન એ કર્મફળ(ચેતના) છે. કર્મ નામ રાગ ને વિકાર, એનું ફળ એ દુઃખનું વેદવું, વિકારીભાવનું વેદન એને અહીંયા કર્મફળચેતના કહે છે. સ્થાવરને તો દુઃખનું વેદન છે કહે છે. સમજાણું કાંઈ? એને ચેતના છે, પણ એ ચેતનાની પર્યાયમાં દુઃખનું વેદન એવી કર્મફળચેતના છે એને. આહાહા! સમજાણું કાંઈ? એને કર્મચેતનાની મુખ્યતા નથી. મુખ્ય કર્મફળચેતના છે એમ કહેવું છે. બાકી રાગ-દ્વેષના પરિણામ (છે, પણ) એને મન નથી, વાણી નથી એથી એને, કહે છે કે રાગ-દ્વેષના પરિણામનું કાર્ય મુખ્યપણે નથી. મુખ્યપણે તો વેદન, રાગ ને દ્વેષનું વેદન છે, આનંદના સ્વભાવથી વિરુદ્ધ આકુળતાનું વેદન એવી કર્મફળચેતના એને છે. આહાહા! શું કહ્યું? આમાં તો બધી નવી નવી વાતું આવશે ઝીણી. આહાહા!

ચૈતન્ય સ્થાવર જીવ એકેન્દ્રિય—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એનો જીવ, એની જે ચેતના, એ ચેતનાની વર્તમાન પર્યાય એને કર્મફળચેતના છે. એટલે? વિકારી–મિથ્યાત્વ ને રાગ-દ્વેષરૂપી કર્મ–કાર્ય એનું ફળ એને દુઃખરૂપ વેદન છે. જડકર્મનું અહીં કામ નથી. સમજાણું કાંઈ? એના અસ્તિત્વમાં આ છે, એમ કહેવું છે. એ પોતે અંદર વસ્તુ તો શુદ્ધ ચૈતન્યઘન છે. આ શુદ્ધભાવ કહ્યો એ એકેન્દ્રિયજીવને છે. શુદ્ધભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ, સામાન્યભાવ, અભેદભાવ, એકરૂપભાવ એવો તો એને ત્રિકાળ એકેન્દ્રિય જીવને (પણ) છે, પણ એની ચેતનામાં ચેતનારો એ હર્ષ, શોકને ચેતે છે. એને ચેતે છે એટલે વેદે છે. એને અહીંયા કર્મફળ (કહે છે). કર્મ એટલે જડ નહીં, પણ વિકારીભાવ, મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ એ કર્મચેતના, એના ફળ તરીકે દુઃખનું વેદન છે કહે છે. આહા! એકેન્દ્રિય જીવ અનંતવાર ત્યાં રહ્યો, મૂર્છાઈ ગયો એ મૂર્છાઈ. આહાહા!

અહીં તો કહે છે કે એ જીવમાં પણ ભુવન ઉદિત—જગતપ્રસિદ્ધ જિનવાણી.. નિશ્ચય જિનવાણી એમ કહે છે કે એ તત્ત્વ–વસ્તુ એકેન્દ્રિયમાં પણ શુદ્ધપણે પ્રગટ પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો જગતમાં પ્રસિદ્ધ છે કહે છે. આગળ તો, કારણપરમાત્મા જેને અહીં પ્રસિદ્ધ કહે છે, એને અહીંયા સિદ્ધ ને પ્રસિદ્ધ કીધો છે શ્લોકમાં. એકમાં કારણપરમાત્મા છે એ પ્રસિદ્ધ છે, એમ કહ્યું. એમ બે ઠેકાણે છે. ૨૦૬ ને ૨૩૮ પાને. સમજાણું કાંઈ? આવો જે ભગવાન એકેન્દ્રિયનો આત્મા હોં, એ પ્રસિદ્ધ છે વીતરાગની વાણીમાં નિશ્ચયનયથી, શુદ્ધવચનથી... શુદ્ધવચન એને કહીએ જે નિશ્ચય છે. વ્યવહારવચન તે શુદ્ધવચન નહીં. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન ત્રિલોકનાથની વાણીમાં એ શુદ્ધવચનો–નિશ્ચયવચનો એવા આવ્યા અને એ જગતપ્રસિદ્ધ છે તે વાણીએ બતાવ્યું.

દરેક આત્મા—એકેન્દ્રિયથી માંડીને બધા—શુદ્ધ ધ્રુવ ચૈતન્યઘન, કારણપરમાત્મસ્વરૂપે બિરાજે છે. આહાહા! સમજાણું કાંઈ? એને અહીંયા વર્તમાનમાં સ્થાવર જીવને.. સંસાર અવસ્થામાં સ્થાવરજીવને, કર્મયુક્ત સંસારીજીવને કર્મફળચેતના હોય છે. એને તો જ્ઞાનનું ચેતવું એ જ્ઞાનમાં નથી. એને જ્ઞાનની પર્યાયના વેદનમાં એકલું દુઃખનું વેદન છે, વિકારનું ફળ જે દુઃખ એનું વેદન છે એને. સમજાણું કાંઈ? **ત્રસનામકર્મયુક્ત સંસારી જીવને...** આ પંચાસ્તિકાયમાંથી (લીધું છે). ત્રસ—બે ઇન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય, એવા ત્રસનામકર્મ સંસારીજીવને... ઓલું, 'સંસાર-અવસ્થામાં સ્થાવરનામકર્મ' એમ કીધું હતું અને 'ત્રસનામકર્મ સંસારી જીવને' એમ કહ્યું છે.

**કાર્ય સહિત...** બે ઇન્દ્રિયથી માંડીને, એકેન્દ્રિય કરતાં વીર્ય વિશેષ છે એથી એના વીર્યમાં રાગ-દ્વેષનું કાર્ય–કર્મચેતના થાય છે. ત્રસજીવને—બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિયને ત્રસજીવને કર્મચેતના—કાર્યચેતના... છેને? કાર્ય સહિત એટલે કે રાગ-દ્વેષ ને મિથ્યાત્વનું કરવું અને ક્યાંક ધર્મીને મિથ્યાત્વનું કરવું ન હોય, ત્યાં રાગ-દ્વેષનું કાર્ય હોય છે. ધર્મીને હજી કર્મચેતના બાકી છે. સમજાણું કાંઈ? દૃષ્ટિની અપેક્ષાએ, રાગ-દ્વેષના પરિણામ છે એ (અસ્તિત્વ ધરાવતા) નથી (માટે) દૃષ્ટિની અપેક્ષાએ તેને નિર્જરા ગણવામાં આવી છે. જ્ઞાનની અપેક્ષાએ તેને 'છે' એમ જ્ઞેય ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મિથ્યાદૃષ્ટિ જીવને એકલી કર્મચેતના સહિત કર્મફળચેતના હોય છે. કર્મ એટલે કાર્ય. મિથ્યાત્વનું ને રાગ-દ્વેષનું કાર્ય અને એનું ફળ દુઃખ, એ મિથ્યાદૃષ્ટિને હોય છે. સમ્યગ્દૃષ્ટિને આત્મા–જ્ઞાનની ચેતના છે, જ્ઞાનાનંદસ્વરૂપની એકાગ્રતાના આનંદનું વેદન, અતીન્દ્રિય આનંદનું વેદન છે સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને, એના સહિત એને જરી રાગનું કાર્ય અને રાગના ફળનું કર્મફળ–દુઃખફળ છે.—આમ એને ત્રણેય ચેતના હોય છે. સમજાણું કાંઈ?

અહીં કારણપરમાત્માને જ્ઞાનચેતના ગણી છે, પૂર્ણ છે માટે. પણ ચોથા (ગુણસ્થાન)થી પણ જ્ઞાનચેતના છે, (ભલે) થોડી છે. અંતરમાં સ્વરૂપ જે ભગવાન આત્મા પૂર્ણ આનંદનું ધામ શુદ્ધભાવ, એના તરફની સમ્યગ્દર્શન-જ્ઞાનની એકાગ્રતા છે એને જ્ઞાનચેતના કહે છે, એ આનંદમાં ચેતાયેલો છે એમ કહે છે. સમકિતી જીવ આનંદમાં ચેતાયેલો છે થોડો, આહાહા! અને થોડો ભાગ રાગમાં ચેતાયેલો છે અને થોડો ભાગ એ રાગના ફળને વેદે છે.—ત્રણ છે. આને–કેવળીને તો જ્ઞાનચેતના પૂર્ણ કહેવી છેને. (જ્ઞાનીની) ગૌણપણાની (અસ્થિરતાની કર્મચેતના ને કર્મફળ)ચેતનાને અહીંયા (આ ગાથામાં) ખુલ્લી નથી કરી. સમજાણું કાંઈ?

આમ તો કહી દીધુંને કે ત્રસનામકર્મ સંસારીજીવને... એક બાજુ ત્રસ(પણું) છેને એને–(જ્ઞાનીને). કાર્યસહિત... બે-ઇન્દ્રિય, ત્રણ-ઇન્દ્રિય ચૌ-ઇન્દ્રિય, પંચેન્દ્રિય એવા જીવને—મિથ્યાદૃષ્ટિ જીવને—જેની દૃષ્ટિમાં રાગની રુચિ છે, પુણ્યના પરિણામનો પ્રેમ છે એ મિથ્યાદૃષ્ટિને—રાગ ને

દ્વેષના મિથ્યાત્વનું કરવું એવી કર્મચેતના–કાર્યચેતના છે અને એના ફળરૂપે દુઃખનું વેદવું એ કર્મફળચેતના છે. સમજાણું કાંઈ? અને સમ્યગ્દૃષ્ટિ જીવને અંદર જ્ઞાનચેતનાનો, આનંદનો અંશ પ્રગટ્યો છે, સ્વરૂપ ચૈતન્યની મૂર્તિ એની અંતર્દૃષ્ટિ થઈને ધર્મીજીવને જ્ઞાનચેતના એટલે આત્માના સ્વરૂપનું વેદન થોડે અંશે પ્રગટ્યું છે. બીજા અંશમાં જરી રાગનું કાર્ય પણ છે અને રાગના ફળનું દુઃખ પણ છે. એય ચેતનજી!

આ તો ઓલું આવ્યું છેને, તમારે કાગળ આવ્યો છેને. સ્પષ્ટ થવું જોઈએને. આહાહા! એમાં પણ સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિના પ્રધાનપણાને કારણે રાગનું થવું ને રાગનું ભોગવવું એ ગૌણ થઈ જાય છે. દૃષ્ટિની અપેક્ષાએ તો એની નિર્જરા થઈ જાય છે. જ્ઞાનની અપેક્ષાએ, સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનચેતના હોવા છતાં સાથે થોડો રાગભાગ કર્મધારા છે એ જ્ઞાનનું જ્ઞેય છે અને રસનું વેદવું ..... એ પણ જ્ઞાનની અપેક્ષાએ તો જ્ઞાનનું જ્ઞેય છે. ચારિત્રની અપેક્ષાએ રાગ ને પુણ્ય-પાપના પરિણામનું થવું એટલું એને પરિણમન વિકારી ઝેર છે. સમજાણું કાંઈ?

અને એને ચારિત્રની અપેક્ષાએ, ચારિત્ર વીતરાગતા પૂર્ણ નથી એથી એને રાગનું કાર્ય છે થોડું અને એની સાથે હર્ષ-શોકનું વેદન પણ ધર્મીને છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આમાં શું યાદ રહે, ઘરે પૂછે તો? રાત્રે પૂછે તો આવડે આમાં? ....... ક્યા કહતે હૈં? ક્યા હૈ? હર્ષ-શોક કહાં રહતા હૈ, કિસકો હૈ—યહ બાત ચલતી હૈ. જેને રાગનો (ભાવ), ચાહે તો દયા, દાન, વ્રતનો હો કે રાગ-દ્વેષ, એની જેની રુચિ ને દૃષ્ટિ છે એવા મિથ્યાદૃષ્ટિને તો જ્ઞાનની ચેતના બિલકુલ નથી. આત્મામાં એકાગ્ર થવાની શાંતિનું, આનંદનું વેદન જરીએ નથી. એને (રાગનું કરવું) અને રાગનું વેદવું—એ કર્મચેતના, કર્મફળચેતના બે જ છે. સમજાણું કાંઈ? ધર્મીને ત્રણ છે, સાધકને હોં. કેવળીને એકલી જ્ઞાનચેતના છે. અત્યારે એની વાત નથી.

આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ એની અંતર દૃષ્ટિના કારણે જ્ઞાનમાં શાંતિનો અંશ, આનંદનો અંશ, સ્વચ્છતા, પ્રભુતાનો અંશ જેને પર્યાયમાં વેદનમાં છે. આહાહા! એને ધર્મી સમકિતી કહ્યો. એ ઉપરાંત એને જરી રાગનો ભાગ—દયા, દાન, વ્રત આદિના ભાવ કે કોઈ આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો ભાવ આવે, એ કર્મચેતના છે. એટલે તે એટલો રાગમાં ચેતાઈ ગયો છે. સમજાણું કાંઈ? અને એટલું હજી, આનંદના વેદન સાથે રાગ ને દ્વેષનો અંશ જે આવ્યો એનું પણ એને વેદન છે. આહાહા! સમજાણું કાંઈ? આહા! ચેતનાના 'ગુણ' શબ્દની વ્યાખ્યા બતાવે છે. ચેતનાગુણ, એની વ્યાખ્યામાં પર્યાયની વાત કરે છે. આહાહા! સમજાણું કાંઈ?

પહેલો અભ્યાસ કરવો પડશે, ચોપડા ઘરે વાંચવા પડશે. એમ ને એમ ઓલા ચોપડા કેમ તપાસે છે આખો દિ' તમાકુના? છોકરાઓ કરતા હશે તોય બધું હાથમાં રાખે. પડાઈ ઉડે ક્યાં? કે હાથમાં દોરો રાખીને. પડાઈ સમજતે હો? પતંગ. છોકરાઓ કામ કરે, પણ આવીને ધ્યાન રાખે. સમાચાર આપે મોટા. શું થયું, શું ગયું...... યહાં તો હૈ ઐસા કહતે હૈં. ..... આહાહા!

કહે છે કે ત્રસ જીવને–ત્રસરૂપી સંસારીજીવને કાર્ય નામ રાગ ને દ્વેષ, પુણ્ય-પાપ ને મિથ્યાત્વનો ભાવ છે. મિથ્યાદૃષ્ટિને એ કાર્યચેતના હોય છે અને મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું આકુળતાનું વેદન અજ્ઞાનીને હોય છે. આહાહા!

જ્ઞાનીને થોડી જ્ઞાનચેતના છે આનંદની. અતીન્દ્રિય આનંદ ભગવાન આત્મા એની દૃષ્ટિને લઈને શાંતિ ને આનંદનો અંકુરો ફૂટ્યો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આનંદ ને જ્ઞાન ને શાંતિનું વેદન છે, પણ પૂર્ણ નથી એથી સાથે રાગનું વેદન થોડું છે. રાગનું કાર્ય પણ છે અને રાગનું ફળ જે દુઃખ એ પણ છે એને. કહો, સમજાણું કાંઈ? આ તો ઘણા બોલ જુદી-જુદી જાતના આવ્યા. દરબારને રાત્રે પૂછે તો આવડે? આવડે. હા તો પાડે છે. હોંશ તો બતાવે છે, પછી આવડે-ન આવડે એ જુદી વાત છે. ભાઈ ઠીક કહે છે. પૂછે તરત તો ખબર પડે. ..... આહાહા! ..... આ તો હજી પરલક્ષી જ્ઞાનના આવા પ્રકાર એને જાણવા ..... સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે **ત્રસનામકર્મયુક્ત** એવા **સંસારીજીવને કાર્યસહિત...** એટલે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના કાર્ય સહિત મિથ્યાદૃષ્ટિને અને સમ્યગ્દૃષ્ટિને એકલા ચારિત્રમોહના રાગ સહિત રાગના ફળની **કર્મફળચેતના હોય છે.** આવું એના અસ્તિત્વમાં હોય છે. એ તો ભોક્તાનયમાં આવી ગયુંને ભાઈ! ભોક્તામાં આવી ગયું. હર્ષ-શોકનો એ ભોક્તા છે. આહાહા! ગજબ વાત છે! વીતરાગી વાત.... અંદર રાગ ને દ્વેષનો અંશ છે એટલું કાર્ય પણ છે અને એટલું વેદન પણ છે. આહાહા! નહીંતર પરિપૂર્ણ અનંત આનંદ જોઈએ. આહાહા! કહો, સમજાણું કાંઈ?

હવે, **કાર્યપરમાત્માને...** હવે ત્રીજો બોલ આવ્યો પાછો. શોભાલાલજી! આ જરી ઝીણી વાત છે. ઘરે વાંચજો.. વાંચજો અંદર કે આ શેનો અર્થ કર્યો. એમને તો કહીએ કે વાંચજો. આહાહા! હવે કાર્યપરમાત્માને એટલે કેવળજ્ઞાન જેને થયું એવા અરિહંતને અને સિદ્ધને. પહેલા એકેન્દ્રિય જીવની વાત હતી, પછી ત્રસ જીવની વાત હતી, હવે એકલા અરિહંત ને સિદ્ધની વાત છે. અરિહંતને, સિદ્ધને કાર્યપરમાત્મા કહેવામાં આવે છે. કાર્યપરમાત્મા કે જેની પર્યાયમાં પરમાત્માદશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ. સમજાણું કાંઈ? આહાહા! એ કાર્યપરમાત્માને **અને કારણપરમાત્માને...** ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્ય કે જે આ શુદ્ધભાવનો અધિકાર ચાલે એ.

ત્રિકાળી ધ્રુવ શુદ્ધ આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદનું ચોસલું આખું, અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા ધ્રુવ એને અહીંયા કારણપરમાત્મા કહે છે. પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ એ અરિહંત, સિદ્ધને કાર્યપરમાત્મા કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ઘણા બોલો છે આમાં. કોઈ દિ' સાંભળ્યું ન હોય એવું છે. ધીરુભાઈ! ...... ક્યાં હતું એ? એનો તો વિષય નહીં પાછો, એમ કહે. રઝળવાનો વિષય આખો લે, આ કરો, આ કરો, આ કરો.

જુઓને! ઓલા ડોક્ટર. ડોક્ટર કાંઈ સગા થાયને તમારે, નહીં? ભણશાળી. ભણશાળી અહીં આવતા. આવ્યા હતા. ત્યાં ગયો હતો એક ફેરી..... તેરની સાલમાં. આખો દિ' આ કરું, આ કરું, આ કરું. આ એસ્સોની કંપની છેને, ...... ઉડી ગયા ઘડીકમાં ફૂ... બૈરા આવ્યા હતા. હમણાં આવી ગયા. આહાહા! અરે! આત્મા શું છે, કોણ છે, ક્યાં છે—એ સમજવાના ટાણા ન મળે. અને અકસ્માત હાર્ટફેલ. આહાહા! આમ નથી કહેતા કે ફેલ થઈ ગયો? આબરૂવાળો હોયને. એ ફેલ થઈ ગયો. આ શરીરથી ફેલ થઈ ગયો. જાઓ, દુકાન બંધ છે. આહાહા!

અહીં તો કહે છે કે કારણપરમાત્મા પોતે નિત્યાનંદ પ્રભુ ધ્રુવ, જે પુણ્ય-પાપના રાગથી તો રહિત છે, એક સમયની રાગને જાણનારી જે પર્યાય છે એવી અનંત ગુણની એક સમયની પ્રગટ અવસ્થા એની પાછળ–ભિન્ન ભગવાન ધ્રુવ એને અહીંયા કારણપરમાત્મા કહે છે. સમજાણું કાંઈ? સરઘસ નીકળ્યું સ્વતંત્ર (દિવસ)નું. કોને કહેવી સ્વતંત્રતા? બહારની સ્વતંત્રતામાં હેરાન થઈ ગયા છે. ઘણા રાડ્યું પાડે છે, અંગ્રેજ કરતા અત્યારે સારું નથી. પહેલા (સારું હતું). વાતું સાંભળીએ. બહારથી ખ્યાલ... વિપરીત દેખે. આહાહા! અરે! સ્વતંત્ર ભગવાન આત્મા એક સમયમાં... અહીં કીધુંને, ભુવનવિદિત છેને પ્રભુ! વીતરાગનું શુદ્ધવચન–નિશ્ચયવચન જગતમાં ત્રણે કાળમાં પ્રસિદ્ધ છે. કારણપરમાત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે એ તો પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? એ પછી લેશું આગળ.

અહીં કાર્યપરમાત્મા ને કારણપરમાત્માને **શુદ્ધજ્ઞાનચેતના હોય છે.** અરિહંત ને સિદ્ધ ભગવાનને રાગ-દ્વેષની કર્મચેતના હોતી નથી તેમ તેના દુઃખનું ફળ હોતું નથી. એ તો અતીન્દ્રિય આનંદના ફળને વેદે છે. કેવળી અરિહંતપણે દેહમાં હો કે સિદ્ધપણે દેહરહિત હો—એ તો એકલો જ્ઞાનસ્વરૂપ ભગવાન એના વેદનમાં છે, જ્ઞાનની એકાગ્રતાની પરિપૂર્ણતા પ્રગટ થઈ છે. એને તો શુદ્ધજ્ઞાનચેતના હોય છે. સિદ્ધને શુદ્ધજ્ઞાનચેતના, અરિહંતને શુદ્ધજ્ઞાનચેતના. આહાહા! એને રાગની ચેતના નથી ને એને રાગનું વેદન છે નહીં. આહાહા!

મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષનું કાર્ય અને એના સહિતનું મિથ્યાત્વ, રાગ-દ્વેષનું દુઃખ છે. સમકિતીને રાગ-દ્વેષનું કાર્ય, જ્ઞાનનું કાર્ય, રાગ-દ્વેષનું (ફળ), જ્ઞાનનું ફળ આનંદ છે. સાથે કર્મફળચેતના પણ છે થોડી એને. આહાહા! સમજાણું કાંઈ? ત્યાં પ્રવચન(સાર)માં તો કર્મફળચેતના લીધીને. કર્મફળચેતના એકલી શુદ્ધને લીધી ત્યાં. શુદ્ધને લીધી. આહાહા!

કહે છે કે મિથ્યાદૃષ્ટિ, જેને રાગનો ભાવ એ વિભાવ છે, સ્વભાવથી વિરુદ્ધ છે. ભગવાન આત્મા એ વિભાવથી રહિત છે. એને સહિત તરીકે માનનારા મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ ને રાગ-દ્વેષનું કાર્ય છે અને મિથ્યાત્વ ને રાગ-દ્વેષના દુઃખનું ફળ છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને આત્માના આનંદસ્વરૂપની વેદના, એકાગ્રતા થોડીક થઈ છે તેથી તેને જ્ઞાનચેતના છે. એ જ્ઞાનનું કાર્ય પણ છે, રાગનું કાર્ય નહીં, જ્ઞાનનું કાર્ય છે અને જ્ઞાનના ફળ કર્મચેતના—જ્ઞાનરૂપી કાર્ય એનું ફળ

આનંદરૂપ ચેતના પણ થોડી છે. આહાહા! આ તો ઘણા બોલ છે તો યાદ રહેવા મુશ્કેલ છે. એ ...જી! (યાદ) રહેશે. આ બધા શેઠીયાને ઊભા તો કરીએ કે આ શું છે. આહાહા!

એ બેને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. **તેથી જ...** એ જ્ઞાનચેતના હોય તેથી જ, એમ. **કાર્યસમયસારને...** એટલે પરમાત્મા અરિહંત ને સિદ્ધને... એ કાર્યસમયસાર છે. અને **કારણસમયસારને...** ત્રિકાળી ભગવાન કારણસમયસાર. જેને કારણપરમાત્મા ને કાર્યપરમાત્મા કીધા એને અહીં કાર્યસમયસાર ને કારણસમયસાર કહે છે. એને **સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે.** આહાહા! કેવળીને–અરિહંતને, સિદ્ધને અને ત્રિકાળી દ્રવ્યને... ત્રિકાળી દ્રવ્યને–એને છેને અંદર. પર્યાયપણે નથી. એને શુદ્ધજ્ઞાનચેતના હોય છે અંદર ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મામાં અને આનંદનું વેદનરૂપી ફળ એ પણ ત્રિકાળ અંદરમાં છે. ફરીને.

કહે છે કે કાર્યપરમાત્માને... કાર્યપરમાત્મા એટલે અરિહંત ને સિદ્ધને કાર્યદશા પૂર્ણ થઈ ગઈ એથી એને કાર્યપરમાત્મા કહે છે. અને એના કારણરૂપ ભગવાન ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ આત્મા એને કારણપરમાત્મા કહ્યો. ઓલી પર્યાય પૂર્ણ થઈ એને કાર્યપરમાત્મા અને એનું કારણ જે ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ એને કારણપરમાત્મા (કહ્યો). બેયને શુદ્ધજ્ઞાનચેતના હોય છે. સમજાણું કાંઈ? **આથી...** આ જ્ઞાનચેતના બેયને શુદ્ધ હોય છે માટે, એમ. કાર્યપરમાત્મા એટલે કાર્યસમયસારને અને કારણસમયસાર એટલે કારણપરમાત્માને સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે. કેવળીને, સિદ્ધને આનંદની દશાનું પ્રગટ વેદનરૂપ જ્ઞાનચેતના શુદ્ધફળ હોય છે. દ્રવ્યમાં અંદર શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ છે અને એમાં આનંદનું અનુભવવું એ પણ સ્વરૂપમાં ત્રિકાળ પડ્યું છે. કહો, સમજાણું કાંઈ?

આ જ્ઞાન **चेदणागुणमसद्दं..** અશબ્દને નાખી દીધા પુદ્ગલમાં. અહીં ચેતનાગુણની વ્યાખ્યા આટલી કરી. સમજાણું કાંઈ? કાર્યસમયસાર એટલે કાર્યપરમાત્મા અરિહંત ને સિદ્ધ અને કારણપરમાત્મા એટલે કારણસમયસાર ત્રિકાળીદ્રવ્ય, આ જે ઉપર શુદ્ધભાવ તે. શુદ્ધભાવ એ પર્યાય નહીં. પર્યાયમાં અશુભ, શુભ ને શુદ્ધ એ ત્રણ હોય. એ આ નહીં. આ તો ત્રિકાળી ધ્રુવ શુદ્ધ જે કારણપરમાત્મા, કારણસમયસાર, કારણજીવ એવું જે ત્રિકાળી જીવત્વ–ભાવપ્રાણનો ધરનાર ભગવાન એને કારણસમયસાર કહીએ. ભગવાનદશાને પ્રાપ્ત છે એને કાર્યસમયસાર કહીએ.

એને **સહજફળરૂપ...** કેવળીને ને સિદ્ધને પ્રગટ **સહજફળરૂપ શુદ્ધજ્ઞાનચેતના હોય છે**. અને કારણપરમાત્મા પોતે છે એમાં પણ શુદ્ધજ્ઞાનચેતના ધ્રુવ છે, તો શુદ્ધ આનંદનું ફળ એ પણ અંદરમાં ધ્રુવ પડ્યું છે. આજ ઘણા બોલ આવ્યા હોં. આ અભ્યાસ કરે તો સમજાય એવું છે. એમ ને એમ અદ્ધર પકડાય એવું નથી. આ તો વીતરાગમાર્ગ છે. આખી દુનિયાથી જુદી જાત છે. સમજાણું કાંઈ? આહાહા!

વસ્તુ 'ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્'. ઉત્પાદ-વ્યય તે પર્યાય છે, ધ્રુવ તે ત્રિકાળી સત્નું સત્ત્વ છે. એ ત્રણ અંશવાળું આખું દ્રવ્ય પ્રમાણનો વિષય આત્મા. એમાં ઉત્પાદ-વ્યય પર્યાય વિનાનું ધ્રુવતત્ત્વ જે છે એમાં શુદ્ધજ્ઞાનચેતના ત્રિકાળ છે અને એના ફળરૂપ આનંદનું, ચેતનાનું ફળ આનંદ એ પણ ત્રિકાળ એમાં પડ્યું છે ધ્રુવ. અરિહંત અને સિદ્ધને પ્રગટરૂપ પર્યાય, જ્ઞાનચેતનાની પ્રગટ પર્યાય છે અને આનંદના ફળની પ્રગટ પર્યાય છે એનું એને વેદન છે. કહો, કાંતિભાઈ! આટલા બધા પડ્યા પડખાં. હવે પાછો સરવાળો કરશે. આ હું કહીશ. આહાહા!

**આથી**–આ કારણે **સહજશુદ્ધ-જ્ઞાનચેતનાસ્વરૂપ નિજ કારણપરમાત્મા...** લ્યો, પોતે કારણભગવાન અનાદિ-અનંત, એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ જે આત્મા, સ્વભાવિક શુદ્ધજ્ઞાનચેતનાસ્વરૂપ ધ્રુવ નિજ કારણપરમાત્મા પોતાનો કારણભગવાન, ધ્રુવ પરમાત્મા... શુદ્ધભાવ છેને માથે. શુદ્ધભાવ ત્રિકાળી કારણભગવાન એ **સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ હોવાથી ઉપાદેય છે.** આહાહા! સિદ્ધની પર્યાયકાળમાં પણ ધ્રુવપણું તો એવું ને એવું પડ્યું છે અંદર. સંસાર અવસ્થામાં પણ ધ્રુવપણું તો નિત્યાનંદ કારણપરમાત્મા એવો ને એવો અહીંયા છે.

બેય અવસ્થામાં અંદર... **સંસારાવસ્થામાં કે મુક્તાવસ્થામાં સર્વદા એકરૂપ**... સર્વદા નામ ત્રણે કાળ. આહાહા! એકરૂપ–સદશ, કારણભગવાન સદશ ધ્રુવ એ ઉપાદેય છે. ધર્મીને એ આદરવાલાયક છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને આવો આત્મા તે એક ઉપાદેય છે. આહાહા!

શ્રોતા : ઉપાદેય છે એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રી : અંગીકાર કરવાલાયક છે, તેનો આશ્રય કરવાલાયક છે, એની સમીપ જવાલાયક છે, તેમાં લીન થવાલાયક છે. આહાહા! ભારે વાત ભાઈ! દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહીં. કેમ કે અનાદિનો પરંપરા સનાતન વીતરાગમાર્ગ છે. વચ્ચે પછી ભાગલા પડી ગયા, પંથ ..... થઈ ગયા, એમાં વચમાં વિપરીત પંથ ઉભા થઈ ગયા એટલે આ વાત ત્યાં રહી નહીં. સમજાણું કાંઈ? આહાહા!

આ તો અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ જિનદેવના વચનો જે શુદ્ધ છે, નિશ્ચય છે, સાચા છે, એમાં આ કારણપરમાત્માને વર્ણવ્યો છે. સમજાણું કાંઈ? આજ તો ઘણા બોલ આવ્યા હોં. લ્યો, સ્વતંત્રતાનો દિવસ છે આજ. ૨૫ વર્ષ પૂરા થાય છે. આજ ૨૬મી તારીખ ને ૨૬મું વર્ષ બેસે છે એને. ૨૫ વર્ષ પૂરા થયા. (વિક્રમ સંવત) ચોથી સાલનું હતુંને. એને ગણતંત્ર માને છે. આપણે તો સંવત યાદ રહે. સંવત ચોથી. આ સ્વતંત્રતા છે, બાકી બધી ધૂળું છે. આહાહા!

જિનદેવ.... આ તો **जाण** શબ્દ છેને અંદર **जाण**. ચેતનાગુણ તું જાણ. એવું તો કુંદકુંદાચાર્યનું વચન છે. તેથી મુનિએ કાઢ્યું કે આવો જે ભગવાન કારણપરમાત્મા, જે સંસાર અવસ્થા હોય તોય એવો ને એવો જ ધ્રુવ છે અને મોક્ષ અવસ્થા હોય તોય એવો ને એવો ધ્રુવ છે. સંસાર અવસ્થા છે તો ધ્રુવમાં બગાડ થયો નથી, મોક્ષ અવસ્થા છે તો ધ્રુવમાં સુધર્યું નથી કાંઈ. સુધર્યું છે? એ તો એવો ને આવો છે. આહાહા! સમજાણું કાંઈ?

એ મુક્ત કે સંસાર અવસ્થામાં **સર્વદા એકરૂપ હોવાથી**... એ તો નિત્યાનંદ પ્રભુ... વેદાંત કહે છે નિત્યાનંદ સ્વરૂપ, પણ ઓલો પર્યાય વિનાનો (ધ્રુવ) એણે જાણ્યો નથી. પર્યાય છે એ એણે જાણી નથી, માની નથી. એકાંત નિશ્ચયાભાસ થઈ ગયો. એય! (પર્યાયની) અસ્તિ છે, (પણ) એને ગૌણ કરીને એમાં 'નથી' એમ કહ્યું. એ કહે, (સર્વથા) છે જ નહીં. એકાંત મિથ્યાત્વ છે. અસ્તિ ઉડાડી. નિર્ણય કરનાર કાર્ય છે એ જ નથી એ કહે છે. કારણ છે આ ધ્રુવ એવું નક્કી કોણ કરે છે? એ પર્યાય તો 'નથી' કહે છે, (સર્વથા) કૂટસ્થ (કહે) છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ?

જૈન પરમેશ્વરે કહેલો એક-એક આત્મા ધ્રુવપણે કારણપરમાત્મા સદૃશ–સદા એકરૂપ છે. સમ્યગ્દૃષ્ટિને એ જ ઉપાદેય છે. આહાહા! આદરણીય છે. દૃષ્ટિ ત્યાં મૂકવા જેવી છે. દૃષ્ટિ પર્યાય ને રાગ ઉપર રાખવા જેવી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, પ્રકાશદાસજી! શું આમાં સમજ્યા? આ તમારા...... આ શું માંડી છે? એમ કહે. એમ કહે કે ભક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કાઢવી, વ્રત પાળવા, તપસ્યા કરવી એ સમજાય પણ ખરું. એ તો અનાદિનું અજ્ઞાન છે, સાંભળને હવે! એ કર્મચેતના રાગની છે. આહાહા! સમજાણું કાંઈ?

વ્રત, તપ ને નિયમ વિકલ્પો છે એ બધા. રાગ છે. પૂજા, ભક્તિ ને જાત્રા એ શુભરાગ છે. એ રાગ પોતે ધર્મ નથી. આહાહા! એ હોય ભલે, પૂર્ણ ન હોય ત્યાં સુધી એવો ભાવ હોય, (પણ) વસ્તુનો ધર્મ નહીં. ધર્મ તો એ રાગના વિકલ્પથી ભિન્ન ભગવાન નિત્યાનંદ પ્રભુ આત્મા કારણપરમાત્મા જેને કારણસમયસાર પણ કહ્યો, એ ધર્મીને ઉપાદેય નામ દૃષ્ટિમાં લેવા જેવો છે. આહાહા! આકરું કામ છે. અનંતકાળથી કર્યું નથીને એટલે આકરું લાગે. છે તો એના ઘરની ચીજ. ઘર સામું જોયું નહીં, ઘરમાં શું છે એ જાણ્યું નહીં. (શ્રોતાઃ કિસીને બતાયા નહીં). શેઠી ઠીક કહે છે. પણ આ પુસ્તક તો હતા કે નહીં? કે નવા અહીંના છે? તારણસ્વામીને નિકાલા કિ નહીં અંદરસે? માર્ગ તો આ છે ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

અંદર કારણપરમાત્મા 'અપ્પા સો પરમપ્પા.' એની દૃષ્ટિ કર, એમાં રમ એ ધર્મ છે. એની ક્યાં ખબર હતી તમને ત્યાં? શેઠ! મલ્હારગઢ. પુસ્તકો કરવા ને છાપવા. જય ભગવાન! મૂકો અહીં. પણ વસ્તુ શું? આહાહા! આમ ફેરફાર..... આહાહા! અહીંયા મુનિરાજ ટીકા કરનાર... કુંદકુંદાચાર્યના શ્લોકની ટીકા એટલે સ્પષ્ટીકરણ. માણસ નથી કહેતા કે શું ટીકા કર્યા

કરે છે મારી? વારંવાર કર્યા કરે છે. ઊંધી ટીકા નિંદાની, આ સવળી ટીકા—એનું સ્પષ્ટીકરણ. આ ખાસ ટીકા. ઓલી ટીકા એટલે નિંદા. ખરેખર ૪૬ (ગાથા)માં સિદ્ધના જે ગુણ છેને એની બધી વ્યાખ્યા છે. આહાહા! **असद्दं.... जाण** એમ શબ્દ પડ્યો છેને. આવા જિનવચનો જે શુદ્ધ તત્ત્વ ભગવાન પૂર્ણાનંદ બતાવે છે એને તું જાણ, એમ કહે છે. એમાંથી કાઢ્યું કે એને તું ઉપાદેય માન. આહાહા! દૃષ્ટિ તું ત્યાં મૂક. ધ્રુવ શું, કારણ શું ને કાર્ય શું (એની) ખબરું વિના ક્યાં દૃષ્ટિ મૂકવી, ક્યાંથી ઉપાડવી. આહાહા!

પરમસ્વભાવભૂત એવું કારણપરમાત્મા એનું આ સ્વરૂપ વર્ણવ્યું, એને અહીંયા ઉપાદેય તરીકે કહ્યો છેલ્લે. આહાહા! ધ્રુવ જે અનાદિ-અનંત એકરૂપ રહેનારું તત્ત્વ છે. પર્યાયમાં તો બદલો થાય છે. સંસાર અવસ્થા, મોક્ષમાર્ગ અવસ્થા, સિદ્ધ અવસ્થા એ બધી અવસ્થાઓ છે. સિદ્ધ પણ એક અવસ્થા છે, દ્રવ્ય-ગુણ નહીં. એ બધી અવસ્થાની પાછળ એકરૂપે રહેનારું કારણપરમાત્મા ધ્રુવ, ત્યાં ધર્મીને દૃષ્ટિ કરવા જેવી છે. નિરંતર ત્યાં દૃષ્ટિ રાખવા જેવી છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત તો સાંભળવા (મળી નહીં) નાગરભાઈ ને છગનભાઈને.

હીરાજી મહારાજ જેવા સાધુ થયા..... એનેય નહોતું. કેટલા... હીરાજી મહારાજ! આહાહા! લૌકિકની એની લાઈન .... એવું કાંઈક કહે છે. કેટલી નરમાશ, આહાર-પાણી ક્રિયા નિર્દોષ. એને માટે કરેલા (આહાર-પાણી) પ્રાણ જાય તોય લે નહીં. કપડાં લાવે તો લે નહીં. નિર્દોષ લેવા જાય ત્યાં નિર્દોષ હોય તો લે એવી ક્રિયા હતી, સંપ્રદાયની દૃષ્ટિએ. વસ્તુ તો હતી જ ક્યાં? આહાહા! એમણે 'રાગનો કર્તા એ મિથ્યાત્વભાવ' એ શબ્દ સાંભળ્યો નહોતો. કારણકે એ હતું નહીંને, વાત હતી નહીં. આહાહા!

અહીં તો કહે છે કે એવો જે ભગવાન ધ્રુવ ચૈતન્યમાલ... પર્યાય તો બારદાન છે, એ માલનું માપ કરનાર છે. આહાહા! એવો જે ભગવાન ધ્રુવ, સંસારદશામાં કે મોક્ષમાર્ગની દશામાં કે મોક્ષની દશામાં સદાય ત્રિકાળ સદૃશ ધ્રુવ પડ્યું છે કહે છે. એ ઉપાદેય છે, દૃષ્ટિ ત્યાં કરવા જેવી છે અને એમાં રહીને સ્થિરતા કરવા જેવી છે, એનું નામ ચારિત્ર. દૃષ્ટિ ત્યાં મૂકીને સમ્યક્ત્વ થવું, એમાં સ્થિરતા થોડી એ ચારિત્ર. સમજાણું કાંઈ? આહાહા! **હે શિષ્ય!** એમ કહે છે. પાઠમાં છેને, **તું જાણ.** આને જાણ. આહાહા! ત્રિકાળી જાણનારને જાણ. ત્રિકાળી સ્વરૂપ પ્રત્યક્ષ એવો આત્મા એને જાણ. એને જાણી તને કલ્યાણ થશે, એને જાણ્યે તને મોક્ષનો માર્ગ આ નિયમસાર થશે અને એને જાણ્યે, નિયમસારનું પૂર્ણ ફળ મોક્ષ પણ એને જાણ્યે થશે. સમજાણું કાંઈ?

આ તો એક ગાથામાં કલાક ગયો. કહો, આ મૂળચંદભાઈ ને બધા જૂના માણસ છે. એને યાદ રહેવું આટલા બધા પડખાં ને. એ જૂનામાં તો આ વાત હતી નહીં. એ તો એને ખબર

છે કે નહીં? આમાં હતી. એ તો શેઠિયા ત્યાંના–દાહોદના કહેવાય. એના ભાઈમાં મોટા એ છે ને. આહાહા! સંપ્રદાયમાં એ વાત જ નથી. અમથાય દેરાવાસીમાં તો આ વાત છે જ નહીં, કારણ કે નવા નીકળેલા ને નવા શાસ્ત્ર બનાવ્યા. પણ આ તો જૂના છે એના અર્થ કરનારાને (ખબર નથી). આ વાસ્તવિક ભગવાનનું કહેલું તત્ત્વ છે. એમાં એના અર્થના સમજનારા નહીં. પોતાની દૃષ્ટિ ને કલ્પનાથી માન્યો એ પ્રમાણે આના અર્થ સમજી લે.

કૈલાસચંદજી કહેતા. અહીં જ્યારે વિદ્વત પરિષદ ભરીને ત્યારે કહેતા કે નિશ્ચયની વાત આવે તો અમે છોડી દઈએ. વ્યવહારની વાત આવે ત્યારે વધારે સ્પષ્ટીકરણ કરીએ. એમ કહેતા હતા. કહ્યું હતુંને ભાઈ! આહાહા! નિશ્ચયની વાત (આવે) કે નિશ્ચય..... આહાહા! નિશ્ચય એટલે સત્ય. જગતપ્રસિદ્ધ પરમસત્ય. ધ્રુવ ભગવાન ચૈતન્ય, એક સમયની પર્યાય વિનાનો પરમાત્મા એ શું ચીજ છે એ આવે તો (કહે), નહીં. એવી .... છે. હવે એનો શ્લોક કહેશે શ્લોક.

**એવી રીતે એકત્વસપ્તતિમાં...** પદ્મનંદી (આચાર્ય)નો આધાર આપે છે. **(શ્રીપદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૭૯મા શ્લોક દ્વારા)...** આ વાત ત્યાં કરી છે. એ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૧૦, રવિવાર, તા. ૨૮-૧-૧૯૭૩
## શ્લોક-૭૦, પ્રવચન નં. ૨૧૧

..... એને કારણે નહીં, આત્માને કારણે નહીં. કર્મ જડ છે એ પણ.... આત્માની **પાછળ પાછળ જનારું કર્મ** એનાથી આત્મા જુદો છે. આહા! અહીં હજી ભાવ પછી લેશે. હજી તો દ્રવ્ય કહ્યું. બે વસ્તુ સિદ્ધ કરે છે. ભગવાન આત્મા તદ્દન જુદો છે.—એક. એ કર્મ જે છે આઠ કર્મના રજકણો, એ આત્માની પાછળ પાછળ પોતાને કારણે જાય, એનાથી પણ આત્મા જુદો છે. સમજાણું કાંઈ? એ કર્મ કંઈ આત્માને કારણે સાથે રહેતું નથી, ગતિ કરતું નથી, એ તો પોતાને કારણે રહીને ગતિ કરે છે. કોણ લઈ જાય કોને? કર્મ કર્મને લઈ જાય. પોતે પોતાને કારણે જાય. આત્મા આત્માને કારણે જાય. જુદી ચીજ છે એમાં કોણ કોને લઈ જાય? એવી વાત છે. આહાહા!

હવે ત્રીજી વાત. **આત્મા અને કર્મની અતિ નિકટતાથી...** આત્મા વસ્તુ છે અનંત આનંદધામ અને કર્મ જે પાછળ પાછળ જનારી ચીજ, સાથે રહીને સ્વતંત્ર જનારી. એની સમીપતાથી–**અતિ નિકટતાથી જે વિકૃતિ થાય...** જે રાગ ને દ્વેષાદિ વિકલ્પોની દશા આત્માને પરના નિમિત્તથી અથવા નિકટતાથી (થાય), એમ કહે છે. અતિ નિકટ... નજીક સંબંધ છેને એકક્ષેત્રાવગાહે. આહાહા! એનાથી **વિકૃતિ** પામે છે–**થાય છે**. જે કંઈ શુભ ને અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ પણ **તેવી જ રીતે (આત્માથી) જુદી છે...** એ વિકૃતિ પણ આત્માથી જુદી છે. આહાહા! છે જુદું. એણે માન્યું છે બીજી રીતે. કહો, સમજાણું કાંઈ? ચૈતન્યસત્ત્વ આત્મા સત્ એ તદ્દન બધાથી જુદી ચીજ છે. હવે એનું જરી સ્પષ્ટીકરણ કરે છે.

એની પાછળ પાછળ જનારું કર્મ એનાથી જુદો અને આત્મા ને કર્મની અતિ નિકટતાથી થતો વિકાર–વિકૃતિભાવ—પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, આહાહા! એ ભાવથી પણ આત્મા જુદો છો. દ્રવ્યકર્મથી જુદો ને ભાવકર્મથી જુદો—એમ બે વાત કરી. આહાહા! અહીં તો, કર્મ વિના ચાલે નહીં, કર્મથી આ થાય, રાડ્યું નાખે છે. કર્મને લઈને રખડે, કર્મને લઈને...... નામ આવે ત્યાં બૂમો નાખે..... આહા! ભાઈ! એ તો જુદી ચીજ છે, તું જુદો. બે પદાર્થ જુદા. આત્મામાં તો કર્મની નાસ્તિ છે. કર્મમાં કર્મની અસ્તિ, આત્મામાં આત્માની અસ્તિ, આત્મામાં કર્મની નાસ્તિ અને કર્મની આત્મામાં નાસ્તિ. નહીંતર બે તત્ત્વ શી રીતે રહેશે?

બે આંગળી છે. આ આંગળીમાં આ આંગળીની નાસ્તિ છે, આમાં આની નાસ્તિ છે. એમ આત્મા અંદર વસ્તુ એમાં કર્મની નાસ્તિ છે, કર્મના રજકણોમાં આત્માની નાસ્તિ છે. આહાહા! આવી ચીજ જુદી પડી છે કહે છે. તેં જુદી દેખી નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. હસમુખ તો બહાર રહી ગયો ક્યાંક. અહીં તો કહે

છે કે કર્મના નિમિત્તથી વિકાર જે થાય એનાથી તું જુદો છો. તારું તત્ત્વ જ્ઞાયક છે, વિકાર તે આસ્રવતત્ત્વ છે, કર્મ તે અજીવતત્ત્વ છે. અજીવ ને આસ્રવથી આ ભિન્ન ચીજ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ભારે વાત. એ એમ છે. આત્મદળ ચૈતન્યદળ વસ્તુમાં જડકર્મનો અભાવ અને એની નિકટતાથી સંગ કર્યો તેં, એમ કહે છે, એમાં વિકૃતિભાવ થાય શુભ ને અશુભ, એનાથી પણ એ આત્મતત્ત્વ તો જુદી ચીજ છે. આહાહા!

આ જુઓને! અત્યારે ખીચડા કરે છેને બધા. કર્મને લઈને વિકાર થાય, વિકારને લઈને નહીં પણ કર્મને લઈને જીવ રખડે. એ ભીખાભાઈ! આ ઉપધાન કરે એ ઉપધાન ક્યાં હતું? ઉપધાન કોને કહેવા, એ આવશે હમણાં. ...... આહાહા! પ્રાયશ્ચિત્તમાં આવે છે. પ્રસિદ્ધ છે એ આત્મા. અહીં કહે છે, ભગવાન આત્મા અનંત અરૂપી ગુણનો પિંડ એવું તત્ત્વ એ કર્મથી જુદી ચીજ છે અને કર્મના સંયોગથી થતા પુણ્ય-પાપના ભાવ–રાગની વાસના, પુણ્ય-પાપની વાસનાઓ થાય એ તો આસ્રવ છે. એનાથી ભગવાન આત્મા જુદી ચીજ છે. એટલી વાત કીધી. હવે બીજા બધા પદાર્થની વાત કરે છે. પહેલું નજીકથી લીધું—કર્મ ને કર્મથી થતી વિકૃત અવસ્થા.... એનાથી જુદો છે.

હવે, **કાળ-ક્ષેત્રાદિ જે** બીજા પદાર્થો છે. પહેલો કાળ લીધો. કાળ છેને બીજો પદાર્થ. એ કાળથી પણ આત્મા તો જુદો છે. ક્ષેત્ર–આકાશ. આકાશથી પણ આત્મા તો જુદો છે. આદિ નામ ધર્માસ્તિ, અધર્માસ્તિ, બધા જીવો ને બધા પુદ્ગલો—એનાથી આ જુદી ચીજ છે. એ દરબાર! જુદા છે તો જુદા પડેને માણસ. એક હોય તો જુદા પડે? શું કહેવું...? હમણાં તો બધા જુદાં ઘણા થયા. મનસુખ પણ જુદો થયોને. ...... જુદો તો થાયને, જુદાં હોય તો જુદા થાયને. આ પણ જુદાં થયા. ઓલા ભુરાભાઈના છોકરા જુદાં થયા. અમારે હેમચંદનો છોકરો જુદો થયો. આહાહા!

ભગવાન આત્મા... આહા! અરે! કોનાથી જુદો? કહે છે કે કર્મ જુદું છે. અનાદિના જે ભિન્ન-ભિન્ન જાતના રજકણો એનાથી તો જીવ જુદી ચીજ છે. ત્યાં નજર કરને! અને જે વિકાર થાય કર્મની સમીપતાથી, એનાથી તો જુદો જ છે. ત્યાં નજર કરને! અને કાળદ્રવ્યથી તું જુદો છો. વળી કહે, કાળ હોય એ પ્રમાણે થાય. નિમિત્ત વિના પરિણમે નહીં. આવે, કાળને સિદ્ધ કરવું હોયને તો એમ કહેવાય કે કાળ વિના આત્મા પરિણમે નહીં. એ તો નિમિત્તપણાની સાબિતી કરવા (કહ્યું), પણ કાળથી જીવ જુદો છે. આહાહા! એનું પરિણમન એને લઈને છે. સમજાણું કાંઈ? આત્માનું પરિણમન કાળને લઈને છે એમ નથી. કારણ કે કાળ જુદી ચીજ છે.

ક્ષેત્ર–આકાશ જુદી ચીજ છે. સર્વવ્યાપક આકાશ છે એનાથી આત્મા ભિન્ન–જુદી ચીજ છે. આકાશમાં આત્મા નથી ને આત્મામાં આકાશ નથી. એમ આત્મામાં કાળદ્રવ્ય નથી ને કાળદ્રવ્યમાં આત્મા નથી. બીજા દ્રવ્યો—અનંતા બીજા આત્માઓ સિદ્ધાદિ, નિગોદાદિ, કર્મ

સિવાયના અનંતા રજકણો પુદ્ગલના. કર્મ તો લઈ લીધું પહેલું. એ સિવાયના બીજા બધા પુદ્ગલો, ધર્માસ્તિ, અધર્માસ્તિકાય **જે છે તે**... જે છે તે.... છે ખરા, એમ સાબિતી કરી. કાળ, ક્ષેત્ર, દ્રવ્ય આદિ બીજી ચીજો છે. **તે પણ (આત્માથી) જુદાં છે...** આહાહા! કહો, સમજાણું કાંઈ? કહો, કોની આમાં માંડવી? જુદેજુદાં છે સૌ. એ પણ જુદાં કહેવાય. આ તો જુદાં હતા જ. એમાં છે(પણે) કે દિ' હતા? મનસુખભાઈ! આહાહા! એ ... જીવ કઈ રીતે તું છો? કઈ રીતે છો, ક્યાં છો, કેમ છો? એ તો પરકર્મ ને વિકારથી પણ જુદો અને કાળ-ક્ષેત્રથી જુદો. કાળ-ક્ષેત્રમાં બધા બીજા દ્રવ્યો—અનંત આત્મા, અનંત રજકણો, ધર્માસ્તિ, અધર્માસ્તિ (આવી ગયા). એ છે, વસ્તુ છે જગતમાં, પણ તારી ચીજ એનાથી જુદી છે. આહાહા!

હવે કહે છે, **નિજ નિજ ગુણકળાથી અલંકૃત આ બધુંય જુદે જુદું છે (અર્થાત્ પોતપોતાના ગુણો અને પર્યાયોથી યુક્ત સર્વ દ્રવ્યો અત્યંત જુદે જુદાં છે).** દરેક દ્રવ્ય એટલે વસ્તુ, એનો નિજ ગુણ, એની કળા એટલે પર્યાય. દરેક દ્રવ્યનો ગુણ એટલે કાયમ રહેનારો ભાવ અને પર્યાય એક સમયની. દરેક નિજ ગુણકળાથી અલંકૃત છે, એને લઈને શોભાને પામે છે. અથવા એને લઈને છે. કહો, હવે એક દ્રવ્યને લઈને બીજાના કામ થાય (એમ) આમાં તો કાંઈ રહ્યું નહીં. જેઠાભાઈ! કર્મથી આત્મા થાય ને કર્મથી રખડે (એની) તો અહીં ના પાડી. શ્વેતામ્બરના શાસ્ત્રમાં (છે), આ તો દિગંબરવાળા પંડિતો કાઢે છે. રતનચંદ તો એ જ નાખે છે. જરીક કોઈક પૂછે રાગનું (તો કહે), કર્મને લઈને રાગ થાય, કર્મને લઈને રાગ થાય. મારી નાખ્યા. આશ્રયે થાય એ બીજી ચીજ, પણ પોતે આશ્રય લીધો. નિકટતા પોતે લીધી. જુદાંને નિકટ માન્યા, એને લઈને વિકાર થયો એ તો તારે કારણે થયો. તારામાં થયો, તારે કારણે થયો. ષટ્કારક તારા છે એમાં તો. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ નિજ ગુણકળા**... દરેક રજકણ ને દરેક આત્મા પોતપોતાના ગુણ ને કળા–પર્યાય એનાથી યુક્ત.. અલંકૃત એટલે યુક્ત. આ બધુંય જુદેજુદું છે. એ શેઠ! ભગવાનભાઈનો આત્મા ને તમારો આત્મા જુદેજુદાં હશે? આહાહા! કહો, મૂલચંદભાઈ! બધું જુદું જુદું છે, કહે છે. મારો પુત્ર કરીને માને છેને, એ એનો ભ્રમ છે. ભ્રમણા અજ્ઞાનીની છે. આ એકત્વસપ્તતિનો શ્લોક છે ૭૯મો. એકત્વ... દરેક વસ્તુનું એકત્વ પોતામાં છે, બસ. પરનો એમાં કાંઈ સંબંધ છે નહીં. નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો અર્થ કે કાંઈ સંબંધ નથી. સૌ સૌ પોતામાં છે. આહાહા! કેમ બેસે? શરીર વિનાનો આત્મા રહી શકે? હવે એમ એક જણ કહે. શરીર ને ઇન્દ્રિય વિના આત્માનું જ્ઞાન થાય? એક જણો એમ કહે. કર્મ વિના વિકાર થાય? વળી એક જણો એમ કહે. બધી ભ્રમણા છે અજ્ઞાનીની. સમજાણું કાંઈ?

વસ્તુ ભગવાન આત્મા અનાદિ-અનંત પોતાના ગુણ ને પર્યાયથી છે, જગતથી ભિન્ન છે. એમ દરેક દ્રવ્ય ને ગુણ એના પર્યાયો, દ્રવ્ય-ગુણ-પર્યાય એનાથી તે યુક્ત છે, પરદ્રવ્યથી

યુક્ત છે નહીં. કહો, સમજાણું કાંઈ? હવે અહીં જન્મ્યા પછી બાયડીનો હાથ મેળવ્યો. .... એ બે તો જુદા કહેવાય. અર્ધાંગના કહેવાય છેને? કહે છે, અડધું અંગ મારું ને અડધું અંગ બાયડીનું એ અર્ધાંગના કહેવાય. મૂર્ખાઈ છે મોટી. આહાહા! કોનો આત્મા? એ આત્મા ક્યાંથી આવ્યો? એના ગુણ ને એની પર્યાય સહિત છે એનું દ્રવ્ય. તારું દ્રવ્ય તારા ગુણ ને પર્યાય સહિત તારું છે. આહાહા! આખા જગતથી આત્મા ઉદાસ છે. ઉદાસ એટલે ભિન્ન રહેલો છે. ઉદ-આસીન— એની સ્થિતિ ને એનું આસન જગતથી ભિન્ન રહેલું છે. સમજાણું કાંઈ? આહાહા! પોતપોતાના ગુણો અને પર્યાયોથી... કળાનો અર્થ પર્યાય કર્યો. અલંકૃતનો અર્થ યુકત કર્યો. અલંકૃત એટલે આ સહિત.

દરેક દ્રવ્ય..., ભગવાન તીર્થંકરે જેટલા અનંત દ્રવ્ય જોયા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, આકાશ ને કાળ. ભગવાને જાતિએ છ દ્રવ્ય, સંખ્યાએ અનંત (જોયા). એ દરેક વસ્તુ પોતાની શક્તિ અને પર્યાયથી યુક્ત છે. બીજા દ્રવ્યથી યુક્ત છે એમ નથી. આહાહા! બાયડી-ભાયડો બે જણા હોય અને કોઈ ન હોય તો એ યુક્ત કહેવાય કે નહીં? કોઈ છોકરા કે છોકરી ન હોય અને હુતો ને હુતી બે હોય. એ બે તો એક કહેવાય કે નહીં? સમજાણું? એમ કહે છે, સોનગઢવાળા એવું માને છે. બીજા બીજું માને છે. અહીં શું છે પણ? દાલચંદનો આત્મા ને તમારો આત્મા તદ્દન જુદે જુદો છે. શોભાલાલનો આત્મા ને તમારો આત્મા તદ્દન જુદે જુદો છે. તમારો આત્મા તમારા ગુણ ને પર્યાયથી સહિત છે. એનો આત્મા એના ગુણ-પર્યાયથી સહિત છે. બે થઈને સહિત છે એમ નથી એમ કહે છે. એ મૂલચંદભાઈ! આવી વાત તો ચોખ્ખી છે.

શ્રોતા : બેય સંપીને રહેતા હોય તો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સંપ થાય તો પણ બે..... ............ થઈ ગયા જુદાં. ચારેય ભાગ જુદાં. ......... જુદાં થઈ ગયા. છે કરોડ રૂપિયા. એ કરોડના પાડ્યા ચાર ભાગ. ...... સૌ જુદે જુદાં છે. આહાહા! જુઓને! કેટલું સ્પષ્ટ કરે છે. આહાહા! આવી સ્પષ્ટતા!

ભાઈ! દરેક વસ્તુ.... રજકણો હોય તો બીજા રજકણની સાથે યુક્ત છે નહીં. આહાહા! દરેક રજકણ પોતાની શક્તિ એટલે ગુણ-પર્યાયથી સહિત છે. બીજા પરમાણુથી સહિત છે એક પરમાણુ એમ નથી. એમ આત્મા કર્મ સહિત છે, રાગ સહિત છે—એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? આવું સ્પષ્ટ, સૂરજ જેવી વાત છે. માળે ગોટા ઉઠાવ્યા છેને. .... ઠીક થાય ત્યારે થાય, અહીં તો કર્મને લઈને વિકાર થાય. આહાહા! ભારે ઝીણું જૈનદર્શન આવું નિર્મળ! કેટલું સ્પષ્ટ, કેટલી સ્પષ્ટતા! આહાહા! એક ક્ષેત્રમાં રહ્યા, એક આત્મામાં આકાશના પ્રદેશો છે, એમાં રહેલા અનંતા પરમાણુઓ, એ એક-એક પરમાણુ પોતાના ગુણ-પર્યાયથી સહિત છે. બીજા પરમાણુની સાથે કાંઈ નથી.

એક નિગોદનું શરીર, રાઈ જેટલા દાણો–કટકો બટાકા સક્કરકંદ, એમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અનંતા આત્મા. એક એક આત્મા પોતાના ગુણ ને પર્યાય સહિત છે. બીજાના ગુણ ને પર્યાય સહિત એ છે નહીં. આહાહા! એ બાબુભાઈ! આ સાચું હશે? ...... અહીં સંબંધ નહીં? .................. પોતાના ગુણો ને પર્યાય સહિત છે. બીજાથી સહિત છે જ નહીં, એમ. આહાહા! જીવ કર્મ સહિત છે જ નહીં, આત્મા વિકાર સહિત છે જ નહીં. વિકાર એ આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા વિકાર સહિત–યુક્ત છે એમ નહીં. આહાહા! કહો, આવ્યા છે કે નહીં તમારા પ્રવીણભાઈ? પ્રદેશ જુદાં જુદાં છે એમ કહે છે અહીં. આહાહા! વાહ! ૧૩૬ની ગાથાનું થઈ ગયું છે થોડુંથોડું.... નિશ્ચય ને એકત્વ બેય.......... આહાહા!

ભાઈ! તું એકલો છોને. એને બેકલો માનવો એ મિથ્યાભ્રમ છે. તું એકલો, તારા ગુણ ને પર્યાય સહિત છો, બીજા સહિત નથી તેને સહિત માનવો મિથ્યા દૃષ્ટિ છે. આહાહા! ચીમનભાઈ! શું હશે આ બધું...? અહીં તો કહે છે કે વિકૃતિથી જુદો કીધોને, તો ખરેખર તો પરસંબંધીની જે જ્ઞાનકળા છે એનાથી પણ જુદો છે. આહાહા! આવી ચોખ્ખી વાત. બીજો બીજાને કરે, બીજો બીજાને લાભ આપે, બીજાને બીજાથી લાભ થાય—એ કાંઈ રહ્યું નહીં આમાં. શેઠ! ક્યા દિખ રહા હૈ? (શ્રોતાઃ લાભ હુઆ હૈ). એ ભ્રમ છે એમ કહે છે. કેમ કે એ વસ્તુ છે અનંત ગુણ સહિત અને એની વર્તમાન પર્યાય સહિત. પરની પર્યાય રહિત છે. પોપટભાઈ! આ તો સમજાય એવું છે. બહુ ઝીણું નથી, પણ જામેલું હોયને લાકડા નીકળવા કઠણ છે. આહાહા!

આ રીતે જ ત્રણે કાળ છે એમ કહે છે. આહાહા! બીજાથી યુક્ત નામ સહિત નથી એને સહિત માનવો એ મિથ્યા દૃષ્ટિ છે. આહાહા! .............. એમાં ઓગણીસમાં એમ છે, સમયસારની ઓગણીસ ગાથા. એના સહિત હું પૂર્વે નહોતો પણ પૂર્વે એના સહિત હતો એ માન્યતા, વર્તમાન રહિતમાં એના સહિત છું એ મિથ્યા દૃષ્ટિ છે. ઓગણીસમાં આવે છેને. ઓગણીસ ગાથા છેને. આહાહા! પૂર્વમાં હું પુણ્યવાળો હતો, પૂર્વે કર્મવાળો હતો, ભવિષ્યમાં પણ પુણ્ય છે તો એને લઈને ફળરૂપે સહિત થઈશ—એ બધી માન્યતા અજ્ઞાનીનો ભ્રમ છે. કહો, સમજાણું કાંઈ? ઓગણીસમી ગાથા એ છે. ઓલામાં ૧૪માં કહ્યું. .... સમયસારમાં છે એ કાઢો. ...નો દાખલો આપ્યો છેને. ચાલતા વ્યાખ્યાનમાં, સમયસાર છે એમાં જ છે આ ઓગણીસમી ગાથામાં. આહાહા! સમયસાર તો દરિયો છે. પગે પગે દરિયો ભર્યો છે. આહાહા!

કહે છે, દરેક તત્ત્વ—એક રજકણ, એક કાલાણુ, એક આત્મા, એક ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ... એ આકાશદ્રવ્ય પોતાના ગુણ ને પર્યાય સહિત છે, પણ એ આકાશદ્રવ્ય બીજા દ્રવ્ય સહિત છે એમ નથી. એમાં રહ્યા છે એમ કહેવું એ વાત સાચી નથી એમ કહે છે. આહાહા! શું કીધું એ વળી? આકાશ છે એ પોતાના ગુણ ને પર્યાય સહિત છે, પણ

બીજા એમાં રહ્યા છે એમ વાત નથી, (નહીં) તો સહિત થઈ જાય છે. આહાહા! દિગંબર સંતોની વાણી પણ આમ સૂર્ય જેવી ઉઘાડી કરી નાખે છે. આહાહા! સૂર્યને દીવો કરવો........ સૂર્યને દીવાની આરતી. આ વસ્તુને આ રીતે એને વખાણવી એ તો એની એ ચીજ છે. આહાહા! કહો, ચેતનજી! આમાં શું હશે? કોઈકને લઈને કાંઈ થાય, પોતાને લઈને આ થાય. આહાહા! બહુ સરસ શ્લોક. આધાર આપ્યો છેને આધાર. ર૩મો છે આધારનો શ્લોક. ઓહોહો! એકેક ગાથા, એકેક પદ તત્ત્વને ભિન્નપણે ભાસે એવી સ્પષ્ટતા છે.

**વળી (આ બે ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.** ઓલો તો આધાર આપ્યો છે પદ્મનંદી (આચાર્ય)નો.

**असति च सति बन्धे शुद्धजीवस्य रूपाद्**
**रहितमखिलमूर्तद्रव्यजालं विचित्रम् ।**
**इति जिनपतिवाक्यं वक्ति शुद्ध बुधानां**
**भुवनविदितमेतद्भव्य जानीहि नित्यम् ॥७०॥**

આહાહા! એ નિશ્ચયના વાક્યો સાચા એમ પોકાર કરે છે. વ્યવહારથી કહેતા હોય એ બધા ગોટા ઉઠાવે એવા છે. આહાહા!

મુનિરાજ કહે છે... ભાવલિંગી સંત, ત્રણ કષાયનો અભાવ, પ્રચૂર આનંદનું વેદન જેને વર્તે છે, એ મુનિઓ વનવાસમાં હોય છે. એ મુનિ કહે છે... જૈનદર્શનના મુનિ વનવાસમાં જ હોય. એય! ઉપાશ્રયમાં હોય એ મુનિ નહીં. આ બંગલા મોટા પાંચ-પાંચ લાખના... ન કીધું ઓલાનું? કેટલા..... કેટલા...... રાજકોટમાં જુઓ તો ખબર પડે. આહા! ફલાણાના પાંચ લાખ, ફલાણાના પચ્ચીસ લાખ, ફલાણાના પચાસ લાખ. કેટલા ..... ઓહોહો! ..... આથણા છે. આહાહા! ..... સાધર્મી સ્થાન છે. પૈસા રોક્યા હોય......... ......... સમજાણું કાંઈ? ...... બન ગયા. તમારા જેવા હોયને ત્યાં દેનારા. ....... .......

જુઓ! આ મકાન થાય છે એ મુંબઈવાળા કરે છે હોં. આપણે કહ્યું નથી કોઈને કાંઈ કે આ કરો. ..... તો કરો, આપણે કોઈને કહ્યું નથી જીંદગીમાં. ઓલા લોકો કરે છે. કોઈ એમ કહે, તમારે કારણે થાય છે મોટા મોટા બાર લાખના. એય રમણીકભાઈ! ઓલા રમણિકભાઈ શેઠિયા બધાએ હા પાડી હતી. હવે એ આની સામું ક્યાં જોવે છે? બીજા કામમાં રોકાણા છે. વજુભાઈને...... વજુભાઈ ખસી ગયા. રામજીભાઈએ હાથમાં લીધું. રામજીભાઈ ને બેએ હાથમાં લીધું. બેય ચીમનભાઈ ને ........ એય! આહાહા! કોણ કરે? ભાઈ! આહાહા! એ ચીજ સ્વતંત્ર દરેક રજકણ. ગુણ ને પર્યાયવાળો આત્મા ત્યાં એક ક્ષેત્રે છે. આહાહા! અહીંયા આ રજકણ સહિત... એ એટલાને લઈને અહીં. એ રજકણનો આધાર બીજો રજકણ નહીં. લ્યો, આવ્યો ... આ કાગળને લઈને આમ રહ્યું છે એમ નહીં. એ રજકણમાં આધાર નામનો ગુણ છે, જે ઠેકાણે

રહ્યો એ પોતાના આધારે રહ્યો છે. આહાહા! નવરંગભાઈ! ભગવાન! કોણ કરે? ભાઈ! આહાહા! એ કહેશે હવેના શ્લોકમાં.

**શ્લોકાર્થ : બંધ હો કે ન હો,** આત્મા **(બંધાવસ્થામાં** દેખાય **કે મોક્ષાવસ્થામાં)** દેખાય, આહાહા! **સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે...** ભગવાન ચૈતન્યમૂર્તિ ધ્રુવ અનાદિ-અનંત નિત્યાનંદ ભગવાન એ બંધની રાગની અવસ્થામાં ભલે દેખાઓ કે રાગરહિતની અવસ્થામાં દેખાઓ, પણ મૂર્ત દ્રવ્યજાળથી તો તે ત્રિકાળ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! કર્મફળ.. પૈસા તો ક્યાંય રહી ગયા હવે. એ ધૂળ ક્યાં રહી છે ત્યાં? આ તો કર્મના રજકણોથી બંધ અવસ્થા કાળે પણ (જુદો). રાગમાં રહેલો, રાગ અવસ્થા થઈ, તે કાળે (પણ) મૂર્તદ્રવ્યથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ? અનંતદ્રવ્ય કહેવા, માનવા ને વળી અનંતદ્રવ્યને એકબીજાનો આધાર (માનવો), તો અનંત દ્રવ્ય જ ક્યાં ટકી શકે? આહા!

**બંધ હો કે ન હો...** કોઈને કર્મનો સંબંધ–બંધ દેખાય કે કર્મનો સંબંધ નથી એવી મુક્તદશા દેખાય, પણ એ ચીજ નિગોદથી માંડીને ત્રણે કાળે મુક્ત જ છે. આહાહા! નિગોદના જીવ પણ શુદ્ધતત્ત્વ છે, એ મુક્ત દ્રવ્ય તો ભિન્ન જ છે. આહાહા! **શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે એમ જિનદેવનું...** જુઓ! તો ખરા. વીતરાગદેવનું **શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે.** સાચા જાણનારા જીવોને, ભગવાન વીતરાગનું શુદ્ધ નિશ્ચયવચન, સત્યવચન, પરમાર્થવચન (સાચું) જાણનાર જીવોને કહે છે. જાણો એમ કહે છે. ન જાણવું ક્યાં ....? આહાહા! એમ જિનદેવનું નિશ્ચયવચન, સત્યવચન... વ્યવહાર વચનથી ભિન્ન પાડી દીધી વાત. આ નિશ્ચય જે શુદ્ધવચન છે, ચોખ્ખા શુદ્ધવચન બુધપુરુષોને કહે છે. જાણવામાં યથાર્થ પામેલાને માટે આ કહે છે. આહાહા! એક વાત.

બીજી વાત. **આ ભુવનવિદિતને...** અરે! આ તો જગતમાં પ્રસિદ્ધ છે. આહાહા! જગતમાં પ્રસિદ્ધ છે કે એક દ્રવ્ય અને બીજા દ્રવ્યને એકપણું નથી. એ તો જગતપ્રસિદ્ધ છે, ભાઈ! તને ખબર નથી. **આ ભુવનવિદિતને...** એ તો જગતપ્રસિદ્ધ છે. એવા સત્યને **હે ભવ્ય! તું સદા જાણ.** આહાહા! કહો, સમજાણું કાંઈ? આ ચીજ ભગવાન આત્મા બંધ-અવસ્થા કે મુક્ત-અવસ્થામાં તદ્દન ભિન્ન વસ્તુ છે. ચૈતન્ય અરૂપી આનંદકંદ ભગવાન, આ આત્મા ભગવાન હોં. આહાહા! અરે! એને કર્મવાળો માનવો, એને સંયોગની ચીજવાળો માનવો, અરે! સંયોગી ભાવવાળો માનવો—એ મિથ્યાભ્રાંતિ છે. સમજાણું કાંઈ? શેઠ! આ તો બધી સમજાય એવી વાત છે.

બુધપુરુષને એ વચન સત્ય છે એમ કહે છે. સત્યવચનમાં આ આવ્યું છે. નિશ્ચય વચન ભગવાનના એ સત્ય છે, વ્યવહારના વચન બધા ઉપચારિક છે એમ કહે છે. આહાહા! આ દ્રવ્ય ચૈતન્યપ્રભુ રજકણે-રજકણથી તો જુદો, કર્મથી જુદો અંદર અને વિકૃતિ–વિભાવથી પણ જુદો

છે—એમ ત્રિકાળના વચનો, જિનપતિના વચનો, તીર્થંકરદેવના વચનો ડાહ્યા પુરુષોને માટે આમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! ભુવનવિદિત છે આ તો. આહાહા! બાપુ! એ તો જગત પ્રસિદ્ધ છે. એમ ન માન કે આ વાત હમણાં કીધી છે, એમ કહે છે. એ તો જગતપ્રસિદ્ધ જ છે. અનંત આત્મા ને અનંત પરમાણુ જ્યાં કહ્યા, ત્યાં દરેક પોતપોતામાં છે એમ જગત પ્રસિદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? એમ **હે ભવ્ય! તું સદા જાણ**. આહાહા! પ્રસિદ્ધના બે આધાર છે. ૨૦૬ પાનું. ત્યાં સિદ્ધ પ્રસિદ્ધ છે એ છે. શ્લોક ૧૪૬.

**જે શાશ્વત મહાનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે.** આહાહા! ભાઈ! ત્રણ પ્રસિદ્ધ છે એમ કહે છે. એક તો તું ને અમે બધા ભિન્ન-ભિન્ન છે એમ જગતપ્રસિદ્ધ સર્વજ્ઞની નિશ્ચયવાણીનો પોકાર છે. એ અનાદિનો પોકાર છે કહે છે. એ વાણી અનાદિની છે. આહા! અહીંયા કહે છે કે સિદ્ધ ભગવાન પ્રસિદ્ધ છેને, સિદ્ધપર્યાય. એમાં એમ આવે છે. 'સિદ્ધ પ્રસિદ્ધ' નથી આવતું? સ્તુતિમાં આવે છે. **શાશ્વત મહાનંદાનંદ**... આહાહા! શુદ્ધ ભગવાન શાશ્વત અનાદિના છે. મહાનંદાનંદ.. મહાનંદાનંદ.. આનંદના આનંદમાં ભર ભરેલા છે એ જગતમાં પ્રસિદ્ધ છેને ભાઈ! આહાહા! **તે નિર્મળ ગુણવાળા સિદ્ધાત્મામાં અતિશયપણે અને નિયતપણે રહે છે...** એ ગુણો ત્યાં કેવા હોય છે એમ કહે છે. આહાહા! **અરેરે! આ વિદ્વાનો પણ કામનાં તીક્ષ્ણ શસ્ત્રોથી ઇજા પામ્યા થકા ક્લેશપીડિત થઈને તેને (કામને) કેમ ઇચ્છે છે!** અરે! તને આ વાસના કેમ ઉત્પન્ન થાય છે? કહે છે. આવા મહાનંદાનંદથી સિદ્ધ પ્રસિદ્ધ છેને. ૨૦૬ પાનું. ત્યાં કહ્યુંને. હિન્દી ઘેર હશે. ૨૦૬ પાનું કીધુંને. નીચે છે. કહો, સમજાય છે કાંઈ? બીજું છેને બીજું.

પાનું ૨૩૮. ૨૩૮ પાનું. ૧૧૮ ગાથા. **પ્રસિદ્ધ શુદ્ધકારણ પરમાત્મતત્ત્વમાં...** શુદ્ધ કારણપરમાત્મા પણ પ્રસિદ્ધ છે કહે છે. સમજાણું કાંઈ? એ પ્રસિદ્ધ... આહાહા! **શુદ્ધકારણ પરમાત્મતત્ત્વમાં સદા**... આ (પાનું) ૨૩૮ની વાત થાય છે. કહે છે... આહાહા! આ જગજાહેર છેને, એમ કહે છે. સિદ્ધપદ છે એ જગજાહેર છે મહાનંદાનંદ. એ ૧૪૬માં કહ્યું. આ કારણપરમાત્મા જગજાહેર છે એમ કહે છે. આત્મા છે નિત્યાનંદ પ્રભુ, એ જગજાહેર વાત થઈ ગઈ. આહાહા! સમજાણું કાંઈ? જુઓ! એની અંદરમાં **સદા અંતર્મુખ રહીને પ્રતપન તપ તે પ્રાયશ્ચિત્ત છે.** એનું નામ તપ ને એનું નામ પ્રાયશ્ચિત્ત. આ બધા અપવાસ કરે ને લાંઘણું કરે એ તપ નહીં. સમજાણું કાંઈ?

પ્રસિદ્ધ છેને ભગવાન. આહાહા! દ્રવ્યસ્વરૂપ, શુદ્ધ કારણપરમાત્મા, કારણજીવ, ત્રિકાળી કારણસમયસાર પ્રસિદ્ધ છેને. એમાં એકાકાર થઈને અંતર્મુખ થઈને પ્રતપન... અંતર્મુખ થઈને અતીન્દ્રિય આનંદની શોભા વધારીને પર્યાય પ્રગટ થાય એને તપસ્યા કહે છે. આહાહા! એને પ્રાયશ્ચિત્ત કહે છે. આ અપવાસ કર્યો દોષ લાગ્યો તો પ્રાયશ્ચિત આપો એ બધી વ્યવહાર વિકલ્પની વાત છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું, પ્રતાપવંત વર્તવું તે તપ છે, એ તપ પ્રાયશ્ચિત્ત છે. અહીં તો ભાનેય ન મળે કાંઈ. અપવાસ કર્યા

ને દયા પાળી, ..... અપવાસ એ થઈ ગઈ નિર્જરા. કાળ ગયો તારો બધો મફતમાં, સાંભળને હવે! એ કપૂરભાઈ! બબ્બે મહિનાના સંથારા. મોટાભાઈ ગયા હતા ન્યાં. કપૂરભાઈ નહોતા ગયા. સાંભળ્યું હતું. અહીં વાતું બહારની બહુ આવેને. આહાહા! ધૂળેય સંથારા નથી. સંથારા કહેવા કોને? .....

એક, પરથી ભિન્ન જગતપ્રસિદ્ધ છે, એક, કારણપરમાત્મા ભિન્ન છે એ જગતપ્રસિદ્ધ છે, એક, સિદ્ધદશા છે એ જગતપ્રસિદ્ધ છે. આહાહા! આનંદાનંદરૂપી સિદ્ધદશા એ તો પ્રસિદ્ધ છેને, એ તો જગતપ્રસિદ્ધ છે. તને કેમ ખબર પડતી નથી? ઢંઢેરા પીટ્યા છે અનાદિ..., એમ કહે છે. આહાહા! એ ચીમનભાઈ! ત્યાં બધું મૂકીને લોઢામાં.... ત્યાં જાય તો ગરી જાય પાછા. બે મહિના સલવાણા હમણાં. રામજીભાઈ લખે, આવો, ઝટ આવો, આવો. આહાહા! ઓલા ભાલમાં પાણી બહુ હોયને ભાલમાં. ભાલમાં પાણી સમજે? ભાલ.. ભાલ. પાણીમાં બહુ પોરા હોય પોરા. પોરા સમજાય છે? જરીક ઉપર આમ પાણી લાગે, પણ ઊંડું અંદર એવું કે આખો માણસ ગરી જાય. એ .... જાય, નીકળવા માંગે તો ઊંડો ગરે. ભાલ.. ભાલ હોતા હૈ ન. ખારીલી જમીન. આ ધંધુકામાં.

એવી કાળી જમીન કે આમ ઉપર દેખાય પાણી. એ પાણીમાં એટલો ઊંડો ખાડો હોય એક-બે માથોડા. જો ત્યાં પગ ગયો ..... હેઠે. સાસરો ને વહુ જાતા હતા બિચારા આમ ચાલીને. સાસરો મોઢા આગળ, વહુ પાછળ. એની વહુને ખબર નહીં. જરીક પાણી હશેને, પગ મૂકાણો. મૂક્યા ભેગી ગરી ગઈ અંદર. આમ સાસરો જુએ તો, ક્યાં ગઈ? થઈ રહ્યું. એવા પાણી બહુ હોયને અને જમીન પોચી બહુ હોય. ખાડો હોયને જરીક ઊંડો, પાણી ગરી જાય અંદર. બબ્બે માથોડા હોય. ઓલા આખી વઈ ગઈ અંદર, મરી ગઈ. પાણી ....... .... એમ આ સંસાર ઊંડો, જ્યાં જાય ત્યાં પેસી જાય ઊંડો. ભાલની જમીન છે. ચીમનભાઈ! બધાને લાગુ પડે છે. આ તો નામ આપ્યું. આહાહા!

પરમાં ન પેસે એવી તારી ચીજ છે. આહાહા! રાગમાં પણ તારું સ્વરૂપ નહીં, રાગથી સહિત તું નહીં હોં. એ તો આ જગતપ્રસિદ્ધ છેને, કહે છે. જુઓને! આ શું કહે છે? વ્યતિરિક્ત છે એ તો પ્રસિદ્ધ છે જગતમાં. અને વીતરાગની વાણી શુદ્ધવચન તો એ પોકારે છે.... એ શુદ્ધવચન કહેવાય. આહાહા! વ્યવહાર વચન ઓલા કે કર્મ સહિત જીવ છે, શરીર... કર્મ જીવના. એ બધા વ્યવહારના વચનો ઉપચારિક વચન બતાવનારા છે. આહાહા! સમજાણું કાંઈ? આવો તે ધર્મ કઈ જાતનો? આહાહા! અહીં તો કહે, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો જરીક બે-પાંચ લાખ કાઢીને. ધૂળમાંય નથી જાત્રા, સાંભળને! આહાહા! આ બીજા ભગવાન સહિત પણ તું નથી. ભગવાન બીજા ને તું બીજો. આહાહા!

એવો ચૈતન્ય ભગવાન આત્મા, કહે છે કે એ તો વ્યતિરિક્ત છે, શુદ્ધ જીવના રૂપથી બધું જુદેજુદું છે. આહાહા! તને નિસ્પૃહપણામાં સહિતપણું ભાસે છે એ જ મિથ્યાત્વનો ભ્રમ છે. એ જ મિથ્યાત્વનું મહાપાપ છે. સમજાણું કાંઈ? આહાહા! દીવાનખાનું હોય, ટેબલ હોય, લૂગડાં

સારા .... ચિત્રવાળા બનુશ, શું કહેવાય? .... હોય, રકાબી રૂપાની અને પ્યાલા, એમાં ચા ને દૂધ સારું કઢાયેલું, કાર્યકર્તા મોટા આવ્યા હોય ગિરધરભાઈ જેવા ભેગા થઈને. એ વખતે કેવી શોભા લાગે. ઘરને શોભે કેટલું, કહો! આહાહા! ભાઈ! તારા ગુણ ને પર્યાયથી તું સહિત છો. અહીં તો પર્યાય.... વિકારી પર્યાયને ગણી નથી. આહાહા! ભાઈ! તારી નિર્મળપર્યાય ને નિર્મળગુણ સહિત તું છો. આહાહા! કહેશે પછીની ગાથામાં. સિદ્ધ સમાન બતાવશે. ૪૭માં એ કહેશે.

ભાઈ! તારી જાતની તને ખબર ન મળે. તું કેવડો, ક્યાં, કેમ છો એની ખબરું ન મળે ને દુનિયાના ડહાપણમાં..... સંઘના શેઠ કહેવાય, ફલાણું. આહાહા! એ જિનદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા એનું શુદ્ધ વચન છે. વ્યવહાર વચન તો અશુદ્ધવચન છે. આહાહા! કર્મ સહિત ને પુણ્યફળ સહિત, આટલું કામ, આટલી ક્રિયા, આટલું ઢીકણું .... વ્યવહાર, કેટલી પ્રકૃતિ ટળી ને કેટલી પ્રકૃતિ બાકી, ચાર કર્મ ગયા ને ચાર કર્મ બાકી—એ બધા વ્યવહારના અશુદ્ધવચનો છે. આહાહા! સમજાણું કાંઈ? **હે ભવ્ય! તું સદા જાણ**, પાછું એમ. ત્રણે કાળને માટે આમ જાણ. (ફક્ત) વર્તમાન માટે એમ નહીં. આહાહા!

ભગવાન આત્મા અંદર અનંત આનંદનો ધામ, અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા. આહા! એ કેમ બેસે? સિગરેટ ને બીડીની સરખાઈ આવે ત્યાં ખુશ થઈ જાય. આહાહા! બે નામે બોલાવે ત્યાં રાજી રાજી થઈ જાય. બે નામનું એક નામ થઈ જાય ત્યાં ખેદાઈ જાય. અરે! આને કેમ થયું? ..... ચીમનલાલભાઈ તો (ઠીક). એ ચીમન એમ કેમ કીધું? આહાહા! અરે! તને ઉણો બતાવે ને તને ખેદ થતો નથી? તને વિકારી બતાવે ને તને હોંશ આવે? એક નામે બોલાવે તો એને ખેદ થાય. પૂંછડાંવાળું નામ મોટું હોય તો સારું લાગે. ભારે જગતને. ઓહો! શું પણ નિયમસારમાં લખ્યું છેને!

**આ ભુવનવિદિત**... બે ... લખ્યા. એક તો જિનદેવનું નિર્મળ વચન તો આ છે. એ પણ બુધપુરુષોને કહે છે. જાણવા માગે (એવા) જાણનારને કહે છે. મૂઢને આ શું લાગુ પડે? બે. અને એ જગતપ્રસિદ્ધ છે. ત્રણ. હે ભવ્ય! તું સદા જાણ. આવું સદા જાણ, એમ. આહાહા! કહો, મુલચંદભાઈ! આવું બધું સાંભળ્યુંય નહીં હોય ન્યાં. આહાહા! દિગંબરમાં જન્મ છતાં લ્યો. બધા દિગંબરમાં જન્મેલા છે. શેઠેય દિગંબરમાં જન્મ્યા છે. તારણસ્વામીએ ઘણું કહ્યું છે. વાંચ્યું છે કે દિ'? આહાહા! મુનિરાજે તો ગજબ કર્યો છેને! આ કળશ મૂક્યો છે ૪૬ ઉપર. ઓલું **अरसमरूवमगंधं** છેને, **चेदणागुणमसद्दं**.. વીતરાગના વચનો, આ વચનોને શુદ્ધ કહીએ. એ વચનો જ્ઞાની-ડાહ્યા જીવ માટે કહેવામાં આવ્યા છે. અને તે જગતપ્રસિદ્ધ છે. હે લાયકપ્રાણી! આહાહા! તું આમ જાણ. વર્તમાન તરીકે નહીં, સદા જાણ. આહાહા! ત્રણે કાળ આ રીતે છે. એ જાણનારને સમ્યગ્દર્શન થાય ને સમ્યગ્જ્ઞાન થાય, એ મોક્ષને પંથે પડે ને મોક્ષ થાય.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૧૧, સોમવાર, તા. ૨૯-૧-૧૯૭૩**
**ગાથા-૪૭, પ્રવચન નં. ૨૧૨**

શુદ્ધભાવ અધિકાર, ગાથા ૪૭.

**जारिसिया सिद्धप्पा भवमल्लिय जीव तारिसा होंति ।**
**जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया जेण ॥४७॥**
**જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,**
**જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.**

**ટીકા : શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે...** એટલે? ત્રિકાળી ધ્રુવ શુદ્ધ અનાદિ-અનંત જે વસ્તુ પ્રસિદ્ધ છે એને જોનારી, માનનારી, જાણનારી દૃષ્ટિએ જોઈએ તો **સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.** નિશ્ચય આત્મા સંસારીનો હો કે સિદ્ધનો હો, એ બેમાં કાંઈ ફેર નથી. ખરેખર જેને આત્મા કહીએ, એક સમયની પર્યાય વિનાનો પદાર્થ, એ શુદ્ધ દ્રવ્યને જોનારી દૃષ્ટિથી જોઈએ તો એ આત્મા સંસારી હો કે સિદ્ધ હો, બેમાં કાંઈ ફેર નથી. ..... સમજાણું કાંઈ? આહાહા! જેને દૃષ્ટિમાં જે ત્રિકાળી વસ્તુ લેવાની છે એ વસ્તુ શુદ્ધ જ છે. પહેલાંમાં પહેલું કર્તવ્ય હોય તો આ છે. સમજાણું કાંઈ? ....માં ટીકા આવી હતી કે સંસારીને સિદ્ધ જેવા માનવા અથવા શુદ્ધ ચૈતન્યમાં કાંઈ સંસાર નથી એમ કહેવું અને સંસારના વ્યસનો અનેક પ્રકારના લાગેલા હોય એને તું છોડ એમ બતાવ્યું. સિદ્ધાંત બરાબર, પણ એને માનનારા આવા હોવા જોઈએ. તેને અભક્ષ્ય, અન્યાય આદિ ન હોય. એટલી એટલી ભૂમિકા જેને નથી એને આ વાત કોઈ રીતે બેસે નહીં. ક્યા કહા?

(શ્રોતા : સંસારી ઔર સિદ્ધ બરાબર હૈ). બરાબર હૈ, પણ કિસકો? જિસને દૃષ્ટિ દ્રવ્ય ઉપર રખી હૈ ઉસકો ઐસા હૈ. એને પર્યાયમાં અભક્ષ્યના ખોરાકો—માંસ, દારૂ, મધ આદિના ખોરાક હોય અને એમ કહે કે અમે સિદ્ધ સમાન છીએ. એ ન બેસે એને. આ વાત એવી છે. આવ્યું છે છાપામાં. વાત એ ન્યાયે સાચી છે. એને પહેલું અમુક જાતના અભક્ષ્યના ખોરાક અને અન્યાય જીવન, જેને લૌકિકમાં પણ અન્યાય જીવન (ન) હોય. મોટા સટ્ટા, મોટા, શું કહેવાય? જુગટા–જુગાર એવો જેને ભાવ હોય એને આ માર્ગ કેમ બેસે? જે પર્યાયમાં (દ્રવ્યને) વિષય કરવો છે એ પર્યાય જ અમુક જાતની યોગ્યતાવાળી ન હોય (એમ ન હોય). કહો, જેઠાભાઈ! આહાહા!

વસ્તુ એક સમયમાં નિત્યાનંદ છે. એ કાલ આવ્યું છે આમાં. વીતરાગના શુદ્ધવચન એમ કહે છે, આહાહા! અને એ જ સત્ય વચન છે એમ કહે છે. એ આવ્યું હતું, સત્ય વચન.

'સત્ય' શબ્દ આવ્યો હતો કૌંસમાં. **(આ જગતપ્રસિદ્ધ સત્યને)**... કળશમાં આવ્યું છેલ્લું. જગતપ્રસિદ્ધ સત્ય એ છે. સમજાણું કાંઈ? **આ ભુવનવિદિત** એટલે **(જગતપ્રસિદ્ધ સત્યને)**... એમ કૌંસમાં છે. એનો અર્થ કે ચૈતન્યની વર્તમાન પર્યાયમાં રાગાદિ હોવા છતાં અને અલ્પજ્ઞપણું હોવા છતાં, જેની દૃષ્ટિ ગુંલાટ ખાય છે અંદરમાં. આહાહા! આ નહીં, પણ આ હું. સમજાણું કાંઈ?

પરમસત્ય પ્રભુ, પરમસત્ય આત્મા, પરમ સત્યસ્વરૂપી એ જ આત્મા ત્રિકાળી. એક સમયનો પર્યાય અભૂતાર્થ છે. કહેશે આગળ. કઈ નયે અમે આને બીજું કહીએ? કઈ નય એટલે? વ્યવહારનય તો અભૂતાર્થ છે એ નયે શી રીતે અમે કહીએ? વસ્તુ એક સેકંડના અસંખ્ય ભાગમાં સચ્ચિદાનંદ પૂર્ણ સત્યસ્વરૂપ એ જ આત્મા. એવી જેને દૃષ્ટિ પર્યાયમાં કરવી છે... કરે છે તો પર્યાય ને. આહાહા! એ પર્યાયમાં કેટલી એની યોગ્યતા હોય કે જે અંતરમાં વાળી શકે દ્રવ્ય તરફ. સમજાણું કાંઈ? એમાં જરી મશ્કરી કરી..... પંડિતજીએ..... ચેતનજી! વાંચ્યું હતું?

એમાં એમ કહે છે કે એક પંડિત હતા ને આવી વાત કરતા હતા. સિદ્ધ સમાન આત્મા છે, બેયમાં કાંઈ ફેર નથી, સંસારી હોય કે સિદ્ધ હોય. એ પંડિતને સાંભળવા માણસની સભા ઘણી હતી. જરીક એ પંડિતે ફેરવી થોડીક વાત. કહે છે, આવી ચીજ કોને બેસે? જેના ખોરાકમાં અભક્ષ્ય–ત્રસ જીવો (સહિતનો ન હોય). સમજાય છે કાંઈ? આ હોટલની ચા ને ઠેકાણા વિનાના..... ત્યાં તો ત્રસ જીવોની ઘણી ઉત્પત્તિ હોય. એ મુલચંદભાઈ! એમ જ્યાં કહેવા માંડ્યું ત્યાં સભા ઉઠવા માંડી. એમ લખ્યું છે. સાચું-ખોટું શું હશે. આપણે તો એમાંથી સાર લેવાની વાત છે. ઉઠવા માંડ્યા બધા. આ તે કોણ છે? નિશ્ચયાભાસી છે પંડિત? વ્યવહારાભાસી છે કે ઉભયાભાસી છે? છે કોણ આ? ઓલામાં લખ્યું હતું. ભાઈ! વાંચ્યું હતુંને? ચેતનજી! એણે લખ્યું હતું. આપણે તો અંદરથી ન્યાય જોઈ વિચારવું. આહાહા!

વર્તમાનની પર્યાય એમાં રાગ ને વિકારીપણું હોવા છતાં એ પર્યાય દ્રવ્યને કબૂલે, આને (-પર્યાયને) નહીં. આહાહા! સમજાય છે કાંઈ? એક સમયમાં પૂર્ણ સત્યસ્વરૂપ ભગવાન, પરમ સત્યસાહેબ આત્મા, આહાહા! જે પ્રગટ નથી, પર્યાયની અપેક્ષાએ અપ્રગટ છે, છતાં એને પ્રગટરૂપે છે એ જ છે. આહાહા! એ જ છે સત્યસ્વરૂપ પરમાત્મ ભગવાન એમ જેને પર્યાયમાં માનવું છે, અનુભવવું છે, એની પર્યાયમાં–એના ખોરાકમાં ત્રસ જીવો ન હોઈ શકે. સમજાણું કાંઈ? ભૂતાર્થથી ભરેલું તત્ત્વ.... એવા અનંત સત્યો સ્વભાવના–ગુણના–શક્તિના ભરેલ છે. મહા સત્ એના અભિપ્રાયે–એ દૃષ્ટિથી જોતા સંસારી જીવ ને મુક્તજીવમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ?

પરસ્ત્રીના સેવન લંપટ હોય, એવા અન્યાયના ધંધા હોય, મોટા સટ્ટા ને જુગારબાજી હોય—એને આ વાત ન બેસે. સમજાણું કાંઈ? આ તો આવ્યું હતું એટલે વાત આવી. છાપામાં આ જ આવ્યું હતું. આહા! વાત તો આ છે ભગવાન! આહાહા! સંસારની દશા હોવા છતાં શુદ્ધદ્રવ્યના અભિપ્રાયે જોઈએ તો એ મુક્તસ્વરૂપ જ છે. સિદ્ધના જે આઠ ગુણો છે એ ગુણોથી શોભિત જ છે. શક્તિના સ્વભાવમાં એ ગુણો ભરેલા જ છે. આહાહા! પર્યાયમાં નથી એને 'દ્રવ્યમાં છે' એમ નક્કી કરવું એ તે કાંઈ વાત છે! સમજાણું કાંઈ? આહાહા!

કાલ ઓલું આવ્યું હતુંને ભક્તિમાં. 'જંગલ વસાવ્યું રે જોગીએ, ... જેણે તજ્યા સંસાર.' આહાહા! સંસાર એટલે વિકલ્પને છોડ્યા. નિર્વિકલ્પ શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ તો હતી જ, પણ જેણે આવી ઠંડી... એથી અનંત ગુણી ઠંડી નરકમાં છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ એને જ્ઞેય તરીકે જાણે છે. કંઈક અસહિષ્ણુતાનો ભાવ હોય થોડો, એથી મચક ખાઈ જાય, પણ એને એ જાણનાર છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! આઠ-આઠ વર્ષના રાજકુમારો, ૨૫-૨૫ વર્ષના જુવાનો, એના રત્ન જેવા શરીર, ઘરે પદમણી જેવી હજારો સ્ત્રીઓ, કરોડો-અબજોના મકાનો, હીરાના સિંહાસનો છોડીને ચાલ્યા જાય. અરે! મારો ભગવાન અમને નજરે પડ્યો છે. હવે એને પૂરો (પ્રાપ્ત) કરવા નીકળીએ છીએ. સમજાણું કાંઈ?

જેના અભિપ્રાયમાં ભગવાન ભાળ્યો, આહાહા! જે અભિપ્રાયે... ભગવાન પૂર્ણ સત્યસાહેબ પોતે પૂર્ણાનંદ, જેમાં અનંતા સિદ્ધોની પર્યાયો સંગ્રહિત થઈને પડી છે. અહીં તો આઠ ગુણવાળો કહેશે, ગુણ એટલે શક્તિરૂપે હોં. આહાહા! અને બીજી રીતે કહીએ તો અલ્પકાળમાં એ આઠ ગુણો પર્યાયમાં પ્રગટવાના છે, એટલે નયની દૃષ્ટિએ જોઈએ તો એ અત્યારે પ્રગટ્યા નથી એ પણ છે. એ પણ પ્રગટવાના જ છે એવી દૃષ્ટિ થઈ છેને અહીં તો. જે અભિપ્રાય તો શુદ્ધદ્રવ્યાર્થિકનયનો થયો, ત્યારે તો તેને સિદ્ધપદ અલ્પકાળમાં થવાનું જ છે. એ થવાનું છે એને 'અત્યારે છે' એમ કહેવું એ એક નયનું વચન છે. સમજાણું કાંઈ?

કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક... શુદ્ધદ્રવ્ય, જેની સત્તા શુદ્ધ છે. પવિત્ર છે, નિર્મળાનંદ છે, સહજાનંદ છે, સ્વભાવિક અકૃત્રિમ સહજસ્વરૂપ છે. એ નયને અભિપ્રાયે–એ જ્ઞાનના અંશના અભિપ્રાયે જોઈએ તો, આહાહા! છે એને 'નથી' કરવું અને નથી એને 'છે' કરવું એમ કહે છે પર્યાયમાં રાગાદિ છે એને 'નથી' એમ કરવું અને દ્રવ્ય પર્યાયમાં નથી એને 'એ જ છે' એમ કરવું. એ કાંઈ વાત છે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા! આવી ઠંડી, મુનિઓ અંતર્શોધમાં વસ્તુ નજરે પડ્યા પછી પૂર્ણ કરવાની શોધમાં પડ્યા છે. આહાહા! વનવાસે ચાલી નીકળ્યા, જેને પગમાં જોડા ન મળે, માથે છત્રી ન મળે, ઓઢવા કપડાં ન મળે, સૂવા ખાટલો ન મળે, ખાવા-પીવા અનાજ ન મળે.

આનંદમૂર્તિ ભગવાન પરમસત્ય જે અમૃતનો સાગર છે, એ અભિપ્રાયથી શુદ્ધ(દૃષ્ટિ)થી જોઈએ તો આ ભગવાન તો પૂર્ણ છે. મારામાં ને સિદ્ધમાં ફેર નથી. ફેર નથી એવી દૃષ્ટિ થઈ એ ફેર ટાળીને સિદ્ધ થવાના. આહાહા! કહો, સમજાણું કાંઈ? આમ ચક્રવર્તી, છ ખંડના રાજ, છન્નુ હજાર સ્ત્રીઓ પદમણી. શાંતિનાથ (પુરાણ)માં આવે છે. દીક્ષા લેતાં છન્નું હજાર ઝંટીયા તાણે છે. અરે સ્વામીનાથ! શું કરો છો? ક્યાં જાઓ છો વનવાસ? આ શું છે? અરે સ્ત્રીઓ! અમે તમારે કારણે અટક્યા હતા એમ ન જાણો. અમને આસક્તિનો રાગ હતો માટે અટક્યા હતા. એ અટકવું અમારે ગયું હવે. મરી ગયા છીએ, અમને તમારા આમંત્રણ જીવતા નહીં કરી શકે. આહાહા! જંગલમાં ગયા. જેને મળ્યો ભગવાન, એનો વિશેષ ભેટો કરવા વનમાં વયા ગયા. આહાહા!

એવો જે ભગવાન આત્મા અનંત.. અનંત પવિત્ર–શુદ્ધ ગુણો સિદ્ધને પ્રગટ છે, આને અંદર શક્તિ ને સ્વભાવરૂપ છે. અંતર્દૃષ્ટિએ જોતાં બેમાં કાંઈ ફેર નથી. એનું આ ગાથામાં કથન છે. આહા! શાંતિભાઈ! આહાહા! ધન્ય રે ધન્ય મુનિદશા જેને ચારિત્ર ને આનંદની રમણતા! અંદરમાં ડૂબકી મારીને શોધવા નીકળ્યા છે, પૂર્ણની પ્રાપ્તિ કરવા હોં. આહાહા! એને પણ પહેલું પૂર્ણસ્વરૂપ નિશ્ચયની દૃષ્ટિથી આવવું જોઈએ. આવ્યા વિના કોને શોધે? સમજાણું કાંઈ?

**જે કોઈ અતિ-આસન્ન-ભવ્ય...** હવે સિદ્ધ કરે છે. સિદ્ધ કેમ થયા? સિદ્ધ કેમ થયા? એવા જ આ સંસારી છે એમ સાબિત કરવું છેને. આહા! **જે કોઈ અતિ-આસન્ન ભવ્ય જીવ થયા...** અલ્પકાળમાં.. જેને અતિ-આસન્ન (એટલે) સિદ્ધપદ નજીક છે જેને. આહાહા! અતિ-આસન્ન.. આસન્ન એટલે નજીક. ભવ્ય જીવો... જેની કેવળજ્ઞાનની દશા ને સિદ્ધની દશા નજીક છે, સંસારને કાંઠે આવીને ઉભા છે. સમજાણું કાંઈ? **તેઓ પૂર્વે સંસારાવસ્થામાં...** પૂર્વે સંસારદશામાં **સંસારક્લેશથી થાકેલા ચિત્તવાળા થયા થકા...** આહાહા! સંસારમાં શુભ ને અશુભભાવ એ ક્લેશ છે. **સંસારક્લેશથી થાકેલા...** આખો સંસાર ક્લેશમય, દુઃખમય છે. આહાહા! સ્વર્ગ ને ચક્રવર્તીના રાજ એના ઉપર લક્ષ જવું એ ક્લેશ છે. આહાહા!

**સંસારક્લેશથી થાકેલા...** થાકી ગયા હવે. હવે આ ક્લેશ ન જોઈએ. હવે તો પૂર્ણ આનંદ જોઈએ. એવા ચિત્તવાળા થયા થકા હોં. બહારથી છોડીને બેઠા એ નહીં. આહાહા! જેના જ્ઞાનની પર્યાયમાં સંસારક્લેશથી થાકી ગયા છે, જેને આખો સંસાર ક્લેશ(રૂપ) ભાસે છે, જેને ક્યાંય સુખની ગંધ ભાસતી નથી. છ ખંડના રાજ હો કે ઇન્દ્રના ઇન્દ્રાસન હો, જે સંસારક્લેશથી થાકી ગયા છે. આહાહા! હવે વિસામો લેવા જાય છે. મુલચંદભાઈ! આવી વાતું છે આ તો. આહાહા! કહો, બાબુજી! મોટા પૈસાવાળા ને મોટા..... ખમ્મા ખમ્મા કરે લ્યો. સુખ હશે કે નહીં એમાં? જરાય નહીં? ક્લેશ છે એમ કહે છે. આહાહા! શુભ-અશુભ વિકલ્પમાત્ર ક્લેશ છે, એ સંસાર છે. એ કલેશથી થાક્યા છે અતિ-આસન્ન ભવ્યજીવો. હવે દીક્ષિત થવા માગે છે.... સિદ્ધ કેમ

થયા એમ કહેવું છેને. **સંસારક્લેશથી થાકેલા**... જેની પરમાં હોંશું મરી ગઈ છે. આહાહા! જેને પર તરફનો ઉત્સાહ મરી ગયો છે. ભગવાન આત્માને જોયો છેને. આહાહા!

તેથી **સહજવૈરાગ્યપરાયણ થવાથી...** સ્વભાવિક વૈરાગ્ય થવાથી... કૃત્રિમ સ્મશાન-વૈરાગ્ય નહીં. પુત્ર મરે ને કંઈ વૈરાગ્ય દેખાય થોડીવાર, પૈસા જાય પાંચ-પચ્ચીસ લાખ, મૂડી હોય પચાસ લાખ એમાં પચ્ચીસ લાખ જાય. આહાહા! એ વૈરાગ્ય નહીં, એ તો દ્વેષ છે. શુભેય ક્યાં? આ તો સહજ વૈરાગ્ય. કોઈપણ વિકલ્પ પ્રત્યેનો રસ જ્યાં અંદરથી નીકળી ગયો છે. સમજાણું કાંઈ? આવું કરશે ત્યારે સિદ્ધ થશે એ વાત અહીંયા સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? **સહજવૈરાગ્યપરાયણ**–તત્પર... સ્વભાવિક વૈરાગ્ય.. વૈરાગ્ય.. આમ તો શ્રીમદે કહ્યુંને. 'યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ વૈરાગ અથાગ લહ્યો.' એ નહીં. એ તો મિથ્યાદૃષ્ટિનો વૈરાગ્ય. બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી એટલે વૈરાગી—એ નહીં. આ વૈરાગ્ય. ઓલો વૈરાગ્ય તો અનંતવાર કર્યો. આહાહા!

અસ્તિ તત્ત્વના આનંદના ઝુકાવથી જેને પર તરફનું પડખું ફરી ગયું છે આખું. સમજાણું કાંઈ? આહાહા! આ તો કાંઈ વાત છે! વીતરાગમાર્ગ છે આ. અસ્તિ મહાપ્રભુ એના અસ્તિપણાના જોર અને શ્રદ્ધા-જ્ઞાનને લઈને જેનું પડખું વિકલ્પથી ખસી ગયું છે, એ પડખેથી ખસી ગયા છે એને સહજ વૈરાગી કહેવામાં આવે છે. આહાહા! આવા દ્રવ્ય-ભાવે મુનિપણું થાય છે એમ કહે છે. હવે **દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને...** આવા દશાવંત પ્રાણી દ્રવ્યે નગ્ન થાય છે, ભાવે કષાયરહિત થાય છે. આહાહા! જુઓ! ચરણાનુયોગમાં આવે છેને. દ્રવ્ય-ભાવ લિંગ આપ્યું. દ્રવ્ય-ભાવ લિંગ આપો મહારાજ! આહાહા! એ વનવાસમાં જવા નીકળ્યા છે. ગુરુ પાસે માગણી કરે છે, પ્રભુ! અમને દ્રવ્ય-ભાવ લિંગ આપો. પ્રભુ! આપ ગુરુ છો, અમને આપો. આહાહા! વ્યવહારની શૈલી છેને. અમે એકલા જાશું જંગલમાં. આહાહા! અમારો ભગવાન ઢંઢોળીને–જગાડીને કેવળજ્ઞાન લેવા જાશું અમે. આહાહા!

**દ્રવ્ય-ભાવ લિંગને ધારણ કરીને**... જોયું! દ્રવ્યે નગ્નપણું અને ૨૮ મૂળગુણ આદિ વિકલ્પ, ભાવે ત્રણ કષાયનો અભાવ એવું ભાવલિંગ. આહાહા! મડદાને ઉપાડીને સ્મશાનમાં લઈ જાય, આ કહે છે કે અમે તો સ્મશાનમાં જવા તૈયાર થઈ ગયા છીએ. અમે મરી ગયા છીએ વિકલ્પથી. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે જેણે દ્રવ્ય-ભાવ લિંગ ધારણ કર્યા. 'ધારણ કર્યા' એમ આવ્યું હોં. પંચમહાવ્રત ધારણ કર્યા, નગ્નપણું ધારણ કર્યું. વ્યવહારની ભાષા તો એમ જ આવેને. પણ આવા થયેલા જીવ.... શાંતિભાઈ! આહાહા! આવા મુનિપણા વિના કોઈ દિ' સિદ્ધપણું હોઈ શકે નહીં. કંઈ વાત કરે, આમ વાતું કરે કે આવો આત્મા.. આવો આત્મા.. એમ સિદ્ધ થઈ જાય એમ છે નહીં. આહાહા!

ભગવાન આત્માની અનુભૂતિના જેને ભેટા થયા છે, આહાહા! સ્વરૂપાચરણ પણ જેને પ્રગટ્યું છે, એવા સહજ વૈરાગ્યવાળા જીવો દ્રવ્ય ને ભાવ લિંગને ધારણ કરે છે. મુનિ દ્રવ્યે નગ્ન હોય છે. લૂગડાંવાળા મુનિ દ્રવ્યલિંગી પણ છે નહીં. આહાહા! વીતરાગનો માર્ગ જગતને સાંભળવો... વસ્ત્ર જ્યાં સુધી છે ત્યાં સુધી મુનિપણું હોઈ શકે નહીં. એવો જિનવરનો માર્ગ છે. એનાથી ઊંધા માર્ગે બીજા કલ્પ્યા છે બધા શાસ્ત્રો. જે શાસ્ત્રમાં મુનિને વસ્ત્રો સ્થાપ્યા એ મિથ્યાદૃષ્ટિના કહેલા શાસ્ત્રો છે. કેવળીના નહીં ને સમકિતીના નહીં. આહાહા! કઠણ ભારે. એય ચેતનજી! .... કહે છે કે એક તો દ્રવ્ય-ભાવલિંગને ધારણ કર્યાં. આહાહા!

હવે, **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલા પરમાગમના અભ્યાસ વડે...** આહાહા! મહાગુરુ સંતોએ કહ્યું એને કે આગમ–પરમાગમનો અભ્યાસ એટલે આનંદનો અભ્યાસ કર. અંતરમાં અતીન્દ્રિય આનંદનો જે તને સ્વાદ આવ્યો છે, હવે એનો વિશેષ અભ્યાસ કર એ પરમાગમનો સાર છે. ગુરુનો પ્રસાદ પણ એ છે. સમજાણું કાંઈ? **પરમગુરુના પ્રસાદથી**... મહામુનિ વીતરાગી સંત આચાર્યાદિ પાસે મુનિ થાય છે. એમના **પ્રસાદથી પ્રાપ્ત કરેલ પરમાગમના અભ્યાસ વડે**... જોયું! એકલો પરમાગમનો અભ્યાસ કીધો. એનો અર્થ કે અંદરમાં પરમાગમ એવું જે જ્ઞાન, એની એકાગ્રતાનો અભ્યાસ. એ વડે **સિદ્ધક્ષેત્રને પામીને...** લ્યો, ઠીક. એકલું પરમાગમ નહીં, પરમ આગમ જ એને કહીએ. આહાહા!

નો-આગમ આવે છે. નો-આગમનું જ્ઞાન એનો અર્થ કે ચારિત્ર સહિત નો-આગમનું જ્ઞાન થયું. અંતરની રમણતા આનંદની જામી ગઈ છે, બહારમાં નગ્ન છે, માતાએ જન્મ આપ્યો એવો એનો અવતાર છે. જિનવરે એ લિંગ કહ્યું છે. બીજી લિંગો કહ્યા એ જિનવરના નહીં, અજ્ઞાનીઓએ કહેલા છે. એવા **પરમાગમના અભ્યાસ વડે**... પરમ આગમ એવું જે જ્ઞાન, અથવા પરમાગમમાં કહેલો એવો જે ચારિત્રભાવ, એના અભ્યાસ વડે... આહાહા! આવા વડે સિદ્ધપદ પમાય છે. સમજાણું કાંઈ? આવા વીતરાગના વચનો લોકોએ બીજી રીતે વીંખી નાખ્યા. શાસ્ત્ર ખોટા બનાવી, કલ્પિત બનાવી અને વસ્ત્ર-પાત્ર સહિત સાધુ-સાધ્વી (ભાખી), બહુ જૈનદર્શનને કલંક લગાવ્યું માથે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે પરમાગમનો એટલે પરમાગમમાં આ કહ્યું છે આવું બધું. નગ્નપણું, પંચમહાવ્રતના વિકલ્પો, વ્યવહાર દ્રવ્યલિંગ (અને) ભાવલિંગમાં જેને અનંત આનંદની ઝંખનાવાળી દશા પ્રગટ થઈ છે. આહા! જેને ત્રણ કષાયો નાશ થઈ ગયા છે, જેને ક્ષણે ને પળે છઠ્ઠું ને સાતમું ગુણસ્થાન આવે છે. આહાહા! જેને એક દિવસમાં હજારો વાર સાતમું ગુણસ્થાન આવે, છઠ્ઠું આવે. એ દશા એને અહીંયા વીતરાગદર્શનમાં મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

જુઓને! એવું આવે છેને. લક્ષ્મણે રાવણને માર્યો. મોટા પુરુષો છે, સમકિતી છે. મારીને એની સ્ત્રી પાસે જાય છે રામ ને લક્ષ્મણ–બેય. મંદોદરી રાવણની સ્ત્રી. બેન! બા! અમને આ વાસુદેવ-બળદેવની પદવીને લઈને આ થયું. એ પદવીમાં આવી સ્થિતિ હોય કે અમારી સામે થાય એ ન રહી શકે. આ કારણે... માતા! આહાહા! રામ ને લક્ષ્મણ જાય છે મંદોદરી પાસે, એના મહેલમાં હો. અહીં મારી નાખ્યા તો એને ડર નથી કે એનું લશ્કર શું કરશે. ચાલ્યા જાય છે મોટા રાજા બળવંતના પિંડ ... જાય છે સોંસરવટ બજારમાં. જાય છે ભવનમાં.

માતા! રાવણને મારી નાખ્યો. અમારી પદવીને અનુસાર આ સ્થિતિ છે. બીજો કોઈ ઉપાય નથી. માતા! હવે અમે અગ્નિસંસ્કાર કરવા આવ્યા છીએ. અરે મુલચંદભાઈ! જુઓ! તો ખરા. ઉત્તમ પુરુષો, સમકિતી. એની પદવી પ્રમાણે આવો ભાવ આવે ખરો. માતા! તમે અમારી મા છો, બેન છો હોં. આહાહા! અમે આ કર્યું છે એ પદવીને યોગ્ય થયું છે. અમારા પુણ્યનો યોગ જ એવો છે. એણે આ કરાવ્યું છે. તમે હવે ચાલો. રાવણનું મડદું લઈને સંસ્કાર કરવા જાય છે. તળાવની પાળ ઉપર રામ-લક્ષ્મણ બેસે છે. આહાહા! જેને માર્યો એના અગ્નિસંસ્કારમાં હાજરી. એવા એ નીતિવાળા માણસ હતા.

આ ચારિત્ર તો લોકોત્તર નીતિ. આહાહા! સમજાણું કાંઈ? જેને આનંદના ઉછાળા આવ્યા છે અંદરથી. એવા અભ્યાસ વડે... એ પરમાગના અભ્યાસનો અર્થ એટલે પરમાગમ આનંદનો અભ્યાસ કરવાનું કહે છે. આહાહા! જેણે તળિયામાંથી આનંદ જોયો છે ભગવાન (આત્મા)માં છે એ. એના તળિયા તપાસવા, આનંદના અભ્યાસ વિશેષ કરવા એ આગમનો હુકમ છે. ભગવાનના પરમાગમનો આ હુકમ છે કે અતીન્દ્રિય આનંદના અભ્યાસમાં જા હવે, બસ. પંચમહાવ્રતનો અભ્યાસ વચ્ચે હોય ભલે. આહાહા! સમજાણું કાંઈ? **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરેલ પરમાગમના અભ્યાસ**... પરમગુરુએ એ જ કહ્યું હતું કે તારો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો તને અનુભવમાં છે, હવે એમાં ઠરવાનો અભ્યાસ કર. કહો, મુલચંદભાઈ! આનું નામ ચારિત્ર છે. આહાહા!

લોકો કહે છેને, સાધુને માનતા (નથી). અરે ભગવાન! સાધુ કોને કહેવા? નાથ! સાધુ ક્યાં છે? આહાહા! દૃષ્ટિ મિથ્યાત્વ અને માને સાધુ, હવે એને શું કહેવું? કહે છે, આવા સંતો... પોતે આગળ કહેશે, હું વંદન કરું છું સમકિતીને. ઓલાનો ખુલ્લો કર્યો અર્થ. વંદન કરીએ છીએ. ૪૮ ગાથાના (કળશ)માં છે. પાઠમાં છે. **પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે, તેને અમે વંદન કરીએ છીએ**. ત્યાં પણ આગમને નાખ્યા છે અંદર. કળશ છેને ૭૨. આહાહા! રત્નના, એક તો મણિરત્નના હોય મુગટ, એમાં માથે હીરાની, શું કહેવાય? કલગી. માળા. ભગવાનને વંદન કરે છે ત્યારે મુગટ નમતા હોય એની માળાઓ હોયને.....

અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન છે અને અંતરમાં ચારિત્રનો અભ્યાસ–વીતરાગીદશામાં રમવા તૈયાર થઈ ગયો છે. એ વડે જેણે **સિદ્ધક્ષેત્રને પામીને**... જોયું! શુદ્ધભાવ પામ્યો એ સિદ્ધક્ષેત્રને પામે છે. જ્યાં સિદ્ધો વસે છે ત્યાં જાય છે એ. આહાહા! કેવું સિદ્ધપદ, કેવું મુનિપદ અને કેવું અરિહંતપદ—એની ખબરું વિના ચાલો, ધર્મ કરીએ, ધર્મ કરીએ. શું ધર્મ? બાપા! શું કરે? ભાઈ! આહાહા! આ તો ત્રિલોકનાથ જેને સો ઇન્દ્રો પૂજે, હજારો સિંહ આવીને આમ.. વનના રાજા સિંહ આવીને... આમ સેંકડો સિંહ સમવસરણમાં ગલુડિયાની પેઠે બેઠા હોય. ગલુડિયા સમજતે હો? કુત્તીકા બચ્ચા, પિલ્લા. આહાહા! એવા ભગવાનનું આ વચન છે. એ ભગવાનની આ વાણી છે કે જે કોઈ સહજ વૈરાગ્યના રમનારા, દ્રવ્ય-ભાવલિંગ ધારણ કરી અને અંતરમાં પરમાગમનો સાર જે ચારિત્ર છે એના અભ્યાસમાં રમે છે, એને ચારિત્રપદ થાય છે અને સિદ્ધપદ થાય છે.

**સિદ્ધક્ષેત્રને પામીને અવ્યાબાધ (બાધા રહિત) સકળ-વિમળ (સર્વથા નિર્મળ) કેવળજ્ઞાન**ને પામે છે, આહાહા! **કેવળદર્શનને** પામે છે. કેવળજ્ઞાન–એકલું જ્ઞાન, કેવળદર્શન–એકલી દર્શનપર્યાય પૂરી. **કેવળસુખ...** પૂર્ણ સુખ, અનંત આનંદ, અવ્યાબાધ સુખ. આહાહા! **કેવળવીર્ય...** પૂર્ણ આત્મબળ. અનંતગુણની રચનાનું વીર્ય જેને પૂર્ણ પ્રગટ્યું છે તેવા સહિત **સિદ્ધાત્માઓ થઈ ગયા...** આ રીતે સિદ્ધાત્મા થઈ ગયા. સમજાણું કાંઈ? આહાહા! જેટલા સિદ્ધો થયા, 'વંદિત્તુ સવ્વસિદ્ધે..' કુંદકુંદાચાર્ય કહે છે, અરે! હું સર્વ સિદ્ધોને વંદન કરું છું. સિદ્ધો થયા એ આ રીતે થયા. **–કે જે સિદ્ધાત્માઓ કાર્યસમયસારરૂપ છે...** એ પર્યાય એની કાર્યસમયસાર છે કહે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદ–સુખ પ્રગટ્યું એ કાર્યસમયસાર. પ્રભુ ત્રિકાળી કારણસમયસાર.

એ કાર્યસમયસારસ્વરૂપ એટલે **કાર્યશુદ્ધ છે.** જેના કાર્ય, સિદ્ધ ભગવાનની પર્યાયરૂપી કાર્ય પૂર્ણ શુદ્ધ છે. સમજાણું કાંઈ? નીચે છે. **(કાર્યશુદ્ધ) = કાર્ય અપેક્ષાએ શુદ્ધ**. પર્યાય અપેક્ષાએ શુદ્ધ. દ્રવ્ય અપેક્ષાએ તો શુદ્ધ દૃષ્ટિમાં લીધો હતો, હવે તો પર્યાય અપેક્ષાએ શુદ્ધ થઈ ગયા. પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનાદિ દશા. આ સિદ્ધપદ પ્રાપ્ત કર્યા વિના ક્યાંય સુખ ને ક્યાંય આનંદ છે નહીં. કહો, સમજાણું કાંઈ? આ બધા પૈસાવાળાને તો આમાં ગણતાય નથી. ગણે છે ક્લેશમાં. સંસારક્લેશ ભોગવે છે. આહાહા! જેટલો એને પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરામાં હોંશ વિકલ્પ થાય છે, એકલો ક્લેશ છે એકલો ક્લેશ. આહાહા! સોગાનીમાં એક ઠેકાણે કહે છે, મોટું પુણ્ય વિષ્ટાના મોટા ઢગલા. ઢગલો. મોટું પુણ્ય વિષ્ટાનો મોટો ઢગલો. એવું છે એક ઠેકાણે. ચેતનજી! આ બાજુનું પાનું છે. આહાહા! આ અમૃતનો ઢગલો આત્મા. આ રીતે સિદ્ધ થયા.

**જેવા તે સિદ્ધાત્માઓ છે...** હવે એની સાથે મેળવે છે સંસારી જીવને. આહાહા! **જેવા તે સિદ્ધાત્માઓ છે તેવા જ શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા...** શુદ્ધનિશ્ચયનયથી ભવવાળા **જીવો છે.** એ ભવવાળા જીવો પણ અંતર્દૃષ્ટિએ તો એવા જ છે. આહાહા! ભવ વિનાના શુદ્ધાત્મા જે છે

અનંતા, એવા જ આ ભવવાળા જીવો અંતર્દષ્ટિથી જોતાં એ સિદ્ધ સમાન પૂર્ણ આનંદ શુદ્ધ જ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? અરે! આ દૃષ્ટિમાં એનો વિશ્વાસ લાવવો, નિઃશંકપણે આવો આત્મા ત્રિકાળી શુદ્ધ સિદ્ધસમાન છે એવા શુદ્ધની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે કારણે...** જેવા તે સિદ્ધાત્માઓ છે એવા જ શુદ્ધનિશ્ચયનયથી... શુદ્ધનિશ્ચયના સત્સ્વરૂપથી જુઓ તો ભવવાળા જીવો છે. સંસારી ભવવાળા એવા છે. આહાહા! સત્યનય, શુદ્ધનય, વીતરાગનું શુદ્ધવચન એવા ભાવથી જુઓ તો ભવવાળા સંસારી જીવ પણ તેવા જ છે. આહાહા! કહો, આ કરવાનું હશે? આને કાંઈ કરવાનું નથી, લ્યો વાતું... બાપા! કરવાનું આ છે. અને કરીને પાછું ઠરવાનું એમાં છે. એય! આ અનંતો પુરુષાર્થ છે ભાઈ! તને ખબર નથી. આહાહા! અરે! સંસારદશા પ્રગટ હોવા છતાં જેની દૃષ્ટિમાં સિદ્ધ જેવો આત્મા ભાસે, એ કેટલો પુરુષાર્થ છે! સમજાણું કાંઈ? આહાહા! દુનિયાએ દેખાય એવો નથી ભાઈ! આ દુનિયા તો ઝઘડે ચડી છેને. આ તો માર્ગ વીતરાગનો છે, જેને જોઈતો હોય... ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા... 'કેવળી પણ્ણત્તો ધમ્મો' આ. મંગળિકમાં આવે છેને. 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં.' આહાહા! કહો, ચીમનભાઈ! આવું સ્વરૂપ છે. એડનમાં ક્યાં હતું કાંઈ? આહાહા!

જેવા સિદ્ધાત્મા છે વર્તમાન અનંત, તેવા જ અનંત જીવો સંસારી છે. એમાં અભવ્ય કે એવો કાંઈ (ફેર) નથી, એમ કહ્યું. એ પર્યાયમાં ફેર છે. વસ્તુમાં તો સર્વ જીવ સિદ્ધસમ છે. સમજાણું કાંઈ? **તેવા જ શુદ્ધનિશ્ચયથી ભવવાળા જીવો છે**. ભવવાળાની દશામાં આવો આત્મા જેને નજરે પડે એને સમકિતી કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં એક બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં, અડદની દાળ સદડી સરખી ન થઈ હોય, છાશ ને ... ભેગા ન થયા હોય સરખા તો ઢીંચણીયા ઉડે. હવે એને આવું કહેવું, કેમ બેસે? એને આવી જાતની પાત્રતા જોઈશે ભાઈ! સમજાણું કાંઈ? આહાહા!

જેની પ્રગટ અવસ્થામાં ભવ પૃથક ભાળે, એ જીવને પ્રગટ પર્યાયપણે નથી એવું દ્રવ્ય એ શુદ્ધ ભાસે. 'નયથી ભાસે' એનો અર્થ કે પોતાના નયમાં પોતે પોતાને જોતાં ભાસે, એમ. સમજાણું કાંઈ? આમ મૂળ વાતું પડી રહી, ઉપરની વાતું–ડાળા ને પાંદડા તોડવા માંડ્યા. મૂળ સાજું, એ પાછું પંદર દિ'એ ઝાડ પાંગરી જાશે. અને જેણે મૂળ કાપ્યા એના પાંદડા પંદર દિવસે સુકાઈ જશે. ઓલાને પંદર દિવસે પાંગરશે, આને સુકાઈ જાશે. જેણે ચૈતન્યદ્રવ્યને શુદ્ધદૃષ્ટિએ જોયો અને શુદ્ધ સિદ્ધ સમાન જ મારું સ્વરૂપ છે એમ જેણે અંતરમાં જાણ્યું, એને હવે થોડા પુણ્ય-પાપના પાંખડા રહ્યા છે એ પાંદડા ખરી જવાના. સમજાણું કાંઈ? આહાહા!

અરે! એણે એના ઘરની વાતું મીઠી નજરે મીઠી દૃષ્ટિએ સાંભળી નહીં. એમ ને એમ નિશ્ચયની વાતું કરે. ...... આહાહા! નિશ્ચય એટલે જાણે કાંઈક સત્યની વાતું કરે છે, કાંઈક સત્યની વાતું કરે છે. સત્યની વાતું કરે છે એમાં શું તને કંટાળો આવ્યો એમાં? આહાહા! ઓલા કલકત્તાવાળા હતા, નહીં? .... વૈદ્યનાથ. કલકત્તાનો હતોને વૈદ્યનાથ. બહુ પૈસા ખર્ચતા હતા. ,

પચાસ હજાર, લાખ, લાખ-બે લાખ ખૂબ ખર્ચતા. આવ્યા એક દિ' વ્યાખ્યાનમાં નવા-નવા. રાજકોટ. એમાં બાવળભાઈ હતા, ત્યાં હતાને ગિરનાર. એ સાથે હતા. એમાં આ અધિકાર ચાલતો હતો નિશ્ચયનો. એમાં બાવળભાઈ કહે, સાંભળો શેઠ! એ તો નિશ્ચયની વાતું છે. આવા હવે. પૈસા ખર્ચતા હોય પચાસ હજાર, લાખ-બે લાખ. જ્યાં-ત્યાં નાંખતા હોય. લોકોને થાય ઓહોહો! વૈદ્યનાથ. વૈદ્યનાથ મળ્યા હતાને. અહીં તો નહીં, ત્યાં જમશેદપુર આવ્યા હતા. ત્યાં ઇસરીમાં આવ્યા હતા, રાજકોટ આવ્યા હતા.

અરેરે! તારા લક્ષ્મી ખર્ચવા ને ઢીંકણાંમાં રાગની મંદતાના ઠેકાણા ન હોય અને એના માહાત્મ્ય આગળ શુદ્ધની વાતું સાંભળતા તને (થાય કે) એ તો નિશ્ચયની વાતું છે. એ તો સાચી વાત છે. એ સાચી, આપણે કરીએ છીએ એ ઠીક છે, આ સાચી ભલે કરે. આહાહા! જે **કારણે તે સંસારી જીવો સિદ્ધાત્માઓ જેવા છે, તે કારણે તે સંસારી જીવો જન્મજરામરણથી રહિત...** લ્યો. આહાહા! વસ્તુમાં અને વસ્તુની દૃષ્ટિમાં, જન્મ, જરા ને મરણ એ દૃષ્ટિનો વિષય જ ક્યાં છે? સમ્યગ્દર્શનનો વિષય તો પૂર્ણાનંદ ભગવાન પૂર્ણ શુદ્ધ તે છે. એથી એ જીવને જરા, મરણ ને જન્મ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? છેને પાઠ છે, નીચે છે. પાઠમાં છે. **जरमरणजम्ममुक्का अट्ठगुणालंकिया**.. અલંકૃત એટલે સહિત. 'અલંકૃત' પહેલું લઈ લીધું હતુંને. અહીં અલંકૃત ....... દરેક દ્રવ્ય ગુણ-પર્યાયથી અલંકૃત છે. એ ઉપર ....... ......

**સંસારી જીવો જરાજન્મમરણથી રહિત છે**... આહાહા! અરે! એવી દૃષ્ટિએ કબૂલ કરવો આત્માને કે મારામાં તો જન્મ-જરા-મરણ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? તે રહિત કીધું, ત્યારે સહિત શું? **અને સમ્યક્ત્વાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે...** જેને સમકિત આદિ આઠ ગુણોની સમૃદ્ધિ... પુષ્ટિ એટલે સમૃદ્ધિ, પુષ્ટથી તુષ્ટ છે, પુષ્ટથી આનંદમય છે. આહાહા! તુષ્ટ–સંતોષ, આનંદ છે. સંસારી જીવમાં પણ આ સિદ્ધ જેવા આઠ ગુણોની સમૃદ્ધિ–પુષ્ટિથી તુષ્ટ–આનંદમય છે. કહો, સમજાણું કાંઈ? માળે આવો આત્મા સાંભળ્યો ન હોય એણે. આ તો ગતિ કરે એ ત્રસ અને સ્થિર રહે એ સ્થાવર. આ એની વ્યાખ્યા. આહાહા! આ તો ત્રિકાળી ભગવાન આત્મા તેમાં જરા, જન્મ ને મરણ નથી અને આઠ સમકિતના જે ગુણો... છેને અંદર.

**(-સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહન, અગુરુલઘુ અને અવ્યાબાધ એ આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે)**. પુષ્ટિનો અર્થ સમૃદ્ધિ. તુષ્ટનો અર્થ આનંદ. આહાહા! આ સંસારી જીવો પણ અંતર અનંત આઠ ગુણની પુષ્ટિથી સમૃદ્ધિવાળા, આનંદવાળા છે. આ એની સમૃદ્ધિ છે અંદરની. આહાહા! એવા આત્માને અંતર્દૃષ્ટિથી માનવો, અનુભવવો એનું નામ ધર્મની પહેલી શરૂઆત છે. પછી મુનિપણું લઈને ચારિત્ર લેવું, સિદ્ધપદ પ્રાપ્ત કરવું એ એનો ઉપાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૧૨, મંગળવાર, તા. ૩૦-૧-૧૯૭૩
## શ્લોક-૭૧, ગાથા-૪૮, પ્રવચન નં. ૨૧૩

૪૭મી ગાથા છે, એનો કળશ છે.

**[હવે ૪૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]**

**प्रागा शुद्धता येषां सुधियां कुधियामपि ।**
**नयेन केनचित्तेषां भिदां कामपि वेद्म्यहम् ॥७१॥**

ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધ છે. એ અજ્ઞાનીને પણ શુદ્ધ છે ને જ્ઞાનીને પણ શુદ્ધ છે. અજ્ઞાનદશામાં હોય તોપણ વસ્તુ તો શુદ્ધ ધ્રુવ આનંદ પવિત્ર પિંડ જ છે અને જ્ઞાની થાય કે સિદ્ધ થાય તોપણ વસ્તુ તો શુદ્ધ એકરૂપ ધ્રુવ છે. એની દૃષ્ટિ કરે એને સમ્યગ્દર્શન થાય, ધર્મની પહેલી સીઢી–શ્રેણી–પગથિયું. ત્રિકાળ શુદ્ધ... **કુબુદ્ધિઓને કે સુબુદ્ધિઓને**... સમ્યગ્જ્ઞાન થાઓ કે મિથ્યાજ્ઞાન હો, **પ્રથમથી જ શુદ્ધતા છે**... પહેલેથી જ શુદ્ધતા અંદર ભરી છે, પૂર્ણ શુદ્ધ છે. અનંત ગુણ જે છે એ બધા શુદ્ધ છે, પવિત્ર છે, નિર્મળ છે, સ્વચ્છ છે, એ પહેલેથી છે. સમ્યગ્દર્શન થયું એટલે કંઈ શુદ્ધતા નવી થઈ નથી, એ તો પર્યાયમાં શુદ્ધતા આવી. વસ્તુ જે શુદ્ધ છે એ તો ત્રિકાળ છે. આહાહા!

**તેમનામાં કાંઈ પણ ભેદ હું**... મુનિરાજ પોતે કહે છે કે અહો! મિથ્યાદૃષ્ટિ હોય કે સમ્યગ્દૃષ્ટિ પર્યાયમાં, પણ એનામાં જે ત્રિકાળ શુદ્ધતા છે એમાં **કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?** કેમ કે સત્યનય તે જ યથાર્થ નય છે એમ કહે છે. વ્યવહારનય એ તો ઉપચારિક છે. આહાહા! સત્યનય તો ત્રિકાળી શુદ્ધ ધ્રુવને બતાવે છે, તે નય સત્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એને, ત્રિકાળી શુદ્ધ ચીજ પડી જ છે એના ઉપર દૃષ્ટિ મૂકવાની છે. આહાહા! નથી એ સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રથી થતું, આહાહા! આકરી વાત... નથી એ સમ્યગ્દર્શન દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના રાગથી થતું, નથી એ સમ્યગ્દર્શન રાગને જાણનારી વર્તમાન પ્રગટ જ્ઞાનની અવસ્થાથી થતું. ત્રિકાળી ચૈતન્યબિંબ પવિત્ર જ્યોતિ સુખધામ પૂર્ણ શુદ્ધ ત્રિકાળ છે. કહે છે, એમાં હું ભેદ કેમ કહું? મિથ્યાદૃષ્ટિને તો શુદ્ધતા નથી, સમ્યગ્દૃષ્ટિને શુદ્ધતા છે—એવો ભેદ હું કેમ કહું?

સત્યનય, પરમ સત્યનય, શુદ્ધનય, ભગવાનનું જે શુદ્ધવચન એ તો ત્રિકાળીને શુદ્ધ કહે તે જ વસ્તુ છે. આહાહા! સમજાણું કાંઈ? ઝીણી વાતું ભાઈ! લોકોની ચાલતી પ્રણાલિકાથી આખી વાત જુદી છે. ઓલા તો કહે, દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધો, ભક્તિ કરો, સમ્યગ્દર્શન થશે. જાત્રા કરો કાંઈક પાંચ-પચ્ચીસ લાખ ખરચીને, સમ્યગ્દર્શન થશે. એ ત્યાં રોકાઈ ગયા બિચારા

અજ્ઞાની. આહાહા! સમ્યગ્દર્શન જાત્રા, ભક્તિના ભાવથી થતું નથી. ધર્મની પહેલી શરૂઆત– સમ્યગ્દર્શન એ નથી નિમિત્તના આશ્રયે થતું, નથી નિમિત્તની ભક્તિના રાગને આશ્રયે થતું, રાગને જાણનારી જ્ઞાનની પ્રગટ અવસ્થાને આશ્રયે પણ સમ્યગ્દર્શન થતું નથી. લોકોને આકરૂં લાગે. ધર્મની પહેલી શરૂઆત... ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય પવિત્રનું ધામ એ સત્‌સાહેબ સત્‌સ્વરૂપ ત્રિકાળ છે. એને શુદ્ધતા પ્રગટ કરવી છે કે શુદ્ધતા ઢંકાઈ ગઈ છે એવું છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

ઉપર શુદ્ધભાવ અધિકાર છે એ આ શુદ્ધભાવ. અનાદિથી ભગવાન આત્મા પવિત્ર ને અતીન્દ્રિય આનંદની શુદ્ધતાથી ભરેલો ભગવાન છે. આહાહા! એનું બહુમાન આવ્યા વિના અને પર્યાય ને રાગ ને નિમિત્ત તરફનું વલણ ખસ્યા વિના સમ્યગ્દર્શન કોઈ દિ' થાય નહીં. અને સમ્યગ્દર્શન ન હોય ત્યાં જ્ઞાન સાચું હોય નહીં અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર ને વ્રત બધા રણમાં પોક મૂકવા જેવા છે, એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? શાંતિભાઈ! શાંતિભાઈ બચી ગયા વળી. ભલે બચ્યા, પણ માળું પ્રકૃતિથી જાતું નથી. ભારે આકરું. આહાહા! આકરી ..... ઓલા પ્રકાશદાસ આવતાને અહીં, એ સાધુ (થવાના હતા). પણ પ્રકૃતિ ભારે, કેવી તીખી! ગજબ તીખી! અહીં આવતા, બેસતા, પણ ......... એ ત્યાં ને ત્યાં છે જ્યાં છે. એની તીખી પ્રકૃતિ તે કેટલી? ગજબની.

વસ્તુ એક સમયમાં ત્રિકાળી શુદ્ધ ભગવાન એની દૃષ્ટિ કરવી, એની કોમળતા કેટલી હોય પર્યાયમાં? સમજાય છે કાંઈ? એને કષાયની મંદતા હોય. તે ભૂમિકામાં કષાયની મંદતાનો આશ્રય છોડી... ત્રિકાળી ભગવાન નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદની શક્તિરૂપ પવિત્રતાથી ભગવાન પૂર્ણ પડ્યો છે અંદર. આહાહા! એણે વર્તમાન પર્યાય, રાગ ને નિમિત્તબુદ્ધિ છોડી ઊંડે ઊંડે અંદર ધ્રુવમાં જાવું. એવી ચીજ શુદ્ધ ત્રિકાળ છે એને દૃષ્ટિમાં લેવી અને દૃષ્ટિ ત્યાં પસારવી એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મની શરૂઆત છે. એ વિના બધા એકડા વિનાના મીંડા છે. કહો, શેઠ! વહ ત્રિકાલ શુદ્ધ હી હૈ, પણ માને છે ક્યાં? માને છે કે હું પર્યાય છું, રાગ છું એમ માને છે. માને ત્યારે ત્રિકાળ શુદ્ધ છે કે ન માન્યા વિના?

શ્રોતા : છે પછી શું માનવું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો કહે છે. પણ છે એ કોને શ્રદ્ધામાં આવે? પ્રતીતમાં ફરે એને આવે. છે તો એ છે. છે તો ક્યાં વયું ગયું છે? એ વસ્તુ એને ક્યાં છે? એને ક્યાં હતી? આહાહા! ત્રિકાળ શુદ્ધ છે એ જેને શ્રદ્ધામાં નથી, જેને પર્યાયમાં એ પ્રતીતમાન થયું નથી એને તો છે જ ક્યાં? એને શુદ્ધ નથી, ભલે શુદ્ધ હો અંદર. આહાહા! જ્ઞાનમાં નથી ને ભાનમાંય નથી, ક્યાંય શુદ્ધ નથી એને. શુદ્ધ તો, એની દૃષ્ટિ કરે એને ત્યાં શુદ્ધ છે એમ જાણવામાં આવ્યું.

છઠ્ઠી ગાથામાં ન આવ્યું? અંદર શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે ભગવાન આત્મા, એ કોને બેસે? કોને માનવામાં આવે? ક્યારે એને શુદ્ધ કહેવાય? કે જે પરનું લક્ષ છોડી, નિમિત્તનું, વિકલ્પ–રાગનું અને પર્યાયનું—પ્રમત્ત-અપ્રમત્ત બધી પર્યાયોનું લક્ષ છોડી ને સ્વદ્રવ્યની સેવા કરે, સ્વ શુદ્ધતા તરફનું વલણ એકાગ્રતા કરે એ જીવને એ શુદ્ધ છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો સમજાવે છે, એમ કે કુબુદ્ધિને પણ શુદ્ધ છે, પણ એને માનવામાં ક્યાં છે? સમજાણું કાંઈ? અહીં તો નિશ્ચયનયના બળે, અંતર્મુખની દૃષ્ટિના જોરે, શુદ્ધતા ત્રિકાળ પડી છે એમ એને દૃષ્ટિમાં આવે. વીતરાગમાર્ગ જગતથી જુદો છે. જગતે રાગ ને પરમાં ધર્મ મનાવી લીધો છે. એ જૈનધર્મ નહીં. જૈનધર્મ એટલે વીતરાગસ્વરૂપ.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની અરિહંત પરમાત્માએ કહ્યું કે તું શુદ્ધ ત્રિકાળ છો. અજ્ઞાનીને પણ શુદ્ધ છે, જ્ઞાનીને પણ શુદ્ધ છે. વસ્તુ તો ત્રિકાળી શુદ્ધ છે, પણ ત્રિકાળ શુદ્ધ છે એ બેસે કોને? આહાહા! એનું અસ્તિપણું ત્રિકાળી.. ત્રિકાળી.. ત્રિકાળી.. એકરૂપ આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદરૂપ, અતીન્દ્રિય આનંદનું સદૃશ એકરૂપ એવું શુદ્ધ અજ્ઞાનીને પણ છે, પણ અજ્ઞાની માને છે ક્યાં? એના ઉપર દૃષ્ટિ ક્યાં છે? અહીં તો જ્ઞાનીની વાત કરે છે. સમજાણું કાંઈ? આહાહા! ધર્મ વિના....

આ હમણા કાઢ્યું હતુંને ૪૭માં ત્રણ શબ્દો—જન્મ, જરા ને મરણ. પાઠમાં, જરા, મરણ ને જન્મ છે, પણ અહીં પદ્ય અપેક્ષાએ શબ્દ આમ લીધો છે—જન્મ, જરા ને મરણ. જન્મનું દુઃખ, જરાનું દુઃખ ને મરણનું, એમ. એ શબ્દાર્થ એમ કર્યો છે. શીતલપ્રસાદે એમ કર્યો છે. જન્મ, જરા, મરણ એમ જ હોયને. જન્મ છે, જરા–અવસ્થા જીર્ણ છે અને મરણ છે. ત્રણ અવસ્થા. ત્રણની પાછળ અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ યુવાનીપણે બિરાજે છે. સમજાણું કાંઈ? એવા આત્માની જે શ્રદ્ધા, જ્ઞાન કરે એ યુવાન થયો સમ્યગ્દર્શનમાં. અને પર્યાય પૂર્ણ કરે એ વૃદ્ધ થઈ ગયો. એવા શુદ્ધને ન માને એ બાળક રહ્યો. સમજાય છે કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ!

કહે છે કે અરે! અમે પહેલેથી જ, સુબુદ્ધિઓને તેમજ કુબુદ્ધિઓને... કહે છે કોણ પણ? જાણનાર કહે છે. જાણવામાં આવ્યું નથી એને માટે આમ 'શુદ્ધ છે' એમ ક્યાંથી આવ્યું? પંડિતજી! આહાહા! જાણવામાં આવ્યું છે આ. ઓહોહો! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ શુદ્ધ ભર્યો છે અંદર. એવી જેને અંતર્મુખની દૃષ્ટિ થઈ, એ કહે કે હું, સમકિતીને કે મિથ્યાદૃષ્ટિને શુદ્ધતા નહોતી એમ ક્યાંથી કહું? શુદ્ધતા ત્રિકાળ પડી છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આહાહા! એ તે કાંઈ વાત છે! જેની પર્યાયમાં એક અંશ (પ્રગટ્યો) છે, એને પર્યાયમાં–અવસ્થામાં... આટલો ત્રિકાળી શુદ્ધ તે કેવો? જેનો એક જ્ઞાનગુણ પવિત્ર પૂર્ણ અનંત બળવાળો, એક શ્રદ્ધા પવિત્ર અનંત બળવાળી, ચારિત્ર પવિત્ર અનંત બળ(વાળું). બધાને અનંતબળ શક્તિવાન લેવું. આહાહા!

એવો સંપૂર્ણ સ્વભાવ એક સમયમાં ત્રિકાળ ધ્રુવ, છે તો ત્રિકાળ શુદ્ધ, પણ જ્યારે એને એક સમયમાં લક્ષમાં આવે ત્યારે, કહે છે કે અરે! આ આત્મા છે. સમકિતીને કે મિથ્યાદષ્ટિને એ પહેલેથી જ શુદ્ધ છે. મેં માન્યું ને પર્યાયમાં પ્રગટ્યું છે માટે (પહેલા) શુદ્ધ નહોતો (એમ નથી). શુદ્ધ છે જ તે. આહાહા! જેને દેવ-ગુરુ-શાસ્ત્રના અવલંબનની પણ જરૂર નથી, આહાહા! રાગની મંદતા–કષાયની મંદતાના ભાવની, (ત્રિકાળીની) દૃષ્ટિ કરનારને એના અવલંબનની પણ જરૂર નથી. આહાહા! જરૂર છે કે ત્રિકાળી દ્રવ્ય તરફમાં ઝુકાવ કરવો. કહો, મુલચંદભાઈ! આવી વાત છે. એય બાબુજી! આહાહા! અરે! ભગવાન ઘરે બિરાજે અને એને ઘરે ન આવે, બહાર રખડે. એમ નથી કહેતા કે શેઠ આવ્યા ત્યારે તમે બહાર નીકળ્યા કેમ? એમ કહે. ખબર નથી પડતી? હવે ઓલો અબજોપતિ તમારે ઘરે આવ્યો છે. તમારો છોકરો એને ત્યાં નોકર છેને આફ્રિકામાં. તમને મળવા આવ્યા છે. હેં! હું તો બહાર નીકળ્યો છું.

એમ ભગવાન પૂર્ણાનંદનો નાથ એક સમયમાં બિરાજે છે અંદર અને તું રખડે છો બહાર. આહાહા! રખડાઉ થઈ ગયો રખડાઉ. શુભ ને અશુભ, પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, પૂજાના પરિણામ, એ તો બધો બહારચલો થઈ ગયો. આહાહા! કહો, ચેતનજી! આહાહા! આ તો સાલમપાક શિયાળાનો છે. ખાય છેને સાલમપાક ને, શું કહેવાય? મૂસળીપાક શિયાળામાં. અરે! તારા શિયાળા, ઉનાળા છે જ ક્યાં? કહે છે. આહાહા! કાળ જ ક્યાં છે ત્યાં? ત્રિકાળ એકરૂપ છે ત્યાં કાળ કેવા? ત્રિકાળ એકરૂપ છે ત્યાં અશુદ્ધતા કેવી? ત્રિકાળ એકરૂપ છે ત્યાં ભ્રમણા કેવી? અરે! ત્રિકાળ એકરૂપ છે ત્યાં કેવળજ્ઞાન કેવું? સમજાણું કાંઈ? ક્યે નયે ભેદ કરે? સત્યનય તો આનો સ્વીકાર કરે છે. ઉપચારનયની વાતું અહીંયા નહીં. એ વાસ્તવિક નય જ નથી, અભૂતાર્થનય છે, એમ કહે છે. વ્યવહારનય અભૂતાર્થ નય છે. આ ભૂતાર્થ છે. આહાહા!

અરે! તારો નાથ અંદર બિરાજે છે પૂર્ણ આનંદથી અને એને જોવાને નજર પણ ન કરવી. અને નજર કરવા જેવું છે ને સામે કોઈ ચીજ છે એની ખબરું પણ નહીં. આહાહા! સાધુ થાય, મરી જાય બિચારા ક્રિયાકાંડ કરીને, તોપણ ચૈતન્યના દ્રવ્યની અંતર્દૃષ્ટિ વિના એને એક જન્મ-મરણ મટતું નથી. આહાહા! સમજાણું કાંઈ? અરે! **તેમનામાં કાંઈ પણ ભેદ હું ક્યા નયથી જાણું?** ભાષા શું કહે છે? ક્યા નયે એટલે? વ્યવહારનય એ વાસ્તવિક નય જ ક્યાં છે? એમ કહે છે. ત્રિકાળી વસ્તુ તે (શુદ્ધ)નય છે. આહાહા! કીધુંને, **भूदत्थो देसिदो दु सुद्धणओ**... ભૂતાર્થ ત્રિકાળ તે જ શુદ્ધનય છે. પણ શુદ્ધનયનો વિષય, અહીં કહે છે કે ત્રિકાળ ભૂતાર્થ પવિત્ર પરમાત્મા પોતે જ શુદ્ધનય છે. આહાહા! એને વ્યવહાર લાવું ક્યાંથી? કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! મુનિએ તો ગજબ કામ કર્યા છેને! અજ્ઞાનીને–વ્યવહારના પક્ષવાળાને તો સાંભળ્યા જાય નહીં, કંપારી છૂટે હાય.. હાય!

વીતરાગની વાણીથી સમકિત ન થાય. એ ધરમચંદભાઈ! એ તો પરદ્રવ્ય છે. સો ઇન્દ્રોના પૂજનીક સાક્ષાત્ તીર્થંકર ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજતા હોય, એના વડે સમકિત ન થાય. અહીં પોતે બિરાજે છે પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ધ્રુવ, એને આશ્રયે, એની નજરું કર્યે, એને અવલંબે સમકિત થાય. જે (મુક્ત) થયું એ થયું પાછું. જરા-મરણથી મુક્ત થઈને મુક્તિને પામે છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? કહો, ચીમનભાઈ! આમાં કાંઈ પૈસા-બૈસાનું રહેતું નથી. આપણે હિંમતભાઈ પાસે નહોતા, આપણે આટલા બધા ભેગા કર્યા. વાતું કરે છેને. કહો, સમજાણું કાંઈ? એય! કોણ ભેગા કરે છે? આહાહા! નવરંગભાઈના (બાપા) મગનભાઈ પાસે ક્યાં આટલા હતા? નવરંગભાઈ પાસે વધી ગયા છે પૈસા. ભેગા કર્યે થાતા હશે?

અરે! હતા ક્યાં? ભગવાન! એ તો જડ છે. પુદ્ગલ, માટીના પિંડલા છે એ. એ તારા ક્યાંથી આવ્યા? આ તારી એક સમયની પર્યાય પણ, કહે છે, મારી કહેવું એ ઠીક લાગતું નથી. આહાહા! ગજબ વાત છેને! એક સમયની ભેદવાળી પર્યાય (તારી) કહેવી એ પણ અમને ઠીક નથી લાગતું, તો પછી આ તારા ક્યાંથી આવ્યા? એય! એ બધાને હોંશું છે વધારે. એમ જાણે અમે .... થઈને ભેગા કર્યા. એય શેઠ! આ લાકડી ફરે તો પૈસા થાય છે, એમ કહે છે. એવી વાતું છે. અહીં ક્યાં પૈસા અમારી પાસે હતા? આહાહા!

મુનિરાજ તો એમ કહે છે કે અરે! અમે ક્યા નયે એને ભેદ પાડીએ? આહાહા! એ અભેદ ચીજ એ જ નયનો વિષય અથવા નયસ્વરૂપ એક જ છે એ. આહાહા! ભૂતાર્થ હોય તો એ એક જ છે. સત્યાર્થ જો હોય તો ભગવાન પૂર્ણાનંદ પોતે સત્યાર્થ સાહેબ છે. સાચું સ્વરૂપ હોય તો તે ત્રિકાળ શુદ્ધ તે સાચું સ્વરૂપ છે. આહાહા! ગજબ કરે છે ને! કેવળજ્ઞાન અને મતિ-અજ્ઞાન એવા ભેદ ક્યા નયે પાડીએ? એ નય ક્યાં સાચી છે? આહાહા! ધરમચંદભાઈ! આવી વાતું છે. આહાહા! પામર થઈને માન્યો. ભાઈ કાલ કહેતા હતાને ચંદ્રકાંત. પ્રભુ તરીકે બિરાજે એને પામર તરીકે માન્યો. કરોડપતિ હોય એને ભિખારી કહેવો, અબજોપતિને ભિખારી કહેવો. આહાહા! એમ ત્રણ લોકનો નાથ, એક સમયમાં અનંતા સિદ્ધની પર્યાયો જેના અંદરમાં પડી છે શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. શુદ્ધ.. એવો ત્રિકાળી શુદ્ધ ભગવાન આત્મા એની દૃષ્ટિ ને એની મહિમા કર્યે ધર્મની પર્યાય પ્રગટ થાય છે. બાકી ક્યાંય ધર્મ-બર્મ છે નહીં. સમજાણું કાંઈ?

વ્રતના પરિણામ, ભક્તિના પરિણામ, જાત્રાના પરિણામ બધા શુભરાગ પુણ્ય પરિણામ છે, એ ધર્મ નહીં. આહાહા! એ છોટાભાઈ! આ બેસે તમારા ઓલા ઘરમાં ત્યાં? ઓલા કહે છે, આ બેય જણા ફરી ગયા છે હિંમતભાઈ ને છોટાભાઈ બેય. બાપુ! આ માર્ગ તો જો ભાઈ! વીતરાગી સમ્યગ્દર્શનનો વિષય જે ત્રિકાળી ધ્રુવ, કહે છે, એમાં શુદ્ધતા પહેલી નહોતી પછી આવી (એમ) ક્યાંથી અમે કહીએ? આહાહા! એ તો ભરેલો ભંડાર ત્રિકાળ છે. **તેમનામાં**

**ખરેખર કાંઈપણ ભેદ**–તફાવત નથી. લ્યો એક કળશમાં આવું ભર્યું છે. આહાહા! બોલી એમ ને એમ બોલી છે અનાદિથી. પર્યાય પર દૃષ્ટિ કર્યે પર્યાય મળે પછી. દૃષ્ટિ કરે તે એને મળે છે. પણ (દૃષ્ટિ) કર્યા વિના?

શ્રોતા : ધ્રુવનું બળ ન લાગે ત્યાં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધ્રુવનું બળ પણ પણ માને ત્યારેને કે માન્યા વિના? માનવામાં તો આવ્યું નથી, પછી કહે ધ્રુવનું બળ આવ્યું. ક્યાંથી આવે? આહાહા! ગાથા ૪૮.

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विशुद्धप्पा ।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया॥४८॥**

આહા! **संसिदी** એટલે સંસાર. નીચે હરિગીત.

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીન્દ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

**ટીકા : વળી આ, કાર્યસમયસારમાં...** કાર્યસમયસાર એટલે સિદ્ધ પરમાત્મા. 'ણમો સિદ્ધાણં' એને કાર્યપરમાત્મા કહે છે. કાર્ય એટલે પર્યાય. જેની પર્યાય પૂર્ણ થઈ ગઈ એને કાર્યપરમાત્મા કહે છે. **અને કારણસમયસારમાં...** ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ જે આ કહેવામાં આવ્યું. ત્રિકાળી શુદ્ધ વસ્તુ ભગવાન એને કારણસમયસાર કહે છે. આહાહા! અને પરમાત્માને સિદ્ધપર્યાય પ્રગટ થઈ એ કાર્ય થયું. કાર્યરૂપ દશા થઈ એ કાર્યસમયસાર કહે છે. સમજાણું કાંઈ? અને પર્યાય જેમાંથી પ્રગટ થઈ એવો જે ત્રિકાળી શુદ્ધભગવાન એને કારણસમયસાર કહે છે. આ **કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં**... સમજ્યા વિના વાંચે તો ગોથા ખાઈ જાય કે કાર્ય શું ને કારણ શું. શું હશે આ તે? સમજ્યા વિના ગોથા ખાય. પહેલું મૂળ સમજી લેવું જોઈએ. આહાહા!

પહેલી એક બાજુ ના પાડી કે કાર્યસમયસાર ને સંસારપર્યાય બે ભેદ અમે કેમ કહીએ? વળી પાછું.... સિદ્ધપરમાત્મા ણમો સિદ્ધાણં... અરિહંતને તો હજી ચાર કર્મ બાકી છે ને ચાર કર્મ ટાળ્યા છે. અરિહંત ભગવાન. સિદ્ધને એકલી પરમપર્યાય–પૂર્ણ કાર્ય છે. જેનું કાર્ય પૂર્ણ થઈ ગયું. કેવળીને પણ કાર્યપરમાત્મા કહેવાય છે. એના અઘાતિની કંઈ ગણતરી નથી. **કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.** આહાહા! કોણ માને? એમ કહે છે. કાર્યપરમાત્મા ને કારણસમયસારસ્વરૂપ બેમાં કાંઈ ફેર નથી. એટલે? કારણસમયસાર પૂર્ણ શુદ્ધ છે, આ પર્યાયે શુદ્ધ છે. બેય શુદ્ધ જ છે. આહાહા! અને શુદ્ધના આશ્રયથી જ શુદ્ધતા પ્રગટ થાય છે. માટે ભગવાન પૂર્ણ શુદ્ધ....

ભગવાન કહેતા લોકો રાડ પાડે. અરર! આત્માને ભગવાન (કહ્યો)? ક્યો ભગવાન? સાંભળને! આ તો આત્મા એ ભગવાન છે, એમ કહે છે. આચાર્યોએ તો 'ભગવાન આત્મા' એમ કહીને બોલાવ્યો છે. પામર આત્મા, રાગી આત્મા એ છે જ કે દિ'? આહાહા! છોકરો તોફાન કરે તોય એની મા કહે, તું તો ડાહ્યો છોને ભાઈ! તું તો ડાહ્યો છોને—એમ નથી કહેતા? એમ કહે કે નહીં? આહાહા! તોફાન બંધ કરાવવું છેને. તું તો ડાહ્યો છોને. તારે આ શોભે? એમ ભગવાન કહે છે, ભાઈ! તું તો ત્રિકાળી શુદ્ધ ને ડહાપણવાળો છોને. તને આ શોભે? અજ્ઞાન ને રાગ-દ્વેષ તને શોભે? આહાહા! સમજાણું કાંઈ? અહીં સિદ્ધની પર્યાય સાથે મેળવીને કહે છે. આહાહા!

**જેવી રીતે લોકાગ્રે...** લોકને અગ્રે સિદ્ધભગવાન બિરાજે છે. મુક્તિશીલા છેને એની ઉપર. આઘે છે હોં, એની ઉપર (એટલે) નજીક નહીં. બહુ દૂર. છેલ્લી શિલા છે એટલે એને મુક્તિશીલા કીધી, પણ મુક્તિશિલા ઉપર નથી સિદ્ધ ભગવાન. ત્યાંથી તો ઘણું દૂર છે, હજારો જોજન. લોકને અગ્રે અનંતા સિદ્ધો બિરાજે છે. 'ણમો સિદ્ધાણં'. લોકને અગ્રે **સિદ્ધ પરમેષ્ઠી ભગવંતો...** જુઓ! એને ભગવાન કહ્યુંને. **भगवंत** છેલ્લો શબ્દ છે. **लोकाग्रे भगवंत..** પાંચમી લીટી. ટીકાની છેલ્લો શબ્દ. **लोकाग्रे भगवंत..** સંસ્કૃત ટીકાનો છેલ્લો-પાંચમો શબ્દ છે. ચૌદ બ્રહ્માંડ લોક ભગવાન કેવળીએ દીઠો. તીર્થંકર પરમાત્માએ ચૌદ બ્રહ્માંડ (જોયો) એને અંતે લોકને અગ્રે સિદ્ધ રહે છે. પોતાના સ્વરૂપમાં રહે છે. લોકને અગ્રે કહેવું એ ક્ષેત્રની અપેક્ષાએ છે. પોતાના આનંદસ્વરૂપમાં, અતીન્દ્રિય આનંદના વેદનમાં અનંતા સિદ્ધો લોકને અગ્રે રહે છે. આહાહા!

સિદ્ધ પરમેષ્ઠી ભગવંતો.. આહાહા! **નિશ્ચયથી પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે 'અશરીરી' છે...** સિદ્ધભગવાન ખરેખર પાંચ શરીર... ઔદારિક, વૈક્રિયિક, તેજસ, કાર્મણ ને આહારક એ પાંચ શરીર છે. એ સિદ્ધને નથી, એમ આ સંસારીજીવને પણ નથી. આહાહા! સંસારની પર્યાયની પાછળ ભગવાન શુદ્ધ બિરાજે છે એને શરીર છે નહીં. આરે, ભારે. શરીરસહિતને શરીરરહિત માનવો. સહિત તો વ્યવહારે નિમિત્તના સંબંધે છે. વિકાર પણ વ્યવહાર છે ત્યાં (શરીરની શું વાત કરવી)? આહાહા! મિથ્યાત્વભાવ એ જ વ્યવહાર છે. એ વસ્તુમાં ક્યાં છે? અહીં તો કહે છે કે પાંચ શરીર રહિત જેમ સિદ્ધભગવાન છે, એમ આ આત્મા સંસારદશામાં હોવા છતાં, શુદ્ધવસ્તુમાં એ પાંચ શરીર નથી. આહાહા!

હવે એને શરીરનો સદુપયોગ કરવો છે. કહો, શેઠ! પૈસા ને શરીર મળ્યા એનો કાંઈ સદુપયોગ કરવો કે નહીં? ધૂળેય સદુપયોગ ન થાય. કોણ કરે જડને? ...... આહાહા! એ તો જડ છે, શરીર જડ, લક્ષ્મી જડ, એ અજીવતત્ત્વ જગતનું તત્ત્વ છે. એ તત્ત્વને તું રાખ, મેળવ, વાપર—એ છે જ ક્યાં? એ જડની ચીજ છે. આ શરીરરહિત, પહેલી ઉપાડી છે વાત. શરીર જ

જ્યાં આત્મામાં નથી, એ શરીરનું શું કરે? આહાહા! ધૂળેય કરે નહીં શરીરનું. શરીર હોય તો ધર્મ થાય. ધૂળેય ન થાય, સાંભળને! આ તો માટી, જડ છે. ધર્મ તો આત્માના ત્રિકાળીદ્રવ્યને આશ્રયે, સમકિત ત્રિકાળીને આશ્રયે, ચારિત્ર, કેવળજ્ઞાન ત્રિકાળીને આશ્રયે (થાય). કહો, સમજાણું કાંઈ? કેટલાકને એવું લાગે કે આવો ધર્મ કાઢ્યો ક્યાંથી? પણ આ શું છે? આ અહીંનો છે? આમાં લખ્યું છેને. આમાં શું છે? આહાહા! છપાયેલું ગમે ત્યાંથી હોય, એનો પ્રશ્ન ક્યાં છે?

આ શાસ્ત્ર તો કુંદકુંદાચાર્ય(કૃત) બે હજાર વર્ષ પહેલાનું છે. આ ટીકા નવસો વર્ષ પહેલાની છે. એ તો અનાદિકાળનું આ છે. એમાં છે શું? અનાદિથી સંતો આ રીતે જ કહેતા આવે છે. અનાદિ તીર્થંકરો, અરિહંતો ને સંતો સાચા એ આ જ રીતે કહેતા આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : અભીકે સંત ક્યોં નહીં કહતે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સંત હોય તો કહેને. આહાહા! અરે બાપુ! સંત... આહાહા! 'માણસ હોના મુશ્કેલ હૈ, સાધ કહાંસે હોય, સાધ હુઆ તો સિદ્ધ હુઆ..' સાધુપણાની દશા શું હોય? હજી અહીં તો સમ્યગ્દર્શનની વાત ચાલે છે. ત્રિકાળી ભગવાનનું અવલંબન લઈ નિર્મળાનંદ સમ્યગ્દર્શન પ્રગટ કરે એ પર્યાયનો આશ્રય તો ત્રિકાળી છે. એ સમ્યગ્દર્શન વિના વ્રત નહીં, ચારિત્ર નહીં, સાધુ નહીં, શ્રાવક નહીં. બધા એકડા વિનાના મીંડા, રણમાં પોક મૂકવા જેવા છે. આ તો વીતરાગમાર્ગ છે. આ આલીદુઆલીનો માર્ગ નથી. સમજાણું કાંઈ? આહાહા!

પૈસાવાળાને જરીક ઓલું થઈ જાય છે કે અમે કાંઈ વધ્યા. શેમાં? મમતામાં વધ્યા. આહા! 'વધવાપણું સંસારનું..' એને ઠેકાણે કહે, અમે વધ્યા છીએ કાંઈક. મારા બાપ પાસે નહોતું, આટલું મેળવ્યું. અમે આમ કર્યું, આમ કર્યું. એની પાસે પૈસા ઓછા હતા, પણ હતા કેટલા સંતોષી. એ શેઠ! આહાહા! અમારા બાપના બાપ હતા. સો વર્ષની.... એમ કહેતા. દસ હજારની મૂડી, પણ સંતોષી. અમારા બાપના મા કહેતા. દસ હજારની મૂડી. તે દિ' બે હજાર રળે બે મહિનામાં. ધંધો, દુકાન નહીં. સૂતરની પેટીયું. ધોલેરા માણસ મોકલે. પચાસ-પચાસ ગાઉ ચાલે માણસ હોં. થાકી જાય બિચારા ચાલીને...... પણ બે મહિના પછી એકસઠમે દિવસે ધંધો નહીં. તમારે તો બાર મહિના મજૂરીયું, સવારથી સાંજ સુધી બારેમાસ. એય!

પૈસાય વધી ગયા છેને. આ કહે છે, સાધન ક્યાં છે....... તમારા બાપા ક્યાં હતા આટલા? એટલામાં સંતોષ રાખતા એ. એય! એમ અમારે ડોશી કહેતા. કુરાશેઠ પાસે આટલી મૂડી. ..... બે મહિના ધંધો કરે. કાંઈ માણસ... દુકાને બેસી શકે નહીં. ધોળા લૂગડાં, રાજકુમાર જેવા શરીર, કાઠી ઓળખતો હોય ત્યાં જાય, બેસે, વાતું કરે. બે મહિના સુધી આવો ધંધો કરે. દુકાનનો ધંધો કે તોલવું એ કાંઈ નહીં. આવડે નહીં. પણ સંતોષ. મહિના મહિના સગાવહાલા આવે અહીં. પોતે મહિનો મહિનો સગાવહાલાને ત્યાં જાય. અહીં ક્યાં, એક દિ' આવે તો

(રીટર્ન) ટિકિટ લઈને આવ્યા હોય પ્લેનની. પછી બતાવે કે લઈને આવ્યા છીએ. મમતા વધી છે આ બધી. હોળી કષાયની જામી છે બધી. આહાહા!

શ્રોતા : સાધનો તો ઘણા વધ્યા છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ જ કહે છેને, સાધન વધ્યે વધ્યું શું? 'વધવાપણું સંસારનું..' આંટા મારવાનું વધ્યું. અહીં જાવું, અહીં જાવું, અહીં જાવું, મુંબઈ જાવું. આઠ કલાકમાં આફ્રિકા. કાંઈક વધારે લાગતું હશે. સાડા પાંચ કલાકે આફ્રિકા. ક્યાં આફ્રિકા ને ક્યાં આ? આહાહા! અરે! જ્યાં જાવું (જોઈએ) ત્યાં ગયો નહીં ને રખડવા ગયો જ્યાં-ત્યાં. આહા! અહીં તો કહે છે કે શરીર વિનાની તારી ચીજ અંદર પ્રભુ છે. તારે ક્યાં લઈ જવું છે, તારે ક્યાં જાવું છે, શું કરવું છે તારે? આહાહા!

**નિશ્ચયથી નર-નારકાદિ પર્યાયોના ત્યાગગ્રહણના અભાવને લીધે...** કહે છે કે અંદર ધ્રુવસ્વરૂપ ભગવાન નિત્યાનંદમાં તો નર–મનુષ્યપણું, નારકી, ઢોર–પશુ આદિ એનું ત્યાગ-ગ્રહણ છે જ નહીં. ગ્રહણ એટલે જન્મ ને ત્યાગ એટલે મરણ—એવું કાંઈ છે નહીં. આહાહા! નિત્યાનંદ પ્રભુ એમાં નર–મનુષ્યપણું... ગતિ.. ગતિ હોં, નારકીપણું... નીચે નરક છેને. દેવપણું, પશુપણું, નિગોદપણું—બટાટાના ને સક્કરકંદના જીવ.—એનું પરનું ત્યાગ-ગ્રહણ છે જ નહીં. આહાહા!

અવિનાશી ભગવાન બિરાજે છે. આ તો સિદ્ધની પહેલી વાત ચાલે છે. સિદ્ધને જેમ નર ને નારકાદિ પર્યાયનો ત્યાગ-ગ્રહણ નથી, એવો આત્મામાં પણ નથી. આહાહા! મનુષ્યગતિ ગ્રહણ કરી ને મનુષ્યગતિ છૂટી ગઈ ને દેવગતિ ગ્રહણ કરી. ધ્રુવ ત્રિકાળ આનંદકંદ પ્રભુ છે એમાં એ છે નહીં. આહાહા! આ તો પહેલી સિદ્ધની વાત ચાલે છે ભાઈ! સિદ્ધને ક્યાં છે ચાર ગતિનું ગ્રહણ, ભવનો ત્યાગ? એમ નિત્યાનંદ પ્રભુ આત્મા કારણસમયસારમાં ચાર ગતિનું ગ્રહણ ને ત્યાગ છે નહીં. આહાહા! ભારે આવી વાતું.

કહે છે, **પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ કારણશુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ એવી સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે એવા સ્વરૂપવાળાને લીધે 'અતીન્દ્રિય' છે...** સિદ્ધ.. સિદ્ધ. **સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવ્યા છે...** ભગવાનનું કેવળજ્ઞાન. એવા સ્વરૂપવાળા હોવાને લીધે.... સિદ્ધભગવાન **એવા સ્વરૂપવાળાને લીધે અતીન્દ્રિય છે.** એમ ભગવાન આત્મા અંદર ધ્રુવ સમ્યગ્દર્શનનો વિષય, એ અતીન્દ્રિય છે. બધી એલ.એલ.બી.ની વાતું (લાગે). એકડા, બગડા, ત્રગડાની કાંઈ ખરી કે નહીં? આ એકડાની જ વાત છે. સમજાણું કાંઈ? સમકિતનો એકડો એનો વિષય ધ્રુવ, એની આ વાત માંડી છે. માન્યો છે....... ઈશ્વર છે ભગવાન..... પણ તું પોતે ઈશ્વર પૂર્ણાનંદ છો. આહાહા! તારે કાંઈ માગવાની, પ્રાર્થનાની જરૂર નથી. અંદર જરૂર છે

પ્રાર્થનાની. અતીન્દ્રિય સિદ્ધ ભગવાન, એવો આ કારણપરમાત્મા અંદર ત્રિકાળી અતીન્દ્રિય છે. આહાહા!

**મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે...** સિદ્ધભગવાન. મળના ઉત્પન્ન કરનારા ક્ષાયોપશમ આદિ. ક્ષાયિક નહીં. ક્ષાયિકભાવ તો છે. **ક્ષાયોપમશાદિક વિભાવસ્વભાવના અભાવને લીધે**... સિદ્ધને ક્ષયોપશમભાવ નથી, ઉદય નથી, ઉપશમ નથી. એ બધા મળજનક છે. એવા વિભાવસ્વભાવના અભાવને લીધે નિર્મળ સિદ્ધ ભગવાન છે, એવો આ આત્મા છે. આહાહા! એને અંદરમાં ક્ષયોપશમ, ઉપશમ આદિ ભાવ નથી. આને પર્યાયમાં ક્ષાયિકભાવ છે, આને દ્રવ્યમાં ક્ષાયિકભાવેય નથી. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ત્રણમાં.... એમ કે .... છેને કર્મમાં, આશ્રય છેને..... .......... એવા ક્ષયોપશમ, ઉદય ને ઉપશમ એ ભાવનો સિદ્ધ ભગવાનમાં અભાવ છે, એવો જ આ કારણપરમાત્મા અંદર ત્રિકાળ છે. ..... ત્રિકાળી શુદ્ધ એવું જ છે. આહાહા!

આ ધર્મકથા કેવી? ઓલું તો કહે, વ્રત પાળો, કર્મદહનની પૂજા માંડો, આમ શાંતિયજ્ઞ કરો. ..... સિદ્ધચક્રની. પોતે નવી..... એ તો એક શુભરાગનો ભાવ હોય એની વાતું છે. એ શુભરાગ સ્વરૂપમાં નથી. સ્વરૂપનો આશ્રય કરતાં તને ધર્મ થાય. બાકી લાખ-કરોડ જાત્રા, પૂજા કરીને મરી જાય તો અંશેય ધર્મ નથી. આકરું લાગે. એય ચેતનજી! બાપુ! ત્રણ લોકનો નાથ તારું સ્વરૂપ વાણીમાં ન આવે, વિકલ્પમાં ન આવે, વિકલ્પથી ન જણાય, ઇન્દ્રિયથી ન જણાય. એવો સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ તું અને તને તારી મહિમા–માહાત્મ્ય ન આવે? આહાહા! શુભભાવ કર્યો ને માહાત્મ્ય આવ્યું કે ઓહોહો! અમે તો બહુ કર્યું. પચાસ લાખ ખર્ચ્યા દાનમાં, મોટું મંદિર બનાવ્યું સોનાનું, કરોડો.... કોણ બનાવે? એ તો જડની દશા છે. તારો અંદર રાગની મંદતાનો ભાવ હોય તો એ પુણ્ય છે. બંધનનું કારણ છે, ધર્મ નથી. આહાહા!

કહે છે કે એ નિર્મળાનંદ ભગવાન છે. સિદ્ધ છે એવો જ આ આત્મા છે. હતો તે પર્યાયમાં આવ્યો છે. પર્યાય એટલે અવસ્થા. એવી તો અનંતી અવસ્થાનો ભરેલો ભગવાન છે. કેમ બેસે? ...... ......આ બેરીસ્ટરનું–વકીલાતનું કાં ડોક્ટરનું. ...... એમ.એ.ના પૂંછડાં.... એમ.એ. શું કહેવાય? એલ.એલ.બી. એલ.એલ.બી... પૂંછડાં છે બધા. ત્રણ લોકનો નાથ અંદર અનંતા કેવળજ્ઞાનની પર્યાયને સંઘરીને પડ્યો છે એની તો કિંમત ન મળે. બહારના ભણતરની કિંમતું, અરે! શાસ્ત્રના ભણતરની કિંમતું. આહાહા! અહીં ભગવાન ત્રિલોકનાથના કહેલા શુદ્ધ વચનો સંતો જગતને જાહેર કરે છે. ભગવાન આમ કહેતા હતા. ત્રિલોકનાથ તીર્થંકરદેવની સભામાં ગણધરો ને ઇન્દ્રોની વચ્ચે એમની દિવ્યધ્વનિમાં આ આવતું હતું. જેની સભામાં સેંકડો સિંહ ને વાઘ ગર્જતા આવે, એને ભગવાન એમ કહેતા હતા.

ભાઈ! તારી ચીજ શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે. તું સિંહ નહીં, સિંહનો વિકલ્પ નહીં, કર્મ નહીં. તારી વર્તમાન ઉઘડેલી પર્યાય એટલોય તું નહીં. એમ ભગવાન સિંહને કહેતા. એ વાણી અહીં આવી છે. સમજાણું કાંઈ? ભગવાન સિદ્ધને મળના ઉત્પન્ન કરનારા ક્ષયોપશમ, ઉપશમ ને ઉદય ત્રણ વિભાવસ્વભાવો (નથી). ચોથાને પણ વિભાવસ્વભાવ કહ્યો છે. અહીંયા અત્યારે ક્ષયોપશમ આદિ કહીને..... **અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે...** છેને **વિસુદ્ધપ્પા..** નિશ્ચય **વિસુદ્ધપ્પા..** સિદ્ધ ભગવાનમાં નથી આઠ કર્મ, નથી એને ભાવકર્મ એટલે પુણ્ય-પાપ, દયા, દાનના વિકલ્પો. એ ભાવકર્મ. દ્રવ્યકર્મ ને ભાવકર્મના અભાવને લીધે **'વિશુદ્ધાત્મા'...** સિદ્ધપરમાત્મા **છે, તેવી જ રીતે...** તેવી જ રીતે **સંસારમાં પણ...** સંસારપર્યાયમાં પણ ભગવાન અંદર એવો ને એવો છે. આહાહા!

**આ સંસારી જીવો કોઈ નયના બળે (કોઈ નયથી)...** કોઈ નયે એટલે સાચી નયના બળે. એ જ નય છે, એમ. આહાહા! **શુદ્ધ છે.** નિગોદથી માંડીને એકેન્દ્રિય જીવો, બે-ઇન્દ્રિય, ત્રિ-ઇન્દ્રિય.. આહાહા! બટાકાના એક અણીમાં અસંખ્ય તો શરીર, એક-એક શરીરમાં અનંતા જીવ. એ બધા ધ્રુવ શુદ્ધ છે. પર્યાયને જોડી દે અંદર, ત્રિકાળી ભગવાન શુદ્ધ છે બધા. સમજાણું કાંઈ? **કોઈ નયના બળે...** કોઈ નયના બળે એટલે? જે જ્ઞાન અંદરને જોવે એ બળે, આત્મા એવો શુદ્ધ છે. એ તો બળની વ્યાખ્યા...... ..... એમ કહ્યું, શુદ્ધનયથી. એનો અર્થ કે અંતર જ્ઞાનની પર્યાયથી અંતર જોતાં ભગવાન આત્મા અત્યારે, સિદ્ધ જેવો આત્મા અત્યારે છે. એવું જ એનું સ્વરૂપ છે.

બધા આત્માઓ ભગવંત છે, મહિમાવંત છે, પૂર્ણ શુદ્ધ છે. જરીક પ્રતિકૂળતા આવે ત્યાં રાડ નાખે, જરીક અનુકૂળતા દેખે ત્યાં રાજી થાય. પ્રતિકૂળતાને દેખે ત્યાં દ્વેષ, એમ અનુકૂળતા દેખે ત્યાં રાજી થાય. એને આ રાગ-દ્વેષ વિનાનું ચૈતન્યતત્ત્વ કેમ બેસે? બદલાવી નાખ દૃષ્ટિને, કહે છે. સમજાણું કાંઈ? હવે એક બાજુ......... ....... પર્યાયદૃષ્ટિને ઉથલાવી નાખ. આહાહા! આવો આત્મા પડ્યો છે ભગવાન. એ પડખું છે એને ફેરવી નાખ, એમ કહે છે. પર્યાય ને રાગનું પડખું જે તને છે... પડખું સમજતે હો? બાજુ–કરવટ. એ કરવટને ફેરવી નાખ. આહાહા! ભગવાન ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એને પડખે જા. પર્યાય ને રાગનું પડખું છોડ. આહાહા! ઘણા કાળથી એ પડખે રહ્યો, હવે તો કરવટ ફેરવ. ભગવાન બિરાજે છે ભાઈ! પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય નિર્મળનાથ તને નજરે ચડશે, આહા! તારી પ્રતીતિમાં એવું જણાશે. એવી દૃષ્ટિ કરવી એનું નામ ધર્મની પહેલી શરૂઆત–સમ્યગ્દર્શન કહેવાય છે. એ સમ્યગ્દર્શન વિના જેટલા બધા વ્રત ને તપ જે કંઈ કરે એ બધા રખડવા ખાતે છે. એમાં જન્મ-મરણનો અંત આવે એવું નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૧૩, બુધવાર, તા. ૩૧-૧-૧૯૭૩
## શ્લોક-૭૨, ગાથા-૪૯, પ્રવચન નં. ૨૧૪

આ નિયમસાર, એની ૪૮ ગાથાનો કળશ છે. ૭૨ છેને ૭૨.

**[હવે ૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्ध कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम् ।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सदृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्॥ ७२॥**

કહે છે, **શ્લોકાર્થ : શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે...** આહાહા! એટલે કે દ્રવ્ય શુદ્ધ છે અને પર્યાય–કાર્યપરમાત્મા શુદ્ધ છે, પર્યાય અશુદ્ધ છે અને કારણપરમાત્મા શુદ્ધ છે—એવા ભેદ માને વિકલ્પથી અને એ વિકલ્પમાં લીન થાય એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના.. નીચે (અર્થ) કર્યો છેને. **વિકલ્પના = વિપરીત કલ્પના.** એકલી અશુદ્ધતા જ છે પર્યાયમાં અને દ્રવ્ય શુદ્ધ નથી અથવા દ્રવ્ય શુદ્ધ છે અને પર્યાય અશુદ્ધ છે—એમ જે ભેદ પાડે છે... કારણપરમાત્મા ને કાર્યપરમાત્મા બેય શુદ્ધ છે. કાર્યપરમાત્મા એટલે શુદ્ધ (પર્યાય), કારણપરમાત્મા એટલે નિશ્ચયનયનો વિષય જે શુદ્ધ દ્રવ્ય એ શુદ્ધ છે. કહે છેને કેટલાક, રાગ થાય જીવમાં તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. એ કહેશે..... રાગ છે, પર્યાયમાં મલિનતા છે અને પર્યાય ને દ્રવ્ય જુદાં નથી, માટે પર્યાય અશુદ્ધ તો દ્રવ્ય પણ અશુદ્ધ તે કાળે થઈ જાય છે, એમ કહે છે. એ ખોટી વાત છે એમ કહે છે. સમજાણું કાંઈ?

પર્યાયની અશુદ્ધતા.... અહીં તો કાર્ય ને કારણ બેયની વાતું કરવી છે. ત્રિકાળી ભગવાન આત્મા જે સમ્યગ્દર્શનનો ધ્યેય, વિષય એમાં અશુદ્ધતા બિલકુલ નથી. પર્યાયમાં રાગની અશુદ્ધતા દેખી દ્રવ્ય અશુદ્ધ છે એમ જે કલ્પના કરે છે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? નીચલી દશામાં મલિનતા પર્યાયમાં હો, એને દેખીને વસ્તુ મલિન છે એમ જે વિકલ્પ કરે છે એ મિથ્યાદૃષ્ટિનો વિકલ્પ છે. ભારે ભાઈ! સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યું એનો દાખલો આપે છે જુઓ! શુભાશુભ પરિણામ થાય છે એની સાથે જીવ તન્મય છે. પણ કઈ અપેક્ષાએ તન્મય છે? એ તો પર્યાયની અપેક્ષાએ તન્મય છે. પ્રવચનસારમાં આવે છેને પહેલી શરૂઆતમાં. આઠમી ગાથા.

શુભરાગ કે અશુભરાગ થાય તે એની પર્યાયમાં છે. પર્યાયમાં એ અશુદ્ધતા તન્મય છે. અશુદ્ધતા દૂર રહી જાય છે અને પર્યાય ભિન્ન શુદ્ધ રહે છે એમ નથી. એટલું બતાવવા ત્યાં

એમ કહ્યું કે શુભ ને અશુભભાવ.. દયા, દાન, વ્રત, ભક્તિ પૂજાનો ભાવ એ શુભરૂપ અશુદ્ધ (અને) હિંસા, જૂઠું ચોરી વિષયનો ભાવ એ અશુભરૂપ અશુદ્ધ, એ એની પર્યાયમાં છે, પણ પર્યાયમાં અશુદ્ધતા છે માટે ત્રિકાળીદ્રવ્ય અશુદ્ધ થઈ ગયું—એમ નથી. આહાહા! એ તો પર્યાય અશુદ્ધ છે. દ્રવ્ય અશુદ્ધ થઈ જાય તો દ્રવ્ય રહે નહીં, તો તો તત્ત્વ જ રહે નહીં. શેઠ! નાતા પડતા હૈ પર્યાયમેં. વસ્તુમેં ક્યા હૈ? વસ્તુ તો નિત્ય સચ્ચિદાનંદ નિર્મલાનંદ હૈ. આહાહા!

કારણદ્રવ્ય જે કારણજીવ કહો, કારણદ્રવ્ય કહો, કારણપરમાત્મા કહો, કારણસમયસાર કહો, ત્રિકાળીની અપેક્ષાએ, એ શુદ્ધ જ છે. લાખ-કરોડ અનંત ભવમાં મલિનતા સેવી એથી કંઈ દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે? એમ કહે છે. સમજાણું કાંઈ? શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના–માન્યતા વિપરીત છે કહે છે. **ખોટી માન્યતા** છે, **અનિશ્ચય** છે. એને નિશ્ચય વસ્તુની ખબર નથી. અથવા અનિશ્ચય છે એમાં એ. **શંકા** એને છે અને **ભેદ** પાડે છે કે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ ગયું. ઝીણી વાત છે એમાં. ગમે તેટલો મિથ્યાત્વભાવ, સાતમી નરકમાં જાય એવા પરિણામ મિથ્યાત્વ સહિત હોય, છતાં દ્રવ્ય જે વસ્તુ છે એ તો શુદ્ધ જ છે. એ પર્યાયમાં અશુદ્ધતા છે. કે દિ' પણ આ વિચાર કર્યો છે? મુલચંદભાઈ!

(શ્રોતાઃ ...) પર્યાયમાં અશુદ્ધતા માનવાની અહીં વાત નથી. દ્રવ્યમાં અશુદ્ધતા નથી એમાં લઈ લીધું. પર્યાયમાં અશુદ્ધતા છે એ અહીં વાત નથી. દ્રવ્યમાં અશુદ્ધતા નથી એ અહીં વાત સિદ્ધ કરવી છે. વિકલ્પ ઉઠાવે છેને કે દ્રવ્ય અશુદ્ધ છે, પર્યાય પણ અશુદ્ધ છે. જ્યારે (પર્યાય) શુદ્ધ થાય ત્યારે દ્રવ્ય શુદ્ધ કહેવાય, જ્યારે તદ્દન શુદ્ધ થાય ત્યારે દ્રવ્ય શુદ્ધ કહેવાય.—એમ નથી. આહાહા!

સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ નિર્લેપ ને શુદ્ધ છે, ત્રિકાળ નિર્લેપ અને પવિત્રતાનો પિંડ છે. અશુદ્ધતાની ગંધ ક્યાં એમાં? આહા! અહીં તો એ દૃષ્ટિ કરાવવા (કહ્યું કે) વિષય આવો છે એનો, એમાં અશુદ્ધતા છે નહીં. એની દૃષ્ટિએ શાસ્ત્રમાં ગોતીને–શોધીને એમાંથી આ કાઢ. સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણવાનું અને ભણીને કાઢવાનું ફળ આ છે કે પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ શુદ્ધ છે ત્યાં દૃષ્ટિ દે. સમજાય છે કાંઈ? ૪૯માં આવશે. છે ખરો વ્યવહાર, અશુદ્ધતા છે ખરી પર્યાયમાં, એ જાણવા જેવી ખરી, પણ વસ્તુમાં અશુદ્ધતા છે (એમ નથી).

આટલો મલિનભાવ, અનાદિ નિગોદમાં મલિનભાવ રહ્યો, પ્રચૂર મલિનતા... આવે છેને ગોમ્મટસારમાં, 'ભાવકલંકપહુરા'. .... પણ એ પ્રચૂર ભાવકલંક પર્યાયમાં છે. ભારે વાત. સમજાણું કાંઈ? 'ભાવકલંકપહુરા' એ કર્મને લઈને નહીં અને પ્રચૂર ભાવકલંક નિગોદના જીવની પર્યાયમાં છે માટે દ્રવ્ય અશુદ્ધ છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ, હિંસા-જૂઠાના ભાવ વગેરે અશુદ્ધતા એ તો પર્યાય–અવસ્થામાં છે અને એ અવસ્થાનો

વ્યય થઈ શુદ્ધ અવસ્થા થાય છે. પણ એ તો અવસ્થામાં અશુદ્ધતાનો વ્યય (થઈ)ને શુદ્ધ થાય છે. વસ્તુમાં એટલી અશુદ્ધતા ગઈ ને શુદ્ધતા થઈ (એમ નથી). સમજાણું કાંઈ? ભારે.

**શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના**–વિપરીત માન્યતા **તે મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે**... સદાય એને દૃષ્ટિમાં તો અશુદ્ધતા જ ભાસે છે. અંતર વસ્તુ શુદ્ધ ચૈતન્યઘન નિર્મળાનંદની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિને હોતી નથી. આહાહા! વીતરાગતત્ત્વ બહુ સૂક્ષ્મ. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું આ છે. સમજાણું કાંઈ? બહુ સાર કળશ લીધો છે. **તે મિથ્યાદૃષ્ટિને હંમેશા**... એને અશુદ્ધપણું જ ભાસ્યું છે, અશુદ્ધતાનું જ વેદન છે, એથી દ્રવ્યમાં વળી શુદ્ધતા રહી ક્યાંથી? આટલી મલિનતા છે એમાં વળી દ્રવ્ય શુદ્ધ ક્યાંથી હોય? એમ અજ્ઞાનીની માન્યતા મિથ્યા–જૂઠી છે. કહો, સમજાય છે કાંઈ? આવો ધર્મ કેવો? એ તો કહે કે વ્રત પાળવા, દયા પાળવી, ભક્તિ કરવી, પૂજા કરવી, અપવાસ કરવા લ્યો. એ ગોવિંદરામજી! એ ધર્મ છે લ્યો. લાંબી પડ ક્યાં કરવી? આહાહા!

ધર્મ નહીં, ભાઈ! એ તો રાગ છે. અને રાગ અશુદ્ધ છે એની અવસ્થામાં–હાલત–પર્યાયમાં. સોનું છે એની પર્યાયમાં ઘડતર ને કારીગરી છે. સોનાનો ત્રિકાળી સ્વભાવ એમાં ઘડતર ને કારીગરી છે? ત્રિકાળીમાં હોય તો, અહીં કારીગરી છે એનો નાશ થઈ જાય તો દ્રવ્ય પણ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? સોનું છેને સોનું, એની પર્યાય એટલે અવસ્થા–હાલતમાં એ કારીગરી છે. આ વીંટી ને શું કહેવાય? કુંડળ ને કડા ને સાંકળીયું. એ બધી અવસ્થાઓ સોનાની પર્યાયમાં છે. એ કારીગરીની મલિનતા કે કોતરણી વસ્તુ–દ્રવ્યમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

એમ અરીસો. અરીસાની ઉપલી પર્યાય જે છે અરીસાની, એમાં આ કાળું, રાતુ, ધોળું ફલાણું જણાય ને ફેરફાર થાય. કાળું જણાય, લીલું જણાય, પીળું જણાય. ...... પોતાની પર્યાય પોતાના કારણે થાય. એથી એના દળમાં એ કાળાપણું ને પીળાપણું આવી ગયું છે એમ નથી. સમજાણું કાંઈ? એમ ચૈતન્ય જે ધ્રુવદળ એની અવસ્થામાં–પર્યાયમાં શુદ્ધ-અશુદ્ધ અવસ્થાઓ હો. શુદ્ધ થાય ત્યારે શુદ્ધ હો, સંસારી હો તો અશુદ્ધ હો, વસ્તુ તો ત્રિકાળ શુદ્ધ છે. જેવું કાર્ય શુદ્ધ છે સિદ્ધ પરમાત્મા, એવું દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે. આહાહા! આ વાત દૃષ્ટિમાં લેવી એ તે કંઈ વાત છે! એમ કહે છે. ઓહોહો! પર્યાયમાં છતી મલિનતા, ભ્રમણા, છતાં ભગવાનમાં ભ્રમણા નહીં એને ખરેખર આત્મા કહીએ, શુદ્ધ ચૈતન્યઘન કહીએ, એને નિશ્ચયનયનો (વિષય કહીએ). શુદ્ધનિશ્ચયનયનો વિષય એમાં અશુદ્ધતાની ગંધ નથી, એમાં સંસાર નથી. સમજાણું કાંઈ? આહાહા!

શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના... સાતમી નરકમાં રહ્યો અનંતવાર. એની વેદના, એવી અસહ્ય વેદના. આ ઠંડીથી તો ત્યાં અનંતગુણી ઠંડી.. અનંતગુણી ઠંડી. એનો ઠંડા પવનનો એક થડકો જો અહીં આવે તો દસ-દસ જોજનના માણસ રાખ થઈ જાય બળીને, કરમાઈને આમ.

આમ હીમ પડે છે ત્યારે રીંગણી હોયને રીંગણી. રીંગણા નહીં? રીંગણા સમજતે હો? રીંગણા–બેંગન. હીમ પડે ત્યારે બેંગન સુકાઈ જાય. અગ્નિ નથી, ઠંડી છે. આખા ઝાડના ઝાડ સુકાઈ જાય. આ રીંગણાને બહુ લાગુ પડે. બેંગનમાં ગરમી બહુને તો બહુ ઠંડી પડે તો...... આખું ઝાડ સુકાઈ જાય. બેંગન.. બેંગન રીંગણાને કહે છે.

એવી સાતમી નરકનું, ઓહોહો! વેદન. અરે! નિગોદની જીવની પર્યાયમાં વેદન, અનંતગણું વેદન છે. કેમકે જેની જ્ઞાનપર્યાયમાં અક્ષરનો અનંતમો ભાગ જ વિકાસ છે. એને જ્ઞાનની ઘણી હીનતા.. હીનતા.. હીનતા છે એટલું જ એને દુઃખ છે. પણ એ દુઃખ પર્યાયમાં છે. ત્રિકાળમાં દુઃખ ને અદુઃખ કંઈ છે નહીં. ત્રિકાળ તો એ કાળે પણ આનંદનો કંદ છે. સમજાણું કાંઈ? આહાહા! આ કહેશે હવે. આગમનો અતુલ અર્થ શોધીને આ પ્રમાણે જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. એમ કહેશે. આગમમાંથી આ સાર કાઢવો. આગમમાં તો ઘણું લખ્યું હોય વ્યવહારનું. સમજાણું કાંઈ?

**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં...** બેય સામે સામે લીધું છે. 'હંમેશા' અર્થ લીધો છે, **प्रत्यहं**નો. ઠીક. કાયમ. સમ્યગ્દૃષ્ટિને કાયમ **(એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.** સમ્યગ્દૃષ્ટિ તો એમ માને છે કે પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં મારી ચીજ તો શુદ્ધ ત્રિકાળ અખંડાનંદ છે. જેણે એ ભગવાનને દૃષ્ટિમાં લીધો, ત્રિકાળી દ્રવ્યને દૃષ્ટિમાં લીધું એનું નામ સમ્યગ્દૃષ્ટિ. આહાહા! સમજાણું કાંઈ? અશુદ્ધતા ઉપર ધર્મીની દૃષ્ટિ નથી, એમ કહે છે. હોવા છતાં, (દૃષ્ટિ) ઉથલાવી નાખીને આમ દ્રવ્ય ત્રિકાળ છે, શુદ્ધ ત્રિકાળ છે... કારણપરમાત્મા શુદ્ધ ત્રિકાળ છે, વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં... અને સિદ્ધની પર્યાયમાં અશુદ્ધતા બિલકુલ નથી, એ તો પૂર્ણ શુદ્ધ છે. એ (ત્રિકાળી દ્રવ્ય) ને આ (સિદ્ધ) બેય પૂર્ણ શુદ્ધ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ પર્યાય થાય ત્યારે આત્મા દ્રવ્યે શુદ્ધ છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો થોડી-થોડી ભાષા... ગુજરાતી હતીને થોડી થોડી. 'છે' નું 'હૈ' એમ સમજી લેવું. કાલ તો હિન્દી તો ચાલ્યું હતુંને બપોરે. એ આવ્યા છેને. આહાહા! આવો ભગવાન આત્મા છે એની એને ખબર નથી. હો મલિનતા, મુનિઓને હોય છે વિકલ્પ, આર્તધ્યાન હોતા હૈ. સમકિતીકો રૌદ્રધ્યાન હોતા હૈ પર્યાયમેં, પણ રૌદ્રધ્યાનકાળે પણ વસ્તુ તો શુદ્ધ છે ત્રિકાળ. આહાહા! સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ, ભગવાન ત્રિલોકનાથના માર્ગમાં એની દૃષ્ટિ, રૌદ્રધ્યાનની પર્યાયના કાળમાં પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર છે. એને તો એ ત્રિકાળ શુદ્ધ જ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા!

આ તો એના ઘરની વાત છે. સાંભળી નહીં, સાંભળી નહીં. આહાહા! અમેરિકાનો છેને ઓલો મોટો કસાઈ. અમેરિકાનો કસાઈ.. દોઢ માઈલમાં કસાઈખાનું–કતલખાનું છે. દોઢ

માઈલ. કતલખાના હૈ, અમેરિકામેં કતલખાના. દોઢ માઈલ.. માઈલમેં હૈ. દોઢ માઈલમાં. લાખો પ્રાણી કતલ. માંસ બહુ ખાયને એ લોકો..... પણ આત્મા એના ભાવમાં ભલે કસાઈખાનાનો ભાવ હો, વસ્તુમાં નથી. વસ્તુ તો એ વખતે પણ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ છે એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

...... એ પર્યાયમાં છે, એની અવસ્થામાં એ કાર્યભાવ છે. દોઢ માઈલમાં પાપ કેટલું હશે કસાઈખાનાનું? પણ એને ક્યાં શ્રદ્ધા હતી? એ તો બરાબર સગવડતા કરો, માંસ બનાવો, લોકોને આપો, જેમ બને તેમ લોકોને સગવડતા થાય ખોરાકની. અનાજ નથી મળતું. સારું કર્યું છે એમ માને. એવા પાપની, અપવિત્રતાની મહા–મોટી પર્યાયમાં, આહાહા! પણ ધર્મી તો, એને અંતર દ્રવ્યમાં શુદ્ધ છે અને પોતાને જોતાં પરને પણ એમ જોવે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ ભગવાનનો હશે? લોકોને ખબર ન મળે. વાડામાં પડ્યા, સ્થાનકવાસીમાં છકાયની દયા પાળો, દયા પાળો, દયા પાળો ત્યાં એ હોય. દેરાવાસીમાં પૂજા કરો, જાત્રા કરો, ભક્તિ કરો. દિગંબરમાં આવું ખાવું, ન ખાવું, લૂગડાં છોડો. એય! આહાહા!

અહીં તો કહે છે કે ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા અરિહંત તીર્થંકર (કહે છે), ભગવાન! તારી ચીજ તો ત્રણે કાળે આનંદકંદ પવિત્રતાનો ધામ છે, ભલે પર્યાયમાં એકલી અપવિત્રતા આવી હોય. શેઠ! આહાહા! એ ક્યારે કબૂલાત થાય? કે પર્યાય ઉપરની દૃષ્ટિ ખસી જાય અને દ્રવ્ય વસ્તુ ત્રિકાળ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે, અતીન્દ્રિય આનંદનો કંદ છે એવી દૃષ્ટિ થતાં સમકિતીને ત્રિકાળ શુદ્ધ જ ભાસે છે. આહાહા! મિથ્યાદૃષ્ટિને અશુદ્ધ ભાસે છે એમ કહ્યુંને. એ તો પર્યાયમાં શુદ્ધ થાય ત્યારે વાત. શુદ્ધપર્યાય થાય ત્યારે વાત. અત્યારે અશુદ્ધ છે. એમ શુદ્ધ ને અશુદ્ધની કલ્પના મિથ્યાદૃષ્ટિને હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને ધ્રુવ નિત્યાનંદનો ભાવ, એક સમયની પર્યાય વિનાનો આખો ભાગ અને પર્યાયની શુદ્ધતાવાળું દ્રવ્ય—બેય શુદ્ધ છે. શુદ્ધપર્યાય સિદ્ધને થઈ તેથી તેનું દ્રવ્ય શુદ્ધ છે એમ નહીં અને અહીં અશુદ્ધપર્યાય છે માટે દ્રવ્ય અશુદ્ધ છે એમ નહીં. આહાહા! ધીરો થઈને જો, તારો ભંડાર ધીરજથી ભરેલો છે. શાંતિથી જો તો તારું સ્વરૂપ એકલું શાંતિથી ભરેલું છે. એ શાંતિમાં ઉણપ, વિપરીતતા, ખોડખાંપણ, ગમે એટલી પર્યાયમાં અશાંતિ વેદાતી હો, વસ્તુમાં કદી અશાંતિની ગંધ નથી. આહાહા! સમજાણું કાંઈ?

**આ રીતે પરમાગમના...** શું કહે છે હવે? ભગવાનના આગમો–ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરના કહેલા પરમાગમોના **અતુલ અર્થને...** એમાંથી ઉપમા નહીં એવા પરમાર્થને કાઢનારો **સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...** આહાહા! અતુલ પદાર્થ, જેને ઉપમા નથી એવું પરમાગમમાંથી કાઢેલું... ભગવાને તો દ્રવ્યને પરમાનંદ શુદ્ધ કહ્યું છે, આ આગમમાં એ કહ્યું છે અને આગમમાં એની દૃષ્ટિ કરવાનું કહ્યું છે. વ્યવહારની દૃષ્ટિ રાખવાનું ને કરવાનું ભગવાને

કહ્યું નથી, એમ કહે છે. ભગવાનના અભિપ્રાયમાં તો એ હતું, પણ ભગવાનની વાણીમાં પણ એ આવ્યું. એ વાણી ગણધરોએ રચી.

એ આગમમાં અતુલ–જેની તુલના નથી એવો ચૈતન્યમૂર્તિ ધ્રુવ આનંદકંદ પ્રભુ, એને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે **જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે...** આહાહા! પરમાગમમાં આ કહ્યું છે સત્ય, શુદ્ધવચન, નિશ્ચયવચન. આહાહા! આવ્યું હતુંને, શુદ્ધવચન ભુવનવિદિત છે, એ તો જગતમાં પ્રસિદ્ધ છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ થતાં આવ્યાં છે, એ કાંઈ નવી ચીજ નથી. અનાદિથી અનંત તીર્થંકરો (થયા), એ અનંત તીર્થંકરોના મુખથી નીકળેલી જિનની વાણી–જિનવાણી, એ જિનવાણીમાં સારાસાર વિચાર કરનારો જીવ... વિચારવાળી સુંદર બુદ્ધિવાળો, સુંદર બુદ્ધિ વડે.... આહાહા! જે પરમાગમમાંથી પણ આ કાઢે છે અને જે આત્મા દ્રવ્ય ત્રિકાળી છે ત્યાં દૃષ્ટિ મૂકે છે, એ **સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે**... પરમાગમમાં અતુલ અર્થવાળો પદાર્થ કહ્યો એ સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે, એમ કહે છે. આહાહા!

ટીકા તે પણ ટીકા, કળશ બનાવ્યા છેને! આહાહા! દેરાસર માથે હીરાના કળશ, અબજોના હીરાના કળશ ચમકતા હોય. આ કળશો, ગાથા ઉપર ચમકતા કળશ છે. આહાહા! અરે! સાંભળવા ક્યાં મળે? સમજાણું કાંઈ? એવી વીતરાગની વાણી... ત્રિલોકનાથ તીર્થંકર અરિહંતોનું તેજ, એની વાણીના તેજ. આહાહા! એ વાણીમાં–આગમમાં તો એ કહ્યું છે કે ત્રિકાળી શુદ્ધ છે એ સમકિતદૃષ્ટિએ શોધી લીધું છે. સમજાણું કાંઈ? આહાહા! **પરમાગમના અતુલ અર્થને**... પરમાગમનો અતુલ અર્થ તો પરમાત્મા પોતે દ્રવ્ય છે, એને તો એ બતાવવું છે. સમજાણું કાંઈ? આહાહા! **સારાસારના વિચારવાળી**... સાર શું ને અસાર શું? આહાહા! સાર તો ત્રિકાળી ભગવાન. પર્યાય આદિ બધા અસાર છે. આ તે કાંઈ વાત છે!

જેના હૃદયમાં–જ્ઞાનમાં પરમાગમમાંથી... પરમાગમને આ કહેવું છે, સંતોને એ કહેવું છે, ભગવાનને એ કહેવું છે. આહાહા! જેને સો-સો ઇન્દ્રો પૂજે, ગણધરો પણ જેના દાસાનુદાસ છે, ઇન્દ્રો જગતના–લોકના સ્વામી એ પણ જ્યાં દાસાનુદાસ જેના પગમાં..... એવા જે ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જે આગમ, એને પરમાગમ કીધા. કારણ કે ઓલા શ્વેતામ્બર પણ આગમ કહે છેને. આ તો પરમાગમ છે ભગવાન! સમજાણું કાંઈ? આહાહા! **અતુલ અર્થ**... જે પદાર્થ આત્મા નિશ્ચય શુદ્ધ ધ્રુવ એને ઉપમા શું? આહાહા! તુલના કોની સાથે કરવી એની? નિર્મળ પર્યાય સિદ્ધની થઈ તો પણ, કહે છે કે એના જેવો ભલે શુદ્ધ હો, પણ એ પર્યાયની તુલના દ્રવ્ય સાથે કેમ થાય? આહાહા! સમજાણું કાંઈ?

એવા **અતુલ અર્થને સારાસારના વિચારવાળી**... સાર શું ને અસાર શું? આગમમાં શું કહ્યું છે એમાં જેને સારાસારનો વિચાર પ્રગટ્યો છે એવી **સુંદર બુદ્ધિ**... આહાહા! જેની પવિત્ર બુદ્ધિ છે એ વડે આગમમાંથી કાઢીને આત્માને જાણે છે. ભગવાનને આમ કહેવું છે. એમ

આગમમાંથી જાણીને સ્વયંને જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! આહાહા! આ તો બાર અંગનો સાર કહે છે. આહાહા! ...સૂત્રમાં એવું આવે છે, ........ અર્થ કાંઈ સમજે નહીંને. આ તો બીજા શાસ્ત્રમાં ગોટા એટલે પછી સાચો અર્થ નીકળે નહીં. નહીંતર તો શાસ્ત્રમાં 'આ આત્મા છે એ વિજ્ઞાન છે' એમ આવે છે એમાં. એવું કહેતા એમાંથી....... સમજાણું? આચારમગના પહેલા સૂત્રમાંય આવે છે, ....... ........ એ આત્મા તે વિજ્ઞાન ને વિજ્ઞાન તે આત્મા. એમ જાણે તે આત્મા કહેવામાં આવે છે. થોડું આવડતું હતું. આ તો ક્યાં....? આહા! સમજાણું કાંઈ?

અહો! ભગવાનની પરમ આગમની વાણી એ દિગંબર સંપ્રદાયમાં સચવાયેલી છે. સમજાણું કાંઈ? પણ મધ્યસ્થતાથી જોવે તો એને કામ આવે. પક્ષના અર્થમાં જો દેખે તો એને એમ લાગે કે આ સાચું ને આ ખોટું. આહાહા! જેમાં સાર કાઢીને આત્મા બતાવ્યો છે એકલો. વ્યવહારનયનો વિષય તો કાંઈ ગણતરીમાં નથી એમ કહે છે. આહાહા! ગણતરીમાં હોય તો આ ગણવા જેવો છે, એમ કહે છે. આહાહા! ત્રિકાળ.. ત્રિકાળ ધ્રુવ શુદ્ધ પરમાત્મા... એવા સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે. અર્થમાં છે. આગમને લઈને પણ નહીં. આગમને લઈને નહીં. અંતરમાં આ પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનું સુખધામ... 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ..' એમાં ઘણું કહ્યું છે. 'બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.' વિચાર તો પામ. કંઈ ક્રિયા કર તો પામ એમ નથી. સમજાણું કાંઈ? આહાહા!

**સુંદર બુદ્ધિ વડે**... સુંદર બુદ્ધિ વડે, એમ પાછું હોં. પરમાગમમાંથી નિર્મળ બુદ્ધિ વડે... પરમાગમમાં જે સાર કહેવો છે એવો જે અતુલ અર્થ (અર્થાત્) જેને ઉપમા નહીં એવો ભગવાન નિત્યાનંદ ધ્રુવ અંતરની દૃષ્ટિએ સ્વયં જાણે છે. મુનિરાજ આનંદથી કહે છે કે **તેને અમે વંદન કરીએ છીએ**. આહાહા! મુનિને યોગ્ય હોં. મુનિને વંદન કરે છે. આહાહા! મુનિને યોગ્યને વંદન કરે છે (અને) બીજાને સ્તવે છે. વાત તેં અલૌકિક પ્રગટ કરી છે ભાઈ! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! એક કળશ પણ ગજબ કરે છે! અમૃતથી ભરેલો કળશ છે. તૃષા લાગી હોય, એમાં મોસંબીના પાણી ને એમાં આઈસ્ક્રીમ નાખ્યો હોય. મોસંબી.. મોસંબી, આઈસ્ક્રીમ. ગટ.. ગટ.. પીવે. એમ કહે છે કે આનંદનો રસ, આહા! એવો ભરેલો ભગવાન છેને એને જાણ એટલે અનુભવ. એમ જાણ એટલે એકલો (ક્ષયોપશમ) એમ નહીં. આહાહા!

એ સ્વયં જાણી અને આનંદને અનુભવે, એ શાસ્ત્રમાં કહ્યું હતું એ એણે કાઢ્યું. ગુરુએ કહ્યું હતું એ એણે કર્યું. આહાહા! સમજાણું કાંઈ? આવી વાતું સાંભળવા ન મળે. આ કરો, આ કરો. રાગનું કરવું તો મરવું છે. શાંતિનું ખૂન થાય છે. આહાહા! કર્તાબુદ્ધિ છે. હવે શું થાય? અકર્તાપણું છે. કર્તાબુદ્ધિ વસ્તુમાં ક્યાં છે? કાલ આવ્યું હતુંને તમારે. કરું, રાગને રચું એ વસ્તુમાં ક્યાં છે? દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ભાવને રચું એ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ એને

રચે? આહાહા! નબળાઈ એને રચે, એ નબળાઈ તો હેય છે. આહાહા! મુનિરાજે પણ ગજબ કર્યા છે! આહાહા! આ દિગંબર મુનિ છે. જંગલમાં સિદ્ધ સાથે વાતું કરે છે. વનવાસમાં રહેલા. મુનિ તો વનવાસમાં હોય, એ ગામમાં ન હોય. હરણીયા ગામમાં આવતા હશે? અરે! જેને માણસનો પગરવ હોય ત્યાં ઠીક પડે નહીં. આહાહા! આનંદ.. આનંદ.. આનંદ.. આનંદમાં જેને રહેવું છે.

શ્રીમદે ન કહ્યું? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, એકાકી વિચરતો વળી સ્મશાનમાં. આહાહા! વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો..' વાઘ આવ્યો ને સિંહ આવ્યો. શરીર અમારું નથી, અમારે જોઈતું નથી. જો તું લઈ લે તો મારો મિત્ર છો. આહાહા! ધન્ય રે ધન્ય દશા! જુઓ! આ ચારિત્રની દશા. સ્વના અનુભવ ઉપરાંત ચારિત્રની આટલી દશા હોય છે મુનિને. આહાહા! 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.' સિંહ કેસરીયો. કેસરીયા સિંહ, વાઘ..... વાઘ ક્રૂર હોય છે. ખાધું હોય તોય ખાય માળો. સિંહ ખાધું હોય પછી ન ખાય. ત્રાડ નાખે. હરણિયા ફાટાફાટ કરીને ભાગે. રોઝ ભાગે, નીલ(ગાય) ભાગે. રોઝ થાકેલા હોયને. નીલ ભાગે એની રાડથી.

મનમાં ક્ષોભ નથી, આનંદમાં પડ્યા છે. આહાહા! જે દૃષ્ટિમાં અનુભવ્યો હતો આત્માને, એની સ્થિરતા એણે પ્રગટ કરી છે. આનું નામ મુનિપણા છે ભાઈ! આહાહા! અહીં તો મુનિપણા એટલે ... કરી નાખ્યું સાધારણ. જેણે અવતાર સફળ કર્યા, જેણે ભવના અભાવ ભવમાં કર્યા, મનુષ્યભવમાં ભવના અભાવ કર્યા. આહા! કહે છે કે **એને વંદન કરીએ છીએ,** મુનિ હોય તો. સમ્યગ્દૃષ્ટિ હોય તો એનો સ્તુતિ–આદર કરીએ છીએ. અહો! ધન્ય ભાગ્ય. વખાણ કરીએ છીએ, અનુમોદીએ. આહાહા! એ એક કળશ થયો. એક કળશમાં પોણો કલાક થયો. ગયા તમારા? મહેમાન તરીકે આવે બે દિ'-ત્રણ દિ', જાય પાછા. સોળ દિ' રોકાણા ચીમનભાઈ? હમણા આવ્યા હતા, હમણા ગયા એવું લાગે. ગાથા ૪૯. ૪૮ થઈ ગઈ.

**एदे सव्वे भावा ववहारणयं पडुच्च भणिदा हु ।**
**सव्वे सिद्धसहावा सुद्धणया संसिदी जीवा ॥ ४९ ॥**
**આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;**
**સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.**

**पडुच्च** છેને. વ્યવહારનય **पडुच्च.**

એની **ટીકા : આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું** એટલે જ્ઞાન કરવાનું **પ્રકાશન (-કથન) છે.** ઉપાદેયની વ્યાખ્યા ટીકામાં જ છે. **વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે,** એટલું. ટીકામાં છેને ભાઈ! એટલું જ છે...... **વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે**. વિદ્યમાન છે

એને અહીં ઉપાદેય કહ્યું છે. છે એટલું. વ્યવહારનયનો વિષય છે. નથી એમ નહીં. છે એને અહીં ઉપાદેય એટલે જાણવાલાયક કહ્યું છે. સમજાણું કાંઈ? પહેલો શબ્દ એમ લીધો. **નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન છે**. બેયને ઉપાદેય (કહ્યા), પણ એનો અર્થ એ કર્યો કે નિશ્ચયનયનો જે વિષય છે એ તો આદરણીય છે. વ્યવહારનયનો વિષય છે. વસ્તુ નથી એમ નથી. છે, (પણ) જાણવાયોગ્ય છે.

વ્યવહાર નિશ્ચયનું..... **जइ जिणमयं पव्वजह**.. (સમયસાર, ગાથા ૧૨). વ્યવહાર નથી એમ નહીં. છે, વિદ્યમાન છે. જુઓ! ટીકા કરે છેને એનો અર્થ જ એ કર્યો છે. સમજાણું કાંઈ? જ્યાં વ્યવહારનું ઉપાદેયપણું આવે ત્યાં રાજી થઈ જાય. હા, આવ્યું અમારું આમાં. ભાઈ! ઉપાદેયની વ્યાખ્યા, એ વિદ્યમાન છે એને અહીં 'ઉપાદેય' તરીકે કહ્યું છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! આ વીતરાગમાર્ગ સિવાય........ સર્વજ્ઞ ત્રિલોકનાથ... આહાહા! ટંકશાળ છે, શાસ્ત્રમાં ટંકશાળ ભરી છે એમાંથી આવા તત્ત્વો ભરાય છે. વીતરાગ પરમાત્મા સર્વજ્ઞદેવ અરિહંતદેવ એની વાણીમાં આ આવ્યું છે. એની વાણી મૂકી દઈને કલ્પનાની વાણી રચી એમાં આ ન આવે. આહાહા!

**આ નિશ્ચયનય**... ત્રિકાળી દ્રવ્યસ્વભાવ શુદ્ધ નિશ્ચય **અને વ્યવહારનય**... વર્તમાન અશુદ્ધાદિ પર્યાયના ભેદ કે નિર્મળાદિ ભેદો આદિ વ્યવહારનયનો વિષય છે. એને ઉપાદેય એટલે જાણવાલાયક છે એવું આ કથન છે. આ હેય તરીકે જાણવાલાયક અને ઓલું ઉપાદેય તરીકે જાણવાલાયક, એમ લેવું. નિશ્ચયનયનો વિષય અંતર ઉપાદેય આદરણીય તરીકે જાણવાલાયક છે, વ્યવહારનો વિષય હેય તરીકે જાણવાલાયક છે. સમજાણું કાંઈ?

**પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી'** એમ કહ્યું હતું, એ દ્રવ્યમાં નથી. **એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.** ક્ષાયિકભાવ છે, પર્યાયમાં ક્ષયોપશમ છે, ઉપશમ છે, ઉદય છે. ઉદય ન હોય તો સંસાર કોનો? પર્યાયમાં છે. આહાહા! દ્રવ્યમાં તો ક્ષાયિકભાવેય નથી. એની પર્યાયમાં આ ચાર ભાવ છે—ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક. છે, વિદ્યમાન છે. વેદાંતની જેમ પર્યાય નથી ને એકલું દ્રવ્ય જ છે—એમ નથી. વીતરાગના માર્ગમાં 'દ્રવ્યમાં નથી' એમ કહીને વસ્તુમાં–પર્યાયમાં પણ એ ભાવ નથી—એમ નથી. સમજાણું કાંઈ? વેદાંત તો (કહે), એક છે, એક છે, ..... બે નહીં. બે નહીં પણ કઈ રીતે? આહાહા! એ તો ધ્રુવ સ્વરૂપે એક છે. પર્યાય બીજી છે કે નહીં જોડે? કારણ કે નિર્ણય, મોક્ષ ને મોક્ષનો માર્ગ બધું પર્યાયમાં છે. બંધમાર્ગ, મોક્ષમાર્ગ ને મોક્ષ એ તો બધી પર્યાયોમાં છે. ધ્રુવમાં ક્યાં છે ચૈતન્યમાં? સમજાણું કાંઈ?

**એ વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.** એટલી વાત કરી. છે એને જાણવું જોઈએ. હવે નીચે ઉપાદેયનો અર્થ કર્યો છે. આપણે તો જરી 'વિદ્યમાન છે' એમ ટીકામાંથી નીકળે છે એટલું

લઈને હવે ઉપાદેયને લઈએ. પાછું ઘરનું નથી લખ્યું નીચે, એમ. નીચે. **પ્રમાણભૂત જ્ઞાનમાં...** એટલે? ત્રિકાળી દ્રવ્ય ને વર્તમાન પર્યાય બેના જ્ઞાનમાં... નિશ્ચયનયનું જ્ઞાન તો ત્રિકાળીને સ્વીકારે છે. વ્યવહારનયનું જ્ઞાન વર્તમાન પર્યાયને સ્વીકારે. પ્રમાણ બેયને જાણે. ત્રિકાળી દ્રવ્ય પણ જાણે, વર્તમાન પર્યાયની શુદ્ધતા-અશુદ્ધતાનો ભેદ એને પણ જાણે. સમજાણું કાંઈ? અરે! આવી ભાષા. જૂની રૂઢીના માણસ હોય એને એવું લાગે કે આ શું માંડી? આ તે કંઈ જૈનધર્મ હશે આવો? જૈનધર્મમાં તો દયા પાળવી નિગોદની, એકેન્દ્રિયની, બે-ઇન્દ્રિયની, કોઈ જીવને ન મારવો.. અહિંસા પરમો સમયં..........

અમારા હીરાજી મહારાજ કહેતા બિચારા. જુઓ ભાઈ! ભગવાને એમ કહ્યું છે કે.... વૈરાગી હતા. વસ્તુની–તત્ત્વની ખબર ન મળે. .......... એ રતિભાઈ! જોયા હતા તમે? વઢવાણમાં આવ્યા હતા ૭૨માં. એના પહેલા પણ આવ્યા હતા. છેલ્લા ૭૨માં. કાળ કરી ગયા ૭૩ ત્યાં ..... વઢવાણકેંપ બાળ્યા ત્યાં. એ એમ કહેતા, ......... નિશ્ચય જ્ઞાનીનો સાર, ...... કોઈને હણવા નહીં. એકલું પરને હોં. અહિંસા સમયં ચૈવ.. એ અહિંસા આખા સમય નામ સિદ્ધાંતનો સાર છે. ....... એ જાણ્યું એણે બધું જાણ્યું, આમ કહેતા. વળી પરજીવને ન મારવો, એટલું. એ છે જ નહીં તો એમાં શું કરે બિચારા? મહેનત તો બહુ કરતા, શાસ્ત્ર બહુ વાંચતા. આખો દિ' વાંચે. પોટલીમાં ........ છીંકણી સમજે? તમાકુ. હાથમાં તમાકુ હોય જરી. સ્વાધ્યાય કરે. એક વખત જ ખાય. સવાર-સાંજ કાંઈ ચીજ નહીં. લોકોમાં પણ 'હીરા એટલે હીર' કહેવાતા. આ તત્ત્વ કાને પડ્યું નહોતું. આહાહા!

કહે છે કે વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે. **પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું...** જોયું! દ્રવ્ય ને પર્યાય બેના જ્ઞાનમાં, દ્રવ્યનું જ્ઞાન **તેમ જ તેના પર્યાયોનું બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.** છેને નીચે. પ્રમાણભૂત એટલે બેનું એકસાથે જ્ઞાન કરનાર. એવા જ્ઞાનને પ્રમાણ કહેવામાં આવે છે. બે કોણ? ત્રિકાળી દ્રવ્ય ને વર્તમાન પર્યાય. બેનું એક સાથે જ્ઞાન કરનાર એને પ્રમાણ કહે છે. નિશ્ચયનય ત્રિકાળીનું જ્ઞાન કરે તે નિશ્ચય, વર્તમાનનું જ્ઞાન કરે તે વ્યવહાર—એ નય. બેનું એક સાથે જ્ઞાન કરે તે પ્રમાણ. એ શેઠ! કોઈ દિ' સાંભળ્યું ન હોય શેઠે. સાંભળ્યું હોય તો ક્યાં દરકાર કરી હતી? રૂપિયામાં કેટલી દરકાર હતી ત્યાં? સાઈકલમાં ફરવા જાય ગામડામાં, આ ને તે... ....... એ જેમાં રસ હોય એમાં બધું આવે એમ કહે છે. આ તો જરી વાંચવામાં......

પ્રમાણભૂત જ્ઞાનમાં... એટલે શું? કે જે જ્ઞાનમાં દ્રવ્ય ને વર્તમાન પર્યાય બે જણાય એને પ્રમાણજ્ઞાન કહેવાય જે જ્ઞાનમાં ત્રિકાળી અંશ જણાય ને વર્તમાન અંશ જણાય એને નય કહેવાય. સમજાણું કાંઈ? **પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું...** શુદ્ધ ચૈતન્યઘન આનંદ પ્રભુ સચ્ચિદાનંદ આનંદનો ધામ ભગવાન આત્મા **તેમ જ તેના પર્યાયોનું....** વર્તમાનદશાનું અને

વર્તમાન દશામાં રાગાદિ હોય, મલિનતા હોય, સમ્યગ્દર્શન હોય, કોઈ જ્ઞાનાદિ હોય, બધું હોં, મલિન ને નિર્મળ પર્યાય બધું. **પર્યાયોનું બંનેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ**. શું કીધું એ? પ્રમાણભૂત જ્ઞાનમાં એટલે દ્રવ્ય ને પર્યાયના બેના એક સાથે જ્ઞાનમાં... શુદ્ધાત્મદ્રવ્ય ત્રિકાળી ભગવાન આત્મા એનું જ્ઞાન જોઈએ તેમ તેની નિર્મળ ને મલિન જે પર્યાયો છે એનું પણ એને જ્ઞાન હોવું જોઈએ. મિશ્ર—થોડી કંઈક શુદ્ધ હોય ને કંઈક થોડી અશુદ્ધ હોય. એકલી અશુદ્ધ હોય એનું, સિદ્ધને એકલી શુદ્ધ હોય એનું. સમજાણું કાંઈ? એનું જ્ઞાન–સમ્યગ્જ્ઞાન હોવું જોઈએ.

**'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે'**... વિભાવ પર્યાયો બધી હોં ઉપશમ આદિ ચારેય પર્યાય. પર્યાયમાં વિભાવભાવ ચાર પર્યાયો છે. સમજાણું કાંઈ? **એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય** એટલે જ્ઞાનપર્યાયમાં જેને સ્વીકાર ન હોય **તેને શુદ્ધાત્માનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહીં**. પર્યાય એટલે અવસ્થા. શુદ્ધ-અશુદ્ધ દશાઓ એનું જેને જ્ઞાન નથી એને ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન પણ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? **માટે વ્યવહારનયના વિષયોનું પણ**... વર્તમાન અવસ્થા, ભલે વિકાર કે શુદ્ધતા, ઉપશમ કે ક્ષાયિક વિગેરે એ વિષયોનું પણ **જ્ઞાન તો ગ્રહણ કરવાયોગ્ય છે**... એટલે એનું જાણવું જાણવા માટે બરાબર છે. જાણવાનો અર્થ જ અહીં ગ્રહણ છે. ત્યાં મૂક્યું છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં.

વ્યવહારનયને ગ્રહણ કરવાની કીધી છેને. એ પ્રશ્ન આવે છે. મોક્ષમાર્ગ પ્રકાશક. ૨૫૬-૫૭ (પાનું) ગુજરાતીમાં. ગ્રહણ કરવું એટલે છે એમ જાણવું. એનું નામ ગ્રહણ કરવું. ગ્રહણ કરવું એટલે આદરવો વ્યવહારનયનો વિષય—એમ નથી. આહાહા! અરે! આવી માથાકૂટ તે કોણ કરે? એ કરતા ચાલોને ભાઈ, અપવાસ કરી નાખો બે-પાંચ-દસ. દસલક્ષણ.. દસલક્ષણ પર્વ ચોવિહારો, જાઓ. પાણી ન લેવું, અપવાસ. ધૂળમાંય નથી તારા અપવાસ, સાંભળને! એમાં રાગની મંદતા થાય અને એમાં તું ધર્મ માન. અમારે અપવાસમાં નિર્જરા થઈ છે, તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એ નવરંગભાઈ! ભારે કામ આકરું.

પણ આ તો સોનગઢના પાદરમાં કોઈ .... નહીં. ...... બીજા સંઘમાં હોય તો તો..... પણ આ વીતરાગ કહે છે પછી શું કરવું છે તારે? આહાહા! બાપુ! આ તો વીતરાગનો સમુદાય સિદ્ધ... આહાહા! વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા, એના જ્ઞાનની સાથે એની પર્યાયમાં જેટલી શુદ્ધતા-અશુદ્ધતા પ્રગટી હોય તો એનું જ્ઞાન (હોય). સમ્યગ્દૃષ્ટિની વાત છેને અહીંયા. એટલે એને શુદ્ધતા પણ કંઈક પ્રગટી છે અને અશુદ્ધતા પણ છે. એ બેયનું એને જ્ઞાન તો બરાબર કરવું જોઈએ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પોષ વદ-૧૪, ગુરુવાર, તા. ૧-૨-૧૯૭૩**
**શ્લોક-૭૨, ગાથા-૪૯, પ્રવચન નં. ૨૧૫**

આ નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. ૭૨મો કળશ ફરીને. મૂળચંદભાઈએ માંગ્યું છે. ફરીને લઈએ. કળશ ઝીણો છે. કાલે ચાલ્યું એવું કાંઈ ચાલે નહીં. એ તો પહેલું હોય ત્યારે તો હજી... એ ૭૨મો કળશ છે.

**શ્લોકાર્થ : શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશાં હોય છે...** એટલે શું? કે પર્યાયમાં, સંસાર અવસ્થામાં અશુદ્ધતા છે એથી ત્રિકાળી દ્રવ્ય અશુદ્ધ છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાણું કાંઈ? એક સમયની..., કહેશે આગળ. વિદ્યમાન છે, વ્યવહારનો વિષય વિદ્યમાન છે. પાઠમાં એમ કહ્યું છે ને. **ववहारणयं पडुच्च भणिदा** એટલું જ કહ્યું છે. કહે છે, એ અશુદ્ધતાને કારણે ત્રિકાળી દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું એમ નથી. અત્યારે એ ચાલે છે. આહા! કે અશુદ્ધતા છે પર્યાયમાં તો દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું, તો દ્રવ્ય શુદ્ધ ક્યાં રહ્યું? રતનચંદજી મુખત્યાર છેને એ બધા એવો અર્થ કરે છે. આઠમી ગાથા છેને પ્રવચનસાર? શુભ, અશુભ ને શુદ્ધ વખતે તે એવો તન્મય થઈ જાય છે. પણ એ તો પર્યાયમાં કે દ્રવ્ય-ગુણમાં? આ આખા વાંધા. આહાહા!

શ્રોતા : પાણી ગરમ હોય ને હાથ નાખો જોઈ....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ઊની છે, પણ હાથ નાખો તો બધી પર્યાય ઊની છે. બધે પર્યાય છે ઊની. અંદર દ્રવ્ય-ગુણ ઊનું છે એમાં? દ્રવ્ય-ગુણ તો અંદર શક્તિરૂપ છે. પાણીનો દાખલો આપ્યો, સમજાણું? કે પાણી છે ઊનું... વાત એવી છે કે એને ઉપર ઉપર ઊનું લાગે છે, પણ એની પર્યાય તો આખા દળથી, પાણી અંદર બધેથી ઊનું છે. ઊંડે એટલે આમ ક્ષેત્રમાં ઊંડું ગયું માટે દ્રવ્ય-ગુણ આવ્યું—એમ ક્યાં છે? ક્યા સમજમેં આયા? ક્ષેત્ર એટલે? પાની હૈ ન પાની–જલ. ઊના હુઆ ઊના–ગરમ. (કોઈ કહે), વહ ઉપર ઉપર હી ગરમ હૈ, અંદર મધ્યમેં ગરમ નહીં. ગરમ હી હૈ અંદર. પર્યાય હૈ ન, અંદર પૂરેમેં પર્યાય હૈ. આહાહા! કહ્યું હતું ઘણીવાર.

આ આત્મામાં અશુદ્ધતા જે છે એ અસંખ્ય પ્રદેશે છે. આ અસંખ્ય પ્રદેશ મધ્યમાં–પેટમાં છે ત્યાં પણ અશુદ્ધતા છે. ઉપર અશુદ્ધતા છે ને અંદર એકલા પ્રદેશો શુદ્ધ જ છે એને ઊંડા કહેવાય—એમ નથી. પર્યાય એક સમયની અસંખ્ય પ્રદેશે ઉપર છે, એનો અર્થ એવો નથી કે અંદરમાં મધ્યમાં છે ત્યાં અશુદ્ધતા નથી. એ મધ્ય અંદરમાં ગર્યું એ ગુણ ને દ્રવ્ય છે એમ નથી. આહાહા! કહો, ચેતનજી! આખા અસંખ્ય આત્મપ્રદેશ છે, એ દરેક પ્રદેશમાં મધ્યમાં, આંગળીમાં, અંદરમાં–એના હૃદયમાં—આખામાં જ્યાં-જ્યાં પ્રદેશે ત્યાં એની ઉપર પર્યાય અશુદ્ધ તે આખા પ્રદેશે છે. (કોઈ) એમ કહે, (પર્યાય) ઉપર ઉપર છે અને અંદરમાં ઊંડે હાથ નાખે ત્યાં

ગુણ છે. ગુણ ક્યાં ત્યાં હતો? પાણીનું દળ ઊનું–ઉષ્ણ થયું એ ઉપર ઉપર ઉષ્ણ છે. એમ કે મધ્યમાં હાથ નાખો જોઈ? પણ મધ્યમાંય પર્યાય છે. મધ્યમાં ક્યાં અંદર...? એ પર્યાયની પાછળ ગુણ છે. આહાહા! ક્યા કહા? સબ પ્રદેશમેં હૈ. આહાહા!

ઊનું એટલે માણસને એમ (થાય) કે આ ઉપર છેને એ ઉષ્ણ અને મધ્યમાં પાણીનું દળ છે તે ઉષ્ણ નહીં. પણ અંદર દળમાંય પર્યાય છે કે નહીં? આહાહા! ભારે ઝીણું ભાઈ! આ વાત તો ઘણીવાર કરી છે અસંખ્યપ્રદેશની. એ અસંખ્ય પ્રદેશ છે એની ઉપર ઉપર વ્યંજનપર્યાય છે? વ્યંજન(પર્યાય) એટલે આકૃતિની પર્યાય અસંખ્યપ્રદેશમાં બાહ્ય જ એટલી છે? અસંખ્ય પ્રદેશ બધે મધ્યમાં પણ અંદર વ્યંજનપર્યાય છે. આહાહા! ઝીણી વાતું, તત્ત્વની વાત બહુ ઝીણી. વસ્તુ જ એવી છેને. આહાહા! ઊના પાણીનો દાખલો ઠીક કહ્યો ચેતનજીએ. હવે એ લોકો એમ કહે છે. વાત સાચી છે. પણ એનો અર્થ શું?

પાણીનું દળ છે, એ ઊની પર્યાય મધ્યમાં ને બહાર બધે ઊની પર્યાય છે. મધ્યનો અર્થ, ત્યાં મધ્યમાં દ્રવ્ય-ગુણ છે—એમ છે? બધે ઠેકાણે પર્યાય છે અને બધે ઠેકાણે પર્યાયની પાછળ દ્રવ્ય-ગુણ છે. (શ્રોતાઃ ..) પણ હૈ ન. આહાહા! સમજાય છે કાંઈ? આ આત્મા અસંખ્ય પ્રદેશી છે એનો વ્યંજનપર્યાય... આકાશનો લ્યો. આકાશ છે તો આમ વ્યંજનપર્યાય, આમ એકલો બહાર છે ત્યાં વ્યંજનપર્યાય છે—એમ છે? અહીં આકાશના પ્રદેશમાં વ્યંજનપર્યાય છે.

શ્રોતા : જ્યાં દ્રવ્ય ને ગુણ હોય ત્યાં બધે છે

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધે છે. ...... આ તો બધું ધ્યાનમાં રાખીને સમજવા જેવું છે. આ મોટો ગોટો ઉઠ્યો છે દ્રવ્ય-ગુણ-પર્યાયનો.

પર્યાય એક સમયની સ્થિતિ છે, પણ અસંખ્યપ્રદેશ ઉપર બધે છે. વ્યંજન ને અશુદ્ધતા સંસારમાં બધે છે. બધે છે એટલે એના દ્રવ્ય-ગુણ પણ અશુદ્ધ થઈ ગયા—એમ નથી. આહાહા! પણ દ્રવ્ય-ગુણ અશુદ્ધ એટલે શું પણ? અશુદ્ધ તો કૃત્રિમ અવસ્થા છે. અશુદ્ધ એટલે આખું દ્રવ્ય અશુદ્ધ (થાય) તો શુદ્ધતા આવશે ક્યાંથી? અશુદ્ધ આખું દ્રવ્ય થયું એટલે અશુદ્ધતાનો નાશ કરી શુદ્ધતા આવી ક્યાંથી? લ્યો કાલથી વળી ઝીણું આવ્યું. સમજમેં આયા? (શ્રોતાઃ નયી બાત આયી). નયી નહીં હૈ. આહાહા! વાત એ છે કે શુદ્ધતા ને અશુદ્ધતા બેય વિકલ્પ નામ વિપરીત માન્યતા છે કે પર્યાય અશુદ્ધ માટે દ્રવ્ય-ગુણ અશુદ્ધ એ વિપરીત માન્યતા છે.

કાલ કહ્યું હતુંને, સાતમી નરકનો નારકી મહાપાપ... અરે! નિગોદનો જીવ, જેની પ્રગટ જ્ઞાનની પર્યાય અક્ષરને અનંતમે ભાગે છે. એ પર્યાય અસંખ્ય પ્રદેશે છે. પણ એ પર્યાયની પાછળ અંદર ઊંડું એટલે એ પર્યાયની પાછળ, દ્રવ્ય ને ગુણ પરિપૂર્ણ શુદ્ધ પડ્યા છે નિગોદના જીવને પણ. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભારે ઝીણો. પર્યાય શું? પર્યાયની સ્થિતિ એક સમયની છે, પણ છે અસંખ્ય પ્રદેશે. (આકાશની પર્યાય) આકાશના અનંત પ્રદેશે.

સમજાણું? અને દ્રવ્ય-ગુણ ત્રિકાળી એ પણ આત્માના અસંખ્ય પ્રદેશે, આકાશના અનંત પ્રદેશે. એટલે કહે છે..... કભી અભ્યાસ કિયા નહીં, દરકાર કી નહીં. પર્યાયમેં હોતા હૈ. હોતા તો હૈ, પણ પર્યાયકે પીછે સારા દ્રવ્ય ધ્રુવ કુટસ્થ પડા હૈ. સમજમેં આયા?

**શુદ્ધ-અશુદ્ધની વિકલ્પના** (એટલે) વિપરીત માન્યતા–ખોટી માન્યતા–અનિશ્ચય–અચોક્કસ. કોણ જાણે કેમ હશે? પર્યાય એકલી અશુદ્ધ, વળી એમાં (દ્રવ્ય) શુદ્ધ રહ્યું ક્યાં? પર્યાયમાં અશુદ્ધતા એમાં (દ્રવ્ય) શુદ્ધ રહ્યું ક્યાં? અરે! રહ્યું ક્યાં, એ ત્રિકાળ શુદ્ધ જ છે. એક સમયની પર્યાયની પાછળ દ્રવ્ય-ગુણ ત્રિકાળ શુદ્ધ છે. આહાહા! હા, એ તો ઓલાને પૂછ્યું હતું. એ કહે, અત્યારે નહીં. એ કહ્યું હતું. ખબર છેને. સાગરસૂરિને પૂછ્યું હતું, શું છે આ? એક **ૐ**નું પૂછ્યું હતું ને એક આનું પૂછ્યું હતું. બહારની વાતુંમાં ડહાપણ. વસ્તુ તત્ત્વ શું છે? એ કહે છે, શુદ્ધ-અશુદ્ધની જે કલ્પના એટલે કે પર્યાય અશુદ્ધ માટે દ્રવ્ય-ગુણ અશુદ્ધ એ કલ્પના મિથ્યાદૃષ્ટિની છે. એટલે કે જ્યારે શુદ્ધપર્યાય સિદ્ધની થાય ત્યારે જ દ્રવ્ય-ગુણને શુદ્ધ કહેવાય—એ વાત તદ્દન મિથ્યાદૃષ્ટિએ માનેલી છે. આખું ચીજ દળ પડ્યું છે અંદર સત્ત્વ આખું. આહાહા! એ જ કહે છે અહીં.

પરમાગમના અતુલ અર્થ વિચારીને, અંતર દળ જે ધ્રુવ છે તેનો અર્થ કાઢજે. નિશ્ચયનયનો વિષય છે એ પરમાગમમાંથી કાઢજે. આહાહા! સમજાણું કાંઈ? અને એને જાણજે, એને અનુભવજે, એમ બાર અંગમાં કહેવામાં આવ્યું છે. આહાહા! ભારે વાત! સમજાણું કાંઈ? **શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના તે મિથ્યાદૃષ્ટિને હંમેશા**... હંમેશા એને ખટક્યા જ કરે છે. આમ એકલો મેલો દેખાય એમાં નિર્મળતા ક્યાંથી અંદરમાં? ક્યાં છે નિર્મળ? કારણ કે પર્યાયને ભાળે છે અને દ્રવ્ય તો અપ્રગટ છે પર્યાયની અપેક્ષાએ. આમ પ્રગટ છે સત્ત્વ. સમજાણું કાંઈ? આ વીતરાગમાર્ગ સર્વજ્ઞનો પંથ... 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી..' એ આવે છેને, શ્રીમદ્‌માં આવે છે. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' પ્રભાવ આણી.. 'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના ન કોઈ બાહ્ય સ્હાશે.'

અહીં કહે છે કે **સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા**–ત્રિકાળ... મોક્ષમાર્ગ નહોતો પ્રગટ્યો ત્યારે પણ માને છે કે દ્રવ્ય તો શુદ્ધ જ હતું. પ્રગટ્યો એમાં જાણ્યું કે આ શુદ્ધ છે. અને ત્રિકાળ સિદ્ધની અવસ્થામાં પણ એ શુદ્ધ તે શુદ્ધ જ છે. નિર્મળતા થઈ માટે શુદ્ધમાં કંઈ ઉણપ આવી, સિદ્ધની પૂર્ણ પર્યાય પ્રગટી માટે ત્યાં સદૃશતામાં કાંઈ ઉણપ આવી—એમ નથી. અને નિગોદને અક્ષરના અનંતમા ભાગે પર્યાય રહી તો ત્યાં આગળ દ્રવ્ય પુષ્ટ છે, કારણ કે ઓછી પર્યાય થઈ તો દ્રવ્ય પુષ્ટ છે—એમ નથી. સમજાણું કાંઈ? એ દ્રવ્ય તો એવું ને એવું, ગુણ ને દ્રવ્ય તો એવું ને એવું ટંકોત્કીર્ણ નિર્મળાનંદ પ્રભુ છે. આહાહા!

પરમાણુમાં પણ ગમે એટલી પર્યાયમાં કાળપ, અનંતગુણી કાળી પર્યાય પ્રગટે, પણ ધ્રુવ વસ્તુ તો શુદ્ધ ને શુદ્ધ છે. અંદરમાં ભગવાન છે એ શુદ્ધ છે એમ કહે છે. ડ્રાઈવરજી! ભાઈ વાત કરતા હતાને સવારમાં કે ડ્રાઈવર કહે છે. મહારાજ કહે છે, અંદર કાંઈક છે. અંદર છે ભગવાન. શુદ્ધ આનંદકંદ પોતે પ્રભુ આત્મા છે, પણ એને બાહ્યદૃષ્ટિ ને બાહ્ય લક્ષમાં એ દેખાતું નથી. આહાહા!

**સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ** એટલે ત્રિકાળી વસ્તુ **અને કાર્યતત્ત્વ** એટલે સિદ્ધપર્યાય પૂર્ણ શુદ્ધ, એમ. **બન્ને શુદ્ધ છે.** આહાહા! **આ રીતે પરમાગમના અતુલ અર્થને...** મુનિરાજ કહે છે કે ઓહો! વીતરાગની વાણી દિવ્યધ્વનિ એનાથી જે આગમ–પરમાગમ રચાણા... (આગમ એટલે) એકલા શબ્દ નથી. આહાહા! પરમાગમ નામ છેને. આ પરમાગમમંદિર થાય છે. આગમમંદિર નહીં, પરમાગમ મંદિર. અનાદિ તીર્થંકરની ધ્વનિ એમાં જે કહ્યું એ પરમાગમમાં રચાયું. એમાંથી અતુલ અર્થ... એવો અર્થ કાઢજે કે અતુલ–જેની ઉપમા નહીં એવો નિશ્ચયનયનો વિષય ગોતજે. બધા શાસ્ત્રમાં ક્યાં-ક્યાં નિશ્ચયનયનો વિષય ધ્રુવ પૂર્ણ શુદ્ધ શું કહ્યું છે એને ગોતજે. આહાહા! વ્યવહારની વાતું સાંભળીને ત્યાં અટકીશ નહીં. સમજાણું કાંઈ?

**एयत्तणिच्छयगदो**.. આવે છેને. **समओ सव्वत्थ सुंदरो लोगे**.. એકેન્દ્રિયથી માંડીને સર્વત્ર **एयत्तणिच्छय** એકલું દ્રવ્ય જ શોભે છે. આહાહા! સમજાણું કાંઈ? પણ દ્રવ્ય શું ને ગુણ શું? આ દ્રવ્ય એટલે પૈસા હશે? મનહર! એ છોટાભાઈ! એ દ્રવ્ય એટલે શું? નથી આવતું આપણે દ્રવ્યદૃષ્ટિ? 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ.' અહીં હતું પહેલું દ્રવ્યદૃષ્ટિ. એક ઓલો હતો થાનવાળો માણેકચંદભાઈ. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ? આ પૈસાવાળા બહુ આવે છે એ સમ્યગ્દૃષ્ટિ, એમ. જૈનમાં જન્મ્યા એને ખબર ન મળે. આહાહા! આત્મા ત્રિકાળી ચૈતન્યપિંડ, એક સમયની પર્યાયની પાછળ, જેમાંથી પર્યાય ઉઠે તે ત્રિકાળી દ્રવ્ય–ગુણનો પિંડ પ્રભુ. પરમાગમમાં નિશ્ચયનો વિષય જે કહ્યો હોય એને કાઢજે, શોધજે, એમ કહે છે. વ્યવહારનો વિષય છે એટલું જાણવાને માટે છે. સમજાણું કાંઈ? આહાહા!

તકરાર.. તકરાર.. વાંધા. તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે, વાંધા કાઢે. જુઓ! શુભ ને અશુભભાવ છે તો આખું દ્રવ્ય શુદ્ધ ને અશુદ્ધ થઈ ગયું. અરે! આ તો કાંઈ વાત? પ્રવચનસારની આઠમી ગાથા છેને અને એ પછી નવમી. આહાહા! એ તો પર્યાયમાં એની શુદ્ધતા-અશુદ્ધતા (થાય). એની પર્યાયમાં અશુદ્ધતા દૂર રહી ગઈ છે અને પર્યાય અશુદ્ધ નથી થઈ—એમ નહીં. પર્યાય અશુદ્ધ થઈ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ કષાયભાવ છે, એ શુભ છે, એ વખતે પર્યાય શુભમાં જ તન્મય છે. દ્રવ્ય-ગુણ નહીં. આહાહા! અને અશુભ પરિણામ વખતે, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના એ પર્યાયમાં તન્મય

પર્યાય છે ત્યાં. દ્રવ્ય-ગુણ નહીં. અને શુદ્ધપર્યાય જ્યારે થઈ સિદ્ધની, એ પણ એની પર્યાયમાં શુદ્ધપર્યાય તન્મય છે, દ્રવ્ય-ગુણમાં નહીં. આહાહા!

બહારની વાત આડે તત્ત્વની આખી વાત... ભગવાન મોટો ત્રણ લોકનો નાથ, એક પર્યાયની પાછળ અંતર, પાછળનો અર્થ અહીંયા ઊંડે ઊંડે એટલે આમ (ક્ષેત્રની અપોક્ષાએ) ઊંડે એમ નહીં. પર્યાયની પાછળ ઊંડે, એમ. ઊંડે એટલે આમ ઉપરથી ને અંદર આ અસંખ્ય પ્રદેશની અંદરઆ પ્રદેશ—એમ નહીં, આખા અસંખ્યપ્રદેશની અંદરમાં જે પર્યાય છે એની અંદરમાં ઊંડે, એમ. આવે છે, ઊડું આવી ગયું છે આમાં. સમજાણું કાંઈ? આવો માર્ગ લોકોને સમજાણો નહીં ને .... ચાલી નીકળ્યા લઈને. આહાહા! પવિત્રમાર્ગનો પ્રવાહ દિગંબર સંતોએ તો અનાદિથી પ્રવહાવ્યો છે, પણ લોકોએ બીજી લાઈન કલ્પીને આખા ઊંધે રસ્તે ચડી ગયા છે. જે કરવાનું છે એ શું, જવાનું છે એ શું, જેમાં જવાનું છે એ શું—એની ખબર ન મળે. આહાહા!

એ કહે છે, પરમાગમના અર્થમાંથી અતુલ અર્થ કાઢી (એટલે) પરમશુદ્ધ નિશ્ચયનો પદાર્થ કાઢી... આહાહા! પોપટભાઈ! આહાહા! .... વાત છે. ભલે અશુદ્ધતા હો, સમકિતી ધર્મીને અશુદ્ધતા હો. પંચમહાવ્રતના પરિણામ નથી? મુનિને પંચમહાવ્રતના પરિણામ એ અશુદ્ધતા છે, કષાયનો કણ છે. આહાહા! શાંતિ આગળ, શાંતિને જોતાં એ કષાયનો કણ તે અગ્નિ છે. આહાહા! જેણે શાંતિ ભાળી નથી એને એ કષાયનો કણ અગ્નિ લાગતો નથી. સમજાણું કાંઈ? આહાહા! ભારે ભાઈ! પરમાગમના અતુલ અર્થને (અર્થાત્) ઉપમા નહીં એવી ચીજને કાઢજે એમાંથી. એવો અર્થ કાઢીને... અર્થ એ આત્મા. આવે છેને છેલ્લે, નહીં? અર્થમાં ઠરશે. ૪૧૫ (ગાથા, સમયસાર). એ અર્થ–પદાર્થ, ત્રિકાળી પદાર્થ. શાસ્ત્રમાં જ્યાં કહ્યું હોય ત્યાં આ કાઢજે. પર્યાયની વાત કરી હોય તો એને જાણવાયોગ્ય ... રાખજે. આદરવાયોગ્ય આ કાઢજે. આહાહા! સમજાણું કાંઈ?

આમાં તો વાદવિવાદે પાર પડે એવું કાંઈ નથી. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' આમાં વાદવિવાદે ક્યાં પાર પડે કે આમાં આમ લખ્યું છે, આમાં આ. લખ્યા બધા. પોપટભાઈ! એમાં લેખ લખ્યો છે ભગવાન ત્રિલોકનાથનો. એ લેખને કાઢજે ને જોજે. આહાહા! જેની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય, અનંતા કેવળીઓ જણાય, એ પર્યાયની પાછળ જે વસ્તુ છે એને કાઢજે. આહાહા! સમજાણું કાંઈ? વાત એવી ઝીણી. આહાહા! છ ખંડનો (ધણી) ચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રીના વિષયમાં ઊભો દેખાય, પણ એની પર્યાયમાં એ નથી જોતો. એ તો જાણવાલાયક છે વિદ્યમાન, એટલું. ઓલી અંદર ચીજ છે, તેની દૃષ્ટિ હંમેશા–નિરંતર ત્યાં વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

ઓલામાં નથી આવતો પ્રદેશત્વગુણ? પ્રદેશત્વગુણને લઈને આકૃતિ વ્યંજનપર્યાય છે. આત્મામાં, આકાશમાં, બધામાં. એનો શું અર્થ? પ્રદેશત્વગુણ આખા દ્રવ્યમાં છે. આખા દ્રવ્યમાં

(એક)-એક પ્રદેશમાં વ્યંજનપર્યાય આખા પ્રદેશ ઉપર છે આહાહા! આકરી વાતું. એ આકાશને, કહે છે, આકાશને વળી આકાર શો? એને પણ પ્રદેશત્વગુણને કારણે આકાર છે. આહાહા! એકેક પ્રદેશ ઉપર આકાશ છે. આ તો એકમાં હોય તે અનંતમાં ને અનંતમાં હોય તે એકમાં. ઝીણી વાત છે ભગવાન! આહાહા! જેની આગળ વિષયની વાસના ઝેર દેખાય, આહાહા! જેની આગળ શુભભાવ પણ ઘોર સંસારનું મૂળ દેખાય છે. આહાહા!

એય! આવી ગયું છેને આમાં શુભભાવ. એય! ભગવાનની ભક્તિ... ગજબ વાત છે! એ કરવી શું કરવા? ભઈ, આવ્યા વિના રહે નહીં, સાંભળને હવે! એ ઘોર સંસાર અઘ છે. પુણ્ય ને પાપના બેય ભાવને અઘ કીધા છે. યોગસારમાં તો પુણ્યને પાપ કહ્યું છે, આ પુણ્ય-પાપના અધિકારમાં વ્યવહારરત્નત્રયને પાપ કહ્યું છે. વ્યવહાર રત્નત્રય.. આહાહા! દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું વિકલ્પવાળું જ્ઞાન—એ બધું પાપ છે. રાગમાં ક્યાં .... છે? .... દરકાર કરી નહીં. બીડીયુંમાં કેમ દરકાર કરી? આથડતા હતા ત્યારે તો કહે, અમે ખાશું બેસી-બેસીને. એ દલાલી કરે છે. બહાર આવો એમ કહે છે. એ શેઠ! મલ્હારગઢ. અમારું મકાન દેખવા આવો, લાખનું કર્યું છે એ. ........ ..... આહાહા!

ભગવાન આત્મા... કહે છે.... ભારે વાત ગજબ કરી છે! મુનિરાજે તો એકલું માખણ કાઢ્યું છે. પહેલા દહીં વલોવીને પણ માખણ કાઢજે. છાશ કાઢવી છે? છાશ સમજતે હો? મઠ્ઠા. એમ બાર અંગ ને પરમાગમમાંથી માખણ કાઢજે. પુણ્ય-પાપના ભાવને ન કાઢીશ એમાંથી. એ છે એટલું જ્ઞાન રાખજે. આહાહા! સમજાણું કાંઈ? આ ટીકા પસંદ ન પડે હોં વ્યવહારના પક્ષવાળાને. રતનચંદજીને ટીકા પસંદ પડતી નથી. આમાં વ્યવહારને ઘોર સંસાર કીધો છે, ભગવાનનની ભક્તિનો ભાવ ઘોર સંસાર. એ પોપટભાઈ! તમારે શું કહેવાય? પુસ્તકો, ચૈત્યાલય. શેઠ! ઓલો કહે, એ ભાવ ઘોર સંસારનું કારણ? અરર! ગજબ વાત. એ પુણ્ય છે, નિશ્ચયથી સ્વરૂપથી પતીત થાય છે પુણ્યમાં માટે પાપ છે. એય! એ પુણ્ય-પાપના અધિકારમાં આવી ગયું છેલ્લું.

(જયસેન) આચાર્યે કહ્યું ત્યાં પાપના અધિકારમાં. આ તમે ક્યાં નાખ્યું વ્યવહાર રત્નત્રયને? અધિકાર તો વ્યવહાર રત્નત્રયનો ચાલે છે, એમાં તમે પાપનો અધિકાર કેમ કહ્યું? સાંભળને! શાંતિભાઈ! શાંતિનો સાગર છે એ તો. શાંતિના સાગર આગળ રાગનો કણિયો દેખાય, એને દેખાય કે આ અગ્નિ છે, ઉષ્ણતા છે. એ શાંતિનું તો એને ભાન જ નથી. એ કોની સાથે રાગને મેળવે? સમજાણું કાંઈ? આહાહા! પ્રભુ તો ત્રણે કાળે શાંતસ્વરૂપ છે એવો અર્થ કાઢજે. પર્યાયમાં ગમે તેટલી અશાંતિ થાય, ત્યાં હો, છતાં વસ્તુમાં તો એકલો શાંત.. શાંત.. શાંત.. અકષાયરસ, શાંતિનો સાગર છે. શાંતિભાઈ! શાંતિસાગર કહ્યો. નામ ભાઈનું આવે છેને. પહેલેથી નામ છે શાંતિસાગર? આહાહા!

કહે છે કે પરમાગમમાંથી આ અર્થ કાઢજે. વાંચી-વાંચીને ભણી-ભણીને.. કારણ કે વ્યવહારનો વિષય છે. એ આગળ કહેશે ગાથા ૪૯માં **भणिदा**.. વ્યવહારનયપણું કહ્યું છે, વ્યવહારનયનો વિષય છે એટલી વિદ્યમાનતા છે, બસ એટલું. પણ એ આદરણીય નથી. આહાહા! કહો, મનહરભાઈ! આવું સુરતમાં ક્યાં હતું? ઓલા બધા મકાન લે ને વેંચે, મકાન લે ને વેંચે, પૈસા ઢગલા લાખોના થાય. હવે કંઈ બંધ થઈ ગયું છે સરકાર તરફથી. શું, હજાર વાર શું લીધું? .... લીધા. ભીખાભાઈ! આહાહા! શું કીધું? ભારે પણ.

**પરમાગમના અતુલ અર્થ**... જેને કોઈ ઉપમા નથી એવો ચિદાનંદ પ્રભુ, એકલો શાંતિનો સાગર તું, અનંત-અનંત જેનો સ્વભાવ એને માપ–એને પરિમિતતા–એને હદ શી? એવો જે દૃષ્ટિનો વિષય એ કાઢજે હોં શાસ્ત્રમાંથી. વ્યવહારના લખાણ બતાવીને કહીશ નહીં કે એલા! વ્યવહાર પણ કહ્યો છેને આદરણીય. એ આદરણીય નથી કહ્યો. એ છે એટલું જણાવ્યું છે. આ તો છે ને આદરણીય કહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે કામ આકરું. સંસારના જન્મ-મરણના... સાગર સાગર ફરી ફરીને મરી ગયો. એ અંતર્તત્ત્વની શું શક્તિનું સત્ત્વ છે... અને એકરૂપ પડ્યું છે, કહે છે. ચાહે તો સાતમી નરકનો નારકી થયો તો અસંખ્યપ્રદેશની શુદ્ધતામાં કણ ઘટ્યો છે? આહાહા! અને કેવળજ્ઞાન થઈને સિદ્ધપર્યાય થઈ તો શું શુદ્ધતામાં કાંઈ વધારો થયો છે અંદરમાં? આહાહા! ઝીણું તત્ત્વ એવું ભગવાન! બહુ સૂક્ષ્મ. આહાહા! અંદરમાંથી આવવું જોઈએ હોં પાછું. આહાહા! સમજાણું કાંઈ?

એ કહે છેને, **સારાસારના વિચારવાળી**... આ મૂળચંદભાઈએ માંગ્યું ને ફરીને આવ્યું. મૂળચંદભાઈ કહે, આ કહો. ચાલો ભાઈ! ફરીને લઈએ. બાવીસ કલાક..... ત્રેવીસ કલાક સંસારમાં રળવું, ખાવું. એક કલાક રાખે..... પછી એની ભક્તિ કરે ને થોડું સાંભળે, થઈ ગયું લ્યો. ઓલા ૨૩ જોદ્ધા પડ્યા છે સામે મોટા કલાકવાળા. આ એ કલાક પણ જેવો તેવો ઝીર્ણ જેવો. હા, છોકરાઓને માથે બેસેને જ્યારે આમ. આહાહા! એકેક છોકરો આટલું રળે, ભેગું કરો તો કરોડ થાય છે, ઓલું સરખું થાય તો આમ થાય છે. ભારે ભાઈ આ. કહે છે, **સારાસારના વિચારવાળી**... બધા ત્રેવીસ કલાકના તારા જોધ્ધા જીતી જાય છે તને પર્યાયમાં. બે ઘડી આવે, કાં ભક્તિ કરે, કાં સાંભળે, થઈ ગયો ધર્મ એનો લ્યો. શુભભાવના ઠેકાણા ન મળે. આહાહા!

અહીં તો, શુભભાવ હોય તોય ઘોર સંસાર છે. નાટક સમયસારમાં કહ્યું છે કે મુનિ પ્રમત્તમાં આવે ત્યારે સંસાર તરફ ગયો એ, એમ કહે છે. આમ જાય ત્યારે મોક્ષ તરફ ગયો એમ કહે છે. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિનું વર્ણન છે. આ તો આમ ને આમ... આહાહા! અરે! તારા જ્ઞાનનો વિષય ત્રિકાળી ધ્રુવ, એ નયોના વિષયમાંથી આ નયનો વિષય કાઢજે હોં. શુદ્ધ નિશ્ચયનયનો વિષય. સારાસારમાં વિચાર કર તો પર્યાય અસાર અને આ ધ્રુવ સાર. પર્યાય બારદાન ને ધ્રુવ માલ. એનું માપ કરનારી છે, પર્યાય તો માપ કરનારી છે. કોની? આની. એ

(ત્રિકાળી) માપ કરનાર છે કોઈનું? આહાહા! આવો માર્ગ વીતરાગનો. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાતું ક્યાંય હોઈ શકે નહીં. આહાહા! વાડામાં જન્મ્યા એને ખબર ન મળે. ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમાત્માએ...

આ નથી કહ્યું ઓલામાં? પ્રવચનસાર. મોટે અવાજે જે કહેવું (જોઈએ) તે કહ્યું અમે. પાછળ છેને છેલ્લા કળશમાં. આહાહા! 'મોટે અવાજ'નો અર્થ કે જે કાંઈ જોરદાર વાત કહેવી હતી એ અમે કીધી. આહાહા! ગજબની વાતું છે આચાર્યોની! જ્યાં નજર પડે ત્યાં આચાર્યો યાદ આવી જાય ત્યાં એ જાતનું મેળવાળું આવે. ઓહોહો! અને તે પણ આજે જ કરજે હોં. એમ કીધુંને ભાઈ! બે વાત કરી. પછી કરશું, પછી માનશું એમ રહેવા દે. આજે જ શરૂઆત કરી દે. આજે જ શરૂઆત કરી દે કે હું તો ત્રિકાળી આનંદકંદ છું. આહાહા! સમજાણું કાંઈ?

એવી **સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે** શું કાઢ્યું? કે **જે સમ્યગ્દષ્ટિ સ્વયં જાણે છે** એ કાઢ્યું. ત્રિકાળી ધ્રુવને જાણે ને અનુભવે એ કાઢ્યું. આહાહા! જાણેનો અર્થ 'અનુભવે' હોં. આહાહા! **તેને અમે વંદન કરીએ છીએ.** મુનિરાજ કહે છે, અમે એની પ્રશંસા કરીએ છીએ, અમે એને અનુમોદન આપીએ છીએ. આવો જે ભાવ કાઢ્યો અને જે અંતરમાં દૃષ્ટિમાં લઈને અનુભવે છે એની અમે સ્તુતિ કરીએ છીએ, પ્રશંસા કરીએ છીએ, અનુમોદન કરીએ છીએ. સમજાણું કાંઈ? એ પોપટભાઈ! લ્યો, કાલ પોણો કલાક ચાલ્યું હતું. કાલ જેટલું ચાલ્યું, પાંચ મિનિટ ઓછું.

આજ બીજો વિષય થોડો કહ્યો. વ્યંજનપર્યાયની અંદર અંદર... ભાઈએ કીધુંને ચેતનજીએ કે પાણીમાં અંદર હાથ નાખીએ તો ક્યાં ઊનું છે? પણ અંદર પણ પર્યાય છે. એ પર્યાયની પાછળ અંદર જે પડ્યું છે એ તો શક્તિ (-સ્વભાવ)રૂપ છે ધ્રુવ. એ તો ઠંડુ છે. ત્યાં હાથ (-ઇન્દ્રિય) પોગે શેનો? ધૂળમાં...? આહાહા! એમ તો આવે છેને, ઇન્દ્રિય કામ ન કરે, જ્ઞાન કામ કરે. સમજાણું કાંઈ? આવે છેને (૬૦) કળશમાં શરૂઆતમાં કર્તા-કર્મ (અધિકાર)માં. ઇન્દ્રિયથી ન જણાય. સમજાણું? આ પાણીની (સ્વભાવભૂત) ઠંડક ઇન્દ્રિયથી ન જણાય એમ કહ્યું છે એમાં.

આવે છેને ભાઈ! ઓલું ઠંડું ને..... હા, એ. આમણે તો એમ જ કહ્યું પાછું અર્થકારે–કળશકારે કે સમ્યગ્જ્ઞાનીને જ એ જણાય. સમ્યગ્જ્ઞાન દ્વારા એને જણાય કે આ ઉષ્ણતાની અંદર (સ્વભાવભૂત) ઠંડું છે આ. આહાહા! છેને ત્યાં. આહાહા! ગજબ કર્યો છે! 'ગજબ' કહે છેને તમારે. આ તો ગજબનો અજબ છે. એવી વીતરાગવાણી, સંતોની વાણી. ગમે એટલો કાળ બગાડમાં ગયો, પણ મુંઝાઈશ નહીં કહે છે. એ દ્રવ્ય નથી બગડ્યું. આહાહા! સમજાણું કાંઈ? એને અમે વંદન કરીએ છીએ. આહાહા! અનુમોદન દઈએ છીએ. મુનિરાજ હોય તો વંદન કરીએ છીએ, આદર કરીએ છીએ. આહાહા! ૪૯ એની ટીકા.

**ટીકા : આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.** એ ઉપાદેય ત્યાં કહ્યું છે એ વિદ્યમાનપણું જણાવવાને ઉપાદેય કહ્યું છે. કારણ કે પાઠમાં **व्यवहारणयं पडुच्च भणिदा** છે. વ્યવહારનયને આશ્રયે કહ્યું છે. બસ છે, એટલું. એને અહીં ઉપાદેય એટલે જાણવું, ગ્રહણ કરવું એટલે જાણવું, એવા અર્થમાં અહીં ઉપાદેય કહ્યું છે. સમજાણું કાંઈ? એ પાઠ જ એમ બોલે છે અને ટીકા એમ કહે છે. ઓહોહો! શું કીધું એ? આ નિશ્ચયનય ને વ્યવહારનય બેય ઉપાદેય કહ્યા અહીંયા. ઉપાદેયનો અર્થ ગ્રહવું, ગ્રહણનો અર્થ જાણવું. વ્યવહારનયનો વિષય પણ છે, નિશ્ચયનયનો વિષય પણ છે એમ જાણવું. આહાહા!

**પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી'...** જુઓ! ચોખ્ખી ટીકા કરી છે પાઠ પ્રમાણે. **પૂર્વે જે વિભાવપર્યાયો 'વિદ્યમાન નથી'...** એટલે ઔદયિક, ઔપશમિક ક્ષાયોપમશિક, ક્ષાયિકભાવ દ્રવ્યમાં નથી એમ કહ્યું હતું. **એમ પ્રતિપાદિત કરવામાં આવ્યા છે...** પર્યાય છેને. **તે બધા વિભાવપર્યાયો ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.** બસ, આ વાત છે. મૂળ વાત. **भणिदा**—ભગવાને કહી. કહી એટલે છે. વ્યવહારનયનો વિષય વિદ્યમાન છે. નથી એમ નહીં. તેમ આશ્રય કરવાલાયક છે એમ નથી. બે વિદ્યમાન—એક કોર ત્રિકાળી ભગવાન વિદ્યમાન ને એક કોર ચાર ભાવની પર્યાયો વિદ્યમાન. એ (પર્યાય) વિદ્યમાન છે, આશ્રય કરવાલાયક નહીં. આ વિદ્યમાન છે, એ આશ્રય કરવાલાયક છે. સમજાણું કાંઈ?

આરે, આવો ધર્મ કેવો? ઓલી તો છકાયની દયા, વ્રત કરો, અપવાસ કરો એવું હોય બધું. મેઘાણી! અઠ્ઠમ કરો, પારેવાને જાર નાખો, અપવાસ કરીને બેસે અને કરે છેને સંવત્સરીને દિ'. સંવત્સરીને દિ' આવે બધા, પોષા કરીને બેઠા હોયને. સંવત્સરીને દિ' પારેવાની જાર, ખબર છે? તે દિ' જ ..... સંવત્સરીમાં બધા ભેગા થયા હોયને. તે દિ' આવે બધા. બધા આવ્યા હોયને પડિકમણું કરવા. પડિકમણામાં બેઠા હોય તો લખાવો. સામા બેઠા છેને પડિકમણામાં, સામાયિકમાં. લખાવો, કોઈ પાંચસો... પારેવાની જાર ને પાંજરાપોળ. આહાહા! અરે! પાંજરાપોળ તો તારી છે. તું ગરી ગયો છો જારમાં, સાંભળને! આહાહા! એમાંથી કાઢ, નીકળ. આહાહા!

વિભાવપર્યાયો એટલે ઉદયભાવ, ઉદયમાં શુભ-અશુભ પરિણામ વિકારના આવ્યા, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ ને ક્ષાયિકભાવ. એ **ખરેખર વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.** નથી એમ નહીં. નિગોદના જીવની પર્યાય અક્ષરને અનંતમે ભાગે પ્રગટ વર્તમાન વિદ્યમાન છે. વ્યવહારનયનો વિષય એને છે. આહાહા! એમ સમકિતીને પણ ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ હોવા છતાં પર્યાયમાં અશુદ્ધતા છે એ વિદ્યમાન છે. આહાહા! ભારે. આમાં મુખ્ય-ગૌણ નહીં, છે. આહાહા! સમજાણું કાંઈ? (વ્યવહારનયના) કથનથી વિદ્યમાન છે, ત્યાં સુધી કાલે આવ્યું હતું.

**વળી જેઓ (વ્યવહારનયના કથનથી) ચાર વિભાવભાવે પરિણત હોવાથી...** ચાર વિભાવભાવે પરિણત હોવાથી... કહે છે કે ઉદયભાવ એટલે રાગ-દ્વેષ, મિથ્યાત્વાદિનો ભાવ એ ઉદય, ઉપશમ સમકિત ને ચારિત્ર, ક્ષાયિક સમકિત, ચારિત્ર, જ્ઞાન, દર્શન આદિ, ક્ષયોપશમ એ જ્ઞાનની જેટલી લાયકાત હોય... એ બધા સંસારમાં પણ રહ્યા છે. એ સંસારી કે સિદ્ધ... ચૌદમા ગુણસ્થાનની પણ સંસાર પર્યાય છે. આહાહા! વિભાવરૂપ તો છેને ત્યાં. પારિણામિક ને ક્ષાયિકભાવની સાથે ઉદયભાવ પણ છે, ક્ષયોપશમભાવ નથી. છતાં એ સ્થિતિ પણ કોને? કહે છે કે સિદ્ધને, કેવળીને ક્ષાયિકભાવ, ઉદયભાવ છે. ઉદયભાવ છેને અહીં તો, પર્યાય છેને એ. ક્ષાયિકભાવ પર્યાય છે વિભાવભાવ. આહાહા!

ચાર વિભાવભાવે કેવળી પણ... એક ક્ષયોપશમભાવ કેવળીને નથી, ઉદય છે, ઉપશમ નથી. તેરમે ગુણસ્થાને કેવળીને ઉપશમ નથી ને ક્ષયોપશમ નથી, પણ પારિણામિક, ક્ષાયિક ને ઉદય એ ત્રણ ભાવ છે. કંઈ અભ્યાસ હોયને તો આ સમજાય. અભ્યાસ ન મળેને લોકોને. આહાહા! આ ભાવનું વર્ણન તો અમારે ૬૮ની સાલથી ચાલે છે, ૬૮. થોકડામાં આવે છે. થોકડા શીખ્યા હતા પહેલા પાળિયાદ. પાળિયાદમાં ૬૮.. કેટલા વર્ષ થયા? ....... વાંચેલું પહેલા કે ઉદય વિનાનો સંસારી નહીં, ક્ષયોપશમ વિનાનો છદ્મસ્થ નહીં, પારિણામિક વિનાનું કોઈ દ્રવ્ય નહીં. એ આવ્યું છે મેં વાંચેલું છે. સમજાણું કાંઈ? આહાહા!

ચાર વિભાવભાવ... ક્ષાયિકભાવ પણ વિભાવ–વિશેષ ભાવ છે. સામાન્ય નહીં, ત્રિકાળી સામાન્ય નહીં એ અપેક્ષાએ વિભાવ–વિશેષ (કહ્યો). શ્રીમદે લખ્યું છે એક ઠેકાણે. ધરમચંદભાઈ ગયા લાગે છે. એમાં વિભાવનો અર્થ કર્યો છે. વિભાવ એટલે વિકાર નહીં, વિભાવ એટલે વિશેષભાવ એવો અર્થ કર્યો છે. શ્રીમદ્‌માં આવે છે એક ઠેકાણે. સમજાણું કાંઈ? **ચાર વિભાવભાવે પરિણત હોવાથી,** આહાહા! **સંસારમાં પણ રહ્યા છે**... જોયું! સંસારને પર્યાય કહી. ચૌદમા ગુણસ્થાન સુધી સંસારની પર્યાય છે. પછી સિદ્ધને એ (સંસાર)પર્યાય નથી. છતાં ક્ષાયિકભાવ વિભાવભાવ છે. આહાહા! **સંસારમાં પણ રહ્યા છે**... ચૌદમા સુધીની વાત છે અહીંયા. અહીં તો સિદ્ધ જેવા બતાવવા છેને પાછા એટલે. અહીં તો સંસારી ચૌદમા ગુણસ્થાન સુધી ચાર વિભાવભાવમાંથી એને યોગ્ય હોય એટલા હોય છે.

**તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે...** શુદ્ધનયનું કથન.. શુદ્ધનયનું કથન. શુદ્ધનય એટલે ભૂતાર્થ. **भूदत्थो देसिदो दु सुद्धणओ**... આહાહા! ભૂતાર્થ છતો ત્રિકાળી પદાર્થ એને શુદ્ધનય કીધું. અહીં એના કથનથી એટલે કે એનો–શુદ્ધનયનો જે ભાવ છે અંદર એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે. એ અપેક્ષાએ શુદ્ધગુણપર્યાયો... આ શક્તિરૂપે પર્યાય છે. **સિદ્ધભગવંતો સમાન છે**. નિગોદનો જીવ પણ શુદ્ધનયના કથનથી–શુદ્ધનયના ભાવથી સિદ્ધભગવાન સમાન છે. આહાહા! અરે! ક્યાં ખૂટે એવું છે તારું જ્ઞાન કે શાસ્ત્રને

વાંચતા હવે થાકી ગયા? પાર નથી–અપાર, દરિયો છે આખો. આહાહા! શુદ્ધનયના બધા, એમ કીધું છેને? ચાર વિભાવભાવે પરિણત સંસારમાં રહેલા જીવો **તે બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણપર્યાયો વડે સિદ્ધભગવંતો સમાન છે**... આહાહા!

**(અર્થાત્ જે જીવો વ્યવહારનયના કથનથી...** ઓલું હેઠલું રહી ગયું હોં. પણ આટલું પુરું કરીએ. **વ્યવહારનયના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે...** વ્યવહારના કથનથી ઔદયિકાદિ વિભાવભાવોવાળા હોવાથી સંસારી છે, ચૌદમા સુધી. આહાહા! **તેઓ બધા શુદ્ધનયના કથનથી શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોવાળા હોવાથી સિદ્ધ સદશ છે).** આહાહા!

હવે નીચેનું. **પ્રમાણભૂત જ્ઞાનમાં...** આહાહા! પ્રમાણભૂત તો કહ્યું હતું કાલ. પ્રમાણભૂત એટલે? કાંતિભાઈને જોવું પડે. પ્રમાણભૂત એટલે દ્રવ્ય ને પર્યાય. ત્રિકાળી દ્રવ્ય ને પર્યાય બેનું એક સાથે જ્ઞાન કરે એને પ્રમાણજ્ઞાન કહ્યું. ત્રિકાળી દ્રવ્યનું જ્ઞાન કરે એને નિશ્ચયનું કહીએ. વર્તમાનપર્યાયનું એ વ્યવહાર કહીએ. બેનું સાથે કરે એને પ્રમાણ કહીએ. આ થોડો અભ્યાસ હોય તો સમજાય એવું છે. કઠણ લાગ્યું કાલ ત્યાં. આહાહા! આચાર્યોએ તો માખણ જેવું... રોટલાનું કરે છેને. છોકરાને આપેને એનો બાપ ગરભલો..... નાના છોકરાને આપેને એવો ગરભલો કરીને આપ્યું છે આ. ખાવું તો એને પડે કે નહીં? આહાહા!

**પ્રમાણભૂત જ્ઞાનમાં શુદ્ધાત્મદ્રવ્યનું** એટલે ત્રિકાળી દ્રવ્યનું **તેમ જ તેના પર્યાયોનું**–ચારેય પર્યાયો **બન્નેનું સમ્યક્ જ્ઞાન હોવું જોઈએ.** જ્ઞાન હોવું જોઈએ. **'પોતાને કથંચિત્ વિભાવપર્યાયો વિદ્યમાન છે'**... પોતાને કથંચિત્ (એટલે) પર્યાયદૃષ્ટિએ વિભાવપર્યાય વિદ્યમાન છે. ક્ષયોપશમભાવ (આદિ) બધા વિભાવપર્યાયો કહેવાય છે. આહાહા! અથવા વિકારી એકલી પર્યાય પણ વિદ્યમાન છે. **એવો સ્વીકાર જ જેના જ્ઞાનમાં ન હોય તેને શુદ્ધાત્મદ્રવ્યનું પણ સાચું જ્ઞાન હોઈ શકે નહિ.** પર્યાયમાં અશુદ્ધતા છે એનું જ્ઞાન નથી તો પછી શુદ્ધનું જ્ઞાન એને ક્યાંથી હોય? પર્યાય પ્રગટ છે એનું જ્ઞાન સાચું નથી એને અપ્રગટ આખો ભગવાન પૂર્ણાનંદ એનું જ્ઞાન ક્યાંથી હોય? આહાહા!

**માટે 'વ્યવહારનયના વિષયોનું પણ જ્ઞાન તો ગ્રહણ કરવા યોગ્ય છે.'** આ ઉપાદેયનો અર્થ કર્યો. ગ્રહણ કરવાયોગ્ય એટલે જાણવાલાયક. વ્યવહારનયનો વિષય નથી? સિદ્ધની પર્યાય ને સંસારની પર્યાય બેય વ્યવહારનયનો વિષય છે. આહાહા! સમજાણું? શુદ્ધનયમાં જીવદ્રવ્ય છે તે એક રૂપે જ છે અને સિદ્ધ ને સંસારી બે ભેદ પાડવા એ વ્યવહારનયનો વિષય છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો ચૌદમા સુધીની વાત છે. ઓલો તો જીવની વાત કહેવી હોય ત્યારે આમ કરે. વ્યવહારે છે, પણ જ્ઞાન તો ગ્રહણ કરાવે.

**એવી વિવક્ષાથી જ અહીં વ્યવહારનયને ઉપાદેય કહ્યો છે, 'તેમનો આશ્રય ગ્રહણ કરવા યોગ્ય છે' એવી વિવક્ષાથી નહિ.** એમ નથી કહેવા માગતા ત્યાં, એમ કહે છે. **વ્યવહારનયના વિષયોનો આશ્રય છોડવા યોગ્ય જ છે. (-આશ્રય, આલંબન, વલણ, સંમુખતા, ભાવના)** એટલા તો અર્થ કર્યા છે. આહાહા! વ્યવહારનયના વિષયોનો આશ્રય, આલંબન લેવું, શુભભાવનું પણ આલંબન લેવું, શુભનો આશ્રય કરવો, શુભનું વલણ રાખવું, શુભની સન્મુખતા, ભાવના—એ તો છોડવાયોગ્ય જ છે. આહાહા! વિદ્યમાન છે એટલું જાણવાલાયક છે. સમજાણું?

કર્તા, ભોક્તાના નય ન આવ્યા ૪૭ નયમાં? ગણધરો પણ કર્તા-ભોક્તા છે, રાગનું પરિણમન છે એટલું જાણે છે, બસ. ભોક્તા પણ રાગના છે, એકલા શુદ્ધના ભોક્તા નથી. આહાહા! અંશે શુદ્ધતા છે, (અંશે) અશુદ્ધતા, અંશે થોડું પુણ્ય-પાપનું અશુદ્ધતાનું વેદન છે, ગણધરો પણ એમ જાણે છે. એક સાથે બેય વેદન છે. સમજાણું કાંઈ? એ માટે તો નય લીધી છે ત્યાં.

**એમ સમજાવવા ૫૦મી ગાથામાં વ્યવહારનયને સ્પષ્ટપણે હેય કહેવામાં આવશે.** આ તો ચોખ્ખું કહે છે કે વ્યવહાર હેય છે, પરદ્રવ્ય, પર્યાય હેય છે. પર્યાય એ વ્યવહાર, એ પરદ્રવ્ય છે અને પરદ્રવ્ય હેય છે. આહાહા! **જે જીવને અભિપ્રાયમાં શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ...** શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયનું ગ્રહણ **અને પર્યાયોના આશ્રયનો ત્યાગ હોય...** વિદ્યમાન છે, પણ એનો આશ્રયનો ત્યાગ છે. **તે જ જીવને દ્રવ્યનું તેમ જ પર્યાયોનું જ્ઞાન સમ્યક્ છે...** તેનું જ્ઞાન સમ્યક્–સાચું છે **એમ સમજવું, અન્યને નહિ.** જેને પર્યાયની વિદ્યમાનતાનું સાચું જ્ઞાન નથી એને ત્રિકાળીદ્રવ્યની વિદ્યમાનતાનું જ્ઞાન નથી. બેયની વિદ્યમાનતાનું યથાર્થ જ્ઞાન છે એને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. **અન્યને નહિ.**

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પોષ વદ-૧૪, શુક્રવાર, તા. ૨-૨-૧૯૭૩
## શ્લોક-૭૩, ગાથા-૫૦, પ્રવચન નં. ૨૧૬

આધારનો કળશ છે કળશ. અમૃતચંદ્રસૂરિનો સમયસારનો કળશ છે. **એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–**

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हंत हस्तावलम्बः।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किंचित्॥**

**શ્લોકાર્થ : જોકે વ્યવહારનય આ પ્રથમ ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે...** એટલે કે જેને હજી પ્રથમ ... ભૂમિકા થઈ નથી. પ્રથમ દશામાં એને અલ્પજ્ઞતા, અશુદ્ધતા આદિ વર્તે છે **એવા જીવોને અરેરે!** આચાર્ય ખેદથી કહે છે, **અરેરે! હસ્તાવલંબરૂપ ભલે હોય...** વ્યવહારનયના વિષયને જાણવો એ નિમિત્તરૂપે હસ્તાવલંબરૂપ હો, પણ ખેદ છે કે વ્યવહારનય આવે છે. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહારનય(રૂપ) પહેલી ભૂમિકામાં જેમણે પગ મૂક્યો છે... કળશટીકામાં તો અજ્ઞાનીને સંબોધીને કહ્યું છે. ..... પ્રથમ ભૂમિકામાં હજી અશુદ્ધતાની નબળાઈ છેને, ત્યાં સુધી જાણવાલાયક છે એમ કહ્યું, પણ અરેરે! એમ કહ્યું, હંત–ખેદ છે. આહા! વ્યવહારનયને કહેવો ખેદ છે કહે છે, કેમકે વ્યવહારનય અભૂતાર્થ છે. આહાહા! અને એનું ફળ.. હસ્તાવલંબ કહ્યો એનું ફળ તો સંસાર છે. ઝીણી વાત છે.

આવ્યું છેને અગિયારમી ગાથામાં કે વ્યવહારનયને હસ્તાવલંબ કહ્યો છે, પણ ભેદનો પક્ષ તો અજ્ઞાનીને અનાદિથી છે અને એ ભેદની–વ્યવહારની વાત પણ માંહોમાંહે જીવો કરે છે, એકબીજાને ઠીક લાગે છે વ્યવહારની વાત, ગોઠે છે. કહે છે કે એ વ્યવહારનયનો–ભેદનો પક્ષ જેને છે અને જેને એ વાત એકબીજાને કહેવી રુચે છે, વ્યવહારની વાતો આવે એને ઠીક પડે અને જૈનમાર્ગમાં પણ હસ્તાવલંબ જાણીને વ્યવહારનું કથન ઘણું આવ્યું છે, શાસ્ત્રમાં ઘણું કથન એ છે, ઘણું કથન તો એ છે. આહાહા! (એનું) ફળ સંસાર છે. પંડિતજી! આહાહા! અહીં તો અર્થ કર્યો છેને ..... અધ્યાત્મ સંદેશ. ..... એવો અર્થ કર્યો. હંત–ખેદ છે. જયચંદ્ર પંડિતે (અર્થ) કર્યો એમાં અમે સહમત છીએ, કેમકે વ્યવહાર અભૂતાર્થ છે. અમારું ચાલે તો એની સામું ન જોઈએ, પણ શું કરીએ? એમ કહે છે. આવ્યા વિના રહેતો નથી. આહાહા! ...... .... વચ્ચે આવે છે, હો, તોપણ એ જાણવાલાયક છે. છે માટે એ વિશેષ આશ્રય કરવાલાયક નથી.

**તોપણ જે જીવો ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત...** એકલો ભગવાન ચૈતન્ય-ચમત્કાર, જ્ઞાનનો ચમત્કાર... જ્ઞાનનો ચમત્કાર એટલે આખી દુનિયા ત્રણ લોકને જે જાણવાની શક્તિવાળો ચૈતન્યચમત્કાર એવો આત્મા. એ **ચૈતન્યચમત્કારમાત્ર, પરથી રહિત**... ભેદથી રહિત, રાગથી રહિત **એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે**... પરમ પદાર્થને અંતરમાં દેખે છે. આહાહા! **તેમને એ વ્યવહારનય કાંઈ નથી**. કળશટીકાકારે વ્યવહારનું કથન....... ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા દેખવાને, જોવાને, અનુભવવાને લાયક છે. ઝીણી વાત બહુ. ચૈતન્યચમત્કારમાત્ર.. માત્ર શબ્દે એકલો અભેદ ચૈતન્ય, પૂર્ણ આનંદધામ, જેમાં અશુદ્ધતા ને દોષની વાત જ નથી. આહાહા! જેમાં પર્યાયની હીનતાની વાત નથી. એવો જે ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા એને દેખે છે. સમ્યગ્દૃષ્ટિ તો અંતરમાં ચૈતન્યચમત્કાર આત્માને જ માને છે, જાણે છે, એને જ દેખે છે. આહાહા! સમજાણું કાંઈ?

**અંતરંગમાં દેખે છે,** એમ કહ્યું. અંતરંગ.. અંતર ચૈતન્યસ્વભાવ, ધ્રુવ પરમ પદાર્થ, પારિણામિક સ્વભાવભાવ એકલું તત્ત્વ એને સમ્યગ્દૃષ્ટિ દેખે છે. ભારે આકરું. વ્યવહારના બધા ઝઘડા થઈ ગયા. આહાહા! ચૈતન્યચમત્કાર... જેના સ્વભાવમાં એકલો ચૈતન્યચમત્કાર આત્મા ભર્યો છે એને દેખે છે. એવા જીવને **વ્યવહારનય કાંઈ નથી**. કારણ કે અભેદમાં એ ભેદ દેખાતો નથી. આહાહા! ભારે વાતું ઊંડી. અભેદ ચૈતન્ય ભગવાન આત્મા... '**सुद्धं तु वियाणंतो**..' શુદ્ધને અંદર જાણતો શુદ્ધની પ્રાપ્તિ કરે છે. આહાહા! અશુદ્ધને જાણતો અશુદ્ધની પ્રાપ્તિ કરે છે. આવે છેને ગાથા (૧૮૬, સમયસાર). અહીં, એકલો શુદ્ધ ધ્રુવ, ધર્મીની દૃષ્ટિ એકલા ધ્રુવ ઉપર હોય છે. એને દેખનારને ભેદ દેખાતો નથી. પર્યાયનો ભેદ દેખાતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? છેને પાઠ. ઓલો છેને, વ્યવહાર કાંઈ નથી એમ કહ્યું છેને. **नैष किंचित्**.. કાંઈ નથી, વ્યવહાર કાંઈ નથી. આહાહા!

જે અંતરમાં ચૈતન્યચમત્કાર અંતરંગ પ્રભુ એને જોવે છે, દેખે છે, એને શું છે? સમજાણું કાંઈ? કેમકે સમ્યગ્દર્શનનો વિષય ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા છે. એનો વિષય તો, એની પર્યાય ને રાગ એ એનો વિષય નથી. સમજાણું કાંઈ? **भूदत्थो देसिदो दु सुद्धणओ**.. ભૂતાર્થને દેખે તે જ શુદ્ધનય છે. કહે છે, **तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**, એમ. **परविरहितमन्तः**— પરથી રહિત. રાગથી રહિત, પર્યાયથી રહિત. **એવા પરમ પદાર્થને અંતરંગમાં દેખે છે તેમને એ વ્યવહારનય કાંઈ નથી.** કથનમાત્ર હતું એ નિર્વિકલ્પદૃષ્ટિમાં કથન રહેતું નથી એમ કહે છે કળશટીકાકાર. ભેદ બાજુનું કથન હતું એ અભેદની દૃષ્ટિમાં રહેતું નથી. હવે ટીકાકાર પોતે **(આ ૪૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે).** આ તો આધાર આપ્યો હતો.

**शुद्धनिश्चयनयेन विमुक्तौ**
**संसृतावपि च नास्ति विशेषः।**
**एवमेव खलु तत्त्वविचारे**
**शुद्धतत्त्वरसिकाः प्रवदन्ति ॥७३॥**

**શ્લોકાર્થ : શુદ્ધનિશ્ચયનયથી...** જ્યારે અંતરમાં દ્રવ્યસ્વભાવને જુઓ ત્યારે **મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી...** બેય પર્યાય છે. સંસારની પર્યાય ને મુક્તિની પર્યાય અંદરમાં–દ્રવ્યમાં છે નહીં. આહાહા! **શુદ્ધનિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં...** ઓહોહો! **તફાવત નથી...** શુદ્ધનિશ્ચયનયમાં ભેદ ક્યાં છે મુક્તિ ને સંસાર? એમ કહે છે. એ તો એકલો ત્રિકાળી ચૈતન્યમૂર્તિ ભગવાન. આહા! આકરું પડે માણસને. ક્ષાયિકભાવ પણ દ્રવ્યમાં નથી. ઓલો કહે, જીવમાં ક્ષાયિકભાવ નથી અને સિદ્ધમાં તો ક્ષાયિકભાવ છે. આહાહા! .... છે સ્થાનકવાસી સાધુ. નિયમસાર આખું વાંચ્યું. આહાહા! ક્ષાયિકભાવ નથી (એમ) આ શાસ્ત્ર કહે. ... કોઈ દિ' હાથમાં લીધું ન હોય, ખબર ન હોય.

ક્ષાયિકભાવ જીવને નહીં તો શું જડને હોય? અરે સાંભળને! એ તો આવી ગયું પહેલું, શુદ્ધભાવ (અધિકાર)માં આવી ગયું. ક્ષાયિકભાવ જીવને નથી. કેમકે ક્ષાયિકભાવ તો પર્યાય છે. આ (પર્યાય) સાદિ-અનંત છે. અનાદિ-અનંત ધ્રુવ છે. તો દ્રવ્યમાં એ પર્યાય પણ નથી. આહાહા! કહો, સમજાણું? **શુદ્ધનિશ્ચયનયથી...** શુદ્ધનિશ્ચયનયનો વિષય ધ્રુવ છે એને જોતાં મુક્તિમાં તેમજ સંસારમાં તફાવત નથી. બેય પર્યાય છે એમ કહેવું છે. **આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં...** આહાહા! **(–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં)...** પરમાર્થ-સ્વરૂપનો જ્યારે વિચાર ચાલતો હોય અથવા કથન હોય ત્યારે તો **શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો** એમ કહે છે કે સંસાર ને મુક્તિમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ?

**તત્ત્વ વિચારતાં...** તત્ત્વ વિચારતાં... એટલે પરમાર્થ પદાર્થ ધ્રુવ ચૈતન્ય એકલો શાંતિનો સાગર, એકલી શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ.. એવા તત્ત્વનો વિચાર કરતાં શુદ્ધતત્ત્વના રસિક પુરુષો આમ કહે છે. શુદ્ધતત્ત્વના રસીલાઓ તો આમ કહે છે, આહાહા! કે મુક્તિમાં ને સંસારમાં ફેર નથી. એમ ખરેખર તત્ત્વનો વિચાર કરતાં, ધ્રુવને દૃષ્ટિમાં લેતાં, ધ્રુવનો વિચાર કરતાં કે ધ્રુવનું કથન કરતાં, સમજાણું કાંઈ? એ બે ભેદ નથી. આહાહા! એમ **શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે**. એ ૪૯ ગાથા થઈ. ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાની છે. એણે બધું લક્ષ છોડી દઈને એક જ કરવાનું છે એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રથમમાં પ્રથમ કર્તવ્ય હોય તો આ છે અને પછી હોય તો એ છે. પર્યાયનો આશ્રય ને લક્ષ કરવા જેવું નથી એમ કહે છે. ભારે આકરું કામ.

જેને દુરુહ લાગે એનું શું? વેદાંતનું છે આ? વેદાંતમાં સંસાર ને મુક્તિ ને પર્યાય કેવી? અહીં તો છે એને ઉડાવે છે. સમજાણું કાંઈ? તત્ત્વના રસિક પુરુષો આમ કહે છે. જેને ધ્રુવતત્ત્વનું રસિકપણું પ્રગટ્યું છે, એમ કહે છે. શાંતરસનો કંદ પ્રભુ જેને નજરમાં, અનુભવમાં આવ્યો છે એ પુરુષો આમ કહે છે. કહો, મુલચંદભાઈ! પચાસ (ગાથા). સારમાં સાર ગાથા. માખણ એકલું.

**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं ।**
**सगदव्वमुवादेयं अंतरतच्चं हवे अप्पा ॥५०॥**
**પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;**
**આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.**

એનો **અન્વયાર્થ : પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે...** પાઠમાં પહેલું પરદ્રવ્ય આવ્યું છે. **पूर्वोक्तसकलभावाःपरद्रव्यम्** આવ્યું છે. અર્થકારે પહેલાં પરસ્વભાવ કહ્યા. કારણ કે પરસ્વભાવ તે પરદ્રવ્ય, સ્વસ્વભાવ તે સ્વદ્રવ્ય. સમજાણું કાંઈ? પર્યાયાદિ ભાવ... પર્યાય ક્ષાયિકભાવ, આહાહા! એ પરસ્વભાવ તેથી પરદ્રવ્ય છે, તેથી હેય છે. એવો અર્થ કર્યો સવળો. અહીં તો પદ્ય છે એટલે ગોઠવ્યું. અર્થ તો આવો જ છે. પૂર્વોક્ત એટલે ઉપર કહ્યા ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ઔદયિકભાવ. જેટલા ભાવની વ્યાખ્યા આવી એ બધા ભાવો પરસ્વભાવ છે. આહાહા! રાડ નાખેને. રાગ-દ્વેષ ને શુભભાવ એ તો પરસ્વભાવ, પણ અહીં તો ક્ષાયિક પર્યાય એક સમયની પર્યાય તે પરસ્વભાવ. કેમકે ત્રિકાળી સ્વભાવથી ભિન્ન એક સમયનો પર્યાય છે. અને ત્રિકાળી સ્વભાવ તે જ દ્રવ્ય ને તે દ્રવ્યનો આધાર આ પરમપારિણામિકભાવ. ત્યારે આ એક સમયનો પર્યાય પરસ્વભાવ છે, તેથી તે પરદ્રવ્ય છે.

**તેથી હેય છે...** ઓહોહો! ક્ષાયિક સમકિત, યથાખ્યાત ચારિત્ર, કેવળજ્ઞાન. ગજબ છે ને! એ પરસ્વભાવ છે. કઈ અપેક્ષાએ? કે તે ત્રિકાળી સ્વભાવ છે નહીં, તેથી તેની અપેક્ષાએ પરસ્વભાવ છે. અને ત્રિકાળી સ્વભાવ છે તે અંતઃતત્ત્વ છે. એ અંતઃતત્ત્વનો આધાર **अप्पा** દ્રવ્ય છે. એ અંતઃતત્ત્વને દ્રવ્ય કહ્યું છે અહીં. પણ ‘દ્રવતિ ઇતિ દ્રવ્ય’ ભાવને કહ્યું છે. અંતઃતત્ત્વ જે છે ભાવસ્વરૂપ દ્રવ્ય એનો આધાર પરમસ્વભાવ **अप्पा**, એમ છેને છેલ્લો શબ્દ? સમજાણું કાંઈ? આ તો ધીરાના કામ છે. સર્વ ભાવ... આહાહા! કેવળજ્ઞાનનો પર્યાય એ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરભાવ, તેમ સ્વની અપેક્ષાએ પરદ્રવ્ય. સમજાય છે કાંઈ? સ્વદ્રવ્યની અપેક્ષાએ પરવસ્તુ પરદ્રવ્ય છે, એમ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એ પર્યાયનો ભાવ પરભાવ છે. પરભાવ કહો કે પરસ્વભાવ કહો. આહાહા! ગજબ વાત છે. આહા! સમજાણું કાંઈ?

**પૂર્વોક્ત** નામ પૂર્વે જે કહ્યા હતા જેટલા ભાવ. નવ લબ્ધિ કેવળજ્ઞાન આદિની.. કેવળજ્ઞાન, કેવળદર્શન, સમકિત એનો લાભ..... કેવળીને .... અને ક્ષયોપશમભાવ જ્ઞાનનો,

સમકિતનો, ચારિત્રનો, ઉપશમભાવ સમકિતનો ને ચારિત્રનો, ઔદયિકભાવ એ તો સ્થૂળ રાગાદિ વિકલ્પ.—એ બધાય ભાવો પરસ્વભાવો છે. ત્રિકાળી જ્ઞાન, દર્શન ને આનંદનો સ્વભાવ.. ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદનો સ્વભાવ, એની અપેક્ષાએ એક સમયની ક્ષાયિકપર્યાય પણ પરસ્વભાવ. આહાહા! તત્ત્વનું પરાકાષ્ઠા કહ્યું છે. એ મુલચંદભાઈ! જ્ઞાન-દર્શન-આનંદ ત્રિકાળી સ્વભાવ.. ત્રિકાળી સ્વભાવ એકલો. ઓહોહો! એ સ્વસ્વભાવ, એ સ્વદ્રવ્ય. એ સ્વભાવથી શોભે છે. અંતર પ્રસિદ્ધ છેને દ્રવ્ય તો. પર્યાય છે એ પરસ્વભાવ, તેથી એ પરદ્રવ્ય છે.

**પૂર્વોક્ત સર્વ ભાવો**... ત્રિકાળી સ્વભાવ સિવાયના જેટલા પર્યાયના ભાવો. આહાહા! સિદ્ધની પર્યાયનો ભાવ, કેવળજ્ઞાનની પર્યાયનો ભાવ—એ પરભાવ છે, પરસ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવનો એમાં અભાવ છે અને ત્રિકાળી સ્વભાવમાં એનો અભાવ છે. સમજાણું કાંઈ? ઝીણું છે આ. ત્રિકાળી ભગવાન જ્ઞાન-દર્શન-આનંદ ત્રણ કાળમાં રહેલો એકરૂપ ભાવ એની અપેક્ષાએ એક સમયની પર્યાય પરભાવ. ત્રિકાળી સ્વભાવ જ્યારે સ્વદ્રવ્ય, ત્યારે પરસ્વભાવ એ પરદ્રવ્ય. જ્યારે ત્રિકાળી સ્વભાવ ઉપાદેય, ત્યારે પરભાવ એ હેય. ઝીણું બહુ છે શેઠ!

શ્રોતા : પર્યાય કહાંસે હોવે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : યહાંસે હોવે. કહાંસે હોવે શું? ત્રિકાળી સ્વભાવભાવ તે સ્વદ્રવ્ય અને એ સ્વદ્રવ્યનો આધાર પરમસ્વભાવ એકરૂપ. એની દૃષ્ટિ કરવી, કાયમ–નિરંતર દૃષ્ટિ રાખવી. એની આ શરૂઆત છે. આહાહા! અહીં તો હજી શુભભાવમાં ધર્મ થાય, શુભભાવથી આ થાય. બહુ સ્થૂળ કરી નાખ્યું. અંતઃતત્ત્વ એ સ્વભાવ છે, એ સ્વદ્રવ્ય છે. ત્રિકાળીસ્વભાવને જ અહીં સ્વદ્રવ્ય કીધું છે. પછી એનો આધાર તો પારિણામિક **अप्पा** છેને. સામાન્યદ્રવ્યનો.. સામાન્ય દ્રવ્ય, એનું દ્રવ્યત્વ ત્રિકાળીભાવ, એને અહીંયા અંતઃતત્ત્વ નામ ભાવસ્વભાવરૂપ, અંતઃતત્ત્વરૂપ ત્રિકાળી ભાવસ્વભાવરૂપ એવું સદૃશ એને સ્વદ્રવ્ય કીધું છે.

**એવું સ્વદ્રવ્ય** જે પૂર્ણ પારિણામિકભાવ **આત્મા** તે **ઉપાદેય છે.** કહો, સમજાણું કાંઈ? એ સ્વદ્રવ્ય ઉપાદેય છે, એ સ્વદ્રવ્યનો આધાર ત્રિકાળી એ ઉપાદેય છે. ભારે વાત આવી. ભગવાન પંચપરમેષ્ઠી તો પોતાની પર્યાયની અપેક્ષાએ પરદ્રવ્ય. શું કહ્યું એ? પોતાની પર્યાયની અપેક્ષાએ તીર્થંકરો પંચપરમેષ્ઠી પરદ્રવ્ય અને ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય પરદ્રવ્ય. જુઓ! તો ખરા. આહાહા! સમજમેં આતા હૈ થોડા-થોડા? આહા! તત્ત્વના રસિક પુરુષો આમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આત્મા છેને છેલ્લો શબ્દ. અંતઃતત્ત્વ એ ત્રિકાળી ભાવ લીધો એ સ્વદ્રવ્ય દ્રવ્ય અને એનો આધાર આત્મા પરમપારિણામિકભાવ. એમ કહ્યું છે. આ તો શબ્દાર્થ થયો. હવે એની ટીકા.

**ટીકા : આ, હેય-ઉપાદેય...** પર્યાયમાત્ર હેય, દ્રવ્ય આખું ઉપાદેય. **અથવા ત્યાગ-ગ્રહણ...** પર્યાયમાત્ર દૃષ્ટિમાં ત્યાગ કરવાલાયક. આહાહા! ......... પહેલા ક્યારેય હતા કે નહીં આ ગાથામાં? નહીં? ........ એ ટીકામાં છે અહીં.... પાઠમાં ધ્વનિ જ એ છેને. પર્યાય ક્ષાયિક પર્યાય એક સમયનો અંશ છેને. એક સમય એટલે શું? આહાહા! અને ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદાદિ સ્વભાવ એ અંતઃતત્ત્વ, એ અંતઃસ્વભાવ, એ સ્વ-દ્રવ્યભાવ. એ ભાવને દ્રવ્ય કીધું છે. સમજાણું કાંઈ? શુદ્ધનિશ્ચયના વિષયની પરાકાષ્ટનું આ કથન છે. એ જ બરાબર યથાર્થ છે. આહાહા!

**ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે**... એટલે? પરના ત્યાગની તો અહીં વાતેય નથી. પરનું ગ્રહણ કર્યું છે ક્યાં તે ત્યાગ કરે? આ તો એની પર્યાયમાં અસ્તિત્વ છે. ક્ષાયિક પર્યાય, ઉપશમ પર્યાય આદિ છે. એનો ત્યાગ અને ત્રિકાળી જ્ઞાયકભાવનું ગ્રહણ. આહાહા! મુલચંદભાઈ! આ ત્યાગના વિનાના બહારના ત્યાગ કરીને માને કે અમે ધર્મી છીએ. ધર્મના ત્યાગી છે. આહાહા! ભારે ગોટા ઉઠ્યા છે.

આ હેય એટલે ત્યાગ, ઉપાદેય એટલે ગ્રહણ—એનો શબ્દાર્થ છે. નિયમસારમાં... શુભભાવ હેય સમજવામાં આકરું પડે છે. આહાહા! ભગવાનની ભક્તિનો ભાવ... એ શેઠ! એ તો દિગંબર સંતો ખુલ્લું મૂકે છે જગત પાસે. એને કાંઈ દુનિયાની દરકાર નથી. કહે છે કે એ ઘોર સંસારનું મૂળ છે. અરે! કોઈ કરશે નહીં....... કરે કોણ? કર્તા થઈને કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! હોય છે, પણ એ હેયબુદ્ધિએ ઝેર છે એમ જાણવું જોઈએ. આહાહા! સમજાણું કાંઈ? સત્ય (કહો) કે અસત્ય, છે એ આમ છે. વસ્તુ અજ્ઞાનીને ન રુચે એથી કાંઈ વસ્તુ બીજી થઈ જાય? એય!

પંચમહાવ્રતના પરિણામ ઘોર સંસારનું મૂળ છે. ત્યારે કહે, પંચમહાવ્રત પાળ્યા. અરે સાંભળને હવે! પાળ્યા કોણે? એ તો હતા એને જાણ્યા છે, જાણ્યા એને 'ગ્રહણ કર્યું' એમ કહેવામાં આવે છે. આહાહા! એ ગિરધરભાઈ! આ તો વીતરાગના ઘરની વાત છે. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ જેને એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય ને દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન સમાઈ ગયું. એવી તો અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી પર્યાયનો પિંડ એકેક દ્રવ્ય છે. આહાહા! એ નવરંગભાઈ! માલ જ આ છે. બેસે-ન બેસે, જગત સ્વતંત્ર છે. આહાહા!

શું પ્રભુ ત્રિકાળી વસ્તુ! આહાહા! ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદાદિ સ્વભાવો એટલે શું! આહા! મહાન તત્ત્વ, મહાન પરમેશ્વર, મહાન એકેક ગુણમાં ઈશ્વરતા અનંતી. એવા અનંતા ગુણો ત્રિકાળી ધ્રુવ, એને સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? એને ઉપાદેય કરવું. ગ્રહણ નામ એને ઉપાદેય કરવું. ગ્રહણ કરવું કહો કે ઉપાદેય કહો. એક સમયનો પર્યાય હેય કહો કે ત્યાગ કહો. આહાહા! આ ત્યાગ છે. આહાહા! કહો, ચેતનજી! માર્ગ આ છે, પ્રયોજનભૂત વસ્તુ જ આ છે. વસ્તુ જ એવી છે. ભગવાને કહ્યું માટે એમ છે? એમ છે માટે

ભગવાને એમ કહ્યું છે. આહાહા! આ હેય અને ઉપાદેય... બે વાત કરી. એટલે એનો અર્થ એ કે ત્યાગ ને ગ્રહણ. **અથવા**... છેને? ઓલો કહે, વ્યવહારનયને ગ્રહણ કરવા આ વાત કીધી છે. એ જાણવાલાયક કીધી. ગ્રહણનો અર્થ જાણવું. આ ગ્રહણનો અર્થ તો આદરવું. આ સમજવું જોઈએને. આહાહા! જ્યાં જે લાગુ પડે ત્યાં તે હોવું જોઈએને.

**જે કોઈ વિભાવગુણપર્યાયો...** વિભાવગુણપર્યાયો એ છેને? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન આદિ બધા વિભાવગુણપર્યાયો છે. વિભાવ એટલે વિશેષ. ત્રિકાળી સામાન્ય એકરૂપ ગુણસ્વભાવ એમાં નજર પડતાં તેને સમ્યગ્દર્શન થાય. એ સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળીભાવ. કહે છે, ભાવનોય આધાર નથી અહીં તો. **अप्पा** શબ્દ પડ્યો છે ખરોને. આહાહા! એકરૂપ, એમ. ભાવો તો ઘણા છેને. એકલો અપ્પા એકરૂપ. સમજાણું કાંઈ? **વિભાવગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...** એટલે કે 'છે' એમ કહેવામાં આવ્યા હતા.. 'છે' એમ કહેવામાં આવ્યા હતા. છેને, આવ્યુંને 'વિદ્યમાન' શબ્દ આવ્યોને. **ખરેખર વ્યવહારના કથનથી વિદ્યમાન છે**. છે પર્યાય છેને? નથી? આહાહા!

**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે)...** આહાહા! જુઓ! આ વીતરાગના કથનો, તીર્થંકરના કથનો. શુદ્ધનિશ્ચયના કારણે, એમ. બળ તો ઠીક. શુદ્ધનિશ્ચય સ્વરૂપની દૃષ્ટિએ જોતાં **તેઓ હેય છે.** એ પર્યાયમાત્ર હેય છે. આહાહા! શુભાશુભભાવની તો શું વાત કરવી, પણ જેને અનંત આનંદ (આદિ) ચતુષ્ટય પ્રગટ્યો. આહાહા! કેવળીને (પ્રગટેલું) અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સુખ, અનંત વીર્ય—એ પર્યાય પણ શુદ્ધનિશ્ચયનયના દૃષ્ટિએ હેય છે. આહાહા! કાયરના કામ નહીં અહીં. શેઠ! આ તો વીરોના કામ છે. વીતરાગી બાત હી યહાં હૈ. એકદમ પાછું કહે છે ..... મુદ્દેકી યે બાત હૈ.

(શ્રોતાઃ ધીરે ધીરે...) ધીરે ધીરે નહીં.... હળવે હળવે કાંધા કરેને. પાંચ લાખ પૈસા (માટે) શેઠિયા કાંધા કરેને. ઓલો કહે, પાંચ હજાર દો. હજાર હજાર પાંચ વર્ષે આપીશ, જા. એને કાંધા કહેને. કાંધાને શું કહે છે તમારામાં? હપ્તા. અમારે કાંધા કહે. પાંચ હજાર....... શું કરવું? હજાર હજાર કાઢ, પાંચ વર્ષના હપ્તા. એમ અહીં હપ્તા કરવા છે? આહાહા! હા, એવી વાત. માલ એ છે. પર્યાય તો માલ પણ નથી એમ કહે છે. આહાહા! ગજબ વાત છે! પર્યાયને બારદાન કહ્યુંને ભાઈએ. મફતનો કટકો છે. એને ક્યાં બીજા સાથે....? એણે એક વાત મૂકી તો...... એનો કોઈ ઉદ્દેશ એવો નહોતો.... આહાહા!

અહીંયા તો કહે છે કે જે ૪૯ ગાથામાં **વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેય કહેવામાં આવ્યા હતા, પરંતુ શુદ્ધનિશ્ચયના બળે**... ઓલો કહે છે ઉપાદેય, આ કહે છે હેય. બે નયો વિરુદ્ધ છે. વિરોધધ્વંસિની... બે નય વિરુદ્ધ છે. વિરુદ્ધ ન હોય તો બે એક થઈ જાય. આહાહા! છોટાભાઈ! આવું બધું ક્યાં ત્યાં.... એના ધંધામાંય નથી. દસ ..... ભેગા થઈને. આહાહા! અહીં

તો કહે છે કે દ્રવ્ય ને પર્યાય બે ભેગા નથી. બીજા ભેગાની વાતું શું કરવી? આહાહા! એ મનહર! આ બધું સમજવું પડશે હોં. ત્યાં ધૂળમાં કાંઈ નથી. મારી નાખશે બધા મોટા મોટા કહીને. ઓહોહો! પૈસા થયા, આવું છે, ધૂળ છે. એય! આ બધા મોટા મોટા કોથળા ચાર-ચાર કરોડ. હેરાનના રસ્તા છે બધા.

શ્રોતા : ગરીબપણું એ સારું છે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગરીબ ને ... આત્મામાં ક્યાં છે? ગરીબાઈ ક્યાં છે ને તવંગરપણું ક્યાં છે? આત્મામાં એ છે જ ક્યાં? આત્મામાં પર્યાય નથી ત્યાં વળી પછી આ ગરીબાઈ ને ... આવ્યું ક્યાંથી? એ મોહનભાઈ! આહાહા!

કુંદકુંદાચાર્ય ગાથામાં ... બતાવે છે જુઓને! **पुव्वुत्तसयलभावा परदव्वं**.. એ તો પદ્યની રચના છે તો એમ કહ્યું, બાકી તો **परसहावं परदव्वं**, એમ. પરસ્વભાવ છે માટે તેને પરદ્રવ્ય કહ્યું છે. એમાં છે નહીં. આહાહા! રજકણ, કર્મ ને શરીર (આદિ) પરદ્રવ્ય એની અહીં વાત છે જ નહીં. એક સમયનો પર્યાય... આહા! ત્રિકાળી સ્વભાવ.. ત્રિકાળી સ્વભાવ મહાસ્વભાવ ચૈતન્ય-ચમત્કાર, અનંત સ્વભાવની શક્તિવાળો મહાપ્રભુ. એવા અનંતા સ્વભાવની ધ્રુવતાની અપેક્ષાએ એક પર્યાયનો... પર્યાય—એક સમયનો એક અંશ. આહાહા!

આવું જે સ્વદ્રવ્ય સ્વભાવ, એમ ત્રિકાળીભાવ એ દ્રવ્ય. અંતઃતત્ત્વ કહ્યું છેને. તત્ત્વ એટલે ભાવ. અંતઃતત્ત્વ જે ત્રિકાળી તે દ્રવ્ય. ત્યાં એક સમયનો પર્યાય તે ક્ષણિક, તેથી પરભાવ, તેથી પરદ્રવ્ય. આહાહા! ગજબ વાત છે! યથાર્થ.. યથાર્થ.. યથાર્થ. ન્યાલકરણ.. ન્યાલ થવાના રસ્તા છે. આ પૈસામાં ન્યાલ થાય એમ લોકો કહે છે. હેરાન છે દુઃખીયા બિચારા. આહાહા! સ્વામિનારાયણ થયાને ત્યારે કાઠી...... કાઠી લોકો, કોળી લોકોને માંસ મૂકાવે. ... આમ બ્રહ્મચારી પાકા. ....... કારણ કે બ્રહ્મચારી રહ્યાને, ધર્મ ......... પણ બ્રહ્મચારી પાકા હોં. આહાહા!

એકવાર એનો માણસ કોઈ પરણતું હશે લગ્ન. શું છે આ? લગ્ન છે. અરે! મારા લગ્ન કરોને. લગ્ન એટલે... લગ્ન એટલે શું ત્યારે? એ સાંભળ્યું ને ત્રણ દિ' ઉલટી. રાત ને દિવસ ઉલટી. ........ ત્રણ દિ' ઉલટી. નાગરભાઈ કહેતા. એના લખાણ છેને. (શ્રોતાઃ ..) ના, ના, સ્વામિનારાયણ. બ્રહ્મચારી હતા. લગ્નનું બોલ્યો ખરો. બોલા, મેરી શાદી કરા દો. એને..... લગ્ન એટલે શું? સ્ત્રી સાથે જોડાણ. આહા! ત્રણ દિ' ઉલટી.. ઉલટી. રાત ને દિવસ. નાગરદાસ કહેતા. ઓલા લખાણ હોયને.

અને કોળી, હલકા માણસ પાસે માંસ છોડાવે. માંસ ખાવું નહીં, દારૂ પીવો નહીં. ઘણાનો આવું કરાવે. લોકો ન્યાલકરણ ન્યાલકરણ એમ કહેતાં. ડાકુને લૂંટવાનું છોડાવે. બ્રહ્મચારી માણસ ને. અમથા સંસારી માણસ હતા..... ઘોડી હતી, માણકી ઘોડી. ઘોડી ઉપર બેસીને જાય એટલે લોકોને એમ લાગે આહાહા... પુણ્ય, બહુ પુણ્યશાળી માણસ. ...... એને

લોકો ન્યાલકરણ કહેતા એમ અહીં કહેવું છે. લોકોને ન્યાલ કર્યા, ન્યાલ કર્યા. એ તો બધી વાતું છે.

આ (આત્મા) ન્યાલકરણ છે. આહાહા! ન્યાલ શું કહે છે? પૈસા આપે? ન્યાલ થયા એને શું કહે છે? તમારા એ નામનો છોકરો છે નિહાલચંદ. એને પૈસા ચાર કરોડ. નિહાલચંદ ને ન્યાલ—બેય હરામ. ન્યાલ એમ કહે છેને કે ન્યાલ થયા ભાઈ! ન્યાલ થયા એટલે પાંચ-પચાસ લાખ મળ્યા. ન્યાલ થઈ ગયા. ધૂળેય નથી ન્યાલ, સાંભળને! દુર્ગતિના પરિણામ થયા. ધૂળેય નથી અહીં. એની પાસે તો દુર્ગતિ છે, આકુળતા છે. દુનિયા ગમે તે .... કહે. દુનિયા તો પાગલ છે. પાગલ તો પાગલને વખાણે. એ પોપટભાઈ! આ ન્યાલકરણ. આહાહા! વીતરાગના પેટ ખોલ્યા છેને. બાપુ! તું વીતરાગમૂર્તિ છોને. ભાઈ! તારો એક-એક ગુણ વીતરાગસ્વભાવથી ભરેલો છે. ધ્રુવ ભરેલો છે. આહાહા! એ એક જ ઉપાદેય છે. દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં સ્થિરતા કરવી હોય તો એ બધું આ છે. આહાહા! ... ચારિત્ર ક્યાં છે ભાઈ? કહો, તારાચંદજી! આહાહા!

**જે વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા... ..... પરંતુ શુદ્ધનિશ્ચયના બળે...** એટલે શુદ્ધનિશ્ચયના સ્વરૂપને જોતાં... ત્રિકાળી શુદ્ધનિશ્ચયનો વિષય અથવા એ પોતે શુદ્ધનિશ્ચય તત્ત્વ છે. ભૂતાર્થ શુદ્ધનય કીધુંને. ભૂતાર્થ શુદ્ધવસ્તુ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એ જ શુદ્ધનિશ્ચયનય અને એ જ શુદ્ધનય(નો વિષય). (શુદ્ધનય)થી જોતાં **તેઓ હેય છે**. આહાહા! કેમ કે દ્રવ્ય પોતે નિશ્ચય ને પર્યાય પોતે વ્યવહાર. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ પોતે ત્રિકાળી નિશ્ચય ભૂતાર્થ. એક સમયનો પર્યાય તે વ્યવહાર ને અભૂતાર્થ. આહાહા! સમજાણું કાંઈ?

**શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે...** ઓલા પાઠમાં 'પરદ્રવ્ય' હતું, અન્વયાર્થમાં 'સ્વભાવ' લીધો હતો એ અહીં લીધો ત્રિકાળી. પરસ્વભાવ.. પરસ્વભાવ.. પરસ્વભાવ. આહાહા! અરે! પણ એની પર્યાય છેને એનામાં? ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છેને? ભલે હો, સ્વ ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ તો એ પરસ્વભાવ છે. આહાહા! કહો, કાંતિભાઈ! શા કારણથી હેય છે? એમ કહેવું છે. કારણ આપે છે. પર્યાયમાત્ર હેય છે, શા કારણે? ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જે પર્યાય છે તે હેય છે. શા કારણે? **કારણ તેઓ પરસ્વભાવો છે**... આહાહા! ત્રિકાળ સ્વભાવની અપેક્ષાએ તે પરસ્વભાવ છે. આહાહા! યથાર્થ.. યથાર્થ. સમજાણું કાંઈ? બહુ ચોખ્ખું. આહાહા! સૂરજના પ્રકાશ જેવું છે.

શા કારણથી હેય કહ્યા? **કારણ કે તેઓ પરસ્વભાવો છે**... કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ, અનંત જ્ઞાન.. જે પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક, અનંતા કેવળીઓ જણાય—એ એક સમયની પર્યાય પરસ્વભાવ છે. આહાહા! એક સમયની પર્યાય એટલે શું? તુચ્છ, અપરમભાવ. અપરમભાવ કહો કે પરસ્વભાવ કહો. આ પરમભાવ ત્રિકાળ. આહાહા! આ

અમૃતની લ્હાણી અપાય છે. સ્વભાવ..... આહાહા! ઓલા પેંડા વહેંચે ને નાળિયેર વહેંચે. આહાહા! એક સમયમાં ત્રિકાળ અને એક સમયમાં એક સમય(ની પર્યાય). બે ભાગ, વસ્તુના એક સમયમાં બે ભાગ. એક સમયમાં ધ્રુવ ત્રિકાળ અને એક સમયમાં એક સમયની પર્યાય. આહાહા! ...મલજી! બાત ઐસી હૈ. આહાહા! ધન્ય રે ધન્ય! વ્યવહારનો પક્ષ બેઠો હોય એને આ વાત આકરી પડે. ઓલું લાકડું કાઢે વ્યવહારનું. આહાહા!

**કારણ કે તેઓ પરસ્વભાવ છે અને તેથી જ પરદ્રવ્ય છે.** આહાહા! સ્વ ત્રિકાળી પોતાનો સ્વભાવ જ્ઞાન, દર્શન આદિ અનંત.. અનંત.. અનંત.. અનંત.. ગુણો. આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો જે ધ્રુવ. એકેક ગુણની શક્તિનું સત્ત્વ અનંત.. અનંત. એવા ત્રિકાળી ગુણોનો સ્વભાવભાવ એની અપેક્ષાએ આને પરસ્વભાવ કીધા. જ્યારે સ્વ-સ્વભાવ ત્રિકાળી એને સ્વદ્રવ્ય કીધું, અંતઃતત્ત્વ છેને, ત્યારે આને પરદ્રવ્ય કીધું. પંડિતજી! આહાહા! મહાપ્રભુ અંતર શુદ્ધ અખંડાનંદ. એક સમયની (પર્યાય) વ્યક્ત છે અને ઓલું અવ્યક્ત છે. આહાહા! સમજાણું કાંઈ? બસ એટલું હવે. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## મહા સુદ-૧, રવિવાર, તા. ૪-૨-૧૯૭૩
## ગાથા-૫૦, પ્રવચન નં. ૨૧૭

શુદ્ધભાવ એટલે ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આત્મામાં ત્રણ અંશ જોયા—ઉત્પાદ-વ્યયના બે અંશ અને એક ધ્રુવ. એ ધ્રુવની વ્યાખ્યા છે આમાં. ધ્રુવ એટલે શું હશે? (વ્યાખ્યા)–એનું કથન. આહાહા! આ દેહમાં આત્મા છે, એ દેહ તો જડ છે, આ તો માટી છે. અંદરમાં કર્મ છે એ પણ જડ–અજીવ છે. એમાં જે કંઈ પુણ્ય ને પાપના ભાવ થાય એ પણ વિકાર છે અને ઉપાધિ છે. અને એ ઉપાધિને જાણનારું વર્તમાન જ્ઞાન–પ્રગટ અવસ્થા એ પર્યાય છે. આહા! આ બધી વ્યાખ્યા જુદી જાતની છે. વીતરાગનો માર્ગ એટલો ઝીણો છે. એ પર્યાયથી ભિન્ન તત્ત્વ છે એને અહીં ધ્રુવતત્ત્વ કહે છે. શેઠ! આકરું ભારે. ટીકા. ગાથાર્થ થઈ ગયો છે.

**ટીકા : આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.** હેય એટલે દૃષ્ટિમાં છોડવાલાયક અને ઉપાદેય એટલે દૃષ્ટિમાં આદરણીય. બીજી ભાષા કહીએ તો ત્યાગ, હેય એટલે ત્યાગ અને ઉપાદેય એટલે ગ્રહણ—એની આ વ્યાખ્યા છે. વ્યાખ્યા એટલે કથન કરવું. **જે કોઈ વિભાવગુણપર્યાયો છે...** ઝીણી વાત છે ભગવાન! એવી વાત છે કે એણે કોઈ દિ' અંતરમાં લીધી નથી. સાધુ થયો અનંત વાર, મુનિવ્રત ધારણ કર્યા, અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો, જાણપણા કર્યા. પણ વાસ્તવિક વસ્તુ–તત્ત્વ ચૈતન્ય ભગવાન, વીતરાગ પરમેશ્વર જેને આત્મા કહે છે એનો એણે અનુભવ કર્યો નહીં, સમ્યગ્દર્શન કર્યું નહીં. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શન... મોક્ષમાર્ગ છેને અહીંયા. મોક્ષમાર્ગ છે એ તો પર્યાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ તો પર્યાય છે, પણ એ પર્યાય કોને અવલંબે પ્રગટે છે એવા ધ્રુવની વ્યાખ્યા આમાં વિશેષ કરી છે. સમજાણું કાંઈ? એ ધ્રુવસ્વરૂપ તે ઉપાદેય છે, એટલે અંતરમાં દૃષ્ટિ મૂકીને આદરણીય છે અને એક સમયની પર્યાય–અવસ્થા ને રાગાદિ એ બધા હેય છે. આહાહા! સમજાણું કાંઈ? જે છે એને હેય કહેવું છેને. ન હોય એને હેય શું? પર્યાય છે, રાગાદિ છે, એ બધા ધર્મીની ધર્મદૃષ્ટિમાં છોડવાલાયક છે. અંતરનું તત્ત્વ જે ત્રિકાળી એ જ આશ્રય કરીને, ઉપાદેય કરીને અનુભવવા લાયક છે. આહાહા!

**જે કોઈ વિભાવગુણપર્યાયો છે...** વિભાવ શબ્દે આત્મામાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ વિકારી, વિશેષ વિકારભાવ છે. અને આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાદિ પર્યાય થાય એ પણ વિભાવભાવ છે, વિશેષભાવ છે, તે સામાન્યભાવ નથી. સમજાણું કાંઈ? એ વિભાવ એટલે? ચાર ભાવને અહીં વિભાવ ગણ્યા છે. ઝીણી વાત છે ભાઈ! પુણ્ય ને પાપના વિકલ્પ જે રાગ એને વિભાવપર્યાય ગણી છે અને

ઉપશમ-સમકિત, ક્ષાયિક-સમકિત, કેવળજ્ઞાનની પર્યાય એને પણ અહીંયા વિભાવ એટલે વિશેષભાવની પર્યાય ગણવામાં આવી છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની દિવ્યધ્વનિમાં... સમવસરણમાં ગણધર અને ઇન્દ્રોની વચ્ચે ભગવાન સીમંધર પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. સમજાણું કાંઈ? એ સમવસરણમાં આ વાત દિવ્યધ્વનિ દ્વારા આવી હતી, એ સંતોએ શાસ્ત્રમાં રચી. આહાહા! કહે છે કે ચાર વિભાવપર્યાયો જે **તેઓ પૂર્વે (૪૯મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપાદેયપણે કહેવામાં આવ્યા હતા...** એટલે કે વર્તમાન છે તેને જાણવું જોઈએ એમ કહેવામાં આવ્યું હતું. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ જાણવું જોઈએ, પણ છે હેય.

શ્રોતા : ૪૯ (ગાથા)માં ઉપાદેય ને ૫૦ (ગાથા)માં હેય?

પૂજ્ય ગુરુદેવશ્રી : નહીં, નહીં, ઉપાદેયકા અર્થ કરતે હૈં. ઉપાદેયકા અર્થ જાનનેલાયક. વિદ્યમાન પહેલું કહ્યું છેને. વિદ્યમાન છેને. એ આવ્યું છે. વિદ્યમાન છે એમ આવ્યું છે. ઓલામાં આવ્યું છે. **વ્યવહારનયના કથનથી વિદ્યમાન છે.** ૪૯ (ગાથા)માં. ઉપાદેયની વ્યાખ્યા કરી છે કે એ જાણવાલાયક છે, વિદ્યમાન છે. ભગવાન વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. જગતને કેટલાકને તો સાંભળવા મળ્યો નથી. આહાહા! એ તત્ત્વ જેને જન્મ-મરણથી રહિત થવાનું.... ચોરાશીના અવતાર કરી રહ્યો છે એ અનાદિથી. નરક, નિગોદ, પશુના ભવ અનંત કરી કરીને માંડ મનુષ્યપણું પામ્યો છે. એમાં સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ એણે કહેલું મૂળ તત્ત્વ અને ઉત્તર એટલે વિશેષ તત્ત્વો—એ બેને યથાર્થપણે તો અનંતકાળમાં કોઈ દિ' જાણ્યા નથી. આહાહા!

કહે છે કે એ આત્માની પર્યાય છે. પર્યાય પણ સાંભળી ન હોય કોઈ દિ'. આહાહા! આત્મા વસ્તુ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યપિંડ અખંડ અભેદ સદશ ધ્રુવસ્વરૂપ એને અહીંયા સ્વ અંતઃતત્ત્વ કહી અને એને ઉપાદેય કહેવામાં આવ્યું છે, એ આદરણીય છે. એક સમયની પર્યાયમાં... વર્તમાન અવસ્થા એક જ સમયની છે. ચાહે તો કેવળજ્ઞાનની હો તો પણ એક સમયની અવસ્થા છે. આહાહા! એ બધી ચાર ભાવની પર્યાયો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ત્યાં જાણવાલાયક કહી હતી ૪૯માં.

**પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે.** એ નિશ્ચય નામ ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા સિદ્ધસ્વરૂપી પ્રભુ આત્મા છે, એમાંથી સિદ્ધપદ આવે છે. સિદ્ધપદ કાંઈ બહારથી આવતું નથી. એવો જે ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એનો અનુભવ જેણે કરવો હોય તો એવા ત્રિકાળીદ્રવ્યનો જ આશ્રય કરવો. શેઠ! આહાહા! પર્યાયને તો હેય કહી છે. એક જ તત્ત્વના બે ભાગમાં એક હેય ને એક ઉપાદેય. પરની સાથે કાંઈ સંબંધ નથી, જગતના બધા તત્ત્વો ભિન્ન વર્તે છે. એક જ તત્ત્વના બે અંશો, જીવતત્ત્વના બે અંશો—એક પર્યાય અંશ

અવસ્થા, એક ત્રિકાળી અંશ. છે એ ત્રિકાળી પણ અંશ. કેમકે નયનો વિષય છેને, નય અંશને જાણે છે. પ્રમાણ આખા અંશીને જાણે છે. આહાહા! આ શું વળી નય ને પ્રમાણ? એય રતિભાઈ! ...... આહાહા!

કહે છે, ભાઈ! એ આત્માના બે અંશ છે અંદર. આ કર્મ, શરીર, વાણી એ તો બધા પર છે. એ કાંઈ આત્માનો અંશ નથી. આ શરીર, વાણી, કર્મ એ તો અજીવતત્ત્વ છે. એ બધા પર છે. એની અહીં વાત નથી. અહીં તો આત્મા ભગવાન ત્રિકાળી ધ્રુવ (ઉપાદેય) અને એની વર્તમાન ઉત્પાદ-વ્યયની પર્યાય એટલે અવસ્થા ચાર ભાવવાળી એને અહીંયા હેય કહી છે. આહાહા! સમજાણું કાંઈ? **તેઓ હેય છે**. અંતરની દૃષ્ટિના બળથી જોતાં તેનો આશ્રય રહેતો નથી તેથી તેને હેય કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? **શા કારણથી?** હવે કારણ આપે છે. **કારણ કે તેઓ પરસ્વભાવો છે...** આત્મા વસ્તુ છે, એનો જ્ઞાન, દર્શન, આનંદાદિ અનંત સ્વભાવ, ત્રિકાળી સ્વભાવ છે. એ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાય, આ (ત્રિકાળી) સ્વ-સ્વભાવ છે તો એ (પર્યાય) પરસ્વભાવ છે. ભારે. સમજાણું કાંઈ?

છે ખરા. જેમ આત્મા વસ્તુ છે, એની અપેક્ષાએ પરદ્રવ્ય છે એ અવસ્તુ છે અથવા પરદ્રવ્ય છે. એમ ત્રિકાળી જ્ઞાયકભાવ ચૈતન્યબિંબ પ્રભુ એની અપેક્ષાએ એના ભાવ... અહીં પહેલા ભાવ લેવા છે હોં. પછી ભાવનું એકરૂપ આત્મા કહેશે. ભાઈ! આ તો ભાવ લીધો, પછી એનું એકરૂપ કારણપરમાત્મા કહેશે. આહાહા! એમાં જે ભાવ છે ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ગુણો સ્વભાવભાવ–સ્વભાવ, એ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાયનો ભાવ પરસ્વભાવ છે. આહાહા! માર્ગ બહુ ઝીણો છે. અનંત કાળમાં નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો. એ ક્યાંક ક્યાંક અટકી ગયો છે, વાસ્તવિક તત્ત્વના જ્ઞાન વિના. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, વસ્તુ પોતે આત્મા ત્રિકાળી આત્મા, એનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદાદિ ત્રિકાળી શક્તિ–સ્વભાવ. એ ત્રિકાળી સ્વભાવ સ્વ, તો એનો પર્યાયસ્વભાવ પર છે. આહાહા! સમજાય છે કાંઈ? ઝીણું છે એકદમ. તીર્થંકરદેવ વીતરાગમાર્ગનો છેલ્લામાં છેલ્લો સાર આ ગાથામાં છે. સમજાણું કાંઈ? આ પરમ દિ' આવી ગયું હતું, આજ ફરીને લીધું હોં. ઓલા આજ રવિવારે પાછા આવ્યાને. આહા! ભગવાન! એકવાર સાંભળ તો ખરો! આહાહા! તારી ચીજનો જે ભાવ છે ત્રિકાળી ભાવ એને અહીંયા સ્વદ્રવ્ય કહેવામાં આવ્યું છે. જ્યારે ત્રિકાળીભાવ... વસ્તુ ભગવાન અનાદિ-અનંત છે, નિત્ય છે. કાંઈ નવો થાય છે? નાશ થાય છે? એ તો અનાદિ-અનંત છે. અનાદિ-અનંત એવો ભગવાન આત્મા એના જ્ઞાન, દર્શન, આનંદ જે ગુણો એ પણ અનાદિ-અનંત છે. એ ગુણો જે અનંત ત્રિકાળી ધ્રુવ એ સ્વસ્વભાવ છે, એની

અપેક્ષાએ પર્યાયનો ભાવ વિકાર કે નિર્મળ કેવળજ્ઞાન કે ક્ષાયિક સમકિત કે ક્ષાયિક ચારિત્ર (એ પરભાવ). આહાહા!

અનંત ચતુષ્ટય અરિહંતને જે પ્રગટે છે—અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ, અનંત વીતરાગતા, અનંત વીર્ય, એ પર્યાય એટલે એક સમયની અવસ્થા છે. એ ત્રિકાળી સ્વ-સ્વભાવ અપેક્ષાએ એ પર્યાયને પરસ્વભાવ કહેવામાં આવે છે. આહાહા! હેય કેમ છે એનું કારણ મૂકે છે. શશીભાઈ! આહાહા! એક જ દ્રવ્યમાં બે અંશો, એમાં એક પર્યાય હેય કેમ છે અને ત્રિકાળી દ્રવ્ય ઉપાદેય કેમ છે? પહેલું ત્રિકાળી દ્રવ્ય નહીં, પણ ત્રિકાળીભાવ. આહાહા! જ્ઞાન, દર્શન, આનંદાદિ. જીવને સ્વદ્રવ્ય તરીકે ગણ્યું છે અને તેને સ્વભાવ તરીકે લેવું છે, સ્વસ્વભાવ કાયમી. એની અપેક્ષાએ એક સમયની પર્યાય પરસ્વભાવ. હેય કેમ? કે એ પરસ્વભાવ છે માટે. બહુ ઝીણું.

પરસ્વભાવ એટલે કર્મ ને જડ(વસ્તુ) એ નહીં હોં. એની દશામાં, હાલતમાં, પર્યાયમાં, અવસ્થામાં થતી નિર્મળ ને સમળ દશા... નિર્મળ ત્રણ દશા—ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. મલિન એક દશા ઔદયિકભાવ રાગાદિ. એ ચારેયને ત્રિકાળી સ્વભાવ ભગવાન ત્રિકાળી ગુણની અપેક્ષાએ એને પરસ્વભાવ કહ્યા, પરસ્વભાવ છે માટે હેય કહ્યા છે. સમજાણું કાંઈ? આવો ધર્મ કેવો? આ વીતરાગનો માર્ગ હશે? અહીંયા તો આમ છકાયની દયા પાળવી, વ્રત કરવા, તપસ્યા કરવી. લ્યો એવું બધું સાંભળ્યું છે અત્યાર સુધી તો. ભાઈ! એ તો બધી વાતું મંદરાગની ક્રિયાની વાતું છે. આહાહા! નવરંગભાઈ! ગળીને પાણી પીવું. કહો, નવરંગભાઈ! પાંચની સાલ નહીં? પાંચની સાલ. કેવા? નાનાલાલભાઈના મકાનમાં. આહાહા!

અનેક પ્રકાર છેને. મૂળ ચીજને પકડવી અને એની પર્યાયમાં થતાં ભાવને હેય જાણવા. આહાહા! છે ત્યારે હેય ને? કે ન હોય ને હેય? કહે છે કે ચાર ભાવ જે અવસ્થા છે, એ શુદ્ધ નિશ્ચય ત્રિકાળીની દૃષ્ટિની અપેક્ષાએ એ હેય છે. **શા કારણથી? કારણ કે તેઓ પરસ્વભાવો છે, અને** પરસ્વભાવ છે **તેથી જ પરદ્રવ્ય છે.** આહાહા! સમજાણું કાંઈ? આ તો કેવળીઓના પેટ છે. આહાહા! સર્વજ્ઞ ભગવાન વીતરાગ તીર્થંકરદેવ મહાવીર પરમાત્મા આદિ તો મોક્ષ પધાર્યા, પણ સીમંધરાદિ વીસ તીર્થંકરો મહાવિદેહમાં બિરાજે છે. લાખો કેવળીઓ છે, વીસ તીર્થંકરો છે. એની સભામાં ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા. સંવત ૪૯. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રદશા હતી, પણ વિશેષ નિર્મળતા થઈ, સાંભળીને આવ્યા ને આ શાસ્ત્રો રચ્યા,. આહાહા!

કહે છે, ભગવાન એમ કહેતા હતા કે આત્મામાં જે પર્યાય એટલે અવસ્થાઓ થાય એની મુદત એક સમયની છે. ચાહે તો કેવળજ્ઞાન હોય તોય એક સમય રહે, બીજે સમયે બીજું થાય, કારણ કે પર્યાય છે ને. આકરું પડે આકરું. પંડિતોને આકરું પડે છે લખવામાં. કેવળજ્ઞાન પર્યાય? અરે! બધા પંડિતો બેઠા હતા. કૈલાશચંદજી કહે, સાંભળો તો ખરા, શું કહે છે એ.

આપણે સાંભળ્યું ન હોય એટલે કાંઈ બીજું થઈ જતું હશે? કેવળજ્ઞાન પણ... જ્ઞાનગુણ તો ત્રિકાળ છે. ગુણસ્વરૂપે ભગવાન આત્માનો સ્વભાવ-ગુણ તો ત્રિકાળ છે. એની પ્રગટતી અવસ્થા એ તો પર્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? કેવળજ્ઞાન પ્રગટે છે. એ કાંઈ અનાદિનું કેવળજ્ઞાન હોતું નથી. અનાદિનો તો જ્ઞાનગુણ છે અંદર ત્રિકાળ. એ ત્રિકાળી જ્ઞાનગુણના સ્વભાવની અપેક્ષાએ પ્રગટેલી એક સમયની પર્યાયને પણ પરસ્વભાવ કહેવામાં આવે છે. આહાહા! રાગ ને એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ?

એ હેય કેમ કહ્યા પરમાત્માએ તીર્થંકરદેવે? કે ભાઈ! એ એક સમયની દશા છે અને ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એની મુદત એક સમયની છે. ત્રિકાળી સ્વભાવ સ્વ છે, ત્યારે આને પરસ્વભાવ કહીને હેય કહેવામાં આવ્યા છે. લખ્યે પાર આવે એવું નથી. મૂળચંદભાઈ! એવી વાતું છે આ તો. આહાહા! કેવળજ્ઞાની એટલે શું? જેણે ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં-સેકંડના અસંખ્યભાગમાં જાણ્યા. કેવળી અરિહંત ત્રણ લોકના જાણનારા, ત્રણ કાળ, ત્રણ લોક. આહાહા! એવું જે કેવળજ્ઞાન... એની દિવ્યધ્વનિ-ભગવાનની વાણીમાં આવ્યું કે આ જે કેવળજ્ઞાનની પર્યાય છે પણ એ એક સમય પૂરતી છે. માટે અમારા ત્રિકાળી ગુણસ્વભાવની અપેક્ષાએ તેને અમે પરસ્વભાવ કહીને હેય કહીએ છીએ. આહાહા! કહો, હિંમતભાઈ! સમજાણું કાંઈ? 'સમજાણું કાંઈ' આવે છેને.

અરે ભાઈ! આ તો તીર્થંકરનો માર્ગ છે. 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં' આવે છેને મંગળિકમાં. પણ શું કહેવું છે એની ખબર ન પડે. 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં, કેવલી પણ્ણત્તો ધમ્મો (લોગ)-ઉત્તમા' એ કોને કહેવો? ભગવાન! ઝીણી વાત છે ભાઈ! અહીંયા આચાર્ય મહારાજે વીતરાગની વાણીથી અનુભવ્યું ને જાણ્યું. પછી કહેવામાં આવ્યું ત્યારે એમ કહ્યું કે ભાઈ! જેટલી પર્યાયો-અવસ્થાઓ છે એ હેય કીધી ભગવાને. કેમ? તેઓ પરસ્વભાવ છે. કેમ? કે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાય પરસ્વભાવ છે. આહાહા! અને તેથી જ પરદ્રવ્ય છે, એમ પાછું.

એક સમયની પર્યાય કેવળજ્ઞાનની પર્યાય, ક્ષાયિક સમકિત, ચારિત્ર-સ્વરૂપની રમણતારૂપ દશા ચારિત્ર—એ બધી પરસ્વભાવ. ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ એક સમયની પર્યાય તે પરસ્વભાવ. તેથી તેને પરદ્રવ્ય કહ્યું છે. ત્રિકાળી દ્રવ્યમાં એ નથી. આહાહા! સમજાણું કાંઈ? કહો, દાસ! આ તો આવ્યું હતું પરમ દિ' સવારમાં. આ તો ફરીને લીધું. નવા છેને કેટલાક. આહાહા! અરે! તું કોણ છો, ક્યાં છો—એની એને ખબર ન મળે. પરની બધી માંડી. તું કોણ છો, ક્યાં છો, કેમ છે? કહે છે કે તું બે પ્રકારે છો. એક પર્યાય પ્રકારે, એક ધ્રુવ પ્રકારે. પર્યાય પણ સાંભળી ન હોય. ઓલો પંડિત કહે, પર્યાયનું અમને કંઈ કહો. સુભયશાસ્ત્રી. દક્ષિણપંથમાંથી આવ્યા હતાને સુભયશાસ્ત્રી. પંડિત છે મોટો. કહે, પર્યાય અમે અહીં સાંભળી.

એ એક સમયની અવસ્થા—ધ્રુવ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ એની હાલત. જેમ સોનું છે એ કાયમ છે, પણ સોના ઉપરમાં કડા, વીંટીની અવસ્થાઓ થાય એ પર્યાય–અવસ્થા કહેવાય. એ કાયમ ન રહે, બદલતી રહે. સોના સોનાપણે કાયમ રહે અને સોનાની પીળાશ, ચીકાશ, વજન ગુણ તરીકે કાયમ રહે. એમ આત્મામાં, આત્માપણું (અર્થાત્) એના જ્ઞાન-દર્શન-આનંદાદિ એના ગુણો એ ત્રિકાળ રહે. સોનામાં જેમ વીંટી, કડા ને અવસ્થાઓ થાય, એમ આ પર્યાયમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન, રાગ ને અરાગ–વીતરાગ એ બધી પર્યાયો છે. સમજાણું કાંઈ? એ પર્યાયને પરમાત્માએ હેય કીધી છે. આહાહા! કેમકે એ વ્યવહારનયનો વિષય છે. આહાહા! ભારે વ્યવહાર. ભાઈ! કેવળજ્ઞાનેય વ્યવહારનયનો વિષય. પર્યાય છે ને. આહાહા!

એવી અનંતી કેવળજ્ઞાન પર્યાયો પ્રગટ્યા કરે છે એ ધ્રુવમાંથી–અંદરમાંથી આવે છે. ચોસઠ પહોરી પીપર હોય છે, એમાં ચોસઠ પહોરી તીખાશ તો ભરેલી છે અંદર, કાયમ ભરેલી છે. ભલે આટલી નાની લાગે, રંગે કાળી, તીખાશમાં અલ્પતા બહાર દેખાય, પણ અંદરમાં ચોસઠ પહોરી છે. હવે સો પૈસાનો રૂપિયો થયોને, પહેલો તો ચોસઠ પૈસાનો રૂપિયો હતોને. ચોસઠ પૈસા કહો, સોળ આના કહો, રૂપિયો કહો. એ પીપરના અંદરમાં સોળ આના ચરપરાઈ–તીખાશ ભરી છે ચોસઠ પહોરી. ઘૂંટે છે એમાંથી આવે છે. કાંઈ બહારથી આવે છે? આહાહા! અહીં તો કહે છે, ચોસઠ પહોરો સ્વભાવ એની અપેક્ષાએ, એક-એક સમયની એક પહોરી, બે, પહોરી, ત્રણ પહોરી, ચોસઠ પહોરી ભલે થાય, પણ એ બધો પર્યાયસ્વભાવ છે અને ચોસઠ પહોરો ત્રિકાળ એ ગુણસ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**તેથી જ**... પાઠ એમ છેને. જુઓ! **अतएव परद्रव्यं भवति**.. સંસ્કૃત એમ છે. **अतएव परद्रव्यं भवति**.. આહાહા! દ્રવ્યનું આ ભારે કથન છે. જગતને વીતરાગનો માર્ગ મેળવવો ભારે કઠણ. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ અનંત થઈ ગયા, વર્તમાન બિરાજે છે વીસ તીર્થંકરો મહાવિદેહમાં, ભવિષ્યમાં અનંત થશે. બધા તીર્થંકરોનું આ કથન છે કે આત્મા અંદર વસ્તુ જે ત્રિકાળી છે... ત્રિકાળી છેને. એ કાંઈ નવું છે? કોઈએ કર્યો છે? ઈશ્વર-બિશ્વર છે કે એના આત્માને કરે? આહાહા! એ તો અનાદિનો છે, અનંત રહેશે, અનંતકાળ. આત્મા જેમ અનાદિ-અનંત, એમ એના ગુણો પણ અનાદિ-અનંત. જ્ઞાન, દર્શન, આનંદ એના સ્વભાવો ત્રિકાળ રહેનારા જે અનાદિ-અનંત છે અને એક સમયની અવસ્થા, એની મુદત છે એક સમય. આહાહા!

ચાહે તો રાગ ઉત્પન્ન થાય કે ચાહે તો કેવળ ઉત્પન્ન થાઓ, ચાહે તો વીતરાગતા ઉત્પન્ન થાઓ કે ચાહે તો અક્ષરનો અનંતમો ભાગ નિગોદના જીવને પર્યાય રહો—એ બધી પર્યાયોને ભગવાન હેય કહે છે. નજર ત્યાં નાખવા જેવી નથી. જાણવા જેવું છે, નજર ત્યાં નાખવા જેવી નથી. નજર તો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ સ્વભાવ, અહીં પહેલો સ્વભાવ કહેવો છે

હોં, એમાં નજર નાખવા જેવી છે. એને સમ્યગ્દર્શન થાય. આહાહા! આવું સમ્યગ્દર્શન લોકોએ કંઈક કરી નાખ્યું. ડાળા ને પાંદડા જેવું. આહાહા! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે. સમજાણું કાંઈ? કહે છે કે એવો ભગવાન આત્મા, એમાંથી પ્રગટેલી એક સમયની અવસ્થાઓ, તેને અમે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ પરસ્વભાવ કહીને હેય કહી છે, અને તેથી તેને અમે પરદ્રવ્ય કહ્યા છે. ત્યારે હવે સ્વદ્રવ્ય લે છે. સ્વદ્રવ્ય શું ત્યારે? આહાહા!

કે **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત...** આત્મા ત્રિકાળી પ્રભુ, એની એક સમયની જે પર્યાય એ બધી વિભાવગુણપર્યાય છે. **સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વ-સ્વરૂપ...** શુદ્ધ અંતઃતત્ત્વ લીધું છેને. અર્થ નથી લીધો. ભાઈ! સમજાય છેને? શુદ્ધ અર્થ નથી લીધો, તત્ત્વ લીધું છે. કાંઈ ભાવ લેવો છે, એમ મારે કહેવું છે. 'તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનં' આવે છેને. તો તત્ત્વ એટલે ભાવ છે અને અર્થ એટલે દ્રવ્ય છે. એ તો નવું આવે, થોડું-થોડું નવું પણ આવે. કાંઈ એક જ જાતનું આવે? આ બધું તો વિચારેલું છે, આનો અર્થ કંઈ નવો નથી. કહેવામાં કેમ આવે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આને અંતઃતત્ત્વસ્વરૂપ કીધું. ભગવાન આત્મા જે અનાદિ-અનંત વસ્તુ છે એના ભાવો, તત્ત્વ એટલે ભાવ, જ્ઞાન, દર્શન, આનંદ ત્રિકાળ હોં ધ્રુવ, એવા શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ એને **સ્વદ્રવ્ય** કહીને **ઉપાદેય** કહ્યું **છે.**

બે ભાવની અપેક્ષાએ એક ત્રિકાળી સ્વભાવ ને એક સમયની પર્યાયનો સ્વભાવ. એ પર્યાયના સ્વભાવને હેય (કહ્યો), કેમકે એ પરદ્રવ્ય છે. પરસ્વભાવને કારણે હેય અને તેથી પરદ્રવ્ય છે. હવે આ બાજુ, એકકોર ભગવાન ત્રિકાળ નિત્યાનંદ આત્મા, સર્વજ્ઞ ભગવાને જોયેલો એ. એ સિવાય–તીર્થંકર સિવાય, ત્રણ કાળમાં ભગવાન સિવાય બીજા આત્માની વાતું કરે એ બધી કલ્પનાની વાતું હોય છે. વીતરાગમાર્ગમાં કેવળીએ જે આત્મા કહ્યો એ આત્મા કોઈએ બીજાએ જોયો નથી. એ કેવળી પરમાત્મા કહે છે કે અંતઃ.. શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ.. શુદ્ધ અંતઃભાવસ્વરૂપ... તત્ત્વ એટલે (ભાવ), એમ. સમજાણું કાંઈ?

આ વસ્તુ ભગવાન આત્મા, એનો સ્વભાવ જે અંતઃતત્ત્વ, તત્ત્વ નામ ભાવ, ત્રિકાળી ભાવસ્વરૂપ એને સ્વદ્રવ્ય કીધું. દાસ! આહાહા! જ્યારે એક સમયની પર્યાયને પરભાવ કહી, પરદ્રવ્ય કીધું. ત્યારે ત્રિકાળીસ્વભાવને સ્વભાવ કહી સ્વદ્રવ્ય કીધું. મુલચંદભાઈ! એમાં લખ્યે પાર આવે એવું નથી. યાદ રાખવું. બાપા! આ માર્ગ તો અંતરની વસ્તુ છે. સમજાણું કાંઈ? આહાહા! સો-સો ઇન્દ્ર જેના–કેવળીના તળિયા ચાટે એ કેવળજ્ઞાન કેવું હશે? ઇન્દ્રો આવીને ગલુડિયાની જેમ... ગલુડિયા સમજતે હો? કુત્તીકા બચ્ચા. પિલ્લા કહતે હૈં? પિલ્લા. આપણને બહુ આવડે નહીં. કુત્તીના બચ્ચા અમારે કહે કુતરીના. ભગવાનના સમવસરણમાં–ધર્મસભામાં ઇન્દ્રો, અર્ધલોકના સ્વામી—શકેન્દ્ર દક્ષિણનો સ્વામી, ઇશાનેન્દ્ર ઉત્તરનો સ્વામી, એ પણ

આવીને (સાંભળે). એ ભગવાનની વાણી કેવી હશે? ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? એ વાણીમાં આ આવ્યું છે. ગિરધરભાઈ! આહાહા!

અરેરે! જેને સાંભળવા મળે નહીં, એ શું ચીજ છે એ સમજવાની તો પછી વાત. સાંભળવા મળે નહીં, સમજે કે દિ', રુચિ કરે કે દિ' અને અનુભવ કરે કે દિ'? આહાહા! અને અનુભવ વિના સમ્યગ્દર્શન ત્રણ કાળમાં ન થાય. આહાહા! અને સમ્યગ્દર્શન વિના એને જ્ઞાન ને ચારિત્ર એકેય સાચા હોય નહીં, બધા ખોટા–એકડા વિનાના મીંડા છે. આહાહા! એને સ્વદ્રવ્ય કહીને ઉપાદેય કહ્યું. જ્યારે એક સમયની પર્યાયને પરસ્વભાવ કહી પરદ્રવ્ય કહી હેય કહ્યું. શબ્દાર્થમાં–અન્વયાર્થમાં એમ છે ભાઈ! પરસ્વભાવ કહી, પરદ્રવ્ય કહી ને હેય કહ્યું. ટીકામાં સ્પષ્ટ કરવા માટે (કહ્યું) કે આ હેય છે. શા કારણે? એમ કરીને કારણ આપ્યું. આહાહા! સમજાણું કાંઈ?

હવે કહે છે, અંતઃતત્ત્વ જે સ્વદ્રવ્ય કહ્યું એ શું અને એનું એકરૂપ શું—એ હવે બતાવે છે. જે અંતઃતત્ત્વ સ્વભાવ એ તો અનંત છે–અનેક છે. આત્મામાં ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી, દર્શન, ત્રિકાળી આનંદ એવા અનંતા ગુણો ત્રિકાળ છે, અનંત છે. એને અહીંયા સ્વદ્રવ્ય કીધું. સ્વસ્વભાવ ગણીને એને સ્વદ્રવ્ય કીધું. પર્યાયને પરસ્વભાવ ગણીને એને પરદ્રવ્ય કીધું. એને (પર્યાયને) હેય કહ્યું, ત્યારે આને ઉપાદેય કહ્યું. હવે એનું એકરૂપ લેશે. **ખરેખર સહજજ્ઞાન** ત્રિકાળી.. ત્રિકાળી ભગવાન આત્માનો ગુણ–જ્ઞાનગુણ જે ત્રિકાળી, **સહજદર્શન** ત્રિકાળી, **સહજચારિત્ર...** સ્વરૂપમાં વીતરાગભાવ ત્રિકાળી, **સહજપરમવીતરાગસુખાત્મક**... સ્વભાવિક પરમવીતરાગ આનંદસ્વરૂપ.

**શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...** શુદ્ધઅંતઃતત્ત્વ સ્વભાવ-સ્વરૂપ. સમજાણું કાંઈ? આ તો ભઈ આકરી વાત છે હોં. વીતરાગનો માર્ગ... સમ્યગ્દર્શનનો આશ્રય કોણ અને હેય કોણ—એ વાતમાં મુદ્દાની રકમ છે. આકરી વાતું. મીઠી નજરું ચૈતન્યના મઢેલ રસવાળી છે. આહાહા! કહે છે, આત્મામાં ત્રિકાળી વીતરાગસુખાત્મક-સ્વરૂપ, પરમવીતરાગસુખસ્વરૂપ, પરમવીતરાગ આનંદસ્વરૂપ... આત્મામાં ત્રિકાળ આનંદ છે.. આત્મામાં ત્રિકાળ આનંદ છે. આહાહા! ત્રિકાળ સહજજ્ઞાન, ત્રિકાળ સહજદર્શન, ત્રિકાળ સહજચારિત્ર, ત્રિકાળ પરમસુખ—એવું જે શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ. આહાહા! ગજબ ટીકા છેને! ચૌદ પૂર્વ ને બાર અંગને ખેંચીને સાર કાઢ્યો છે. સમજાણું કાંઈ?

શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ.. શુદ્ધઅંતઃભાવસ્વરૂપ.. અંતર ત્રિકાળીભાવસ્વરૂપ એવું જે સદશ.. આહાહા! એનો આધાર... હવે એકપણું લેવું છે. ઓલા ઘણા ગુણો પડ્યાને. જ્યારે પર્યાયમાં અનેકતા છે અને ગુણમાંય અનેકતા છે, પણ (ગુણની) ત્રિકાળી અનેકતા, આ એક સમયની અનેકતા. સમજાણું કાંઈ? એ ત્રિકાળી વસ્તુ જે સ્વભાવભાવ, સ્વદ્રવ્ય એનો આધાર એટલે? એ

સ્વદ્રવ્યનું એકરૂપ, ત્રિકાળી સ્વભાવનું એકરૂપ સહજ પરમપારિણામિકભાવ. આહાહા! દ્રવ્ય-ગુણે તો પારિણામિકભાવે જ હતા, પણ આ તો એકરૂપ હવે લેવું છે સમજાણું કાંઈ?

**સ્વદ્રવ્યનો આધાર**... સ્વદ્રવ્ય એટલે અંતઃતત્ત્વસ્વભાવભાવ એ જ પોતાનું સ્વદ્રવ્ય છે એમ કહે છે. એનું હવે એકરૂપ સહજ પરમપારિણામિકભાવ. આત્મા એકરૂપ છે, સ્વભાવ અનેક છે. એકરૂપ **આ સ્વદ્રવ્યનો આધાર સહજપરમપારિણામિકભાવલક્ષણ (-સહજ પરમ પારિણામિક ભાવ જેનું લક્ષણ છે એવો) કારણસમયસાર છે.** આહાહા! ત્રિકાળી ભગવાન આત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાન સ્વભાવનો એકરૂપ આધાર એને અહીંયા પરમપારિણામિકભાવ કહ્યો છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? ઓલા ગુણોમાં તો અનેક આવ્યા હતાને. સહજજ્ઞાન (આદિ) એમ લીધાને. આ એનું એકરૂપ.. એકરૂપ. ઓહોહો!

એવા અનંત સ્વભાવભાવરૂપી અંતઃતત્ત્વ, એ અંતઃતત્ત્વનું એકરૂપ એ પરમપારિણામિક સ્વભાવભાવ એ એકરૂપે છે, એ સમ્યગ્દર્શનનો વિષય છે, સમ્યગ્દર્શનનું ધ્યેય આ છે. સમજાણું કાંઈ? આહાહા! કહો, શશીભાઈ! આ ગાથામાં પહેલા આવ્યા હતા ક્યારેય? ..... અહીં તો એક ગાથા કાલ લીધી, વળી પાછા આજના ભાવ...... નવું નવું (આવેને). આહાહા! કારણસમયસાર એટલે શું? કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જે અરિહંતને પ્રગટે એ તો કાર્ય છે. પર્યાય છેને એ તો. પર્યાય એટલે કાર્ય. આ ત્રિકાળી દ્રવ્ય તે કારણ. સમજાણું કાંઈ? ભગવાન તીર્થંકરને અરિહંતોને, સિદ્ધોને પણ એ પ્રગટ્યું છેને. અરિહંતને તો ચાર કર્મ બાકી છે. સિદ્ધને તો આઠેય કર્મ રહિત એકલો આત્મા રહી ગયો છે. 'ણમો સિદ્ધાણં.' 'ણમો અરિહંતાણં'માં તો ચાર ઘાતિ કર્મનો નાશ છે ને અઘાતિનો હજી સંબંધ રહ્યો છે

પણ અહીં તો કહે છે કે જે કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ અનંત આનંદ ને અનંત વીર્ય, એવી જે કેવળજ્ઞાનની દશામાં અનંતગુણની પર્યાય પ્રગટ થઈ એને કાર્યપરમાત્મા કહે છે. કાર્યપરમાત્મા એટલે પર્યાયરૂપી પરમાત્મા. અને ત્રિકાળી દ્રવ્યને કારણસમયસાર એટલે કારણપરમાત્મા કહે છે કે જેમાંથી કાર્યદશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! કહો, નવરંગભાઈ! આહાહા! ........... કહે છે કે જેને અમે પરસ્વભાવ કહીને હેય કહ્યા હતા એ તો કાર્યપરમાત્મા હેય છે, એ વ્યવહારનયનો વિષય છેને. એ પર્યાય પ્રગટેલી છેને. પ્રગટી છે તે સાદિ-અનંત ભલે રહે, પણ એ ત્રિકાળી નથી માટે વ્યવહાર થઈ ગયો એ તો. ત્રિકાળી તે નિશ્ચય છે. સમજાણું કાંઈ? આહાહા!

એવો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ (એવા) સ્વભાવનું એકરૂપ દ્રવ્ય એવો કારણસમયસાર, ભગવાન ત્રિકાળી કારણસમયસાર, બસ એ જ આશ્રય કરવાલાયક છે. દૃષ્ટિ ત્યાં મૂકવી. આપણી વાત શું ચાલે છે? પર્યાય ઉપર અનાદિની દૃષ્ટિ છે ત્યાં સુધી બહિરાત્મા છે. પછી ભલે પર્યાય પ્રગટે ત્યારે અંતરાત્મા થાય, પણ એ પર્યાય છે. એ પર્યાયને, ત્રિકાળી ધ્રુવ

ભગવાન શુદ્ધ ચૈતન્યતત્ત્વ, એ દૃષ્ટિને અંતરમાં મૂકવી. આ કાંઈ શબ્દોથી પાર પડે એવું છે? આહાહા! સ્વદ્રવ્યનું કેટલું કહેવું! વર્તમાન પર્યાયમાં એનું માહાત્મ્ય આવીને એ તરફ ઢળી જવું, એમાં એકાગ્ર થતાં જે સમ્યગ્દર્શન થાય એને ભગવાન સમકિત કહે છે. તે સમકિત મોક્ષનો માર્ગ છે. અજ્ઞાનીઓએ કલ્પેલું (સમકિત)—દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા ને નવતત્ત્વની શ્રદ્ધા, વ્યવહારની શ્રદ્ધા એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. આહાહા!

આ અનંતકાળે નહીં જણાયેલી, નહીં માનેલી આ વસ્તુ છે. સાધુ અનંતવાર થયો, પંચમહાવ્રત ધારીને નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો, પણ એ બધો રાગ હતો. એનું એને ભાન નહોતું. એ દુઃખ હતું. એનાથી રહિત ચિદાનંદ ભગવાન નિત્યાનંદ પ્રભુ એનો આશ્રય લેતાં, એને અવલંબતાં, એને ઉપાદેય માનતાં સમ્યગ્દર્શન થાય છે. અને પછી એને સાથે સમ્યગ્જ્ઞાન થાય અને પછી એ જ્યારે સ્વરૂપમાં રમણતા કરે ત્યારે એને ચારિત્ર થાય. ત્યારે એનો મોક્ષનો માર્ગ આખો (-પૂરો) થયો. નિયમસાર છેને. નિયમનો અર્થ મોક્ષમાર્ગ. આહાહા! સમજાણું કાંઈ? આમાં કેટલું યાદ રહે? બધી ભાષા બીજી જાતની. મુલચંદભાઈ! હવે શેઠિયા થઈને કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં.

શ્રોતા : સાધકદશામાં શું હોય?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ સાધકની, શેની વાત ચાલે છે? સાધકદશામાં, 'સાધક થવું' એ આને આશ્રયે થાય છે. તેથી સાધક....... આહાહા! સાધકદશા દ્રવ્યને આશ્રયે થાય છે. આહાહા! સમજાણું કાંઈ? મણીભાઈ! હવે ઝીણું આવી ગયું હોં બરાબર. મણીભાઈ આવ્યા અને તાકડે આ ગાથા આવી છેને. ઝીણામાં ઝીણું છે આ. એ હીરાલાલજી! આહાહા! .......... આહાહા! કારણસમયસાર એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ, ત્રિકાળી આત્મવસ્તુ એને અહીંયા કારણસમયસાર કહ્યો છે. એવા કારણસમયસારને આશ્રયે પ્રગટતી પૂર્ણ દશા—કેવળજ્ઞાન, કેવળદર્શન, અરિહંતપદ આદિ એને કાર્યસમયસાર કહેવામાં આવે છે, કેમકે પર્યાય છે માટે. પર્યાય તે કાર્ય, ત્રિકાળીદ્રવ્ય તે કારણ. કાર્યપરમાત્મા .... છેને. આહાહા! કહો, પોપટભાઈ!

આ રૂપિયા રળવામાં આવું કાંઈ સમજવું નહીં પડ્યું હોય. ઢગલા એની મેળે થઈ જાય. આ પૂર્વની ધૂળ પડી હોયને અંદર, શાતાવેદનીયના–પુણ્યના પરમાણુનો પાક થાય તો પચ્ચીસ પચાસ લાખ, કરોડ-બે કરોડ દેખાય. ત્યાં ક્યાંય બુદ્ધિ કામ ન કરે. એ શેઠ! ધૂળમાંય બુદ્ધિ (કામ ન લાગે). એ તો ધૂળ છે બહારની. એ તો પૂર્વની કોઈ ધૂળ–શાતાવેદનીય પડી હોય, એનો પાક થાય ને સોગઠી ગોઠવાઈ જાય અને દેખાય કે અમે ડાહ્યા છીએ ને પેદા કરીએ છીએ. મૂરખ છે મોટો. એય! આ તો મહાપ્રભુ... આહાહા! પાંચ મિનિટ બાકી રહી. આટલી લીટીનો કેટલો સાર છે. હજી તો થોડુંક કહ્યું હોં. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરોને શું કહેવું છે, ધર્મ કેમ પ્રગટે, કેવા ધર્મીને આશ્રયે (પ્રગટે).

ધર્મ નામ અનંતા ગુણો જે વસ્તુનો સ્વભાવ 'વત્થુસહાવો ધમ્મો.' એ આત્માનો સ્વભાવ તો ત્રિકાળી જ્ઞાન, દર્શન, આનંદાનંદાદિ એનો સ્વભાવ છે. એ સ્વભાવનું એકરૂપ તે વસ્તુ. આહાહા! તેનો આશ્રય લઈને જે કાર્ય થાય એ તો પર્યાય થઈ.. પર્યાય થઈ. કેવળજ્ઞાન એ પર્યાય છે, સિદ્ધપદ એ પર્યાય છે, ગુણ નથી. ગુણ ને દ્રવ્ય તો ત્રિકાળી છે. આહા! સિદ્ધપણું એ પર્યાય છે, અવસ્થા છે, ક્ષણે ક્ષણે બદલે છે. એ કાર્યપરમાત્મા છે. નહીં બદલતી એકરૂપ સદૃશ ચીજ તે કારણપરમાત્મા. આહાહા!

કહો, આ સાધકની (વાત) ચાલે છે શેઠ! સાધકપણું હોય તો આ કરવું, એમ કહે છે. સાધકપણું એટલે દાન દેવા (એ નહીં). પર્યાય કોને આશ્રયે થાય એ કહે છે. સાધકપણું– મોક્ષમાર્ગ પર્યાય હૈ ન. નિયમસાર એ પર્યાય છે. આ નિયમસાર પર્યાય ક્યાંથી પ્રગટ થાય? કાંઈ હોય એમાંથી આવે કે ન હોય એમાંથી આવે? ભંડાર ચીજ વિના અધ્ધરથી આવે વસ્તુ? પીપરમાંથી બે પહોર, ચાર પહોર, દસ પહોર થઈ એ આવી ક્યાંથી? પથ્થરથી આવી? અંદરમાં છે એમાંથી આવી છે. એ પથરેથી આવે તો લાકડા ને કોલસાથી ઘસી નાખેને? ક્યાં હતું ત્યાં? એમ અંદરમાં વસ્તુ ભગવાન આત્મામાં, કેવળી પરમેશ્વરે કહ્યું કે અમે જે કેવળજ્ઞાન પ્રગટ કરીએ એ અંદરના આશ્રયમાંથી આવ્યું છે. શું કીધું?

શ્રોતા : ભેદાભેદકી લડાઈ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભેદાભેદ નહીં, અભેદની સાથે એકાકાર. શેઠ! હવે લાકડું નાખે છે અંદર. ભેદાભેદ નહીં, એકલું અભેદ. ભેદ તો પર્યાય છે. ભેદ છે એ પર્યાય છે, વ્યવહાર છે. અભેદ છે એ દ્રવ્ય છે એ નિશ્ચય કહેવાય. ... કાંઈ હવે બાકી નથી હવે. જે સત્ય હતું એ બહાર આવી ગયું. વીતરાગ કેવળી પરમાત્માનો માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા! એને અહીંયા કારણસમયસાર કહીએ. હવે એનો શ્લોક કહે છે, આધાર આપીને હોં.

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૮૫મા શ્લોક દ્વારા) કહ્યું છે કેઃ** આ સમયસારનો શ્લોક છે.

**सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।**
**एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि॥**

અહીં વિકારની અપેક્ષાએ વાત આવી. અહીંયા વિકાર છેને વિકાર અંદર, પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ, હિંસા, જૂઠું, ચોરી, વિષયનો વિકલ્પ જે રાગ છે એને અહીં પરદ્રવ્ય કહ્યું છે. અંદરમાં તો પર્યાયને પરદ્રવ્ય કહ્યું. આધારનો શ્લોક આપીને એનો ખુલાસો (કરશે). (પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ-૨, સોમવાર, તા. ૫-૨-૧૯૭૩**
**શ્લોક-૭૪, ગાથા-૫૧-૫૫, પ્રવચન નં. ૨૧૮**

આધાર આપ્યો છે અમૃતચંદ્રાચાર્યનો, સમયસારનો. શ્લોક કાલ બોલાઈ ગયો છે.

**શ્લોકાર્થ : જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...** મોક્ષ અધિકારનો આ શ્લોક છે. કહે છે કે જેના જ્ઞાનની ઉજ્જ્વળતા દૃષ્ટિને લઈને પ્રગટી છે. આત્મા આનંદસ્વરૂપ એના અનુભવથી એનું જ્ઞાનનું નિર્મળપણું પ્રગટ થયું છે. એવા **ઉદાત્ત...** એનું આચરણ ઉદાત્ત છે, **ઉદાર** છે... એટલે કે પૂર્ણ સ્વભાવને પ્રતીતમાં લેવા ઉદાર પુરુષાર્થ છે, **ઉચ્ચ** છે... બધો એક અર્થ છે. ત્રિકાળી શુદ્ધ આનંદકંદ પ્રભુ એક સમયમાં પૂર્ણ પરમાત્મા એને દૃષ્ટિમાં લેવા... એ ઉચ્ચ દૃષ્ટિવાળો છે અને જેનું ચરિત્ર **ઉજ્જ્વળ** છે. **એવા મોક્ષાર્થીઓ...** એવા મોક્ષના.... જેમના જ્ઞાનનો અભિપ્રાય, આત્મા પવિત્ર પૂર્ણ છે એવો જેનો અભિપ્રાય છે અને જેનું જ્ઞાનનું ઉજ્જ્વળ આચરણ છે, જ્ઞાન એટલે આત્માનું. **એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો.** આહા! સેવા કરો, આ સિદ્ધાંતની સેવા કરો. શું સેવા કરો?

કે **હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું.** હું એક શુદ્ધ ચૈતન્યમય, જ્ઞાનમય, આનંદમય એક પરમ જ્યોતિ.. જ્યોતિ જ સદાય છું. આહા! આ વીતરાગની આજ્ઞા છે. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરની આજ્ઞા આ છે. આ જ સેવા કરો આત્માની, એમ કહે છે. આત્મા સદા **શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું.** પર્યાયમાં રાગાદિ હો, એ જાણવાલાયક છે, પણ આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? હું ત્રણે કાળે આવો છું. પહેલા શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો—એમ નથી. ચૈતન્ય શુદ્ધ એક પરમ જ્યોતિ જ સદાય છું.

**અને આ જે ભિન્ન લક્ષણવાળા...** મારા ચૈતન્યલક્ષણથી ભિન્ન લક્ષણવાળા **વિવિધ પ્રકારના ભાવો...** અસંખ્ય પ્રકારના શુભ ને અશુભભાવ, વિકલ્પ જે ઉઠે છે. 'ભાવો પ્રગટ થાય છે' એમ ભાષા છે. વસ્તુમાં નથી. પર્યાયમાં એવા અસંખ્ય પ્રકારના વિકલ્પો શુભ ને અશુભ પ્રગટ થાય છે એ હું નથી. આ અનેકાંત કર્યું. ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમય પ્રભુ એકલો આનંદનો નાથ છું એ હું. આ બધા વિકલ્પો તે દુઃખરૂપ છે. શુભ હો કે અશુભ હો, દુઃખરૂપ છે, આકુળતા છે, કષાય છે. આહાહા! મારી શાંતિથી ભિન્ન જાતના છે. કહો, શેઠ! આ જુદી વાત છે. આ તો માર્ગે અનંતકાળે એને સમજાણો નથી. ટાણા આવ્યા ત્યારે કાંઈક ને કાંઈક કરીને..... એને ભગવાન તીર્થંકર મળ્યા હતા ત્યાંથી પણ પાછો ફર્યો. ...... શેઠ!

સજ્જાયમેં ઐસા આતા હૈ. હમ દુકાન પર પઢતે થે ન બહોત પહલેસે. 'કેવળી આગળ રહી ગયો કોરો..' એમાં છે એ. ચાર સજ્ઝાયમાળા છેને. ...... ....... ચાર સજ્ઝાયમાળા. એ તો દુકાન ઉપર ૬૪-૬૫ સાલ. બધી યાદ કરેલી. એમાં આ આવે છે. 'કેવળી આગળ રહી ગયો

કોરો..' એ તે દિ'નું હતું. કેવળી ભગવાન પાસે ગયો, એવો ને એવો કોરો રહ્યો. સત્ય શું છે એ અડવા દીધું નહીં. પર શું કરે? .... શાસ્ત્ર ... લઈ જાય, અંદરમાંથી કાઢે શી રીતે? એ પાંચ પ્રકારોમાં ઝટ સમજાવી દે?

ભિન્ન લક્ષણવાળા–**વિવિધ પ્રકારના** પુણ્ય-પાપ... વળી આમાં ને આમાં ફેર છે. ૫૦ ગાથામાં તો પર્યાયને પરદ્રવ્ય કીધું છે. આમાં વિકારને પરદ્રવ્ય (કહ્યો). એટલો ફેર છે. સમજાણું કાંઈ? ગાથામાં તો, આત્માનો ત્રિકાળી સ્વભાવ જે શુદ્ધ ધ્રુવભાવ તે અંતઃતત્ત્વ, તેનો આધાર પરમપારિણામિક. એનાથી વિરુદ્ધ એક સમયની પર્યાય એને પણ પરદ્રવ્ય કીધી છે. પરદ્રવ્ય, પરભાવ, પરસ્વભાવ, હેય. આહાહા! અહીંયા આધાર આપ્યો છે એમાં બીજી વાત છે. અહીં તો, આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો એમાં પુણ્ય ને પાપની વાત છે. એમાં પર્યાયની વાત નથી. સમજાય છે કાંઈ?

મારા ચૈતન્યલક્ષણથી લક્ષિત એવો હું, એનાથી (ભિન્ન) આ બધા અસંખ્ય પ્રકારના પુણ્ય ને પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કામ, ક્રોધ ભાવ. હું તો શુદ્ધ પ્રત્યક્ષ ચૈતન્ય એક પરમ જ્યોતિ જ સદાય છું. હું તો પ્રત્યક્ષ આનંદને વેદનારો છું. આહાહા! મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ થનારો એ હું છું. સમજાણું કાંઈ? 'હું' છેને હું. હું તો શુદ્ધ ચૈતન્ય... હું એટલે સ્વસંવેદનમાં પ્રત્યક્ષ થનાર... મતિ અને શ્રુતજ્ઞાન નિર્મળ, વિકૃત્તિ વિનાની ચીજ એવા મતિ-શ્રુતજ્ઞાનથી હું પ્રત્યક્ષ વેદનમાં આવનારો એવો સદાય પરમ જ્યોતિ છું. આવી વાત છે. સમજાણું કાંઈ? **અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...** છે ખરા, પર્યાયમાં પ્રગટ થાય છે એમ કહે છે, **તે હું નથી...** સમજાણું કાંઈ?

આવી બધી વાત પહેલી કરવી? આમ કાંઈ બીજું કરવું કે ... કરવું. પહેલા પણ એ અને છેલ્લે પણ એ, જે છે એ આ છે. ચૈતન્યસ્વભાવ આનંદસ્વરૂપ એને સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન દ્વારા પકડીને વેદનમાં આનંદનું વેદવું, એ સિવાય બીજા વિકલ્પો મારા દ્રવ્ય-ગુણ ને પર્યાયના પણ નથી, ભિન્ન છે. સમજાણું કાંઈ? લ્યો, આ સ્વની કથા. ધીરુભાઈ! પૈસા રળવા ને બધા .... કરવા, પાંચ-પચાસ હજાર ખર્ચવા. અરે! ... તો કેવું લાગે બહારમાં? આહાહા! આ શાસ્ત્રના ભણતરેય કેવા લાગે બહારના? એ ભણતરથી પણ જુદો છું. સમજાણું કાંઈ? એ ચીજને ત્યાં અનુભવમાં લેતાં રાગાદિ ભાવનો એમાં અનુભવ આવતો નથી, ભિન્ન રહી જાય છે. કિનારે પોગવું કઠણ.

**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.** અહીં પરદ્રવ્ય કીધું એ જુદું અને અંદર (નિયમસારમાં) પરદ્રવ્ય કીધું એ જુદું. આહાહા! કેમકે મારી ચીજમાં એ ચીજ છે નહીં. જુઓ! આ સમ્યગ્દર્શનનો વિષય. સમ્યગ્દર્શનમાં આનંદનું વેદન આવતાં રાગાદિ મારી ચીજમાં છે નહીં. આહાહા! દુનિયા દુનિયાનું જાણે, મારામાં તો આખી દુનિયા નથી. આહાહા! અંદરમાં

વિકલ્પો ઉઠે એ મારામાં નથી, પછી પ્રશ્ન શું છે? આહાહા! એવું પ્રથમ સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવે છે. શાંતિના વેદન સામે બીજા રાગાદિ અશાંતિ છે, દુઃખરૂપ છે, અગ્નિ છે, ભઠ્ઠી છે, એમ જ્ઞાનીને ભાસે છે. સમજાણું કાંઈ? એ પર છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. આવો સ્વભાવ, એમાં રાગાદિની અશાંતિ પરભાવ છે. અરે! અહીં તો પરદ્રવ્ય કીધું છે. પરભાવ ..... આહાહા! સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આહાહા! ચોરાશીમાં રઝળતો ..... કેટલા પડખા ઊંધા સેવ્યા છેને. આ પડખું ફેરવ્યું. પડખું ફેરવી નાખ. કહે છે, આ બાજુના પડખામાં જતાં વિકારાદિ ભાવો-પર્યાય બધા હોય, એ મારી અપેક્ષાએ તો પરદ્રવ્ય છે. કહો, આધારમાં કળશ આપ્યો. હવે પોતે કહે છે.

**વળી (આ ૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :-**

**न ह्यस्माकं शुद्धजीवास्तिकाया-**
**दन्ये सर्वे पुद्गलद्रव्यभावाः ।**
**इत्थं व्यक्त वक्ति यस्तत्त्ववेदी**
**सिद्धि सोऽयं याति तामत्यपूर्वाम्॥७४॥**

**શ્લોકાર્થ : શુદ્ધ જીવાસ્તિકાયથી...** ભાષા જુઓ! શુદ્ધ જીવ ન લીધો, જીવાસ્તિકાય (લીધો), કેમકે અસંખ્ય પ્રદેશવાળો જીવ લેવો છે. સર્વજ્ઞ સિવાય એવો આત્મા કોઈએ કહ્યો ને જાણ્યો નથી. વીતરાગ સિવાય, આત્મા આત્મા બધાય કહે છે. નાસ્તિક સિવાય, આ બધા અસ્તિત્વ છે એમ કહે. પણ અસંખ્યપ્રદેશી ને એક-એક પ્રદેશમાં અનંતગુણનો વિસ્તાર એવો જે આત્મા એને અહીં શુદ્ધજીવાસ્તિકાય કહે છે. આહાહા! ફરીને. અહીં કાંઈ એક સાથે સમજાય એવું નથી. શુદ્ધજીવાસ્તિકાય.. શુદ્ધ, જીવ, અસ્તિ, કાય—ચાર પદ છે. હું એક શુદ્ધ જીવ, હોવાવાળો અને તે અસંખ્યપ્રદેશી. એ મારી કાય છે અથવા અસંખ્યપ્રદેશી સમૂહ છું. સમજાણું કાંઈ? લેશ્યા અહીં અંદરમાં આવી હોય... આહાહા!

અસંખ્યપ્રદેશી ધામ સ્વદેશ-પોતાના દેશમાં એ રહે છે, પોતાના ક્ષેત્રમાં એ રહે છે. ક્ષેત્ર કહો કે સ્વદેશ કહો કે અસંખ્ય પ્રદેશ કહો. બંગલામાં શું છે ધૂળમાં? એય શેઠ! ........ ત્યાં બંગલા હાલ નાખે એવું છે? આહાહા! આ તો હાલ નાખે એવું તત્ત્વ છે અંદર. આનંદની પ્રેરણા આપે એવો એ જીવાસ્તિકાય ભગવાન પોતે છે. કેમ આવે મહિમા? બહારની મહિમા છે ને. આહાહા! હું એક શુદ્ધ, જીવ, અસ્તિ, કાય છું. શુદ્ધ જીવ એનો અર્થ કે અશુદ્ધપર્યાય છે એ (મારામાં) નહીં. અસ્તિ છું, નાસ્તિ નહીં. મારામાં પરવસ્તુની નાસ્તિ છે, પણ હું પોતે અસ્તિ છું. શુદ્ધ જીવ અસ્તિકાય-અસંખ્યપ્રદેશી છું.

એવો હું **શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા...** અન્ય એવા જે બધા **પુદ્ગલદ્રવ્યના ભાવો...** એ બધા પુદ્ગલદ્રવ્યના ભાવ છે કહે છે. પુણ્ય ને પાપ, દયા ને દાન,

વ્રત ને ભક્તિ. આહાહા! શુદ્ધપર્યાય પણ એનામાં નથી. એ પરદ્રવ્ય છે ખરેખર તો. અહીં એટલી વાત .... છે. પુદ્ગલની પર્યાય.. પર્યાય છે પુદ્ગલની. બધા પુદ્ગલદ્રવ્યના ભાવો **તે ખરેખર અમારા નથી...** પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઉઠે છે એથી એને પુદ્ગલ-પરિણામ કહ્યા છે. બાકી પર્યાય છે તે પુદ્ગલ પરિણામ નથી. સમજાણું કાંઈ? આનો આશ્રય કરવા જતાં વિકલ્પ ઉઠે છે એથી પુદ્ગલ કહ્યો. ભગવાન આત્મા પૂર્ણાનંદનો આશ્રય કરતાં આનંદની દશા અનુભવાય એ ચૈતન્યની દશા છે. સમજાણું કાંઈ?

**બધા પુદ્ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે... वक्ति** શબ્દ છેને. એટલે કે આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે અનુભવે છે, એમ લેવું. 'કહે છે' એ શબ્દ છે. એનું જે વાચ્ય છે એને વેદે છે, 'એ કહે છે' એમ એને કહેવામાં આવે છે. શું કહ્યું? આમ જે તત્ત્વનો વેદનારો, ચૈતન્ય આનંદસ્વરૂપ અનાકુળ આનંદપ્રભુ એને વેદનારો, જાણનારો, અનુભવનારો સ્પષ્ટપણે અનુભવે છે, સ્પષ્ટપણે પ્રત્યક્ષપણે અનુભવે છે. સમજાણું કાંઈ? આ નિયમસાર એવી ચીજ છે કે એકલો ગરભલો કાઢે છે. ગરભલા સમજતે હો? બાળકને... બાજરાની રોટલો હોયને, રોટલો ........ આમ ........ બાળકને મોઢામાં દેને ગરભલો. ઘઉંની રોટલી કરે, પણ બાજરાનો બહુ આપે. બાજરાનો થર જાડો હોયને, એમાંથી કાઢે.

આ બહાદુરસિંહજી હતાને પાલિતાણા, નહીં? એનો જન્મ થયો હતો ગારિયાધારમાં. ૭૦-૭૨ વર્ષ પહેલાની વાત છે. એને આ ગરભલો આપતા. ..... હતુંને ત્યાં..... ત્યાં ઉતારો આપ્યો હતો. ......... પણ એને છોકરો થયો આ બહાદુર. ....... એને મોદીખાનામાંથી બાજરાનો લોટ... બાજરો સમજતે હો? એ લોટ પણ લૂગડેથી ચાળીને, કપડેથી ચાળીને. ઓલું નહીં, શું કહેવાય? ચાળણી નહીં. કપડું, કપડેથી ચાળીને, નીચે પડે જે લોટ, એનો કરે રોટલો. એમાંથી પણ વચલો ગર્ભ કાઢે. એ બધું ઘણું જોયું છેને, જાણ્યું છેને. આ તો પ્રત્યક્ષ અમારી સાથે-સાથે થયું. આહાહા! અહીં ગરભલો કાઢ્યો છે ભગવાને. માલ કાઢીને માખણ આપ્યા છે. વગર દાંતવાળાને ચવાય એવી વાત છે. શું કહ્યું?

હા, વિચાર કર્યા વિના કે જ્ઞાન કર્યા વિના આ ન ચવાય, એટલું. વિકલ્પ ને આવો વિચાર પણ નહીં. આહાહા! વિકલ્પને આઘો કરવો, દૂર કરવો એ પણ નહીં. ફક્ત અંદરમાં અંતર સ્વરૂપ ભગવાન શુદ્ધ જીવાસ્તિકાય અસંખ્ય પ્રદેશે આનંદ ઠસોઠસ–લબાલબ ભર્યો છે. અસંખ્ય પ્રદેશ આનંદથી પુષ્ટ ભરેલા છે. નહોતું આવ્યું પુષ્ટ? ..... સમયસાર. પુષ્ટી.. તુષ્ટી.. આમાં આવ્યું હતું. આમાં આવ્યું હતુંને. આઠ ગુણથી પુષ્ટી... પાનું ૧૦૦, ૪૭ ગાથા. **આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે**. જોયું! પુષ્ટિથી તુષ્ટ છે. **पुष्टितुष्टाश्चेति..** સંસ્કૃત છે. છેલ્લી લીટી છે ૪૭ ગાથાની. અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનાદિ આઠ ગુણોની પુષ્ટિથી તુષ્ટ છે. અનંત-અનંત ગુણોની પુષ્ટિ, આનંદથી તુષ્ટ છે, આનંદથી પુષ્ટ છે. આહાહા! આઠ ગુણોની સમૃદ્ધિથી આનંદમય છે.

આવો જે આત્મા એને સ્પષ્ટ નામ પ્રત્યક્ષપણે, જે તત્ત્વવેદી એને સ્પષ્ટપણે એટલે પ્રત્યક્ષપણે, પ્રત્યક્ષપણે અંદરમાં અનુભવે મતિ-શ્રુત નિર્મળજ્ઞાનથી **તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.** એ અનંતકાળમાં સિદ્ધપદ નહીં પામેલો એવી અપૂર્વ સિદ્ધિને અલ્પકાળમાં પામે છે. ઓહોહો! અતિ અપૂર્વ, એમ. એક સમયમાત્ર પણ કદી સિદ્ધપદ પામ્યો નથી એ સિદ્ધ થયું. એનો અર્થ એ કે સિદ્ધપદનું કાર્ય અને આ તત્ત્વનું પ્રત્યક્ષપણે વેદન એ તેનું કારણ. સમજાણું કાંઈ? તત્ત્વ એટલે ભાવ એનું વેદન, આનંદનું વેદન સ્પષ્ટપણે વેદે છે. 'કહે છે' એનો અર્થ 'વેદે છે' લેવો. 'કહે છે' એ એક શબ્દ લીધો. સમજાણું? **તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે.** પચાસ થઈ. પાંચ રહી પાંચ ગાથા.

**विवरीयाभिणिवेसविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**संसयविमोहविब्भमविवज्जियं होदि सण्णाणं ॥५१॥**
**चलमलिणमगाढत्तविवज्जियसद्दहणमेव सम्मत्तं ।**
**अधिगमभावो णाणं हेयोवादेयतच्चाणं ॥५२॥**
**सम्मत्तस्स णिमित्तं जिणसुत्तं तस्स जाणया पुरिसा ।**
**अंतरेऊ भणिदा दंसणमोहस्स खयपहुदी ॥५३॥**
**सम्मत्तं सण्णाणं विज्जदि मोक्खस्स होदि सुण चरणं ।**
**ववहारणियच्छएण दु तम्हा चरणं पवक्खामि॥५४॥**
**ववहारणयचरित्ते ववहारणयस्स होदि तवचरणं ।**
**णिच्छयणयचारित्ते तवचरणं होदि णिच्छयदो ॥५५॥**

**શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;**
**સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.**
**ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;**
**આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.**
**જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે;**
**તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.**
**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**
**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.**

ટીકા લેવી છેને. શું છે? એમાં આવે છેને. બધામાં આવશે. અન્વયાર્થ કાઢો લ્યો. અન્વયાર્થ.. અન્વયાર્થ. છેને ટીકા પહેલાં અન્વયાર્થ.

**અન્વયાર્થ : [विपरीताभिनिवेशविवर्जितश्रद्धानम् एव]** વિપરીત **આગ્રહ**, વિપરીત **અભિપ્રાય**. નીચે છે. એ રહિત શ્રદ્ધાન તે સમકિત છે. વ્યવહારની વાત ચાલે છે. આ વ્યવહાર સમકિત હજી તો. જેને નિશ્ચય સમ્યગ્દર્શન હોય એને આવું વ્યવહાર સમકિત હોય જ. આહાહા! સમજાણું કાંઈ? જેને અંતર નિશ્ચય અનુભવના ભાનવાળું સમ્યગ્દર્શન હોય એને આવું વ્યવહાર સમકિત (હોય). વ્યવહાર સમકિતની આ વ્યાખ્યા છે. આહાહા! **વિપરીત અભિનિવેશ**–આગ્રહ **રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે...** વ્યવહાર હોં શુભ વિકલ્પ. આસક્તિ ને શુભ વિકલ્પ. **[संशयविमोहविभ्रविवर्जितम्]**.. જેમાં **સંશય** નથી. જેમાં **વિમોહ** નહીં, જેમાં **વિભ્રમ** નહીં. ખુલાસો આવશે એમાં. એવું **રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે.** એ વ્યવહારજ્ઞાન હજી. આ પણ વ્યવહારજ્ઞાન છે, વિકલ્પવાળું. જ્યાં સ્વસંવેદનનું નિશ્ચય જ્ઞાન હોય ત્યાં આને આવું જ વ્યવહારજ્ઞાન હોય એમ બતાવે છે. સમજાણું કાંઈ?

**[चलमलिनगाढत्वविवर्जितश्रद्धानम् एव] ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે** વ્યવહાર. એ પણ વ્યવહાર સમકિત છે. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને એવા જ વિકલ્પ (સહિત)નું સમકિત વ્યવહારે હોય. વ્યવહાર સમકિત એ સમકિત નથી, છે શુભરાગ, પણ નિશ્ચય સમકિત થયેલું એમાં એનો આરોપ આપ્યો છે. સમજાણું કાંઈ? આહાહા! **હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્) જ્ઞાન છે.** રાગાદિ હેય છે અને ચૈતન્ય ભગવાન ઉપાદેય છે એવું જ્ઞાન પણ હજી વ્યવહારજ્ઞાન કહેવાય. એ પણ હજી વિકલ્પ છે કહે છે, પણ નિશ્ચયજ્ઞાનવાળાને આવું વ્યવહારજ્ઞાન હોય છે. એવો જ માર્ગ છે. એ જાણવારૂપ ભાવ તે સમ્યગ્જ્ઞાન છે. હેય-ઉપાદેય થઈ ગયાને, બે થઈ ગયાને એટલે વ્યવહારનય છે. વ્યવહારજ્ઞાનનો અર્થ વિકલ્પવાળું જ્ઞાન. નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન જ્યાં હોય છે ત્યાં આવું વ્યવહારજ્ઞાન એની પાસે યથાર્થ હોય. સમજાણું કાંઈ?

**[सम्यत्त्व निमित्तं] સમ્યક્ત્વનું નિમિત્ત...** સમકિત પામનાર જીવને નિમિત્ત કોણ હોય? કહે છે. **જિનસૂત્ર છે...** સર્વજ્ઞ પરમાત્માની વાણી. ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એની વાણી નિમિત્ત હોય છે. **[तस्य ज्ञायका पुरुषाः] જિનસૂત્રના...** જૈન વીતરાગ શાસ્ત્રને **જાણનારા પુરુષો** એ નિમિત્ત હોય છે. બેય નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? સમ્યક્ત્વનું નિમિત્ત વીતરાગસૂત્ર. અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રો એ એને નિમિત્તરૂપે પણ ન હોય એમ કહે છે. વીતરાગી સર્વજ્ઞ પરમેશ્વર એમના કહેલા શાસ્ત્રો અને એને કહેનારા સમકિતી જીવો હોય એ સમકિત પામનારને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? જિનસૂત્રના જાણનારા.. **तस्य** છેને, **तस्य ज्ञायका पुरुषाः**.. વીતરાગની વાણી શું છે, કેમ છે—એમ નિશ્ચય-વ્યવહારના યથાર્થ

જાણનારા એવા સમકિતી પુરુષો એ બીજા સમ્યગ્દર્શન પામનારને નિમિત્ત હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

**(સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે...** સમ્યગ્દર્શન પામનાર જીવને અંતર કારણ ઉપાદેય તો દ્રવ્ય છે, પણ નિમિત્તમાં બે કારણ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ એને અંતરંગ હેતુ કહ્યો છે. છે તો બાહ્ય, પણ મુખ્યતા એનો અભિપ્રાય પકડવાની છે એથી એને અંતરંગહેતુ કહ્યો છે અને એની વાણીને બાહ્યહેતુ કહ્યો છે. ફરીને. સમ્યકત્વનું નિમિત્ત... સમ્યગ્દર્શન પામનાર જીવ સમ્યક્ પામે છે પોતાના આશ્રયથી, પણ એને નિમિત્ત કોણ હોય છે? કે જિનસૂત્ર-વીતરાગની વાણી એને નિમિત્ત હોય છે. અને એ વાણી કહેનારા કોણ હોય છે? સમકિતી હોય છે. સમજાણું કાંઈ? ગજબ વાત છે!

**જિનસૂત્રના જાણનારા પુરુષોને સમ્યક્ત્વના અંતરંગ હેતુઓ કહ્યા છે**... ભગવાને એને અંતરંગ હેતુ (કહ્યો છે). છે તો બાહ્ય, પણ સમકિતી જીવનો અભિપ્રાય શું છે એવું પકડવામાં આવે એટલે એને અંતરંગ હેતુ કહેવામાં આવે છે. વાણીને બાહ્ય હેતુ કહેવામાં આવે છે. એની ને એની-સમકિતીની વાણી એને બાહ્યહેતુ કહેવામાં આવે છે. સમકિતીનો અભિપ્રાય ને (સમકિતી) પુરુષ અંતરંગ હેતુ કહેવામાં આવે છે. છે તો બેય બાહ્ય, પણ બેમાં આનો આંતરો પાડવા (કહ્યું). સમજાણું કાંઈ? આનો મોટો ગોટો છેને અર્થમાં. આ ગૌણ કરે છેને પંડિતો બધા. બીજો અર્થ કરે છે. પોતાનો મતદર્શન..... એમ નથી અહીં.

**કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે.** અહીં મોટા વાંધા છે. જે સમ્યગ્દર્શન પામનાર છે એને જે નિમિત્ત હોય સમકિતી, એને દર્શનમોહનો ક્ષયપોશમ, ઉપશમ ને ક્ષય થયેલો હોય, તો બીજાને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ પામનારની વાત નથી. ....... ટીકા હૈ ન. પંડિતજી ઐસે લગાતે હૈં. પંડિતજી ઐસા અર્થ લગાતે હૈં. સમકિત પામનારને દર્શનમોહનો ક્ષયાદિક હોય છે. એમ નથી જુઓ! પાઠમાં છે. ટીકામાંય છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો ઘણું નવું સમજવા જેવું છે શેઠ! આહાહા! એ વાતું... બાપા! કહે છે.... આવે છેને. પંચાસ્તિકાયમાં નથી આવતું?

દશા ને યોગ આવે છેને ૧૪૮ ગાથામાં. કષાયને અંતરંગ કારણ કહ્યા અને યોગને બાહ્ય. છે તો એની ને એની પર્યાય. અંતરંગ, બાહ્ય. ૧૪૮, પંચાસ્તિકાય. કષાયને અંતરંગકારણ કહ્યું બંધનું ને યોગને બાહ્યકારણ. છે તો બેય એની ને એની પર્યાય. પણ વજન કષાય ઉપર દેવા એને અંતરંગ કહ્યું, યોગને બાહ્ય કહ્યું. એમ જ્ઞાનીનો અંતરનો અભિપ્રાય શું છે એ સમજવા માટે સમકિત પામનારને એ અંતરંગ હેતુ કહેવામાં આવે છે, પણ છે તો બાહ્ય. સમજાણું કાંઈ? **કારણ કે તેમને**... તેમને એટલે કે નિમિત્ત થાય છે તે (જીવ)ને. જેને નિમિત્ત થાય છે એને નહીં, પણ જે નિમિત્ત થાય છે એને. ...... એને દર્શનમોહનો ક્ષય, ઉપશમ,

ક્ષયોપશમ હોય છે. તેથી ધર્મ પામરનારને એ જીવ અંતરંગ હેતુ નિમિત્ત કહેવામાં આવે છે. અંતરંગ હેતુ છેને. શાસ્ત્રમાં એમ આવે છે કે અંતરંગ હેતુ, દ્રવ્ય-ગુણ છે એને અંતરંગ (હેતુ) કહેવો, સમકિત પામનારને. એ અહીં વાત નથી. ...... એમ આવે છેને.

યોગસારમાં એમ આવે છે. ..... એ કર્મનું બતાવ્યું. અહીં બીજી વાત છે ભાઈ! ..... પોતાની કલ્પનાએ અર્થ કરે એમ ચાલે? પહેલું એવું લખ્યો હતું, પછી ભાઈએ ખુલાસો કર્યો પંડિતજીએ. બે હજાર... બે હજાર ને? હિંમતભાઈ! નિયમસાર શાસ્ત્ર. બે હજાર(ની સાલ) ને? શીતલપ્રસાદે બીજો અર્થ કર્યો છે. આ વાંચતા તે દિ' આ ક્યાં હતું? આ પોતે પોતાનો.... એ જ કર્યું છે અત્યારે. તે દિ' વંચાણું હતું પહેલું. પછી ભાઈએ કહ્યું, ટીકાનો અર્થ આવો નથી. વાત સાચી. આહાહા! દીવે દીવો થાય. કાંઈ કોલસાથી દીવા થાતા હશે? શ્રીમદે એમ કહ્યું છે. શ્રીમદ્‌માં એમ વાક્ય આવે છે. 'દીવે દીવો થાય' એમ આવે છે. બધે એ જ ચાલે છે. આહાહા!

ધર્મ પામનારને નિમિત્તપણું કેવું હોય, એની આ વ્યાખ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં વિપરીતતા છે નિશ્ચય, વ્યવહાર બેયમાં. જેને વિપરીત શ્રદ્ધા-વ્યવહારમાં વિપરીતતા છે એને નિશ્ચયમાં વિપરીતતા હોય જ. જેને વ્યવહારની વિપરીતતા નથી એને નિશ્ચયમાં વિપરીતતા કોઈને હોય ને કોઈને ન હોય. શું કહ્યું એ? બહુ માર્ગ ઝીણો છે. વ્યવહારની વિપરીત શ્રદ્ધા જેને છે, વ્યવહારના શ્રદ્ધાના પણ ઠેકાણા નથી એને તો નિશ્ચય શ્રદ્ધા સાચી હોય જ નહીં. પણ વ્યવહારની શ્રદ્ધા જેને સાચી હોય, એને કોઈને નિશ્ચય હોય પણ ખરું અને નિશ્ચય ન પણ હોય. આમ વાત છે. .... સમજાણું?

**કારણ કે તેમને...** એટલે સમ્યગ્દર્શન પામવામાં જે સમકિતી નિમિત્ત છે, ચાહે તો ચોથાવાળો, પાંચમાવાળો, છઠ્ઠાવાળો હોય, એને દર્શનમોહનો ક્ષય, ક્ષયોપશમ હોય તો તેને નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું આમાં? ગણતરી આવી છે. ઘણો અત્યારે તો ફેરફાર.. ફેરફાર. **સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે...** એ નિશ્ચયની વાત છે, ત્યાં 'સાંભળ' લીધું. **સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે** એ નિશ્ચય. મોક્ષને માટે **સમ્યગ્જ્ઞાન હોય છે** એ નિશ્ચય, મોક્ષને માટે **ચારિત્ર પણ હોય છે** એ નિશ્ચય. એ ત્રણેય નિશ્ચયની વાત છે. દેવીલાલજી! (૪૭.૦૦ થી ૪૭.૩૦ અવાજ ઓડીયો અસ્પષ્ટ છે). આ વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહાહા!

આ ભવે હોય, કોઈને પરભવે હોય, પણ હોય ખરું. જેને સમ્યગ્દર્શન પામવું છે, નિશ્ચય સમ્યક્ હોં, વ્યવહારની વાત નથી. એને વ્યવહાર સમકિત તો સાચું હોય જ. હવે એને-નિશ્ચય સમકિતવાળાને સામો જીવ ધર્મી છે એની વાણી બાહ્યહેતુ કહેવામાં આવે છે અને અંતરનો અભિપ્રાય એને અંતરંગહેતુ કહેવામાં આવે છે. છે તો એ બાહ્ય. પાઠમાં 'અંતરંગહેતુ' કીધોને. .... એના આશયને પકડી લે છે. સમજાણું કાંઈ? ચેતનજી! .... આનંદનો સ્વાદ. એમાં

બધું આવી ગયું. આહાહા! ......... આ તો લાકડા ઘણા ગરી ગયા છે એને સમજવું. ઘણા લાકડા ગરી ગયા છેને માણસમાં. લાકડા ક્યાં હતા ત્યાં? લાકડા ........ અત્યારે તો કેટલા ઊંધા લાકડા? આહાહા!

શ્રોતા : .....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ જુદું, પણ છતાં વર્તમાનમાં નથીને, એમ. વર્તમાનમાં ખ્યાલેય નથી. ભલે સાંભળેલું હોય, એ જુદી વાત છે. પણ સાંભળેલું હોય ..... શુદ્ધ આત્મા તું છો એટલું સાંભળ્યું. ત્યાં એમ કહે છે હોં. કુંદકુંદાચાર્યે કહ્યુંને, અમને અમારા ગુરુએ મહેરબાની કરીને ઉપદેશ આપ્યો, શુદ્ધાત્માનો ઉપદેશ અમને આપ્યો. એમ કહ્યું લ્યો. પણ છતાં એમાં ઘણું આવ્યું. શુદ્ધાત્મામાં અશુદ્ધતા નથી, પર્યાયમાં રાગાદિ છે, સ્વભાવમાં નથી—એમ બધું એટલામાં આવી ગયું. સમજાણું કાંઈ? આ તો માર્ગ જુદા છે ભાઈ! આ કોઈ પંડિતાઈનો માર્ગ નથી. .... જાણતા હોય માટે આ સમજાય એવી વાત નથી. આ તો જેને અંતરમાં રૂચિ કરવાનો, અનુભવ કરવાનો ભાવ હોય એને માટે આ વાત છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન પામનારને, ભગવાનની વાણી એમ કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ હોય એને અંતરંગહેતુ કહેવામાં આવે છે. એની વાણી છે એ બાહ્યહેતુ કહેવાય છે. એ વીતરાગની વાણી. વીતરાગ સિવાયની વાણી એ બાહ્યહેતુ પણ હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? સમકિતી કહેતો હોય એ પણ વીતરાગની વાણી કહેતો હોય. વીતરાગે જે કહ્યું એ એને અનુભવમાં આવ્યું એ કહેતો હોય, એમ કહે છે. આહાહા! મોક્ષને માટે તો નિશ્ચય સમ્યગ્દર્શન છે. ઓલું 'મોક્ષ માટે' શબ્દ નહોતો. એને હોય છે એટલું ત્યાં સાબિત કરવું હતું. વ્યવહાર સમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહાર રાગની મંદતા હોય એટલું. મોક્ષને માટે એ નથી. વચમાં એવો ભાવ હોય છે. આ તો મોક્ષ માટેનો વ્યવહાર કહ્યો છે. આહાહા!

વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન, વ્યવહાર ચારિત્ર મોક્ષ માટે નથી. આહાહા! હોય છે, વિદ્યમાન હોય છે. એવું જ હોય. સમજાણું કાંઈ? અને સમજાવનાર હોય તો સમકિતી જ હોય. એને જ દેશનાલબ્ધિ લાગુ પડે, બધાને લાગુ પડે નહીં. આહાહા! એવી વાત છે. મોક્ષને માટે તો સમકિત, જ્ઞાન ને ચારિત્ર હોય છે, **તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ.** આચાર્ય કહે છે કે વ્યવહાર ચારિત્ર કોને કહેવું? નિશ્ચયચારિત્ર કોને કહેવું? જે નિશ્ચય મોક્ષનું કારણ છે, પણ તેમાં પૂર્ણતા ન હોય ત્યારે વ્યવહાર રાગની મંદતા હોય છે એ હું હવે કહીશ. .....

**વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે...** એ શું કીધું? વ્યવહારનયના મુનિપણામાં વ્યવહારનયનું મુનિપણું હોય છે. પંચમહાવ્રત, ૨૮ મૂળગુણ એવું વ્યવહારચારિત્ર વ્યવહારનયે હોય છે. જેને નિશ્ચયનય હોય એને. અંતરમાં દૃષ્ટિ, જ્ઞાન, રમણતાનો આનંદ આવ્યો છે એને વ્યવહાર ચારિત્ર હોય, એ વ્યવહારનયે હોય છે.

પંચમહાવ્રત, ૨૮ મૂળગુણના વિકલ્પ આદિ. એ વ્યવહારનયનું તપશ્ચરણ એટલે મુનિપણું. વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું મુનિપણું હોય છે. આહાહા!

અને **નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે.** નિશ્ચયનયના (ચારિત્રમાં) નિશ્ચય મુનિપણું હોય. અંદર આનંદકંદમાં દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા એ નિશ્ચય ચારિત્ર હોય છે. આ તો શબ્દાર્થ કર્યો. ...ભાઈએ કીધું, શબ્દાર્થ કરો. કહો, સમજાણું કાંઈ? ગાથાનો ભાવ સમજાય, ગાથાનો ભાવ. ભગવાને કહેલું આ તત્ત્વ છે. પણ જગતને સાંભળવા મળે નહીં એટલે ક્યાંક ને ક્યાંક સલવાઈ ગયા છે. આહા!

કહે છે, વ્યવહારનયનું કથન... વ્યવહાર ચારિત્ર એટલે પંચમહાવ્રતાદિના વિકલ્પો એ વ્યવહારનયે હોય છે. નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચય મુનિપણું હોય છે. ત્રિકાળી વીતરાગ પરિણતિ, ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થયેલી વીતરાગ પરિણતિ તે નિશ્ચય ચારિત્ર તે નિશ્ચય મુનિપણું હોય છે. સમજાણું કાંઈ? આહાહા! આશય આશયમાં ફેર છે. ક્યાં ફેર છે એ ગોતવું કઠણ પડે એવું છે. સમજાણું કાંઈ? વ્યવહારનો આશય શું? નિશ્ચયનો આશય શું? એ શબ્દાર્થ થયો. જુઓને! ...ભાઈ આવ્યા છે. ...... કેટલાક કહેને કે ગાથામાં આ કઈ રીતે છે. હવે એની ટીકા. આહાહા!

**ટીકા : આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.** સમુચ્ચય અહીં. રત્નત્રય એટલે નિશ્ચય ને વ્યવહાર બેય. રત્નત્રયનું નિશ્ચય સમ્યગ્દર્શન, વ્યવહાર સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, વ્યવહાર સમ્યગ્જ્ઞાન, નિશ્ચયચારિત્ર, વ્યવહારચારિત્ર—એ બેયનું કથન આમાં છે. એમાં પહેલું વ્યવહારનું કથન કરે છે હવે. **પ્રથમ, ભેદોપચાર-રત્નત્રય...** ભેદ ઉપચાર વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન ને વ્યવહાર ચારિત્ર જે પુણ્યબંધનું કારણ છે. આહાહા! મુલચંદભાઈ! વાણિયાના મગજ વેપારમાં રોકાઈ ગયા હોય, એમાં આ સાંભળવું. લ્યો સવળું કહ્યું. સમજવું પડશે. આ જ કરવા જેવું છે. ધૂળમાં ... શું હતું ત્યાં? હેરાન થઈને મરી ગયા બિચારા. આહાહા! વસ્તુ નિશ્ચય શું, વ્યવહાર શું? જેને નિશ્ચય સાચો હોય એને વ્યવહાર સાચો હોય જ. વ્યવહાર જેનો સાચો હોય એનો નિશ્ચય સાચો હોય કે ન હોય— એની સાથે કંઈ સંબંધ છે નહીં. આહાહા! વખત થઈ ગયો છે હોં. બીજું આવશે વ્યાખ્યાનમાં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ-૩, મંગળવાર, તા. ૬-૨-૧૯૭૩**
**ગાથા-૫૧-૫૫, પ્રવચન નં. ૨૧૯**

આત્માનું નિશ્ચય સમ્યક્ત્વ થયું છે એને વ્યવહાર સમકિત આવું હોય. સમજાય છે કાંઈ? છે વિકલ્પ. **વિપરીત અભિનિવેશ રહિત...** એમાં પણ વિપરીત અભિપ્રાય રહિત **શ્રદ્ધાનરૂપ એવું જે સિદ્ધિના પરંપરાહેતુભૂત...** સાક્ષાત્ હેતુ તો નિશ્ચય સમ્યગ્દર્શન છે. પરંપરા એટલે? અત્યારે અશુદ્ધ રાગ–વિકલ્પ છે એનો અભાવ કરીને મુક્તિને પામશે. અહીં તો નિશ્ચય મોક્ષમાર્ગનો પણ અભાવ કહે છે. આવે છેને. ... પંડિતજીએ ગોતી કાઢ્યું હતું. એ બીજી વાત છે. કે નિર્મળ પર્યાયનો વ્યય થઈ અને (બીજી) ઉપન્ન થાય છે એ દ્રવ્યને આશ્રયે થાય છે એ બતાવવું છે. આ (વ્યવહાર સમકિત) તો રાગ જ છે. ..... જગતને અત્યારે. ..... સમજાણું? વ્યવહારનો જ્યારે અભાવ કીધો, તો નિશ્ચયનો પણ અભાવ થાય છે એમ કહે છે. અભાવ કરીને સિદ્ધ થાય છે. એ અપેક્ષાએ બેય સરખા છે એમ કહે છે. .... એ સ્વતંત્ર છે. વ્યવહારનો વિકલ્પ છે (સાથે) નિશ્ચયમાં અનુભવ સહિતની દૃષ્ટિ છે તેથી અશુભભાવ તોડશે અને શુભને ટાળશે—એ અપેક્ષાએ પરંપરાહેતુ કહ્યો છે.

શ્રોતા : વ્યવહારને પરંપરાહેતુ બીજે ઘણે કહ્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ઘણે ઠેકાણે કહ્યો છે. પરંપરાહેતુ (એટલે) એનાથી થાય એમ કહે છે. એનાથી થાય એમ નહીં, એનો અભાવ કરીને થાય એમ વાત છે. તીર્થંકરપ્રકૃતિ શાસ્ત્રમાં આવે છે લ્યો. .... પ્રકૃતિ, એને પરંપરાહેતુ કહ્યો છે પાઠમાં. અસદ્ભૂત વ્યવહારનયે કહ્યું છે, એટલું. આખી શૈલી .....

ઓહોહો! અનંતકાળે જેને હજી આત્માનું નિશ્ચયદર્શન નથી એના તો વ્યવહારના ઠેકાણાય નથી. અને કદાચિત્ વ્યવહારનો ખ્યાલ હોય વ્યવહારે, તોય એને વ્યવહાર કહેવામાં આવતો નથી, એને વ્યવહારાભાસ કહેવાય છે. અહીંયા તો નિશ્ચય સહિતના વ્યવહારની વાત કરી છે. કારણ કે પહેલું વ્યવહાર આવે એમ અહીં સિદ્ધ કરવું છે. પહેલું એટલે?

શ્રોતા : પહેલો વ્યવહાર સમ્યક્ત્વ પછી નિશ્ચય...

પૂજ્ય ગુરુદેવશ્રી : હજી સૂત્ર તો આવશે. છઠ્ઠા ગુણસ્થાનમાં પહેલો વ્યવહાર હોય છે એ અપેક્ષાએ અહીં વ્યવહાર કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી અને વ્યવહાર છે—એમ નથી. ઘણા વાંધા મોટા. વાંધો તે વાંધો મોટો છે. એ આવે છે, ... આવે છે. **જે પરમ જિનયોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ...** છે? પાછળ (ટીકામાં) છે. **પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ...** એ વાત છે તે છઠ્ઠા ગુણસ્થાનની અપેક્ષાની વાત છે. નિશ્ચય સમ્યક્ત્વ તો થયું છે,

નિશ્ચયજ્ઞાન છે, ત્રણ કષાયના અભાવનું ચારિત્ર પણ છે, એને છઠ્ઠે ગુણસ્થાને વ્યવહારના વિકલ્પ આવે તેને સાતમાની અપેક્ષાએ 'પહેલું' કહ્યું છે. સમજાણું કાંઈ? પહેલું એ બધામાં પહેલું, વ્યવહારમાં. આહાહા! સમજાણું કાંઈ?

નિશ્ચય સમ્યગ્દર્શન અંતર્દષ્ટિ ને નિર્વિકલ્પ અનુભવ વિના, વ્યવહાર એ વ્યવહાર પણ કહેવાતો નથી. વાત એવી છે. એવું ભાનવાળું છઠ્ઠું ગુણસ્થાન હોવા છતાં એમાં જે વ્યવહારરત્નત્રયના વિકલ્પો છે એથી સાતમા ભૂમિકાની અપેક્ષાએ એને 'પહેલું' કહીને એનો અભાવ કરીને થાય ત્યારે નિર્વિકલ્પ ચારિત્ર થાય છે. આમ વાત છે. આકરી વાત ભાઈ! સમજાણું કાંઈ? એક ન્યાય ફરે તો આખું તત્ત્વ ફરી જાય એવી વાત છે. સમજાણું કાંઈ? **વિપરીત અભિનિવેશ રહિત**... જેના અભિનિવેશ વિપરીત છે એના વ્યવહારમાં પણ વિપરીત અભિનિવેશ (હોય). કુગુરુ, કુશાસ્ત્ર કે કુધર્મ એની શ્રદ્ધા જે છે એનાથી તો એ રહિત હોય છે. એવા કુગુરુ-કુદેવ-કુશાસ્ત્ર કે જેની દૃષ્ટિ વિપરીત છે એને માનવાના ભાવનો તો ત્યાગ છે સમજાણું કાંઈ?

એ કહે છે, **સિદ્ધિના પરંપરાભૂત ભગવંત પંચપરમેષ્ઠી પ્રત્યેનું**... અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ—જે પંચપરમેષ્ઠી એની **ચળતા-મલિનતા-અગાઢતા રહિત**... એ દોષ છે સાધારણ. **તેનાથી રહિત ઊપજેલું નિશ્ચળ ભક્તિયુક્તપણું**... પંચપરમેષ્ઠીની વિપરીત અભિનિવેશ રહિત ભક્તિનો ભાવ એ વ્યવહાર **સમ્યક્ત્વ છે**. આહાહા! એ શુભ વિકલ્પ છે. સમજાણું કાંઈ? **તે જ સમ્યક્ત્વ એવો અર્થ છે**. એનો અર્થ કરે છે. વિપરીત અભિનિવેશ સહિત કીધું હતુંને. કોનો અભિનિવેશ? **વિષ્ણુબ્રહ્માદિકથિત વિપરીત પદાર્થસમૂહ**... આદિમાં બધા (આવી ગયા). વિષ્ણુ, બ્રહ્મા આદિ... આદિમાં, વિપરીત માન્યતા છે જેની એ બધા લીધા. એનો કહેલો વિપરીત પદાર્થસમૂહ... વિપરીત પદાર્થ–નવતત્ત્વને વાસ્તવિક તત્ત્વ કુગુરુ કહે.

**પ્રત્યેના અભિનિવેશનો અભાવ**... પહેલાં અભિનિવેશ કહ્યું છેને, એનો ખુલાસો કર્યો. કે વિપરીત અભિનિવેશ એટલે શું? એમ. બ્રહ્મા, વિષ્ણુ આદિ જેટલા ઉલટા પદાર્થ–વસ્તુને કહેનારા હોય, એ બધાઓથી... અભિનિવેશનો અર્થ આ. એવા પદાર્થનો આગ્રહ એનાથી રહિત **તે જ સમ્યક્ત્વ છે–એવો અર્થ છે.** આ ફરીને કર્યુંને ભાઈએ સમયસારનું, અમૃતચંદ્રાચાર્યનું..... .... એવો અર્થ છે. આ વ્યવહાર સમકિતની વ્યાખ્યા છે. નિશ્ચય જ્યાં હોય... નિશ્ચય ચારિત્ર હજી નથી. નિશ્ચય ચારિત્ર એટલે સાતમું ગુણસ્થાન. ત્રણ કષાયના અભાવનું ચારિત્ર છે. જે શાસ્ત્રમાં કહ્યો નિર્વિકલ્પ સહિત શુદ્ધોપયોગ, રમણતા એનો અભાવ છે, એવી ભૂમિકામાં આવું વ્યવહાર સમકિત ગણવામાં આવે છે. જેને નિશ્ચય નથી એને તો આ વ્યવહાર હોઈ શકે નહીં. અને જેના વ્યવહાર શ્રદ્ધાનાય ઠેકાણા નથી એને તો નિશ્ચય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

હવે જ્ઞાન લે છે. **સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે જ સમ્યગ્જ્ઞાન છે.** સંશય, વિમોહ અને વિભ્રમ રહિત જ્ઞાન. આ વ્યવહારજ્ઞાન હોં. એ પુણ્યબંધનું કારણ છે. વ્યવહાર જ્ઞાન એ પુણ્યબંધનું કારણ છે, વ્યવહાર સમકિત એ પુણ્યબંધનું કારણ છે. **સંશય, વિમોહ, વિભ્રમ રહિત જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે**. હવે ત્રણની વ્યાખ્યા. પહેલું તો એમ કહ્યું હતુંને કે વિપરીત અભિનિવેશ રહિત. એની વ્યાખ્યા કરી હતી કે બ્રહ્મા, વિષ્ણુ આદિના કહેલા વિપરીત પદાર્થસમૂહ.... **ત્યાં, જિન દેવ હશે કે શિવ દેવ હશે...** વીતરાગ સાચા હશે કે આ શિવ–શંકર, બ્રહ્માદિ સાચા હશે કે બુદ્ધાદિ સાચા હશે? એવો સંશય... એ સંશય વિનાનું જ્ઞાન એ વ્યવહારજ્ઞાન હોય છે. એ પણ નિશ્ચય સમ્યગ્દર્શન થાય, નિશ્ચય સ્વસંવેદન જ્ઞાન હોય એને આવું વ્યવહારજ્ઞાન હોય છે. આહાહા! સંશય રહિત... જ્યાં-ત્યાં દૃષ્ટિ ને જ્ઞાન લીધું છે હોં, બાકી છે બધાય. **(-એવો શંકારૂપભાવ) તે સંશય છે...** ઓલું નાખ્યું.... સંશયમાં શિવ નાખ્યા, વિમોહમાં શાક્યાદિ, બુદ્ધાદિ નાખ્યા.

**શાક્યાદિકથિત**... આદિમાં જેટલા વિપરીતના કહેનારા (આવી ગયા). .... એના કહેનારાથી... **શાક્યાદિકથિત વસ્તુમાં નિશ્ચય (અર્થાત્ બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે...** વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે તેને એ હોય નહીં. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે ત્યાં આવું વ્યવહારજ્ઞાન હોય. એ વ્યવહારજ્ઞાનમાં આ વિપરીતતા હોય નહીં. **(બુદ્ધાદિએ કહેલા પદાર્થનો નિર્ણય) તે વિમોહ છે**. એનું નામ રહિતપણું... આહાહા! એ ત્રણની વ્યાખ્યા. ત્રણ લીધાને—સંશય, વિમોહ ને વિભ્રમ. ત્રણેને જ્ઞાનના દોષ બતાવે છે.

**અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું)...** કેમ છે આમાં એ ખબર પડતી નથી. શું હશે આમાં? એવો જે અજ્ઞાનભાવ **તે જ વિભ્રમ છે.** એવા ત્રણ રહિત એ વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચય સમયગ્જ્ઞાન તો એનું વેદન અને નિશ્ચય સમ્યગ્દર્શન ..... અંતરમાં પ્રતીતિ, નિશ્ચય ચારિત્ર... એ અહીં નિશ્ચય ચારિત્ર સાતમાનું લેવાનું છે. એ પહેલાંનું ચારિત્ર નિશ્ચય છે, પણ અધુરૂં છે અને એની સાથે વ્યવહાર પાપની નિવૃત્તિના પરિણામ છે. એને વ્યવહાર કહીને આને ચારિત્ર કહ્યું, પણ એના રહિત (એવું) નિશ્ચય સાતમે આવે એમ કહેવું છે. આહાહા! પહેલું ક્યાં આવું હતું? ભાઈ કહે છેને. હતું શું? આ બફારો ક્યાં હતો? અત્યારે આ બફારો થઈ ગયો તે.

..... દૃષ્ટિમાં સમકિત થાય છે, પણ આવું તો બધાને જ્ઞાન હોતું નથી. ..... એને ક્યાં હતું? જેણે અંતરમાં આવા બફારા ઉપજાવ્યા હોયને બહારથી—કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, એની વાણી, એના બધા ભાવો.... (શ્રોતાઃ ...બુદ્ધને તો માનતો નથી.) ભલે બુદ્ધને ન માને, પણ ક્ષણિક પર્યાયને માને એ બૌદ્ધ છે. પર્યાયના અંશને જ માને એ બૌદ્ધ થયો. બૌદ્ધનો અર્થ શું છે? આહાહા! સમજાણું કાંઈ? **અજ્ઞાનપણું (અર્થાત્ વસ્તુ શું છે તે સંબંધી અજાણપણું)...** કંઈ

ખબર પડતી નથી કે આમાં આ સાચું કે આ સાચું, આપણને તો એમાં તકરાર કરવી નથી. એવો જે વિભ્રમ એનાથી રહિત વ્યવહાર જ્ઞાન હોય એનું નામ વ્યવહારજ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ?

હવે, વ્યવહાર ચારિત્ર. આ છઠ્ઠા ગુણસ્થાનની વાત છે. **પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે.** સાવદ્યયોગના પરિણામ પાપ છેને. છઠ્ઠે ગુણસ્થાને સાવદ્યયોગના પરિણામ નથી. શુભભાવ છે. શુભભાવ-પાપક્રિયાથી નિવૃત્ત પરિણામ તે ચારિત્ર, તે વ્યવહાર ચારિત્ર છે. એને વ્યવહારચારિત્ર કહેવામાં છે, પણ નિશ્ચય દર્શન-જ્ઞાન ને ત્રણ કષાયનો અભાવ છે એવા જીવને. સમજાણું કાંઈ? **પાપક્રિયાથી નિવૃત્તિરૂપ પરિણામ તે ચારિત્ર છે** શુભરાગ. છઠ્ઠા ગુણસ્થાનવાળાને સાવદ્યયોગના ત્યાગરૂપી પંચમહાવ્રત આદિના શુભ પરિણામ એને વ્યવહારચારિત્ર કહે છે, જે બંધનું કારણ છે. ત્રણે બંધનું કારણ છે—વ્યવહારસમકિત, વ્યવહારજ્ઞાન, વ્યવહારચારિત્ર. **આમ ભેદોપચાર-રત્નત્રયપરિણતિ છે.** એ વ્યવહાર. આમ ભેદોપચાર એટલે વ્યવહાર-રત્નત્રય પરિણતિનું સ્વરૂપ છે. ..................

**તેમાં, જિનપ્રણીત હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.** આ પણ વ્યવહાર. જ્યાએ જ્યાએ વ્યવહાર નાખ્યો છે. ...... વિભ્રમ રહિત જ્ઞાન. અહીં તો જિનપ્રણિત-ભગવાને કહેલા તત્ત્વ, તેમાં પણ હેય-ઉપાદેય (અર્થાત્) આ છોડવાલાયક છે ને આ આદરવાલાયક છે એવો જીવનો વિકલ્પ તે વ્યવહારજ્ઞાન છે. પહેલું વ્યવહારજ્ઞાન એમ કહ્યુ હતું કે સંશય, વિમોહ, વિભ્રમ રહિત. ત્યાં દરેકની વ્યાખ્યા કરી હતી. સંશયમાં....... વિમોહમાં શાક્યાદિના કહેલા.... અને વિભ્રમમાં અજ્ઞાનપણાનો ભાવ ....—એ ત્રણનો અભાવ કરીને વ્યવહારજ્ઞાન કહ્યું છે. હવે અહીં તો જૈનતત્ત્વમાં આવેલા. આહાહા! ભગવાને કહેલા તત્ત્વો એમાં, આ છોડવાલાયક છે, આ આદરવાલાયક છે... છઠ્ઠા ગુણસ્થાનમાં રાગાદિ પંચમહાવ્રત એ દુઃખ છે, કષાય છે એ છોડવાલાયક છે અને સ્વરૂપનો ભાવ એ આદરવાલાયક છે. એમાં ભેદ પડી ગયાને બે, એથી એને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે.

શ્રોતા : ભેદ વિકલ્પકા ત્યાગ કૈસે હો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કિસકા ભેદ? કિસકા ભેદ કરના? વિચારમાં પહેલું સમ્યગ્દૃષ્ટિને, સાચા મુનિને વ્યવહાર વિકલ્પમાં પહેલું તો આ ત્રણ રહિત જ્ઞાન (હોય). પછી જૈનતત્ત્વમાં કહેલાં તત્ત્વોમાં હેય-ઉપાદેયનું જ્ઞાન (હોય). એ પણ હજી વ્યવહારજ્ઞાન છે. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ!

કષાયનો ભાવ... ચોથે, પાંચમે, છઠ્ઠે કષાય છે. કષ એટલે સંસાર અને આય એટલે લાભ. જે શુભભાવ છે એ કષાય છે, એ સંસારના લાભનું, રખડવાનું કારણ છે, એ કષાય અગ્નિ છે. એનું જે જ્ઞાન અને આ આત્માના આદરનું જ્ઞાન—એમ બેનું વિકલ્પવાળું જ્ઞાન એને

અહીં વ્યવહારજ્ઞાન કહ્યું છે. સમજાણું કાંઈ? જેને હેય-ઉપાદેયના ઠેકાણા નથી એના વ્યવહારજ્ઞાનના ઠેકાણા નથી, એને નિશ્ચયનું પણ ઠેકાણું છે નહીં. આહાહા! આકરી વાતું બહુ. વીતરાગમાર્ગમાં શરતું બહુ. એક લખાણ આવ્યું હતું કાંઈક. આ પરણે છેને ત્યારે વરે સાત બોલ માગ્યા અને કન્યાએ સાત બોલ માગ્યા. એમ આવ્યું છે કાંઈક લખાણમાં. જૈનમાં પરણે ત્યારે. 'આ સપ્તકી' એમ કાંઈક....

શ્રોતા : સપ્તપદી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ આવે છે? આપણને આવું બધું કંઈ ખ્યાલ ન હોય. એમાં લખે. (શ્રોતાઃ વચન). વચન નહીં. વચન? આપણે કાંઈ સાંભળ્યું નથી. આ જૈન છાપામાં..... જૈનના છાપામાં હોં. વરે માગ્યા સાત બોલ. બાઈ કહે, હા. બાઈએ માગ્યા સાત બોલ. ઓલો કહે, હા. એમ કરીને ટીકા ચાલી. ...... આવા પરણેલા. આમાં આવ્યું છે. જૈનગેઝેટ કે ક્યાંક હશે. સપ્તવચન. આપણે અહીં .....? દિગંબરમાં આવે, પણ આપણે અહીં લૌકિકમાં.... ચાર ફેરા ફરે એ? ફેરા ફરે.

સાત બોલ લખ્યા છે. પહેલા હજી વરને કન્યાનો વિશ્વાસ નથી. આમ કરવું પડશે. એમ સાત બોલ લખ્યા છે, બધું યાદ નથી. એણે આમ કરવું પડશે, ....., રાત્રે બહાર જવાશે નહીં, ફલાણું, ઢીકણું. એવા સાત બોલ લખ્યા છે. એ વરરાજા...... ...... એની ટીકા આવી છે. આવું હોય? બાઈ કહે, તમારે બીજી બાઈને જોવાશે નહીં, ફલાણું થાશે નહીં. એમ કરીને સાત બોલ લખ્યા છે. ....... ફલાણું, ઢીંકણું. આપણને કંઈ ખબર નહીં. પણ એમ કંઈક છે કે આવા વ્યવહારિક લગ્નના ઠેકાણા? એક બીજાને વિશ્વાસ પણ નથી. ........

એમ અહીં કહે છે, .... આદિનો જેને સાચો વિશ્વાસ નથી એને મિથ્યાજ્ઞાન છે. આ તો હેય-ઉપાદેયનું બરાબર જ્ઞાન છે નિશ્ચયના જ્ઞાન સહિતવાળાને, એ વિકલ્પ છે માટે વ્યવહારુ જ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો વચન..... દિગંબરમાં હશે, નહીં? આહાહા! આ તો પહેલા નામ લખે છે બેય બાજુથી. (૨૫.૧૧ થી ૨૫.૪૩ સુધી અવાજ અસ્પષ્ટ છે).

નિશ્ચય જ્ઞાનીને જેને આત્માના આનંદનું વેદન છે, એને વ્યવહારજ્ઞાન એવું હોય જૈનનું પહેલું, હેય-ઉપાદેયનું જ્ઞાન બરાબર હોય એને વ્યવહારજ્ઞાન કહેવાય. ....... કેટલું સ્પષ્ટ કર્યું છે! પહેલું તો અન્યમતનું નાખ્યું, પછી જૈનમાં આવ્યા. જૈનમાં આવી અને એમાં જેટલો વ્યવહાર છે એ હેય છે, કષાયનો ભાવ હેય છે, છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય ભગવાનની ભક્તિનો ભાવ પણ હેય છે. આહાહા! આત્માનું જ્ઞાન–ભેદવાળું નિશ્ચય જ્ઞાન ઉપાદેય છે, એને વ્યવહારજ્ઞાન કહે છે. એટલું નાખ્યું. હવે સમકિતનું થોડું નાખે છે. ભારે દિગંબર આચાર્યની શૈલી!

**આ સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ**... પહેલા જૈનનું નાખ્યું હેય-ઉપાદેયનું, (એની) પહેલા અન્યનું નાખ્યું, હવે આ સમકિતમાં અન્યનું ...... સમકિતમાં અન્યનું એટલે

વિપરીત અભિનિવેશ રહિત પંચપરમેષ્ઠીની ભક્તિ... આહાહા! '**ચળતા, મલિનતા, અગાઢતા રહિત**' એમ છેને એમાં? '**વિષ્ણુબ્રહ્માદિકથિત**' એવું છેને એમાં? અન્યમતિના કહેલા... એ ક્યાં આવ્યું? સમકિતમાં. વ્યવહાર સમકિત છે.

અહીં, નિશ્ચય-વ્યવહાર સમકિતમાં વ્યવહાર સમકિત કેવું હોય અથવા એમાં વ્યવહાર નિમિત્ત કોણ હોય એ બતાવે છે. **આ સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ**... જેને સમ્યગ્દર્શન થયું છે, થાય છે, એને **બાહ્ય સહકારી કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે**. ભગવાનની વાણીનું તત્ત્વજ્ઞાન એને નિમિત્ત હોય છે. સમજાણું કાંઈ? **સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી-**સાથે (રહેલું) **કારણ વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી નીકળેલું**... આહાહા! ભગવાનની વાણી સિવાય, શ્વેતાંબર આદિ (શાસ્ત્ર) એ કંઈ ભગવાનના મુખથી નીકળેલી વાણી નથી. એ તો કલ્પિત છે. આહાહા!

આવું જૈન તત્ત્વ **વીતરાગ-સર્વજ્ઞના મુખકમળમાંથી**... ભાષા તે એમ છે. ખરેખર એના મુખકમળમાંથી વાણી નથી આવતી. વાણી આખા (આત્મ)પ્રદેશેથી આવે છે. પણ લોકોમાં વ્યવહારે કહે છેને કે અહીંથી નીકળે તેથી એ અપેક્ષાએ વાત કરી છે. સમજાણું કાંઈ? લાગે કે મોઢામાંથી વાણી આવે છે, એમ નથી. તીર્થંકરને તો આખા અસંખ્ય પ્રદેશેથી ૐ ધ્વનિ ઉઠે. હોઠ બંધ, કંઠ ધ્રુજે નહીં. હોઠ બંધ, તાળવું બંધ, તાળવાને જીભ અડે નહીં આમ. ....... ક,ખ,ગ,ઘ એ આમથી (બોલાય). આવેને પાંચ ક,ખ,ગ,ઘ,ઙ આમથી આવે, ચ,છ,જ,ઝ (પાછળના) તાળવાને જીભ અડે તો આવે. એ આમથી લઈને આમ નીકળે. પ,ફ,બ,ભ,મ આમ હોઠથી, ત,થ,દ,ધ,ડ,ઢ.......

(૩૦.૧૭ થી ૫૦.૧૧ સુધી અવાજ અસ્પષ્ટ હોવાથી લખી શકાય એમ નથી).

હવે, નિશ્ચય. આવો વ્યવહાર પણ હોય જેને નિશ્ચય હોય એને હોય એ સમજાવવા નિશ્ચય લે છે. એકલો જેને વ્યવહાર છે એને તો વ્યવહાર કહેવામાં આવતો નથી. હેય-ઉપાદેયનું એકલું વ્યવહારુ જ્ઞાન (છે, પણ) નિશ્ચય જેને નથી તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ? **અભેદ-ઉપચાર**... છેને ઓલામાં 'ભેદ-ઉપચાર' હતું. આમ 'ભેદ-ઉપચાર રત્નત્રય પરિણતિ' હતી, અહી 'અભેદ-ઉપચાર રત્નત્રય પરિણતિ' છે. મથાળામાં 'રત્નત્રય' હતું એના બે ભાગલા પાડ્યા વ્યવહાર ને નિશ્ચય.

**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને**... એટલે શું કહ્યું? અભેદ–નિશ્ચય, અનુપચાર એટલે જેમાં ઉપચાર નહીં. શુદ્ધ નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન ને નિશ્ચય ચારિત્ર. એ રત્નત્રય... ત્રણેય રત્ન—નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય જ્ઞાન ને નિશ્ચય ચારિત્ર. એવી પરિણતિવાળા જીવને—એવી પર્યાયવાળા જીવને **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...**

એની વ્યાખ્યા કરશે બધાની. **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...** આહાહા! જ્ઞાયક જેનો સ્વભાવ એકરૂપ ત્રિકાળ એવા નિજ પરમ તત્ત્વ... પોતાના નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા હોવી એ શ્રદ્ધા, એ નિશ્ચય સમ્યક્ત્વ.

**અભેદ-અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને...** સમકિત કહ્યુંને. એને આવી શ્રદ્ધા હોય છે. **ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે...** એ શ્રદ્ધા વડે એટલે અભેદ દૃષ્ટિ જ યથાર્થ છે. વ્યવહારમાં કંઈ એમ ન કહ્યું કે મોક્ષ.... વ્યવહાર આવે છે એ જાણવાલાયક છે એટલું કહ્યું વ્યવહારનું. આ તો, આ વડે **અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે**. વ્યવહાર સમકિતથી સિદ્ધપર્યાય થતી નથી. આહાહા! સમજાણું કાંઈ? એક બોલ કહ્યો નિશ્ચયનો. **નિજ પરમ તત્ત્વ...** પાછું ભગવાનનું પરમ તત્ત્વ નહીં. ભગવાનના તત્ત્વની શ્રદ્ધા તો વ્યવહારમાં જાય છે. **ટંકોત્કીર્ણ**–એવો ને એવો એકાકાર. **જ્ઞાયક જેનો એક સ્વભાવ છે...** એવો એક સ્વભાવ... ...પણું જેમાં નથી. એવો **નિજ પરમ તત્ત્વ...** પોતાનો નિજ પરમ પદાર્થ. અહીં તત્ત્વનો અર્થ પદાર્થ લીધો મૂળમાં. નહીં તો પરમ તત્ત્વનો અર્થ ભાવ પણ થાય છે. અહીં ભાવ ને ભાવવાન એક છે. **એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે...** 'વડે' કહેતાં ....... **એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે...** આવા સમકિત વડે **અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે**. સમજાણું કાંઈ? વ્યવહાર સમકિત હોય છે જોડે. ......... ........ સમજાણું કાંઈ? રહેલું પરંપરા કહ્યું હતું ત્યાં. અહીં '**અભૂતપૂર્વ સિદ્ધપર્યાય**' સીધી વાત થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શનથી તો અભૂતપૂર્વ (અર્થાત્) પૂર્વે નહીં થયેલી પર્યાય (થાય છે). સમજાણું કાંઈ?

હવે જ્ઞાન, નિશ્ચય જ્ઞાન. **તદ્જ્ઞાનમાત્ર (-તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્ર...** એકલો આત્મા જ્ઞાયકભાવ એનું જ્ઞાન. હેય-ઉપાદેયનું નહીં, એ વ્યવહાર કીધું. સંશય, વિમોહ, વિભ્રમ રહિત એ વ્યવહાર. વીતરાગનું વ્યવહારુ જ્ઞાન.... **તદ્જ્ઞાનમાત્ર...** તદ્ છેને એટલે તે. તે નિજ પરમ તત્ત્વ... **તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્ર એવા અંતર્મુખ પરમબોધ વડે...** બહિર્મુખ જ્ઞાન....... વ્યવહારુ જ્ઞાનનું લક્ષ..... **અંતર્મુખ પરમબોધ વડે...** અંતર્મુખ, એ પણ પરમબોધ વડે... **અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે**. એવા જ્ઞાનથી (અર્થાત્) અંતર્મુખ પરમબોધ વડે સિદ્ધ પર્યાય થાય છે. વ્યવહાર જ્ઞાનથી સિદ્ધપર્યાય થતી નથી. પરંપરા..... સમજાણું કાંઈ?

હવે ચારિત્ર. **તે રૂપે...** પરમ તત્ત્વ જે ભગવાન શુદ્ધ આનંદકંદ એના **અવિચળપણે સ્થિત થવારૂપ...** એમાં .... અંદર રમણતા.... અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન પરમ તત્ત્વ એમાં **અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે...** સ્વભાવિક જે ચારિત્ર.... પંચમહાવ્રતના વિકલ્પ એ વ્યવહાર... **અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે**. અભૂતપૂર્વ–પૂર્વે કદી નહીં થયેલી. સિદ્ધપર્યાય પહેલી થઈ ને પછી .... એમ છે? આહાહા! ....માં પહેલા ને પછી શું છે? વિશેષ આવશે. (પ્રમાણ વચન ગુરુદેવ)

**મહા સુદ-૪, બુધવાર, તા. ૭-૨-૧૯૭૩**
**ગાથા-૫૧-૫૫, શ્લોક-૭૫, પ્રવચન નં. ૨૨૦**

નિયમસાર, શુદ્ધભાવ અધિકાર. ૧૦૯ પાનું છેને. પેરેગ્રાફની છેલ્લી ચાર લીટી છે. આ અધિકાર, રત્નત્રયના સ્વરૂપનું કથન છે. રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની પહેલા વ્યવહારની વાત કરી. વ્યવહાર સમ્યગ્દર્શન—કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની શ્રદ્ધા રહિત, સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવતત્ત્વની શ્રદ્ધા આદિ એને વ્યવહાર સમકિત કહેવામાં આવે છે. અને સંશય, વિમોહ, વિભ્રમ રહિત વ્યવહારુ જ્ઞાન એને વ્યવહાર સમ્યગ્જ્ઞાન તરીકે કહે છે. છે એ વિકલ્પ–રાગ. અને હિંસાની નિવૃત્તિ અને અહિંસાની પ્રવૃત્તિ એવા જે પરિણામ એને વ્યવહારચારિત્ર કહે છે. એ ત્રણેય પુણ્યરૂપ છે, બંધના કારણ છે.

નિશ્ચય સમ્યગ્દર્શન, સ્વ-જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ધ્રુવ નિત્યાનંદ આત્મા એની સન્મુખની અંતર અનુભવની દૃષ્ટિ–સમ્યગ્દર્શન–પ્રતીત થાય, તેને નિશ્ચય સમકિત કહે છે. ચૈતન્ય સ્વરૂપ નિત્યાનંદ આત્મા ધ્રુવ એની વર્તમાન પર્યાયને–ચાલતી અવસ્થાને અંતર્મુખ કરીને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થાય એને સાચું સમકિત ને મોક્ષનું કારણ કહે છે. આત્માનું જ્ઞાન તેને મોક્ષનો માર્ગ કહે છે. એ દર્શન કહ્યું, જ્ઞાન. આત્માનો સ્વભાવ આનંદસ્વરૂપ એનું જ્ઞાન–આત્મજ્ઞાન એ મોક્ષના માર્ગનો બીજો અવયવ તરીકે જ્ઞાનને ગણવામાં આવે છે.

ત્રીજું ચારિત્ર (અર્થાત્) સ્વરૂપમાં અવિચળપણે સ્થિતિ. આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એ અતીન્દ્રિય આનંદમાં ચળે નહીં એવી સ્થિરતાના પરિણામ એને નિશ્ચય ચારિત્ર કહે છે. આહાહા! એ વાત આવી ગઈ છે. આ તો ટૂંકામાં શું ગયું એ કહ્યું. હવે અહીંયા. એ ત્રણ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, જે આત્મા અખંડાનંદને અવલંબે થયેલી પર્યાય, એનાથી અભૂતપૂર્વ સિદ્ધદશા થાય છે, મુક્તદશા એનાથી થાય છે. વ્યવહારથી પરંપરા કહેવામાં આવે છે. યે સબ કલ આ ગયા થા કલ.

હવે અહીંયા. **જે પરમ જિનયોગીશ્વર...** 'પરમ જિન યોગ ઇશ્વર' એટલા શબ્દ પડ્યા છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એને જેણે સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિથી અવલંબ્યો છે, એવા પરમ જિનયોગી એટલે મુનિ, એના પણ ઈશ્વર. અંતર દશા આત્માની, પૂર્ણ આનંદસ્વરૂપમાં જેણે યોગને જોડી દીધો છે એવા યોગી... આ યોગ હોં, ઓલા અજ્ઞાની યોગ કહે એ નહીં. પરમ પરમાત્મા આનંદસ્વરૂપ એમાં જેણે, જિન એટલે અજ્ઞાન ને રાગ-દ્વેષ જીતી અને સ્વરૂપમાં જેણે યોગ જોડ્યો છે એને મુનિ અને જિનયોગીશ્વર કહેવામાં આવે છે.

એ **પહેલાં...** એને પહેલાં... પહેલાં એટલે છઠ્ઠે ગુણસ્થાને **પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે...** એને સ્વરૂપનો આનંદનો અનુભવ હોય છે, સ્વરૂપનું જ્ઞાન હોય છે, સ્વરૂપમાં ત્રણ કષાયના અભાવવાળી અવિચળ સ્થિરતા ચારિત્રની હોય છે, પણ હજી શુદ્ધોપયોગ અંદર જામી જવો જોઈએ એ નથી, સાતમા ગુણસ્થાને અંદર યોગ ધ્યાનમાં જામી જવું (હોય) એવું નથી, એથી એને છઠ્ઠે ગુણસ્થાને **પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારચારિત્ર...** એને પંચમહાવ્રતના પરિણામ, સાવદ્યયોગથી નિવૃત્તિ, નિર્દોષ શુભપરિણામ.. નિર્દોષ શુભપરિણામ.. સદોષપણું સાવદ્યનું નહીં, એને અહીંયા વ્યવહારનયનું ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ? ભારે...

ભગવાનનો માર્ગ સાચો ... બાપા! વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમેશ્વર એક સમયમાં જેણે ત્રણ કાળ, ત્રણ લોક જોયા, આહાહા! જાણ્યા અને કહ્યા. ભાઈ! એ મુક્તિના પંથ તો અલૌકિક છે. અનાદિથી તને એ હાથ આવ્યો નથી. એવો જે અંતરમાર્ગ, જેણે અંતર શોધીને આત્માને શોધ્યો છે, એની પ્રતીત કરી છે, શોધીને જ્ઞાન કર્યું છે ને શોધીને સ્થિર થયો છે. પણ હજી છઠ્ઠા ગુણસ્થાનની યોગ્યતાવાળાની આ વાત છે પહેલી. સમજાય છે કાંઈ? છઠ્ઠું ગુણસ્થાન એટલે શું? ભગવાન જાણે. આ છઠ્ઠાની વાત છે. ચોથાની કોણ કહે છે? એ બધો શેઠીયાએ એમ ને એમ ગાળ્યો વખત. પાપક્રિયાની નિવૃત્તિ ચોથે ક્યાં છે? આ તો છઠ્ઠા ગુણસ્થાનની વાત છે, ચારિત્રવંતની વાત છે. મુનિ હોયને નગ્ન મુનિ... મુનિઓને માટે છે, પણ એણે સમજવો પડશે કે નહીં? આ ઠીક કહે છે. નાખી દો .... આહાહા! આખા જગતથી ઉદાસ થઈ, અંદર રાગનો, પુણ્યનો વિકલ્પ છે એનાથી ઉદાસ થઈ... એ મારગડા જુદાં છે ભાઈ!

જન્મ-મરણના, આહાહા! ચોરાશીના અવતાર અનંત-અનંત કરીને મરી ગયો, પણ થાક લાગતો નથી એને. વિચારતોય નથી કે આ શું થયું, ક્યાં પહોંચ્યો છે હવે. ઈયળું, કીડા, મકોડા, ... કંથવા એવા જીવ(પણે) અનંતભવ કર્યા. ભૂલી ગયો, બહાર આવ્યો ત્યાં ભૂલી ગયો. માતાના પેટમાં સવા નવ મહિના ઊંધે માથે લટક્યો. પ્રસવ થતાં પીડાના પાર નહીં એને. એવા જન્મ, જરા ને મરણ.. જરા નામ વૃદ્ધાવસ્થા, જન્મની પીડા અને મરણની પીડાઓ પ્રભુ! તેં અનંતવાર સહન કરી. પીડા સહન કરવામાં ત્યાં કોઈ જગતનો સાથ ને સથવારો ન મળે. બીજાની ત્યાં મદદ ન મળે. આહાહા! એકલા દુઃખી થઈ ચોરાશીના અવતાર અનંત-અનંત કર્યા.

એ અવતારને ટાળવા હોય એણે શું કરવું એની વાત છે. પૈસા મળે ને આબરૂ મળે ને ધૂળ મળે—એ બધા રખડવાના રસ્તા છે. પચાસ લાખ, કરોડ ને બે કરોડ. અત્યારે તો પૈસા બહુ વધી ગયા છે. સમજાણું કાંઈ? એમાં મમતા વધી એને મમતા. આહાહા! સોજા થયા. ભગવાન આત્મા અંદર પુણ્ય ને પાપના ભાવ–રાગ વિનાની ચીજ અંદર છે, એના અંતર્મુખમાં થઈને એણે અનંતકાળે નહીં કરેલી અપૂર્વ દૃષ્ટિ કરવી, તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. એ

જન્મ-મરણને ટાળવાના આ ઉપાય છે, બાકી બધું થોથા છે. આહાહા! એ ક્રિયાકાંડ કરે, પંચમહાવ્રત પાળે ને વ્રત પાળે—એ બધા શુભભાવ છે. એનાથી જન્મ-મરણ મટતા નથી, પણ જન્મ-મરણ વધે છે. સમજાણું કાંઈ?

એકલો ભગવાન અંદર સચ્ચિદાનંદસ્વરૂપ, સર્વજ્ઞ તીર્થંકર પરમેશ્વરે જોયો, કહ્યો એ હોં. એવા અંતર આત્માની અનુભવ કરીને પ્રતીતિ કરવી, આહાહા! એનું નામ સાચું સમ્યગ્દર્શન છે. ચીમનભાઈ! આ તો સમજાય એવું છે. અંતર અનુભવ... આહાહા! સ્વરૂપચંદભાઈ! આહાહા! હું તો પૂર્ણ આનંદ, અતીન્દ્રિય આનંદનો કંદ છું, એકલો જ્ઞાનનો પુંજ છું. એવી અનંત શક્તિનો ભરેલો ભગવાન એના અંતર્મુખ થઈને, બહિર્મુખથી ઉદાસ થઈને... અંતર્મુખ એટલે અંતર ધ્રુવસ્વરૂપ થઈને, જઈને એનો અનુભવમાં નિર્ણય કરવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. કહો, પોપટભાઈ! આહાહા! ભાઈ! તેં પૂર્વે અનંતકાળમાં એ કર્યું નથી. હજી જેના વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. આહાહા! સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર કોને કહેવા, ખોટા દેવ, ગુરુ, શાસ્ત્ર કોને કહેવા—એની પણ જેને વ્યવહારની વિવેકતા નથી એને તો નિશ્ચય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનાદિ-અનંત છે. એ કાંઈ નવો છે? આદિ વિનાનો છે, એની ઉત્પત્તિ છે કોઈ દિ'? છે, છે ને છે. વર્તમાન છે, ભૂતકાળમાં હતો અને ભવિષ્યમાં એમ ને એમ અનાદિ-અનંત વસ્તુ રહેશે. એની અંદર અનાદિ-અનંત આનંદ ને શાંતિ ભરેલા છે. એની વર્તમાનદશામાં પુણ્ય ને પાપ, કામ ને ક્રોધ, દયા ને દાનાદિ ભાવ એ બધા વિકાર છે. આહાહા! એ વિકાર વિનાની ચીજને અંદર શોધવી અને અંતરમાં જઈને એને પ્રાપ્ત કરવી, આહાહા! ઊંડાણમાં જઈને. દરિયામાં જેમ ઊંડા જઈએ તો હેઠલા–તળે પડ્યા મોતી મળેને. તળીયામાં મોતી હોય, એ ઊંડો જાય તો મળે. ડૂબકી મારીને તળિયે જાય તો. એમ ભગવાન આત્મા... આહાહા! શું વાત! શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત શુદ્ધ–પવિત્ર ગુણનો ગંજ, ગુણની ગાંઠડી એની અંતરમાં જઈને પહોંચી વળવું, એની શ્રદ્ધા ને એનું જ્ઞાન અને એમાં રમણતા એનું નામ મોક્ષનો માર્ગ ને એ જન્મ-મરણથી મૂકાવવાના રસ્તા–પંથ છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે મુનિ થાય ત્યારે એને પ્રથમ છઠ્ઠી ભૂમિકામાં સમ્યક્ અનુભવ થાય. દર્શન-જ્ઞાન એ ચોથે.. ચોથે ગુણસ્થાને. મેડીએ ચડવાના પગથિયા છેને. એમ ચોથું, પાંચમું, છઠ્ઠું એમ ચૌદ પગથિયા છે. એમાં ચોથું પગથિયું એને કહીએ કે ચિદાનંદસ્વરૂપ આત્મા નિર્વિકલ્પ આનંદનો અંતર દૃષ્ટિ કરવી, અનુભવ કરીને પ્રતીત કરવી એનું નામ ચોથું ગુણસ્થાન છે. સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપની વાત ચાલે છે. એ સ્વરૂપનું જ્ઞાન પણ ચોથેથી થાય છે. પછી પાંચમું ગુણસ્થાન શ્રાવકનું, સાચા શ્રાવક હોં. આ વાડાની વાત નથી. વાડાના શ્રાવક એ શ્રાવક છે જ નહીં. અંતર ચિદાનંદ ભગવાનમાં જે દર્શન ને જ્ઞાન થયું હતું અને થોડી શાંતિ પણ થઈ

હતી, એને સ્વનો આશ્રય કરીને વિશેષ શાંતિ થાય એને શ્રાવકનું પાંચમું ગુણસ્થાન કહેવામાં આવે છે. આ સાચી વાતની વાત છે. વાડાની વાત અહીં છે નહીં. એ શેઠ! આહાહા!

ઓલો લેખ આજ આવ્યો છે જયપુરના રાજાનો. કોઈક મૂકી ગયો હશે. કેટલી રાણીઓને બિચારીને નરકની પેઠે ગોંધી રાખે છે, બહુ દુઃખ આપે છે. આહાહા! આવા ભવ. રાજાઓ પણ કેવા....? જેના ઉપર નજર જાય એને પસંદ કરે, એને કોઈ રીતે માણસો અમલદાર પાસે બોલાવી ઘરે લાવે. આહાહા! કાળો કેર લખ્યો છે, બહુ લખ્યું છે. જયપુરમાં .... રાજા. અરર! અને એક વાર જેની સાથે વિષય લીધો, પછી એ બહાર કાઢવા દે નહીં. એક ઠેકાણે રાખે. ખાવા ઠેકાણા નહીં, પીવાના ઠેકાણા નહીં. લખ્યું બહુ આકરું. કોઈક મૂકી ગયું છે. છાનું મૂકી ગયો છે અહીં. અરે! આવા ભવ અનંતા કર્યા... એકવાર એ જાય પછી એને બીજો ભોગવી શકે નહીં, નહીંતર એની આબરૂ જાય. એણે ત્રણ ભાગ પાડ્યા છે કાંઈક. છેલ્લા ભાગમાં એને રાખે. રાણીને અમુક ભાગમાં, રખાતુંને... અરરર! કાળા કેર આવા. રાજા થાય... નરકના સ્થાન જ ગોતવા છેને. આહાહા!

એવા ભવ અનંતા કર્યા છે હોં. પાછી એની વાત નથી. આ જીવ પણ અનંતવાર ભૂલભૂલામણીમાં ભૂલી ગયો. અહીંયા ભગવાન એમ કહે છે કે ભાઈ! તારે જન્મ-મરણ છોડવા હોય તો તારે પ્રથમ અનુભવ સમ્યગ્દર્શન પ્રગટ કરવું પડશે. એ વિના શરૂઆતનો રસ્તો પહેલો નહીં નીકળે. પછી એને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર, ચરવું, રમવું. અતીન્દ્રિય આનંદનું ભાન થયું, એ અતીન્દ્રિય આનંદનું વિશેષ ભોજન કરવું, અતીન્દ્રિય આનંદનો વિશેષ સ્વાદ લેવો, એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. આહાહા! એ ચારિત્રના બે પ્રકાર. એક—નિશ્ચય દર્શન, જ્ઞાન ને ચારિત્ર થોડું થયું છે, પણ હજી અંદર શુદ્ધ ઉપયોગમાં ગયો નથી સાતમી ભૂમિકામાં. છઠ્ઠે છે એની અહીં વાત કરી. **પરમ જિનયોગીશ્વર**... આ બધું સમજવું પડશે. એમ ને એમ કાને સાંભળીને કાઢી નાખવું નહીં, ઘરે પાછું વાંચવું પડશે. એય શેઠ! ભાઈસાહેબને એમ કહ્યું. ત્યાં ઓલા ગપ માર્યા છે, એમ ને એમ વખત ગયો. આહાહા! વખત આવા ટાણામાં.... આહાહા! શું કરે? એને માહાત્મ્ય આવતું નથી કે અંતર શું ચીજ છે.

એ સિદ્ધની અનંતી પર્યાયોને સંઘરીને બેઠો છે. એવો ચૈતન્યનાથ પોતાનો ધ્રુવસ્વરૂપ ભગવાન એની પ્રતીત, જ્ઞાન અને એની રમણતા છઠ્ઠી ભૂમિકાને યોગ્ય થોડી થઈ છે, કહે છે, એની પર્યાયમાં પહેલા પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્ર હોય છે. **તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ** એટલે મુનિપણું. એને વ્યવહારનયનું મુનિપણું હોય છે. પંચમહાવ્રતના પરિણામ છે અને હિંસા–સાવદ્યના પરિણામથી નિવર્ત્યો છે, અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન ને એના અંશે સ્થિરતા છે, તો એને અહીંયા વ્યવહારચારિત્ર, ઓલા (નિશ્ચય)ની મુખ્યતા ગણીને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. ભારે... બધું સમજવું. વ્યવહાર એટલે વર્તમાન

રાગની મંદતાના પરિણામ. સ્વભાવના નહીં. હિંસા, જૂઠું, ચોરીથી નિવર્ત્યો છે, સત્ય, બ્રહ્મચર્યાદિના પરિણામમાં વર્તે છે, અહીં સમ્યગ્દર્શન, જ્ઞાન શાંતિ છે અને નિવર્તીને એવા શુભપરિણામમાં વર્તે છે. એને વ્યવહારનયનું ચારિત્ર અને વ્યવહારનયનું મુનિપણું, તપશ્ચરણ એટલે મુનિપણું, એને વ્યવહારનયી તપસ્યા એટલે વ્યવહારનયનો મુનિ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

હવે નિશ્ચય. **સહજનિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં...** પોતાનો ભગવાન પરમાત્મા પૂર્ણ, એમાં સહજ નિશ્ચયનયસ્વરૂપ... સ્વભાવિક નિશ્ચય સ્વનો આશ્રય લઈને પરમાત્મસ્વરૂપ પોતાનું ધ્રુવ નિત્યાનંદસ્વરૂપ એવા પરમાત્મામાં **પ્રતપન...** વિશેષે.. પ્ર (એટલે) વિશેષે તપન... જેમ સોનું ગેરુથી શોભે. સોનું.. સોનું. ગેરું હોય છેને ગેરુ લાલ. ગેરુથી શોભે. એમ આત્મા અતીન્દ્રિય આનંદની ઉગ્ર દશાથી અંદર શોભે એને તપ કહેવામાં આવે છે. આહાહા! એ બાજુ છેને. ત્યાં ને ત્યાં છે. એ જ્ઞાનની વ્યાખ્યા ચાલે છે.

સહજનિશ્ચયસ્વરૂપ... છેને બીજી લીટી. પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા, એમ. કેવો છે ભગવાન આત્મા? પરમસ્વભાવસ્વરૂપ. એક સમયની પર્યાયને પણ અપરમભાવ કહે છે અને આ ત્રિકાળી પરમસ્વભાવસ્વરૂપ. એમાં પ્રતપન... આહાહા! પ્ર–(વિશેષ), તપન નામ શોભા અતીન્દ્રિય આનંદની દશાનું ઉગ્રપણે પ્રગટ થવું, આત્માની શોભા થવી એને તપ કહે છે. એને નિશ્ચયનયનું તપ કહે છે, એને નિશ્ચયનો સાધુ કહે છે, એને નિશ્ચયનયનું ચારિત્ર કહે છે. આહાહા! કેટલા ધારવા... એકેક લીટી–એકેક પંક્તિમાં એટલું ભર્યું છે!

અંદર આત્માની ગહન વાત એની ગંભીરતા ને ગહનતા કોઈ દિ' સમજ્યો નથી. એની ગંભીરતા, જેમ ગુમડું ગંભીર હોયને ગુમડું ઊંડું.. ઊંડું.. ઊંડું.. ઊંડું.. ઊંડું.. ઊંડું.. આ ડોક્ટર પછી નાખેને મોટી વાટું. સડી ગયેલું હોય ગુમડું ઊંડું.. ઊંડું.. ગંભીર. પત્તો ન ખાય એટલું સડેલું. એમ આ ઊંડું.. ઊંડું.. ગંભીર પવિત્રધામ. આહાહા! સહજાનંદસ્વરૂપ ભગવાન આત્મા... એમ કીધુંને જોયુંને! **પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મા...** પોતે અત્યારે છે એ. આહાહા! વસ્તુ તરીકે અત્યારે એવો છે એમ કહે છે. એમાં પ્રતપન—એમાં ઉગ્રપણે પુરુષાર્થથી વીતરાગતાની દશા પ્રગટ કરવી એને અહીંયા પ્રતપન–તપ કહે છે. આ અપવાસ-અપવાસ કરે એ તો બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? આહાહા! કહો, મુલચંદભાઈ! આહાહા!

**નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...** પોતાનો પરમાત્મા નિજાનંદસ્વરૂપમાં અંતરમાં કેલી કરે. આત્મરામ.. આત્મબાગમાં રમતાં રામ જેને અંતરમાં રમે અને જેને અંતરમાં અતીન્દ્રિય આનંદની છોળું ઉઠે, એને તપ અને મુનિપણું કહેવામાં આવે છે. અહીં તો મુનિપણું સાધારણ રાંડેરાંડ બાઈ થઈ તો લુગડાં ફેરવો, થઈ ગયા સાધુ. આહાહા! ...ભાઈ! ઝીણી વાતું છે. આહાહા! સમજાણું કાંઈ? **નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...** આનંદનું ધામ ભગવાન

અતીન્દ્રિયસ્વરૂપ એવા નિજ સ્વરૂપમાં અવિચળ–ચળે નહીં એવી સ્થિતિરૂપ **સહજનિશ્ચયચારિત્ર આ તપથી...** એટલે આવા મુનિપણાથી **હોય છે.** આહાહા! પુસ્તક સામે છે. ક્યા શબ્દનો અર્થ થાય છે. આહાહા! હવે આધાર આપે છે.

**એવી રીતે એકત્વસપ્તતિમાં (શ્રી પદ્મનંદી-આચાર્યદેવકૃત પદ્મનંદિપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–** ઓલી કોર પાનું.

**दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।**
**स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥**

આહાહા! **શ્લોકાર્થ : આત્માનો નિશ્ચય તે દર્શન છે...** બહુ ટૂંકા શબ્દો. ભગવાન પરમસ્વભાવસ્વરૂપ પ્રભુ એનો અંતર્મુખમાં, વિકલ્પ નામ રાગની એકતા તોડીને, સ્વભાવની એકતાનો નિશ્ચય એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? ધર્મની પહેલી ભૂમિકા એને કહે છે, ધર્મની પહેલી સીઢી, પહેલું પગથિયું. **આત્માનો નિશ્ચય...** વસ્તુ પરમસ્વરૂપ પરમાનંદસ્વરૂપ પ્રભુ એનો અંતર નિર્ણય, એને જ્ઞેય કરીને, જ્ઞાન થઈને નિર્ણય, જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ ધ્રુવતાનું જ્ઞેય થઈને જે નિર્ણય (થાય) એ આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**આત્માનો બોધ તે જ્ઞાન છે...** શાસ્ત્રજ્ઞાન કે બાહ્યજ્ઞાન એ બધા થોથેથોથાં છે. ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા પ્રજ્ઞાબ્રહ્મ—જ્ઞાન ને આનંદનો બ્રહ્મ પ્રભુ અંતર, એનું જ્ઞાન કરવું. આહાહા! આ બધા ડોક્ટરના જ્ઞાન, વકીલાતના જ્ઞાન, તમારા બીડીયુંના જ્ઞાન બધા થોથાં છે. વકીલાતનું જ્ઞાન કુજ્ઞાન છે એમ કહે છે. આ ડોક્ટરનું જ્ઞાન કુજ્ઞાન છે એમ કહે છે. કહો, સ્વરૂપચંદભાઈ! આહાહા! અરે! અહીં તો શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહીં. કારણ કે પરદ્રવ્ય તરફ વાળવાવાળું જ્ઞાન એ કંઈ જ્ઞાન નહીં. આહાહા! (નિશ્ચય)જ્ઞાન વિના કારણેય નહીં. શેઠને કાંઈક રાખવું છે અંદર થોડું. ટાણે ટાણે પ્રશ્ન કરે છે એમાં. આ કારણ થાય ત્યારે તેને વ્યવહારકારણનો આરોપ અપાય. આહાહા!

**આત્માનો બોધ તે જ્ઞાન...** એમ છેને. પાઠ છેને. **बोधस्तद्बोध इष्यते पुंसि** છેને. **पुंसि** એટલે પુરુષ, પુરુષ એટલે આત્મા. શબ્દ અંદર **पुंसि** છે. **पुंसि** એટલે પુરુષ. પુરુષ એટલે આત્મા, એમ એવો અર્થ કર્યો છે. માથે **पुंसि** શબ્દ છે. **दर्शनं निश्चयः पुंसि..** એ **पुंसि** એટલે પુરુષ. અહીં શું હશે પુરુષ? પુરુષ એટલે આત્મા એમ કહી **पुंसि** શબ્દ વાપર્યો છે. એને–પુરુષને આત્મા કહીએ કે જેણે આત્માનો અંતર નિર્ણય કર્યો એને પુરુષ કહીએ. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય રસનો સ્વાદિયો, સમ્યગ્દૃષ્ટિ અતીન્દ્રિય રસનો સ્વાદિયો છે. ચોથે ગુણસ્થાને પણ એને ઇન્દ્રિયના વિષય તો ઝેર જેવા દેખાય છે. ઇન્દ્રને

ઇન્દ્રાણીઓ હજારો હોય અને સ્વર્ગનું આયુષ્ય મોટું બે સાગરનું શક્રેન્દ્રનું. અને એની સગડવતાનું ક્યાં કહે. ઇન્દ્રને સગવડતા.

બત્રીસ લાખ તો વિમાન, એક-એક વિમાનમાં અસંખ્ય દેવ એનો સાહ્યબો અને હજારો ક્રોડો અપ્સરાઓ અને જિંદગી પર્યંત રોગ નહીં. કહે છે, પણ એ દુઃખી છે. ઇન્દ્રિયોના વિષય તરફનો વિકલ્પ છે એ મહા દુઃખ ને ઝેર છે. સમ્યગ્દૃષ્ટિ જીવ એ ચક્રવર્તીના રાજમાં પડ્યો દેખાય, પણ એના તરફના વલણવાળો વિકલ્પ જે છે એ દુઃખ લાગે છે, ઝેર લાગે છે. સમજાણું કાંઈ? આહાહા! એ શરીરની સુંદરતા અને કોમળતા અને સગવડતાનો પાર નહીં. હજારો વિક્રિય રૂપ કરી શકાય દેવને, ચક્રવર્તીને. એક રૂપના હજારો, લાખો. છન્નું હજાર સ્ત્રી (માટે) છન્નું હજાર વેષ કરે, છન્નું હજાર રૂપ ધારણ કરે. આહાહા! પણ એ વિષયના સુખનો વિકલ્પ તો એને અગ્નિ જેવો લાગે છે. સમજાણું કાંઈ? અને આત્માના આનંદનો રસ એટલો છે કે જે આનંદના પ્રેમ આગળ દુનિયાનો બધો પ્રેમ ઉડી જાય છે. સમજાણું કાંઈ? આહાહા!

જેનો **આત્મબોધ તે જ્ઞાન છે**... આહાહા! બધું વાતું મોટી મોટી બહારની કરે, પણ મૂળનું જ્ઞાન ન મળે તે જ્ઞાન જ નથી, કહે છે. એ નવરંગભાઈ! આહાહા! અને **આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે...** પંચમહાવ્રતના પરિણામ, આ દયા પાળું, ફલાણું એ બધા વિકલ્પ–રાગ છે, એ ચારિત્ર નહીં. ભગવાન આનંદસ્વરૂપ આત્મા એમાં સ્થિતિ, સ્થિરતા, જમવટ, જામી જવું, આહાહા! એને ચારિત્ર કહે છે. **આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા)...** યોગ એટલે એકતા. દર્શન, જ્ઞાન ને ચારિત્ર—ત્રણનો યોગ, યોગ એટલે ત્રણની એકતા, એ **શિવપદનું કારણ છે.** છેને **શિવાશ્રયઃ**? શિવ નામ મોક્ષ. ઓલા શંકર નહીં હોં અહીંયા. શિવ (એટલે) શંકર નહીં અહીં.

મોટી તકરાર થઈ હતીને જબલપુરમાં. 'શિવરમણી રમણનાર..' અમારા ભગવાન શિવરમણી રમનાર છે. અરે! શિવ અમારા શંકર, એની રમણી પાર્વતીને રમ્યા? મોટી તકરાર થઈ હતી જબલપુરમાં. મૂર્તિ તોડી નાખી. અમે જોવા ગયા હતા. ભાઈ હતા સાથે, રામજીભાઈ સાથે હતા. બે-ત્રણ હજાર માણસોએ આવીને, દિગંબર જૈનની મૂર્તિ હતી એ તોડી નાખી. નીચે પાડી નાખી. અમારી શિવરમણી—અમારા શિવશંકર એની રમણી જૈન પરમેશ્વર પરણ્યા? લે! આહાહા! આ તો શિવ એટલે પોતાનો નિરુપદ્રવ કલ્યાણ પંથ, એની રમણી એટલે રમણતા. આહાહા! શિવરમણી... શંકરની મોટી તકરાર. જબલપુરમાં મોટી તકરાર. ત્રણ હજાર માણસ આવ્યા. મંદિરને તોડી નાખ્યું, મૂર્તિને તોડી નાખી. આ જગત શું કરે છે? શબ્દાર્થમાં મુંઝાઈ જાય છે.

અહીં તો **શિવાશ્રયઃ** શબ્દ છેને. શિવ એટલે મોક્ષ. એ શિવપદનું કારણ છે. જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહ્યા એ મોક્ષનું કારણ. નમોત્થુણંમાં આવે છે. સ્વરૂપચંદભાઈ! નમોત્થુણં કર્યું છે? નમોત્થુણં. 'સિવમલયમરુયમણંત..' ચીમનભાઈએ કર્યું છે કે નહીં?

નમોત્થુણંમાં છેલ્લે આવે. નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં... સિવમલયમરુયમણંત..' છેલ્લા શબ્દ આવે છે. તમે ભૂલી ગયા હોય. 'સિવમલયમરુયમણંત' એમ છેલ્લા આવે છે નમોત્થુણંમાં. 'સિવમલયમરુયમણંત મક્ખમવ્વાબાહમપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં..'

આ તો અમારે નાની ઉંમરમાં–દસ વર્ષની ઉંમરે શીખેલા નમોત્થુણં પાઠશાળામાં. જૈન પાઠશાળા હતીને ઉમરાળે, ત્યારથી જ શીખેલા છીએ. સામાયિક, નમોત્થુણં, લોગસ્સ. 'લોગસ્સ ઉજ્જોઅગરે ધમ્મતિત્થયરે જિણે..' નાની ઉંમરે–દસ વર્ષની ઉંમરે પાઠશાળામાં પરીક્ષા લેવાતી. ૭૨ વર્ષ પહેલાં એ શીખેલા છીએ. એય! આહાહા! એક ભાઈ હતા સોમચંદભાઈ. આંખે અક્ષમ હતા. એ આમ ધ્યાન રાખતા પાઠશાળાનું. જૈનશાળા કહેવાતી. ઘણા વર્ષની વાતું, ૭૩ વર્ષ પહેલાની વાતું છે. દસ વર્ષની ઉંમર હતી ત્યારે. આહાહા!

બહુ થોડામાં પદ્મનંદી આચાર્યે (કહ્યું), સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર જે આત્માના શિવપદનો આશ્રય છે. પાઠ 'આશ્રય' છે. છે ને. '**शिवाश्रयः**' એમ કીધું. પછી શિવનું કારણ કહ્યું. આશ્રય કહો કે કારણ કહો. એ મોક્ષનો આશ્રય છે, એને મોક્ષનું કારણ કહેવામાં આવે છે.

**વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે).** ૭૫. આહાહા! શુદ્ધભાવનો અધિકાર છે એ છેલ્લે વર્ણવે છે. આહાહા!

**जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा**
**चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।**
**अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः**
**सहजपरमतत्त्वे संस्थिता चेतना च॥७५॥**

અહો! મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ શુદ્ધભાવ અધિકાર પૂર્ણ કરતાં... શુદ્ધભાવ કહો કે ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવસ્વભાવ કહો. અહીં શુદ્ધભાવ એ પર્યાયની વાત નથી. ત્રિકાળી ભગવાન આનંદનો નાથ પૂર્ણસ્વરૂપ, જેમાં અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદ પૂર્ણ પડ્યું છે. એવા અનંતા ગુણો પૂર્ણ પડ્યા છે, એમાં ચારની વાત કરશે.

અરે! **શ્લોકાર્થ : સહજ જ્ઞાન સદા જયવંત છે...** અંતરનું સ્વભાવિક ધ્રુવજ્ઞાન સદા જયવંત વર્તે છે. મુનિરાજ પર્યાયમાં એનું ભાન કરીને કહે છે કે ઓહો! આ ધ્રુવમાં સહજજ્ઞાન જે છે એ સદા જયવંત છે. એવું ને એવું છે એમ અમે જાણીને કહ્યું છે. આહા! સમજાણું કાંઈ? શું કહે છે? કે **સહજ જ્ઞાન સદા જયવંત છે**... આત્મામાં સ્વભાવિક જ્ઞાનનો સ્વભાવ–ગુણ એ સદા જયવંત છે. અહો! અમારી પર્યાયનો જે વિષય છે. એ પર્યાય પોકારે છે કે આ સદા જયવંત સહજ જ્ઞાન છે. પર્યાય પોકારે છેને. દ્રવ્યને શું છે? સમજાણું કાંઈ? પર્યાય એટલે

અવસ્થા, વર્તમાન હાલત, એ એમ પોકારે છે કે આ સહજ જ્ઞાન ત્રિકાળી આત્મામાં છે એ સદા જયવંત વર્તે છે. આહાહા!

શુદ્ધભાવ અધિકાર છેને આ. શુદ્ધભાવ કહો કે ત્રિકાળી ધ્રુવભાવ કહો. ત્રિકાળી ધ્રુવભાવમાં સહજ જ્ઞાન–સ્વભાવિક જ્ઞાન... પ્રગટજ્ઞાન પર્યાયની વાત નથી અહીં. પર્યાય એને જાણે છે, પણ પર્યાય પોતે અહીં વાત એમ કરે છે કે ઓહો! આ સ્વભાવિક જ્ઞાન સદા જયવંત વર્તે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય–અવસ્થાએ જેને વિષય બનાવ્યો છે એમાં સહજ જ્ઞાન સદા એમ ને એમ રહ્યું છે, એકરૂપ રહ્યું છે, સદૃશ રહ્યું છે, ધ્રુવ રહ્યું છે, સામાન્યપણે તે જ્ઞાન ત્રિકાળી છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? સ્વભાવિક ત્રિકાળી પર્યાયનું પ્રગટપણું એની આ વાત નથી. પ્રગટ પર્યાય એમ પોકારે છે, આહાહા! મારા નાથમાં સ્વભાવિક જ્ઞાન જે ત્રિકાળી છે એ સદા જયવંત વર્તે છે, એનો જય છે. આહાહા! એવી વાતું છે આ. ભારે. આહાહા!

આત્મા વસ્તુ છે તેમાં, જેમ વસ્તુ ત્રિકાળી છે અનાદિ-અનંત ધ્રુવ, એમ એમાં સહજ જ્ઞાન પણ સદા ધ્રુવ છે. સહજ જ્ઞાન... જ્ઞાની એવો આત્મા, સ્વભાવવાન એવો આત્મા. એનો જે સહજ જ્ઞાન સ્વભાવ તે પણ સદા ત્રિકાળ જયવંત વર્તે છે. જે પર્યાયે એને જાણ્યું, જે વર્તમાન અવસ્થાએ એને ઓળખ્યું, કહે છે, એ અવસ્થા એમ કહે છે કે આ તો મારો નાથ સહજ જ્ઞાનથી ભરેલો એમ ને એમ વર્તે છે. સમજાણું કાંઈ? અરે ભાઈ! ઝીણી વાતું બહુ. આહાહા! અરે ભાઈ! દુઃખથી મુક્ત થવાના ઉપાય કોઈ અલૌકિક હોયને. સમજાણું કાંઈ? ચોરાશીના દુઃખો.. દેખનારા રોયા તારા દુઃખને દેખીને, એટલા દુઃખો તેં સહ્યા ભાઈ! તને ખબર નથી, ભૂલી ગયો ભગવાન! આહાહા! એના દુઃખ દેખીને દેખનારા રોયા છે. કેટલું દુઃખ એનું? આહાહા! સમજાણું કાંઈ?

આપણે અહીં નથી કહેવાતું? માણસ બહુ દુઃખી હોયને તો કહે છે. દીકરી બહુ દુઃખી હોય તો મા-બાપ એવું કાંઈક કહે છે કે અરેરે! કાં આણે બકરી મારી હશે, કાં આપણે એનો કાન ઝાલ્યો હશે. એમ કહે છે. તમારે કાંઈક કહેવાતું હશે. કહેવત હશે એવી પણ.. કહેવતો બધી એવી જ હોય, સરખી હોય. બકરી હોતી હૈ ન બકરી. એમ કે માણસ દુઃખી બહુ હોયને... બહુ દુઃખી થાય છ મહિના-બાર મહિના, ત્યારે ઓલો માણસ કહે કે આણે બકરી મારી હશે, કાં આણે કાન ઝાલ્યો હશે, એમ. બકરીનું કાન (ઝાલે) સ્થિર રહેવા માટે. એ કાંઈ હશે તમારે કહેવતમાં. ...... એ કંઈક હશે. આહાહા! એનો અર્થ કે હું સહાયક છું એમ. ભલે મેં કર્યું નથી, પણ મેં અનુમોદ્યું છે, એમ 'પકડે'(નો અર્થ). આહાહા!

અરે! જમશેદપુરની ભઠ્ઠીમાં રાજકુમાર જે ઉગતો ને બે વર્ષનો તાજું પરણેતર હોય, હજી પહેલી રાત હોય અને એ પહેલાં એને આખો ને આખો જમશેદની ભઠ્ઠીમાં નાખે સીધો. એને જે વેદન થાય એથી અનંતગણું વેદન નરકમાં છે. આહાહા! અરે! કોના કરવા અભિમાન?

સમજાણું શેઠ? વીસ વર્ષનો જુવાના રાજકુમાર અબજોપતિ, જેના લગ્નમાં પાંચ-પાંચ, દસ કરોડ રૂપિયા ખરચ્યા હોય, હજી પહેલી સુહાગરાત હોય, એ બધા લૂગડાં ને દાગીના આહાહા... એ રાતે સૂવા પહેલાં કોઈક પકડીને જમશેદની ભઠ્ઠી... તમે જોઈ છે? ત્યાં ગયા હતાને જમશેદપુર. આપણે નરભેરામભાઈ છે. કોણ? શિવલાલભાઈ મેઘાણી. આહા! એ ત્યાં ગયા હતાને જોવા. નરભેરામભાઈ સાથે હતા.

તે દિ' તો ત્યાં એ શેઠ આવ્યા હતા. ...ના શેઠિયા આવ્યા હતા, બૈજનાથ શેઠ, સરાવગી. એ ત્યાં આવ્યા હતા. મોટા લોઢાના થાય છેને, પૈડા થાય છે, લોઢાના મોટા .... થાય છે, મોટા મોટા લોઢાના ઓલા થાય છે. એ અગ્નિ–ભઠ્ઠીમાં લાકડું નાખે એમ જુવાન રાજકુમાર, કરોડો રૂપિયાનો ખર્ચ એ દિવસે કર્યો હોય, પહેલી સુહાગરાત હોય અને જ્યાં આટલી હોંશુંવાળાને જીવતો નાખે ઓલામાં. પોપટભાઈ! આ તો માપ છે. માપ થઈ શકે એવું નથી. આહાહા! ભાઈ! તારા ઝળ્યા-બળ્યાના દુઃખો અનંતા, ભાઈ! ભૂલી ગયો, તને હોંશ શેની આવે છે? આહા! સમજાણું કાંઈ?

ધર્મી છે એ બહારના જીવનથી મરી ગયો છે, હોંશ જેને નથી, ઉડી ગઈ છે. જેને આત્મા, સહજ જ્ઞાન જયવંત વર્તે છે, એવા આત્માનું જેને ભાન છે. આહાહા! એ ભલે ગૃહસ્થાશ્રમમાં હો. એ ગૃહસ્થાશ્રમમાં નથી, એ તો આત્મામાં છે. સમજાણું કાંઈ? આમ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો દિવ્યધ્વનિનો અવાજ, ઇન્દ્રો ને ગણધરોની વચમાં આ અવાજ હતો. ભાઈ! તારા દુઃખથી દુનિયા રોઈ છે હોં. આહાહા! એ દુઃખથી મુક્ત થવું હોય તો, આ સહજ જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મામાં છે ત્યાં નજર કર, તેની પ્રતીત કર, તેને ઓળખ. નટુભાઈ! આહાહા! જ્યાં આવા પૈસા મળે ત્યાં આમ કેટલું લાગે? બબ્બે લાખની પેદાશ, અઢી લાખ ત્યાં ધૂળના... એને તો કાંઈ વધારે લાગે છે. ઉઘરાણી નાખે ઝાઝી, એના પ્રમાણમાં પૈસા દેખાય. ધૂળમાંય નથી એમાં. આહાહા!

આ દેખાય, શું દેખાય? એ પાપ દેખાય. તેર લાખની ઉઘરાણી નાખી, ત્રણ લાખ પેદા કર્યા, ફલાણામાં આટલા કર્યા. આંકડા ચડાવવા છેને અગ્નિના. આહાહા! શું કીધું? શું કરવું પડે? અહીં તો રુચિ ફેરવવાની વાત થાય છે. આહાહા! છેલ્લો શ્લોક તો.... 'સહજ જ્ઞાન સદા' આટલા શબ્દ છે. ભગવાન! તારા આત્મામાં તો સ્વભાવિક જ્ઞાનગુણ, જેમ આત્મા નિત્ય છે એવો જ્ઞાનગુણ નિત્ય છે. એ સહજ જ્ઞાન સદાય–ત્રિકાળ જયવંત વર્તે છે. દૃષ્ટિ પોકાર કરે છે કે આ મારું સહજ જ્ઞાન જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તેવી (-સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે...** આ ત્રિકાળી શ્રદ્ધાની વાત છે. એ ત્રિકાળીમાં દૃષ્ટિ–શ્રદ્ધા જે છે એ ત્રિકાળી શ્રદ્ધા જયવંત વર્તે છે. વર્તમાન શ્રદ્ધાનો પોકાર છે કે ત્રિકાળી શ્રદ્ધા જયવંત વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? એવી મારી શ્રદ્ધાનો જે ત્રિકાળ સ્વભાવ, સદૃશ

સ્વભાવ જયવંત વર્તે છે, એમ પ્રતીતનો પોકાર છે. પહેલામાં જ્ઞાનની પર્યાયનો પોકાર છે કે સહજ જ્ઞાન, જે પર્યાયનો પૂર્ણ વિષય છે એ સહજ વર્તે છે. સમ્યગ્દર્શનનો પોકાર છે કે અંતરમાં સહજ દૃષ્ટિ–શ્રદ્ધા સદા જયવંત વર્તે છે, ત્રિકાળ જયવંત વર્તે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! હજી સમજવામાં મુશ્કેલ પડે. દૃષ્ટિ–શ્રદ્ધા એ ત્રિકાળીની વાત છે હોં. વર્તમાન દૃષ્ટિની વાત નથી. વર્તમાન સમકિતની પર્યાય એમ પોકારે છે, મારો જે દૃષ્ટિ–શ્રદ્ધા સ્વભાવ, ત્રિકાળ શ્રદ્ધા વર્તે છે અંદર. શ્રદ્ધા કરું છું એમ નહીં. ત્રિકાળ શ્રદ્ધા વર્તે છે આમાં. આહાહા! અરેરે! એવી વાતું પણ એને મળે નહીં, સાંભળવા મળે નહીં એ કે દિ' સમજે? આહાહા!

મીઠી મધુરી સમ્યક્ દૃષ્ટિ, એ દૃષ્ટિનો પોકાર છે. આ પર્યાયનો અંશ જે શ્રદ્ધાનો આવ્યો, એવી તો ત્રિકાળ શ્રદ્ધા, અંદર ત્રિકાળ સહજ શ્રદ્ધા પડી છે. આહાહા! સામાન્યપણે, ધ્રુવપણે, નિત્યપણે, શુદ્ધપણે, એકપણે, આહાહા! સદા શ્રદ્ધા ત્રિકાળ છે. કહો, સમજાણું કાંઈ? ઓહોહો! દિગંબરો સંતોએ પણ કામ કર્યા છેને! ગજબ કર્યા છે! એક કોર આ સંસારની વાતું સાંભળીએ. આ વાતું સાંભળીને બિચારી હજારો રાણીઓ.... એક એક .... ગોઠવી દીધી છે. પછી આખો દિ' કાંઈ છે નહીં. એક વખત ખાવાનું આપે પછી કાંઈ નહીં. સડે, દુઃખે બિચારા...... એવો રાજા બતાવો...... આહાહા!

આ તો આનંદની ખાણ છે. કહે છે કે **તેવું જ (-સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે...** આહાહા! આ પણ વિશુદ્ધ છે, પણ નિશ્ચય ત્રિકાળીની વાત છે. વિશુદ્ધના ત્રણ પ્રકાર છે— એક શુભપરિણામને વિશુદ્ધ કહીએ, એક વસ્તુની સ્થિરતા વર્તમાન ચારિત્રને વિશુદ્ધ કહીએ અને એક ત્રિકાળી ચારિત્રગુણને વિશુદ્ધ કહીએ. આહાહા! ફરીને. **તેવું જ...** તેવું જ એટલે સદાય રહેનારું જ્ઞાન, સદાય રહેનારી દૃષ્ટિ, તેમ સદાય વિશુદ્ધ ચારિત્ર પણ... ચારિત્ર પર્યાયની વાત નથી, ત્રિકાળી (ચારિત્ર). મારામાં સહજ વીતરાગતાનું ચારિત્ર સદા જયવંત વર્તે છે. વીતરાગભાવે સદા મારામાં વીતરાગભાવ વર્તે છે. આ તે કાંઈ વાત છે! એ નજરું કરવામાં કેટલો પુરુષાર્થ છે! આહાહા! આ થોથાં નીકળી ગયા બહારના કરીને... સરવાળા નીકળ્યા ખોટા. ખોટું કરે એને ખોટા સરવાળા હોયને. સંખ્યા મૂકી હોય તો સંખ્યા આવે સરવાળામાં, મીંડા મૂક્યા હોય તો સરવાળો શું આવે? આહાહા!

જુઓ! તો સરવાળો મૂક્યો છેલ્લે. મુનિરાજ કહે છે કે અમારી જ્ઞાનની પર્યાયમાં ત્રિકાળી જ્ઞાન છે એમ સહજ વર્તે છે અમને ભાનમાં, અમારી શ્રદ્ધાપર્યાયમાં ત્રિકાળી શ્રદ્ધા.. ત્રિકાળી શ્રદ્ધા વર્તે છે સ્વરૂપમાં, અમારી વર્તમાન ચારિત્રપર્યાયમાં જ્ઞાન એમ જાણે છે... જ્ઞાન જાણેને, ચારિત્ર ક્યાં જાણે છે? **તેવું જ સહજ વિશુદ્ધ ચારિત્ર** એટલે ત્રિકાળી. આત્મામાં વીતરાગતારૂપ ચારિત્ર તો ત્રિકાળી પડ્યું છે. આહાહા! વર્તમાન ચારિત્રની પર્યાયવાળું જ્ઞાન જે છે એ જ્ઞાન કહે

છે, આ તો એક સમયનું ચારિત્ર છે, પણ આમાં તો વિશુદ્ધ ચારિત્ર ત્રિકાળ પડ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે ભગવાન! આ તારા ગાણા ગવાય છે. તું કેવડો, ક્યાં છો, કેમ છો—એની વાત ચાલે છે. બહારમાં વખાણ કરે, દસ લાખની મૂડી હોય ને કરોડપતિ કહે તો ખુશી થાય. ભલે કહે છે..... મોટો કહે છેને. અહીં તો જેવો મોટો છે એવું કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા! અધિક કરીને બતાવવું નથી, છે એને બતાવવું છે. આહાહા! કહે છે કે વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત વર્તે છે. વિશુદ્ધના ત્રણ પ્રકાર કહ્યાને. સાંભળ્યું? એક શુભભાવને વિશુદ્ધપણું કહેવાય, એક વર્તમાન શુદ્ધચારિત્ર પ્રગટ્યું છે નિર્મળ આનંદરૂપે એને પણ વિશુદ્ધ કહેવાય. શુભને વિશુદ્ધ, શુદ્ધને વિશુદ્ધ ને ત્રિકાળીને વિશુદ્ધ (કહેવાય). ત્રણ પ્રકાર છે. રામજીભાઈ! આહાહા!

કહે છે કે અમારું ચારિત્ર અંદર વિશુદ્ધ ધ્રુવમાં નિત્યાનંદમાં સદા.. સદા શુદ્ધ છે. પ્રગટ્યું એટલું નહીં, એ તો સદાય વર્તે છે. અમારો ભગવાન વીતરાગભાવથી પૂરો સદાય પડ્યો છે કહે છે. આહાહા! પર વીતરાગ એ અહીં નહીં. મારો ભગવાન વીતરાગભાવથી પૂરો સદાય ભરેલો છે. આ તે કાંઈ...! ધ્રુવ પોતે ભગવાન પૂરો. આહાહા! બાબુભાઈ! આ ઝવેરાતની અંદર આની કિંમત કાંઈ નહીં? કે આની કિંમત રાખો તો ઝવેરાતની કિંમત નહીં? ત્યાં હુશિયાર હોય, પરખી જાણતો હોય આમ આમ.... ગોદિકા જેવું જ કહેવાયને તમારે તો. આમ સોનાના ઝીણું...... એક ફેરી ભુક્કો-કટકી બતાવ્યો હતો. આમાંથી ઘણા લાખો કાઢશે. કટકી લઈને....... હુશિયાર કહેવાય કે નહીં? ન આવડે એને બડથોલ કહેવાય. આહાહા! ભલે કહેવાય બાપા! અમે તો અજાણ્યા છીએ બહારથી. અંદરના જાણીતા તે સર્વના જાણીતા છે. આહાહા!

કહે છે કે **પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે...** આહાહા! અંદર શુદ્ધચેતના, એમ કહેવું છે. ત્રિકાળ શુદ્ધચેતના છે... જે જ્ઞાનચેતના પ્રગટી છે એ કહે છે ત્રિકાળ મારી જ્ઞાનચેતના ધ્રુવપણે ધ્રુવ સદાય વર્તે છે. આહાહા! **પાપસમૂહરૂપી મળ અથવા કાદવ**... મળનો અર્થ કાદવ. એની ધારાથી રહિત... મળની પંક્તિથી રહિત એવું જેનું સ્વરૂપ છે **એવી સહજપરમતત્ત્વમાં...** પરમતત્ત્વ આત્મા ભગવાન એમાં **સંસ્થિત** રહેલી **ચેતના** એ **પણ સદા જયવંત છે.** જ્ઞાનચેતના વર્તમાન પર્યાય છે એ એમ પોકારે છે કે મારી જ્ઞાનચેતના સદાય નિર્મળાનંદ છે. લ્યો આ અંતિમ મંગળિક કર્યું. આહાહા! નવરંગભાઈ! આદ્ય મંગળ, મધ્ય મંગળ... આવે છેને. આ શુદ્ધભાવનું મંગળિક કર્યું. આહાહા! સહજભાવી પરમતત્ત્વ જે નિત્ય પ્રભુ, એમાં સંસ્થિત રહેલી ચેતના પણ સદા જયવંત છે. આહાહા! લ્યો, આ ટકોરો વાગ્યો તમારો.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani